View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Parmar, Virbhan K., 2009, "જીવનચરિત્રમૂલક ગુજરાતી નવલકથાઓ: એક અધ્યયક્ષ", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/146

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે

પ્રસ્તુત

।। મહાનિબંધ ।।

''જીવનચરિત્રમૂલક ગુજરાતી નવલકથાઓઃ એક અધ્યયન''

"JIVANCHARITRAMULAK GUJARATI NAVALKATHAO : EK ADHYAYAN"

।। સંશોધનકર્તા ।।

પ્રા.વી.કે.પરમાર

ગુજરાતી વિભાગ

શ્રી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, મેંદરડા, જિ. જૂનાગઢ

।। માર્ગદર્શક ।।

ડૉ.એન.યુ.ગોહિલ

અધ્યક્ષ, ગુજરાતી વિભાગ

શ્રી એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કેશોદ, જિ. જૂનાગઢ

રજિસ્ટ્રેશન નં. ૩૩૯૧ તારીખઃ ૨૮ / ૪ / ૨૦૦૬

।। વર્ષ–૨૦૦૯ ।।

।। પ્રમાણપત્ર ।।

આથી હું પ્રમાણિત કરું છું કે, શ્રી વી. કે.પરમારે 'જીવનચરિત્રમૂલક ગુજરાતી નવલકથાઓઃ એક અધ્યયન' વિષય પરનો મહાનિંબધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિનયન વિદ્યાશાખામાં ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે તૈયાર કર્યો છે. આ મહાનિબંધ મારા માર્ગદર્શન હેઠળ અને મારા સલાહ–સૂચનો અનુસાર તૈયાર કર્યો છે. આ વિષયમાં તેમણે કરેલું આ સંશોધન મૌલિક છે.

વિશેષમાં આ મહાનિબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયેલ નથી, તેમ કોઈ પદવી માટે અન્ય યુનિવર્સિટીમાં રજૂ કર્યો નથી.

(ડૉ.નાથાલાલ ગોહિલ)

અધ્યક્ષઃ ગુજરાતી અનુસ્નાતક વિભાગ

એન.પી.આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, કેશોદ, જિ.જૂનાગઢ

સ્થળઃ કેશોદ   તારીખઃ

''જીવનચરિત્રમૂલક ગુજરાતી નવલકથાઓ: એકઅધ્યયન''

।। અનુક્રમણિકા ।।

♦ નિવેદન

♦ પ્રકરણ–૧

અંગ્રેજી અને ભારતીય સાહિત્યમાં જીવનચરિત્રમૂલક નવલકથા

♦ પ્રકરણ–૨

ગુજરાતીમાં જીવનચરિત્રમૂલક નવલકથાનો ઉદ્ભવ–વિકાસ

♦ પ્રકરણ–૩

ગુજરાતી નવલકથાના વર્ગીકરણમાં જીવનચરિત્રમૂલક નવલકથા

♦ પ્રકરણ–૪

જીવનચરિત્રમૂલક નવલકથા: સંજ્ઞા, વ્યાખ્યા અને સ્વરૂપગત વિભાવના

♦ પ્રકરણ–૫

જીવનચરિત્રમૂલક નવલકથાના ઘટકતત્ત્વો

૧. વ્યકિતવિશેષના જીવન આધારિત જીવનચરિત્રમૂલક નવલકથાવૃત્ત

૨. વ્યકિતવિશેષ ચરિત્રનાયકની પસંદગી

૩. સમકાલીન યુગસંદર્ભ તથા દેશકાળનું ચિત્ર

૪. સત્ય અને તથ્યોની જાણવણીયુકત કલ્પના

૫. નિરૂપણ રીતિ

♦ પ્રકરણ–૬

જીવનચરિત્રમૂલક નવલકથાનો અન્ય સ્વરૂપો સાથે નાતો

♦ પ્રકરણ–૭

ગુજરાતી સાહિત્યની જીવનચરિત્રમૂલક નવલકથાઓનું મૂલ્યાંકન

♦ પ્રકરણ–૮

ગુજરાતી જીવનચરિત્રમૂલક નવલકથાઓ: એક તારણ

।। પરિશિષ્ટની યાદી ।।

♦ પરિશિષ્ટ–૧

સંદર્ભગ્રંથોની યાદી

♦ પરિશિષ્ટ–૨

લેખ અને સામાયિકોની યાદી

♦ પરિશિષ્ટ–૩

સંશોધિત ગુજરાતી જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી

♦ પરિશિષ્ટ–૪

ગુજરાતીમાં અનુવાદિત જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી

♦ પરિશિષ્ટ–૫

અન્ય ભાષાની જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી

♦ પરિશિષ્ટ–૬

સંશોધન કાર્યમાં સહાયકોની યાદી

નિવેદન

।। નિવેદન ।।

'જીવનચરિત્રમૂલક ગુજરાતી નવલકથાઓઃ એક અધ્યયન' વિષય પરના મારા સંશોધનકાર્યના મૂળમાં વાર્તારસ અને નવલકથાપ્રીતિ રહેલી છે. દાદા–દાદીના ખોળામાં અને કૃષીવલ માતા–પિતાની છત્રછાયામાં કૃષ્ણ–બલરામની વાર્તાઓનું રસપાન કર્યું હતું. શાળામાં અભ્યાસ કરતો ત્યારે ગુરુજનો પાસેથી વ્યકિતવિશેષોના જીવનની રસપ્રદ વાતો સાંભળી હતી. તો કૉલેજકાળ દરમ્યાન 'સત્યના પ્રયોગો', 'ધરતીનું લૂણ' અને 'બાનો ભીખુ' આદિ ગ્રંથોના અભ્યાસથી મારી રસરુચિ ખીલતી અને પાંગરતી રહી હતી. વ્યકિતવિશેષોના જીવનની સિદ્ધિઓ જાણવાની રસવૃત્તિના પરિણામે 'સત્યકથા', 'શ્યામની મા', 'આરણ્યક' અને 'માણસાઈના દીવા' કૃતિઓનું અધ્યયન અને અધ્યાપનકાર્ય કર્યું. ગુજરાત યુનિવર્સિટીનાં રીફ્રેશર કોર્ષમાં 'ચરિત્રસાહિત્ય' પર અભ્યાસ કરવાનું નિમિત્ત બન્યું હતું. તો અનુસ્નાતક કેન્દ્રમાં 'આત્મકથાઃ સ્વરૂપ અને વિકાસ' વિશે અભ્યાસ કરાવવાનું સદ્‌ભાગ્ય સાંપડયું હતું. એ દરમ્યાન સંશોધનકાર્ય અંગે સતત મનોમંથન ચાલતું હતું, ત્યારે પ્રથમ મુલાકાતે ડૉ.નાથાલાલ ગોહિલ અને ડૉ.મનોજ રાવલે 'જીવનચરિત્રમૂલક ગુજરાતી નવલકથાઓ' અંગે શોધકાર્ય વણખેડાયેલું હોવાનું જણાવીને કહ્યું કે, 'આ કાર્ય કરીશ તો નાવીન્ય પૂર્ણ ગણાશે', એ પડકાર ઝીલી સંશોધનકાર્યના ખોજરૂપી શ્રીગણેશ સ્થાપ્યાં.

પ્રસ્તુત શોધપ્રબંધમાં ગુજરાતી નવલકથાના આરંભથી આજ સુધીની જીવન–ચરિત્રમૂલક નવલકથાઓ અભ્યાસમાં લીધી છે. કોઈ વ્યકિતવિશેષના જીવનને કેન્દ્રમાં રાખી લખાયેલ જીવનચરિત્રમૂલક નવલકથાઓ અહીં સામેલ કરી છે. સર્જકે જે કોઈ વ્યકિતવિશેષના જીવનને જાણ્યું, માણ્યું, અનુભવ્યું કે મુલાકાત લીધી હોય એવા વ્યકિતવિશેષના જીવન આધારિત જીવનચરિત્રમૂલક નવલકથાઓને અભ્યાસનો વિષય બનાવી છે. જીવનચરિત્રમૂલક નવલકથાનો અભ્યાસ કથાનાયકનું વ્યકિતત્વ, એના જીવનની ઘટનાઓ, આસપાસના પાત્રો, પરિવેશ અને સર્જનાત્મક ગદ્યને કેન્દ્રમાં રાખી કર્યો છે.

જીવનચરિત્રમૂલક નવલકથાના અભ્યાસમાં સર્વ પ્રથમ અંગ્રેજી અને ભારતીય સાહિત્યની નવલકથાઓની અછડતી રેખા દોરી આપી છે. એમાં વિષયવસ્તુની દષ્ટિએ અલગ

પડતી જીવનચરિત્રમૂલક નવલકથાઓનું સ્થાન નિશ્ચિત કર્યું છે. આ પછી ગુજરાતી સાહિત્યની વિકાસરેખામાં જીવનચરિત્રમૂલક નવલકથાઓને રેખાંકિત કરી ઉદ્ભવ અને વિકાસ આલેખ્યો. ગુજરાતી સાહિત્યના વર્ગીકરણમાં વિષયવસ્તુની દષ્ટિએ જીવનચરિત્રમૂલક નવલકથાઓનું સ્થાન અને માન સ્પષ્ટ કર્યું છે. આ પછી 'જીવનચરિત્રમૂલક નવલકથા'ની સંજ્ઞા અને વ્યાખ્યા વિશે ચર્ચા–વિચારણા કરી, સ્વરૂપગત વિભાવના–લાક્ષણિકતાઓ બાંધી આપી છે. જીવન–ચરિત્રમૂલક નવલકથા અન્ય નવલકથાના કયાં ઘટકતત્ત્વોને કારણે જુદી પડી છે એ દર્શાવ્યું છે. જીવનચરિત્રપ્રધાન નવલકથાનો અન્ય સ્વરૂપો અને નવલકથાઓ સાથેનો નાતો સ્પષ્ટ કરી આપ્યો છે. આમ જીવનચરિત્રમૂલક નવલકથાનો અખિલ દેહ પ્રાપ્ત થયા પછી સંશોધિત ગુજરાતી સાહિત્યની ઓગણીસ જીવનચરિત્રમૂલક નવલકથાઓ અને ત્રણ ગુજરાતીમાં અનુવાદિત નવલકથાઓને મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. અને અંતે સારાંશરૂપ સમીક્ષા કરી છે. આમ તમામ પ્રકરણનો તલસ્પર્શીય અભ્યાસ કરી 'જીવનચરિત્રમૂલક નવલકથા' સ્વરૂપની છબી આકારિત કરવાનું પ્રયોજન રાખ્યું છે.

આ અભ્યાસ નિમિત્તે અનેક વ્યકિતવિશેષોનું જીવન જાણવા અને માણવા મળ્યું છે. શોધકાર્યના આરંભે ગુજરાતી નવલકથા સાહિત્યમાંથી જીવનચરિત્રમૂલક નવલકથાઓ વિષયવસ્તુની દષ્ટિએ અલગ તારવી અભ્યાસ કર્યો. એક ભાવક તરીકે નવલકથાઓ વાંચવાનું પ્રારંભિક કાર્ય કર્યું. પરંતુ આરંભે આ નવલકથાઓની યાદી નાની હતી પણ અભ્યાસ કરતાં વિસ્તૃત થવા લાગી. એ પછી નવલકથાઓને સમયની દષ્ટિએ સર્જનક્રમમાં દર્શાવી છે. આટલું કર્યા પછી એ નવલકથાઓ વિશેની વિવેચનાત્મક નોંધો મેળવી અભ્યાસ કર્યો. સંદર્ભગ્રંથો, સામાયિકો, લેખો અને વિદ્વાનોની પત્ર દ્વારા કે રૂબરૂ મૂલાકાત લઈ આ નવલકથાઓ મૂલવી છે. જેનો એક નિશ્ચિત ગ્રાફ અહીં મૂકયો છે.

પ્રસ્તુત મહાશોધ પ્રબંધમાં આઠ પ્રકરણ વિશે વિવરણાત્મક વિગતો આપવામાં આવી છે. અંગ્રેજી અને ભારતીય સાહિત્યમાં જીવનચરિત્રમૂલક નવલકથા, ગુજરાતીમાં જીવનચરિત્રમૂલક નવલકથાનો ઉદ્ભવ–વિકાસ, ગુજરાતી નવલકથાના વર્ગીકરણમાં જીવન–ચરિત્રમૂલક નવલકથા, જીવનચરિત્રમૂલક નવલકથાઃ સંજ્ઞા, વ્યાખ્યા અને સ્વરૂપગત વિભાવના, જીવનચરિત્રમૂલક નવલકથાના ઘટકતત્ત્વો, જીવનચરિત્રમૂલક નવલકથાનો અન્ય સ્વરૂપો સાથે

નાતો, ગુજરાતી સાહિત્યની જીવનચરિત્રમૂલક નવલકથાઓનું મૂલ્યાંકન, ગુજરાતી જીવન–ચરિત્રમૂલક નવલકથાઓઃ એક તારણ અને પરિશિષ્ટની યાદી તૈયાર કરી છે. સંદર્ભગ્રંથોની યાદી, લેખ અને સામાયિકોની યાદી, સંશોધિત ગુજરાતી જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી, ગુજરાતીમાં અનુવાદિત જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી, અન્ય ભાષાની જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી અને સંશોધન કાર્યમાં સહાયકોની યાદી આપી છે.

ગુજરાતી નવલકથા સાહિત્યના આરંભથી આજ પર્યંત લખાયેલી ઓગણીસ અને ગુજરાતીમાં અનુવાદિત ત્રણ જીવનચરિત્રમૂલક નવલકથાઓનો અભ્યાસ વિષયવસ્તુને ધ્યાનમાં રાખી કર્યો છે.

મારું સંશોધનકાર્ય સ્વતંત્ર અને મૌલિક છે. આ અભ્યાસી સંશોધન સૌ વાચકોને વાંચવા પ્રેરે, સર્જકોને સર્જનમાં સહાયક બને અને અભ્યાસીઓને નવી દિશા આપે એવી આશા સેવું છું. અહીં કવિવર રવીન્દ્રનાથની કવિતા યાદ આવતા નોંધું છું.

સાંજના સૂરજે પૂછયુંઃ

‘મારા ગયા પછી દુનિયાને અજવાળું કોણ આપશે?’

આ સાંભળી સહુ સ્તબ્ધ થઈ ગયા.

ત્યારે માટીનું કોડિયું હતું તે બોલ્યુંઃ

‘પ્રભુ! મારાથી જે કાંઈ બનશે એ કરીશ!’

આ મારું કોડિયારૂપી જ્ઞાનનું સર્જન સાહિત્યના અભ્યાસીઓના જ્ઞાનદ્વારે પહોંચે એવી અપેક્ષા રાખું છું.

પ્રસ્તુત મહાનિબંધ રૂપે રજૂ થયેલું સંશોધનકાર્યના વિષયની વિસ્તૃત છણાવટ અર્થે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને અન્ય ભાષાના સંદર્ભગ્રંથો, સામયિકો, લેખો અને જીવનચરિત્રમૂલક નવલકથાઓના અભ્યાસને આધારે સમગ્ર સંશોધનકાર્યને આલેખવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે. એમાં જીવનચરિત્રમૂલક નવલકથાની સંજ્ઞા, વ્યાખ્યા, લાક્ષણિકતાઓ, ઉદ્ભવ–વિકાસ, સંશોધિત નવલકથાઓનું મૂલ્યાંકન અને નિષ્કર્ષ મૌલિક છે. મારા તારણો ભવિષ્યના અભ્યાસીને સહાયક થશે, તેમજ આ વિષયના અભ્યાસની શાખાઓ વિસ્તરશે તેમ માનું છું.

મારું આ સંશોધનકાર્ય અનેકના સહયોગનું પરિણામ છે. જેમાં પથદર્શક

ડૉ.મનોજ રાવલની સાહિત્યિક પ્રેરણા અને મારા ગુરુવર્ય ડૉ.એન.યુ.ગોહિલ સાહેબનું માર્ગદર્શન અને સાનિધ્ય મારી સંશોધકવૃત્તિને ઢંઢોળતી રહી છે. કબીર સાહેબના શબ્દોમાં કહું તો,

ગુરુ કુમ્હાર શિષ કુંભ હૈ, ગઢિ ગઢિ કાઢૈં ખોટ,

ભીતર હાથ સહાર દૈ, બાહિર મારૈં ચોટ.

ગુરુ ઘડવૈયો કુંભાર છે. જેમ કુંભાર માટલું ઘડે ત્યારે ઉપરથી ટપલાની ચોટ મારે ને અંદરથી હાથનો સહારો આપી શ્રેષ્ઠ ઘાટ ઘડે. એમ ગુરુ શિષ્યને ઘડવાનું કાર્ય કરે છે. જેમ સરાણિયો ઘસી ઘસી ધાર કાઢે છે. તેમ ગુરુ આપણી મનની મલિનતાઓ કાઢીને દિલનું દર્પણ નિર્મળ કરે છે. ગુરુ, શિષ્યને આપ સમાન બનાવે છે.

આ ઉપરાંત સહયોગ, સૂચનો અને પ્રોત્સાહિત કરનાર વિદ્વાનો, વડીલો, મિત્રો, વડીલબંધુ, સ્વજનો, સંસ્થાનાં સદસ્યો, આચાર્યશ્રી, સહકર્મીઓ અને શુભેચ્છકોને આભાર સહ વંદન કરું છું. કમ્પ્યુટર કાર્યમાં મદદ કરનાર કર્મદીપ, પ્રિયંકા અને મારી જીવનસંગિની જયોત્સ્નાને અત્રે યાદ કરું છું.

આ શોધપ્રબંધ અભ્યાસીઓ અને વિદ્વાનોને સ્વીકાર્ય બની રહે એવી આશા સાથે શુભારંભ કરું છું.

પ્રા.વીરભણ કે. પરમાર

પ્રકરણ–૧

અંગ્રેજી અને ભારતીય સાહિત્યમાં જીવનચરિત્રમૂલક નવલકથા

।। પ્રકરણ–૧ ।।

।।અંગ્રેજી અને ભારતીય સાહિત્યમાં જીવનચરિત્રમૂલક નવલકથા ।।

ભારતીય સાહિત્યમાં કથાની પરંપરા અત્યંત પ્રાચીનકાળથી પ્રચલિત થયેલી જોવા મળે છે. દરેક પ્રજાને પોત પોતાની આગવી કથા–વાર્તાની પરંપરા હોય છે. મનુષ્ય માત્રને કથા સાંભળવી અને વાંચવી ગમે છે. દાદા–દાદીના ખોળામાં બેસી વાર્તારસ માણવાનો ભારતીય સંસ્કાર વારસો છે. સૌથી પ્રાચીન વાર્તા–કથાઓ આપણે ત્યાં મળે છે. બુદ્ધની જાતક કથાઓ, જૈન ચાણુર કથાઓ, પંચતંત્રની વાતો અને દશકુમાર ચરિત્ર જેવી કથાઓ મળે છે. પ્રાચીન સમયની કથાઓ અને ઐતિહાસિક કથાનકોની ભારત પાસે બહોળી સમૃદ્ધિ છે. આ પ્રાપ્ય વાર્તાઓ પૂર્વે આદિમાનવ સમાજ વચ્ચે પણ બનતી ઘટનાઓ વિશેની વાતોમાંથી વાર્તા જન્મી હોવાનું માની શકાય. સિંધુ સંસ્કૃતિના સંશોધનમાંથી ચિત્રવાર્તા મળી આવી છે. તેનો અર્થ એ થયો કે વાર્તાએ પ્રાચીન સાહિત્ય સ્વરૂપ છે.

પ્રાચીનકાળ અને મધ્યકાળમાં પણ કથાઓ એક યા બીજા સ્વરૂપે બધા દેશમાં મૌખિક અથવા લેખિતરૂપે રચાતી હતી. ધર્મનાં વિધિવિધાન, શાસ્ત્રો સાથે સંકળાયેલી પુરાકથાઓ અને અર્ધ ઐતિહાસિક દંતકથોઓ વગેરે જુદા જુદા સ્વરૂપોમાં કથાસાહિત્યમાં કથારૂપે વિકસી હતી. પણ આદિમ પુરાકથાઓ કાળપર્યંત ટકી શકી નહીં એટલે બે પ્રકારનાં કથનાત્મક સ્વરૂપ ઉદ્‌ભવ્યાં. ૧. અનુભવમૂલક **(Empirical),** ૨. કલ્પનોત્થ **(Fictional).**

પહેલા વલણમાંથી જે અનુભવમૂલક સ્વરૂપો વિકસ્યાં તે ઈતિવૃત્તાંત્મક, જીવન વૃત્તાંત અને આત્મવૃત્તાંત. જયારે કલ્પનોથ પ્રકારનાં સાહિત્યસ્વરૂપો અનુભવમૂલક સાહિત્યથી છૂટા પડયાં પછી વિકસ્યાં છે. ઈસપની નીતિકથાઓ, મધ્યકાળની રૂપકાત્મકકથાઓ અને રંજનકથાઓ વિકસી હતી. જે સમય જતા કાલગ્રસ્ત બની. ત્યાર બાદ તેરમાં સૈકામાં ઈટાલીના બોકેચી નામના લેખકે સૌ પ્રથમ નવલકથા આપી. પણ સત્તરમી સદીથી વાસ્તવલક્ષિતાના વલણનો કથાસાહિત્યમાં આરંભ થયો. તેનો સ્પષ્ટ સુરેખ આવિષ્કાર સર્વપ્રથમ સર્વાન્ટિસની નવલકથા ‘ડૉન કિવકઝોટ’માં દષ્ટિગત થાય છે.અલબત્ત,આ કૃતિથી નવલકથાનો ઉદ્‌ગમ થયો.

અંગ્રેજી સાહિત્યમાં અઢારમી સદીના ચોથા દાયકાના અંતે નવલકથાનો ઉદ્‌ભવ થયો. એ એક મહત્વની ઘટના છે. ઈલિઝાબેથ યુગનાં શેકસ્પીયર રોમૅન્ટિક નાટકનો યુગ આથમી ગયો હતો. ચાર્લ્સ બીજાના રેસ્ટોરેશન યુગની મનોરંજન કૉમેડીથી અંગ્રેજી પ્રજા ધરાઈ ચૂકી હતી. એટલે રસિક જનસમાજને હવે એમની લાગણીઓને ઝણઝણાવે અને બૌદ્ધિકતાને ઉત્તેજે એવા સાહિત્યની જરૂર હતી. શિષ્ટ સંસ્કારી વાચકવર્ગને વાર્તાભૂખ સંતોષે અને ગૃહસ્થી જીવનની સમસ્યાઓ પર પ્રકાશ પાથરે એવા સાહિત્યની આવશ્યકતા ઊભી થઈ. તેમજ વ્યકિતગત, કૌટુંબિક, નૈતિક સંઘર્ષોનું આલેખન તથા જીવન અને સમાજનું વાસ્તવિક ચિત્ર રજૂ કરે તેવા કોઈ સાહિત્ય સ્વરૂપની અપેક્ષામાંથી નવલકથા સાહિત્ય સ્વરૂપનો જન્મ થયો.

આથી નવલકથા વિશે સુમન શાહ નોંધે છે કે, ‘‘અંગ્રેજ નવલકથાકાર ડેનિયલ ડેફોની ‘રોબીન્સન ક્રૂઝો’(૧૭૧૯)માં અલેકઝાન્ડર સેલ્કર્ક નામની વ્યકિતના જીવન પરથી લખાયેલ છે. એમાં લેખકે રાખેલો ‘ગૂડ રીપોર્ટિન્ગ’નો આશય ફળ્યો છે. એટલે એ વૃત્તાન્ત મૂલક છે.’’[૧]

આમ નવલકથાનો પ્રારંભ સૅમ્યુઅલ રિચાર્ડસનની ૧૭૪૦માં લખાયેલ ‘પામેલા’થી થયો છે. રિચાર્ડસને પત્રરૂપે નવલકથા લેખનનો આરંભ કર્યો. આ લાગણીપ્રધાન નવલકથાથી અંગ્રેજી નવલકથા સાહિત્યનો પાયો નાખ્યો.૧૭૪૨માં હેન્રી ફીલ્ડિંગની નવલકથા ‘જોસેફ એન્ડ્રુઝ’ સભાનપણે ‘પામેલા’ પર કટાક્ષ નિમિત્તે રચાઈ હતી. ૧૭૪૯માં બીજી નવલકથા ‘ટૉમ જોન્સ’માં ‘કૉમિક એપિક’નું તત્વ વધારે અસરકારક રીતે રજૂઆત પામ્યું છે. ટોબાયસ સ્મોલેટની ૧૭૪૮માં ‘ધી ઍડવેન્ચર્સ ઑવ્ રોડરિક રેન્ડમ’ આત્મકથનાત્મક નવલકથા ઢબે પ્રકાશિત થઈ. ૧૭૫૧માં ‘ધી ઍડવેન્ચર્સ ઓફ પેર ગ્રાઈન પિકલ’ ત્રીજા પુરૂષમાં કહેવાયેલી કથા છે. તો ૧૭૭૧માં ‘એકસ્પીડિશન ઑવ્ હમ્ફ્રી કિલન્કર’ નવલકથા પત્રરૂપે રજૂ કરી છે. લૉરેન્સ સ્ટર્નની ‘ટ્રિસ્ટ્રામ શર્ન્ડિ’ નવલકથા નવ ખંડમાં પથરાયેલી એક અ–પૂર્વ અને કદાચ અદ્વિતીય નવલકથા છે. પહેલા પુરૂષ એકવચનમાં તે રજૂ થઈ છે. સામગ્રી, સ્વરૂપ અને શૈલી એ સર્વ બાબતમાં તેની નવીનતાએ ભલભલા વાચકો–વિવેચકોને મૂંઝવ્યાં છે અને રીઝવ્યાં પણ છે.ઑલિવર ગોલ્ડસ્મિથની નવલકથા ‘ધ વિકાર ઑવ્ વેઈક ફિલ્ડ’ ૧૭૬૬માં, લેખિકા બર્નેની નવલકથા ‘ઈવેલિના’ ૧૭૭૮માં અને હોરેસ વૉલપૉલની નવલકથા

'ધ કેસલ ઑવ્ ઓર્ટોન્ટો' ૧૭૬૫માં ધ નોવેલ ઑવ્ ટેરર અથવા ગોથિક નવલ તરીકે જાણીતી થઈ છે. કલેરા રીવની નવલકથા 'ધ ચેમ્પિયન ઑવ્ વર્ચ્યુ, અ ગૉથિક સ્ટોરી' ૧૭૭૭માં, સોફિયાલીની 'ધ રિસેસ' ૧૭૮૫માં, વિલિયમ બેકફોર્ડની 'ધ વથેક' ૧૭૮૬માં અને શાર્લોટ સ્મિથની 'એમેલિન' ૧૭૮૮માં ટેરર પ્રકારની નવલકથા તરીકે રચાયેલી છે. મિસ ફેની બર્નેની ૧૭૭૮માં 'ઈવેલિન' અને ૧૭૮૨માં 'સેસિલિયા' તથા જેઈન ઑસ્ટિનની ૧૮૧૧માં 'સેન્સ એન્ડ સેન્સિબિલિટી', ૧૮૧૩માં 'પ્રાઈડ એન્ડ પ્રેજયુડીસ', ૧૮૧૪માં 'મેન્સફીલ્ડ પાર્ક', ૧૮૧૬માં 'એમા' અને ૧૮૧૭માં 'નોર્ધન્જર એબી' તથા 'પર્સ્વેસન' સામાજિક નવલકથા તરીકે સારું ગજું કાઢે છે. આમ અહીં અંગ્રેજી નવલકથાઓનું વિહંગાવલોકન કર્યું છે.

ઈંગ્લૅન્ડ, ફ્રાન્સ અથવા તો જર્મનની પશ્ચાદ્ભૂ પર રચાયેલી વૉલ્ટર સ્કોટની ઐતિહાસિક નવલકથામાં રોમેન્ટિક વલણ જોવા મળે છે. સ્કૉટલૅન્ડને ભૂમિકારૂપે લઈ તેણે 'ગય મેન રિંગ', 'રોબરોય', 'ઓલ્ડ મોરાલિટી' અને છેલ્લે ૧૮૨૪માં 'રેડગોન્ટલેટ' પ્રકાશિત કરી છે. ઈંગ્લેન્ડ અને યુરોપીયન દેશોને નવલકથામાં ભૂમિકારૂપે લઈ ૧૮૧૯માં 'આઈવેન્હો', ૧૮૨૦માં 'ધ મોનેસ્ટરી', ૧૯૨૧માં 'ધી એબટ' તથા 'કેનિલવર્થ', ૧૮૨૨માં 'ધ ફોર્ચ્યુ ઑફ નિગેલ' અને ૧૮૨૩માં 'કવેન્ટિન ડર્વર્ડ'માં ફ્રાંસના લૂઈ અગિયારમાની કથાનું આલેખન હોવાથી તેના તરફ આખાં યુરોપનું ધ્યાન ખેંચાયું હતું. ૧૮૨૪માં 'સેન્ટ રોમન્સ વેલ' પ્રગટ થાય છે. ચાર્લ્સ ડિકન્સ ઓગણીસમી સદીનો ઉત્તમ નવલકથાકાર છે. ૧૮૩૭માં 'પિકવિક પેપર્સ' હાસ્યરસિક નવલકથા તરીકે ખૂબ પંકાયેલી છે. ૧૮૩૮–૩૯માં 'ઑલિવર ટ્રવિસ્ટ' અને 'નિકોલસ નિકલ્વી' ઈંગ્લેન્ડના નીચલા સ્તરના લોકોની કરુણકથાઓ છે. ૧૮૫૦માં 'ડેવિડ કૉપર ફીલ્ડ' લેખકના જીવનનું જ ઘણે અંશે વર્ણન છે. વિલિયમ થૅકરે 'વૅનિટી ફેર' ૧૮૫૦માં બેકી શાર્પનું વાસ્તવિક પાત્રલેખન કરીને નામના મેળવી હતી. શાર્લૉટની નવલકથા 'જેન આયર' અને એમિલીની 'વુધરિંગ હાઈટ્સ' અતિ મહત્વની નવલકથાઓ છે. મેરિયન એવાન્સે 'ધ મિલ ઑન ધ ફ્લૉસ' ૧૮૬૦માં ભાઈ અને બહેનના પ્રેમની કથા છે. ટૉમસહાર્ડીએ 'ધ મેયર ઑવ્ કેસ્ટર બ્રિજ' ૧૮૮૬માં, 'ટેસ ઑવ્ ડર્બર વિલે' ૧૮૯૧માં અને 'જયૂડ ધી ઑલ્સ્કયોર' ૧૮૯૫માં પ્રખ્યાત કૃતિઓ આપી છે.

વીસમી સદીના પ્રારંભકાળે સામાજિક નવલકથાકાર તરીકે જૉન ગાલ્સવર્ધીની

છ ગ્રંથોની મહાગાથા 'ફૉર સાઈટ સાગા' ૧૯૨૨માં પ્રગટ થાય છે. એચ.જી.વેલ્સની 'ધ ટાઈમ મશીન' ૧૮૯૫માં, 'ધી ઈનવિઝિબલ મૅન' ૧૮૯૭માં અને 'ધ ફર્સ્ટ મૅન ઈન ધ મૂન' ૧૯૦૧માં વિજ્ઞાનલક્ષી નવલકથાઓ લોકાદર પામી છે. જોસેફ કૉનરાડ દરિયાઈ સાહસસૃષ્ટિનું નિરૂપણ કરતી માનસશાસ્ત્રીય વિશ્લેષણની નવલકથાઓ 'નિગર ઑવ્ ધ નાર્સિસસ' અને 'લૉર્ડ જિમ'નું વિશિષ્ટ પ્રદાન છે. સમરસેટ મોમની 'ઑવ્ હયુમન બૉન્ડેજ' ૧૯૧૫માં, ઈ.એમ.ફૉર્સ્ટરની 'એ પૅસેજ ટુ ઈન્ડિયા' ૧૯૨૪માં, ડી.એચ.લૉરેન્સની 'લેડી ચૅટર્લીઝ લવર' અને 'સન્સ એન્ડ લવર્સ' તથા આલ્ડસ હકસલીની 'બ્રેવ ન્યૂ વર્લ્ડ' ૧૯૩૨માં પ્રખ્યાત નવલકથાઓ છે. જેમ્સ જૉઈસે 'યૂલિસીસ' ૧૯૨૨માં લિયોપોલ્ડ બ્લૂમના પાત્રની એક જ દિવસની જીવનચર્યાનું પ્રત્યેક ઝીણી વિગતવાળું સૂક્ષ્મ વર્ણન છે.

અંગ્રેજી નવલકથામાં વ્યકિતવિશેષનાં સમગ્ર જીવનને આલેખતી જીવનચરિત્ર–મૂલક નવલકથાઓ આપવાનો પ્રથમ યશ અરવિન્ગ સ્ટોનને ફાળે જાય છે. **Irving Stone was an American writer known for his of biographical novels of famous historical personalities.His best known works are Lust for Life, 1934 a biographical novel about the life of Vincent van Gogh, Sailor on Horseback, 1938, based on the life of Jack London, Immortal Wife, 1944, based on the life of Jessie Benton Fremont, Clarence Darrow For the Defense, 1949, based on the life of Clarence Darrow, The passionate Journey, 1949, based on the life of American artist John Noble, The Agony and The Ecstasy, 1961, based on the life of Michelangelo, Those Who Love, 1965, based on the life of John Adams and Abigail Adams, The passions of the mind, 1971, based on the life of Sigmund Freud, The origin, 1980, based on the life of Charles Darwin, Depths of Glory, 1985, based on the life of Camille pissarro.**

આમ અરવિન્ગ સ્ટોને ચિત્રકાર વાન ગૉગના જીવન આધારિત ૧૯૩૪માં 'લસ્ટ ફોર લાઈફ' આપી, **Biographical novel**નો પ્રારંભ કર્યો. જેમનો ગુજરાતીમાં અનુવાદ વિનોદ મેઘાણીએ 'સળગતાં સૂરજમુખી' રૂપે ૧૯૯૪માં કર્યો છે.

વિકીપીડિયા વેબસાઈટ પર ચાર્લ્સ ડાર્વિનના જીવન પર અરવિન્ગ સ્ટોને **bioghaphical novel 'The Origin'** આ મુજબ આલેખિત કરી છે. **"The Origin is a**

bioghaphical novel of the life of Charles Darwin written by Irving Stone. Darwin was an anthropologist and could be considered the father of evolutionary theory. The novel begins with Darwin at the age of 22 and follows him through the Voyage of the Beagle until his death in 1882. Stone took five years to research and write the novel and consulted numerous Darwin scholars and even Darwin's descendants in order to write his version of Darwin's life."[2]

ગૂગલ વેબસાઈટ પર The Agony and the Ecstasy'ની જીવનચરિત્ર–મૂલક નવલકથા પર નોંધે છે કે, "The Agony and the Ecstasy (1961) is a biographical novel of Michelangelo Buonarroti written by American author Irving Stone. Stone lived in Italy for years visiting many of the locations in Rome and Florence, worked in marble quarries, and apprenticed himself to a marble sculptor. A primary source for the novel is Michelangelo's correspondence, all 495 letters of which Stone had translated from Italian by Charles Speroni, published in 1962 as I, Michelangelo, Sculptor. The Italian government lauded Stone with several honorary awards for his cultural achievements highlighting Italian history. Stone wrote a number of biographical novels but this one and Lust for Life are his most well known, in large part because both had major Hollywood film adaptations. Part of the novel was adapted to film in The Agony and the Ecstasy (1965) starring Charlton Heston"[3]

ડેબ્સ અને એમના પત્ની કેટને કેન્દ્રમાં રાખી Biographical novel વિશે વિકીપીડિયા વેબસાઈટ પર ડેનિયલ બેલ નોંધે છે. "Adversary in the House (1947) is a biographical novel based on the life of Eugene v. Debs and of his wife Kate, who was opposed to socialism. The book is Irvig stone's portrayal of Eugene v. Debs's "tempestuous relationship with a wife who rejects the very values he holds most dear

Kate Debs seemed of have been so hostile to Debs's socialist activities-it threatened her sense of middle-class respectability-that novelist Irving stone was lad to call her, in the titile of his fictional portrayal of the life Debs, the Adversary in the House."[4]

વિશ્વમાં સૌપ્રથમ ઈટેલિયન, અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષામાં નવલકથા પગભર બની એ પછી ઘણે સમયે એ છોડ ભારતીય સાહિત્યમાં એનાં મૂળિયાં પ્રસારતો દેખાય છે. ભારતમાં નવલકથાનું આગમન પાશ્ચાત્ય સાહિત્યના પ્રભાવ હેઠળ થયું છે. અંગ્રેજી ભાષાની ઐતિહાસિક અને રોમાન્સ નવલકથાઓ, અંગ્રેજોનું ભારતમાં શાસન અને અંગ્રેજીમાં લેખન કરતા કેટલાક બંગાળી લેખકો મળી આવે છે. આ ઐતિહાસિક રચનાઓ પરથી કેટલાક બંગાળી કથાલેખકોને લખવાની પ્રેરણા મળી હતી. જે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં છાપ ખાનાની સુવિધા અને સામયિકોના પ્રારંભ સાથે બંગાળી ભાષાના સર્જકોએ નવલકથાક્ષેત્રે પહેલ કરી.

નવલકથા ફ્રાન્સ, રશિયા અને ઈંગ્લેન્ડમાંથી ફરતી ફરતી અંગ્રેજોની સત્તા ભારતમાં હોવાથી આવે છે. ભારતમાં મુખ્યત્વે રંગદર્શી નવલકથાઓ લખવાના પ્રયત્નો આ ગાળામાં શરૂ થયાં. જેમાં બંકિમચંદ્રે ૧૮૩૮થી ૧૮૯૪ના સમયમાં ભારતમાં સાહિત્યિક નવજાગૃતિનો સંચાર કર્યો. એના કારણે સામાજિક અને ઐતિહાસિક વિષયો અંતર્ગત રંગદર્શી નવલકથાઓ રચાય છે.

બંગાળી ભાષામાં ૧૮૨૧માં ‘સમાચારદર્પણ’માં ‘બાબૂ’ નામે એક રેખાચિત્ર પ્રગટ થયું. એના ઉપરથી ૧૮૨૩માં પ્રમથનાથ શર્માની ‘નવ બાબૂવિલાસ’ નામની રચના પ્રગટ થઈ. કેટલાકના મતે એ બંગાળની પહેલી નવલકથા છે. પરંતુ આ રેખાચિત્રોનો ઉદ્દેશ સમાજ સુધારણાનો છે. પ્યારી ચાંદ મિત્રે ટેકચાંદ ઠાકુરના ઉપનામથી ૧૮૫૫–૫૭ દરમ્યાન ‘માસિક પત્રિકા’માં ‘આલાલેર ઘરેર દુલાલ’ નામે નવલકથા ક્રમશઃ પ્રગટ કરી. આ નવલકથા બંગાળની પ્રતિનિધિરૂપ પહેલી મૌલિક નવલકથા છે. એમાં બંગાળી સમાજનું ચિત્ર આલેખિત છે. ૧૮૬૨માં કાલિપ્રસન્ન સિંહ ‘હુતોમ પેંચાર નકશા’ એક કટાક્ષકથા તરીકે ધ્યાન ખેંચે છે. ૧૮૬૫માં બંકિમચન્દ્રની ‘દુર્ગેશનંદિની’ એ બંગાળી ભાષાની પહેલી રોમેન્ટિક નવલકથા છે. બંકિમચન્દ્રનું માળખું ભલે પશ્ચિમની નવલકથાઓ પાસેથી લીધું પણ એમાં બધો સંભાર તો ભારતીય જ ભર્યો છે. આથી આ નવલકથાને વિવેચકો શકવર્તી નવલકથા ગણી છે.

મૌલિક બંગાળી નવલકથાનો પાયો ‘દુર્ગેશનંદિની’થી જ નખાયો. બંકિમચન્દ્ર પાસેથી ‘મૃણાલિની’, ‘વિષવૃક્ષ’, ‘ચન્દ્રશેખ’, ‘કપાલકુંડલા’, ‘આનંદમઠ’, ‘સીતારામ’ અને ‘રજની’ વગેરે નવલકથાઓ રોમાન્સ, ઐતિહાસિક, બોધપ્રધાન, પ્રચારાત્મક અને ધાર્મિક

વિચારોના પાસવાળી મળી છે. આ રચનાઓ મારફત નવલકથાની લાક્ષણિતાઓનો બંગાળીમાં સર્વપ્રથમ પરિચય થયો. આથી બંકિમચંદ્ર બંગાળી નવલકથાના પિતા ગણાય છે. રમેશચન્દ્ર દત્ત પાસેથી ઔતિહાસિક નવલકથાઓ અને શ્રીશચન્દ્ર મજુમદાર પાસેથી રોમાન્સકથાઓ મળી છે. તો નગેન્દ્રનાથ ગુપ્તા રોમેન્ટિક નવલકથાઓ આપે છે.ઈન્દ્રનાથ બંદોપાધ્યાય અને જોગેન્દ્રચન્દ્ર બસુ વ્યંગાત્મક નવલકથાઓ આપે છે.

રવીન્દ્રનાથે ૧૯૦૨માં 'ચોખેર વાલિ' મનોવિશ્લેષાત્મક નવલકથા આપી છે. ૧૯૦૫માં 'નૌકાડૂબી' સામાજિક નવલકથા અને ૧૯૧૦માં 'ગોરા' રાષ્ટ્રીય ચેતના અને વિશ્વ કુટુંબ ભાવ જગાડતી નવલકથાઓ આપી છે. તો વળી 'ઘરે બાહિરે' જેવી કુટુંબકથા પણ આપી છે. શરદચન્દ્ર ચ ોપાધ્યાયની 'દેવદાસ', 'પરિણીતા', 'વિરાજવહુ', 'પલ્લી સમાજ', 'શ્રીકાન્ત ભાગ– ૧ ૨', 'ગૃહદાહ', 'વિપ્રદાસ' અને 'ચરિત્રહીન' વગેરેમાં માનવસમાજનું જીવન, લગ્ન, પ્રણય, કુટુંબીક પ્રશ્નો, નારીજીવનની સમસ્યા અને રાષ્ટ્રના ઉત્થાન વિષયક નવલકથાઓ મળી છે. જ્ઞાનપીઠ પુરસ્કૃત તારાશંકર બંદોપાધ્યાય પાસેથી ૧૯૪૨માં 'ગણદેવતા' પ્રાદેશિક નવલકથા મળે છે. તો પ્રેમ અને મૃત્યુ જેવા સનાતન વિષયોની સાથે જૂની અને નવી પેઢીના વૈચારિક સંઘર્ષને કલાત્મક રીતે નિરૂપતી 'આરોગ્યનિકેતન' નવલકથા છે. વિભૂતિભૂષણ બંદોપાધ્યાયે 'પથેર પાંચાલી', 'અપરાજિતા' અને 'આરણ્યક' જેવી કલાસૌષ્ઠવથી શોભતી નવલકથાઓ આપી છે. અન્નદાશંકર રાયની 'સત્યાસત્ય' એક બૃહદ કથા છે. બિમલ મિત્રની 'સાહેબ બીબીગુલામ', 'કડિ દિયે કિન લામ', 'એકક દશક શતક' અને 'બેગમ મેરી બિશ્વાસ' જેવી નવલકથામાં સ્વાતંત્રોત્તર કાળનાં જનજીવનનું વાસ્તવિક ચિત્ર આપ્યું છે. તો 'પતિ પરમ ગુરુ' રાજકીય વિષયને લગતી નવલકથા અને 'આમી' મુખ્યપ્રધાન જયોતિર્મય સેનનાં જીવન વિશેની આત્મકથાત્મક નવલકથા છે. સુનીલ ગંગોપાધ્યાયની 'સ્વર્ગેર નીચે માનુષ' અને બુદ્ધદેવ બસુની 'પાતાલથેકે આલાપ' કેન્સરના દર્દીની કથા છે. શ્રીચારુચંદ્ર ચક્રવર્તીની 'લૌહકપાટ' જેલ જીવનને લગતી કૃતિ છે.

અસમીયા નવલકથાકાર એ.કે.ગર્નીની ૧૮૮૭માં 'કામિની કાંતરચરિત્ર' પ્રગટ થાય છે. જે મૌલિક નવલકથા છે. આ નવલકથામાં ખ્રિસ્તી ધર્મનો પુરસ્કાર અને ભારતીયતાનો તિરસ્કાર હોવાથી અસમીયા વિવેચકો તેમને પહેલી નવલકથા તરીકેનું સ્થાન

આપતાં અચકાય છે. પદ્માવતી દેવી ફુકનની 'સુધર્માર ઉપાખ્યાન' નામે કથા ૧૮૮૪માં પ્રગટ થઈ છે. આ કથા પણ પ્રથમ નવલકથા હોવાનો દાવો કરે છે. પણ નવલકથા સ્વરૂપનો ખ્યાલ રાખીને જો નિર્ણય કરવાનો હોય તો પદ્મનાથ ગોહાઈ બરુવાને અસમીયાના પહેલા નવલકથાકાર ગણી શકાય. તેમની નવલકથા ૧૮૯૧માં 'ભાનુમતી' પ્રગટ થઈ છે. આ કરુણાન્ત પારિવારિક નવલકથા છે. તો 'લાહરી' ઐતિહાસિક ભૂમિકા પર આધારિત નવલકથા છે. રજનીકાન્ત બરદલૈની ૧૮૯૫માં 'મિરિ જીયરી' પ્રગટ થાય છે. જે અસમીયા સાહિત્યની એ પહેલી સામાજિક નવલકથા છે. 'રંગિલી', 'ન્હદૈ લિગિરિ', 'નિર્મલ ભકત', 'તામ્રેશ્વરી મંદિર' અને 'રાધા–રુકિમણી' વગેરે નવલકથામાં સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ભાવનાઓને વર્ણવી છે. દંડીનાથ કલિતાએ 'સાધના', 'આવિષ્કાર', 'પરિચય' અને 'ગણવિપ્લવ' નવલકથાઓ આપી છે. દેવચંદ્ર તાલુએ 'આગ્નેયગિરિ', 'આદર્શપીઠ', 'અપૂર્ણ' અને 'દુનિયા' વગેરે નવલકથા પર ગાંધીવાદી વિચાર ધારાનો પ્રભાવ પડયો છે. ૧૯૩૦માં શરતચંદ્ર ગોસ્વામી 'પાનિપથ' અને હરિનારાયણ દત્ત બરુવાએ 'ચિત્ર દર્શન' જેવી ઐતિહાસિક નવલકથાઓ આપી છે.

૧૯૪૫માં ડૉ.બિરંચિકુમારની 'જીવનર બાપ્તા' નવલકથા દેશના રાષ્ટ્રીય આંદોલનની પશ્ચાદ્‌ભૂમાં પ્રગટ થઈ છે. દીનાનાથ શર્મા પાસેથી સામાજિક વાસ્તવિક નવલકથા મળી છે. રાધિકામોહન ગોવસ્વામીની ૧૯૫૪ની 'ચાકનૈયા'માં મનોવૈજ્ઞાનિક અભિગમ કેન્દ્ર સ્થાને છે. ૧૯૫૮માં પ્રગટ થયેલ સૈયદ અબ્દુલ મલિકની 'રથેર ચકરિ ધૂરે' નવલકથામાં રાજનીતિની પૃષ્ઠભૂમિકા આલેખાય છે. વીરેન્દ્રકુમાર ભ ા્ચાર્યની 'આઈ' અને 'ઈયારુ ઈંગમ' જાનપદી નવલકથાઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. લુમ્મેર દાઈની 'પૃથિબીર હાંહિ' આદિવાસીઓના જીવનને આલેખતી નવલકથા છે. પદ્મ બોર્કોતોકસીની 'કોનો ખેદ નાઈ' ઐતિહાસિક નવલકથા છે.

ઓડિયા ભાષાની પ્રારંભિક નવલકથાઓ ઐતિહાસિક હતી. રામશંકર રાયની 'બિવા–સિની', ઉમેશચન્દ્ર સરકારની 'પદ્મમાલી' અને ગોપાલવલ્લભ દાસની 'ભીમા ભૂર્યાં'નો સમાવેશ થાય છે. ઓડિયા સાહિત્યમાં અર્વાચીન યુગના તથા ઓડિયા નવલકથાના પિતા તરીકે ઓળખાતા ફકીરમોહન સેનાપતિ ૧૯૦૧માં 'છ માણ આઠ ગુંઠ' ખેતીપ્રધાન

ઓડિશાના પ્રાણ પ્રશ્ન સમા જમીનના પ્રશ્નને છેડે છે. ગ્રામજીવનને આલેખતી ભારતીય નવલકથામાં આ કૃતિ માનભર્યા સ્થાનની અધિકારી છે. નન્દકિશોર બલની 'કનકલતા' ગામડાંના સૌંદર્યનું હૂબહૂ ચિત્રણ આપે છે.

કાલિન્દીચરણની 'માટીર માણિષ' કલાકૃતિ તરીકે ઊંચી કોટિની અને ખૂબ લોક પ્રિય નીવડેલી નવલકથા છે. સંયુકત કુટુંબ વ્યવસ્થાનો મહિમા કરતી નવલકથા છે. તેમણે 'લુહાર મણિષ', 'અમરચિત્ર' અને 'મુકતા ડરક્ષધા' આદિ નવલકથાઓ લખી છે. શ્રી ગોપીનાથ મહાન્તીની 'અમૃતર સંતાન'એ ઓડિયા ભાષાની એક નોંધપાત્ર નવલકથા છે. ઓડિશાની દક્ષિણમાં વસતી કંધ પ્રદેશની પશ્ચાદ્‌ભૂમાં નવલકથા આકાર લે છે. કંધ જાતિ અને કંધ લોકો એ આ પ્રકૃતિનાં–અમૃતનાં સંતાનો છે. આ ઉપરાંત 'પરજા', 'દડિબુદ્ધ', 'રાહુર છાયા' અને 'હરિજન' વગેરે નવલકથાઓ આપી છે.

અન્ય નવલકથાકારોમાં કાન્હૂચરણ માહન્તી, કમલાકાન્તદાસ, હરિન્દ્ર બાદલ, સત્યાનંદ બરૂઆ, ડૉ.હરેકૃષ્ણ મહેતા, રાજકિશોર પટનાયક, જગતબંધુ મહાપાત્ર, નિત્યાનંદ મહાપાત્ર અને બસંતકુમારી પટનાયક આદિ નવલકથાઓ માટે પ્રસિદ્ધ છે. સુરેન્દ્ર માહન્તીની 'અંધ દિગંત' સ્વાતંત્રોત્તર ઓડિશાનો સામાજિક અને રાજકીય ઈતિહાસ આલેખે છે. કમલ કાન્તદાસની નવલકથાઓમાં કુટુંબજીવનના સંઘર્ષનું આલેખન છે. નિત્યાનંદ મહાપાત્રની કૃતિઓમાં પ્રણય સંઘર્ષોથી પીડાતા પાત્રોનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ રજૂ થાય છે. આમ, વિવિધ વિષયો આજની ઓડિયા નવલકથામાં આલેખાતાં જોવા મળે છે.

મરાઠીમાં નવલકથા માટે કાદંબરી નામ પ્રયોજાયું છે. મરાઠી ભાષામાં ૧૮૬૭માં બાબા પદમનજીએ 'યમુનાપર્યટન' નામની મૌલિક નવલકથા લખી છે. શ્રીહરિ નારાયણ આપ્ટે ૧૮૮૫માં 'મધલી સ્થિતિ', 'સૂર્યગ્રહણ', 'ઉષ:કાલ' અને 'ગઢઆલા પણ સિંહ ગેલા' વગેરે અર્ધ વિકસિત સામાજિક અને ઐતિહાસિક નવલકથાઓ આપી છે. નાથ માધવ પાસેથી 'સ્વરાજયાચા શ્રી ગણેશા' અને 'સ્વરાજયાચી દુફળી' જેવી ઐતિહાસિક નવલકથાઓ મળે છે. આ ઉપરાંત 'ગ્રહદ શાચા ફેરા' અને 'દોન ભાવડે' જેવી સામાજિક નવલકથાઓ આપી છે. મામા વરેરકર પાસેથી નેવું જેટલી નવલકથાઓ મળી છે. જાસૂસીકથાઓ અને દલિતપીડિત વર્ગના જીવનનું યથાર્થ નિરૂપણ કરતી કથાઓ મળે છે.

ના.સી.ફડકેની ‘જાદુગાર’ નામની નવલકથામાં એક કુશળ જાદુગરની હેસિયતનું કલાસ્વરૂપ ઘડયું છે. ‘ઉદ્ધાર’, ‘પ્રવાસી’ અને ‘ઝેલમ’ વગેરે નવલકથામાં રાજકીય અને મનોવૈજ્ઞાનિક વલણો જોવા મળે છે.

વિ.સ.ખાંડેકરની ‘યયાતિ’ એ મહાભારતના આદિ પર્વમાં આવતી યયાતિની કથા ઉપર આધારિત પૌરાણિક નવલકથા છે. તેને સાહિત્ય અકાદમીનો એવૉર્ડ પ્રાપ્ત થયો છે. એની સાત આવૃત્તિ બહાર પડી છે. ભારતીય ભાષાઓમાં અનુવાદ પણ થયાં છે. આ ઉપરાંત ‘કાંચન મૃગ’, ‘ઉલ્કા’, ‘ક્રૌંચવધ’ અને ‘દોન ધ્રુવ’ને ખ્યાતી પ્રાપ્ત થઈ છે. ગણેશ ત્રંબક માડખોલકરની ‘મુકતાત્મા’ મરાઠી ભાષાની પ્રથમ રાજકીય નવલકથા છે. ‘ચંદનવાડી’ ‘નાગકન્યા’, ‘નવે સંસાર’ અને ‘ભગ્ન મંદિર’ વગેરે સામાજિક નવલકથાઓ છે. લેખિકા વિભાવરી શિરૂરકરની નવલકથા ૧૯૩૪માં ‘હિંદોળ્યાવર’ અને ૧૯૩૫માં ‘વિરલેલેં સ્વપ્ન’ પ્રગટ થાય છે. રાજકીય આકાંક્ષાઓનું ચિત્રણ રોજનિશીની પધ્ધતિએ કરવામાં આવ્યું છે. ૧૯૫૦માં ‘બળી’માં ગુનેગાર જાતિના જીવનનું વાસ્તવિક દર્શન જોવા મળે છે. ‘જાઈ’ અને ‘દોધાંચે વિ’ નામની નવલકથામાં સ્ત્રી સમસ્યાનો વ્યથાપૂર્ણ ચિતાર મળે છે. વિશ્રામ બેડેકરની ‘રણાંગણ’માં તે વખતની કથળતી જતી આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનું નિરૂપણ જોવા મળે છે. તો ‘એક ઝાડ આણિ દોન પક્ષી’ દ્વારા નવ્ય નવલકથાના પ્રવાહમાં પ્રયોગશીલતા દાખવી છે. બા. સી.મર્ઢેકરની નવલકથા ‘રાત્રિચા દિવસ’માં **Stream of Consciousness**ની પધ્ધતિનો વિનિયોગ સૌ પ્રથમ મરાઠી નવલકથામાં કરે છે.

૧૯૪૦ પછીના સમયગાળામાં મરાઠી નવલકથા વિષયવૈવિધ્યની ષ્ટિએ પણ સારી એવી પ્રગતિ કરે છે. કેટલાક વણસ્પર્શાયેલા વિષયો નવલકથામાં આલેખાય છે. ર.વા. દિઘેની ‘પાણકળા’ અને ‘સરાઈ’માં ભીલોનાં આદિવાસી જીવનને સ્પર્શતી કૃતિઓ છે. સાને ગુરુજીની ‘શ્યામચી આઈ’ આત્મકથાત્મક નવલકથા છે. શ્રીપાદ નારાયણ પેંડસેને ‘એલ્ગાર’, ‘હદપાર’, ‘હત્યા’, ‘યશોદા’, ‘કલંદર’ અને ‘રથચક્ર’ આદિ નવલકથાઓ આપી છે. ‘ગારંબીચા બાપૂ’ કોંકણની પાર્શ્વભૂમિકા ઉપર રચાયેલી પ્રાદેશિક નવલકથા છે. શ્રી રા.બિવલકરે દેશના ભાગલા પડયા ત્યારે પૂર્વ બંગાળની પ્રજાની યાતનાને વાચા આપતી નવલકથા ૧૯૪૮માં ‘સુનીતા’ લખી છે. વિ.વા.શિરવાડકરની નવલકથા ‘વૈષ્ણવ’માં

૧૯૪૨ના બનાવોની પશ્ચાદ્‌ભૂમાં આત્મશ્રદ્ધા ગુમાવી બેઠેલાં એક શિક્ષકની કથા છે. શ્રી બા.ભ. બોરકરે 'ભાવીણ' નવલકથામાં ગોવાની પ્રાકૃતિક પશ્ચાદ્‌ભૂમાં ભાવીણ જીવનનો હૃદય સ્પર્શી ચિતાર આપ્યો છે. ગોપાળ નીલકંઠ દાંડેકરની 'શિતુ'માં પ્રાદેશિક પાર્શ્વભૂમિ પર શિતુના દિવ્ય પ્રેમની કથા આલેખાઈ છે.

શ્રી વ્યંકટેશ માડગુળકરની નવલકથા 'બનગરવાડી' ૧૯૫૫માં ભરવાડોનું જીવન એક શિક્ષકની નજરે આલેખાયું છે. પ્રો.ગંગાધર ગાડગીલની નવલકથા 'લીલીચે ફૂલ' જાતીયતા વિશે આલેખાઈ છે. ભાલચન્દ્ર નિમાડેની 'કોસલ' કટાક્ષાત્મક નવલકથા છે. જયંત દળવીની 'ચક્ર'એ મુંબઈના ભૂગર્ભ જગતની કથા છે. શ્રી જ.જોષીની 'આનંદી ગોપાળ' ઐતિહાસિક સત્યઘટના પર આધારિત ઉલ્લેખપાત્ર જીવનચરિત્રમૂલક નવલકથા છે.[૫]

વસંત વરખેડકરની 'સંક્રમણ', 'સત્તા વનચા સેનાની' અને 'પ્રતિનિધિ' નવલકથાઓ જાણીતી છે. શ્રીરણજિત દેસાઈની નવલકથા 'સ્વામી'એ માધવરાવ પેશવાના જીવન ઉપર આધારિત ઐતિહાસિક નવલકથા છે. આ નવલકથાને ૧૯૬૪નું સાહિત્ય અકાદમીનું પારિતોષિક પણ મળ્યું હતું.[૬]

મરાઠીમાં જીવનચરિત્રમૂલક ઐતિહાસિક નવલકથાઓની એક ખૂબ મોટી પરંપરા છે. શ્રી જ.જોશીકૃત 'આનંદી ગોપાળ' જીવની પરક નવલકથા મળી છે. શ્રી રણજીત દેસાઈ જેવા સિદ્ધહસ્ત લેખક દ્વારા લખાયેલી છત્રપતિ શિવાજી મહારાજના જીવન પરની નવલકથા 'શ્રીમાન યોગી' અને શ્રીમંત માધવરાવ પેશવાના જીવનકાર્ય પર લખાયેલી 'સ્વામી' જીવનચરિત્રમૂલક નવલકથાઓ છે. શ્રી શિવાજી સાવંતની મહારથી કર્ણના જીવન પરની 'સુતપૂત્ર' અને છત્રપતિ સંભાજી રાજેનના જીવન પરની 'છાવા' જીવનકથાત્મક નવલકથાઓ છે. સુભાષબાબુના જીવન પર વિશ્વાસ પાટીલે 'મહાનાયક' નવલકથા આપી છે. જેનો ગુજરાતીમાં અનુવાદ પ્રતિભા દવેએ કર્યો છે. ગંગાધર ગાડગીલની 'દૂરદમ્ય'માં લોકોમાન્ય ટિળકનાં જીવન તથા કાર્યોનું વિસ્તાર પૂર્વક નિરૂપણ છે. તો મૃણાલિની જોશીએ ભગતસિંહના જીવન પર આધારિત નવલકથા 'ઈન્કિલાબ' આપી છે. જેનો ગુજરાતીમાં અનુવાદ કેયૂર કોટકે કર્યો છે. શંકરરાવ ખરાટેએ દલિત નવલ સાહિત્યનો પ્રવાહ પ્રારંભ્યો હતો. લક્ષ્મણ માનેની 'ઉપરા' તથા લક્ષ્મણ ગાયકવાડની 'ઉચલ્યા'ને વાંચકોએ ઉમળકાપૂર્વક આવકારી હતી.

દક્ષિણ ભારતની ભાષાઓમાં નવલકથાનો પ્રારંભ કરવાનું શ્રેય તેલુગુ ભાષાને ફાળે જાય છે. ૧૮૬૭થી આજ સુધી તેલુગુ ભાષામાં નવલકથાનો ગંજાવર ઢગ ઠલવાતો રહ્યો છે. આન્ધ્રના સામાજિક જીવનનું ચિત્રણ કરતી નવલકથાઓથી માંડીને કોઈ એક વ્યકિતને કેન્દ્રમાં રાખી તેના માનસનો પરિચય કરાવતી આજની આધુનિક તેલુગુ નવલકથા સુધીની નવલયાત્રામાં એક નોંધપાત્ર તબકકો જોઈ શકાય છે.

તેલુગુ સાહિત્યમાં સ્વ.કોકકોંડા વેંકટરત્નમ્ પન્તુલુજીએ૧૮૬૭માં ‘મહાશ્વેતા’ નામે નવલકથાની રચના કરી, પણ સંપૂર્ણગ્રંથ ઉપલબ્ધ ન હોવાથી તેલુગુની પ્રથમ નવલકથા નથી? એવું કેટલાંક વિદ્વાનોનું માનવું છે. સને૧૮૭૨માં નરહરિ ગોપાલકૃષ્ણમ્મ સેટ્ટિએ ‘રંગરાજ ચરિત્ર’ નામે મૌલિક નવલકથા આપી. સને ૧૮૭૮માં શ્રી કન્દુકૂરિ પન્તુલુની ‘રાજશેખર ચરિત્ર’ પ્રથમ મૌલિક નવલકથા છે. કારણ કે ‘શ્રી રંગરાજચરિત્ર’ પ્રસિદ્ધ ન થવાથી ઘણા આલોચકો ‘રાજશેખર ચરિત્ર’ને આન્ધ્રની પ્રથમ નવલકથા તરીકે ઓળખે છે. આ નવલકથામાં આન્ધ્રના સામાજિક વાતાવરણનો ધબકાર ઝીલ્યો છે. અને મૌલિક કૃતિ આપી છે. સમાજ સુધારણાની દષ્ટિએ પહેલી તેલુગુ સામાજિક નવલકથા છે.

સ્વ.ખંડવિલ્લી રામચન્દ્રુડુએ ‘ધર્મવતી વિલાસ’, ‘માલતી માધવ’ અને ‘લક્ષ્મી સુન્દર વિજય’ નામની ત્રણ લઘુનવલો આપી છે. લક્ષ્મીનરસિંહમ્ પન્તુલુની ‘રામચન્દ્ર વિજય’, કૃષ્ણવેલી’, ‘રાજરત્ન’, ‘અહલ્યાબાઈ’, ‘હેમલતા’, ‘સૌન્દર્ય તિલક’, ‘કર્પૂર મંજરી’ અને ‘ગણપતિ’ વગેરે પ્રસિદ્ધ નવલકથાઓ છે. ઐતિહાસિક નવલ રચનામાં તેઓ જયેષ્ઠ તથા શ્રેષ્ઠ મનાયા છે. ચિન્તા દીક્ષિતુલુની ‘ચિત્રલેખા’ પ્રથમ જાસૂસી મૌલિક રચના છે. વેંકટ પાર્વતીની ‘માતૃ મંદિર ૧/૨’ સામાજિક નવલકથા છે. શ્રી કેતવરપુ વેંકટ શાસ્ત્રીની મોટા ભાગની સામાજિક નવલકથાઓ છે. શ્રીપાદ સુબ્રહમણ્ય શાસ્ત્રીની ‘રક્ષાબંધન’, ‘આત્મબલિ’, ‘વિષ–ભુજંગ’ અને ‘સ્મશાનવાટિકા’ નવલકથામાં ગ્રામીણ જીવનનું પ્રતિબિંબ મળે છે. શ્રી વિશ્વનાથ સત્યનારાયણની ‘એક વીરા’ ઐતિહાસિક નવલકથા છે. અને ‘વેપિપડગલું’ સર્વશ્રેષ્ઠ સામાજિક નવલકથા છે. ઉન્નવ લક્ષ્મીનારાયણની ‘માલપલ્લિ’ રાજનૈતિક નવલકથા છે. અડિવિ વાપિરાજુની ‘નારાયણરાવ’ નવલકથા અમરકીર્તિ ધરાવતાં એક જ્ઞાનકોષ સમાન છે.

શ્રી મોકકપાટિ નરસિંહશાસ્ત્રીની ‘બૈરિસ્ટર પાર્વતીશમ્’એ તેલુગુની શ્રેષ્ઠ

હાસ્યપ્રધાન નવલકથા છે. હાસ્યપ્રધાન નવલકથાકારોમાં પ્રથમ તથા સિદ્ધહસ્ત લેખક છે. શ્રીમોદલિ નાગભૂષણ શર્માએ આન્ધ્રના ગ્રામજીવનને અનુલક્ષી 'કીલુબોમ્મલુ'ની વાસ્તવદર્શી રચના કરી છે. શ્રી બુચ્ચિ બાબૂની 'ચિવરકુ મિગિલેદિ' એક મનોવૈજ્ઞાનિક નવલકથા છે. ડા.કોવેલ સુપ્રસન્નાચાર્યની 'અલ્પજીવી' મનોવૈજ્ઞાનિક નવલકથા છે. શ્રીમતી રંગનાયકમ્માની 'બલિપીઠમુ', 'સ્વીટહોમ', 'કૃષ્ણવેલી', 'આંડાળમ્મા' અને 'પેંકમેડલુ' વગેરે નવલકથાઓ પ્રસિદ્ધ છે. શ્રીમતી કોડૂરિ કૌસલ્યા દેવીએ 'ચક્રભ્રમણમુ', 'શાંતિ નિકેતનમુ', 'શંબુતીર્થમુ', 'ધર્મચક્રમુ', 'પ્રેમનગર' અને 'કલ્યાણ મંદિર' વગેરે નવલકથાઓ આપી છે. શ્રીમતી જયંતિ સૂરમ્માએ 'સુદક્ષિણા ચરિત્ર', કનુપર્તિ વરલક્ષ્મમ્માની 'વસુમતિ', પ્રભાદેવીની 'ઈન્દુમતિ' લક્ષ્મી નરસમાંબાની 'કમલાવતી', મલ્લાદિ બુચ્ચમ્માની 'લંકાપતિ' કુમારી મલ્લાદિ વસુન્ધરાની 'તંજાવુરિ પતનમ્' તથા 'સપ્તપર્ણિ' ઐતિહાસિક નવલકથા અને 'દુરપુ કોંડલુ' (દૂરના પહાડ) સામાજિક નવલકથાઓ આપી છે.

હિન્દી નવલકથાના ઉદ્‌ભવ અને વિકાસને ત્રણ ખંડમાં વિભાજિત કરવામાં આવેલ છે. ૧. પ્રેમચંદ પૂર્વે હિન્દી નવલકથા–૧૮૭૭ થી ૧૯૧૮, ૨. પ્રેમચંદયુગીન હિન્દી નવલકથા–૧૯૧૮ થી ૧૯૩૬, ૩. પ્રેમચંદોત્તર હિન્દી નવલકથા–૧૯૩૬ થી આજ પર્યંત.

પંડિત રામચન્દ્ર શુકલ હિન્દી ઉપન્યાસ વિશે નોંધે છે કે, ''પ્રેમચન્દ–પૂર્વ યુગ મે હિન્દી ઉપન્યાસ સન્ ૧૮૭૭ મેં પંડિત શ્રદ્ધારામ ફુલ્લૌરીને 'ભાગ્યવતી' નામક સમાજિક ઉપન્યાસ લિખા થા, જિસકી બડી પ્રશંસા હુઈ થી।''[૭]

''યહ અંગ્રેજી ઢંગ કા મૌલિક ઉપન્યાસ ચાહે ન હો; કિન્તુ વિષય વસ્તુ કી નવીનતાની દષ્ટિ સે ઈસે હિન્દી કા પ્રથમ ઉપન્યાસ અવશ્ય કહા જા સકતા હૈ। ઈસકે પૂર્વ કે સદાન્દ મિશ્ર ઔર શંભુનાથ મિશ્ર દ્વારા સંપાદિત જિસ 'મનોહર ઉપન્યાસ'(૧૮૭૧)કા ઉલ્લેખ ડૉ.માતા પ્રસાદ ગુપ્ત ને કિયા હૈ, વહ એક તો સંપાદકો દ્વારા સંગૃહીત ઔર સંશોધિત હોને કારણ નિશ્ચય હી મૌલિક નહીં હૈ, દૂસરે ઉસકી કથાવસ્તુ કે વિષય મેં કોઈ જાનકારી ન હોને કારણ ઉસકી આધુનિકતા ભી વિવાદાસ્પદ હૈ।''[૮]

લાલા શ્રીનિવાસદાસની પ્રસિદ્ધ નવલકથા 'પરીક્ષાગુરુ' (૧૮૮૨) હિન્દી સાહિત્યની પ્રથમ મૌલિક નવલકથા છે. પંડિત લાલકૃષ્ણ ભટ્ટે ૧૮૮૬માં 'નૂતન બ્રહ્મચારી' અને

૧૮૯૨માં 'સૌ અવાજ એક સુજાન', ઠાકુર જગમોહન સિંહે ૧૮૮૮માં 'શ્યામા સ્વપ્ન', શ્રી રાધાકૃષ્ણદાસે ૧૮૯૦માં 'નિસ્સહાય હિન્દ', પંડિત લજ્જારામ મેહતાએ ૧૮૮૯માં 'ધૂર્ત રસિકલાલ' ૧૮૯૯માં 'સ્વતંત્ર રમા ઔર પરતંત્ર લક્ષ્મી' અને ૧૯૧૪માં 'આદર્શ હિન્દુ', શ્રી કિશોરીલાલ ગોસ્વામીએ ૧૮૯૦માં ત્રિવેણી વા સૌભાગ્યશ્રેણી', ૧૯૦૧માં લીલાવતી વા આદર્શસતી', ૧૯૦૧માં 'સ્વર્ગીય કુસુમ વા કુસુમકુમારી', ૧૯૦૨માં 'રાજ કુમારી', ૧૯૦૪માં 'નવ્યસમાજ', ૧૯૦૭માં 'પુન-ર્જન્મ', ૧૯૧૦માં 'માધવીમાધવ વા મદનમોહની' અને ૧૯૧૮માં 'અર્ગૂઠી કા નગીના' નવલકથાઓ આપી છે. શ્રીઅયોધ્યાસિંહ ઉપાધ્યાયએ ૧૮૯૯માં 'દેવબાલા' અને ૧૯૦૭માં 'અધખિલા ફૂલ' નવલકથા સર્જી છે. શ્રીવ્રજનંદન સહાયને ૧૯૧૨માં 'સૌંદર્યોપાસક' અને ૧૯૧૮મા 'રાધાકાન્ત' નવલકથાઓ યોજી.

શ્રીમન્નન દ્વિવેદીએ ૧૯૧૭માં 'રામલાલ' અને ૧૯૨૦માં 'કલ્યાણી', દેવીપ્રસાદ કૃત ૧૮૯૩માં 'સુંદર સરોજિની', શ્રીમુરલીધર કૃત ૧૯૦૦માં 'સત્કુલાચરણ', શ્રી કમલા પ્રસાદ કૃત 'કુલકલંકિની', લોચનપ્રસાદપાણ્ડેય કૃત 'દો મિત્ર', શ્રી રામજીદાસ વૈશ્ય કૃત 'ફુલ મેં કાઁટા', શ્રીબલદેવ પ્રસાદ મિશ્ર કૃત 'સંસાર', શ્રી હરસ્વરૂપ પાઠક કૃત ૧૯૧૫માં 'ભારતમાતા', શ્રીશ્યામ કિશોર વર્માકૃત ૧૯૧૬માં 'કાશીયાત્રા' વગેરે સામાજિક ઉપન્યાસ છે. ડૉ.રામચન્દ્ર તિવારી ઉપરોકત સામાજિક નવલકથા વિશે નોંધે છે.''ઈન ઉપન્યાસોં મેં તત્કાલીન સામાજિક પ્રવૃત્તિયો, ધર્મ કી જય, આદર્શઆચરણ કા મહત્વ, નવીનતા કા સમર્થન યા વિરોધ, અંધવિશ્વાસોં કે પરિ-ત્યાગ, સતીત્વ કી મહિમા, ઈશ્વરીય ન્યાય મેં વિશ્વાસ રાષ્ટ્રપ્રેમ આદિ કા ચિત્રણ કિયા ગયા હૈ''[૯]

પ્રેમચંદ-પૂર્વ યુગમાં લખાયેલ ઐતિહાસિક નવલકથાઓમાં શ્રીકિશોરલાલ ગોસ્વામીએ ૧૯૦૨માં 'તારા', ૧૯૦૩માં 'કનક કુસુમ', ૧૯૦૪માં'સુલ્તાન રજિયા બેગમ', 'મલ્લિકા દેવી', ૧૯૧૧માં 'પન્નાબાઈ' અને ૧૯૧૭માં 'લખનઉ કી કબ્ર' નવલકથાઓ આપી છે. શ્રી ગંગાપ્રસાદ ગુપ્તને ૧૯૦૨માં 'નૂરજહાઁ', ૧૯૦૩માં 'વીરપત્ની' અને 'હમ્મીર', શ્રી જયરામ ગુપ્તને ૧૯૦૭માં 'કાશ્મીર પતન', 'રંગ મેં ભંગ', ૧૯૦૮માં 'માયારાની' અને ૧૯૦૯માં 'કલાવતી' નવલકથા સર્જી છે. શ્રી મથુરાપ્રસાદ શર્માએ ૧૯૦૫માં 'જહાઁગીર', શ્રી બલદેવપ્રસાદ મિશ્રએ ૧૯૦૦માં 'અનારકલી', ૧૯૦૨માં 'પૃથ્વીરાજ ચૌહાન' અને

'પાનીપત' વગેરે ઐતિહાસિક નવલકથાઓ પ્રગટ થઈ છે.

હિન્દી નવલકથાનાં વિકાસક્રમમાં પ્રેમચંદયુગનું વિશેષ મહત્વ છે. પ્રેમચંદની હિન્દી સાહિત્યમાં ૧૯૧૮માં 'સેવાસદન' સમસ્યા પ્રધાન, ૧૯૨૧માં 'વરદાન' પરિહાસ પ્રધાન, અને 'પ્રેમાશ્રમ' ગ્રામીણ સમસ્યાપ્રધાન નવલકથાઓ છે. ૧૯૨૫માં 'રંગભૂમિ', ૧૯૨૬માં 'કાયા કલ્પ', ૧૯૨૭માં 'નિર્મલા' અને ૧૯૨૯માં 'પ્રતિજ્ઞા' સામાજિક પ્રધાન નવલકથાઓ આપી છે. ૧૯૩૧માં 'ગબન' પારિવારિક જીવનની મનોવૈજ્ઞાનિક અને ૧૯૩૬માં 'ગોદાન' વગેરે નવલકથાઓ મળી છે. વિશ્વમ્ભરનાથ શર્મા પાસેથી ૧૯૨૯માં 'માઁ' અને 'ભિખારિણી' ઉપન્યાસો મળે છે. શ્રીનાથ સિંહએ ૧૯૨૫માં 'ક્ષમા', ૧૯૨૭માં 'પ્રેમ–પરીક્ષા', ૧૯૩૭માં 'જાગરણ' અને ૧૯૫૧માં 'એક ઔર અનેક' આદિ ઉપન્યાસો આપ્યાં છે. ભાગવતીપ્રસાદ વાજપેયીએ ૧૯૨૬માં 'પ્રેમપથ', ૧૯૨૮માં 'અનાથ પત્ની', ૧૯૩૨માં 'ત્યાગમયી' અને ૧૯૩૬માં 'પ્રતિતા કી સાધના' જેવી નવલકથાઓ લખી છે. ચંડીપ્રસાદની ૧૯૨૪માં 'મનોરમા' અને ૧૯૨૬માં 'મંગલ પ્રભાત', રાજા રાધિકા રમણપ્રસાદ સિંહે ૧૯૩૬માં 'રામરહીમ', ૧૯૩૯માં 'પુરુષ ઔર નારી' અને ૧૯૪૨માં 'સંસ્કાર' જેવી નવલકથાઓ આપી છે.

પ્રેમચંદોત્તર હિન્દી ઉપન્યાસ યુગમાં નવલકથાને અનેક પ્રકારે વર્ગીકૃત કરવામાં આવી છે. સામાજિક, માનવતાવાદી, સ્વચ્છન્દતાવાદી, પ્રાકૃતવાદી, વ્યકિતવાદી, મનોવિશ્લેષણ વાદી, સામાજિક યથાર્થવાદી, આંચલિક અને ઐતિહાસિક વગેરે વર્ગો પાડવામાં આવે છે.

વૃન્દાવનલાલ વર્માની 'વિરાટ કી પદિમની', 'સોના ઔર સંગ્રામ', 'મૃગ નયની', 'મહારાની દુર્ગાવતી', 'રામગઢ કી રાની', 'અમરવેલ' અને 'કચનાર' ખૂબ પ્રસિદ્ધ નવલકથાઓ છે. તો 'ઝાંસી કી રાની લક્ષ્મીબાઈ' અને 'અહિલ્યાબાઈ' જીવની પરક ઉપન્યાસો છે.

અજ્ઞેયજીએ પ્રયોગશીલ નવલકથાઓ આપી છે. 'શેખરઃ એક જીવની', 'નદી કે દ્વીપ' અને 'અપને અપને અજનબી' પ્રસિદ્ધ નવલકથાઓ છે. હજારીપ્રસાદ દ્વિવેદીએ 'બાણ ભટ્ટ કી આત્મકથા' આત્મચરિત્રાત્મક નવલકથા છે. નિરાલા બહુમુખી પ્રતિભા સંમ્પન્ન ચિંતનશીલ સાહિત્યકાર છે. 'અલંકાર', 'પ્રભાવતી', 'નિઢપમા' અને 'ચોટી કી પકડ'

પ્રસિદ્ધ નવલકથાઓ આપી છે.

રાંગેય રાઘવે ઐતિહાસિક અને જીવની પરક નવલકથાઓ આપી છે. અંગ્રેજીમાં અરવિન્ગ સ્ટોને ઘણી બધી વ્યકિતપ્રધાન નવલકથાઓ આપી છે. એ રીતે રાંગેય રાઘવે વિપુલ પ્રમાણમાં જીવની પરક ઉપન્યાસો આપ્યાં છે. ૧૯૫૨માં દ્રોણના જીવન પર આધારિત 'પ્રતિદાન' આપી છે. આ પછી 'દેવકી કા બેટા', 'યશોધરા જીત ગઈ', 'રત્ના કી બાત' 'ધૂની ઔર ધૂઑ' અને 'ઑધી કી નીંવે' જીવની પરક નવલકથાઓ આપી છે. અનુક્રમે કૃષ્ણ, ભગવાન બુદ્ધ, તુલસીદાસ, ગોરખનાથ અને મહારાણા પ્રતાપના જીવન પર આધારિત નવલકથાઓ આપી છે. અમૃતલાલ નાગરજીની નવલકથા 'માનસ કા હંસ' તુલસીદાસના જીવન ઉપર અને 'ખંજન નયન' સુરદાસનાં જીવન પર લખાયેલ છે.

ડૉ.રામચન્દ તિવારી નોંધે છે કે, ''માનસ કા હંસ' મહાત્મા તુલસીદાસ કે જીવન કો કેન્દ્ર મેં રખકર લિખા ગયા હૈ। ઈસ ઉપન્યાસ મેં એક ઓર તો તત્કાલીન યુગ–જીવન કી ઐતિહાસિક–સાંસ્કૃતિક પીઠિકા પ્રસ્તુત કી હૈ, દુસરી ઓર તુલસી કે વ્યકિતત્વ કા સંઘટન કરને વાલી માનસિક ભૂમિયોં કો ઉભારને કી કોશિશ કી હૈ। વ્યકિતવાદ કે આંતરિક ઉન્નયન કે સ્તર પર તુલસીદાસ કામ ઔર રામ કે બીચ સંઘર્ષ કી સ્થિતિ સે ગુજરકર કામ કા અતિક્રમણ કરતે હૈં ઔર લોક–કલ્યાણ મેં પ્રવૃત હોતે હૈ। તુલસી કે આંતરિક ઔર બાહ્ય દોનોં સંઘર્ષો કો તત્કાલીન ઈતિહાસ કી પીઠિકા પર સહી ઢંગ સે ઉભાકર એક પ્રગતિશીલ ઔર ક્રાંતિકારી તુલસી કી સૃષ્ટિ કી હૈ। તુલસીદાસ કે પૂરે–સાહિત્ય ઉનકે જીવન પર પ્રકાશ ડાલને વાલા ઐતિહાસિક સાક્ષ્ય તથા ઉનકે સમય કી સામાજિક ચેતના કા બોધ કરાને વાલે ઈતિહાસ–ગ્રંથો કા અનુશીલન કરકે ઈસ મહત્વપૂર્ણ ઉપન્યાસ કી રચના કી હૈ।''[૧૦]

''ખંજન નયન' મેં સુરદાસ કો કથાનાયક બનાયા ગયા હૈ। ઈસમેં સૂર કે મન મેં ચલનેવાલે કામ ઔર શ્યામ કે દ્વન્દ્વ કા બહુત અચ્છા ચિત્રણ કિયા ગયા હૈ। કન્તો કો લેકર સૂરદાસ કા મન બાર–બાર દોલાયમાન હોતા હૈ કિન્તુ અન્નતઃ વહ કામ કો પરાજિત કરકે શ્યામમય હો જાતા હૈ। સૂર ઔર કન્તો કા પ્રેમ રાધા–ભાવ મેં પરિણત હો જાતા હૈ।''[૧૧]

યશસ્વી સાહિત્યકાર અમૃતલાલ નાગરની ચર્ચિત નવલકથા 'ખંજન નયન'માં મહાકવિ સૂરદાસના ગરિમાપૂર્ણ જીવનને આલેખે છે. તો નાગરજી 'માનસ કા હંસ'

નવલકથામાં તુલસીદાસની જીવનગાથાને નવલકથાના રૂપમાં આલેખી છે. એ જ રીતે સૂરદાસના જીવનનું જુદા જુદા દષ્ટિકોણથી આ કૃતિમાં ચિત્રણ કર્યું છે. સૂરદાસના વ્યકિતત્વની ભીતર અનેક વ્યકિતત્વ છે. તેને તલ, અતલ અને સુતલ એવા ત્રણ સ્તરોમાં આલેખે છે. આ નવલકથામાં મહાકવિને સૂરજ, સૂરસ્વામી, સૂરશ્યામ અને સૂરદાસ જેવા અનેક રૂપમાં આલેખે છે. અંતમાં આ ત્રણે રૂપ સમરસ થાય છે, ત્યારે સૂરદાસ રાધામય બની જાય છે.

ફણીશ્વરનાથ 'રેણુ'ની 'મૈલા આંચલ' અને 'પરતી પરિકથા' હિન્દી ભાષાની આંચલિક ઉપન્યાસની સર્વપ્રથમ પ્રતિનિધિ રચના છે. આ ઉપરાંત સુભાગી ભડભડે ડૉ.હેડગેવારના જીવન પર 'પારસમણિ', શ્યામસુંદર ભટ્ટે 'ચેતક ઘોડે કા સવાર' અને 'મેવાડ કા સૂર્યપુત્ર' મહારાણા પ્રતાપ અને મહારાણા અમરસિંહના જીવન પર આલેખી છે. તો આંબેડકરના જીવન પર રામશંકર અગ્નિહોત્રીએ 'નયા મસીહા' અને ગુરુ ગોવિંદસિંહના જીવન પર મનમોહન સહગલે 'ગુરુ લાધો રે' જીવનચરિત્રમૂલક નવલકથાઓ આપી છે.

હિન્દી સાહિત્યમાં જીવનચરિત્રમૂલક નવલકથામાં અમૃતલાલ નાગર 'માનસ કા હંસ' તુલસીદાસ અને 'ખંજન નયન' સૂરદાસના જીવન પર આલેખે છે. રામાવતાર પોદાર 'કાલીદાસ કી આત્મકથા' કાલીદાસ અને ડૉ.હજારી પ્રસાદ દ્વિવેદીએ 'બાણભટ્ટ કી આત્મકથા' બાણભટ્ટ વિશે આપે છે. ડૉ.ચતુરસેન શાસ્ત્રી 'બોધ સત્વ કી છાય મેં' બુદ્ધ વિશે, ડૉ.ભગવતી ચરણ વર્માની 'ચાણકય' ચાણકય વિશે, ડૉ.વિશ્વમ્ભરનાથ ઉપાધ્યાયની 'જાગ મછન્દર ગોરખ આયા' મછન્દર અને ગોરખ વિશેની ચરિત્રાત્મક નવલકથાઓ છે. ડૉ.વૃન્દાવનલાલ વર્માએ 'ઝાંસી કી રાની–લક્ષ્મીબાઈ' (લક્ષ્મીબાઈ) વિશે, 'અહિલ્યાબાઈ' (અહિલ્યાબાઈ હોલ્કર) વિશે, અને 'માધવજી સિન્ધિયા' (માધવજી સિન્ધિયા) વિશે ચરિત્રપ્રધાન નવલકથાઓ આપી છે. ડૉ.મનમોહન સહગલે 'ગુરુ લાધો રે'માં ગુરુ ગોવિંદસિંહનું ચિત્રણ કર્યું છે. રાંગેય રાઘવે 'દેવકી કા બેટા' કૃષ્ણ વિશે, 'પ્રતિદાન' દ્રોણ વિશે, 'યશોધરા જીત ગઈ' બુદ્ધ ઔર યશોધરા વિશે, 'લખિમા કી આંખે' વિદ્યાપતિ વિશે, 'લોઈ કા તાના' કબીર વિશે, 'રત્ના કી બાત' તુલસીદાસ વિશે, 'મેરી ભવ બાધા હરો' બિહારી વિશે, 'આંધી કી નીંવે' રાણાપ્રતાપ વિશે, 'ભારતી કા સપૂત' ભારતેન્દુ હરિશ્ચન્દ્ર વિશે અને 'ધૂની કા ધુઆ' ગોરખનાથ વિશે મળે છે. આમ હિન્દી સાહિત્યમાં અનેક વ્યકિતવિશેષ પર લખાયેલી જીવનચરિત્રમૂલક નવલકથાઓ મળી

છે. એ સમૃદ્ધિ ગુજરાતી સાહિત્યમાં હજુ પ્રગટ થવી બાકી છે.

આમ ઉપરોકત અંગ્રેજી અને ભારતીય નવલકથાઓમાં વિષયસામગ્રીની દષ્ટિએ અલગ પડતી જીવનચરિત્રમૂલક નવલકથાઓની વિકાસરેખા દોરી આપી છે. તો ગુજરાતી નવલકથાઓમાં વિષય વસ્તુની દષ્ટિએ જુદી પડતી જીવનચરિત્રમૂલક નવલકથાની નોંધ મૂકવી આવશ્યક છે. જેથી મારા શોધકાર્યની માર્ગરેખા સ્પષ્ટ કરી શકાય.

ગુજરાતી નવલકથાની વિકાસયાત્રામાં પ્રારંભે પારસી લેખકોનું સ્મરણ કરું પડે છે. ફારસીમાંથી ‘તાજુલમુલ્ક’ અને ‘ગુલબંકાવલિ’ વાર્તાઓનો ગુજરાતીમાં અનુવાદ બહેરામજી મર્ઝબાને ૧૮૪૩માં કર્યો હતો. આથી તેઓ પ્રથમ પારસી વાર્તાકાર છે. પણ ગુજરાતી નવલકથાનું અર્વાચીન સ્વરૂપ એમની રચનાઓમાં સાંપડતું નથી. પારસી લેખક સોરાબશા દાદાભાઈ મુનસફના એ ફ્રેંચકથા **‘Lachaumiere Indienne’**નો અંગ્રેજી અનુવાદ **‘Indian Cottage’** રૂપે કર્યો હતો. એનો ગુજરાતી અનુવાદ ૧૮૬૨માં ‘હિન્દુસ્થાન મધ્યેનું એક ઝૂંપડું’ રૂપે થયો છે. ૬૯ પૃષ્ઠની લઘુ કદની આ રચના અનુવાદનો પણ અનુવાદ છે. જેને કેટલાંક વિદ્વાનો પ્રથમ ગુજરાતી નવલકથા પણ ગણાવે છે. આ નવલકથામાં દલિત યુવાનની મનોસંવેદના પ્રગટ થઈ છે.

ગુજરાતી ભાષાની પ્રથમ ઐતિહાસિક નવલકથા અંગ્રેજ અધિકારી રસેલ સાહેબના માર્ગદર્શનથી લખાઈ છે. આથી અંગ્રેજી સાહિત્યની નવલકથાઓ નજર સમક્ષ રાખી નંદશંકર તુળજાશંકર મહેતા ૧૮૬૬માં ‘કરણઘેલો’ નામે ગુજરાતના છેલ્લા રાજપુત રાજાની ઐતિહાસિક નવલકથા આલેખે છે. આ નવલકથા સ્વપ્રેરણાથી નહિ, પણ અંગ્રેજી કેળવણીકાર રસેલ સાહેબની સૂચનાથી અંગ્રેજી સાહિત્યનું વાચન કરી ગુજરાતી સાહિત્યમાં નવલકથા સ્વરૂપે ઉતારવાનો પહેલો પ્રયત્ન કર્યો છે. આથી ૧૮૬૬થી ૧૮૮૭ સુધીનો સમય ગુજરાતી નવલકથામાં ઐતિહાસિક વાર્તાનો સમય કહી શકાય. એ સમયમાં મુખ્યત્વે ‘કરણઘેલા’ના અનુકરણમાં ઈતિહાસના પાયા પર રચાયેલી વાર્તાઓ પ્રસિદ્ધિ થાય છે. ૧૮૮૭માં ગુજરાતી નવલકથા ‘સરસ્વતીચંદ્ર’ ભાગ–૧ પ્રસિદ્ધ થાય છે. આથી નવલકથાનો પ્રવાહ જુદી દિશામાં વહે છે. આ નવલકથા મુખ્યત્વે સંસારચિત્ર છે. ભારતીય સંયુકત કુટુંબ ભાવનાને આલેખે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષના ચાર પુરુષાર્થ અને પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનું એકીકરણ સ્થાપતી

‘સરસ્વતીચંદ્ર’નવલકથાની સફળતાને કારણે અનેક સામાજિક નવલકથાઓનો પાક ગુજરાતીમાં ઉતરવા લાગ્યો. ગુજરાતી નવલકથાની ડાળે નવપલ્લવ ફૂટવા માંડયાં. ૧૯૦૧થી ૧૯૧૫ સુધીમાં ‘સરસ્વતીચંદ્ર’ની અસર નીચે અનેક સામાજિક નવલકથાઓ પ્રસિદ્ધ થાય છે. આમ આ સમયગાળામાં ઐતિહાસિક અને સામાજિક નવલનો પ્રવાહ વહેતો હતો. તો બીજી બાજુ આ ગાળામાં ઐતિહાસિક અને સામાજિક નવલકથાનાં ભાષાન્તરો પણ થવા લાગ્યા હતા.

ગુજરાતી સાહિત્યની પ્રથમ મૌલિક ઐતિહાસિક નવલકથા ‘કરણઘેલો’ પ્રગટ થઈ એ જ વર્ષે મહીપતરામ રૂપરામ નીલકંઠ દ્વારા ‘સાસુવહુની લડાઈ’ પહેલી સામાજિક નવલકથા પ્રાપ્ત થાય છે. પણ નવલકથાના સ્વરૂપની દષ્ટિએ તે ઘણી નબળી રચના છે. ૧૮૮૦માં ‘સધરા જેસંગ’ અને ૧૮૮૧માં ‘વનરાજ ચાવડો’ જેવી નવલકથામાં ઈતિહાસ અને કલ્પનાનાં મિશ્રણ દ્વારા સત્યઘટનાઓ વણી લીધી છે. તેથી નવલકથા કરતાં એનું દસ્તાવેજી સામગ્રીરૂપે મૂલ્ય ઘણું છે. એ જ સમય દરમિયાન આત્મારામ કેશવજી ત્રિવેદીકૃત ૧૮૯૬માં ‘પૃથ્વીરાજ ચહુઆણ’, મણિલાલ છબારામ ભટ્ટકૃત ૧૮૯૭માં ‘ઝાંસીની રાણી’, વકીલ અમૃતલાલ કૃપાશંકર અને ડાહ્યાભાઈ પ્રભુરામ દવેકૃત ૧૮૯૭માં ‘મહારાજા રા નોઘણ’ જેવી વાર્તાઓ રચાઈ છે. પણ તેમાંથી એકેય કૃતિ નવલકથા સંવિધાનનો સંસ્કાર બતાવતી નથી અને કેવળ કૃતિના નાયકની આખ્યાત્મક ગૌરવગાથા આલેખી અટકી જાય છે.[૧૨]

જહાંગીરજી તાલીયાખાન કૃત ૧૮૮૪માં ‘મુદ્રા અને કુલીન’ અને ઈચ્છારામ દેસાઈકૃત ૧૮૮૭માં ‘શિવાજીની સુરતની લૂંટ’ જેવી કૃતિઓ ઐતિહાસિક પ્રસંગની પછીત ઉપર એક સાંસારિક કથા છે. હરગોવનદાસ કાંટાવાળાએ દેશી રાજયના અંધેરનું ઘેરું ચિત્ર આપતી ૧૮૭૯માં ‘અંધેરી નગરીનો ગર્ધવસેન’ નામની કટાક્ષસભર વાર્તા અને ‘રાણી રૂપમતી’ રોમાન્સ કથા આપી છે. ઈ.સૂ.દેસાઈની ૧૮૮૫માં ‘હિન્દ અને બ્રિટાનિયા’ રાજકીય વિષય–વસ્તુવાળી નવલકથા છે. ૧૮૮૮માં ‘ગંગા–એક ગુર્જર વાર્તા’ વિધવાવિવાહનો પ્રશ્ન ચર્ચતી સામાજિક નવલકથા છે. ૧૮૮૯ની ‘ટીપુ સુલતાન’ અધુરી ઐતિહાસિક નવલકથા છે. અનંતપ્રસાદ ત્રિકમલાલ વૈષ્ણવે ૧૮૮૩માં ‘રાણકદેવી’ ઐતિહાસિક નવલકથા આપી છે. આ ગાળામાં સામાજિક, કાલ્પનિક અને ઐતિહાસિક વાર્તારૂપ નવલકથાઓ સર્જાઈ હતી.

ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં ૧૮૮૭નું વર્ષ ઘણું મહત્વનું છે. ગોવર્ધનરામ

માધવરામ ત્રિપાઠી કૃત 'સસ્વતીચંદ્ર ભાગ–૧' નવલકથા ક્ષેત્રે નવું પ્રસ્થાન કરે છે. 'સરસ્વતીચંદ્ર' પ્રગટ થતાં ગુજરાતી નવલકથા પૂર્ણ સ્વરૂપમાં પ્રકાશી. આશરે અઢારસો પૃષ્ઠમાં વિસ્તરેલી આ બૃહદ્ નવલકથામાં લેખકની સમગ્ર શકિતનો નિચોડ પ્રાપ્ત થાય છે. ગુજરાતી સાહિત્યની અસાધારણ ઘટનારૂપ આ મહાનવલ ભારતીય સંસ્કૃતિની ભવ્યોજ્જ્વલ મહાકથા છે. એનું વિવેચન કરતાં વિવેચકોએ 'પંડિતયુગનું મહાકાવ્ય', 'પુરાણકથા', 'પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિકથા', 'આકારકથા', કે બધી જ નવલકથાનું 'પિયર' કહ્યું છે. આમ, ઐતિહસિક નવલકથાક્ષેત્રે ૧૯મી સદીમાં લગભગ મૌલિક અને અનુવાદિત મળી પચીસેક જેટલી નવલકથાઓ મળે છે. મણિલાલ છબારામ ભટ્ટ ૧૮૯૭માં 'ઝાંસીની રાણી' અને ૧૯૧૮માં 'પૃથુરાજ' એ બન્ને કૃતિઓમાં ઈતિહાસકથા કરતાં મુખ્યપાત્રોનું ચરિત્રકીર્તન વધારે ભાગ રોકે છે અને એ ધ્યેય એમણે વાર્તારસને ભોગે સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે.[૧૩]

રમણભાઈ નીલકંઠે ૧૯૦૦માં 'ભદ્રંભદ્ર' દ્વારા ગુજરાતી સાહિત્યમાં સળંગ હાસ્ય રસપ્રધાન નવલકથા આપી છે. કનૈયાલાલ મુનશીએ 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ', 'જય સોમનાથ' અને 'પૃથિવી વલ્લભ' જેવી ઐતિહાસિક નવલકથાઓ આપી છે. 'વેરની વસૂલાત' જેવી સામાજિક નવલકથાઓ અને 'ભગવાન કૌટિલ્ય', 'તપસ્વીની' અને 'કૃષ્ણાવતાર' વગેરે પૌરાણિક નવલકથાઓ આપી છે. 'પ્રજાબંધુ'ના તંત્રીશ્રી ચુનીલાલ વ. શાહે ઐતિહાસિક, સામાજિક અને સત્યઘટનાત્મક એમ ત્રિવિધ પ્રકારની નવલકથાઓ આપી છે. 'સોમનાથનું શિવલિંગ', 'કર્મયોગી રાજેશ્વર', 'અવંતિનાથ', 'રૂપમતી' અને 'રાજહત્યા' આદિ ઐતિહાસિક નવલકથાઓ આપી છે. 'વિલોચના', 'જયોત અને જવાલા', 'વર કે પર', 'ભસ્મ–રેખા', 'પ્રણય અને પરિણય' અને 'વિષચક્ર' જાણીતી સામાજિક નવલકથાઓ છે. 'જિગર અને અમી' અત્યંત લોકપ્રિય બનેલી સત્યઘટનાત્મક નવલકથા છે.

જૈનધર્મ કથાસાહિત્યમાંથી વસ્તુ લઈ સર્વભોગ્ય નવલકથા લખનાર જયભિખ્ખુ ઘણું કરીને પહેલા ગુજરાતી લેખક છે. 'ભગવાન ઋષભદેવ', 'ચક્રવર્તી ભરત દેવ', 'નર કેસરી યા નરકે રી', 'સંસારસેતુ', 'કામવિજેતા', 'સ્થૂલિભદ્ર', 'પ્રેમનું મંદિર', 'લોખંડી ખાખનાં ફૂલ', 'શત્રુ અને અજાતશત્રુ', 'ભરત બાહુબલિ' અને 'પ્રેમાવતાર' જેવી પૌરાણિક

વિષયવસ્તુ પર આધારિત નવલકથાઓ છે. 'વિક્રમાદિત્ય હેમુ', 'ભાગ્યનિર્માણ' અને 'દિલ્હીશ્વર' વગેરે ઐતિહાસિક નવલકથાઓ છે. 'પ્રેમભકિત કવિ જયદેવ' વૈષ્ણવ સંપ્રદાયને બાધક ન નીવડે અને પ્રેમલક્ષણા ભકિતને પૂરો ન્યાય મળે એ દષ્ટિએ કવિ જયદેવનું તેમાં પાત્રા લેખન થયું છે. જયદેવ અને પદ્માના પ્રેમનું તેમાં નિરૂપણ તેમની સર્જકશકિતના વિશિષ્ટ ઉન્મેષરૂપ છે.[૧૪]

આમ કવિ જયદેવના ચરિત્રને આલેખતી ચરિત્રરૂપ નવલકથા ૧૯૪૫માં જય ભિખ્ખુ પાસેથી પ્રથમ મળે છે. ગુણવંતરાય આચાર્યએ ઐતિહાસિકકથા, સાહસકથા, પ્રસંગકથા અને જાસૂસકથાઓ આપી છે. એ બધામાં દરિયાઈ સાહસની નવલશ્રેણીમાં 'દરિયા લાલ', 'સક્કરબાર', 'હરારી', 'સરફરોશ', 'સરગોસ', 'દેશદીવાન' અને 'હાજી કાસમ, તારી વીજળી' ધ્યાનપાત્ર છે.રમણલાલ દેસાઈએ ઐતિહાસિક, સામાજિક, જાસૂસ અને જીવનચરિત્ર–નવલકથાઓ લખી છે. 'જયંત', 'શિરીષ', 'કોકિલ', 'દિવ્યચક્ષુ', 'ગ્રામલક્ષ્મી','પૂર્ણિમા', 'ઝંઝાવત' અને 'પ્રલય' વગેરે સામાજિક નવલકથાઓ આપી છે. 'ઠગ' 'ભારેલો અગ્નિ', 'પહાડનાં પુષ્પો', 'ક્ષિતિજ', 'કાલભોજ' અને 'શોર્યતર્પણ' જેવી ઐતિહાસિક નવલકથાઓ અને 'બંસરી' જેવી જાસૂસકથા આપી છે. ૧૯૫૨માં 'બાલાજોગણ' મીરાંના જીવન પર આધારિત ઐતિહાસિક જીવનકથાત્મક નવલકથા લખી છે.

ધૂમકેતુએ પચીસ જેટલી ઐતિહાસિક અને સાત સામાજિક નવલકથાઓ લખી છે. જયંતિ દલાલે ૧૯૪૩માં 'ધીમુ અને વિભા' તથા ૧૯૪૬માં 'પાદરનાં તીરથ' આપી છે. ઝવેરચંદ મેઘાણીએ 'સોરઠ તારાં વહેતાં પાણી'માં સોરઠ પ્રદેશના જનજીવનને રજૂ કરતી પ્રાદેશિક નવલકથાનો નૂતન પ્રકાર આપ્યો છે. 'તુલસીકયારો' અને 'વેવિશાળ' જેવી કુટુંબ કથા દ્વારા સામાજિક નવલકથાઓ આપી છે. 'સમરાંગણ', 'રા'ગંગા–જળિયો' અને 'ગુજરાતનો જય ભા.૧–૨'માં લોકકથાનકો સાથે ઈતિહાસને ભેળવી દીધો છે. ચૂનીલાલ વર્ધમાન શાહે 'અવંતીનાથ', 'રૂપમતી', 'ભસ્મરેખા' અને 'કંટક છાયો પંથ' જેવી અર્ધ આધ્યાત્મિક અને અર્ધવાસ્તવિક નવલકથાઓ આપી છે. ધનસુખલાલ મહેતા અને જયોતીન્દ્ર દવેના સંયુકત સર્જનકર્મનાં ફલ સ્વરૂપે 'અમે બધાં' હાસ્યરસિક નવલકથા મળે છે. સ્નેહરશ્મિની 'અંતરપટ' વિચારપ્રેરક પાત્રપ્રધાન નવલકથા છે. દર્શકની 'દીપનિર્વાણ', 'ઝેર તો પીધાં છે

જાણી જાણી', 'સૉક્રેટીસ', 'કુરુક્ષેત્ર', 'બંધન અને મૂક્તિ' અને 'પ્રેમ અને પૂજા' જેવી નવલકથાઓ એ યશ અપાવ્યો છે.

પન્નાલાલ પટેલ 'વળામણાં', 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ','ભાંગ્યાનાં ભેરુ', 'ઘમ્મર વલોણું', 'પાછલે બારણે', 'ના છૂટકે', 'મનખાવતાર', 'કંકુ', 'ભીરુ સાથી', 'યૌવન' અને 'વાત્રકને કાંઠે' જેવી સામાજિક જાનપદી નવલકથાઓ ગુજરાતી સાહિત્યનાં મહામૂલાં આભરણો છે. પણ પન્નાલાલ પટેલ વિષયવસ્તુની ષ્ટિએ અલગ નવલકથા લઈ આવે છે. પોતાના જીવન પર લખાયેલ ૧૯૮૭માં પ્રગટ થયેલ 'જિંદગી સંજીવીની ભાગ ૧/૭' આત્મકથાત્મક નવલકથા છે. પ્રથમ આત્મકથાત્મક નવલકથા લખવાનું શ્રેય પન્નાલાલને ફાળે જાય છે. તો 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા'(૧૯૮૩) અને 'જેણે જીવી જાણ્યું'(૧૯૮૪). બન્ને નરસિંહ મહેતા અને રવિશંકર મહારાજના જીવન પર લખાયેલ જીવનચરિત્રમૂલક નવલકથાઓ છે.

ઈશ્વર પેટલીકરે 'જનમટીપ', 'ધરતીનો અવતાર', 'કળિ યુગ', 'મારી હૈયા સગડી', 'ભવસાગર', 'તરણા ઓથે ડુંગર', 'યુગનાં એંધાણ', 'લાક્ષાગૃહ' અને 'ઋણાનુબંધ' વગેરે ઉત્તમ નવલકથાઓ આપી છે. 'મારી હૈયાસગડી' જેવી નવલકથા નાયિકાને મુખે કહેવાઈ છે. અંગ્રેજીમાં જેને **Pointofveiw** (દષ્ટિબિંદુ) પધ્ધતિ કહે છે. પણ તેનો અહીં સભાન પ્રયોગ નથી. ચુનીલાલ મડિયાએ 'વ્યાજનો વારસ', 'વેળાવેળાની છાંયડી', 'લીલુડી ધરતી ભાગ૧/૨', 'કુમકુમ અને આશકા', 'પાવક જવાળા', 'શેવાળના શતદલ', 'ઈંધણ ઓછાં પડયાં', 'પ્રીતવછોયાં' અને 'આલાધાધલનું ઝીંઝાવદર' વગેરે હૃદયસ્પર્શી સામાજિક અને પ્રાદેશિક નવલકથાઓ આપી છે. 'ગ્રહાષ્ટક વત્તા એક' હાસ્યકથા અને 'સધરાં જેસંગનો સાળો' કટાક્ષપ્રધાન અનોખી નવલકથાઓ છે. તો બધી જ નવલકથાઓ ઘટનાપ્રધાન છે. સારંગ બારોટે ઉત્તર ગુજરાતના જીવનનો ચિતાર આપતી કેટલીક સ–રસ નવલકથાઓ આપી છે.'નારીનમણું ફૂલ', 'વિલાસવહુ' અને 'એક ડાળનાં પંખી' નોંધપાત્ર કૃતિઓ છે.

આઝાદી પછી મનોવિશ્લેષણવાદ, વાસ્તવવાદ, અતિવાસ્તવવાદ અને અસ્તિત્વવાદ સમાજમાં અને નવલકથામાં પ્રચલિત થયો. પ્રયોગશીલ નવલકથા 'છિન્નપત્ર' ૧૯૬૫માં ડૉ.સુરેશ જોશીની આ પ્રકારની પહેલી રચના છે. ઘટનાનો લોપ, પાત્રમાનસનું

સૂક્ષ્મ આલેખન, ત્રણ પાત્રોનું ભાવજગત, દષ્ટિબિંદુની ટેક્નિકનો પ્રયોગ અને પાસાદાર પારદર્શક મધુર વ્યંજનાયુકત ગદ્યશૈલી વગેરે એની લાક્ષણિકતાઓ છે.૧૯૭૩માં બીજી નવલકથા 'મરણોત્તર' આપી છે. એમાં આત્મલક્ષી શૈલીમાં પાત્રના ભાવવિશ્વનું કથન થયું છે. શિવકુમારે પચીસ જેટલી નવલકથાઓ લખી છે. 'કંચુકીબંધ', અને 'અનંગ રાગ'માં અતિ વાસ્તવિકતા અને અસ્તિત્વવાદનું ઘેરું પ્રતિબિંબ પડયું છે. 'આભ રુવે એની નવલખ ધારે', 'સોનલ છાંય' અને 'કલહંસી' વગેરે નવલકથાઓ વિષયવસ્તુ, માવજત અને ટેક્નિકને લીધે જાણીતી બની છે. ચંદ્રકાન્ત બક્ષીની નવલકથા 'પડઘા ડૂબી ગયા' અને 'રોમા'માં અતિ વાસ્તવવાદ અને અસ્તિત્વવાદની અસર ઝિલાઈ છે. 'એકલતાના કિનારા' અને 'આકાર' ખાસ નોંધપાત્ર ઉત્તમ નવલકથાઓ છે. 'પેરેલિસિસ' અને 'એક અને એક' નવલકથાઓમાં નાટયાત્મક વસ્તુલક્ષિતા ધ્યાનપાત્ર છે. 'પ્રિય નિકી', 'હું કોનાર્ક શાહ' અને 'લીલી નસોમાં પાનખર' એ ધારાવાહી ઢબે લખાયેલી નવલકથાઓ છે.

શ્રીકાન્તશાહ કૃત 'અસ્તી' ઘટના વિહીન કથયિતવ્યવાળી અસ્તિત્વવાદી નવલકથા છે. મધુરાય પાસેથી 'ચહેરા' નાયક વિષાદની અસંબદ્ધ આપકથારૂપે નવલકથા નિરૂપાઈ છે.'કામિની' પોતાની નાટયકૃતિ 'કોઈ એક ફૂલનું નામ બોલો તો' પરથી રચેલી ઘટનાપ્રધાન નવલકથા છે. 'નાટકી' રહસ્યમય કાલ્પનિક નવલકથા છે. 'કિમ્બલ રેવન્સવુડ' ગુજરાતીઓના વિદેશગમનથી આકાર લઈ રહેલી કુટુંબોની પરિસ્થિતિ પર અવલંબિત સાદી કથા છે. 'કલ્પતરુ' કોમ્પ્યુટર સંપર્કમાંથી નિષ્પન થયેલ અને ભૌતિક સુખોમાં આળોટતા મનુષ્યનું વરવું રૂપ દેખાડતી અરૂઢ રચનારીતિ અને ઘટનાઓના ખંડિત ટુકડાં દ્વારા આકાર પામતી કથા છે. જે વિજ્ઞાન કથાનો આભાસ આપી જાય છે.

શ્રી રઘુવીર ચૌધરીની 'પૂર્વરાગ', 'અમૃતા', 'વેણુવત્સલા', 'ઉપરવાસ, સહવાસ ને અંતરવાસ' નવલત્રયી, 'પંચપુરાણ', 'ઈચ્છાવર', 'વચલુંફળિયું', 'મનોરથ', 'પ્રેમ અંશ','અંતર', 'લાવણ્ય', 'જે ઘર નાર સુલક્ષણા' અને 'શ્યામસુહાગી' વગેરે સ–રસ નવલકથાઓ મળે છે. મુકુંદ પરીખ કૃત 'મહાભિનિષ્ક્રમણ' બાહ્યઘટના વગરની અને નાયકના આંતર ચેતનાપ્રવાહનું આત્મકથનરૂપે નિરૂપણ કરતી આગવી નવલકથા છે. રાધેશ્યામ શર્મા તરફથી 'ફેરો' અને 'સ્વપ્ન તીર્થ' નવલકથાઓ મળે છે. કિશોર જાદવ કૃત 'નિશાચક્ર' અને

'રિકતરાગ' નવલકથાઓ મળે છે. જયોતિષ જાનીની 'ચાખડિયે ચડીને ચાલ્યા હસમુખ લાલ'માં કલાપરક સજીવ, વાસ્તવિક અને મધ્યમ વર્ગના પ્રતિનિધિરૂપ કથાનાયકનું ચરિત્રચિત્રણ થયું છે.

મોહમ્મદ માંકડની 'ધુમ્મસ', 'વંચિતા', 'એક છોકરી એક સ્ત્રી', 'મનોરમા' અને 'બંધનગર' વગેરે પરંપરા ઢબની નવલકથાઓ છે. 'બંધનગર' દીર્ઘકાય સાંપ્રત સમાજ અને રાજકીય જીવનને આલેખતી મહત્વકાંક્ષી નવલકથા છે. દિગીશ મહેતાની 'આપણો ઘડીક સંગ' આગવી વિશિષ્ટ નવલકથા છે. ચિનુ મોદી કૃત 'ભાવ–અભાવ', પિનાકીન દવે કૃત 'વિવર્ત' અને 'મોહનિશા' આધુનિક પરંપરાની નવલકથા છે. ધીરુબહેન પટેલે માનસ–શાસ્ત્રીય ઢબે 'વડવાનલ' અને 'આંધળી ગલી' જેવી લઘુનવલ તથા 'વાંસનો આંકુર' અને 'ગગનનાં લગન' આદિ કલાત્મક નવલકથાઓ આપી છે. 'ગગનનાં લગન' હાસ્યકથા છે. ધીરેન્દ્ર મહેતા પાસેથી 'ચિહ્ન' 'વલય', 'અદશ્ય', 'દિશાન્તર', 'આપણે લોકો', 'કાવેરી' અને 'દર્પણલોક' જેવી વ્યકિતલક્ષી નવલકથાઓ મળી છે.

હરીન્દ્ર દવેની 'અગનપંખી', 'માધવ કયાંય નથી', 'સંગ અસંગ', 'લોહીનો લાલ રંગ', 'ગાંધીની કાવડ', 'મુખવટો', 'વસિયત', 'પળનાં પ્રતિબિંબ' અને 'સુખ નામનો પ્રદેશ' વગેરે વિવિધ વિષયની રસપ્રદ નવલકથાઓ છે. 'લોહીનો રંગ લાલ' ૧૮૫૭ના બળવાને સ્પર્શે છે. 'ગાંધીની કાવડ' વિશિષ્ટ રાજકીય કટાક્ષ કરતી ગણનાપાત્ર રચના છે. 'માધવ કયાંય નથી' નારદના ચરિત્રને કેન્દ્રમાં રાખી લખાયેલી કૃષ્ણકથા છે. 'અનાગત' જીવનની ભંગુરતાનું આલેખન કરે છે. ભગવતીકુમાર શર્મા પાસેથી 'સમયદ્વીપ', 'ઊર્ધ્વમૂલ' અને 'અસૂર્યલોક' જેવી નવલકથાઓ મળે છે.

દિનકર જોષીની નવલકથા વિશે વસુબહેન ત્રિવેદીના શબ્દો નોંધે છે કે, ''એક ટુકડો આકાશનો'(૧૯૮૪) અને 'પ્રકાશનો પડછાયો'(૧૯૮૯) આદિ કૃતિઓ મળે છે. બન્ને પન્નાલાલ પટેલની રચનાઓ માફક ચરિત્રાત્મક નવલકથાઓ છે. પહેલી રચના કવિ નર્મદના જીવન પરથી ને બીજી મહાત્મા ગાંધીના મોટા પુત્ર હરિલાલ ગાંધીના ચરિત્ર પરથી લખાયેલી સુવાચ્ય સફળ કૃતિઓ છે. પાત્ર મનનાં સંચલનોનું આછું આલેખન અને સર્જનાત્મક સ્તરે ભાષા યોજવાની સજ્જતાની ઓછપ હોવા છતાં આપણે ત્યાં ખેડાયેલો આ નવો પ્રકાર અહીં ઠીક

સફળતા પામ્યો છે.''[૧૫]

આ ઉપરાંત દિનકર જોષી પાસેથી 'પ્રતિનાયક'(૨૦૦૨), 'અ–મૃત પંથનો યાત્રી'(૨૦૦૩) અને 'પ્રશ્ન પ્રદેશની પેલે પાર'(૨૦૦૮) જીવનચરિત્રમૂલક નવલકથાઓ મળી છે. જે કાયદે આઝમ મહમદઅલી ઝીણા, કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને ગૌતમ બુદ્ધના જીવન પર લખાયેલી નવલકથાઓ છે. વિનેશ અંતાણી પાસેથી વિષય અને અભિવ્યકિતના ભિન્ન પ્રકારની ધ્યાનપાત્ર નવલકથાઓ 'પ્રિયજન', 'પલાશવન', 'બીજું કોઈ નથી', 'અનુરવ', 'રણની વચ્ચે', 'સૂરજની પાર દરિયો' અને 'સર્પદંશ', વગેરે મળે છે. તેની 'કાફલો' પ્રતીકાત્મક નવલકથા છે. ભારતીય સાહિત્ય અકાદમી વિજેતા કુંદનિકા કાપડિયા કૃત 'સાત પગલાં આકાશમાં'માં વિવિધ પ્રકારે સ્ત્રીના થતાં શોષણની સમસ્યાઓ આલેખવામાં આવી છે. મફત ઓઝાએ 'ઘૂઘવતા સાગરનું મૌન', 'સાતમો પુરુષ' અને 'જાતર' નવલકૃતિઓ આપી છે. 'જાતર' સમાજલક્ષી જાનપદી રચના છે. ડૉ.બેચરભાઈ પટેલ ગુજરાતીની સર્વ પ્રથમ સંપૂર્ણ પત્રાત્મક નવલ 'અદિતિ'માં પ્રેમ અને સેકસનાં વિવિધ રૂપ આધુનિક શૈલીમાં દાખવ્યાં છે. 'નહિ દ્વાર, નહિ દીવાલ'માં આધુનિક અધ્યાપિકા અને અધ્યાપકના ચેતનાપ્રવાહની વિલક્ષણ પ્રેમકથા નિમિત્તે કામકથાનું નિરૂપણ થયું છે. દિલીપ રાણપુરા પાસેથી 'આંસુભીનો ઉજાસ', 'મીરાંની રહી મહેંક' અને 'પીઠે પાંગર્યો પીપળો' આદિ કૃતિઓ સાંપડે છે. જેમાં ૧૯૮૫માં 'મીરાંની રહી મહેંક'માં લેખકની પત્ની સવિતાને કેન્દ્રમાં રાખી જીવનકથાત્મક નવલકથા આપી છે.

લેખિકા ઉષા શેઠે પોતાની દીકરી નીતાના ટૂંકા આયુષ્યને આલેખતી સંવેદન કથા 'મૃત્યુ મરી ગયું' ૧૯૭૯માં આપી છે. તો ૧૯૮૦માં વર્ષા અડાલજાએ 'ગાંઠ છુટયાની વેળા' ચુનીલાલ મહારાજના જીવનકાર્યને આલેખતી નવલકથા આપી છે. ઈલા આરબ મહેતા પાસેથી 'વસંત છલકે', 'દરિયાનો માણસ', 'અને મૃત્યુ', 'બત્રીસ પૂતળીની વેદના', 'જાહેર ખબરનો માણસ' અને 'શબને નામ હોતું નથી' આદિ નવલકથાઓ મળે છે. હિમાંશી શેલતે ૨૦૦૧માં ચિત્રલેખિકા અમૃતા શેરગિલ પર 'આઠમો રંગ' જીવનચરિત્રમૂલક નવલકથા આપી છે.

માધવ રામાનુજે ૧૯૯૦માં 'પિંજરની આરપાર' અને ૧૯૯૭માં 'સૂર્યપુરુષ'

જીવનચરિત્રમૂલક નવલકથાઓ આપી છે. જેમાં પશુપક્ષીવિદ્ રૂબિન ડેવિડ અને રાજનેતા ચીમનભાઈ પટેલનું જીવન પર આલેખે છે. તો પ્રસાદ બ્રહ્મભટ્ટે ૨૦૦૩માં 'રાજપુરુષ' નવલકથામાં ચીમનભાઈ પટેલનું જીવન આલેખ્યું છે. જોસેફ મેકવાનની 'આંગળિયાત', 'લક્ષ્મણની અગ્નિ પરીક્ષા' અને 'મારી પરણેતર' વગેરે નવલકથાઓમાં દલિત સમાજના મનુષ્યોની સંવેદના આલેખી છે.

દક્ષા દામોદરાએ ૨૦૦૮માં દલિત સ્ત્રી સાવિત્રીબાઈ ફૂલેના જીવન સંઘર્ષને આલેખતી 'સાવિત્રી' નવલકથા આપી છે. એ જ ગાળામાં વીર સાવરકરના ચરિત્રને કેન્દ્રમાં રાખી 'સિંહપુરુષ' નવલકથા ડૉ.શરદ ઠાકરે આપી છે. શિરીષ પંચાલ કૃત 'વૈદેહી એટલે વૈદેહી'માં કોમી રમખાણની પાર્શ્વભૂમિકામાં પ્રણયકથા આલેખાઈ છે. યોગેન્દ્ર વ્યાસની 'બે કિનારા વચ્ચે', 'કૃષ્ણ જન્મ' જેવી કૃતિઓ પાર્શ્વપ્રકાશ s**flashback**ની શૈલીના પ્રયોગને કારણે ધ્યાનપાત્ર છે. વિષ્ણુ પંડયા કૃત 'મુખ્યમંત્રી' રાજકીય જીવનને કેન્દ્રમાં રાખી લખાયેલી છે. સુભાષશાહની 'અકથ્ય', 'નિર્ભ્રાન્ત', 'વેંત છેટી મહાનતા' અને 'એક પ્રધાનપુત્રની આત્મહત્યા' જેવી લઘુનવલ છે. તેમાં છેલ્લી કૃતિમાં રાજકીય જીવનનું આલેખન છે. યોગેશ જોષી પાસેથી 'સમુડી' અને 'જીવતર' જેવી ચરિત્રલક્ષી લઘુનવલો મળે છે.

આ પ્રકરણમાં અંગ્રેજી અને ભારતીય સાહિત્યની નવલકથાઓનો અછડતો આલેખ આપ્યો છે. જેમાં ભાવ, વિષયવસ્તુ, ઘટકતત્વ અને શૈલીની આધારે નવલકથાઓ સર્જાઈ છે. તેનો ઉલ્લેખ કર્યો છે. જેમાં જીવનચરિત્રમૂલક નવલકથાઓ કયારે અને કઈ ભાષામાં પ્રવેશી છે. તેનો પણ ઉલ્લેખ નોંધ્યો છે.

આમ અંગ્રેજી અને ભારતીય ભાષામાં જીવનચરિત્રમૂલક નવલકથા કયારે પ્રવેશી તે બતાવી, ગુજરાતી સાહિત્યની વિકાસરેખા આલેખી છે. જેમાં નવલકથા વિષયવસ્તુની દષ્ટિએ જુદા જુદા રૂપે વિહરે છે. એમાં જીવનચરિત્રમૂલક નવલકથાનું અંગ્રેજી અને ભારતીય ભાષામાં સ્થાન દર્શાવ્યું છે. આ વિકાસરેખામાંથી જીવનચરિત્ર વિષયક નવલકથાઓ એકઠી કરી સંશોધન કર્યું છે.

આમ ઉપરોકત અંગ્રેજી અને ભારતીય ભાષાની નવલકથાની વિકાસરેખા આલેખતા મને ભાવ, વિષયવસ્તુ, ઘટકતત્વ અને શૈલીની દષ્ટિએ જુદી જુદી નવલકથાઓ મળી

છે. જેમાં ભાવવૈવિધ્યની દષ્ટિએ કુટુંબપ્રેમ, બંધુપ્રેમ, ભગિનીપ્રેમ, વ્યકિતપ્રેમ, દાંપત્યપ્રેમ, વતનપ્રેમ, દેશપ્રેમ, વિશ્વપ્રેમ અને પ્રભુપ્રેમ વગેરે પ્રકારની રચનાઓ મળે છે.

વિષયવૈવિધ્યની દષ્ટિએ ઐતિહાસિક, પૈરારિણક, સામાજિક, ધાર્મિક, રાજકીય, સત્યઘટનાત્મક, વાસ્તવિક, મનોવૈજ્ઞાનિક, જાનપદી, જાસૂસી, પ્રતીકાત્મક, સાહસિક, રહસ્યપ્રધાન,સમસ્યાપ્રધાન, ચિંતનપ્રધાન, દલિતસંવેદન, આત્મચરિત્ર અને જીવનચરિત્રમૂલક વગેરે પ્રકારની નવલકથાઓ મળે છે.

ઘટકતત્વની દષ્ટિએ પાત્રપ્રધાન, ઘટનાપ્રધાન, વાતાવરણપ્રધાન અને શૈલીપ્રધાન કૃતિઓ પ્રાપ્ત થાય છે. અને શૈલીની દષ્ટિએ રૂઢશૈલી, અરૂઢશૈલી, પત્રશૈલી, ડાયરી શૈલી, પ્રત્યક્ષશૈલી અને પરોક્ષશૈલીની રચનાઓ મળે છે.

આમ અંગ્રેજી અને ભારતીય ભાષાની નવલકથાની વિકાસરેખા આલેખતા અનેક પ્રકારે વર્ગીકૃત થયેલી નવલકથાઓ મળી છે. જેમાં વિષયવસ્તુની દષ્ટિએ નવલકથા જુજવારૂપે પ્રગટે છે. જેમાંથી વ્યકિતપ્રેમ અને જીવનચરિત્રમૂલક નવલકથા **(Biographical novel)** મારા અભ્યાસનો વિષય બની છે.

।। સંદર્ભ નોંધ ।।

૧. વિશ્વનવલકથા, સુમન શાહ, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, પ્ર. આ. ૨૦૦૭, પૃ.૧૫.

૨. વિકીપીડિયા વેબસાઈટ, **www.wikpedie.org**

૩. ગૂગલ વેબસાઈટ, **www.google.com**

૪. **Marxian socialism in the united states, Daniel Bell, footnote on page 88.**

૫. ભારતીય નવલકથા, ડૉ.રમણલાલ જોશી, અમદાવાદ, યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, પ્ર.આ.૧૯૭૪, પૃ.૧૭૧.

૬. ભારતીય નવલકથા, ડૉ.રમણલાલ જોશી, અમદાવાદ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, પ્ર.આ.૧૯૭૪, પૃ.૧૭૩.

૭. હિન્દી સાહિત્ય કા ઈતિહાસ, પં.રામચન્દ્ર શુકલ, ઈલાહાબાદ, જય ભારતી પ્રકાશન પ્ર.આ.૨૦૦૫, પૃ.૪૪૬.

૮. હિન્દી સાહિત્ય કા ઈતિહાસ, પં.રામચન્દ્ર શુકલ, ઈલાહાબાદ, જય ભારતી પ્રકાશન પ્ર.આ.૨૦૦૫, પૃ.૪૪૬.

૯. હિન્દી ઉપન્યાસ, ડાં.રામચન્દ્ર તિવારી, વારાણાસી, વિશ્વ વિદ્યાલય પ્રકાશન, ૨૦૦૬, પૃ.૮.

૧૦. હિન્દી ઉપન્યાસ, ડાં.રામચન્દ્ર તિવારી, વારાણાસી, વિશ્વ વિદ્યાલય પ્રકાશન, ૨૦૦૬, પૃ.૩૨.

૧૧. હિન્દી ઉપન્યાસ, ડાં.રામચન્દ્ર તિવારી, વારાણાસી, વિશ્વ વિદ્યાલય પ્રકાશન, ૨૦૦૬, પૃ.૩૩.

૧૨. સાહિત્ય સ્વરૂપો, કુંજવિહારી મહેતા, જયંત પટેલ, સુરત, પૉપ્યુલર પ્રકાશન, તૃ.આ. ૧૯૭૪, પૃ.૬૬.

૧૩. સાહિત્ય સ્વરૂપો, કુંજવિહારી મહેતા, જયંત પટેલ, સુરત, પૉપ્યુલર પ્રકાશન, તૃ.આ,૧૯૭૪, પૃ.૭૨–૭૩.

૧૪. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ડૉ.ધીરૂભાઈ ઠાકર, અમદાવાદ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્ર.આ.૧૯૯૪, પૃ.૧૨૬–૨૭.

૧૫. નવલકથાઃ સ્વરૂપ અને વિકાસ, વસુબહેન ત્રિવેદી, અમદાવાદ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, પ્ર.આ.૧૯૯૬, પૃ.૮૫.

પ્રકરણ—૨

ગુજરાતીમાં જીવનચરિત્રમૂલક

નવલકથાનો

ઉદ્‌ભવ—વિકાસ

।। પ્રકરણ–૨ ।।

।। ગુજરાતીમાં જીવનચરિત્રમૂલક નવલકથાનો ઉદ્‌ભવ–વિકાસ ।।

મનુષ્યે રઝળપાટ ભરી શિકારી જિંદગી છોડી જીવન વ્યવહાર માટે ખેતીવાડી, પશુપાલન અને સ્થાયી વસવાટની જીવનશૈલી કેળવી. આથી અન્ન, વસ્ત્ર અને આવાસની પ્રાથમિક જીવન જરૂરિયાત પૂર્ણ થઈ. ત્યાર પછી એનો કથાકથન અને શ્રવણનો શોખ કેળવાયો. લોકકથા વિદ્વોનું માનવું છે કે, 'આદિમાનવ શિકાર કરવા જંગલમાં ગયો અને જે મુશ્કેલીમાં મૂકાયો ત્યારે એ જીવન સટોસટનો ખેલ ખેલી આવ્યો હતો. એ ઘટના પ્રથમ વાત સ્વરૂપે લોકોમાં વહેતી થઈ. પછી એ વાતમાં ઉમેરણ થતા થતા વાર્તા બની. આમ સંસ્કૃતિના વિકાસની સાથો સાથ આ વાર્તારસ પણ દાદા–દાદીની વાતોથી વિકસતો અને પરિવર્તન પામતો ર ાો. આ પછી હાલરડાં, લોકગીતો અને પ્રસંગગીતોમાં પણ વાર્તા પડેલી જોવા મળે છે. આમ કથાકથન અને શ્રવણની પરંપરાથી સમૃદ્ધ થઈ મનોરંજન ઉપરાંત પ્રેરક અને બોધક કથાઓ ભારતીય સાહિત્યમાં પ્રાચીનકાળથી રચાતી આવી છે.

ભારતીય સાહિત્યની કેટલીક વાર્તાઓ પ્રાચીનકાળમાં કથાનાયક કેન્દ્રી હતી. 'રામાયણ' અને 'મહાભારત' જેવા મહાકાવ્યમાં રામ અને કૃષ્ણનું મહિમાગાન કરવામાં આવ્યું હતું. પુરાણમાં પ્રહ્‌લાદ અને સુધન્વા જેવી વ્યકિતવિશેષોની કથાઓ મળે છે. સંસ્કૃત સાહિત્યમાં બાણભ નું 'હર્ષચરિત્' અને 'કાદંબરી', દંડીનું 'દશકુમાર ચરિત', સુબન્ધુની 'વાસવદત્તા' અને ધનપાલની 'તિલકમંજરી' તથા 'હિતોપદેશ'ની કથાઓ મળે છે. આ ઉપરાંત 'પંચતંત્ર', 'કથાસરિત સાગર', 'બૃહત્‌કથા' અને 'બત્રીસ પુતળીની વાર્તા'માં તત્કાલીન યુગના મહાન રાજાઓનો મહિમા કરવામા આવ્યો હતો.

બૌદ્ધકાળમાં જાતકકથાઓ દ્વારા વાર્તાસાહિત્ય ખૂબ જ સમૃદ્ધ થયું હતું. પ્રાકૃત સાહિત્યમાં 'તરંગલોલા', 'વિલાસવઈ' અને 'કુવલયમાલા' વગેરે વાર્તાગ્રંથો મળે છે. મધ્યકાલીન સાહિત્યમાં માણિકયસૂરિકૃત 'પૃથ્વીચંદ્રચરિત્' મનોહર ગદ્યમાં લખાયેલી કથા છે.

'રણમલ્લ છંદ' અને 'કાન્હડદે પ્રબંધ' જેવી કૃતિઓમાં શોર્યવંતા રાજવીઓની ગાથા ગાવામાં આવી હતી.અઢારમાં સૈકામાં શામળે રચેલી પદ્યવાર્તાઓએ શ્રોતાઓમાં પ્રબળ આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત દેવકથાઓ, કલ્પિતવાર્તા, દંતકથા, લોકવાર્તાઓ, આડકથાઓ, પવાડા આખ્યાનો, પ્રશસ્તિ, અને પ્રબંધોનો આપણે ત્યાં ભર્યો ભંડાર છે.

અર્વાચીનકાળમાં તીર્થંકરોનાં ચરિત્રો, આત્મચરિત્રો અને જીવનચરિત્રોમાં નાયક કે મુખ્યપાત્રનાં જીવનકાર્યનું નિરૂપણ થતું હોય છે. છેક પ્રાચીનકાળથી આપણે ત્યાં વાર્તાઓ રચાતી આવી છે. આ વાર્તાઓમાં કથાનાયક કે મુખ્યપાત્ર મહત્ત્વનું હોય છે. વાર્તા સર્જક કે કથક આ મુખ્યપાત્રને કેન્દ્રમાં રાખી એનું હેતુકથન મૂકતો હોય છે. આમ વાર્તા મુખ્યપાત્રના જીવનને પ્રગટ કરવાનું કાર્ય કરે છે. આથી વાર્તા ગૌણ બની જાય છે. અને ભાવકને માત્ર મુખ્યપાત્ર કે કથાનાયક જ યાદ રહી જાય છે.

આપણી પ્રાચીન વાર્તાઓ પહેલા તબકકામાં દેવદેવીની દુનિયામાં રાચતી હતી. બીજા તબક્કામાં શૂરવીરોના ગીતો ગાતી હતી. ત્રીજા તબક્કામાં રાજા અને રાણીની આસપાસ ઘૂમતી હતી. ચોથા તબક્કામાં માનવની દુનિયામાં વિહાર કરે છે અને પાંચમાં તબક્કામાં 'વ્યકિતવિશેષ'ની આસપાસ વાર્તા ફરે છે. આ બધું વિપુલ વાર્તાસાહિત્ય આપણી પાસે હોવા છતાં આપણે એને 'નવલકથા' નામ આપતા નથી. આથી આપણી પ્રાચીન કથામાંથી નવલકથા વિકસી એમ નહીં કહી શકાય. આ વાતથી સાહિત્યના સૌ અભ્યાસીઓ સુપરિચિત છે. વાર્તાથી નવલકથા અલગ જ સ્વરૂપ છે.

પાશ્ચાત્ય સંસ્કૃતિના સંપર્કને કારણે સમગ્ર ગુજરાતમાં નવા વિચારો, નવી ભાવનાઓ અને નવા દષ્ટિબિંદુનો ઉદય થયો છે. પારલૌકિક જીવનમાં રત રહેલી પ્રજા હવે ઐહિક જીવનમાં કેળવાવા લાગે છે. આથી ભૌતિક બાબતો અને વ્યકિતના જીવનમાં રસ વધે છે. ધર્મના સ્થાને માનવ કેન્દ્રમાં આવે છે. આ વ્યકિતવિશેષના રસમાંથી 'જીવનચરિત્રમૂલક નવલકથા'નો પ્રાદુર્ભાવ પાશ્ચાત્ય સાહિત્યના સંપર્કના પરિણામે થયો છે.

જીવનચરિત્ર અને નવલકથા સુભગ સમન્વયથી જે સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું છે. એમાં વિવિધ ક્ષેત્રોનાં પ્રસિદ્ધ કે મહાન વ્યકિતઓની જીવનકથાને નવલકથાના રસપ્રદ માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવે છે. આવી રચનાઓ કથારસની સાથે વ્યકિતચરિત્રના ઉદ્દાત

ગુણોને ભાવકના ચિત્તમાં ઉજાગર કરી જાય છે. કાવ્ય પ્રયોજનનો ગુણ 'કાન્તા સમિતતયોપદેશ યુજે'ને સિ કરી જાય છે.

સાહિત્યનો જીવન સાથે નાભિ સંબંધ છે. વાસ્તવમાં સાહિત્ય એ જીવનનું પ્રતિબિંબ છે. જીવનમાં જોયેલું, અનુભવેલું અને મેળવેલ સાહિત્યનું માર્મિક આલેખન કરવામાં આવે છે. ભાષાના વાહન દ્વારા સાહિત્યમાં વ્યકિતવિશેષના જીવનનું આવિષ્કરણ થાય છે. આ આવિષ્કરણ સાહિત્યનાં જુદા જુદા સ્વરૂપોમાં થાય છે. કાવ્ય, નાટક, નવલકથા, નવલિકા, નિબંધ, આત્મચરિત્ર અને જીવનચરિત્ર વગેરે સ્વરૂપોમાં પ્રગટે છે. આ આવિષ્કરણને પ્રેરનારી મુખ્ય રસવૃત્તિઓ આ પ્રમાણે છે.

૧. આત્માવિષ્કારની રસવૃત્તિ, ૨. માનવજાત અને માનવપ્રવૃત્તિની આંતર રસવૃત્તિ, ૩. વાસ્તવ જગત અને કલ્પના જગત વચ્ચેની રસવૃત્તિ, ૪. આકારસૌષ્ઠવ તથા રૂપસૌન્દર્ય અંગેની રસવૃત્તિ.

માણસ પોતાના વિશે વિચારે કે અનુભવે છે એને અન્ય આગળ રજૂ કરવાની પ્રબળ મહેચ્છા થતી હોય છે, એવી રસવૃત્તિમાંથી આત્મલક્ષી સાહિત્ય સર્જાતું હોય છે. આ આત્માવિષ્કારની રસવૃત્તમાંથી આત્મચરિત્ર અને આત્મચરિત્રમૂલક નવલકથા જન્મે છે.

માનવજાત અને માનવપ્રવૃત્તિને જોવા અને સમજવાની જેને પ્રબળ મહેચ્છા થતી હોય છે, એવી રસવૃત્તિમાંથી પરલક્ષી સાહિત્ય જન્મે છે. આમ માનવ પ્રવૃત્તિની આંતરબાહ્ય રસવૃત્તિમાંથી જીવનચરિત્ર અને જીવનચરિત્રમૂલક નવલકથાનો પ્રાદુર્ભાવ થયો છે.

આમ આત્મલક્ષી અને પરલક્ષી સાહિત્યમાંથી આત્મચરિત્રમૂલક નવલકથા અને જીવનચરિત્રમૂલક નવલકથા જન્મી છે. આથી ચરિત્રસાહિત્ય અને ચરિત્રાત્મક નવલકથાનાં બે પ્રકાર પાડી શકાય.

૧. આત્મચરિત્ર અને આત્મચરિત્રમૂલક નવલકથા

૨. જીવનચરિત્ર અને જીવનચરિત્રમૂલક નવલકથા

આમ પરલક્ષી સાહિત્યમાંથી 'જીવનચરિત્ર'નો ઉદ્ભવ થયો છે. જીવનચરિત્ર આધારિત નવલકથા એટલે 'જીવનચરિત્રમૂલક નવલકથા'. આમ નવલકથા, લલિત સાહિત્ય સ્વરૂપ છે. અને જીવનચરિત્ર, લલિતેતર સાહિત્ય સ્વરૂપ છે. આ બન્નેના સમન્વયથી

જીવનચરિત્રમૂલક નવલકથા ઉદ્દ્ભવી છે. આથી મારા શોધકાર્યમાં 'જીવનચરિત્રમૂલક નવલકથાઓ'ને કેન્દ્રમાં રાખી અભ્યાસ કર્યો છે.

આજનું સૌથી વધુ લોકપ્રિય સ્વરૂપ નવલકથા છે. દોઢ સો વર્ષના આરે આવેલી નવલકથાઓએ ઐતિહાસિકથી ચરિત્રાત્મક નવલકથા સુધીમાં નવા લાક્ષણિક રૂપો પ્રકટાવ્યાં છે. એમાં જીવનચરિત્રાત્મક નવલકથા વિશિષ્ટ પ્રકારનું પ્રતિષ્ઠિત સ્થાન ધરાવે છે. પ્રસિદ્ધ કે વ્યકિતવિશેષનાં જીવનનો ભૂતકાળ ભૂલવાનું લોકો માટે સહેલું નથી. આપણને ભૂતકાળ સાથેનો સંબંધ જાળવી રાખવામાં રસ છે. આવી કોઈ પ્રેરણા જીવનચરિત્રમૂલક નવલકથાના પ્રાદુર્ભાવ અને સાતત્ય પાછળ કામ કરી રહીં છે. આપણે ત્યાં ખ્યાતનામ કે પ્રસિદ્ધ વ્યકિતનો ભૂતકાળ તથા ઈતિહાસ વિશાળ સમય પટ પર પથરાયેલો છે. એટલે જીવનચરિત્રમૂલક નવલકથાને સામગ્રીની દષ્ટિએ બહોળો અવકાશ પ્રાપ્ત થાય છે. એટલે જીવનચરિત્રમૂલક નવલકથાના ઉદ્દ્ભવ માટે આ પ્રેરક વ્યકિતવિશેષો મહત્ત્યવના બની રહે છે.

સાહિત્ય જીવનની ગંગોત્રી છે. સાહિત્યનું પ્રભવસ્થાન જીવન અને સમાજ છે. સાહિત્ય સેવનનું ફળ જીવનનો આનંદ, સંસ્કારિતા અને કૃતાર્થતામાં જ છે. આ સાહિત્ય જીવનની કેળવણી છે. સાહિત્યના સંસ્કારો માણસને જીવન જીવવાનું ભાથું પૂરું પાડે છે. તપ, ત્યાગ, દયા, દ્યુતિ, ક્ષમા, સત્ય, કરુણા અને તિતિક્ષા વગેરેના આદર્શો માત્ર વડીલો, ગુરુજનો કે સંતો પાસેથી જ મળે છે એવું નથી. પણ કેટલીક વખત ઉત્તમ સાહિત્યકૃતિ માનવજીવન મૂલ્યો પ્રસ્થાપિત કરવાનું કાર્ય કરે છે. મેથ્યુ આર્નોલ્ડે કહ્યું છે તેમ, 'માનવજાત સમય જતાં સાહિત્યમાં વધુ ને વધુ શ્રદ્ધા રાખતી થશે, કારણ કે વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના પૃથ્થકરણાત્મક જ્ઞાન કરતાં સાહિત્યનું સંયોજનાત્મક જ્ઞાન વધારે સચોટ અને મર્મસ્પર્શી બને છે.' સાહિત્ય એ જીવનની સમીક્ષા નથી, પણ સ્વયં જીવન છે.

સાહિત્ય યુગપરિબળનું પરિણામ છે. પ્રત્યેક સાહિત્ય સર્જક જે તે જમાનાની ભોંયનું સંતાન હોય છે. પોતે જે સમાજમાં જીવે છે એ સમાજના પડઘા અને પડછાયા તેના સાહિત્યમાં ડોકાય છે. સાહિત્યને સમાજનું પ્રતિબિંબ માનવામાં આવે છે. સાહિત્યમાં જુદા જુદા પ્રવાહો કે વાદો આવે છે તેનું કારણ પણ તત્કાલીન સામાજિક સ્થિતિ જવાબદાર હોવાનું જણાય છે. સમાજની સ્વાતં   ઝંખના, આર્થિક સંકડામણ, અસમાનતા, ઔદ્યોગિક ક્રાંતિ, શહેરીકરણ,

વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ તથા માનવ મનના સંચલનોના પરિવર્તનથી સાહિત્યની રૂખ બદલાયેલી જોવા મળે છે.

કોઈ પણ સર્જક પોતાના સર્જનથી અલિપ્ત રહી શકતો નથી. ઘણી વખત પોતાના સર્જન દ્વારા પોતાની જાતને જ પ્રગટ કરવા મથતો હોય છે. નવલકથાનો નાયક અથવા કોઈ પાત્ર સર્જકનું જ પ્રતિબિંબ હોય છે. એ પાત્ર દ્વારા સર્જક પોતાની વૈયકિતતાનો પ્રતિઘોષ પાડતો હોય છે. પોતાની કૃતિ કે કથાના ચાલકપાત્ર દ્વારા અનાયાસ વ્યકિત ઘડતરનું કામ કરતો જતો હોય છે. પોતાના અનુભવ અને ભાવોની અભિવ્યકિત કરે છે. આખરે પોતાના ભીતરના વ્યકિતત્વને પ્રગટ કરે છે.

સાહિત્યની ઉપર્યુકત બાબતો જીવનચરિત્રમૂલક નવલકથાઓમાં ઘૂંટાતી હોય એમ જણાય છે. જીવનચરિત્રમૂલક નવલકથાકાર એક વ્યકિતનું સમગ્ર જીવન કે મોટા ભાગનું જીવન નવા અર્થઘટનો સાથે રસકીય રીતે આલેખે છે. આમ વ્યકિતમાંના રસે જીવનકથા પરક નવલકથા નિર્માણને વેગ આપ્યો. માણસ મૂળભૂત રીતે સામાજિક પ્રાણી છે.એટલે એક વ્યકિતને બીજી વ્યકિતમાં રસ પડતો હોય છે. જે વ્યકિતએ જીવનમાં ધર્મક્ષેત્રે, વિજ્ઞાનક્ષેત્રે, ઉદ્યોગક્ષેત્રે, સાહિત્ય ક્ષેત્રે, રાજકીયક્ષેત્રે, કલાક્ષેત્રે અને સામાજિકક્ષેત્રે નવું પ્રદાન કરી, દિશા અને પ્રેરણા આપી ઈતિહાસની કરવટ બદલી છે. એવા વિશિષ્ટ વ્યકિત તરફ અન્ય વ્યકિતઓને વિશેષ લગાવ હોય છે. તેમના વિશે જાણવાની જિજ્ઞાસા હોય છે.આપણામાં પડેલ 'વિભૂતિપૂજન' **(heroworship)** ની વૃત્તિ પણ મહત્ત્વનું પ્રેરકબળ બને છે. આજે વીરપૂજાને ઠેકાણે માનવતા પૂજાવાં લાગી, અદ્‌ભુત રસને ઠેકાણે જીવનરસ જાગ્યો અને સામાન્ય વ્યકિત નવલકથામાં સ્થાન પામવા લાગી. આવી વ્યકિતઓ સમાજમાં કશુંક અનોખું કરી આગવી પ્રતિભા જન્માવે છે. કોઈ વિશિષ્ટ, લોકોત્તર કે પ્રસિદ્ધ વ્યકિતનું જીવન ઘડતર કેવી રીતે થયું? એ ઉચ્ચ સ્થાને કેવી રીતે પહોંચી? એનો જન્મ, ઉછેર, ઘડતર, સ્વભાવ, સંઘર્ષ, સિદ્ધિઓ અને મર્યાદાઓ વિશે જાણવાનું સ્વાભાવિક કુતૂહલ જન્મે છે. આ કુતૂહલ વૃત્તિમાંથી જીવનચરિત્રમૂલક નવલકથા જન્મી છે.

તદ્‌ઉપરાંત ચરિત્રનાયક કે નાયિકાનું જીવન લોકોને પ્રેરણાદાયી માર્ગદર્શક અને સંસ્કાર ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપનાર બની રહે, એવી શ્રદ્ધાથી લેખક જીવનકથામૂલક નવલકથા લખવા પ્રેરિત બને છે.આપણે ત્યાં શિલાલેખ, ખાંભી, પાળિયા, કીર્તિસ્થંભ,

વ્યક્તિવિશેષના તૈલચિત્રો, શિલ્પ અને પ્રતિમા વગેરે વીરપૂજાની વૃત્તિની જ નીપજ છે. જન્મદિન, નિર્વાણદિન, વનપ્રવેશ, ષષ્ટિપૂર્તિ અને શતાબ્દી વગેરેની ઊજવણી પણ શ્રેષ્ઠ વ્યક્તિચિત્રોને અભિવ્યકત કરવાનો હેતુ પોષે છે. મધ્યકાળમાં ‘રણમલ્લ છંદ’, ‘કાન્હડદે પ્રબંધ’ અને ‘વિમલપ્રબંધ’ જેવી રચનાઓ પણ વિશિષ્ટ વ્યકિતની પ્રશસ્તિ છે.

અર્વાચીનકાળમાં વ્યકિત જીવન સૌથી વિશેષઃ આકર્ષણનું કેન્દ્રબિન્દુ બને છે. બુદ્ધ, ભકતકવિ જયદેવ, નરસિંહ મહેતા, મીરાં, ગાંધીજીના મોટા પુત્ર હરિલાલ, પશુપક્ષીવિદ્ રૂબિન ડેવિડ, રવિશંકર મહારજ, ચુનીલાલ મહારાજ, સુભાષચંદ્ર બોઝ, ભગતસિંહ, વીર સાવરકર, ચિત્રકાર વાન ગોગ, અમૃતા શેરગિલ, નર્મદ, રવીન્દ્રનાથ ટાગોર, ચીમનભાઈ પટેલ અને મહમદ અલી ઝીણા અને જોતીબા ફૂલેના ધર્મપત્ની સાવિત્રીબાઈ ફૂલે વગેરેનું બાળપણ, યુવાની અને વાર્ધકય કેવા વીતેલા, કઈ રીતે સિદ્ધિઓ પ્રાપ્ત કરી, કેવી કેવી મુશ્કેલીનો સામનો કર્યો, અને કેવી લાક્ષણિક ટેવો હતી. એ બધું જાણવાની જિજ્ઞાસા સ્વાભાવિક રીતે જ માણસને થાય છે. એવી કુતૂહલ વૃત્તિમાંથી અને પાશ્ચાત્ય સંપર્કથી જીવનચરિત્રમૂલક નવલકથાઓ જન્મી હોવાનું સ્વીકારી શકાય.

અંગ્રેજી સાહિત્યની નવલકથામાં વ્યકિતવિશેષનાં જીવનને આલેખતી જીવનચરિત્રમૂલક નવલકથા આપવાનો પ્રથમ યશ **Irving Stone**ને ફાળે જાય છે. **Irving Stone**ને ચિત્રકાર વાન ગૉગના જીવન પર ૧૯૩૪માં પ્રથમ **Biographical novel** ‘લસ્ટ ફોર લાઈફ’ આપી છે. જેને જીવનચરિત્રમૂલક વિષયવસ્તુની દષ્ટિએ અંગ્રેજી નવલકથા સાહિત્યની પ્રથમ જીવનચરિત્રમૂલક નવલકથા ગણી શકાય છે. ત્યાર બાદ જેક લંડનના જીવન પર ૧૯૩૮માં‘સેઈલર ઓન હોર્સબેક’ નામની બીજી જીવનચરિત્રમૂલક નવલકથા મળે છે. જેસી બેન્ટન ફ્રેમોન્ટના જીવન પર ૧૯૪૪માં ‘ધ ઈમ્મોરટલ વાઈફ’, જહોન નોબલના જીવન પર ૧૯૪૯માં ‘ધ પેશનેઈટ જર્ની’, માઈકલ એન્જેલો જીવન પર ૧૯૬૧માં ‘ધ એગની એન્ડ એક્સ્ટસી’, સિગમંડ ફ્રોઈડનાં જીવન પર ૧૯૭૧માં ‘પેશન્સ ઓફ ધ માઈન્ડ’, મેરી ટોડ લિન્કનના જીવન પર ‘લવ ઈઝ ઈટર્નલ’, યુર્જન વી. ડેબ્સના જીવન પર ‘એડવર્સરી ઈન ધ હાઉસ’, રાશેલ જેકસનનાં જીવન પર ‘ધ પ્રેસીડન્ટ્સ લેડી’ અને ચાર્લસ ડાર્વિનના જીવન પર ૧૯૮૦માં ‘ધ ઓરિજન’ જેવી જીવનચરિત્રમૂલક નવલકથાઓ લખી છે. અંગ્રેજી ભાષાની

જીવનચરિત્રમૂલક નવલકથાઓ અંગ્રેજોની વ્યકિતવાદી માનસસૃષ્ટિની નીપજ છે. આથી તેઓ વ્યકિત જીવનના વિશિષ્ટ ગુણોને બિરદાવે છે. આમ છતાં અન્ય નવલકથા પ્રકારોની સરખામણીમાં આ સંખ્યા ખૂબ ઘણી નાની છે.

હિન્દી સાહિત્યમાં રાંગેય રાઘવે વિપુલ પ્રમાણમાં જીવની પરક ઉપન્યાસ આપ્યાં છે. જેમની પાસેથી મિશ્ર અને શુદ્ધ પ્રકારના જીવની પરક ઉપન્યાસો મળે છે. દ્રોણના જીવન પર ૧૯૫૨માં ‘પ્રતિદાન’ એ પ્રથમ હિન્દી જીવનચરિત્રમૂલક ઉપન્યાસ મળે છે. તે પછી કૃષ્ણના જીવન પર ૧૯૫૪માં ‘દેવકી કા બેટા’ અને ભગવાન બુદ્ધના જીવન પર ૧૯૫૪માં ‘યશોધરા જીત ગઈ’ જેવી મિશ્ર પ્રકારના જીવની પરક ઉપન્યાસ મળે છે. શુદ્ધ જીવની પરક ઉપન્યાસ તુલસીદાસના જીવન પર આધારિત ૧૯૫૪માં ‘રત્ના કી બાત’, નામે પ્રગટ થાય છે. આ પછી ગોરખનાથના જીવન પર ૧૯૫૮માં ‘ધૂની ઔર ધૂઁઆ’, નામે ઉપન્યાસ મળે છે એમાં ગોરખ અને તેના ગુરુ મત્સ્યન્દ્રનાથની જીવની સાથે ઘણાં નિર્દેશો પ્રગટ થયા છે. મહારાણા પ્રતાપના જીવન પર ૧૯૬૧માં ‘આઁધી કી નીંવે’ નવલકથા મળે છે.

અમૃતલાલ નાગર ૧૯૭૨માં તુલસીદાસના જીવન પર ‘માનસ કા હંસ’ અને ૧૯૮૯માં સુરદાસના જીવન પર ‘ખંજન નયન’ જીવની પરક ઉપન્યાસો આપે છે. આ બન્ને નવલકથાઓ લોકપ્રિય બની છે. સુભાંગી ભડભડએ ડૉ.હેડગેવારના જીવન પર ‘પારસમણિ’ જીવનચરિત્રમૂલક નવલકથા લખી છે. શ્યામસુંદર ભટ્ટે મહારાણા પ્રતાપના જીવન પર ‘ચેતક ઘોડે કા સવાર’ અને મહારાણા અમરસિંહના જીવન પર ‘મેવાડ કા સૂર્યપુત્ર’ નવલકથાઓ આપી છે. રામશંકર અગ્નિહોત્રીએ ડૉ.આંબેડકરના જીવન પર ‘નયા મસીહા’, વૃન્દાવનલાલ શર્માએ લક્ષ્મી બાઈના જીવન પર ‘ઝાંસી કી રાની’ અને મનમોહન સહગલે ગુરુ ગોવિંદ સિંહના જીવન પર ‘ગુરુ લાધો રે’ નવલકથાઓ લખી છે. ભા.દ.ખેર અને શૈલજા રાજે વીર સાવરકરના જીવન પર ‘યજ્ઞ’ જીવનચરિત્રમૂલક નવલકથા આપી છે.

મરાઠી સાહિત્યમાં સુભાષચંદ્ર બોઝના જીવન આધારિત વિશ્વાસ પાટીલની ‘મહાનાયક’ અને ભકિતસિંહના જીવન પર મૃણાણિની જોશીની ‘ઈન્કિલાબ’ જીવનચરિત્રમૂલક નવલકથાઓ મળે છે. જે આઝાદીની લડત, રાષ્ટ્રીયભાવના અને એ સમયના ઈતિહાસને પ્રગટ કરે છે. આ બન્ને નવલકથાઓનો ગુજરાતી ભાષામાં અનુવાદ થયો છે. એ તેની લોકપ્રિયતા

દર્શાવે છે.

વિશિષ્ટક્ષેત્રે પ્રસ્થાન અને પ્રદાન કરનારનાં જીવનની સામગ્રી એકત્રિત કરીને લખાયેલ ગુજરાતી જીવનચરિત્રમૂલક નવલકથાઓમાં ભકિત કે ધર્મક્ષેત્રે કવિ જયદેવ, મીરાં બાઈ, નરસિંહ મહેતા અને ગૌતમ બુદ્ધનું સ્થાન અચળ છે. સામાજિકક્ષેત્રે ચુનીલાલ મહારાજ, રવિશંકર મહારાજ અને સાવિત્રીબાઈ ફૂલેનું વિશિષ્ટ પ્રદાન છે. સાહિત્યક્ષેત્રે નર્મદ અને રવીન્દ્રનાથ ટાગોરનું આગવું સ્થાન છે. ક્રાંતિકારીક્ષેત્રે વીર સાવરકર. પશુપક્ષીવિદ્ રૂબિન ડેવિડ અને ચિત્રકાર અમૃતા શેરગિલની વિશિષ્ટતાઓ જોવા મળે છે. રાજકીયક્ષેત્રે ચીમનભાઈ પટેલ અને મહમદઅલી ઝીણાનું પ્રદાન નોંધપાત્ર છે. કૌટુંબિક કે સ્વજન વ્યકિત તરીકે સવિતા રાણપુરા અને નીતા શેઠની સંવેદના પ્રગટી છે. તો ગાંધીજીના જયેષ્ઠ પુત્ર હરિલાલની નવલકથા રાષ્ટ્રપિતા ગાંધીજીના કારણે સ્થાન પામી છે. આમ વિશેષતા કે વિશિષ્ટતા પ્રદાન કરનાર વ્યકિતનાં જીવન પર લખાયેલ જીવનચરિત્રમૂલક ગુજરાતી નવલકથાઓ નવો માર્ગ કંડારી આપે છે.

ગુજરાતી નવલકથા સ્વરૂપમાં ઐતિહાસિક, સામાજિક, પૌરાણિક, પ્રાદેશિક, મનોવૈજ્ઞાનિક, વૈજ્ઞાનિક, દરિયાઈ, પ્રતીકાત્મક, રહસ્યપ્રધાન, આત્મચરિત્રાત્મક અને જીવન–ચરિત્રાત્મક જેવી વિષયવસ્તુ કે સામગ્રી લઈ નવલકથાઓ રચાઈ છે.

ચૌદ દાયકા પહેલાં શિક્ષણ ખાતાના અધિકારી રસેલ સાહેબે નંદશંકર તુળજા શંકર મહેતાને થોડીક અંગ્રેજી નવલકથાઓ વાંચવા આપી કહ્યું, ‘સર વૉલ્ટર સ્કોટે અંગ્રેજીમાં નવલકથાઓ લખી છે, એવી કંઈક નવલકથા ગુજરાતીમાં લખો.’ આથી નંદશંકરે ૧૮૬૬માં વાઘેલા વંશના છેલ્લાં રજપૂત રાજા કરણસિંહના જીવન પર આધારિત ગુજરાતી સાહિત્યની પ્રથમ ઐતિહાસિક વિષયવસ્તુ ધરાવતી નવલકથા આલેખી છે. આમ ગુજરાતી સાહિત્યમાં નવલકથા સ્વરૂપનું અવતરણ એક અંગ્રેજની પ્રેરણાથી થયું. એ પછી ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ લખાતી ગઈ. પરંતુ નવલકથાનું સુશ્લિષ્ટ સ્વરૂપ સિદ્ધ થતું નહોતું. પણ ૧૮૮૭માં ગુજરાતી સાહિત્યની સૌપ્રથમ સુશ્લિષ્ટ નવલકથા ‘સરસ્વતીચંદ્ર’ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ પ્રગટ કરી અને ઈતિહાસ સર્જાઈ ગયો. સામાજીક અને સાંસ્કૃતિક વિષયવસ્તુ ધરાવતી ‘સરસ્વતીચંદ્ર’ સાર્વત્રિક જન સમાજને કલાત્મક રીતે શબ્દસ્થ કરતી પ્રથમ

સ્વતંત્ર અને શિષ્ટ નવલકથા છે. ઐતિહાસિક, સામાજિક, પૌરાણિક અને સાંસ્કૃતિક નવલકથા સાથે ઓગણીસમી સદીમાં રમણભાઈ નીલકંઠ 'ભદ્રંભદ્ર' પ્રથમ હાસ્ય નવલકથા લઈ આવે છે. પણ ગાંધીજીએ સાહિત્ય વિશેની વિભાવનામાં વાવાઝોડું સર્જ્યું. તેમણે કહ્યું કે, 'કોસિયો પણ સમજી શકે એવી ભાષા અને વસ્તુ હોવા જોઈએ.' આથી 'ધરતીના છોરું' નવલકથાનાં પાત્રો બન્યાં. નવલકથાનું વસ્તુ ગામડામાં આકાર પામવા લાગ્યું. એ જમાનામાં 'યુગમૂર્તિ વાર્તાકાર' રમણલાલ દેસાઈ જેવા અનેક સમર્થ સાહિત્યકારોએ ગાંધીયુગને સાહિત્યમાં જીવંત કર્યો. પન્નાલાલ પટેલે 'માનવીની ભવાઈ' જાનપદી નવલકથા સર્જી. આ પછી જાનપદી નવલકથાનો ઈતિહાસ સર્જાયો.

આમ ઉપરોક્ત નવલકથાઓ વિષયવસ્તુની દષ્ટિએ ઐતિહાસિક, સામાજિક, પૌરાણિક, હાસ્ય અને જાનપદી છે. આ નવલકથાઓના સર્જન પછી ગુજરાતી નવલકથા અનેક વિષયવસ્તુમાં વિહરે છે. સત્યઘટનાત્મક, દસ્તાવેજી, પ્રતીક, રહસ્ય, મનોવૈજ્ઞાનિક, દરિયાઈ, દલિત સંવેદન, આત્મચરિત્રમૂલક અને જીવનચરિત્રમૂલક વિષયવસ્તુવાળી નવલકથાઓ સર્જાય છે. જેમાં જીવનચરિત્રમૂલક નવલકથાઓ ગુજરાતી સાહિત્યમાં વણખેડાયેલી હતી. પણ તેનો યશ જયભિખ્ખુને ફાળે જાય છે. તેમણે 'ગીતગોવિંદ'ના રચિયતા કવિ જયદેવના જીવન પર 'પ્રેમ ભકત કવિ જયદેવ' નવલકથા ૧૯૪૫માં આપી. જે ગુજરાતી સાહિત્યની વિષયવસ્તુની દષ્ટિએ પ્રથમ જીવનચરિત્રમૂલક નવલકથા છે. અહીંથી ગુજરાતી સાહિત્યની જીવનચરિત્રમૂલક નવલકથાની વિકાસરેખા આરંભાય છે.

ગુજરાતી નવલકથા સાહિત્યમાં જીવનચરિત્રમૂલક નવલકથાનો બીજો પ્રયત્ન રમણલાલ વસંતરાય દેસાઈની ૧૯૫૨માં 'બાલાજોગણ'થી થયો છે. રમણલાલ દેસાઈએ જે જીવનચરિત્રમૂલક નવલકથાનો પાયો નાંખ્યો હતો તેને કળારૂપ સંમાર્જન–સંવર્ધન કરી 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા'(૧૯૮૩) અને 'જેણે જીવી જાણ્યું'(૧૯૮૪) નવલકથાઓ પન્નાલાલ પટેલે આપી છે. જેમાં નરસિંહ મહેતા અને રવિશંકર મહારાજનાં જીવનચરિત્રને લગતી જીવનચરિત્રમૂલક નવલકથાઓ છે. અને અંતે ૨૦૦૮માં ડૉ.શરદ ઠાકરે 'સિંહપુરુષ', દક્ષા દામોદરાએ 'સાવિત્રી' અને દિનકર જોષીએ 'પ્રશ્ન પ્રદેશને પેલે પાર' જીવનચરિત્રમૂલક

નવલકથાઓ આપી છે. આમ ૨૦૦૮ સુધીમાં ઓગણીસ જીવનચરિત્રમૂલક નવલકથાઓ મળી આવી છે. આ સંશોધિત જીવનચરિત્રમૂલક નવલકથાઓ અહીં સાલવારી મુજબ મૂકી આપી છે.

૧. 'પ્રેમભકત કવિ જયદેવ', જયભિખ્ખુ, (કવિ જયદેવ), અમદાવાદ, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ૧૯૪૫, ચતુર્થ આ. ૨૦૦૮, પૃ.૧૬ ૨૩૨.
૨. 'બાલાજોગણ', રમણલાલ વ. દેસાઈ, (મીરાં), અમદાવાદ, આર. આર.શેઠની કંપની, ૧૯૫૨, ૫૬, ૬૨, ૬૮, ૭૪, ૮૧, ૯૨, પૃ.૩૦૩.
૩. 'મૃત્યુ મરી ગયું', ઉષા શેઠ, (નીતા), અમદાવાદ, આર.આર.શેઠની કંપની, ૧૯૭૯, ૮૦, ૮૧, ૮૪, ૮૭, ૯૪, ૦૨, પૃ.૧૭૦.
૪. 'ગાંઠ છુટયાની વેળા', વર્ષા અડાલજા, (ચુનીલાલ મહારાજ), અમદાવાદ, આર. આર. શેઠની કંપની, ૧૯૮૦, ૮૨, ૮૫, ૯૪, ૨૦૦૭, પૃ.૧૯૨.
૫. 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા', પન્નાલાલ પટેલ, (નરસિંહ મહેતા), અમદાવાદ, સાધના, પ્રકાશન, ૧૯૮૩, ૮૪, ૦૧, પૃ.૪૨૭.
૬. 'જેણે જીવી જાણ્યું', પન્નાલાલ પટેલ, (રવિશંકર મહારાજ) અમદાવાદ, સાધના પ્રકાશન, ૧૯૮૪, પૃ.૨૧૮.
૭. 'એક ટુકડો આકાશનો', દિનકર જોષી, (નર્મદ), રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૧૯૮૪, પૃ.૨૯૬.
૮. 'મીરાંની રહી મહેક', દિલીપ રાણપુરા, (સવિતા રાણપુરા), અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન, ૧૯૮૫, ૮૭, ૯૩, ૯૯, પૃ.૩૭૩.
૯. 'પ્રકાશનો પડછાયો', દિનકર જોષી, (હરિલાલ ગાંધી), રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૧૯૮૮, ૯૧ ,૯૬, ૯૮, પૃ.૩૧૯.
૧૦. 'પિંજરની આરપાર', માધવ રામાનુજ, (રૂબિન ડેવિડ), અમદાવાદ, વોરા ગાંધી ચેમ્બર્સ, ૧૯૯૦, પૃ.૩૧૨.
૧૧. 'સૂર્યપુરુષ'ખંડ–૧, માધવ રામાનુજ, (ચીમનભાઈ પટેલ), અમદાવાદ, શ્રી ચિમનભાઈ પટેલ ગુજરાત વિકાસ ટ્રસ્ટ, ૧૯૯૭, પૃ.૪૦૩.

૧૨. 'સૂર્યપુરુષ' ખંડ–૨ પ્રભાત, માધવ રામાનુજ, (ચિમનભાઈ પટેલ), અમદાવાદ, શ્રી ચિમનભાઈ પટેલ ગુજરાત વિકાસ ટ્રસ્ટ, ૧૯૯૯, પૃ.૪૭૦.

૧૩. 'આઠમો રંગ', હિમાંશી શેલત, (અમૃતા શેરગિલ), અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,૨૦૦૧, પૃ.૧૬+૧૬૪.

૧૪. 'પ્રતિનાયક', દિનકર જોષી, (મહમદઅલી ઝીણા), રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૨૦૦૨, પૃ.૬૦૮.

૧૫. 'અ–મૃતપંથનો યાત્રી', દિનકર જોષી, (રવીન્દ્રનાથ ટાગોર), રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૨૦૦૩, પૃ.૨૫૬.

૧૬. 'રાજપુરુષ', પ્રસાદ બ્રહ્મભટ્ટ, (ચીમનભાઈ પટેલ), અમદાવાદ, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૦૩, પૃ.૨૧૬.

૧૭. 'સિંહપુરુષ' ડૉ. શરદ ઠાકર,(વીર સાવરકર), અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૮, પૃ.૩૮૮.

૧૮. 'સાવિત્રી' દક્ષા દામોદરા, (સાવિત્રીબાઈ ફૂલે), અમદાવાદ, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, ૨૦૦૮, પૃ.૧૬૪.

૧૯. 'પ્રશ્ન પ્રદેશની પેલે પાર', દિનકર જોષી, (ગૌતમ બુદ્ધ), રાજકોટ, પ્રવીણ પ્રકાશન, ૨૦૦૮,પૃ.૩૦૪.

મારા સંશોધનકાર્ય દરમ્યાન ઓગણીસ જીવનચરિત્રમૂલક નવલકથાઓ મળી છે. જેમાં વ્યકિતવિશેષ તરીકે કવિ જયદેવ, મીરાં, નરસિંહ મહેતા, નર્મદ, હરિલાલ ગાંધી, રૂબિન ડેવિડ, રવીન્દ્રનાથ ટાગોર, મહમદઅલી ઝીણા, ચીમનભાઈ પટેલ, રવિશંકર મહારાજ, દિલીપ રાણપુરાની પત્ની સવિતા રાણપુરા, ઉષા શેઠની પુત્રી નીતા, અમૃતા શેરગિલ, ચુનીલાલ મહારાજ, ગૌતમ બુદ્ધ, સવિતાબાઈ ફૂલે અને વીર સાવરકર વગેરેનો જીવનસંદર્ભ લઈ જીવનચરિત્રમૂલક નવલકથાઓ આલેખી છે. આ ઉપરાંત ગુજરાતીમાં અનુવાદ થયેલી જીવનચરિત્રમૂલક નવલકથાઓ પણ વિકાસરેખામાં આપી છે. જેમાં વ્યકિતવિશેષ તરીકે વિન્સેન્ટ વાન ગૉગ, સુભાષચંદ્ર બોઝ અને ભગતસિંહના જીવનને આલેખે છે. આમ જીવન–

ચરિત્રમૂલક નવલકથાઓ ઉદ્ભવ અને વિકાસ આ પ્રકરણમાં આલેખિત કર્યો છે. જેની વિકાસરેખા ઉપર મુજબ ગોઠવી આપી છે.

પ્રકરણ–૩

ગુજરાતી નવલકથાના

વર્ગીકરણમાં

જીવનચરિત્રમૂલક

નવલકથા

।। પ્રકરણ–૩ ।।

।। ગુજરાતી નવલકથાના વર્ગીકરણમાં જીવનચરિત્રમૂલક નવલકથા ।।

નવલકથા ગદ્ય સાહિત્ય પ્રકાર છે. પણ પદ્યનો પ્રથમ જન્મ થયો. એ પછી ગદ્ય સાહિત્ય સ્વરૂપો આવ્યાં. આ સાહિત્ય સ્વરૂપો વિશે જે તે સમયે લક્ષણગત ચર્ચા થયેલી છે. એ જુદા જુદા સ્વરૂપોને આધારે વર્ગીકરણ કરી, જીવનચરિત્રમૂલક નવલકથાનું સ્થાન નકકી કરવા પ્રયત્ન કર્યો છે. પ્રાચીન અને પાશ્ચાત્ય સાહિત્યના આધારે વર્ગીકરણ દર્શાવી, નવલકથાનું વિષયવસ્તુગત વર્ગીકરણ કરી આપ્યું છે. જેમાં જીવનચરિત્રમૂલક નવલકથાનું સ્થાન નિશ્ચિત કર્યું છે.

અગ્નિ પુરાણ પ્રમાણે ગદ્યકાવ્યના આખ્યાયિકા, કથા, ખંડકથા, પરીકથા અને કથાનિકા એવા પાંચ પ્રકાર પાડવામાં આવ્યાં છે. જેમાંથી કથા અને આખ્યાયિકા બે પ્રકારો વધારે પ્રચલિત બનેલાં છે. આ બન્નેનાં લક્ષણો વિશે ભામહ, દંડી, રૂદ્રટ, આનંદવર્ધન, અભિનવ ગુપ્ત અને વિશ્વનાથ આદિ આલંકારિકોએ ચર્ચા કરી છે. કથાનું કથાનક કવિકલ્પિત હોય છે, જયારે આખ્યાયિકા ઉપલબ્ધ વૃત્તાંતને આધારે અથવા પ્રણાલિગત કે ઐતિહાસિક કથાનક પર આધરિત હોય છે. કથામાં નાયક સ્વમુખે પોતાનું વૃત્તાંત કહેતો નથી. અન્ય કોઈ પાત્ર દ્વારા કથામાં ચરિત્રને વર્ણવવામાં આવે છે. આખ્યાયિકામાં નાયક પોતે જ વકતા હોય છે. કથાની રચના કવિના મનોજગતમાંથી થઈ હોય છે. કવિની સ્વૈરલીલા કથામાં ચોમેર પ્રસરેલી હોય એ અત્યંત સ્વાભાવિક છે. જયારે આખ્યાયિકાનું તો આધારબિંદુ જ યથાર્થ સત્ય વસ્તુ યા ઐતિહાસિક બનાવોના નિરૂપણમાં રહેલું છે. આ હકીકત પરથી કથાકાર એની નિશ્ચિત મર્યાદાઓમાં બાંધી આપે છે.

કથાના આરંભમાં કવિ વંશનું વર્ણન શ્લોકમાં અત્યંત સંક્ષેપમાં કરે છે. જયારે આખ્યાયિકાના પ્રારંભમાં કવિ પોતાના વંશનું ગદ્ય દ્વારા વિસ્તારપૂર્વક વર્ણન કરે છે. કથામાં મુખ્ય કથાનકને પુષ્ટ કરતી અવાન્તર કથાઓ મૂકી વસ્તુને દઢ બનાવે છે. જયારે આખ્યાયિકામાં તેનો અભાવ જોવા મળે છે. આમ અલંકાર ગ્રંથોમાં કથા અને આખ્યાયિકાના ભેદનું

વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવેલું છે.

'કાદંબરી' કથા તરીકે અને 'હર્ષચરિત' આખ્યાયિકા તરીકે તેમના પ્રત્યક્ષ પુરાવા પૂરા પાડે છે. આથી કથા અને આખ્યાયિકાના આકારો પરસ્પર ભિન્ન છે, એ મત જ વધુ ગ્રાહ્ય છે. કથા, અને આખ્યાયિકાના મૂળમાં કથારસ પડયો છે. જે ભાવકને પ્રિય છે. એમાંથી વિશિષ્ટ લક્ષણો નવલકથા ધારણ કરે છે. એ નવલકથાઓનું વર્ગીકરણ અનેક પ્રકારે કરવામાં આવ્યું છે. એમાં જીવનચરિત્રમૂલક નવલકથા એના વિશિષ્ટ રૂપ સાથે ઉતરી આવી છે.

કલાના લલિત અને લલિતેતર એવા બે ભેદ પડે છે. લલિત કલાઓ સૌંદર્યલક્ષી છે. તેની રચના પાછળનો મુખ્ય હેતુ આનંદ પ્રાપ્ત કરવાનો છે. તે માનવીના રસમય કોષોને સ્પર્શે છે, માનવીની ઊર્મિઓ અને હૃદયને સ્પર્શે છે. જયારે લલિતેતર કલાઓ મુખ્યત્વે ઉપયોગીતાની દષ્ટિએ મનને સંતોષે છે.

લલિત કલાઓનું વર્ગીકરણ બે રીતે કરવામાં આવ્યું છે. પહેલું વર્ગીકરણ કલાઓ કયા માધ્યમ દ્વારા ચિત્તને સ્પર્શે છે તેને આધારે કરવામાં આવ્યું છે. જયારે બીજું વર્ગીકરણ ઉપાદાનની દષ્ટિએ કરવામાં આવ્યું છે. જેના સ્થાપ્ય, શિલ્પ, ચિત્ર, સંગીત અને સાહિત્ય એવા પાંચ પ્રકારો પડે છે. એમાં સાહિત્ય એક કલા છે, લલિત કલા છે. પાંચ લલિત કલાઓમાં સાહિત્યકલા ઉપાદાન, માધ્યમ, અભિવ્યકિત અને પ્રભાવકતાની દષ્ટિએ સર્વોચ્ચ કલા પ્રકાર ગણાય છે. સાહિત્યના પણ મુખ્ય બે પ્રકારો છે.

૧. લલિત સાહિત્ય

૨. લલિતેતર સાહિત્ય

લલિત સાહિત્યમાં સર્જનાત્મક, કલ્પનાત્મક, લાલિત્યપૂર્ણ અને આનંદલક્ષી એવા કવિતા, નવલકથા, નવલિકા, નાટક અને એકાંકી જેવા સાહિત્ય સ્વરૂપોનો સમાવેશ થાય છે. જયારે લલિતેતર સાહિત્યમાં તથ્ય કે હકીકત આધારિત એવા આત્મચરિત્ર, જીવનચરિત્ર, રેખાચિત્ર, પ્રવાસ, પત્ર, રોજનિશી અને સંસ્મરણ જેવા સાહિત્ય સ્વરૂપોનો સમાવેશ થાય છે. આમ નવલકથા, લલિત સાહિત્ય સ્વરૂપ છે. આત્મચરિત્ર અને જીવનચરિત્ર, લલિતેતર સાહિત્ય સ્વરૂપ છે. લલિત અને લલિતેતર સાહિત્યના સમન્વયથી આત્મચરિત્રમૂલક અને જીવનચરિત્ર–મૂલક નવલકથાઓ ઉદ્ભવી છે. આ બન્ને સાહિત્ય સ્વરૂપોને સર્જક નવલકથા સ્વરૂપમાં ઢાળે તો

આત્મચરિત્રમૂલક અને જીવનચરિત્રમૂલક નવલકથા મળે છે.

ગુજરાતી સાહિત્યમાં પન્નાલાલ પટેલે 'જિંદગી સંજીવીની' આત્મચરિત્રમૂલક નવલકથા આપવાનો પ્રથમ પ્રયત્ન કર્યો છે. તો જયભિખ્ખુએ 'ગીતગોવિંદ'ના રચિયતા કવિ જયદેવના જીવન પર 'પ્રેમભકત કવિ જયદેવ' જીવનચરિત્રમૂલક નવલકથા આપી છે. જે ગુજરાતી સાહિત્યની પ્રથમ જીવનચરિત્રમૂલક નવલકથા છે. આમ ગુજરાતી નવલકથા સાહિત્યમાંથી આ પ્રકારની જીવનચરિત્રમૂલક નવલકથાઓ અલગ તારવી અભ્યાસ કર્યો છે.

ગુજરાતી સાહિત્યના ભાષાની દષ્ટિએ મુખ્ય બે ભેદ પડે છે. જે આ પ્રમાણે છે.

૧. પદ્ય સાહિત્ય

૨. ગદ્ય સાહિત્ય

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય મોટા ભાગે પદ્યપ્રધાન હતું. 'પૃથ્વીચંદ્રચરિત્ર' અને 'વચનામૃતો' જેવી અપવાદરૂપ ગદ્યરચનાઓ બાદ કરતાં મધ્યકાળનું સઘળું સાહિત્ય પદ્યમાં જ રચાયું હતું. રાસ–રાસા, ફાગુ, પદ, આખ્યાન, પદ્યવાર્તા, છપ્પા, ગરબા–ગરબી, પ્રબંધ, ચાબખા, બારમાસી, ભજન અને પ્રભાતિયાં વગેરે સાહિત્ય સ્વરૂપો મધ્યકાળમાં પદ્યમાં પ્રયોજાયેલાં છે. અર્વાચીન ગુજરાતી સાહિત્ય પદ્ય અને ગદ્ય ઉભય ધારામાં વહે છે. અર્વાચીન કાળમાં મધ્યકાળનાં સ્વરૂપોથી નૂતન સ્વરૂપોનું ખેડાણ થયું છે. પદ્યમાં ઊર્મિકાવ્ય અને તેના પેટા પ્રકારો, ગીત, ગઝલ, સૉનેટ, કરુણપ્રશસ્તિ, મુકતક, ખંડકાવ્ય, દીર્ઘકાવ્ય, મહાકાવ્ય અને પદ્યનાટકો આદિ સ્વરૂપોનું ખેડાણ થયું છે. ગદ્ય સ્વરૂપો, નાટક, નિબંધ, નવલકથા, નવલિકા, એકાંકી, આત્મચરિત્ર, જીવનચરિત્ર, ડાયરી, પત્ર, સંસ્મરણો, રેખાચિત્ર, પ્રવાસ વર્ણન અને અહેવાલ વગેરે સ્વરૂપો ખેડાયાં છે.આમ સાહિત્ય સ્વરૂપ સંદર્ભે મધ્યકાળ કરતાં અર્વાચીનકાળનું સાહિત્ય આમૂલ પરિવર્તન પ્રગટ કરે છે. આમ જીવનચરિત્ર અને નવલકથા બન્ને ભાષાકિય દષ્ટિએ ગદ્યસાહિત્યમાં એક સાથે બેસે છે. એ દષ્ટિએ પણ વર્ગીકરણની કરી શકાય છે.

ડૉ.નવનીત આર. ઠકકર 'સાપેક્ષતા સિધ્ધાંત' મુજબ ગદ્યસાહિત્યના આ પ્રમાણે વિભાગો પાડે છે. ગદ્ય સાહિત્યમાં આજે અનેક સ્વરૂપો જોવા મળે છે. નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, નિબંધ, ગદ્યકાવ્ય, આત્મકથા, જીવનકથા, રેખાચિત્ર, પ્રવાસવર્ણન, ડાયરી, સંસ્મરણો, પત્ર, અહેવાલ અને આલોચના વગેરે. ગદ્યનો આ સમગ્ર વૈભવ ગદ્ય સાહિત્યનાં

ચાર તત્ત્વોનો લીલાવિસ્તાર છે. આ ચાર તત્ત્વોના આધારે ડૉ.નવનીત આર. ઠક્કર ચાર વિભાગો આપે છે.

૧. ભાવ–સાપેક્ષ ગદ્ય સ્વરૂપમાં ગદ્ય કાવ્ય અને રેખાચિત્ર વગેરે, ૨. કલ્પના–સાપેક્ષ ગદ્ય સ્વરૂપમાં નાટક, નવલકથા અને ટૂંકીવાર્તા વગેરે, ૩. વિચાર–સાપેક્ષ ગદ્ય સ્વરૂપમાં નિબંધ અને આલોચના વગેરે, ૪. યથાર્થ–સાપેક્ષ ગદ્યસ્વરૂપમાં જીવનકથા, આત્મકથા, ડાયરી, પ્રવાસ, સંસ્મરણો અને અહેવાલ વગેરે.[૧]

આમ નવલકથા કલ્પના–સાપેક્ષ ગદ્ય સ્વરૂપ છે. જ્યારે જીવનકથા યર્થાથ–સાપેક્ષ ગદ્ય સ્વરૂપ છે. આથી કલ્પના અને યર્થાથ સાપેક્ષનો સમન્વય કરવાથી જીવનચરિત્રમૂલક નવલકથા પ્રાપ્ત થાય છે.

ઓગણીસમી સદીના ઉતરાર્ધથી માંડી વીસમી સદીના અંત સુધીના દોઢેક સૈકા દરમિયાન નવલકથારૂપી સરિતાના રૂપ, રંગ, ઢંગ અને ગતિ એકસરખા નથી, એ આપણે જાણીએ છીએ. નવલકથા ઘટકતત્ત્વ, વિષયવસ્તુ અને નિરૂપણની દષ્ટિએ સતતવાહિની છે. નવલકથા સાહિત્યના વિકાસની સાથે નવલકથાના પ્રકારો પણ વિકસ્યાં છે. વિષયવસ્તુની દષ્ટિએ નવલકથાનું વર્ગીકરણ અનેક દષ્ટિકોણથી કરવામાં આવે છે. એમાં જીવનચરિત્રમૂલક નવલકથાનું જીવનચરિત્રને કેન્દ્રમાં રાખી વર્ગીકરણ કર્યું છે.

સાહિત્યપ્રકાર **(Literary Kind)** અને સાહિત્યસ્વરૂપ **(Literary Genre)** બન્ને વચ્ચે તાત્ત્વિક ભેદ છે. આથી સાહિત્યપ્રકાર અને સાહિત્યસ્વરૂપોનો સર્વમાન્ય ખ્યાલ વર્ગીકરણમાં સ્પષ્ટ કરવો જરૂરી છે. કાવ્યસાહિત્ય, નાટયસાહિત્ય અને કથાસાહિત્ય એ સાહિત્યપ્રકાર છે. સાહિત્યપ્રકાર સંસ્થારૂપ છે. રૂઢ અને નિશ્ચિત છે. સાહિત્યપ્રકાર એટલે એકસરખું આકારતંત્ર અને સમાન રચના શૈલી ધરાવતી રચનાઓ છે.

સાહિત્યનું રજૂઆતને આધારે પ્રકાર વિભાજન કરવામાં આવે છે. સાહિત્યમાં વસ્તુની રજૂઆત કથન, ગાન અને અભિનય વડે થાય છે. આ ત્રણેયની પ્રકૃતિ પણ જુદી જુદી છે; વૃત્તાન્તાત્મક **(narrative)**, ભાવાત્મક **(lyrical)** અને દશ્યાત્મક **(dramatic)**. આ પ્રકૃતિભેદને આધારે કથાસાહિત્ય, કાવ્યસાહિત્ય અને રૂપકસાહિત્ય એવા સાર્વત્રિકરૂપે ત્રણ પ્રકારો પાડી શકાય.

ગુજરાતીમાં મહાકાવ્ય, આખ્યાનકાવ્ય, ખંડકાવ્ય, ગીતકાવ્ય, સૉનેટકાવ્ય, ગઝલ, એકાંકી, ટ્રેજેડી, કોમેડી, મેલોડ્રામા, નવલકથા, લઘુનવલ, નવલિકા અને લઘુકથા વગેરે સાહિત્ય સ્વરૂપો છે. સાહિત્ય સ્વરૂપો સ્થિર અને જડ નથી, અનુનેય અને પરિવર્તનશીલ છે. વિકાસશીલ છે. જીવંત છે. નવોન્મેષશાલિની પ્રજ્ઞા કે પ્રતિભા ધરાવનારાં સર્જક નવા નવા સાહિત્ય સ્વરૂપો સર્જે છે. નવલકથા સાહિત્ય પ્રકાર નથી, પણ સાહિત્ય સ્વરૂપ છે. કથાસાહિત્ય એ એક સાહિત્ય પ્રકાર અને નવલકથા તે સાહિત્ય સ્વરૂપ છે. સાહિત્ય સ્વરૂપ એ સાહિત્ય કૃતિની આકૃતિ છે, રૂપ છે, તેનું સ્વકીય સ્વ–રૂપ છે. ક્રોચેએ કહ્યું છે કે, 'સ્વરૂપ કૃતિના અસુંદર વસ્તુને પણ સુંદર રૂપ આપે છે.'

સાહિત્ય સ્વરૂપ વિશે જુદા જુદા વિદ્વાનોનાં મંતવ્યો અહીં ટાંકી ચર્ચા વિચારણા કરી છે. સાન્તાયના કહે છે. **'Form is the unity of manifold'** અર્થાત્ 'વિવિધ તત્ત્વોને અન્વિતિ કે એકાકાર કરતું તત્ત્વ તે આ સ્વરૂપ છે.' તો ટી. એમ. ગ્રીની નોંધે છે કે, **'Form is the artistically expressive organization of its matter'** અર્થાત્ 'કલાકૃતિના વિષયની કલાત્મક અભિવ્યકિતની સંરચના તે સ્વરૂપ.' હર્બટ રીડ કહે છે કે, 'સ્વરૂપ તો અભિવ્યકિતની એક છટા છે.' સાહિત્ય સ્વરૂપ વિશે ડૉ.નરેશ વેદ નોંધે છે કે, ''સાહિત્યસ્વરૂપ એટલે સંવિધાન કલાના સંસ્કાર વડે જે તે સાહિત્યમાં સિદ્ધ કરવામાં આવતી રસકીય કોટિ.''[૨]

આમ સાહિત્ય સ્વરૂપો નવલકથા, નાટક, નવલિકા અને ઊર્મિકાવ્ય વગેરે છે. જે સદા સર્જાતાં, બદલાતાં અને નવા નવા રૂપ ધારણ કરતાં સ્વરૂપો છે. તે સર્જકોની સર્જક પ્રતિભાનાં સંતાન છે. નવલકથા સ્વરૂપ પરિવર્તન અને વિકાસશીલ છે. વિષયવસ્તુનો બહોળો અવકાશ નવલકથા સ્વરૂપમાં છે. એટલે પ્રતિભાવંત સર્જકો વિષયસામગ્રીને જુદા જુદા સ્વરૂપમાં ઢાળે છે. **Fiction** શબ્દ લેટિન **fin go** ધાતુમાંથી બન્યો છે. જેનો અર્થ થાય છે. 'રૂપ આપવું' અથવા 'શણગારવું'. બીજા અર્થો બનાવટ, સાચું નહીં તેવું, મિથ્યા, ગપ અને જૂઠાણું થાય છે. આ ઉપરાંત ફિકશન એટલે **fact**ની સામેના છેડાનું, હકીકત નહીં અને કલ્પનાનો અર્થ થાય છે. આમ હકીકત કરતાં કલ્પનાનું તત્ત્વ જેમાં પ્રેરક અને ચાલક છે તેવી સામગ્રીને ફિકશન કહે છે. આ અર્થ પ્રમાણે જીવનચરિત્ર અને આત્મચરિત્રમાં કથા, કથક અને કથન હોવા છતાં આ સ્વરૂપો ફિકશન નથી. કેમ કે આ સ્વરૂપોનો આધાર તથ્યો અને હકીકતો ઉપર છે.

નવલકથા, નાટક, નવલિકામાં તથ્યો કે હકીકતોનું મહત્ત્વ નથી. એ કલ્પનાની સરજત છે. એટલે નવલકથા સ્વરૂપ ફિકશન છે. જયારે ફિકશન એક સાહિત્યપ્રકાર (કથાસાહિત્ય)ને ઓળખાવતી સંજ્ઞા છે. પુરાકથા, દંતકથા, મહાકાવ્ય, ધર્મકથા, લોકકથા, પદ્યકથા, કૌતુકકથા, કટાક્ષકથા, ચિત્રકથા અને નવલકથા વગેરે બધા ફિકશનનાં જુદાં જુદાં સ્વરૂપો છે. આમ ફિકશનનો વિસ્તાર નવલકથા કરતાં ઘણો વ્યાપક છે. નવલકથા એ ફિકશન નામની વ્યાપક સંજ્ઞાનો અંશ છે. આમ જીવનચરિત્ર નોન–ફિકશન સાહિત્ય સ્વરૂપ છે. જયારે નવલકથા ફિકશન સાહિત્ય સ્વરૂપ છે. આથી જીવનચરિત્ર સાહિત્ય સ્વરૂપમાં ફિકશનનો ઉમેરો થતાં જીવનચરિત્રમૂલક નવલકથા ઉદ્ભવી છે.

ડૉ.નરેશ વેદે મૂળપ્રકૃતિ, વિધાઓ અને ભાવમુદ્રાને આધારે નવલકથાનું વર્ગીકરણ આ પ્રમાણે કર્યું છે. પહેલા વર્ગીકરણમાં મૂળપ્રકૃતિ **(type)**ને આધારે પ્રથમ ત્રણ પ્રકારોનો નિર્દેશ કરે છે. ભાવનાપ્રધાન સાહિત્ય (કાવ્યસાહિત્ય), રૂપપ્રધાન સાહિત્ય (નાટયસાહિત્ય) અને વૃત્તાંત પ્રધાન સાહિત્ય(કથાસાહિત્ય) એમ ત્રણ પ્રકારોનો નિર્દેશ કરવામાં આવે છે. એ જ રીતે નવલકથા ના પણ એની મૂળ પ્રકૃતિને અનુસરી ઊર્મિનવલ **(lyrical novel)**, નાટયાત્મકનવલ **(dramatic novel)** અને કથનાત્મક નવલ **(narrative novel)** એવા ત્રણ પ્રકારો નિર્દેશે છે.[૩]

બીજા વર્ગીકરણના આધારે નવલકથાની વિધાઓ **(modes)** બે પ્રકારની છે. કલ્પનોત્થ નવલકથા **(fictional novel)** અને કપોલકલ્પિત નવલકથા **(non fictional novel)**. તો વળી બીજા ત્રણ પ્રકારનો નિર્દેશ પણ કરી શકાય. અનુકારક નવલકથા **(mimetic novel)** રૂપકાત્મક નવલકથા **(metaphoric novel)** અને આલંકારિક નવલકથા **(rhetorical novel)**,

ત્રીજુ વર્ગીકરણ નવલકથાની ભાવમુદ્રા **(mood)**ને આધારે પાડવામાં આવે છે. વીરચરિતકથા **(heroic novel)**, સંમાનસૂચકકથા **(referential novel)**, વિચારકથા **(wistful novel)**, ઉત્તેજકકથા **(erotic novel)**, ગ્રામજીવનકથા **(pastoral novel)**, વ્યંગ અને કટાક્ષકથા **(satirical novel)**, વિનોદી અને કરુણકથા **(numerous and cynical novel)** વગેરે પ્રકારો પાડી શકાય.

ઉપરોક્ત વર્ગીકરણને આધારે જીવનચરિત્રમૂલક નવલકથાનું સ્થાન મૂળપ્રકૃતિ **(type)**ને આધારે વૃત્તાંતપ્રધાન(કથાસાહિત્ય)માં સમાવિષ્ટ થાય છે. વિધાઓ **(modes)**ને આધારે અનુકારક નવલકથા **(mimetic novel)**માં અને ભાવમુદ્રા **(mood)**ને આધારે સંમાન સૂચકકથા **(referential novel)**માં સમાવિષ્ટ થાય છે.

પશ્ચિમમાં નવલકથાના જુદા જુદા પ્રકારો વિકસ્યાં છે. **Social, Psychological, Airport, Autobiographical, Biographical, Campus, Christian, Comic, Fashionable, Hollwood, Historical, Industrial, Libertine, Modern, Philosophical, Regency, Sentimental, Verse novel** વગેરે પ્રકારો વિકીપીડિયા વેબસાઈટ પર જાણી શકયો છું. અંગ્રેજીમાં **Biographical novel**અને **Autobiographical novel**ના વિષયસામગ્રીની દષ્ટિએ આ પ્રમાણે ભેદ છે.

1. Biographical novel

The biographical novel is a genre of novel which provides a fictional and usually entertaining account of a person's life. This kind of novel concentrates on the experiences a person had during his lifetime, the people he met and the incidents which occurred are detailed and sometimes trimmings are done to give it the appearance of a novel. Names and accounts may be changed as and when necessary. A very good example of this kind is Goldsmith's "The Vicar of Wakefield" is believed to be the biography of a person the author had known and observed very closely. Even Addison's The Spectator is said to have characters he had known.[4]

2. Autobiographical novel

An autobiographical novel is a navel based on the life of the author. The literary technique is distinguished from an autobiograph or memoir by the stipulation of being fiction. Names and locations are often changed and events are recreated to make them more dramatic but the story still bears a close resemblance to that of the author. While the events of the author's life are recounted, there is no pretense of neutrality or even exact truth. Events may be reported the way the author wishes they had been with enemies more clearly loathsome and

triumphs more complete than perhaps they actually were.

Because writers somewhat draw on their own experiences in most of their work, the term autobiographical novel is difficult to define. Novels that portray settings and/or situations with which the author is familiar are not necessarily autobiographical. Neither are novels that include aspects drawn from the author's life as minor plot details. To be considered an autobiographical by most standards, there must be a protagonist modeled after the author and a central plotline that mirrors events in his or her life. Novels that do not fully meet these requirements or are further distanced from true events are sometimes called semi-autobiographical novels.

Many first novels, as well as novels about intense, private experiences such as war, family conflict or sex, are written as autobiographical novels.

Some works openly refer to themselves as 'nonfiction novels.' The definition of such works remains vague. The term was first widely used in reference to the non-autobiographical In Cold Blood by Truman Capote but has since become associated with a range of works drawing openly from autobiography. A central focus of the non-fiction novel is the development of plot through the means of fictional narrative styles. The emphasis is on the creation of a work that is essentially true, often in the context of an investigation into values or some other aspect of reality. The books Zen and the Art of Motorcycle Maintenance by Robert M. Pirsig and The Tao of Muhammad Ali by Davis Miller open with statements admitting to some fictionalising of events but state they are true 'in essence.'

Also known as a thinly veiled memoir, a semi-autobiogra phical novel draws heavily on the experiences of the author's own life for its plot. Authors may opt to write a semi-autobiographical novel rather than a true memoir for a variety of reasons: to protect the privacy of their family, friends, and loved ones; to achieve emotional distance from the subject; or for artistic reasons, such as simplification of plot

lines, themes, and other details.[5]

હિન્દી સાહિત્યમાં ડૉ.નવનીત ઠક્કર 'હિન્દી કે જીવનીપરક ઉપન્યાસ' ગ્રંથમાં આ પ્રમાણે ભેદ પાડે છે. હિન્દી સાહિત્યમાં સામાજિક ઉપન્યાસના ત્રણ ભેદ પડે છે. સામાજિક સમસ્યાપ્રધાન, સામાજિક આદર્શોન્મુખી આદર્શવાદી અને સામાજિક યથાર્થપરક. સામાજિક યથાર્થ પરક ઉપન્યાસના બે પેટાભેદો પડે છે. જીવનીપરક અને ઐતિહાસિક ઉપન્યાસ.[૬]

આમ ઉપરોકત ભેદ પરથી સ્પષ્ટ જાણી શકાય છે કે, ચરિત્રમૂલક નવલકથાને સામાજિક યર્થાથ પરક નવલકથાના પેટાભેદ તરીકે ગણી શકાય. આથી ગુજરાતી સાહિત્યમાં ચરિત્રમૂલક નવલકથાના બે ભેદ પડે છે. આત્મચરિત્રમૂલક નવલકથા અને જીવનચરિત્રમૂલક નવલકથા.

હિન્દી સાહિત્યના વર્ગીકરણના આધારે ગુજરાતી સાહિત્યમાં સામાજિક નવલકથાના પેટા ભેદ આ પ્રમાણે પાડી શકાય છે. સામાજિક સમસ્યાપ્રધાન નવલકથા, સામાજિક આદર્શવાદી નવલકથા અને સામાજિક વાસ્તપ્રધાન નવલકથા. આ સામાજિક વાસ્તપ્રધાન નવલકથાના પણ બે પેટા ભેદ પાડી શકાય છે. સત્યઘટનાત્મક નવલકથા અને ચરિત્રમૂલક નવલકથા. આ ચરિત્રમૂલક નવલકથાના બે પેટા પ્રકાર છે. આત્મચરિત્રમૂલક નવલકથા અને જીવન ચરિત્રમૂલક નવલકથા. જેમાંથી જીવનચરિત્રમૂલક નવલકથા મારા અભ્યાસનો વિષય બની છે.

આમ ઉપરોકત તત્ત્વોને આધારે જીવનચરિત્ર યથાર્થ–સાપેક્ષ ગદ્યસ્વરૂપમાં આવે છે અને નવલકથા કલ્પના–સાપેક્ષ ગદ્યસ્વરૂપમાં આવે છે. એટલે કે જીવનચરિત્રને નવલકથાનું સ્વરૂપ પ્રદાન કરવા માટે કલ્પનાનો આધાર લેવો જ પડે છે. પણ કલ્પનાનો વિસ્તાર જીવનચરિત્રની સીમાની અંકુશરેખા કે વાસ્તવિકતાથી અતિક્રમીને ન થવો જાઈએ.

હિન્દી ભાષાના વિદ્વાનો આ પ્રકારે નવલકથાને વર્ગીકૃત કરે છે. વિષયવસ્તુની દષ્ટિએ જાસૂસી, ઐતિહાસિક, પૌરાણિક, સામાજિક, રાજનૈતિક અને આંચલિક વગેરે. નિરૂપણની દષ્ટિએ આત્મકથા, પત્ર અને નાટયાત્મક વગેરે. ઘટકતત્ત્વોને આધારે ઘટના પ્રધાન, ચરિત્રપ્રધાન અને વાતાવરણપ્રધાન વગેરે. ક્રિયાને અનુલક્ષીને ભાવપ્રધાન વગેરે. શૈલીના અનુસંધાનમાં વર્ણનાત્મક, વિશ્લેષણાત્મક અને સ્વગત વગેરે. ઉદ્દેશ આધારિત મનોરંજનપ્રધાન, હાસ્યપ્રધાન, આદર્શોન્મુખ, યથાર્થવાદ, યથાર્થવાદી, સમસ્યામૂલક અને

પ્રયોગવાદી વગેરે વર્ગીકરણ પાડે છે.

નવલકથાની વસ્તુસામગ્રીનું વર્ગીકરણ કરવું મુશ્કેલ છે. નવલકથામાં જાદુઈ ચિરાગ જેમ જે વિષયવસ્તુ જોઈએ તે મેળવી શકાય છે. એવી એની સર્વવ્યાપકતા છે. કથા–સામગ્રીની આવી મોકળાશ અને સાર્વત્રિકતા અન્ય સાહિત્ય સ્વરૂપમાં જોવા નહિં મળે. સામગ્રીના લગભગ અનંત કહી શકાય તેવા વૈવિધ્યને કારણે વધુ ને વધુ લેખકો આકર્ષાતા રહ્યા છે. આ સ્વરૂપની વિકાસ–મોકળાશ તથા પરિવર્તનશીલતા પણ લગભગ અનન્ય છે. આ બધાંને પરિણામે નવલકથાનું વર્ગીકરણ અનેક પ્રકારે થાય છે. જેમાં ઐતિહાસિક, સામાજિક, પૌરાણિક, પ્રાદેશિક, મનોવૈજ્ઞાનિક, રહસ્યરંગી અને ચરિત્રાત્મક વગેરે પ્રકારે વર્ગીકરણ થઈ શકે છે. જોકે આ બધા પ્રકારો એકબીજાથી તદ્દન ભિન્ન છે એવું પણ નથી, આ પ્રકારની લાક્ષણિકતાઓ બીજા પ્રકારોમાં પણ દેખા દે એવું પણ બને છે. આમ લેખક અમુક નિશ્ચિત પ્રકારની સભાનપણે કથાસામગ્રી દ્વારા નવલકથા લખવા પ્રેરાય ત્યારે જીવનચરિત્રમૂલક નવલકથા ઉદ્ભવે છે.

નવલકથા જેવા વિવૃત્ત સાહિત્ય સ્વરૂપ **(open form)**માં તો ભાતીગળ સામગ્રીનો પ્રવેશ થતો હોવાથી પ્રકારોની બહુલતા માટે મોકળું મેદાન મળી રહે છે. આથી ગુજરાતી નવલકથાઓનું વર્ગીકરણ અનેક દષ્ટિકોણથી કરી શકાય છે. નવલકથામાંથી કોઈ એકાદ અંશ લઈ ધારીએ એટલા પ્રકારો પાડી શકીએ. એક જ કૃતિમાં પણ એકાધિક પ્રકારો મળી આવે છે. આમ છતાં ગુજરાતી નવલકથાનું વર્ગીકરણ મુખ્ય ચાર તત્ત્વોને આધારે પાડી શકાય છે.

૧. ઘટકતત્ત્વની દષ્ટિએ નવલકથાનું વર્ગીકરણ

૨. શૈલીની દષ્ટિએ નવલકથાનું વર્ગીકરણ

૩. વિષયવસ્તુની દષ્ટિએ નવલકથાનું વર્ગીકરણ

૪. કદની દષ્ટિએ નવલકથાનું વર્ગીકરણ

ઘટકતત્ત્વની દષ્ટિએ ઘટનાપ્રધાન, ચરિત્રપ્રધાન, વાતાવરણપ્રધાન, ઉદેશ્ય–પ્રધાન અને નાટયપ્રધાન વગેરે પ્રકારે નવલકથાનું વર્ગીકરણ થાય છે. શૈલીની દષ્ટિએ આત્મકથાત્મક, વર્ણનાત્મક, પત્રાત્મક, ડાયરીપરક વગેરે પ્રકારે નવલકથાનું વર્ગીકરણ

કરવામાં આવે છે. વિષયવસ્તુની દષ્ટિએ સામાજિક, ઐતિહાસિક, પૈરાણિક, રાજનૈતિક, પ્રાદેશિક, મનોવૈજ્ઞાનિક, વૈજ્ઞાનિક, વાસ્તવિક, હાસ્યપ્રધાન, રહસ્યપ્રધાન, દરિયાઈ, પ્રતીકાત્મક, સત્યઘટનાત્મક,આત્મચરિત્રમૂલક અને જીવનચરિત્રમૂલક વગેરે પ્રકારે નવલકથાનું વર્ગીકરણ કરવામાં આવે છે. કદ કે ફલકની દષ્ટિએ લઘુનવલ, નવલકથા અને બૃહદ્નવલ વગેરે પ્રકારો પાડી શકાય છે.

આમ નવલકથાના વિષયવસ્તુની દષ્ટિએ અનેક પ્રકારો પડે છે. નવલકથાના જુદા જુદા મરોડમાંથી અનેક વર્ગીકરણો પાડી શકાય છે. આવા સંખ્યાબંધ વર્ગીકરણોમાંથી એક પ્રકાર મળી આવ્યો છે જીવનચરિત્રમૂલક નવલકથાનો. આ વર્ગીકરણને આધારે 'જીવન–ચરિત્રમૂલક નવલકથા' અભ્યાસનો વિષય બની છે. આથી રેને વેલેક અને ઑસ્ટીન વોરન નવલકથાના સંદર્ભમાં નોંધે છે. ''**There is not only a limited and continuous subject matter or thematic, but there is a stock ofdevices.**''[૭]

આમ નવલકથાકાર ભલે ગમે તે વિષયવસ્તુ**(Content)**ની પસંદગી કરે એ મહત્ત્વનું નથી. પણ એમાંથી કોઈ રસાત્મકરૂપ **(Aestheticform)** નીપજી આવવું જોઈએ. આથી નવલકથાના વિષયવસ્તુલક્ષી પ્રકારો **(Genres)**ની જંજાળમાં પડયાં વગર કળારૂપ **(Aesthetic form)**ની દષ્ટિએ નવલકથા તપાસીએ. એ જ ઉચિત ગણાય છે. પરંતુ આંતર ઉપાદાન **(Content** કે **Subjec tmatter)** એની રૂપનિર્મિતિમાં કેટલે અંશે નિયામક બને છે. તે જાણવાનું સૌને અવશ્ય ગમે છે. એટલે વિષયસામગ્રી કે **Thematics** એના રૂપમાં શી નવીનતા સિદ્ધ કરે છે તે જોવાનો પણ અહીં ઉપક્રમ રાખ્યો છે. આ દષ્ટિએ જીવનકથાત્મક નવલકથાના સ્વરૂપને પામવાનો પ્રયાસ કર્યો છે.

આમ ઉપરોકત વિવિધ પ્રકારો, મંતવ્યો અને સંદર્ભોને આધારે ગુજરાતી નવલકથાને વિષયવસ્તુગત રીતે અનેક પ્રકારે વર્ગીકૃત કરી શકાય છે. ગુજરાતી નવલકથા 'કરણઘેલો' ઐતિહાસિક, 'દિવ્યચક્ષુ' સામાજિક, 'માધવ કયાંય નથી' પૌરાણિક, 'ભદ્રંભદ્ર' હાસ્ય, 'જિગર અને અમી' સત્યઘટનાત્મક, 'માનવીની ભવાઈ' પ્રાદેશિક, 'મુખ્યમંત્રી' રાજ નૈતિક, 'પીળા રૂમાલની ગાંઠ' રહસ્ય, 'આંગળિયાત' દલિત સંવેદના, 'કાફલો' પ્રતીકાત્મક, 'જિંદગી સંજીવીની' આત્મકથાત્મક, અને 'પિંજરની આરપાર' જીવનચરિત્રમૂલક નવલકથા

છે. આમ આ દરેક નવલકથા વિષયવસ્તુ ધારણ કરે છે. એના આધારે જુદા જુદા પ્રકારે વર્ગીકરણ કરી શકાય છે. મૌલિક પ્રયોગો કરનાર સર્જકો નવીન વિષય સામગ્રી લઈ નવલકથા સર્જે છે.

આમ ઉપરોકત નવલકથાઓ વિષયવસ્તુની દષ્ટિએ જુદી જુદી છે. સમાન નથી. પણ એક જ વિષયસામગ્રીવાળી નવલકથાઓ શોધી સંશોધક એનાં ઉપર સંશોધન કરે છે. ત્યારે સંજ્ઞા, વ્યાખ્યા, ઘટકતત્ત્વો અને લાક્ષણિકતાઓ વિશે પણ અભ્યાસ કરવો જરૂરી બને છે. એ રીતે મારા શોધનિબંધમાં વિષયવસ્તુને ઘ્યાનમાં રાખી જીવનચરિત્રમૂલક નવલકથાનો અભ્યાસ કર્યો છે.

ગુજરાતી નવલકથા વિષયસામગ્રીની દષ્ટિએ અનેક પ્રકારે વિહરે છે. છતાં હજી ઘણી વિષયવસ્તુગત નવલકથાઓનું સર્જન થયું નથી. અભ્યાસ પણ થયો નથી. એટલે ડૉ.નરેશ વેદ અને ડૉ.બાબુભાઈ દાવલપરા વિષયવસ્તુગત નવલકથાના પ્રકારો વિશે નોંધે છે કે, ‘‘આપણે ત્યાં નવલકથાના કેટલાક વિશિષ્ટ પ્રકારો તો ખાસ ખીલ્યા–વિકસ્યા જ નથી. જેમકે ચરિત્રાત્મક નવલકથા **(Biographical novel)**, વિજ્ઞાનકથા **(Science Fiction)**, રહસ્યકથા **(Detective novel)**, પ્રતીકાત્મક નવલકથા **(Symbolic novel)**, કપોળકલ્પિત કથા **(Fantastic novel)** અને અધિકથા **(Meta fiction)** અલબત, આ જાતની એક પણ નવલકથા લખાઈ નથી એમ કહેવાનો ઈરાદો નથી. હકીકતે આ પ્રકારની નવલકથાઓના વિશેષ નમૂનાઓ મળ્યાં નથી, આ પ્રકારો ઝાઝા વિકસ્યાં નથી.’’[૮]

આમ આ સંકેતના અઢી દાયકા બાદ આજે ઉપરોકત વિષયવસ્તુવાળી ઘણી નવલકથાઓ મળે છે. એમાંથી ચરિત્રાત્મક નવલકથા **(Biographical novel)**નો પેટા પ્રકાર જીવનચરિત્રમૂલક નવલકથા મારા શોધનિબંધમાં સમાવિષ્ટ કરી છે.

ાા સંદર્ભ નોંધ ાા

૧. હિન્દી કે જીવની પરક ઉપન્યાસ ખંડ ૧–૨, ડૉ.નવનીત આર ઠકકર, રોહતક, શાન્તિ પ્રકાશન, પ્ર.આ.૧૯૯૦, પૃ.૧૮.

૨. નવલકથાઃ શિલ્પ અને સર્જન, ડૉ.નરેશ વેદ, રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૧૯૮૩, પૃ.૩.

૩. નવલકથાઃ શિલ્પ અને સર્જન, ડૉ.નરેશ વેદ, રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૧૯૮૩, પૃ.૧૨૬.

૪. વિકીપીડિયા વેબસાઈટ, **www.wikpedie.org**

૫. વિકીપીડિયા વેબસાઈટ, **www.wikpedie.org**

૬. હિન્દી કે જીવની પરક ઉપન્યાસ ખંડ ૧–૨, ડૉ.નવનીત આર ઠકકર, રોહતક, શાન્તિ પ્રકાશન, પ્ર.આ. ૧૯૯૦, પૃ.૩૨.

૭. ગુજરાતી સાહિત્યકોશ ખંડઃ ત્રણ, મુખ્ય સંપા. ચન્દ્રકાન્ત ટોપીવાલા, અમદાવાદ, ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્ર.આ.૧૯૯૬, પૃ.૫૧૮.

૮. ગુજરાતી કથાવિશ્વ : નવલકથા, ડૉ.નરેશ વેદ, ડૉ.બાબુભાઈ દાવલપરા, વલ્લભ વિદ્યા નગર શબ્દવિવેક, પ્ર.આ.૧૯૮૫, પૃ.૧૦૨.

પ્રકરણ–૪

જીવનચરિત્રમૂલક નવલકથાઃ સંજ્ઞા, વ્યાખ્યા અને સ્વરૂપગત વિભાવના

।। પ્રકરણ–૪ ।।

।। જીવનચરિત્રમૂલક નવલકથાઃ સંજ્ઞા,વ્યાખ્યા અને સ્વરૂપગત વિભાવના ।।

તેરમી સદીમાં ઈટાલીમાં **'It Novellino'** અને **'Novelleantiche'** એમ બે કથાસંગ્રહો રચાયા હતા. તે ઉપરથી **Novel** શબ્દ અસ્તિત્વમાં આવ્યો અને પ્રચલિત બન્યો હતો. આ **Novel** શબ્દ લેટિન **Novus**(કાંઈક નવીન) શબ્દ ઉપરથી બન્યો છે. **Novel**ના પર્યાય તરીકે મરાઠીમાં 'કાદંબરી', બંગાળી અને હિન્દીમાં 'ઉપન્યાસ', મલયાલમમાં 'કથા', સિંધી અને ઉર્દૂમાં 'અફસાના', ફ્રેચમાં 'રોમાં', અંગ્રેજીમાં 'નૉવેલ' અને ગુજરાતીમાં 'નવલકથા' તરીકે આળખાય છે. ગુજરાતીમાં નંદશંકરે 'નવલકથા' શબ્દ પ્રયોજયો છે. જે સર્વસ્વીકૃત શબ્દાર્થ બન્યો છે. આજે નવલકથા સૌથી લોકપ્રિય સાહિત્યસ્વરૂપ છે.

જહૉન ડ્રાયડને ૧૬૮૩માં સર્વ પ્રથમ **'Biography'** શબ્દ પ્રયોજયો હતો. ત્યાર પછી ગુજરાતીમાં **'Biography'** સંજ્ઞાનો પર્યાય યોજવાનો સર્વપ્રથમ અધિકારી વીરનર્મદ છે. તે ૧૮૬૫માં 'જન્મચરિત્ર' સંજ્ઞા યોજે છે. ૧૮૬૯માં મનઃસુખરામ ત્રિપાઠીએ લખેલ 'ફાર્બસ જીવનચરિત્ર'માં 'જીવનચરિત્ર' સંજ્ઞા ઉપયોગમાં લે છે. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ ૧૮૯૧માં 'નવલરામ લક્ષ્મીરામની જીવનકથા' અને ૧૯૦૫માં 'લીલાવતી જીવન કલા' ચરિત્રગ્રંથમાં અનુક્રમે 'જીવનકથા' અને 'જીવનકલા' શબ્દ ખપમાં લે છે. ૧૯૧૬માં વિનાયક નંદશંકર મહેતાએ પોતાના પિતાશ્રીના જીવન પર 'નંદશંકર જીવન–ચરિત્ર' લખે છે. તેમા 'જીવનચરિત્ર' સંજ્ઞા પ્રયોજે છે. તે સંજ્ઞા સ્વાતંત્ર્યોત્તર કાળ પર્યન્ત ચાલું રહી છે. ૧૯૨૫માં ચુનીલાલ ઘેલાભાઈ શાહ 'શ્રીજ રત્નદાસ જીવનવૃત્તાંત'માં 'જીવનવૃત્તાંત' શબ્દ ઉપયોગમાં લેઈ છે. અંગ્રેજીમાં **'Biography'** અને હિન્દીમાં 'જીવની' સંજ્ઞા વપરાય છે.

આમ ગુજરાતીમાં 'જન્મચરિત્ર', 'જીવનચરિત્ર', 'જીવનકથા', 'જીવનકલા' અને 'જીવનવૃત્તાંત' જેવા પર્યાયો વધારે યોજાયેલાં જોવા મળે છે. શ્રી ઉપેન્દ્ર ભટ્ટ 'ચરિત્ર–સાહિત્યઃ સ્વરૂપ અને વિકાસ' સંશોધન ગ્રંથમાં 'ચરિત્રસાહિત્ય' સંજ્ઞા વાપરે છે. આથી

ચરિત્રસાહિત્યનાં પેટાભેદો આ પ્રમાણે પડે છે. જીવનચરિત્ર, આત્મચરિત્ર, સંસ્મરણો, પ્રવાસ વર્ણન, પત્રો, ડાયરી વગેરે ચરિત્ર સાહિત્યના પેટા પ્રકારો છે.

જીવનચરિત્રનો અંગ્રેજી પર્યાય શબ્દ છે **'Biography'** . 'બાયો' લાઈફ અર્થાત્ 'જીવન' અને 'ગ્રાફ'–આલેખ અર્થાત્ ચિતાર'. જીવનચરિત્ર એટલે 'કોઈના જીવનનો બીજાના હાથે લખાયેલો ચિતાર' એવો અર્થ થાય છે. **'Biographical'** એટલે 'કોઈ વ્યકિતવિશેષના જીવનનો બીજાના હાથે લખાયેલો જીવનચરિત્રને લગતો ચિતાર'. **'Biographical Novel'** એટલે 'કોઈ વ્યકિતવિશેષનું જીવન અન્યના હાથે જીવનચરિત્રમૂલક નવલકથારૂપે આલેખાય છે.' એવી કૃતિને અંગ્રેજીમાં **'Biographical Novel'** સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. જેને ગુજરાતીમાં જીવનચરિત્રમૂલક નવલકથા તરીકે ઓળખીએ છીએ. આથી એ સંજ્ઞાને આધારે શોધનિબંધનું શીર્ષક આપ્યું છે.

ગુજરાતીમાં જીવનચરિત્રમૂલક નવલકથાને જીવનચરિત્રાત્મક, જીવનચરિત્ર પરક, જીવનચરિત્રપ્રધાન, જીવનચરિત્રગત, જીવનચરિત્રલક્ષી, જીવનચરિત્રવિષયક, જીવનચરિત્રભૂત, જીવનકથામૂલક, જીવનકથાત્મક, જીવનવૃત્તાંત્મક, નવલકથાત્મક જીવનચરિત્ર અને નવલકથારૂપ જીવનચરિત્ર જેવા જુદા જુદા પર્યાયોથી ઓળખવામાં આવે છે. આ બધી સંજ્ઞાઓ પર્યાયવાચક હોવાથી મારા શોધકાર્યમાં આ દરેક પર્યાયનો ઉપયોગ કર્યો છે. હિન્દીમાં 'જીવની પરક ઉપન્યાસ' કહેવામાં આવે છે.

ગુજરાતીમાં 'આત્મકથા'ના પર્યાય સ્વજીવન, આપવીતી, આત્મચરિત્ર, આત્મકથા, આત્મકથન, હકીકત, આત્મવૃત્તાંત વગેરે પર્યાયોથી ઓળખવામાં આવે છે. જયારે આત્મચરિત્રમૂલક નવલકથાને આત્મચરિત્રાત્મક, આત્મકથાત્મક, આત્મકથા પરક અને આત્મવૃત્તાંત્મક નવલકથા કહેવામાં આવે છે. અંગ્રેજીમાં **'Autobiographical novel'** કહેવામાં આવે છે.

આમ જીવનચરિત્રમૂલક નવલકથા અને આત્મચરિત્રમૂલક નવલકથાને સંજ્ઞાની રીતે જુદા પાડી શકાય છે. આથી જીવનચરિત્રમૂલક અને આત્મચરિત્રમૂલક નવલકથાના બે ભેદ પડે છે. આમ પ્રથમ બન્નેની વ્યાખ્યાઓ તપાસી 'જીવનચરિત્રમૂલક નવલકથા'ની વ્યાખ્યાઓ બાંધી આપી છે.

૧. જીવનચરિત્રમૂલક નવલકથા

'સર્જક દ્વારા અન્ય કોઈ એક વ્યકિતવિશેષનો ઈતિહાસ જીવનચરિત્રરૂપે અથવા મુખ્યપાત્રરૂપે નવલકથામાં ક્રમશઃ વિકાસ પામતો હોય એવી નવલકથાને જીવનચરિત્રમૂલક નવલકથા કહેવાય છે.' ઉદા.દિનકર જોષી કૃત 'એક ટૂકડો આકાશનો' નર્મદના જીવનચરિત્રને આધારે લખાયેલી નવલકથા છે.

૨. આત્મચરિત્રમૂલક નવલકથા

'સર્જક પોતે જ પોતાના જીવનનો ઈતિહાસ ચરિત્રરૂપે અથવા મુખ્યપાત્રરૂપે નવલકથામાં ક્રમશઃ વિકાસ પામતો આલેખે એવી નવલકથાને આત્મચરિત્રમૂલક નવલકથા કહેવાય છે.' ઉદા. પન્નાલાલ પટેલની 'જિંદગી સંજીવની' નવલકથા પોતાના જ જીવન પર પ્રકાશ પાડતી આલેખી છે.

આમ ઉપરોકત સંજ્ઞાના આધારે મારા શોધ નિબંધમાં 'જીવનચરિત્રમૂલક નવલકથા' સંજ્ઞા યોજી છે. આ સંજ્ઞાના વિશે ભગવદ્ગોમંડલમાં જુદા જુદા શબ્દાર્થો આપ્યાં છે. તેના આધારે વ્યાખ્યાઓ બાંધવાનો પ્રયત્ન કર્યો છે.

૧. 'જીવન' એટલે જિંદગી આયુષ્ય ભવ હયાતી અસ્તિત્વ જીવ જેવું જે હોય તે પ્રાણ કે જીવ રાખી રહેવું તે જન્મ અને મરણ વચ્ચેનો કાળ.[૧]

૨. 'ચરિત્ર' એટલે કાર્ય કરણી કામ હેવાલ જીવનવૃત્તાંત ચરિત આચરણ વર્તન વર્તણૂક વાર્તા ઈતિહાસ સ્વભાવ પ્રકૃતિ અને રહેણીકરણી.[૨]

૩. 'જીવનચરિત્ર' એટલે જિંદગીનું વૃત્તાંત જીવનની ઈતિવૃત્તકથા જિંદગી જોગવવાની રીતભાત જીવન ગાળવાની રીત જેમાં કોઈના આખા જીવતરનું ક્રમસર બયાન કરેલું હોય એવું લખાણ અને જેમાં કોઈનું જિંદગીભરનું વૃત્તાંત હોય તે પુસ્તક.[૩]

૪. 'મૂલક' એટલે ઉત્પત્તિ થવામાં જે પાયા કે આધાર રૂપ હોય તેવું ઉત્પન્ન કરનાર અસલ કારણરૂપ મૂળવાળું અને મૂળરૂપ.[૪]

૫. 'નવલ' એટલે આશ્ચર્યકારક બીના નવાઈ ભરેલી વાત અદ્‌ભુત નવું નવીન અને નૂતન.[૫]

૬. 'કથા' એટલે વાર્તા.[૬]

૭. 'નવલકથા' એટલે ગદ્યમાં લખેલી કલ્પિત વાર્તા નવી તાર્કિક સાંસારિક કથા.[૭]

ઉપરોક્ત ભગવદ્ગોમંડલના શબ્દાર્થોના આધારે જીવનચરિત્રમૂલક નવલકથાની જુદી જુદી વ્યાખ્યાઓ બાંધી આપવા પ્રયત્ન કર્યો છે.

૧. 'જેમાં કોઈ વ્યકિતવિશેષના જીવતરનું અદ્ભુત કથારૂપે બયાન કરેલું હોય એવું લખાણ એટલે જીવનચરિત્રમૂલક નવલકથા'.

૨. 'જેમાં કોઈ વ્યકિતવિશેષની જિંદગીભરનું વૃત્તાંત નવલકથારૂપે હોય તે પુસ્તક એટલે જીવનચરિત્રમૂલક નવલકથા'.

૩. 'જેમાં કોઈ ખ્યાત વ્યકિતના જીવનની ઈતિવૃત્તકથા નવી તાર્કિકરૂપે કહેવાય હોય તેને જીવનચરિત્રમૂલક નવલકથા કહેવાય છે'.

૪. 'જે કોઈ નામી વ્યકિત જન્મ અને મરણ વચ્ચેનો કાળ જીવી જાણ્યો છે. તેનો ઈતિહાસ નવલકથા ઢબે આલેખવામાં આવે તેને જીવનચરિત્રમૂલક નવલકથા કહેવાય છે'.

૫. 'જેણે ઉત્તમ જીવી જાણ્યું તેની જિંદગીનું વૃત્તાંત નવલકથારૂપે સર્જવામાં આવે તેને જીવન ચરિત્રમૂલક નવલકથા કહેવાય છે'.

૬. 'નવલકથા ઉત્પન્ન કરવામાં જેમનું જીવન પાયા કે આધાર રૂપ અથવા મૂળરૂપ હોય તેવું ચરિત્ર એટલે જીવનચરિત્રમૂલક નવલકથા'.

૭. 'જે વિશિષ્ટ પુરૂષ કે સ્ત્રીના જીવનચરિત્રને અસલ કારણરૂપ નવલકથાના આકારવાળું લખવામાં આવે તે એટલે નવલકથારૂપી જીવનચરિત્ર'.

'બૃહત કોશ'માં 'જીવનચરિત્રમૂલક નવલકથા' અંગે જુદા જુદા શબ્દાર્થો આ પ્રમાણે આપેલ છે. ૧.'જીવન' એટલે જીવવું તે; આયુષ્ય; જિંદગી અને જીવનશકિત. ૨. 'ચરિત્ર' એટલે આચરણ; વર્તન; સ્વભાવ અને જીવનચરિત્ર. ૩. 'મૂલક' એટલે ને આધારે રહેલું અને માંથી નીકળતું. ૪. 'નવલ' એટલે નવું; નવીન. ૫. કથા' એટલે વાર્તા; કહાણી; વર્ણન; ઉલ્લેખ; વાતચીત; સંભાષણ; વિવાદ; ચર્ચા અને કાલ્પનિક ગદ્યવાર્તા.[૬]

'બૃહત કોશ'ના શબ્દાર્થોના આધારે 'જીવનચરિત્રમૂલક નવલકથા'ની વ્યાખ્યાઓ બાંધવાનો પ્રયત્ન કર્યો છે. જે આ પ્રમાણે છે.

૧. 'જેમાં વ્યકિતવિશેષની જિંદગીનું આચરણ નવલકથારૂપે આલેખન પામે છે, તે એટલે જીવનચરિત્રમૂલક નવલકથા.'

૨. ‘જે વ્યકિતવિશેષના આયુષ્યકાળના આચરણને નવલકથારૂપે આલેખવામાં આવે તેને જીવનચરિત્રમૂલક નવલકથા કહેવાય છે.’

૩. ‘જે વ્યકિતવિશેષની જિંદગીનો ઈતિહાસ જીવનચરિત્રાત્મક નવલકથારૂપે આલેખવામાં આવે તે એટલે જીવનચરિત્રમૂલક નવલકથા કહેવાય.’

૪. ‘કોઈ વ્યકિતવિશેષના જીવનચરિત્રને આધારે લખેલી નવલકથા એટલે જીવનચરિત્રમૂલક નવલકથા.’

‘ગાલા યુનિવર્સલ ડિક્ષનરી’માં ગુજરાતી અને અંગ્રેજીમાં જીવનચરિત્રમૂલક નવલકથા અંગે જુદા જુદા શબ્દાર્થો આપ્યાં છે. ૧. ‘જીવન એટલે જિંદગી; **life,** આયુષ્ય; **the period of life.** ૨. ‘ચરિત્ર’ એટલે વર્તન; **character,** આચરણ; **behaviour,** પરાક્રમો; **feats,** સિદ્ધિઓ; **achiements,** જીવનકથા; **biography.** ૩. ‘જીવનચરિત્ર’ એટલે જિંદગીનો અહેવાલ; **a biography,** ૪. ‘નવલ’ એટલે નવલ; **novel,** નવું; **new,** આશ્ચર્યકારક; **wonderfulp.** ૫. ‘કથા’ એટલે વાર્તા; **story,** કહાણી; **tale,** વર્ણન; **narration,** વૃત્તાંત; **description an incidelt.** ૬. ‘નવલકથા’ એટલે ગદ્યમાં લખેલી કલ્પિત; મનોરંજક વાર્તા; **a novel a long; romantic story.** [૯]

‘ગાલા યુનિવર્સલ ડિક્ષનરી’માં અંગ્રેજી શબ્દાર્થો આ પ્રમાણે આપેલ છે. **‘Biography’** એટલે **‘a history of the life of a person written by another’** અર્થાત્ ‘કોઈના જીવનનો બીજાને હાથે લખાયેલો ઈતિહાસ.’ **Biographycal’** એટલે જીવનચરિત્રને લગતું અને **Nov’el’** નવીન પ્રકારનું; વિચિત્ર અને નવલકથા.[૧૦]

આમ ઉપરોક્ત ‘ગાલા યુનિવર્સલ ડિક્ષનરી’ના શબ્દાર્થોના આધારે આ પ્રમાણે વ્યાખ્યાઓ બાંધી આપી છે.

૧. ‘કોઈના જીવનની સિદ્ધિઓ નવીન વૃત્તાંતરૂપે આલેખાય એટલે જીવનચરિત્રમૂલક નવલકથા.’

૨. ‘કોઈના આયુષ્યની સિદ્ધિઓ વાર્તાનું નવું રૂપ ધારણ કરે એટલે જીવનચરિત્રમૂલક નવલકથા સર્જાય છે.’

૩. ‘કોઈની જિંદગીનો અહેવાલ નવીન વાર્તારૂપે કહેવાય એટલે જીવનચરિત્રમૂલક

નવલકથા.'

૪. 'કોઈના જીવનની સિદ્ધિ–મર્યાદાઓ બીજાના હાથે જીવનચરિત્રરૂપે લખાયેલ હોય એને જીવનચરિત્રમૂલક નવલકથા કહેવાય છે.'

૫. **Bioraphical novel means a novel in which life history of a person written by another person is depicted.'**

આમ કોઈ પણ કલાસ્વરૂપની વ્યાખ્યા સંતોષકારક આપવી એ ઘણું મુશ્કેલ કાર્ય છે. કારણ કે કળાપ્રવૃત્તિ આરંભાય છે સર્જકના ચિત્તમાં અને ભાવકના અનુભવમાં એ પૂરી થાય છે. વચ્ચે છે કલાકૃતિ, કલાપદાર્થ અને કલાત્મક અનુભવ પરસ્પર સંકળાયેલાં છે. સર્જક, ભાવક અને કલાપદાર્થ એ ત્રણેયને અલગ પાડી શકાય તેમ નથી. તેમ જ ત્રણેયને એક જ વ્યાખ્યામાં બાંધવાં મુશ્કેલ છે. વળી કળાના ભિન્ન ભિન્ન માધ્યમો છે. આથી કલાને પોતાના આગવાં લક્ષ્યો અને રીતિઓ છે. વિશેષતાઓ અને મર્યાદાઓ છે. તેની એક વ્યાખ્યા બાંધવી અશકય છે.

કળાની વિભાવના હંમેશાં ખુલ્લી છે. એમાં પરિવર્તન થતું રહ્યું છે. દરેક કળાની રચના વિશેની તરકીબો બદલાતી રહી છે. આથી કલાના વિવિધ પ્રકારો કે સાહિત્યના વિવિધ પ્રકારોને નિશ્ચિત વ્યાખ્યામાં બાંધવા મુશ્કેલ છે. એકાદ વ્યાખ્યામાં તેની સઘળી લાક્ષણિકતાઓ સમાઈ જાઈ તે લગભગ અશકય છે. આથી મેલ્વિન રેડર કહે છે. 'વ્યાખ્યા શોધો પણ એના ઉપર વિશ્ર્વાસ રાખો નહીં' તો કાકાસાહેબ કાલેલકર કહે છે. 'કળાની વ્યાખ્યા કરવી તે કળાને હણવા બરાબર છે. કળાની વ્યાખ્યા તર્કશુદ્ધ કરવા જતાં એમાં કળા હણાય છે અને બુદ્ધિ પ્રતિકુળ થઈ બેસે છે.' છતાં સ્વરૂપના પ્રાણતત્ત્વોની સમજ કેળવવામાં વ્યાખ્યાઓ સહાયરૂપ થતી હોય છે. એ અર્થમાં વ્યાખ્યા બાંધવાના પ્રયત્નો આવકાર્ય છે. સ્વરૂપ એક અર્થમાં વહેતો અને વિકસતો પ્રવાહ છે. તેથી વ્યાખ્યાઓને અતિક્રમી ચાલનાર પ્રતિભા વિશેષ પાકે છે. આથી જુદા જુદા વિદ્વાનોએ કળા અને કળાના પ્રકાર વિશે તથા સાહિત્ય અને સાહિત્યના વિવિધ સ્વરૂપો વ્યાખ્યામાં મૂકવાનો પ્રયાસ કર્યો છે, જે અત્યંત જરૂરી પણ છે.

'જીવનચરિત્રમૂલક નવલકથા' મારા અભ્યાસનો વિષય હોવાથી સર્વપ્રથમ 'જીવનચરિત્ર'ની વ્યાખ્યા અંગે વિચારણા કરવી જરૂરી છે. જીવનચરિત્રની સંતોષકારક વ્યાખ્યા આપવી એ મુશ્કેલ છે. વ્યાખ્યા બાંધવામાં અતિવ્યાપ્તિના દોષમાં સરકી જવાની સંભાવના રહેલી છે. આથી ડૉ.સુરેશ જોશી કહે છે કે 'કોઈ પણ વ્યાખ્યા જે તે સાહિત્ય

સ્વરૂપની અંતિમ વ્યાખ્યા હોઈ શકે નહિ.' **Working definition**થી સમજને સ્પષ્ટ કરી, સ્વરૂપનાં પ્રાણતત્ત્વો સમજવાનો નમ્ર પ્રયત્ન છે. 'જીવનચરિત્રમૂલક નવલકથા'ની વ્યાખ્યા બાંધવા માટે પ્રથમ 'જીવનચરિત્ર'ની વ્યાખ્યાઓ તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે.

૧. 'કોલસ્ ડિક્ષનરી ઓફ લિટરરી ટર્મ્સ'માં જીવનચરિત્ર અંગે આ પ્રમાણે વ્યાખ્યા આપી છે.

The history of life of a particular person written by someone else'[૧૧]

અર્થાત્ 'જીવનકથા એટલે અન્ય વ્યકિત દ્વારા લખાયેલ વિશિષ્ટ વ્યકિતના જીવનનો ઈતિહાસ.'

૨. 'ધ ઓકસફર્ડ' અંગ્રેજી ડિક્ષનરીમાં જીવનકથાની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે. **"The history of lives of individual men a branch of Literature"** [૧૨] અથાત્ 'જીવનકથા એટલે સાહિત્યની એક શાખા તરીકે વ્યકિતવિશેષોના જીવનનો ઈતિહાસ.'

૩. 'ઍવ્રીમેન્સ ઍન્સાકલોપીડિયા'ની વ્યાખ્યા આ પ્રમાણે છે. **"That branch of literature which deals with the lives of individual men"**[૧૩] અર્થાત્ 'વ્યકિતવિશેષના જીવન ને સ્પર્શતી સાહિત્યની શાખા.'

૪. જહૉન ડ્રાઈડને આ પ્રમાણે વ્યાખ્યા આપી છે. **".....history of particular men's lives."**[૧૪] અર્થાત્ 'વિશિષ્ટ વ્યકિતઓના જીવનનો ઈતિહાસ.'

૫. આન્દ્રે મોર્વાએ આપેલી વ્યાખ્યા આ મુજબ છે. **"Biography is the story of the evolution of a human soul."**[૧૫] અર્થાત્ 'માનવ–આત્માના વિકાસનું વૃત્તાંત.'

૬. ડબ્લ્યુ એચ.ડને જીવનચરિત્રની વ્યાખ્યા આ મુજબ આપી છે. **'A true biography is the narrative from birth to death of one man's life in its outward manifestations and inward workings.'** અર્થાત્ 'માનવીના બાહ્ય આવિષ્કરણ અને તેના આંતરિક વૃત્તિવ્યાપારોનું તેના જન્મથી અવસાન સુધીનું વૃત્તાંત.'

૭. શ્રી કે.આર.શ્રીનિવાસ આયંગરની વ્યાખ્યા આ પ્રમાણે છે. **A biography may be defined as the story of an individual's life in its objective reactions as well as its subjective realization's.**[૧૬] અર્થાત્ 'વ્યકિતના જીવનને પરલક્ષી પ્રતિભાવો અને આત્મલક્ષી સિદ્ધિઓની કથા.'

૮. ડૉ.ઉપેન્દ્ર ભટ્ટે તેમના ગ્રંથમાં આ પ્રમાણે વ્યાખ્યા બાંધી છે. 'જીવનચરિત્ર એટલે

વ્યકિતના જીવન અને વ્યકિતત્વનું તેના બાહ્યાંતર વિકાસ અને સિદ્ધિ–અસિદ્ધિ સાથે, તેના જ યુગની પાશ્ચાદ્ભૂમિકા ઉપર, સાહિત્યિક એવી શૈલી વડે કરાયેલું કલાયુકત જીવન ચિત્રણ.'[૧૭]

ઉપરોકત વ્યાખ્યાના તારણરૂપે કહી શકાય કે, 'જીવનચરિત્ર' એટલે સાહિત્ય સ્વરૂપોની એક શાખા, અન્ય વ્યકિત દ્વારા લખાયેલ વ્યકિતવિશેષના જીવનનો ઈતિહાસ, પણ અહીં 'ઈતિહાસ'નો ચુસ્ત અર્થ લેવાનો નથી. માત્ર વિગતોનું તથ્ય **(fact)** જાળવવાનું છે. વ્યકિતવિશેષ, વિશિષ્ટ વ્યકિત કે ચોકકસ વ્યકિત મુખ્યપાત્ર–કથાનાયક બની શકે છે. વ્યકિતના જન્મથી અવસાન સુધીના બાહ્ય અને આંતરિક વૃત્તિવ્યાપારો, પરલક્ષી અને આત્મલક્ષી સિદ્ધિઓ અને નિષ્ફળતાઓ તથા માનવ–આત્માના વિકાસની કથા આલેખાયેલ હોય તેને જીવનચરિત્ર કહેવાય છે.

જોસેફ ટી. શીપ્લેએ નવલકથાના વારંવાર બદલાતા રહેલા, ચંચળરૂપ **(Most protean)**ને ધ્યાનમાં રાખી એની સર્વસંમત વ્યાખ્યા બાંધવાના કાર્યને અઘરું લેખ્યું છે. વૉલ્ટર એલને તો પોતે નવલકથાની વ્યાખ્યા બાંધવાનો પ્રયત્ન જ નહીં કરે એમ કહીને આ કામમાંથી હાથ ધોઈ નાખ્યા છે. આમ સતત પરિવર્તનશીલ રહેલાં કોઈ પણ સાહિત્ય સ્વરૂપની વ્યાખ્યા બાંધવાનું કાર્ય કઠિન છે. છતાં અભ્યાસીઓ પોતાના અભ્યાસ ખાતર એ કાર્ય કરે છે. આથી વિદ્વાનોએ નવલકથાની વ્યાખ્યાઓ આપવાના પ્રયત્નો કર્યા છે. આ વ્યાખ્યાઓ ભલે સંપૂર્ણપણે સ્વીકાર્ય ન હોય પણ એમાંથી કેટલીક વ્યાખ્યાઓ, લક્ષણો અને સ્વરૂપને સમજવાની ચાવી તો પૂરી પાડે છે. આથી મારા અભ્યાસને ધ્યાનમાં રાખી 'નવલકથા'ની જુદી જુદી વ્યાખ્યાઓ અંગે વિચારણા કરવી જરૂરી છે. એટલે 'નવલકથા'ની જુદી જુદી વ્યાખ્યાઓ અહીં મૂકી આપી છે.

૧. પર્સી લબક 'ધ ક્રાફટ ઓફ ફિકશન'માં લખે છેઃ **'A novel is a portrait... and there is more in portrait than the 'Likeness' Form, desigh composition are to be sought in a novel.'** અર્થાત્ 'નવલકથા પ્રતિકૃતિ છે અને પ્રતિકૃતિમાં 'છબી' કરતાં કંઈક અધિક હોય છે. નવલકથામાં આકાર, નકશી અને રચનાનો પણ પ્રયત્ન થતો હોય છે.'

૨. અમેરિકન નવલકથાકાર મેરી મેકાર્થી આ પ્રમાણે વ્યાખ્યા આપે છેઃ **A prose book of a certain thickness that tells a story of real life.'** અર્થાત્ 'વાસ્તવ

જીવનની કથા કહેતી, ચોકકસ પ્રકારના ઘટ્ટ પોતવાળી ગદ્યકૃતિ.'

૩. હેન્રી જેઈમ્સ 'ધ આર્ટ ઓફ ફિકશન'માં નવલકથાની વ્યાખ્યા નોંધે છેઃ **A novel is, in its broadest definition, personal, a direct impression of life.'** અર્થાત્ 'નવલકથા, એના વ્યાપક અર્થમાં વ્યકિતગત જીવનના પ્રત્યક્ષ સંસ્કાર છે.'

૪. ઓકસફર્ડ ડિક્ષનરીમાં જણાવ્યું છે તે પ્રમાણેઃ **A fictious prose narrative of considerable length, in which character and actions representative of real life are portrayed in a plot of more or less complexity.'** અર્થાત્ 'એકંદરે દીર્ઘ એવી, ગદ્યમાં રચાયેલી કલ્પિત કથા. જેમાં સંકુલતા ધરાવતી વસ્તુસંકલનાને આધારે વાસ્તવ જીવનના પ્રતિનિધિરૂપ કાર્યોનું અને માનવીઓનું ચિત્રણ કરવામાં આવ્યું છે'

૫. ચેમ્બર્સ ટ્વેન્ટીએથ સેન્ચુરી ડિક્ષનરીમાં આ પ્રમાણે વ્યાખ્યા આપેલ છેઃ **'A fictious prose narrative of tale presenting a picture of real life, especially of the emotional crisis in the life history of men and women portrayed.'** અર્થાત્ 'વાસ્તવ જીવનને–વિશેષ, નવલકથામાં સ્થાન પામેલાં સ્ત્રી–પુરુષોના જીવન ઈતિહાસમાં પ્રગટતા મનઃસંઘર્ષોને–રજૂ કરતી ગદ્યમાં રચાયેલી કલ્પિત કથા.'

૬. સ્ટેનધન કહે છે કે, **Novel is a mirror passing down the road.** અર્થાત્ 'નવલકથા પસાર થતા માર્ગનું ચિત્રણ છે.'

૭. એન્સાઈકલોપીડયા બ્રિટાનિકામાં નવલકથાની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે. 'નવલકથા માનવજીવનના સત્યનું યથાર્થ પર આધારિત વાસ્તવિક ચિત્રણ.'

૮. ગુજરાત વિદ્યાપીઠના 'સાર્થ જોડણીકોશ'માં આ પ્રમાણે વ્યાખ્યા આપી છે. 'ગદ્યમાં રચાયેલી કલ્પિત વાર્તા.'

ઉપરોકત વ્યાખ્યાઓમાં નવલકથાના ઘણા બધા પ્રકારોનો સમાવેશ થઈ જાઈ છે. આ વ્યાખ્યાઓની સર્વમાન્ય વિશેષતાઓ આ પ્રમાણે છે. નવલકથા પ્રતિકૃતિ છે અને પ્રતિકૃતિમાં 'છબી' કરતાં કંઈક અધિક હોય છે. વાસ્તવ જીવનની ગદ્યકથા, વ્યકિત જીવનના પ્રત્યક્ષ સંસ્કાર, સ્ત્રી–પુરુષના જીવન ઈતિહાસમાં પ્રગટતા મનઃસંઘર્ષો, પસાર થયેલાં માર્ગનું

ચિત્રણ અને માનવ જીવનના સત્યનું યથાર્થ પર આધારિત વાસ્તવિક ચિત્રણ વગેરે વિશેષતાઓમાં જીવનચરિત્રમૂલક નવલકથાનો વિષયવસ્તુની દષ્ટિએ સમાવેશ થાય છે.

આમ, ઉપરોક્ત 'જીવનચરિત્ર' અને 'નવલકથા'ની વ્યાખ્યાઓના આધારે 'જીવનચરિત્રમૂલક નવલકથા'ની વ્યાખ્યા બાંધવાનો પ્રયત્ન કર્યો છે.

'વ્યકિતવિશેષનું જીવન અને વ્યકિતત્વ નવલકથારૂપે તેના જ યુગના સાચા પાત્રો, પ્રસંગો અને પાશ્ચાદ્ભૂમિકા ઉપર સાહિત્ય બની, તથ્ય અને સત્યને જાળવી કલ્પના ઉમેરી સર્જનાત્મક અને રસાનંદ અર્પે એવી કૃતિને જીવનચરિત્રમૂલક નવલકથા કહી શકાય.'

આમ ઉપરોકત જીવનચરિત્ર અને નવલકથાની સંજ્ઞાઓ તથા વ્યાખ્યાઓ દ્વારા જીવનચરિત્રમૂલક નવલકથાની વ્યાખ્યાઓ બાંધવાનો પ્રયત્ન કર્યો છે. જીવનચરિત્રમૂલક નવલકથા સ્વરૂપ સદા સર્જાતું અને નવા ઉન્મેષો ધરતું રહ્યું છે. એટલે એને વ્યાખ્યાની પરિધિમાં બાંધવું મુશ્કેલ કાર્ય છે. છતાં પણ તેનાં વિશિષ્ટ લક્ષણોના આધારે વ્યાખ્યાઓ બંધવાનો પ્રયત્ન કર્યો છે. આજે બાંધેલી વ્યાખ્યા કાલે મિથ્યા પુરાવાર થાય એવું પણ બની શકે છે. ભવિષ્યમાં કેટલાંક લક્ષણો ઉમેરાય કે ત્યાજય પણ બને એવી પરિસ્થિતિ સર્જાય. છતાં આ બધા જોખમને વહોરી મારા અભ્યાસને ઘ્યાનમાં રાખી જુદી જુદી વ્યાખ્યાઓ બાંધવાનો ફરી પ્રયત્ન કર્યો છે.

'જીવનચરિત્રમૂલક નવલકથા'ની વ્યાખ્યા અંગે ખાખાંખોળાં કરતાં માત્ર અંગુલિ નિર્દેશ બની રહે એવી સંજ્ઞા પ્રાપ્ત થાય છે. 'ગુજરાતી સાહિત્યકોશ ખંડઃ ત્રણ'માં જર્મન વિવેચકો દ્વારા વપરાયેલી સંજ્ઞા આ પ્રમાણે છે.

૧. **Kimstlerroman**–સર્જકનવલ.

'સર્જક કે કલાકારના વિકાસ પર કેન્દ્રિત નવલકથા.'

૨. **Bildungsroman**–વિકાસનવલ.

'નાયકના શૈશવકાળથી માંડી એની પુખ્તતા પર્યંતના ઉછેર વિકાસને નિરૂપતી નવલકથા.'

આમ જર્મન વિવેચકો દ્વારા વપરાયેલી સંજ્ઞાને આધારે કહી શકાય કે જીવનચરિત્રમૂલક નવલકથાના બે ભેદ પડે છે. ૧. સર્જક નવલ અને ૨. વિકાસ નવલ. સર્જક નવલકથા સર્જકના વિકાસ પર કેન્દ્રિત હોય છે. જયારે વિકાસ નવલકથામાં કથાનાયક કે

નાયિકાના બાળપણથી માંડી એની પુખ્તતા સુધીનો ઉછેર–વિકાસ નિરૂપાય છે.

'ઉદ્‌ઘોષ'માં મફત ઓઝાએ જીવનચરિત્રમૂલક નવલકથાની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે.''જીવનચરિત્રમૂલક નવલકથા લખનારે જીવનકથા નથી લખવાની. પણ જીવનચરિત્ર અને નવલકથાનો નાભિ–નાળનો સંબંધ જાળવી, વ્યકિતના–ચરિત્રનાયકના જીવનમાં જે બન્યું હોય તે કહેવાનું હોય છે. મૂળની હકીકતો જોડે તરડમરડ કરી, કલ્પનાને ઘુસાડી, મૂળ બનાવ કે ઘટનામાં લેખકે દૃષ્ટિબિંદુ દાખલ કરી નવું અને જુદુ અર્થઘટન કરી, જીવનચરિત્ર અને સર્જકતાને વફાદાર રહી જે કલાત્મક સર્જન કરવામાં આવે છે તે એટલે જીવનચરિત્રમૂલક નવલકથા કહેવાય છે.''[૧૮]

ઉપરોકત સંજ્ઞાઓ અને વ્યાખ્યાઓ અંગે વિચારણા કરી 'જીવનચરિત્રમૂલક નવલકથા' અંગે એક વ્યાખ્યા બાંધવી મુશ્કેલ હતી. એટલે જુદી જુદી વ્યાખ્યાઓ બાંધી આપી છે.

૧. 'જીવનચરિત્રમૂલક નવલકથા એટલે જીવનચરિત્ર અને કલ્પનાનું સુંદર મિશ્રણ.'

૨. 'જીવનચરિત્રમૂલક નવલકથા એટલે વ્યકિતના જીવનનો આવિષ્કાર.'

૩. 'જીવનચરિત્રનો સાર તારવીને વિકસાવેલી ખીલવેલી ભાવસંપન્ન કથા એટલે જ જીવન–ચરિત્રમૂલક નવલકથા.'

૪. 'કોઈ એક વિશેષતઃ માનવીનું જીવન નવલકથારૂપે આકાર પામે તેને જીવનચરિત્રમૂલક નવલકથા કહેવાય છે.'

૫. 'જે નવલકથામાં વ્યકિતવિશેષનું જીવન અને વ્યકિતત્વ નિરૂપિત થાય એટલે જીવન–કથાત્મક નવલકથા.'

૬. 'કોઈ પણ વ્યકિતના જીવનનું વૃત્તાંત નવલરૂપી શબ્દદેહ પામે તેને જીવનચરિત્રમૂલક નવલકથા કહી શકાય.'

૭. 'અતીત કે સાંપ્રત વ્યકિતના જીવન આધારિત કથાવસ્તુ, પ્રસંગો, ઘટનાઓ, મુખ્યપાત્ર આધારિત અન્ય પાત્રો, વાતાવરણ, મનોરંજન રસવાહક વગેરે કથાના સ્વરૂપમાં વાસ્તવિક કલ્પનાથી ખૂટતાં અંકોડા ગૂંથી, કલાત્મક રીતે જીવંત બનાવી આલેખવાનો પ્રયાસ કરે છે,એવા પ્રકારની નવલકથાઓને જીવનચરિત્રમૂલક નવલકથા કહી શકાય.'

૮. 'જીવનચરિત્રની શુષ્કતાને પાર કરી, ભૂતકાળને પુનર્જીવિત કરવાનો કલાત્મક પ્રયાસ

કરવામાં આવે છે. છતાં જીવનચરિત્ર લુપ્ત થતું નથી એવા પ્રકારની નવલકથા એટલે જીવનચરિત્રમૂલક નવલકથા.'

૯. 'જીવનચરિત્રમૂલક નવલકથા એટલે કોઈ એક વ્યકિતવિશેષના જીવનનો બાહ્યાન્તર વિકાસ, ગુણ–અવગુણ, સિદ્ધિ–અસિદ્ધિ સાથે તેના જ યુગની પશ્ચાદ્ભૂમિકા, તથ્ય–સત્ય કે હકીકતમાં ખૂંટતી કડીરૂપ કલ્પના, કથાનાયકનું જીવન, વ્યકિતત્વ અને જીવનકાર્યનું પ્રમાણબદ્ધ ક્રમિક અને જિજ્ઞાસાપૂર્ણ કલાત્મક શૈલી વડે કરાયેલું ચિત્રણ.'

૧૦. 'જીવનકથાની શાસ્ત્રીયતા, સત્યતા, હકીકતતા અને વાસ્તવિકતા સાથે નવલકથાની કલ્પનોત્થતા, સંભવ્યતા, સર્જનાત્મકતા અને કલાત્મકતાના સીમાડાઓ મળે છે, ત્યારે જીવનચરિત્રમૂલક નવલકથા જન્મે છે.'

૧૧. 'વ્યકિતવિશેષના જીવનના તથ્યો અને ઘટનાઓનું કલ્પનાકેન્દ્રી પુનર્ઘટન એટલે જીવનચરિત્રમૂલક નવલકથા.'

૧૨. 'વ્યકિતવિશેષના જીવનના આલેખનમાંથી વ્યકિતત્વને પામી શકાય તેને જીવનકથાત્મક નવલકથા કહેવાય છે.'

૧૩. વ્યકિતવિશેષ જીવનનો સંપૂર્ણ અથવા વિશિષ્ટ જીવનખંડનો અન્ય વ્યકિતએ નવલકથારૂપે લખેલો વૃત્તાંત એટલે જીવનચરિત્રમૂલક નવલકથા.

જીવનચરિત્રમૂલક નવલકથાની સંજ્ઞા, વ્યાખ્યા, નવલકથાની પ્રસ્તાવના, અને વિદ્વાનોના મંતવ્યોના આધારે સ્વરૂપગત વિભાવના બાંધવાનો પ્રયત્ન કર્યો છે. માનવજીવન સાહિત્યના કોઈ પણ સ્વરૂપમાં કેન્દ્રસ્થાને હોય છે. એ સાહિત્યના કોઈ પણ સ્વરૂપ માટે સામગ્રી બને છે. જીવનચરિત્રમૂલક નવલકથામાં કોઈ વિશિષ્ટ વ્યકિતના જીવનની સામગ્રી જયારે સર્જકની સંવેદનશીલ કલ્પનાનું નિમિત્ત બનીને આલેખાય છે. વ્યકિતવિશેષના વાસ્તવિક જીવનને આધારભૂત રાખી તેની વિગતો નિરૂપાય છે. ત્યારે એ સ્વરૂપ **fictional** બને છે. એ સર્જનાત્મક સાહિત્ય **(Literature of power)** તરીકે ઓળખાય છે. નવલકથાનું મુખ્ય ધ્યેય સૌન્દર્યલક્ષી રસાનંદ આપવાનું રહ્યું છે. નવલકથામાં વાસ્તવિક જીવન સાથે કેટલુંક કલ્પિત માનવીઓની સંસારલીલાનું નિરૂપણ થતું હોય છે. જયારે જીવનચરિત્રમાં સાચાં, અમુક સ્થળકાળમાં જીવી ગયેલાં ચોકકસ માનવીઓની જીવનલીલાનું નિરૂપણ કરવામાં આવે છે. જીવન કશા રૂપરંગ વગર વાસ્તવિક રૂપમાં રજૂ થાય છે. જીવનચરિત્રમૂલક નવલકથામાં એ

બન્ને સ્વરૂપે રજૂ થાય છે. ઘટના કે પ્રસંગોના અંકોડા મેળવવા અને નવું અર્થઘટન ઉમેરવા નિરૂપણરીતિમાં ખપ પૂરતી કલ્પનાનો આશરો લે છે.

જીવનચરિત્રાત્મક નવલકથાના સર્જનની પ્રેરકવૃત્તિ કે શકિત માટે માનવ સહજ સ્વભાવ કારણભૂત મનાયો છે. પ્રાચીનકાળથી મનુષ્યે અસાધારણ કે વિશિષ્ટવ્યકિત વિશે રસ અને જિજ્ઞાસા દાખવ્યાં છે. 'રામાયણ', 'મહાભારત', 'ઈલિયડ', 'ઓડેસી', 'ઈનીડ' અને 'શાહનામું' વગેરેમાં કથાનાયકના ભવ્ય જીવનકાર્યને માનવસમાજ પોતાના જીવનવિકાસ માટે પ્રેરણાસ્ત્રોત માને છે. જીવન કેવી રીતે જીવવું તેની દિશા મળે છે. આ મહાકાવ્યોમાં વીરપ્રધાન કાવ્યો વિશ્વના દેશોની સાંસ્કૃતિક મૂડી છે. આવા વ્યકિતવિશેષના જીવનના અનુભવમાંથી માનવીને બોધ લેવો પણ ગમતો હોય છે. મહાપુરુષો કે વ્યકિતવિશેષની આવી જીવનકથાત્મક નવલકથાઓ વાચકોને જીવનયાત્રામાં પ્રેરક અને પથદર્શક બની રહે છે. આપણું અમુલખ જીવન એનાં જેવું ઉન્નત બનાવી શકીએ એવી આત્મશ્રદ્ધા જગાડે છે.

જીવનચરિત્રમૂલક નવલકથામાં કોઈ વ્યકિતવિશેષના જીવનની કથા આપવામાં આવે છે. સમયરેખા નાયકના જન્મ અને મરણ વચ્ચે મર્યાદિત બને છે. ચરિત્રનાયકને લગતી માહિતી અને વિગતો ભેગાં કરી, એમની યથાર્થતા ચકાસી અને સત્ય હકીકતો તારવી લઈ નવલકથારૂપે આલેખવામાં આવે છે. વ્યકિતવિશેષની કથા હોવાથી ચરિત્રનાયક કેન્દ્ર સ્થાને હોય છે અને અન્ય વ્યકિતઓ ગૌણ હોય છે. કથાનાયકના જીવનપ્રસંગોની પશ્ચાદ્ભૂમિના જન્મ અને ઉછેરના સ્થાનોનું પ્રાકૃતિક સૌંદર્ય અને સમય રંગોથી ભરેલાં વાતાવરણનો પ્રભાવ વર્ણવે છે. વ્યકિતની અંગતવૃત્તિઓ અને બાહ્યાભિવ્યકિતઓનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી સર્જનાત્મક અને કલાત્મક નિરૂપણ કરે છે. નવલકથા એ અર્વાચીન સાહિત્ય ઉપવનનું અપૂર્વ કુસુમ છે. નવલકથા આપણું સૌથી વધુ લોકપ્રિય અને માયાવી સાહિત્યસ્વરૂપ છે. નવલકથાએ સતત પ્રવાહી સાહિત્યસ્વરૂપ છે.

'લિટરેચર ઑફ પાવર'માં સમાવેશ પામતું આ સાહિત્યસ્વરૂપ હજું વિકસી રહ્યું છે. રચનાબંધ તથા શિલ્પવિધિઓની નૂતન વિભાવનાઓથી સતત છટકતું રહ્યું છે. ગુજરાતી સાહિત્યમાં છેલ્લાં થોડાંક વર્ષોમાં અન્ય સાહિત્ય સ્વરૂપોની સરખામણીમાં નવલકથાનું સ્વરૂપ વિશેષ સમૃદ્ધ અને માતબર બન્યું છે. હાલ સૌથી વધુ વંચાતું, લખાતું અને છપાતું કોઈ

લોકપ્રિય સાહિત્ય સ્વરૂપ હોય તો તે નિઃશંક નવલકથા છે. નવલકથા સ્વરૂપ પૂરી મોકળાશથી ફુલી અને ફાલી રહ્યું છે. કેટલાક પ્રયોગશીલ નવલકથાકારોને કારણે ગુજરાતી નવલકથાને એક નવી દિશા સાંપડી છે. ૧૮૬૬માં નંદશંકર મહેતા દ્વારા આરંભાયેલ નવલકથા ‘કરણઘેલો’થી માંડી આજ સુધીમાં નવલકથા સ્વરૂપ વિશેની આપણી વિભાવના પરિવર્તન પામતી આવી છે. તો જીવનચરિત્રમૂલક નવલકથાની વિભાવના સ્પષ્ટ કરવા માટે, જીવનચરિત્રમૂલક નવલકથાની પ્રસ્તાવમાં અને વિદ્વાનોએ જે અભિપ્રાયો આપ્યાં છે, તેના આધારે સ્વરૂપગત વિભાવના અને લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

વિશ્વમાં સૌથી વધુ વંચાતું અને ખેડાતું સ્વરૂપ નવલકથાનું છે. ખૂબ જ જીવંત છે. નવલકથામાં વિષયવસ્તુ તરીકે ગમે તે વિષયને લઈ શકાય છે. છતાં નવલકથાની સફળતાનો આધાર સર્જક શું કહેવા માગે છે તે કરતાં એ કઈ રીતે પોતાની વાત કહે છે તેના પર છે. હમણાં નવલકથાની વસ્તુ પસંદગીના અને કહેવાની રીતના નવા નવા પ્રયોગો ધ્યાન ખેંચે છે. એવો એક પ્રયોગ વ્યકિતવિશેષના જીવનની સામગ્રીને આધારે અંગ્રેજી સાહિત્યમાં ઈરવીંગ સ્ટોનને પ્રથમ કર્યો છે. જે જીવનચરિત્રમૂલક નવલકથા તરીકે ધ્યાનાકર્ષક બન્યો છે. આમ જીવનચરિત્રને નવલકથારૂપે આલેખતી થોડીક જીવનચરિત્રમૂલક નવલકથાઓ મળી છે. એના આધારે જીવનચરિત્રમૂલક નવલકથાના વિભાવના અને લક્ષણો અને બાંધવાં પ્રયત્ન કર્યો છે. જીવનચરિત્રમૂલક નવલકથાની લાક્ષણિકતાઓ બાંધવા માટે આ નવલકથાઓની કેટલીક પૂર્વભૂમિકા, પ્રસ્તાવના નોંધ અને લેખક કે વિદ્વાનોની જીવનચરિત્રમૂલક નવલકથા વિશેની સમજને આધારે જે વિશિષ્ટતાઓ મળી છે. તેનો અભ્યાસ કરી જીવનચરિત્રમૂલક નવલકથાની સ્વરૂપગત વિભાવના બાંધવાનો ઉપક્રમ રાખ્યો છે.

‘ચરિત્રાત્મક સાહિત્ય’ લેખમાં દિનકર જોષી નોંધે છે કે, ‘‘જીવનકથનાત્મક નવલકથાઓનો એક નવો જ સાહિત્યપ્રકાર હમણાં આપણે ત્યાં વિકસી રહ્યો છે. બંગાળીમાં આત્મકથનાત્મક કહી શકાય એવી નવલકથાઓ ‘ન હન્યતે’ (મૈત્રેયી દેવી) અને ‘શ્રીકાન્ત’ (શરદબાબુ) છે. આપણે ત્યાં જેને ખાસ પ્રકારે આત્મકથનાત્મક કહી શકાય એવી નવલકથા ધ્યાનમાં આવતી નથી. આમ છતાં જીવનકથનાત્મકરૂપે લખાયેલી થોડીક નવલકથાઓ હાથ વગી થઈ છે ખરી આ પ્રકારમાં નર્મદના જીવનચરિત્રને આલેખતી ‘એક ટુકડો આકાશનો’ અને

મહાત્મા ગાંધીજીના જયેષ્ઠ પુત્ર હરિલાલ ગાંધીના જીવનને આલેખતી 'પ્રકાશનો પડછાયો' એમ બે નવલકથાઓ લખી છે. આ જાતના આલેખનમાં કથાનાયકના સમગ્ર જીવન વિષે પ્રાપ્ત થતું મુદ્રિત કે અમુદ્રિત એવું સાહિત્ય, વ્યકિતગત પત્રો કે પછી સંપર્કો પર મુખ્યત્વે આધાર રાખવો પડે પણ જયારે કથાનાયક નજીકના ભૂતકાળની વ્યકિત હોય ત્યારે એના સંસર્ગમાં આવેલી અન્ય જે હયાત વ્યકિતઓ હોય એનોય ખ્યાલ રાખવો પડે છે કયાંક પત્રો દ્વારા મળેલી માહિતીને સંવાદોમાં મૂકીને નવલકથાના કલા સ્વરૂપને વફાદાર રહેવું પડે આમ છતાં જે કડીઓ ઉપલબ્ધ ન જ થાય અથવા પરસ્પર વિરોધાભાસી હોય ત્યાં લેખકની પહેલી વફાદારી એના કલાસ્વરૂપ નવલકથા તરફ જ રહેવાની અને કથાનાયકના ચરિત્રના સાતત્યને અનુકૂળ હોય એમ કશીક વધઘટ અનિવાર્ય બની જાય આમ છતાં મૂળભૂત રીતે આત્મકથા કે જીવનકથાની સચ્ચાઈનો ભોગ ન જ લઈ શકાય, માત્ર એમાં કલાના ભાતીગળ રંગો ઉમેરી શકાય ''[૧૯]

ઉપરોકત વિધાન પરથી સાબિત થાય છે કે, આત્મચરિત્રમૂલક અને જીવન–ચરિત્રમૂલક નવલકથાઓ ચરિત્રસાહિત્યના પેટાભેદો છે. ગુજરાતીમાં 'જિંદગી સંજીવીની' પન્નાલાલ પટેલની આત્મકથાત્મક નવલકથા છે. જેમાં જીવનચરિત્રાત્મક નવલકથા અંગે અભ્યાસ કરતા ઓગણીસ નવલકથાઓ મળી છે. જે મારા અભ્યાસનો વિષય બની છે. જીવનચરિત્રમૂલક નવલકથાકાર કથાનાયક વિશે લખાયેલ સાહિત્ય, પત્રો, લોકોની વાતો અને સંપર્કમાં આવેલી વ્યકિતઓને મળી નવલકથાનું સર્જન કરે છે. કથાનાયકના ચરિત્રનું સાતત્ય જાળવી સામગ્રીમાં વધઘટ કરી જીવનચરિત્રની સચ્ચાઈ ને વફાદાર રહી કલાના ભાતીગળ રંગો ઉમેરી જીવનચરિત્રમૂલક નવલકથા સર્જે છે.

જયંત ગાડીત પરબ સામાયિકમાં નોંધે છે કે, ''લોકભોગ્ય નવલકથાઓના સર્જક તરીકે જાણીતા દિનકર જોષીએ 'એક ટુકડો આકાશનો' (૧૯૮૪) તથા 'પ્રકાશનો પડછાયો' (૧૯૮૮)એ બે કૃતિઓ દ્વારા ચરિત્રાત્મક નવલકથા **(Biographical novel)**નો એક વિશિષ્ટ પ્રકાર ખેડી ઘ્યાન ખેચ્યું છે. પન્નાલાલ પટેલે પણ આ પ્રકારની કૃતિઓ રચી છે. પણ એમાં પન્નાલાલ સફળ રહ્યા નથી. ચરિત્રાત્મક નવલકથા કોઈ ઐતિહાસિક વ્યકિતના જીવનમાં બનેલી સત્યઘટનાઓ પર અવલંબિત હોય, છતાં એ ચરિત્રથી જુદી છે. એમાં

ચરિત્રનાયકનું જીવન સર્જકની દષ્ટિથી અનુપ્રાણિત થઈ એક વિશિષ્ટ અર્થ ધારણ કરે છે અને સર્જક ચરિત્રનાયકના જીવનમાંથી એ અર્થ ઊપસી આવે એવી ઘટનાઓ પસંદ કરે છે. એને ચરિત્રકારની જેમ ચરિત્ર નાયકના જીવનની બધી વિગતો આપવી જરૂરી નથી બનતું. દિનકર જોશી ઉપર્યુકત બન્ને કૃતિઓમાં આવી ચરિત્રાત્મક નવલકથા આપવામાં ઠીક ઠીક સકળ રહ્યા છે.''[૨૦]

આમ જયંત ગાડીત જીવનચરિત્રમૂલક નવલકથાને ચરિત્રાત્મક નવલકથાનો એક પ્રકાર ગણે છે. આ પ્રકારની નવલકથા જીવનચરિત્રથી જુદી હોય છે. પણ વ્યકિતના જીવનની સત્યઘટનાઓ પસંદ કરી, સર્જક કથાનાયકના જીવનનું વિશિષ્ટ અને નવું અર્થઘટન વ્યકત કરે છે.

'બાલાજોગણ'ની પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં રમણલાલ વ. દેસાઈ નોંધે છે કે, ''બાલાજોગણ' એ મીરાંની કથા. મીરાં સંબંધી ગુજરાતી, અંગ્રેજી અને હિંદીમાં ઠીક ઠીક સાહિત્ય પ્રગટ થયું છે. અને મધ્યકાલીન ભકિતમાર્ગના પ્રવાહો ઉપર પણ અંગ્રેજી અને ગુજરાતીમાં સારું સાહિત્ય પ્રગટ થયું છે. જેની એક નાની નોંધ આ સાથે આપી છે. મીરાંના નવા અભ્યાસીઓને એથી સુગમતા થશે. હિન્દી સાહિત્યકારોએ પણ મીરાં વિષે સાચી શોધ ખોળ કરેલી છે. એ બધું સાહિત્ય જોઈ, વિચારી, દંતકથાઓની પાછળ રહેલા હાર્દનો મારી અલ્પમતિ પ્રમાણે ઉકેલ શોધી, મીરાં વિષે અને મીરાંના સમય વિષે આ નવલકથા લખી છે. મારા હૃદયમાં મીરાંની જે મૂર્તિ ઊભી થઈ ચૂકી છે એને હું સમજ યોગ્ય વાણીમાં ઉતારી શકયો હોઉ તો બસ. બાકી મીરાં તો એક એવી અદ્ભુત વ્યકિત છે જેને ઓળખવા પ્રત્યેક યુગ પોત પોતાના પ્રયાસો કર્યે જ રાખે છે. મીરાં અને ઈતિહાસને અન્યાય ન થાય એવો પ્રયત્ન આછી પાતળી પણ સફળતા પામ્યો હોય તો બસ. મેવાડનો ઈતિહાસ પણ મીરાંનાં દર્શન વગર અધૂરો જ રહે. મીરાનાં કેટલાંક હિંદી અને મારવાડી ભાષામાં ઊતરેલાં ગીતોનું બને એટલું અસલ સ્વરૂપ રાખી ગુજરાતીકરણ મેં કર્યું છે એ પણ અત્રે નોંધી લઉ.''[૨૧]

આમ 'બાલાજોગણ' નવલકથા મીરાંનાં જીવન પર લખાયેલ છે. મીરાં અને એના સમયના ઈતિહાસને આલેખે છે. મીરાં તથા ઈતિહાસને અન્યાય ન થાય એની જાગૃતિ સર્જકે રાખી છે. મીરાં સંબંધી સાહિત્ય મેળવી, વિચારી અને દંતકથાઓની પાછળ રહેલા હાર્દને

પોતાની બુદ્ધિ પ્રમાણે ઉકેલી મીરાંની પ્રેમમૂર્તિ કંડારી છે.

મીરાંના જીવન પર લખાયેલ જીવનચરિત્રમૂલક નવલકથાના સર્જન માટે સર્જકે મીરાં સંબંધી સાહિત્યનો આધાર લીધો છે. જે પૃષ્ઠ નવ પર આપેલ છે. જે આ પ્રમાણે છે. કાવ્યદોહન ભાગ–૭, મીરાંના વિવિધ પદ સંગ્રહો, ભકતમાળ, પ્રિયદાસની ટીકા, દયારામકૃત મીરાંચરિત્ર તથા ભકતવેલ, રાધાબાઈ કૃત મીરાં માહાત્મય, ભકત નામાવલિ, ભકતમાલ, ટોડનું રાજસ્થાન, મીરાંબાઈ કા જીવનચરિત્ર, ઈન્ડિયન એન્ટીક્વેરીમાં એમ. મેકૌલીફનો મીરાં સંબંધી લેખ, ભાનસુખરામ કૃત મીરાંબાઈ, **Religious Sects of India-Wilson,** રાજા રઘુવરસિંહકૃત ભકતમાળ, મીરાં સ્મૃતિગ્રંથ, મીરાંબાઈનો કાલનિર્ણય, મીરાં અને નરસિંહ, મીરાંબાઈ અંગે વ્યાખ્યાન માળા, મીરાં અને રાણો, મીરાં બાઈનું જીવન અને કવન અને મેવાડ કા ઈતિહાસ આદિ બાવીસ જેટલા ગ્રંથોની સામગ્રી એકઠી કરી રમણલાલ દેસાઈએ મીરાંના જીવનલક્ષી નવલકથા આલેખી છે. આ નવલકથા માત્ર કાલ્પનિક નથી માટે સાધાર ગ્રંથોને મૂકી સત્ય અને તથ્યને નવું રૂપ આપ્યું છે. અને જીવનચરિત્રમૂલક નવલકથાની લાક્ષણિકતાઓ પણ સ્પષ્ટ કરી આપી છે.

'સૂરજનો છડીદાર' ગ્રંથમાં પ્રા.વિનોદબાળા પટેલ નોંધે છે કે, ''ગુજરાતી નવલકથાક્ષેત્રે જીવનકથનાત્મક આલેખનની લગભગ અણખેડી ભૂમિ પર એ નવી કેડી કંડારતી આ નવલકથા 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા', 'જેણે જીવી જાણ્યું' અને 'જિંદગી સંજીવીની' જેવી આ પ્રકારની કૃતિઓ પન્નાલાલ પટેલે આપી છે ખરી પણ એમાં પન્નાલાલ પટેલને ખાસ સફળતા પ્રાપ્ત થઈ નથી. બંગાળીમાં જીવનકથનાત્મક કહી શકાય એવી નવલકથાઓ 'ન હન્યતે'(મૈત્રેયી દેવી) અને 'શ્રીકાંત' (શરદબાબુ) છે. પણ ગુજરાતીમાં ખાસ પ્રકારે જીવનકથનાત્મક કહી શકાય એવી નવલકથાઓ લખાઈ હોય એવું ઘ્યાનમાં નથી. આમ છતાંય જીવનકથનાત્મક રૂપે **(Biographicai Novel)** લખાયેલી થોડીક નવલકથાઓ મળી છે ખરી. દિનકર જોષીએ 'એક ટુકડો આકાશનો', ગાંધીજીના જયેષ્ઠ પુત્ર હરિલાલ ગાંધીના જીવનપ્રસંગો પર આધારિત 'પ્રકાશનો પડછાયો' નામે નવલકથા આપી છે. કાંકરિયા ઝૂ સંકુલનું સર્જન કરીને પશુપક્ષીઓના પિતામહનું અવતારકૃત્ય કરનાર વિખ્યાત પશુપક્ષીપ્રેમી રૂબિન ડેવિડના જીવનના કેટલાક અવિસ્મરણીય પ્રસંગોને વણી લખાયેલી ચિરસ્મરણીય

નવલકથા 'પિંજરની આરપાર' માધવ રામાનુજે આપી.''[૨૨]

'સૂરજનો છડીદાર' ગ્રંથમાં પ્રા.વિનોદબાળા સી. પટેલ ચરિત્રાત્મક નવલકથા વિશે નોંધે છે, ''ચરિત્રાત્મક નવલકથા કોઈ ઐતિહાસિક વ્યકિતના જીવનમાં બનેલી સત્યઘટનાઓ પર અવલંબિત હોય, છતાં એ ચરિત્રથી જુદી હોય એમાં ચરિત્રનાયકનું જીવન સર્જકની દષ્ટિથી નિરૂપાતું હોયને વિશિષ્ટ અર્થ પ્રાપ્ત કરે છે. આ વિશિષ્ટ અર્થ ઊપસી આવે એવી જ ઘટનાઓ સર્જક ચરિત્રનાયકના જીવનમાંથી વિવેકપૂર્વક પસંદ કરે છે. નવલકથાકાર ચરિત્રકારની જેમ ચરિત્રનાયકના જીવનની બધી જ વીગતો આપવા બંધાયેલો નથી.''[૨૩]

આમ પ્રા.વિનોદબાળા સી. પટેલ જીવનચરિત્રાત્મક નવલકથામાં આત્મકથાત્મક નવલકથાને સમાવી લેઈ છે. જે એક મર્યાદા બને છે. ચરિત્રનાયકના જીવનની અથથી ઈતિ સુધીની ઘટનાઓ આપવા સર્જક બંધાયેલો નથી. પણ કથાનાયકના વિવિધ અંશોને વિવેકપૂર્વક પસંદ કરી વિશિષ્ટ અર્થ ઊપસાવે છે. આ એક મહત્ત્વનું લક્ષણ બની રહે છે.

નરસિંહ મહેતાના જીવન પર આધારિત 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા' નવલકથા પન્નાલાલ પટેલે એકતાલીસ પ્રકરણમાં વિભાજીત કરી છે. જેના આધાર માટે 'પૃથ્વી પરનો પહેલો પેગામ'ની નોંધમાં લખે છે, ''નરસિંહ ઉપર નવલકથા લખવાનો વિચાર તો ૧૯૭૭માં મેં 'ભણે નરસૈંયો' ત્રિઅંકી નાટક લખ્યું તે વખતથી જ ઘૂમરાયાં કરતો હતો. તે વખતે સુન્દરમ્ પણ નવલકથા લખવા માટે ઈશારો કરેલો. આજે એ સાકાર બનતાં નાટક લખ્યાની ફળસિદ્ધિ સહજ રીતે બેવડાઈ રહે છે. ગુજરાતના ચરણે 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા' મૂકીને હું આજે વળી વળીને ધન્ય બન્યો છું. જે કોઈને નરસિંહની જીવન શોધનની વાતમાં રસ હોય તો તેમને હું મારું સંપાદન 'પૂર્ણયોગનું આચમન' જોઈ જવા ભલામણ કરું છું. મેં અહીં મુખ્યત્વે આપણા બે મહાવિદ્વનોનો આધાર લીધો છે; શ્રી કે.કા.શાસ્ત્રીનાં લખાણોમાંથી નરસિંહની જીવનરેખાનો તાળો મેળવતો ગયો છું, તો ડૉ.શિવલાલ જેસલપરા સંપાદિત 'નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ'માંથી નરસિંહનાં કાવ્યોનો ભરપેટ ઉપયોગ કરતો રહ્યો છું. આ ઉપરાંત મેં શ્રી અમૃતલાલ યાજ્ઞિકના સંપાદનમાંથી પણ બે–ત્રણ ભજનનો ઉપયોગ કર્યો છે.''[૨૪]

પન્નાલાલ પટેલે કે.કા. શાસ્ત્રી અને શિવલાલ જેસલપુરાના નરસિંહ વિશેના

પદો અને સંપાદનનો આધાર લઈ નવલકથાનું સર્જન કર્યું છે. આ બાબત બતાવે છે કે જીવન–ચરિત્રમૂલક નવલકથાના સર્જનમાં કથાનાયકના જીવન વિશેની કથાસામગ્રી મેળવવી અનિવાર્ય લક્ષણ બને છે. જીવનચરિત્રમૂલક નવલકથાના નાયક વિશે અન્ય લેખકોના ગ્રંથોનો આધાર લઈ તાળો મેળવવો પડે છે.

માધવ રામાનુજ કૃત જીવનચરિત્રમૂલક નવલકથા 'પિંજરની આરપાર'ના અભિપ્રાયમાં સુરેશ દલાલ નોંધે છે કે, ''આ નવલકથા છે પણ માત્ર નવલકથા નથી. આ જીવન કથા છે પણ માત્ર જીવનકથા નથી. અહીં નવલકથા અને જીવનકથા, જીવનકથા અને નવલકથાનો સમન્વય છે. કહો કે જુગલબંદી છે. અહીં તથ્ય છે અને સત્ય છે. અહીં હકીકત છે અને કલ્પના છે.''[૨૫]

સુરેશ દલાલ સર્જક અને વિવેચક છે. 'પિંજરની આરપાર'માં વિવેચનાત્મક નોંધ મૂકી નવલકથા અને જીવનકથાને અલગ તારવી આપી છે. જીવનકથાના તથ્ય, સત્ય અને હકીકત સાથે નવલકથાની કલ્પનાનો સમન્વય સાંધી જીવનચરિત્રમૂલક નવલકથા આપી છે. બન્ને સ્વરૂપોનો સમન્વય કર્યો છે. બન્નેની જુગલબંધી જોડી આપી છે. એટલે કે નવલકથામાં જીવનચરિત્રને અને જીવનકથામાં નવલકથાને નકારી ન શકાય.

'પિંજરની આરપાર'માં માધવ રામાનુજે પશુપંખીવિદ્ રૂબિન ડેવિડના જીવન પર આધારિત નવલકથા આપી છે. જીવનચરિત્રાત્મક નવલકથાની લાક્ષણિકતા સ્પષ્ટ કરતા નોંધે છે કે, ''આ એક જીવનકથા છે. રૂબિન ડેવિડના જીવનના કેટલાક અવિસ્મરણીય પ્રસંગોને વણીને લખેલી કથા છે...જીવનકથા છે...ઈતિહાસના રેખાચિત્રમાં હકીકતને દૂષિત કર્યા વિના કલ્પનાના રંગમાં બોળી બોળીને શબ્દોની પીંછીથી આલેખેલું એક મેઘધનુષી જીવનચરિત્ર હોય, એવી જીવનકથા ...જેને નવલકથામાં રસ છે એને 'પિંજરની આરપાર'માં એક મઘમઘતા જીવનની મહેક મળશે. પરંતુ આ પુસ્તકને કેવળ જીવનચરિત્રના બિલોરી કાચથી જ ન જોવા વિનંતી. વિગતોના ક્રમમાં મેં છૂટછાટ લીધી છે, રૂબિન ડેવિડની સંમતિથી. કેટલાક સામાન્ય લાગતા પ્રસંગો મને ખૂબ મહત્ત્વના લાગ્યા છે. હકીકતોનું મેં મારી દષ્ટિએ અર્થઘટન કર્યું છે. રૂબિનને સહુએ ઓળખ્યાં છે. પોત પોતાની રીતે મૂલવ્યાય હશે...રૂબિન ડેવિડનું મા ં દર્શન મેં અહીં વ્યકત કર્યું છે અહીં વ્યકત થયેલી રૂબિનના જીવનની ઘટનાઓ સાંભળીને, છાપાના

કટિંગમાંથી વાંચીને અને છેલ્લાં વર્ષોમાં તો નજરોનજર જોઈને, પછી મારી રીતે કથા ઘડતો ગયો છું... કથા–રૂબિન ડેવિડની.''[૨૬]

સર્જક માધવ રામાનુજ રૂબિન ડેવિડના જીવન આધારિત 'પિંજરની આરપાર' નવલકથાની સામગ્રી અંગે કેફિયત આપે છે કે, ''રૂબિનને હું પહેલી વાર મળ્યો એ પછી એમના જીવનની અનેક પળને અરે, પળેપળને ભીતરમાંથી ઊઠતી સુગંધની જેમ મેં માણી છે. મેં પૂછ્યું છે, મેં સાંભળ્યું છે, મેં જોયું છે, મેં અનુભવ્યું છે ને પછી એ બધાને મારા અસ્તિત્વમાં આતપ્રોત થવા દીધું છે. એમાંથી પછી કથા ઘડાતી ગઈ છે...કથા રૂબિન ડેવિડની અમે મળ્યા ત્યારે અનાયાસ જ મારા મનમાં રૂબિનના વ્યકિતત્વને અને જીવનને સમગ્રપણે આલેખવાની ઈચ્છા જાગી હતી. કઈ રીતે થશે, કયારે થશે, એ અંગે મનમાં કોઈ સ્પષ્ટતા નહોતી..બસ, વાતો કરતા ગયા ને વાત બંધાતી ગઈ તરણાં મળતાં ગયાં ને માળો બંધાતો ગયો પણ જીવનકથાના આલેખનની કોઈ શાસ્ત્રીય પદ્ધતિનું જ્ઞાન નહિ...મુગ્ધતાપૂર્વક વાતો સાંભળતો ગયો ને નોંધતો ગયો. ગમે ત્યારે, ગમે તે વાત નીકળે મારી પાસે ડાયરી હાજર જ હોય ડાયરી ન હોય તો છૂટા કાગળમાંય ટપકાવું. અરે, ટપાલના કવર પર પણ નોંધ્યું છે ડાયરીનાં થોડાં પાનાં અને થોડાં છૂટાં કાગળિયાંનો એ બચકો પાંચ પાંચ વરસ સાથે ને સાથે રાખીને ફર્યો–કયારે, શું નોંધવાનું આવે કયારે, કયા કાગળમાંથી રેફરન્સની જરૂર પડે ...એમ ને એમ સેંકડો વખત એક એક કાગળ પર નજર દોડાવી છે. કારણકે ઘટનાઓની નોંધ, એના સમયના ક્રમમાં જ ગોઠવી ગોઠવીને નહિ કરેલી. એટલું જ નહિ, એ નોંધમાં કોઈ ઘટના એકાદ વાકયમાં જ લખી હોય એવુંય હતું નોંધની એ ઉદાર અવ્યવસ્થાએ આંખે પાણી લાવી દીધાં છે. લખવા બેઠો ને ભૂલ સમજાતી ગઈ...નોંધ ક્રમબદ્ધ થવી જોઈતી હતી પણ જુઓ એ અણઆવડત આશીર્વાદરૂપ નીવડી એમાંથી જ નવલકથાનો વિચાર આવ્યો...જેમાં જીવનકથાની શિસ્તનું કોઈ બંધન નહિ ને છતાં કથા તો જીવનની આસપાસ જ રહેવાની પછી એસ્થર એમાં ખૂબ મદદરૂપ બની રહ્યાં...ઘટનાઓમાં જાણે વાર્તારસની મહેક એમણે ભરી આપી પછી રૂબિન, એસ્થર અને મિત્રો–સ્વજનો સાથે થયેલી વાતોના મુદ્દા પરથી કથા ઘડતી ગઈ...કથા રૂબિન ડેવિડની ''[૨૭]

માધવરામાનુજે રૂબિનના જીવન વિશે લખવા માટે જુદા જુદા ચૌદ લેખોનો અભ્યાસ કર્યો. જે છેલ્લા પૃષ્ઠ પર આપેલ છે. ડૉ.ડેવિડ જોસેફ પરિવારનો સાલવારી ચાર્ટ અને

પત્રો પણ આપ્યા છે. કથાનાયકના જીવનની ઘટનાઓ સાંભળી, છાપાના કટિંગ વાંચ્યાં અને છેલ્લે નજરો નજર જોઈ કથા ઘડી છે. સર્જકે પૂછયું, સાંભળ્યું, જોયું અને અનુભવ્યું છે. એ પછી આત્મસાત્ કરી નવલકથા ઘડી છે. સર્જક આ પુસ્તકને કેવળ જીવનચરિત્રના બિલોરી કાચથી ન જોવા વિનંતી કરે છે. એનો અર્થ એ થયા કે એ જીવનચરિત્ર નથી. પણ કલ્પનાનાં રંગો પૂરી, જીવનક્રમની વિગતોનો ક્રમ બદલાવી, સામાન્ય પ્રસંગોને મહત્ત્વ આપી, હકીકતોનું અર્થઘટન કરી સર્જકે કથાનાયકનું દર્શન વ્યકત કર્યું છે. અહીં જીવનકથાની શિસ્તનું કોઈ બંધન નહિ છતાં કથા તો જીવનની આસપાસ જ વહે છે. એ મહત્ત્વનું લક્ષણ છે. કથાનાયક રૂબિન ડેવિડને લેખક માધવ રામાનુજ પ્રત્યક્ષ મળ્યાં હતા. એની હરપળ માણી હતી. ભીતરથી ઊઠતી સુગંધ અનુભવી હતી. એ પછી લખાયેલી આ નવલકથા સ્થૂળ ન બનતા જીવંતસ્પર્શી બની છે.

પ્રસાદ બ્રહ્મભટ્ટ નોંધે છે કે, ''પિંજરની આરપાર'(૧૯૯૦) માધવ રામાનુજે લખેલી રૂબિન ડેવિડના જીવન પર આધારિત જીવનકથનાત્મક નવલકથા છે. રૂબિને આ કથા સાંભળીને તેની સચ્ચાઈને પ્રમાણિત કરી છે તેથી નવલકથાના બહાને નાયકના જીવન વિશે બહુ છૂટ લીધી હોવાની સંભાવના નથી. આરંભના દોઢસો પાનાંમાં લેખકે રૂબિનના પૂર્વજોની વાતથી પ્રારંભ કરી તેઓ ઝૂની કામગીરીમાં ઓતપ્રોત થયાં ત્યાં સુધીની સળંગ કથા રજૂ કરી છે. તે પછી લેખકે રૂબિનના જીવનના પ્રસંગોને એકબીજા પાસે મૂકી કોલાજ કર્યું છે અને એ રીતે રૂબિનની જીવનછબિને પ્રત્યક્ષ કરાવી છે. લેખક સિદ્ધહસ્ત કવિ છે. આ ગદ્યકથામાં પણ કાવ્યાત્મકતા લાવવા મથ્યા છે. એને કારણે કેટલેક સ્થળે નવલકથાનું ગદ્ય કવેતાઈ બન્યું છે.''[૨૮]

'કથાયન'ના લેખમાં બાબુ દાવલપરા 'પિંજરની આરપાર' નવલકથાને કેન્દ્રમાં રાખીને ચરિત્રાત્મક નવલની કળાગત લાક્ષણિકતાઓ વિશે નોંધે છે કે, ''ચરિત્રાત્મક નવલકથાનું સર્જન એ સિદ્ધહસ્ત નવલકથાકારને પણ હંફાવે એવું કપરું કામ છે. કથાનાયક જે દેશકાળ–સમાજમાં જન્મ્યો અને જીવી ગયો હોય એ જમાનાનું સામાજિક સાંસ્કૃતિક રાજકીય વાતાવરણ, તેના પારિવારિક જીવનની વિગત તેમ જ વર્તમાન પરિસ્થિતિ, તેનાં શિક્ષણ–સંસ્કાર–વ્યવસાય અને વ્યકિતત્વ ઘડતરનાં વિધાયક પરિબળો, તેના સ્વભાવની નિજી વિલક્ષણતાઓ અને આંતર–બાહ્ય વ્યકિતત્વની વિશેષતાઓ, જાહેર તેમ જ અંગત જીવનમાં તેને અનુભવવાં પડેલાં મંથન–સંવેદન–સંઘર્ષ અને જય–પરાજય, તેનાં જીવનકાર્યની મહત્તા અને

વાણી–કરણીની લાક્ષણિક તરાહો આદિનું યથાર્થમૂલક આલેખન જીવનચરિત્રની જેમ જીવનચરિત્રાત્મક નવલકથામાં પણ અપેક્ષિત છે. ઉત્પાદ્ય વસ્તુવાળી નવલકથામાં લેખકની કલ્પના અને તરંગલીલાને જે મુકત અવકાશ મળે છે તે ચરિત્રાત્મક નવલકથામાં સુલભ નથી. ઐતિહાસિક ઘટનાઓ, દિવંગત કે જીવંત વ્યકિતઓ ઉપરાંત સમાજ–ધર્મ–સંસ્કૃતિ–કલા–સાહિત્ય–રાજય વગેરે ક્ષેત્રોની સંબંધિત સંસ્થાઓ અને તેમની કારવાઈઓ અંગેની દસ્તાવેજી કોટિની હકીકતો–વિગતોનો વિનિયોગ ચરિત્રાત્મક નવલકથાના લેખક એ પ્રકારે કરવાનો હોય છે કે એ દસ્તાવેજી તથ્યોની યથાર્થતા ખંડિત ન થાય અને કળામાં તેનું રૂપાંતર સધાય. બે ઘોડે સવારી કરવા જેવું આ એક વિકટ કાર્ય છે. 'પિંજરની આરપાર'ના સર્જક પણ આ બાબતે સભાન છે. આ કૃતિને કેવળ નવલકથા કે જીવનકથા લેખે તપાસવાનો ઉદ્યમ આદરનારને એમાં કદાચ 'વાચનનો મુગ્ધ આનંદ...રૂબિનના જીવનની કથાનો આનંદ' ન પણ મળે, એ શકયતા લેખકના ધ્યાન બહાર નથી. લેખકે રૂબિન ડેવિડની જીવનકથા રચવાને બદલે નવલકથા રચવાનો ઉપક્રમ સ્વીકાર્યો, તેનું એક કારણ એ કે જીવનકથામાં સમયની આનુપૂર્વીને ચુસ્ત રીતે અનુસરવું પડે, પ્રસંગો–બનાવોને મન ફાવે તેમ ક્રમ ઉલટાવીને યથેચ્છ રીતે ગૂંથી ન શકાય કથાગત ચરિત્રના અંતરંગ મનોવિશ્વને કલ્પકતાપૂર્વક ઉપસાવી ન શકાય.''[૨૯]

બાબુ દાવલપરા જીવનચરિત્રમૂલક નવલકથાના કથાનાયકની લાક્ષણિકતા સ્પષ્ટ કરતાં લખે છે. કથાનાયકનું પારિવારિક જીવન, પરિસ્થિતિ, શિક્ષણ, સંસ્કાર, વ્યવસાય, વ્યકિતત્વ ઘડતરમાં ફાળો, સ્વભાવ, વિલક્ષણતાઓ, આંતર–બાહ્ય વ્યકિતત્વની વિશેષતાઓ, જાહેર અને અંગત જીવન અનુભવો, મનોમંથન, સંવેદન, સંઘર્ષ, જય–પરાજય અને જીવન કાર્યની મહત્તા વગેરે લાક્ષણિકતાઓ આલેખાય છે. કથાનાયક જે દેશકાળ–સમાજમાં જન્મ્યો અને જીવી ગયો હોય એ જમાનાનું સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય વાતાવરણ, દસ્તાવેજી કોટિની હકીકતો–વિગતોનો વિનિયોગ અને તથ્યોની યથાર્થતા જાળવી કળામાં એનું રૂપાંતર કરવું વગેરે વિકટ કાર્ય સર્જકે બજાવવાનું રહે છે.

'અ–મૃતપંથનો યાત્રી' નવલકથામાં 'રવીન્દ્ર દર્શનની ક્ષણે' પ્રસ્તાવનામાં લેખક જીવનચરિત્રમૂલક નવલકથા વિશે નોંધે છે કે, ''સાંપ્રત ઈતિહાસના કોઈપણ વિશેષ પાત્રને લક્ષમાં રાખીને એનાં જીવનની ઘટનાઓને નવલકથાનાં કલેવરમાં ઢાળવી એ કાં તો

બેધારી તલવાર ચલાવવા જેવું અથવા તો તંગ દોરડા ઉપર સંતુલન જાળવવા જેવું કામ છે. આવાં પાત્રો અને એમનો સમય હજુ ઈતિહાસ બન્યાં હોતાં નથી એટલે એમના વિશે કંઈ પણ કહેવું હોય ત્યારે એક યા બીજા પ્રકારે એનું સમર્થન પ્રાપ્ત કરવું જ પડે. આમ છતાં નવલકથા એક એવી કલા છે કે એમાં આવાં પાત્રોના મનોવ્યાપારો પેલી ઘટનાઓ કરતાં વધુ મહત્ત્વના હોય છે. આવા મનોવ્યાપારો સહજતાથી ઉપલબ્ધ થતા નથી. પરિણામે આવી ખૂટતી કડીને સાંકળવા માટે લેખકે જે તે પાત્ર અને વિગતોના સંદર્ભમાં, કલાક્ષેત્રે અનિવાર્ય ગણાય એવી કલ્પનાનો આશ્રય લીધા વિના ચાલે નહિ, આમાં શરત એટલી જ છે કે પાયાનાં સત્યો સાથે તમે કયાંય બાંધછોડ કરી શકો નહિ.રવીન્દ્રનાથના જીવનમાં દેખીતા સંઘર્ષો પ્રમાણમાં ઓછા છે. એમના સંઘર્ષો મોટે ભાગે મુલાયમ માનસિક ભૂમિકા ઉપર જ રહ્યા છે. આ ભૂમિકાનો તાગ મેળવવા માટે એમની વિવિધ રચનાઓને જ સાંકળવી પડે. આ કામ કોઈ ગાણિતિક ચોકસાઈથી થઈ શકે નહિ. સર્જકની વિશિષ્ટ કોઠાસૂઝ એ જ એકમાત્ર વિશ્વસનીય માર્ગ છે. આ માર્ગે યથાશકિત, યથામતિ યાત્રા કરતાં જે ઉપલબ્ધ થયું એ અહીં નવલકથાનાં કલેવરમાં ઢાળવાનો પ્રયત્ન કર્યો છે.''[૩૦]

રવીન્દ્રનાથ ઠાકોરના જીવન પર નવલકથા લખનાર દિનકર જોષીએ સમગ્ર રવીન્દ્ર સાહિત્ય ઉપરાંત અન્યો દ્વારા રવીન્દ્રનાથ વિશે લખાયેલાં ગ્રંથોની સહાય આ નવલકથાનાં લેખનમાં લેવામાં આવી છે. એની સંદર્ભસૂચિ પૃષ્ઠ છ થી આઠમાં ચોત્રીસ ગ્રંથોની યાદી આપી છે. જે અનિવાર્ય શરત નિભાવી છે. સાંપ્રત ઈતિહાસના કોઈ પાત્ર વિશેષ વિશે એના જીવનની ઘટનાઓને નવલકથામાં મૂકવી તે બે ધારી તલવાર ઉપર ચાલવું અથવા દોરડા ઉપર સંતુલન રાખી ચાલવા જેવું કઠિન છે. રવીન્દ્રનાથ ઠાકુર જેવી સુપ્રસિદ્ધ વ્યકિતના જીવનના કેટલાક મનોવ્યાપાર સહજ ઉપલબ્ધ ન થતાં કલ્પનાનો આશ્રય લેવામાં આવ્યો છે. પણ પાયાના સત્યને જાળવી યથાશકિત અને યથામતિ દ્વારા સામગ્રીને નવલકથામાં ઢાળી છે. આમ લેખક તેની કોઠા સૂઝ અને સર્જનકલા સૂઝથી નવલકથાનું કલેવર બાંધે છે.

૧૯૭૯માં લેખિકા ઉષા શેઠે પોતાની દીકરી નીતાના જીવન પર **True Novel** આપી છે. તેના 'નિવેદન'માં લેખિકા લખે છે, ''હું વિષાદ અને ભૂતકાળની સ્મૃતિમાં અટવાયા કરતી હતી. ત્યારે કુન્દનિકાબહેન મારા માર્ગદર્શક બન્યાં. તે દિવસે એ અમારે ઘેર પહેલી વાર

આવ્યાં હતાં. એમને મારો સાધારણ પરિચય હતો. નીતાને એમણે જોઈ પણ નહોતી છતાંય એમણે મારી વેદના જાણી, મારી લેખનશકિતમાં શ્રદ્ધા દાખવી, મને આ પુસ્તક લખવાનું કહ્યું. પુસ્તક લખતી ગઈ તેમ તેમ છૂટીછવાઈ સ્મૃતિઓને બદલે એક સંપૂર્ણ જીવનચરિત્ર દેખાવા લાગ્યું. એ હતું નીતાનું જીવનચરિત્ર.''[૩૧]

જીવનચરિત્રમૂલક નવલકથામાં કેટલીક વખત એવું પણ બને છે કે કથાનાયક કે નાયિકા લેખકનું સ્વજન પણ હોય છે. અહીં લેખિકા ઉષા શેઠની દીકરી નીતા છે. ઉષા શેઠ વહાલ સોઈ દીકરીની મમતા અને વેદનાને સત્યકથા કે સ્મૃતિકથા નિમિત્તે નવલકથારૂપે આલેખે છે. આમ જીવનચરિત્રમૂલક નવલકથામાંથી વ્યકિતવિશેષની છબી ઉપસી આવે છે. જે મુખ્ય લક્ષણ બને છે.

'સૂર્યપુરુષ' ખંડઃ ૨ની પ્રસ્તાવનામાં માધવ રામાનુજ ચિમનભાઈ પટેલનાં જીવન વિશે આધારભૂત સામગ્રી માટે 'સહિયારો પુરુષાર્થ'માં લખે છે કે, ''કહેનારની સામે બેઠાં બેઠાં કલાકોના કલાકો મેં ચિમનભાઈનાં સંસ્મરણો સાંભળ્યાં છે, ટેપ કર્યાં છે. અનેક ક્ષેત્રના મહાનુભાવો સાથેની વાતચીતના ચિમનભાઈના સંપર્કો–સંબંધો–કાર્યો–વિચારો–વલણો–આત્મીયતા આદિ સ્મરણયાત્રાનો અસ્ખલિત પ્રવાહ ભીંજવતો રહ્યો છે. એ બધી માહિતીમાંથી ક્રમબદ્ધ કથા આલેખવામાં ડૉ.ઊર્મિલાબહેનનો સહયોગ સતત મળતો રહ્યો. સ્વાભાવિક રીતે જ એ પોતે એમાંની અનેક ઘટનાઓનાં સાક્ષી રહ્યાં છે. એવી ઘણી ઘટનાઓની એમણે વાતોય કરી, ચર્ચાઓ કરી અને પાનાં ભરી ભરીને અનેક સ્મરણો લખી પણ આપ્યાં. આ પુસ્તકમાં કેટલાક પ્રસંગો એ રીતે, એમના જ શબ્દોમાં સીધા મૂકયા છે. છેલ્લે છલ્લે તો વૈષ્ણોદેવીની યાત્રા દરમ્યાન તેઓને અકસ્માત નડયો ને જમણે હાથે પાટો આવ્યો ત્યારે પણ ડાબા હાથે લખી લખીને એમણે કથા માટે સામગ્રી પૂરી પાડી...એ રીતે આ એક સહિયારો પુરુષાર્થ છે....''[૩૨]

ચિમનભાઈ પટેલના જીવન પર આધારિત નવલકથા વિશે માધવ રામાનુજ કહે છે કે, ''મૂળ તો આ બધું બની ચૂકયું છે. આ કથાનાં પાત્રો કોઈ કાલ્પનિક નથી. ઘટનાઓ કોઈ કાલ્પનિક નથી. માત્ર નિરૂપણમાં કયાંક લેખકે વચ્ચે આવવું પડયું છે એટલું જ. મુલાકાતો ઉપરાંત જયાં જયાં શકય બન્યું છે ને પ્રાપ્ત થયું છે ત્યાં ત્યાં પ્રસંગોચિત મૂળ સાહિત્ય પણ

ઉપયોગમાં લીધું છે. અન્યથા સંવાદો, પાત્રો કે પ્રેમપત્રો, ચિંતનપૂર્ણ વિચારો, રાજકીય સૂઝ–સમજ, દષ્ટિકોણ, ચર્ચાઓ, વર્ણનો, મનોવિશ્લેષણો...આદિ ચિમનભાઈના વ્યકિતત્વને અનુરૂપ આલેખ્યાં છે. એ વ્યકિતત્વ આ વર્ષોમાં મારા ચિત્તમાં સતત મુખરિત થતું રહ્યું છે. કથામાં આવતાં બધાં પાત્રોને મેં આત્મસાત કરીને વ્યકત કર્યાં છે. એટલે જ સહજ રીતે વાસ્તવિકતા ઘૂંટાઈ છે. જે જે સામગ્રી મળી એમાંથી યથાતથ ઘાટ ઘડવા જેટલી સર્જકતા પ્રયોજીને નકશીકામ કરતાં કરતાં જે પ્રગટ કરવાનું છે એ પૂરી તીવ્રતાથી પ્રગટ થાય એનું ધ્યાન રાખ્યું છે...''[૩૩]

સર્જક કથાનાયકના પત્ની ઊર્મિલાબહેનને પણ મળ્યાં છે. એના સ્મરણો, પ્રસંગ્રો, પ્રેમપત્રો અને ચર્ચાઓ ઉપયોગમાં લઈ, આત્મસાત કરી, વ્યકિતત્વને અનુરૂપ આલેખ્યાં છે. સર્જકે ચિત્તની તીવ્રતાથી પ્રગટ થવા દીધું છે. નવલકથાના સર્જન સમયે લેખક સાથે મુલાકાત દરમ્યાન ઉમાકાન્ત માંકડ, શ્રીપ્રબોધ જોષી અને શ્રી નરહરિ અમીન સાથે ચાર–પાંચ કલાક વાતો થઈ હતી...તો વળી વીસ સંદર્ભ ગ્રંથોની યાદી નવલકથાના છેલ્લા પાને આપી છે. જે નવલકથાની સાધાર હકીકત બતાવે છે. આ નવલકથા જે બની ચૂકયું છે તેની કથા છે. જેમાં પાત્રો કાલ્પનિક નથી. પ્રસંગો સત્ય છે. માત્ર તેની અભિવ્યકિત રસપ્રદ છે. જે સામગ્રી મળી છે તેનો આ કલાત્મક ઘાટ આપ્યો છે.

શ્રીવિશ્વાસ પાટીલનાં શબ્દોમાં જ નોંધીએ, ''ચરિત્રાત્મક નવલકથા લખવીએ માનીએ છીએ એટલું સરળ કામ નથી એની પ્રતીતિ મને તરત જ થઈ આવી. એ માટે અનેક સ્થળોનો પ્રવાસ કરવો પડયો. પહેલા પ્રયાસે તો એ ચરિત્રનાયકનું જીવનચરિત્ર જ હાથ લાગ્યું. જીવનની ઝંઝાવતોમાં અને સામગ્રીની અંધારી ગુફામાં કેટલાય દિવસ સુધી ભૂતની જેમ ભટકવાનું ચાલુ હતું. પછી ચરિત્રનાયકની સાથે એમના સમકાલીન મિત્રો અને વિરોધીઓનાં ચરિત્રોનો અભ્યાસ પણ કરવો પડયો.''[૩૪]

સુભાષચંદ્ર બોઝ વિશેની નવલકથા 'મહાનાયક' લખવા માટે લેખકે કરેલી વિદેશ યાત્રા, સ્થળ મૂલાકાતો, અનેક ભાષાઓનો અભ્યાસ અને સંદર્ભગ્રંથોનું વાંચન કર્યું છે. નવલકથાના સર્જન માટે બાર વર્ષ સુધી તપશ્ચર્યા કરેલી, જાપાન, બ્રહ્મદેશ, થાઈલેન્ડ, બર્લિન, રોમ, લંડન વગેરે સ્થળોની યાત્રા કરેલી, દેશવિદેશની આશરે અઠયોતેર જેટલી વ્યકિતઓની

મુલાકાત લીધેલી, પાંચેક હસ્તપ્રતો, સત્યાવીસ જેટલા જાપાની ભાષાના, ત્રેવીસ જેટલા બંગાળી ભાષાના, ત્રણેક જર્મન ભાષાના, પંદર મરાઠી ભાષાના, આઠ હિન્દી ભાષાના અને બસો અગિયાર અંગ્રેજી ભાષાના સંદર્ભ ગ્રંથોની આધારભૂત માહિતી મેળવેલી, જેની નોંધ નવલકથાના છેલ્લા પૃષ્ઠ પર આપેલ છે. એક ઉત્તમ જીવનચરિત્રમૂલક નવલકથા આલેખવામાં લેખકની આખી જિંદગી ખર્ચાય જાય એવું કઠિન કાર્ય છે.

આમ આ પ્રકારની નવલકથા લખવા માટે સર્જકે અનેક દેશનો પ્રવાસ, કથાનાયક સંબંધી સાહિત્ય, સમકાલીન મિત્રો અને વિરોધીઓનો અભ્યાસ કર્યો. પણ પ્રથમ જીવનચરિત્ર જ હાથ લાગ્યું. એ જીવનચરિત્રમાંથી લેખકે નવલકથા સર્જી છે.

મરાઠી ભાષાની યશસ્વી લેખિકા મૃણાલિની જોશી શહીદ ભગતસિંહના જીવન પર આધારિત નવલકથા વિશેની સામગ્રી માટે નોંધે છે કે, ''અમર શહીદ ભગતસિંહના જીવન સંબંધિત અનેક વાતોનું એમણે ઉપલબ્ધ સ્ત્રોતમાંથી ખૂબ મહેનત કરી સંકલન કર્યું છે. આ સંબંધે એ અમર શહીદ ભગતસિંહની પૂજનીય–વંદનીય માતાજીને મળ્યાં છે અને એમના અમુક અન્ય સંબંધીઓ તથા સાથીદારોને પણ મળ્યાં છે. ઘણા ક્રાંતિકારી સંસ્મરણીય લેખકોના લેખોનો એમણે ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે.''[૩૫]

મૃણાલિની જોશીએ શહીદ ભગતસિંહના જીવન પર મરાઠીમાં ૧૯૬૯માં 'ઈન્કિલાબ' નવલકથા લખી છે. જેનો ગુજરાતીમાં અનુવાદ ૨૦૦૬માં કેયૂર કોટકે કર્યો છે. લેખિકા મૃણાલિની જોશી પંજાબ ભગતસિંહના માતા અને અમૃતકુંવર બહેનને મળ્યાં હતા. તથા ભાઈશ્રી કુલબીરસિંહને મળવા ફિરોજપુર જાઈ છે. ભગતસિંહની પ્રતિમા, સમાધિ અને કર્મભૂમિ લાહોરની મુલાકાત લઈ, ઉપલબ્ધ સ્ત્રોતમાંથી ખૂબ મહેનત કરી, સંકલન કરી, નવલકૃતિનું સર્જન કર્યું છે.

હિન્દી સાહિત્યના નવલકથાકાર અમૃતલાલ નાગરે રામાયણના રચયિતા 'તુલસીદાસ'નાં જીવન ઉપર આધારિત નવલકથા 'માનસ કા હંસ' આપી છે. જે 'આમુખ'માં આધારભૂત કથાવસ્તુગત સામગ્રી વિશે નોંધે છે, ''ગોસાઈજીની સાચી જીવનકથા નથી મળતી. એમ જોવા જઈએ તો રઘુબરદાસ, વેણી માધવદાસ, કૃષ્ણદત્ત મિશ્ર, અવિનાશ રાય અને સંત તુલસી સાહેબ લિખિત ગોસાઈજીના પાંચ જીવનચત્રિ ઉપલબ્ધ છે. પરંતુ વિદ્વાનો એમને

પ્રમાણભૂત ગણતાં નથી. પરંતુ આ વાતને સ્વીકારીએ તો પણ 'કવિતાવલી', 'હનુમાનજી બાહુક' અને'વિનયપત્રિકા' આદિ રચનાઓમાં તુલસીના જીવનસંઘર્ષની એવી ઝલક જોવા મળે છે જેને નજર અંદાજ કરી શકાય તેમ નથી. કિંવદન્તિઓમાં જયાં જયાં અંધશ્રદ્ધાયુકત જુઠાણાં જોવાં મળે છે. ત્યાં આવી હકીકતો પ્રત્યે પણ આપણું એટલું જ ઘ્યાન ખેંચાય છે, અને એની સાથે ગોસાઈજીની આત્મકથનાત્મક કવિતાઓનો તાલમેલ બેસે છે. આ ઉપરાંત મારા મનમાં તુલસીદાસજીનું 'નાટય નિમાર્ણ' અને 'કથાકાર'નું રૂપ પણ હતું, જેને કારણે હું મારા મિત્રવર્ય મહેશજીની વાતના વિરોધમાં ચમત્કારી તુલસીને બદલે, ખાસ કરીને વાસ્તવવાદી તુલસીની વકાલત કરી બેઠો.'' [૩૬]

''આ નવલકથા લખતાં પહેલાં મેં 'કવિતાવલી' અને 'વિનયપત્રિકા' ને ખાસ ઘ્યાનથી વાંચી. 'વિનયપત્રિકા' માં તુલસીના આંતર્‌સંઘર્ષની કેટલીક અમૂલ્ય ક્ષણો ઝડપાઈ છે. એ પ્રમાણે જ તુલસીના મનોવ્યકિતત્વનો ઢાંચો તૈયાર કરવાનું જ મને યોગ્ય લાગ્યું. 'રામચરિત માનસ'ની પૃષ્ઠ ભૂમિમાં માનસકારની મનોછબી ચિત્રિત કરવામાં પણ મને 'પત્રિકા'ના તુલસી જ મદદરૂપ થયા. ખાસ કરીને 'કવિતાવલી' અને 'હનુમાનબાહુક'માં અને 'દોહાવલી' અને 'ગીતાવલી'માં કયાંક કયાંક તુલસીના જીવનની ઝાંખી થાય છે. મેં ગોસાઈજી સંબંધી અનેક કિંવદન્તિમાંથી કેવળ એને જ મારી નવલકથા માટે સ્વીકારી છે, જે આ માનસિક ઢાંચામાં બેસી શકે.''[૩૭]

આમ જીવનચરિત્રમૂલક નવલકથાનું પાત્ર સમકાલીન હોય ત્યારે લેખકને જુદી રીતે વિચારવું પડે છે. પણ જયારે પ્રાચીનકાળનું પાત્ર હોય અથવા જીવનની ઘટનાઓ અધૂરી હોય કે મોટા ભાગની કિવદંતી હોય ત્યારે લોકોમાનસમાં પાત્રનું જે સ્થાન છે તે કલુચિત્ત ન થાય એ પણ ઘ્યાનમાં લેવું પડે છે. તુલસીદાસ વિશેની નવલકથા 'માનસ કા હંસ' લેખક જીવનચરિત્રો અને કાવ્યકૃતિઓના આધારે રચે છે. તુલસીના સાહિત્યમાંથી આંતર સંઘર્ષની ક્ષણો ઝડપી લઈ માનસકારની મનોછબી ચિત્રિત કરી, નવલકથા આલેખી છે. લોકવાયકા અને અંધશ્રદ્ધાયુકત જુઠાણાંમાંથી હકીકતને તારવી, ચમત્કારોને ગાળી વાસ્તવિક નિરૂપણ કર્યું છે. આવી હિન્દી ભાષામાં અન્ય નવલકથાઓ સુરદાસ, ગોરખનાથ, ભગવાન બુદ્ધ, ગુરુ ગોવિંદસિંહ, લક્ષ્મીબાઈ અને મહારાણા પ્રતાપના જીવન પર લખાયેલી છે.

જીવનચરિત્રમૂલક, સામાજિક, પૌરાણિક, ઐતિહાસિક, સત્યઘટનાત્મક, જેવા વિષયવસ્તુ પર આધારિત નવલકથા લખતી વખતે સર્જકે સ્વરૂપગત તાત્ત્વિક ભેદને ધ્યાનમાં રાખવો પડે છે. શ્રીકલ્પના દવેએ સર્જકશ્રી દિનકર જોષીની મુલાકાત લીધેલ ત્યારે સ્વરૂપગત તાત્ત્વિક ભેદ વિશેના પ્રશ્નનો ઉત્તર સર્જકે આ પ્રમાણે આપેલ છે.

''જીવનકથનાત્મક નવલકથા સત્યઘટનાત્મક નવલકથા છે. પણ સત્યઘટનાત્મક નવલકથા જીવનકથનાત્મક નથી હોતી. સ્વરૂપગત ભેદની દષ્ટિએ જોઈએ તો સત્યઘટનાત્મક નવલકથામાં કેટલીક કલ્પના ઉમેરી શકાય, કેટલીક વસ્તુઓના અંકોડા જોડી શકાય પણ જીવનકથનાત્મક નવલકથામાં તેમને આ છૂટ મળતી નથી. ઈતિહાસ જયાં મદદે ન આવે ત્યાં તમે તત્કાલીન પરિસ્થિતિ–વાતાવરણ તથા આ પાત્રની **Consistency** ને આધારે લખી શકો.''[૩૮]

સત્યઘટનાત્મક નવલકથા માટે **Docu Novel** શબ્દ પ્રચલિત કરવામાં આવ્યો છે પણ મને લાગે છે કે આ સત્યઘટનાત્મક કે ડોકયુ નોવેલનાં બીજ કયાંક ને કયાંક સત્યમાં પડેલા છે. કોઈક સત્યઘટનાને નવલકથામાં ઢાળીએ છીએ. તેને જુદા જુદા નામ આપણે આપીએ છીએ. નવલકથા લેખનમાં 'નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોય' તેમ વિવિધ ફોમમાં પણ કથા એ મહત્ત્વની છે. કલ્પનોત્થ નવલકથા, સત્યઘટનાત્મક નવલકથા કે જીવનકથમાત્મક નવલકથા આ બધાના પાયામાં સચ્ચાઈ તો પડેલી હોય છે. પરંતુ તેને કલાકૃતિ બનાવવા માટે રસપ્રદ બને એ રીતે તેનું સ્વરૂપ ઘડવું પડે છે. સત્યઘટનામાં કલ્પના ઉમેરી શકાય છે. જયારે જીવનચરિત્રમૂલક નવલકથામાં આ છૂટ નથી. પણ ઈતિહાસ મદદે ન આવે ત્યારે તત્કાલીન પરિસ્થિતિ, વાતાવરણ અને પાત્રની **Consistency**ના આધારે કલ્પના ઉમેરી શકાય છે.

ઐતિહાસિક, પૌરાણિક અને સત્યઘટનાત્મક નવલકથામાં આવતા કથાનાયકને જોતાં તે જીવનચરિત્રમૂલક નવલકથાની નજીક બેસે છે. કૃષ્ણ વિષયક નવલકથાઓ ગુજરાતીમાં લખાણી છે. તે જીવનકથનાત્મક નવલકથાની નજીકની છે. પણ પૌરાણિક પાત્રની નવલકથામાં લેખક કલ્પનાત્મક ઉમેરણ કરી શકે છે. જયારે હરિલાલની નવલકથા લખવી હોય તો તમે કશી જ છૂટછાટ લઈ શકતા નથી. એકદમ ટાઈટ રોપ પર તમારે બરાબર ચાલવું પડે છે. સત્યઘટનાત્મક નવલકથાનું ક્ષેત્ર પણ એવું જ વિશાળ છે, જેમાં સચ્ચાઈ તો ખરી જ પણ કલ્પના શકિત ઉમેરવાનો સર્જકને અવકાશ મળે છે. જીવનચરિત્રમૂલક નવલકથામાં સર્જકની કલ્પના

શકિતને ખાસ અવકાશ નથી એથી વધારે મુશ્કેલ કામ છે.

જીવનચરિત્રમૂલક નવલકથામાં લેખક વ્યકિતવિશેષના જીવન પર સર્જનાત્મક નવલકથા આલેખે છે. ત્યારે કથાનાયકના જીવન સંબંધી સંદર્ભ પુસ્તકો અને નજીકના સ્વજનો પાસેથી માહિતી એકઠી કરી એના જીવન પર નવલકથા આલેખે છે.એમાં શૈશવકાળ, કિશોરાવસ્થા, યુવાવસ્થા, સંઘર્ષ, સંવેદનાઓ, અન્યપાત્રો, સામાજિક અને રાજકીય પરિવેશ વગેરેનો ક્રમશઃ વિકાસ પામતી રસકીય નવલકથા મળે છે.

'પ્રકાશનો પડછાયોઃ એક અનોખી નવલકથા' લેખમાં દીપક મહેતા જીવન–ચરિત્રમૂલક નવલકથા વિશે લખે છે કે,''જીવનકથનાત્મક નવલકથા લખનાર લેખકનું બધું કામ 'ઉપરથી આવતી પ્રેરણા'ને આધારે ન ચાલે. આવી નવલકથા લખવાની પહેલી શરત એ કે લેખકે અભ્યાસ કરવો પડે. માત્ર વાંચ્યે ન ચાલે. ખાંખાંખોળાં કરવાં પડે. અંગત મુલાકાતો લઈ ઓરલહિસ્ટ્રીની મદદ પણ શકય હોય તો લેવી પડે.''[૩૯]

આમ જીવનચરિત્રમૂલક નવલકથાની પ્રેરણા વ્યકિતવિશેષનું જીવન છે. એ જ એનો આધાર છે. એના વિશે લેખકે અભ્યાસ કરવો પડે છે. મુલાકાતો લેવી પડે છે. શોધ કરવી પડે છે. કેમ કે પ્રેરણાસ્ત્રોત માત્ર વ્યકિતવિશેષનું જીવન જ છે. એ અનિવાર્ય બાબત છે.

'ગુજરાતી સાહિત્યકોશ' ખંડઃ ત્રણમાં ચન્દ્રકાન્ત ટોપીવાળા નોંધ મૂકે છે કે, ''અ–કાલ્પનિક નિરૂપણ સાહિત્યિક હોઈ શકે કે કેમ એવો મહત્ત્વનો પ્રશ્ન નોર્મન મેયલર, ટોમ વૂલ્ફ, માઈકે હેર જેવાનાં લખાણોને કારણે ઊભો થયો છે. આ લખાણોમાં આધાર હકીકતનો છે પરંતુ એમાં અભિવ્યકિત સાહિત્કિકક્ષાએ પહોંચે છે. આવી કૃતિઓને કાલ્પનિક સામગ્રીરૂપે મૂલવવાની કે હકીકતરૂપે મૂલવવાની છે એવો પ્રશ્ન પણ સ્વાભાવિક બને છે. આ પ્રકારનાં અ–કાલ્પનિક નિરૂપણને બાહ્ય જગત સાથે સંબંધ હોય છે પણ સાથે સાથે એને પોતાની ધ્યાન ખેંચનારી આકૃતિ પણ હોય છે. આવાં અ–કાલ્પનિક નિરૂપણ કે નવલમાં આંતર કે બાહ્યજગત તરફ સંપૂર્ણ ઢળ્યા વગર નિરૂપણ સમતુલ થવાનો પ્રયત્ન કરતું હોય છે. વર્ષા અડાલજાની 'ગાંઠ છૂટયાની વેળા' જેવી નવલકથા સમસ્યા અંતર્ગત આવરી શકાય.''[૪૦]

'ગુજરાતી સાહિત્યકોશ' ખંડઃ ત્રણમાં ચન્દ્રકાન્ત ટોપીવાળા દસ્તાવેજી ઉન્મેષો વિશે નોંધે છે કે, વિષયને લગતી માહિતી કે એનું પ્રમાણ આપતું લખાણ દસ્તાવેજ છે.

પુરાલેખો, વહીઓ, પરિપત્રો, કાનુની કાગળો, તુમારો, પ્રમાણપત્રો, વર્તમાનપત્રો, રોજનોંધો, રોજનિશી, પત્ર અને પત્રિકાઓ જેવાં દસ્તાવેજો સંસ્કૃતિવિદ્દો અને ઈતિહાસકારો વગેરે માટે આધાર સામગ્રી બનતા હોય છે. સાહિત્યક્ષેત્રે જીવનના વાસ્તવિક પ્રસંગો, દસ્તાવેજો, તથ્યોને આધારે સાહિત્યકૃતિ રચવાનું પણ એક વલણ છે, આને આધારે પ્રગટ થયેલી દસ્તાવેજી શૈલીનું વાસ્તવવાદી સાહિત્યસર્જનમાં મહત્ત્વનું પ્રદાન છે. આ કથાસાહિત્યમાં કાલ્પનિકને બદલે હકીકત પર મુકાતો ભાર, દસ્તાવેજી રંગભૂમિમાં સાંપ્રત ઈતિહાસને અનુલક્ષીને થતો પ્રચાર, દસ્તાવેજી નવલકથામાં પ્રત્યક્ષ અહેવાલ આપતી ડાયરીઓ કે પ્રત્યક્ષ હવાલો આપતાં સંસ્મરણોની અ–કાલ્પનિક ઘટનાઓનો લેવાતો આધાર–આ બધા, દસ્તાવેજી સાહિત્યની દિશાના પ્રયત્ન છે. દિનકર જોષીની નવલકથા 'પ્રકાશનો પડછાયો', વર્ષા અડાલજાની નવલકથા 'ગાંઠ છૂટયાની વેળા' આવા દસ્તાવેજી ઉન્મેષો છે.''[૪૧]

શ્રી વ.દ.કુલકર્ણી ૧૯૬૦–૭૦ના દાયકાની ચરિત્રાત્મક નવલકથા વિશે નોંધે છે કે, ''વ્યકિતકેન્દ્રી નવલકથા પ્રાચીન પુરાણ ગ્રન્થોમાંથી વ્યકિતથી શરૂ કરીને ઐતિહાસિક વ્યકિત સુધી, દૂરના ઈતિહાસથી માંડીને તદ્દન નજીકના ભૂતકાળ સુધી, ભૂતકાળથી માંડીને છેક વર્તમાનમાંની વ્યકિત સુધી અને છેવટે લેખકના ખુદના જીવન સુધી આવી પહોંચી છે.''[૪૨]

આમ મરાઠી સર્જક કુલકર્ણી ચરિત્રાત્મક નવલકથાના પાત્ર વિશે પ્રાચીન, ઐતિહાસિક, ભૂતકાળ અને વર્તમાન સુધીની કોઈ પણ વ્યકિતવિશેષ કથાનાયક બની શકે છે, એમ નોંધે છે.

દીપક મહેતા'મરાઠી નવલકથા' લેખમાં ૧૯૬૦–૧૯૭૦ સમયે નવલકથામાં બે જુદી જુદી વ્યાપક જીવનપ્રવૃત્તિ કામ કરતી હોવાનું જણાવે છે, 'એક તો ભૂતકાળમાંથી પ્રેરણા મેળવતી પ્રવૃત્તિ અને બીજી વર્તમાનની સામે જનારી.' આમાંથી પહેલા વર્ગના લેખકો પુરાણ અને ઈતિહાસમાંથી કોઈ કથા કે વ્યકિત પસંદ કરે છે અને પોતાના હેતુ પ્રમાણે, અપેક્ષા પ્રમાણે તેમાંથી નવલકથાની રચના કરે છે. આ હેતુઓ વિવિધ પ્રકારના હોય છે. કયારેક ઐતિહાસિક શ્રેષ્ઠ પુરુષની પાછળ છુપાયેલા સાધારણ માણસનું, તેના ખાનગી વૈયકિત ભાવ જીવનનું કલ્પના દ્વારા નિર્માણ કરવાનો હોય છે. ઉદાહરણ તરીકે 'સ્વામી' નવલકથાને 'ચરિત્રાત્મક નવલકથા' કે 'નવલકથાત્મક ચરિત્ર' તરીકે ઓળખાવવામાં આવતી હતી. ખરું જોતાં નવલકથા

એટલે રણજિત દેસાઈ નામના કલાકારની રૉમેન્ટિક વૃત્તિએ જોયેલું અને કલ્પેલું રમા–માધવનું જીવન, તેની એક સ્વતંત્ર, ઈતિહાસ કરતા ભિન્ન એવી ભાવનાત્મક નવલકથા છે. માધવરાવ પેશવાનું આદર્શ રાજવીપણું અને રમા–માધવ વચ્ચેનો નાજુક–કોમળ ભાવસંબંધ, આ બે વાત આંખ આગળ રાખીને લખેલી આ નવલકથા છે.''[૪૩]

ઉપરોકત મંતવ્ય પરથી સ્પષ્ટ થાય છે કે, ભૂતકાળમાંથી પ્રેરણા મેળવી, પુરાણ અને ઈતિહાસમાંથી કોઈ વ્યકિત પસંદ કરી, સર્જક પોતાના હેતુ અને અપેક્ષા પ્રમાણે વ્યકિતનો આદર્શ ચિત્રિત કરી, ખાનગી ભાવજીવનનું કલ્પના દ્વારા નિર્માણ કરે તેને જીવનચરિત્રાત્મક નવલકથા કહેવાય છે.

'કથા પ્રસંગ'માં દીપક મહેતા ચરિત્રાત્મક નવલકથા વિશે લાક્ષણિક અભિપ્રાય આપે છે. ''પૌરાણિક, ઐતિહાસિક અને અર્વાચીનકાળમાંથી વ્યકિત પસંદ કરીને વ્યકિત કેન્દ્રિત નવલકથા લેખનની આ પ્રથા આજ પર્યન્ત આવીને અટકે છે ત્યારે 'ચરિત્રાત્મક નવલકથા'નો પ્રાદુર્ભાવ થાય છે. તદ્દન નવા રૂપે અને આગળ જતાં તેણે એક આખી પરંપરા ભી કરી.

'ચરિત્રાત્મક નવલકથા' અથવા 'નવલકથાત્મક ચરિત્ર' તરીકે ઓળખાતી નવલકથા મરાઠીમાં ભીમરાવ કુલકર્ણીની 'હરી નારાયણ' નામની નવલકથા વડે જો તેનો પ્રારંભ થયો તો શ્રી જ. જોશીની 'આનંદી ગોપાળ' નવલકથાએ આ નવલકથા સ્વરૂપને પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા અપાવી. ખરું જોતાં આ નવલકથા આનંદીબાઈ અને ગોપાળરાવના સહજીવનની કથા છે. તેમના લગ્નથી આ સહજીવનનો પ્રારંભ થાય છે અને આનંદીબાઈના મૃત્યુને લીધે એ સહજીવનનો અંત આવે છે. એક સંયમી, નિગ્રહી, સત્વસ્થ પ્રકૃતિની સ્ત્રીના યશની અને સાથોસાથ મૂક પણે તેણે અનુભવેલી અંતસ્થ વેદનાની આ કથા, એક નિર્દય નિયતિના હાથની કરુણાંત કથા બની રહે છે. આ કઠોર નિયતિ તેના પતિરૂપે જ કામ કરતી જ રહે છે. તે જ તેનો ભાગ્યવિધાતા બને છે અને તે જ તેના હૃદયને જીવલેણ આઘાત આપનારો બની રહે છે. ગોપાળરાવની વિક્ષિપ્તતા, નીડરતા, બેફિકરાઈ, હકૂમતશાહી, તેની વૃત્તિમાં રહેલો સૂક્ષ્મ મત્સર, વખતોવખત વ્યકત થતી પરપીડનવૃત્તિ એ બધું જ આનંદીબાઈએ જીવનમાં અનુભવ્યું ગોપાળરાવે આનંદીબાઈને સોનુ પણ ન બનાવી અને તેણે જ તેને માટી પણ બનાવી.

શ્રી જ. જોશીએ આ નિયતિકથા અદ્‌ભુત કુશળતાપૂર્વક ચિત્રિત કરી છે તેમાં શંકા નથી. એક રીતે જોઈએ તો આનંદી–ગોપાળની વ્યકિતગત કથા છે, સમાજ સુધારાની ચળવળ સાથે તેને પ્રત્યક્ષ સંબંધ નથી. છતાં આનંદીબાઈનું વ્યકિતત્વ, તેની અભૂતપૂર્વ સફળતા અને તેનો કરુણ અંત–આ બધાની સમાજના મન પર જે અસર થઈ તે અહીં પ્રગટ થયા વગર રહેતી નથી.''[૪૪]

દીપક મહેતા 'કથા પ્રસંગ'માં નોંધે છે કે, ''આમ ચરિત્રાત્મક નવલકથાને તેના અનુગામીઓ મળતા રહ્યા છે. ભા. દ. ખેરની 'યજ્ઞ' તથા લોકમાન્ય તિલકના જીવન વિશેની શ્રી ગંગાધર ગાડગીળની નવલકથા 'દુર્દમ્ય' ખંડ–૧ એ નવલકથા છે કે પછી સજાવટપૂર્વક લખાયેલું તિલકનું ચરિત્ર છે? તેમાં કલ્પિત પાત્રો નથી. કલ્પિત પ્રસંગો નથી. લોકમાન્યના ચરિત્રમાંના અને તેમને વિશેની સાંભરણોના સંગ્રહોમાંના પ્રસંગો જ અહીં મૂળ અનુભવ–ઘટક તરીકે સ્વીકારવામાં આવ્યા છે. એ પ્રસંગોને જ સંવાદરૂપે, નાટકરૂપે કે જુદી નિવેદન પધ્ધતિ વડે ગાડગીળે આપણી સમક્ષ કાલક્રમાનુસાર રજૂ કર્યા છે. આ એક પ્રસંગોની, સાંભરણોની શબ્દમાળા જ છે, જાણે કે અહીં સાંભરણોની મદદથી 'તિલકલીલા ચરિત્ર' જ ન લખાયું હોય સમગ્રતયા તિલકની દુર્દમ્ય વૃત્તિનું નિદર્શન કરવાનું અખંડસૂત્ર લેખકે જોરશોરથી પકડી રાખ્યું છે. તિલકના જીવનને જોવાની આના કરતાં કોઈ વધુ સૂક્ષ્મ એવી દષ્ટિ લેખકે અહીં આપી નથી.''[૪૫]

જીવનકથનાત્મક નવલકથાનાં સર્જન માટે દસ્તાવેજી સામગ્રી કે આધાર સામગ્રી સર્જક તેનાં સર્જનકાળ દરમ્યાન મેળવતો હોય છે. તેમજ પોતાના કુટુંબિક વ્યકિતને આલેખતો હોય છે. પુત્રી નીતાના જીવન પર માતાએ 'મૃત્યુ મરી ગયું' અને પત્ની સવિતાના જીવન પર પતિએ 'મીરાંની રહી મહેક' જીવનકથામૂલક નવલકથાઓ આપી છે. ભૂતકાળની સ્મૃતિથી એમનું સંપૂર્ણ જીવન પ્રગટ થાય છે. માટે જીવનચરિત્રાત્મક નવલકથા બની છે.

ઉપરોકત સંદર્ભના આધારે કહી શકાય છે કે, જીવનચરિત્રમૂલક નવલકથાના સર્જકે નવલકથા લખતાં પહેલાં અભ્યાસ, વાચન, મુલાકાત, તુલના, પસંદગી વગેરેના તબક્કે તટસ્થ અને પ્રામાણિક પ્રયત્ન કરવો ઘટે છે. સામગ્રીમાં હકીકતથી માંડીને અર્થઘટન સુધીની કક્ષાએ પરસ્પર ભેદ, વિરોધ, સાચું–ખોટું, ગમા–અણગમા વગેરેનાં લેખાંજોખાં અંગે વિચાર કરવો પડે છે. આનંદ ઉપરાંત ચોકકસ ઉદ્દેશને ધ્યાનમાં રાખી નવલકથાકાર કોઈ પણ વ્યકિત

પાસે સામગ્રી મેળવવી એકઠી કરે છે. આ સામગ્રીમાંથી કથાવસ્તુ અને ચરિત્ર પ્રાપ્ત થાય છે. તદ્ોપરાંત વૈચારિક અને સાંસ્કૃતિક દષ્ટિબિંદુનું જ્ઞાન પણ પ્રાપ્ત થાય છે. નવલકથાકાર જીવન ચરિત્રકારથી જુદો પડે છે, કલ્પનાનાં ઉડ્ડયનને લીધે. જીવનચરિત્રમૂલક નવલકથાકાર જીવનકથાથી જુદો પડે છે. એ ચરિત્રને ભૂતકાળની નજરથી નહિ, પરંતુ કલ્પનાની વિકસિત દષ્ટિથી પોતે માનસિક જગતમાં ચરિત્રના ભૂતકાળને સંવર્ધિત કરે છે. સાથો સાથ મૌલિકતા, કૌશલ, સંભવિતા, રોચકતા આદિ કલાતત્ત્વો દાખલ કરે છે. પ્રચલિત અને અપ્રચલિત તથ્યોનું અંતર્દર્શન કરી એને નિત્ય નૂતન પ્રયોગોમાં મંડિત કરવાનું કામ જીવનચરિત્રમૂલક નવલકથાકાર કરે છે. આ બાબતમાં નવલકથાકાર જીવનચરિત્રકાર અને ઈતિહાસકારની નજીક હોય છે. કથાને વિકસાવતી વખતે માત્ર ચરિત્રને લગતી સામગ્રી જ રેડયાં કરવામાં આવે તો અરુચિ જ પેદા થાય. પરંતુ આ વ્યકિતગત જીવનને નવલકથામાં ઠીક રીતે ઉપયોગ કરવામાં આવ્યો હોય તો એ અવરોધક નહિ, સહાયક બને; બંધન નહિ, પ્રેરણા દાયક બને. જીવનચરિત્રમૂલક નવલકથાઓમાં જીવનચરિત્રની ઘટનાઓનું બંધન પણ કલ્પનાનાં ઉડ્ડયનો સાથે લાગેલું રહેવાનું જ. કલ્પનાનાં ઉડ્ડયનો જીવનચરિત્ર સાથેના સંબંધો તોડી શકે નહિ. જીવનચરિત્રની રક્ષા કરીને જ સામગ્રીનો ઉપયોગ કરે છે.

નવલકથાકાર કેવલ દષ્ટા નહિ સ્રષ્ટા પણ છે. જીવનકથાકારે નિરૂપિત કરેલ સમય જતાં નવા સત્યનું જ્ઞાન થાય તો જૂઠ્ઠું કે જૂનું થઈ જાય. પરંતુ શકિતશાળી નવલકથા કદાપિ મહત્ત્વવહીન નહિ થાય. જીવનચરિત્રમૂલક નવલકથા સૌ પ્રથમ વૈયકિતક જીવનનો જ આશ્રય લે છે એથી જીવનચરિત્રકારની સન્નિકટ હોય છે. વૈયકિતક જીવનની ઘટનાઓનું બંધન હોય છે, છતાં અહીં જીવનચરિત્રમૂલક નવલકથાકાર જીવનચરિત્રને માટે સામગ્રી પ્રસ્તુત કરતા નથી, પણ એની રચનામાં અંતિમ લક્ષ્ય તો કલાતત્ત્વ છે.

જીવનચરિત્રમૂલક નવલકથામાં ભૂતકાળ બે રૂપોમાં આપણી સામે આવવાનો. એક તો પુનર્નિર્મિત થઈ જીવનચરિત્રમાં અને અન્ય સાહિત્યમાં, બીજું પુનર્જીવિત થઈ જીવનચરિત્રમૂલક નવલકથામાં. આમ એક વ્યકિતના જીવનને ફરીથી હસ્તગત કરી, એ ભૂતકાળ પુનર્જીવિત કરે છે, જીવનના શાશ્વત સત્યોનું ઉદ્‌ઘાટન કરે છે. ભાવનાઓ અને વિચારોની વચ્ચે સામંજસ્ય સ્થાપવાનું કાર્ય કરે છે.

જીવનચરિત્રમૂલક નવલકથાનાં ચરિત્ર વિકાસ માટે આપણે તત્કાલીન સમાજની બધી વિશેષતાઓ જાણવા મળે છે. કોઈ વૈયકિત જીવનની રીતિ અને નીતિ, આચાર અને વિચાર, રંગ અને ઢંગ, રહન અને સહન, સામાજિક, ધાર્મિક અને રાજનૈતિક પરિસ્થિતિ, એ યુગની વિચારધારા અને વ્યકિતગત જીવનગતિ કઈ રીતે એક વિશેષ પરિસ્થિતિમાં ક્રમશઃ વિકાસ પામે છે. એનું જ્ઞાન આપણને જીવનચરિત્રમૂલક નવલકથામાંથી મળે છે.

જીવનચરિત્રમૂલક નવલકથાનો લેખક કલ્પનાનો યથેષ્ટ આશ્રય લેઈ છે. આધાર–ભૂત સામગ્રીની સંપૂર્ણ આજ્ઞામાં રહી, ભૂતકાળને પુનઃપ્રાણ પૂરી એને વર્તમાનમાં લાવી આપણી સમક્ષ રજૂ કરે છે. જીવનચરિત્રકાર વર્તમાનની દષ્ટિથી અતીતની તરફ જુએ છે. જયારે નવલકથાકાર પોતાને મનોનુકૂલાતીતકાળમાં રમમાણ રહે છે. છતાં એની પ્રવૃત્તિ વર્તમાનના અનુભવના ઉપરથી ભૂતકાળને ચિત્રિત કરવાની હોય છે. એમાં ખૂટતી રેખાઓ લેખકની પ્રતિભા અને કલ્પના દ્વારા પૂરી લેવાની હોય છે.

જીવનચરિત્રનો આધાર છે ભૌતિક સત્ય; નવલકથાનો આધાર છે કલ્પના. આ બન્ને વચ્ચેના અંતરને ઓછું કરી નવલકથાકાર અનુસંધાન સ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે. નવલકથાકાર અન્તઃપ્રજ્ઞા દ્વારા પ્રેરિત હોય છે. જયારે જીવનચરિત્ર તથ્યોન્મુખી હોય છે. તથ્યાન્વેષણની જીવનચરિત્રમૂલક પ્રક્રિયા બુદ્ધિપરક હોય છે, ભાવપરક નહિ. નવલકથાકાર ભૂતકાળને પુનઃનાટકીયઢંગથી વધુ સ્પષ્ટ, વધુ ઔચિત્ય અને વધુ પ્રભાવકતાથી અતીત યુગનો બોધ વાચકને કરાવે છે. તર્ક દ્વારા નવલકથાકાર સત્યને સજીવ કલ્પનાથી અખંડિતા વ્યકત કરે છે અને ઘટનાઓને નૂતનાર્થથી ઉદ્‌ઘાટિત કરે છે. આમ જીવનચરિત્રકાર જયાં પહોંચવા અસમર્થ છે ત્યાં પહોંચે છે જીવનચરિત્રમૂલક નવલકથાકાર.

નવલકથા માત્ર વાસ્તવિક જીવનનું ચિત્ર નથી. પણ જીવનની વાસ્તવિકતાનું સંવેદનશીલ, રસપ્રદ અને કલાત્મક ચિત્રણ કરે છે, અભિવ્યકિત કરે છે. જે વાસ્તવિકતાની અપેક્ષાએ વિસ્તૃત સત્ય છે. જેવું છે તેવું યથાતથ નિરૂપણ કરવાથી આત્મકથા, જીવનકથા, સત્યકથા અને ઈતિહાસનું નિર્માણ થઈ શકે છે, નવલકથાનું નહીં. નવલકથા વાસ્તવિક જીવનની અભિવ્યકિત જ નહીં પણ જીવનનું મૂલ્યાંકન, આલોચના અને ટિપણી પણ કરે છે. નવલકથામાં નવલકથાકાર પોતાના ચિત્રણમાં સંપૂર્ણ સ્વતંત્ર છે. એ પોતાના પાત્રો અને ઘટનાઓના સ્વયં

ભાગ્યવિધાતા છે. જીવનચરિત્રાત્મક નવલકથાકાર એ દષ્ટિએ સ્વતંત્ર નથી. એને તો પ્રાપ્ત તત્ત્યવોના આધાર પર જ પોતાના ચરિત્રનાયકની આંતર–બાહ્ય સ્થિતિઓનું ચિત્રણ કરવું પડે છે. આમ જીવનચરિત્રાત્મક અને આત્મકથાત્મક નવલકથાનો સંબંધ મુખ્ય નાયકનાના જીવનની વાસ્તવિકતા સાથે છે. નાયકના જીવનની સચ્ચાઈનો સ્પર્શ લાવવા માટે નવલકથામાં જીવનચરિત્રાત્મક અને આત્મચરિત્રાત્મક અથવા ચરિત્રાત્મક નવલકથા શિલ્પનો પ્રયોગ કરે છે. એ રીતે જીવનકથા નવલકથાથી અલગ શાખા છે. પરંતુ અહીંયા એ સ્પષ્ટ કરી દેવું અતિ આવશ્યક છે કે કોઈ વ્યકિતના જીવનને લઈને જયારે કોઈ નવલકથાની રચના કરવામાં આવે તો એમાં જીવનકથાના તત્ત્વોને નકારી શકાતા નથી. કહેવાનો મતલબ એ છે કે અહીંયા નવલકથા અને જીવનકથા બન્નેના તત્ત્વોનો સુગમ સમન્વય અનિવાર્ય થઈ જાઈ છે.

જીવનચરિત્રમૂલક નવલકથામાં નાયક કે ચરિત્રના જીવનની વાસ્તવિક ઘટનાઓ પર આધારિત છે. અર્થાત્ જીવનકથા અને નવલકથાના તત્ત્વોનું મિલન જીવનચરિત્રમૂલક નવલકથાઓમાં જોવા મળે છે. ઈતિહાસ, સમાજ, પુરાણ, રાજકારણ, માનસ, પ્રદેશ, વિજ્ઞાન, રહસ્ય, વ્યકિત વગેરે વિષયવસ્તુને આધારે ઐતિહાસિક, સામાજિક, પૌરાણિક, રાજનૈતિક, મનોવૈજ્ઞાનિક, પ્રાદેશિક, વૈજ્ઞાનિક, રહસ્યપ્રધાન અને ચરિત્રાત્મક નવલકથાનું નિર્માણ થાય છે. ચરિત્રાત્મક નવલકથાના બે ભેદ પડે છે. આત્મચરિત્રાત્મક નવલકથા અને જીવનચરિત્ર–મૂલક નવલકથા. જીવનચરિત્રમૂલક નવલકથા કોઈ એક વિશેષવ્યકિતના જીવનને કેન્દ્રમાં રાખી આલેખાઈ છે.

ગદ્ય સાહિત્યમાં વિષય વૈવિધ્ય અને વિચાર અભિવ્યકિતની સ્વતંત્રતાની વિશાળ અને વિભિન્ન સંભાવનાઓને કારણે સર્જન તથા સંશોધનની નવી ક્ષિતિજો દિન પ્રતિદિન ખૂલતી રહી છે. સમાજવાદી તથા માર્કસવાદી વિચાર ધારાએ સામાન્ય મનુષ્યને અધિષ્ઠાતા બનાવ્યો તો મનોવિજ્ઞાને માનવ મનની ઊંડાયોમાં જઈને તપાસવાનો સફળ પ્રયત્ન કર્યો. યુગ પરિવર્તનની આ ચેતનાએ વાસ્તવિકતાવાદને પણ જન્મ આપ્યો. એના પ્રભાવથી સાહિત્ય સર્જન કેવી રીતે બચી શકે? ગદ્ય સાહિત્યના સ્વરૂપ નિરધારણમાં જયાં ભાવ, વિચાર અને કલ્પનાને આધાર માનવામાં આવતો હતો. ત્યાં વાસ્તવિકતાએ પણ પોતાના સબળ દાવા સાથે વિવેચકોએ ચોથા પ્રકારના રૂપમાં સ્વીકાર કરવા માટે મજબુર કર્યા. એને કારણે આત્મકથા, જીવનકથા,

સંસ્મરણ જેવા ગદ્યરૂપોની સંપૂર્ણ વાસ્તવિક સાપેક્ષ છે. નવલકથા કલ્પના સાપેક્ષ ગદ્યરૂપ છે, જયારે જીવનકથા વાસ્તવિકતાના રૂપમાં આલેખાય છે. નવલકથામાં સંભાવ્ય વાસ્તવિકતા હોય શકે છે. પરંતુ જીવનકથા અથવા આત્મકથામાં પ્રત્યક્ષ અનુભવનો વાસ્તવિક જીવન સાથે સંબંધ હોય છે. જીવનકથાકાર પોતાના ચરિત્રનાયકના આંતર બાહ્ય સ્વરૂપનું ચિત્રણ પ્રમાણભૂત કુશળતા અને કલાત્મક રીતે કરે છે. ચરિત્રનાયકના ગુણદોષમય વ્યકિતત્વનું ઉદ્‌ઘાટક એ સહૃયતા, સ્વતંત્રતા અને નિષ્પક્ષતાથી આકર્ષણ શૈલીમાં કરે છે. પરંતુ રસિકતાના અભાવને કારણે જીવનકથાની શાખા શુષ્કતાના અભિશાપથી બચી શકી નથી. જીવનકથાની આ શુષ્કતા દૂર કરવા માટે કોઈક નવલકથાકારે પ્રથમ મૌલિક પ્રયોગ કર્યો છે. એટલે પ્રસિદ્ધ મહાપુરૂષોની જીવનકથાઓ નવલકથાઓના સ્વરૂપમાં પ્રસ્તુત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હશે. આમ બે સંપૂર્ણ વિરોધી શાખાઓ એક સાથે જોડવાનો પ્રયાસ સાહિત્યમાં ધ્યાનાકર્ષિત ઘટના હશે. એ મારા સંશોધનનો વિષય બની છે.

જીવનચરિત્રમૂલક નવલકથામાં જીવનચરિત્ર અને નવલકથાને જોડી એક નવલકથા પ્રકાર અસ્તિત્વમાં આવ્યો છે. આ નવીન પ્રકારની નવલકથાઓમાં વિવિધ ક્ષેત્રોનાં પ્રસિદ્ધ મહાપુરૂષોની જીવનકથાઓ નવલકલાના રસપ્રદ માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવે છે. એવી રચનાઓ સાહિત્યાનંદ સાથે બોધાનંદ આપી સાહિત્યધર્મને સફળ બનાવે છે. આજનું સૌથી વધુ લોકપ્રિય સ્વરૂપ નવલકથા છે. દોઢ સો વર્ષના આરે આવેલી નવલકથાએ ઐતિહાસિક નવલકથાથી માંડી જીવનચરિત્રાત્મક નવલકથા સુધીનાં નવા નોખાં લાક્ષણિક રૂપો પ્રકટાવ્યાં છે. જીવનચરિત્રાત્મક નવલકથા વિશિષ્ટ પ્રકારનું પ્રતિષ્ઠિત સ્થાન ધરાવતું આવ્યું છે. પ્રસિદ્ધ કે વ્યકિતવિશેષનાં જીવનનો ભૂતકાળ ભૂલવાનું લોકો માટે સહેલું નથી. આપણે ભૂતકાળ સાથેનો સંબંધ જાળવી રાખવામાં રસ છે. આવી કોઈ પ્રેરણા જીવનચરિત્રમૂલક નવલકથાના પ્રાદુર્ભાવ અને સાતત્ય પાછળ કામ કરી રહી છે. આપણે ત્યાં ખ્યાતનામ વ્યકિતનો ભૂતકાળ તથા ઈતિહાસ લાંબા વિશાળ પટ પર પથરાયેલો છે. એટલે જીવનચરિત્રમૂલક નવલકથાને સામગ્રીની દષ્ટિએ બહોળો અવકાશ પ્રાપ્ત થાય છે.

આ બધી જ ચર્ચાના નિષ્કર્ષના રૂપમાં એવું સ્પષ્ટ થાય છે કે ગદ્યરૂપોનું વર્ગીકરણ કોઈ તત્ત્વ વિશેષની અપેક્ષાના આધાર પર કરી શકાય છે. શૈલી વૈવિધ્યને કારણે

સ્વરૂપ ભેદ તથા આકારભેદ હોવા છતાં પણ તત્ત્વવિશેષની સાપેક્ષતાથી એક જ વર્ગની સિદ્ધિ હોય શકે છે. તત્ત્વ વિશેષની અપેક્ષા હોવા છતાં પણ સાહિત્યના અન્ય તત્ત્વોનો તેમાં અભાવ હોતો નથી. જીવનચરિત્રમૂલક નવલકથાકાર કોઈ મહાપુરુષનું જીવન તથા જીવનચરિત્રના તત્ત્વોના આધાર પર કલાત્મક નવલકથાની રચના કરે છે. ચરિત્રનાયક કે અન્ય પાત્રનાં ગુણાવગુણોની ચર્ચા તથા ઘટનાઓનું ચિત્રણ કરવામાં યથાર્થ પાત્રો અને ઘટનાઓની સાથે સાથે કંઈક કલ્પિત પાત્રો અને ઘટનાઓનો સહારો લેવામાં આવે છે. કયારેક નવલકથાકાર પોતાના વિચારો કે માન્યતાઓ ચરિત્ર પર આરોપિત કરે છે. વ્યકિતનું તથ્યાત્મક જીવન જ પ્રસ્તુત કરે છે. આથી વ્યકિતમૂલક નવલકથા અથવા જીવનચરિત્રમૂલક નવલકથાની સંજ્ઞા આપવામાં આવે છે. જીવનકથનાત્મક નવલકથાકાર સુલભ કલ્પનાનો યત્ર તત્ર આશ્રય જરૂર લે છે. પરંતુ મૂલરૂપમાં તો એ તથ્યો સાથે બંધાઈને ચાલે છે. એટલે જીવનચરિત્રમૂલક નવલકથા અધિક પ્રામાણિક હોય છે.

કોઈ એકસરખી વિષયસામગ્રીને લગતી નવલકૃતિ સર્જાતી હોય ત્યારે એ સ્વરૂપનાં લક્ષણો બાંધવાની જરૂરત ઊભી થાય છે. પણ દરેક સર્જક આ લક્ષણો ખ્યાલમાં રાખી કે સ્વીકારીને જ નવલકૃતિ સર્જતો નથી, એ તો યથેચ્છ એમાં પરિવર્તન આણતો હોય છે. એવાં સમયે જે કાંઈ એકસૂત્રતા–**Integrity** છે.એને આધારે જીવનચરિત્રમૂલક નવલકૃતિની લાક્ષણિકતાઓ તારવવાનો પ્રયત્ન કર્યો છે. જીવનચરિત્રાત્મક નવલકથા, જીવનકથા નથી. આથી સ્વાભાવિક રીતે નવલકથાકારે નવલકથાના તત્ત્વો પર વિશેષ ધ્યાન રાખવું પડે છે. નવલકથાના અનિવાર્ય ગુણ છે. કલાત્મકતા, રાગાત્મકતા અને રોચકતા. આ તત્ત્વ વિના જીવનકથાત્મક નવલકથા બની શકે નહીં. જીવનચરિત્રમૂલક નવલકથાઓ, વિદ્વાનોના મંતવ્યો અને વિભાવનાને આધારે જીવનચરિત્રમૂલક નવલકથાની લાક્ષણિકતાઓ તારવી શકાય છે.

જીવનચરિત્રમૂલક નવલકથા'માં સ્વરૂપગત વિશિષ્ટતા અને વસ્તુવિભાવનાની દષ્ટિએ અન્ય નવલકથાનો પ્રભાવ પડતો રહ્યો છે. એકબીજાની લાક્ષણિકતાઓ ભળી ગઈ છે. આથી ઐતિહાસિક, પૌરાણિક, વાસ્તવિક, સત્યઘટનાત્મક અને આત્મકથનાત્મક નવલકથાની લાક્ષણિકતા અને સામ્ય–વૈષમ્યને તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. સાથે અન્ય સ્વરૂપો જેવા જીવનકથા, આત્મકથા, સંસ્મરણકથા, રેખાચિત્રો અને ડાયરી આદિ સામ્ય–વૈષમ્ય તપાસ્યું છે.

અન્ય વિષયવસ્તુગત નવલકથા અને અન્ય સ્વરૂપથી જીવનચરિત્રમૂલક નવલકથા કયાં કયાં લક્ષણોથી અલગ પડે છે કે નાતો ધરાવે છે. તે તપાસી, જીવનચરિત્રમૂલક નવલકથાની લાક્ષણિકતાઓ બાંધી આપી છે. ગુજરાતીમાં જીવનચરિત્રમૂલક નવલકથાનું સર્જન અલ્પ પ્રમાણમાં થયું છે. સંશોધન કરતા ઓગણીસ જીવનચરિત્રાત્મક નવલકથાઓ હાથવગી મળી છે. આ ઉપરાંત ગુજરાતી અનુવાદિત ત્રણ નવલકથાઓ મળી છે. જેના અભ્યાસ દ્વારા વ્યાવર્તક લાક્ષણિકતાઓ આપવાની કોશિશ કરી છે.

રશિયન ભાષાની 'યુદ્ધ અને શાંતિ' અને ફ્રેન્ચ ભાષાની 'માદામ બોવરી' નવલકથાઓને અનુલક્ષી પર્સી લુબોકે નવલકથાનાં મુખ્ય અંગો અને લક્ષણો તારવ્યાં હતાં. એ પ્રમાણે મારા શોધકાર્યમાં જીવનચરિત્ર અને આત્મચરિત્ર તથા જીવનચરિત્રમૂલક, આત્મ–ચરિત્રમૂલક, ઐતિહાસિક અને સત્યઘટનાત્મક નવલકથાના અભ્યાસના આધારે નીચે મુજબ 'જીવનચરિત્રમૂલક નવલકથા'ની લાક્ષણિકતાઓ તારવી આપી છે.

૧. જીવનચરિત્રમૂલક નવલકથામાં કોઈ એક વ્યકિતવિશેષના જીવન પર આધારિત કથા સામગ્રી દ્વારા મુખ્ય નાયક–નાયિકાના જીવનની ઘટનાઓ નવલકથાના કલેવરમાં ઢાળવામાં આવે છે.
૨. જીવનચરિત્રમૂલક નવલકથામાં લેખક અને નાયક જુદા હોય છે. જયારે આત્મચરિત્રાત્મક નવલકથામાં લેખક અને નાયક એક હોય છે. આથી જીવનકથાત્મક નવલકથાનો લેખક કોઈ બીજી વ્યકિતનાં જીવન વિશે લખતો હોય છે, જયારે આત્મકથાત્મક નવલકથાનો લેખક પોતાનાં જીવન વિશે લખતો હોય છે.
૩. જીવનચરિત્રમૂલક નવલકથા અનેક વ્યકિતઓની કથા નહીં, પણ કોઈ એક વ્યકિત–વિશેષની કથા છે.એટલે મુખ્યપાત્ર વ્યકિતવિશેષ હોવાથી અદ્‌ભૂત ન બનતા યર્થાથ બની રહેવું જોઈએ.
૪. ચરિત્રનાયકના નાનામોટા લાક્ષણિક જીવન પ્રસંગોનાં નિરૂપણ દ્વારા આંતર–બાહ્ય વ્યકિતત્વનો પરિચય મળે છે. પ્રસંગોમાં કેન્દ્રસ્થાને ચરિત્રનાયક જ રહે છે. બીજી કોઈ પણ વ્યકિત ગમે તેટલી મોટી હોય છતાં તેનું સ્થાન ગૌણ રહે છે. નાયકનું વ્યકિતત્વ સ્ફૂટ કરવા માટે આવશ્યક હોય એટલાં જ પાત્રો સહયોગી તરીકે લેવામાં આવે છે.

૫. વ્યકિતવિશેષની જીવનસૃષ્ટિને આધારે સર્જક બીજી નવલસૃષ્ટિ સર્જે છે. આગવી રૂપ સૃષ્ટિ નિર્માણ માટે કથાનાયકની જન્મતિથિ, વિધિવિધાન, વંશવૃક્ષ, દિનચર્યા, લાક્ષણિકતાઓ, રહેણીકરણી, માન્યતાઓ, આકાંક્ષાઓ, રીત–રિવાજો, શ્રદ્ધા અને અંધશ્રદ્ધાઓ, સંઘર્ષો અને મનોવ્યાપાર વગેરે ક્રમશઃ આલેખન પામે છે.

૬. મુખ્યપાત્રના જીવનની આધારભૂત વસ્તુસામગ્રી અથવા સ્વાનુભવમૂલક વસ્તુસામગ્રી લઈ નવલકથાનું સર્જન કરવામાં આવે છે. કથાનાયકના જીવનનું સત્ય જાળવી રાખી લેખક સમભાવપૂર્વક આલેખન કરતો હોય છે.

૭. જીવનકથામૂલક નવલકથાનાં સર્જન સમયે સર્જકે આધારગ્રંથો, જીવંત વ્યકિતની મુલાકાતો અને શકય હોય તો સ્થળની મુલાકાતો, અહેવાલો, નોંધો, સંસ્મરણો, પ્રસંગો અને વાતચીતની નોંધો વગેરે દ્વારા વૈજ્ઞાનિક જેટલી ચોકસાઈ, વિવેકબુદ્ધિ અને તટસ્થાતાથી પ્રમાણભૂત સાધન સામગ્રીનું શ્રમપૂર્વક સંપાદન કરી સભાનપણે કલામય સ્વરૂપ આપવાનું હોય છે.

૮. સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, રાષ્ટ્રીય, આર્થિક, ધાર્મિક અને કલાક્ષેત્રે વિશિષ્ટ કે વિલક્ષણ સ્થાન ધરાવતી વ્યકિત કે વિશિષ્ટક્ષેત્રે સામાન્ય માનવીથી મુઠ્ઠી ઉંચેરાં અને પ્રખ્યાત–વિખ્યાત હોય એવા વ્યકિતને નવલકથાનું મુખ્યપાત્ર બનાવી લેખક અન્યપાત્રનું ચરિત્ર ચિત્રણ કર છે.પણ મુખ્યપાત્રનાં કાર્ય કે આદર્શને વિશેષ મહત્ત્વ આપે છે. અથવા મુખ્યપાત્રના પ્રભાવ–વિસ્તારનું અંગ બની રહે છે. એટલે મુખ્યપાત્રનું સંપૂર્ણ જીવનચરિત્ર હોય છે, અન્ય પાત્રનું નહીં.

૯. વિશેષવ્યકિતના જીવનની ઘટનાઓ કે પ્રસંગોને સંપૂર્ણ રીતે વફાદાર રહી નવલકથાનું નિર્માણ કરવું લગભગ અસંભવિત છે. એટલે સર્જક ઘટના અને પ્રસંગો કલાના ધારા ધોરણ મુજબ ગોઠવે છે, રજૂ કરે છે અને જરૂરી ફેરફાર કરે છે. રસદાય તત્ત્વો ઉમેરે છે. બિનજરૂરી તત્ત્વો છોડી દેઈ છે. વળી જરૂરીયાત પ્રમાણે કાલ્પનિક ઘટનાઓ અને પાત્રો પણ ઉમેરે છે.

૧૦. જીવનચરિત્રનું સત્ય અને કળાનું સત્ય જાળવી બન્નેનું સમતુલન કરવું એ સર્જકની વિશેષતા છે. પણ જયારે સત્ય અને તથ્ય બને એકી સાથે આવે ત્યારે સત્યને સર્વોપરી

ગણવામાં આવે છે. અને તથ્યને સત્યના પ્રકાશની પાછળ મૂકવામાં આવે છે.

૧૧. જીવનચરિત્રમૂલક નવલકથામાંથી વ્યકિતના ઈતિહાસને ઉવેખી શકાય નહીં. ઈતિહાસને અપેક્ષિત છે તથ્યો. નવલકથાને અપેક્ષિત છે સત્યો. જયાં ઈતિહાસની વાત છે, ત્યાં તથ્યની વફાદારી અગ્રસ્થાને રાખી છે. પણ જયાં વ્યકિતના જીવનની વાત છે ત્યાં સત્ય જ સર્વોપરી છે. આમ વ્યકિતવિશેષની નવલકથામાં અને જીવનકથામાં ઈતિહાસ સાથે કલાનો સમન્વય છે.આથી ઈતિહાસ, જીવનચરિત્ર અને નવલકથાનું જીવનચરિત્રમૂલક નવલકથા સાથે સામંજસ્ય સાધી શકાય છે.

૧૨. નવલકથાકારે પસંદ કરેલ કથાનાયકના યુગનું વાતાવરણ ઊભું કરવા માટે સર્જકે કથા–નાયક જીવનનો સમય, સ્થળ, પરિસ્થિતિ, સમાજ, કાર્ય, રહેણી–કહેણી, માન્યતા, રીતરિવાજ અને આસપાસનો સંપર્ક વગેરેને અનુરૂપ વાતાવરણ ખડું કરવું પડે છે.

૧૩. જીવનચરિત્રમૂલક નવલકથા, નવલકથા છે. જીવનકથા નહીં. જીવનકથા અને જીવન ચરિત્રમૂલક નવલકથાની લાક્ષણિકતાઓ સંમિશ્રિત થયેલ છે.

૧૪. જીવનચરિત્રમૂલક નવલકથા જ્ઞાનનિષ્ઠ વાઙ્મય **(Literature of knowledge)** અને કલાનિષ્ઠ વાઙ્મય **(Literature of power)**ના આસ્વાદની અનુકૂળતા સ્થાપી આપે છે.

૧૫. જીવનચરિત્રમૂલક નવલકથાકાર **Fact**નું આલેખન કરે છે. છતાં પણ કયાંક અનિવાર્ય જાણાય ત્યાં **Fiction**નો ખપ પૂરતો ઉપયોગ કરે છે. એટલે કે પાયાના સત્યો સાથે કોઈ બાંધછોડ ન થઈ શકે, પણ કલાક્ષેત્રે અનિવાર્ય ગણાય એવી કલ્પનાનો આશ્રય લીધા વિના ચાલે નહીં. એમાં વ્યકિત જીવનની હકીકતને દૂષિત કર્યા વિના કલ્પનાનાં રંગો આલેખવામાં આવે છે.

૧૬. જીવનચરિચમૂલક નવલકથાનું પ્રેરણાસ્ત્રોત માત્ર વ્યકિતવિશેષનું જીવન જ બને છે.

૧૭. વ્યકિતવિશેષના જીવનમાં બનેલી સાચી ઘટનાઓ અને એમના જીવનમાં આવેલા પાત્રોને રસાત્મક કથામાં મૂકી વ્યકિતવિશેષના જીવનનું નવલકથામાં પુનઃનિર્માણ કરે છે.

૧૮. જીવનચરિત્રમૂલક નવલકથામાં વ્યકિતવિશેષનું જીવન, તથ્ય, સત્ય, હકીકતો, વાસ્તવ, દષ્ટિબિંદુ, દર્શન, જમાનાની તાસીર, યુગધબકાર, ટાઈમ સ્પિરિટ અને ફિકશન વગેરે તત્ત્વોનું સુમધુર સંમિશ્રણ થયેલું હોય છે.

૧૯. સર્જક જીવનચરિત્રમૂલક નવલકૃતિ નિર્માણ કરે છે. ત્યારે વ્યકિતવિશેષનું જીવન અને આકૃતિનું સત્ય જાળવવાનું હોય છે.

૨૦. જીવનચરિત્રમૂલક નવલકથામાં વ્યકિતવિશેષના જીવનની ઘટનાઓ અને સામૂહિક વિતેલી ઘટનાઓ હોય છે. ઐતિહાસિક નવલકથામાં આ બન્નેમાં સત્ય સર્વોપરિ છે. ઐતિહાસિક નવલકથા, બની ગયેલી ઘટનાનું પુનઃકથન છે. જીવનચરિત્રમૂલક નવલકથા, વીતી ગયેલાં જીવનનું પુનઃકથન છે. ઐતિહાસિક નવલકથામાં ઈતિહાસ અને સત્યની અપેક્ષા છે. જયારે જીવનચરિત્રમૂલક નવલકથામાં ઈતિહાસ, સત્ય વત્તા કલાની અપેક્ષા રહે છે.

૨૧. જીવનચરિત્રમૂલક નવલકથામાં ચરિત્રનાયકની અનન્યતા છતી થવી જોઈએ. ચરિત્રનાયક મહાત્મા જ હોવો જરૂરી નથી. પણ વ્યકિતવિશેષ હોવો જરૂરી છે. તેને વાચક આગળ રજૂ કરવાની જવાબદારી નવલકથાકારની છે. કથાનાયક જે કાળમાં જીવ્યો હોય એ કાળ વાચક આગળ ખડો થવો જોઈએ. એ કાળનો સંદર્ભ સ્પષ્ટ થાય તો જ નાયકનું શબ્દચિત્ર સ્પષ્ટ થાય.

૨૨. જીવનચરિત્રમૂલક નવલકથાનું એક સાવયવ કલાકૃતિ સંદર્ભે પૃથ્થક્કણ કરતી વખતે મુખ્ય પાત્રનું પ્રમાણભૂત કથાતત્ત્વ, તથ્ય અને સત્યયુકત ઘટનાવલિ, મુખ્યપાત્રની આસપાસનું સમકાલીન વાતાવરણ, શૈલી, જીવનદર્શન–જેવા તત્ત્વો નજર સમક્ષ રાખવામાં આવતાં હોય છે. જો કે એ લાક્ષણિક તત્ત્વોની ઉચ્ચાવત્તા ઓગળી જાય અને કૃતિ એક પુદ્ગલ તરીકે રસાનુભૂતિ કરાવે એ સ્થિતિ શ્રેષ્ઠ ગણાઈ છે.

૨૩. નવલકથા, નિબંધ, નવલિકા વગેરે સાહિત્ય સ્વરૂપોમાં જેટલો અવકાશ કલ્પનાને છે, એટલો અવકાશ જીવનચરિત્રમૂલક નવલકથામાં નથી. અહીં તો જીવનની નકકર, વાસ્તવિક, તથ્યપૂર્ણ, સત્યરૂપ, હકીકતપૂર્ણ પ્રતીતિજનક, કલાપૂર્ણ અને રસિક હોય છે. વ્યકિતવિશેષનો જીવનલક્ષી ઈતિહાસ અને સાહિત્યકલાની શકિતઓનો કલાત્મક સમન્વય કરવો પડે છે. સત્ય, તથ્ય વચ્ચે કલ્પનાનો વિનયોગ કરવો પડે છે.સાવ સોનાનો અલંકાર ઘડાય નહિ. એમાં થોડી અન્ય ધાતુની મેળવણી કરવી પડે છે. તેમ સર્જકે અંતર પ્રત્યાતમક **(Conceptual)** સત્યોને પ્રકટ કરવા કલ્પના કે અનુમાનોની સહાય લેવામાં આવે છે. અહીં ઈતિહાસ, વિજ્ઞાન, માનસશાસ્ત્ર કે જીવનકથાનું તથ્ય અને સત્ય નથી

રહેતું પણ એક જુદા જ પ્રકારનું સત્ય છે.આ સત્ય છે, વ્યકિતત્વનું સત્ય. આથી જ આપણે આકારિત થતા વ્યકિતત્વને પામી શકીએ છીએ.

૨૪. જીવનચરિત્રમૂલક નવલકથાના સંવિધાનમાં સર્જકનો અભિગમ શું છે? તેને આધારે એ ઘટનાઓનું આલેખન કરે છે. અને એ સિવાયની મહત્ત્વની હોય તોયે છોડી દે છે. જેમ શિલ્પકાર આરસમાંથી પોતાની કલાકૃતિના નિર્માણમાં પોતાને જે અભિષ્ટ છે તે ભાગ રાખી બાકીનો આરસ ગમે તેવો મોટો, સુંદર કે કિંમતી હોય તોય તેને કોતરી છોડી દે છે. સર્જકને જીવન, ઈતિહાસ અને કલાનું સત્ય લાગે તેને આલેખે છે.

૨૫. જીવનચરિત્રમૂલક નવલકથામાં જીવનચરિત્રને લગતી સામગ્રીનું રૂપાન્તર કરી સર્જક સર્જનાત્મકતા બક્ષે છે. સત્યઘટનાઓ અને મહામારી વગેરેનું વૃત્તાન્તમૂલક નિરૂપણ આલેખી, પ્રમુખપાત્રની આસપાસનો શ્રદ્ધેય સામાજિક સંદર્ભ રચી, છેવટે એ આપણને આનંદ લોકમાં લઈ જાય છે.

૨૬. જીવનચરિત્રમૂલક નવલકથાનો સંબંધ જીવતી કે જીવી ગયેલી વ્યકિતઓ સાથે છે. વ્યકિતના જીવનની સર્વાંગીણ સંડોવણી પણ ભાગ્યે જ હોય છે. વ્યકિતના જીવનનો પ્રબોધ વિશેષ હોય છે. પણ સાહિત્યાનંદ તો મળવો જ જોઈએ. વ્યકિત–નાયકના અખંડ વ્યકિતત્વનાં આંતર્–બહિર્ સ્વરૂપને જાણવા–માણવાનો રસિક આનંદ મળે છે.

૨૭. વ્યકિતવિશેષનું જન્મથી મૃત્યુ સુધીનું સમગ્ર જીવન આલેખન પામે છે. જેમાં આંતરિક વૃત્તિવ્યાપારો, સંવેદનાઓ, આચારવિચાર, પરિસ્થિતિઓ, સંઘર્ષો, યુગ છબી, પશ્ચાદ્ભૂ, ચડતી–પડતી, આશા–અરમાનો, સિદ્ધ–અસિદ્ધઓ, ન્યાય–અન્યાયો, સુખ–દુઃખ, દર્દો, પરિચયમાં આવેલી વ્યકિતઓ અને વ્યકિતનું સમાજ જીવન–એ સર્વે જીવનચરિત્રમૂલક નવલકથામાં આલેખન પામે છે.

૨૮. જીવનચરિત્રમૂલક નવલકથાના આલેખનમાં સર્જકે રસાત્મકતા લાવવા રચનાગત પ્રયુકિતઓ, પ્રસંગોની પસંદગી, પ્રમાણભૂતતા અને પ્રમાણસરતા, યોગ્ય ઘાટ, અસરકારક ભાષા, કથાનાયકની વિશિષ્ટતાઓ, સ્થળકાળના સંદર્ભમાં વર્ણનોની સચ્ચાઈ અને રસાર્દ્રતા આદિમાં સર્ગશકિત પ્રગટાવવાની હોય છે.

૨૯. મુખ્યચરિત્રના જીવનની હકીકતોમાંથી સત્ય શોધી સર્જકે ચરિત્રના વ્યકિતત્વને ઉપસાવવા

માટે રસપૂર્ણપ્રસંગોની કલાત્મક ગોઠવણી, ચિત્રાત્મક વર્ણનો, જીવંત અને રસિક સંવાદો, હકીકત અને સત્યનું સ્થાપન, સામગ્રીની પ્રમાણભૂતતા અને અર્થઘટનયુકત કલ્પના વડે શબ્દ સંજીવની દ્વારા સર્વાંગી વ્યકિતત્વ જીવંત કરે છે.

૩૦. જીવનચરિત્રમૂલક નવલકથામાં પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક કલાકારો, સાહિત્યકારો, ભકતો, સંતો, સામાજિક કાર્યકરો, રાજકીય નેતાઓ, સ્વજનો, ભૂતકાળના ઐતિહાસિક ચરિત્રો તથા જાહેર જીવનમાં પડેલી વ્યકિતઓનો સમાવેશ થાય છે.

૩૧. રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે વિચાર કે ક્રિયામાં ફાળો આપનાર વ્યકિત ચરિત્રનાયક બને છે. જે માનવીની કૂતૂહલવૃત્તિને જીવંત રાખે છે. પ્રેરણાસ્ત્રોત બની રહે છે. ધર્મ, રાજકારણ, સમાજકારણ, સાહિત્ય, કલા, સંશોધન વગેરે અનેક ક્ષેત્રોની વ્યકિતઓ નવલકથામાં મુખ્ય ચરિત્ર તરીકે સુજ્ઞ વાચકોની જિજ્ઞાસાવૃત્તિને ઢંઢોળે છે.

૩૨. જીવનચરિત્રમૂલક નવલકથામાં હકીકત, તથ્ય અને સત્યના આધારે વ્યકિતના જીવનમાં બનેલી ઘટનાઓ કે પ્રસંગો આલેખવામાં આવે છે. પણ ચરિત્ર, ઈતિહાસ નથી. ઈતિહાસમાં સમયપટ સાધ્ય છે અને વ્યકિત–ચરિત્ર સાધન છે. જયારે જીવનચરિત્રમૂલક નવલકથામાં વ્યકિત દર્શન સાધ્ય છે અને સમયપટ સાધન છે.

૩૩. જીવનચરિત્રાત્મક નવલકથાકારે વ્યકિતવિશેષના જીવનની ઉપલબ્ધ સર્વ સામગ્રી એકત્રિત કરવી જરૂરી છે. એકાદ નાનકડી ઘટના પણ વ્યકિતત્વને સુરેખ બનાવવામાં ઘણી ઉપયોગી સાબિત થતી હોય છે. પૂર્વે લખાયેલ ચરિત્ર, નોંધપોથી, રોજનિશી, પત્રવ્યવહાર, પ્રતિસ્પર્ધીની પ્રતિક્રિયા કથાનાયક સંબંધિત સર્જન, સ્થળ વગેરે જરૂરી સામગ્રી એકત્રિત કરે છે. આ બધી ભૌતિક સામગ્રીમાંથી હાડમાંસની ભરેલી વ્યકિતની પુનઃ જીવંત મૂર્તિ કંડારવાની હોય છે.

૩૪. જીવનચરિત્રમૂલક નવલકથાના લેખકે જન્મ અને મૃત્યુની સીમા વચ્ચે નાયકના થયેલા વ્યકિતત્વના વિકાસની પ્રતીતિકર રેખાઓનું આલેખન કરવાનું હોય છે. એમાં તથ્યો અને સત્યોના આધારે યથાર્થ વ્યકિતચિત્ર આલેખવાનો લેખકનો આદર્શ હોવો જોઈએ. મનુષ્ય સ્વભાવ વિલક્ષણ હોવાથી લેખકે નાયકના સુષુપ્ત મનનું કતૃત્વ પણ ધ્યાનમાં લેવું જોઈએ. આથી ચરિત્ર માનસશાસ્ત્રીય દષ્ટિએ પણ પ્રતીતિકર બને. કૌટુંબિક જીવન સફળતા,

નિષ્ફળતા વગેરેને ધ્યાનમાં લેવાનાં રહે છે. અંતરંગ–બહિરંગ જીવનની પરસ્પર વિશુદ્ધ ઘટનાઓ આલેખવાથી કૃતિ સૌષ્ઠવ અને અખિલત્વ પ્રાપ્ત કરે છે.

૩૫. જીવનચરિત્રમૂલક નવલકથાનું લક્ષણ એ છે કે એમાં કશુંય કૃતક નથી. એટલે કે બનાવટનો કયાંય પ્રયત્ન નથી. કશુંય છૂપાવવાનો આશય નથી. પણ આખી નવલકથા વાંચતા જઈએ તેમ તેમ એક વધુ ને વધુ સાચું વ્યકિતત્વ ઉપસી આવે છે.

૩૬. જીવનચરિત્રમૂલક નવલકથા જીવનકથા નથી, પણ નવલકથા છે. આ પ્રકારની નવલકથા રચવા લેખકે સૌપ્રથમ વ્યકિતવિશેષના જીવનની કાચી સામગ્રી એકઠી કરવી પડે છે. આ સામગ્રીમાં કાંટ–છાંટ કરી, સર્જક કલ્પનાના અંકોડા મેળવી, એક અનોખી રસસૃષ્ટિ સજીવ કરે છે. જયારે ભાવક પાસે આ કૃતિ આવે છે, ત્યારે એનું રૂપ જીવનચરિત્ર નહિ, પણ સાહિત્યકૃતિનું હોય છે.

૩૭. લેખક જીવનચરિત્રમૂલક નવલકથામાં જીવીત અથવા સ્વર્ગસ્થ વ્યકિતવિશેષને લક્ષ્ય બનાવી સર્વાંગીણ જીવનનું રસમય ચિત્રણ કરે છે. વ્યકિતનું જીવનવૃત્ત આલેખવામાં આવે છે. વ્યકિતના જીવનની મોટામાં મોટી મહાનતા અને નાનામાં નાની ભૂલોને પણ વ્યકત કરવામાં આવે છે.

૩૮. લેખક વ્યકિતવિશેષની જીવનકથા, આત્મકથા, સંસ્મરણ, ડાયરી, નોંધો અને મુલાકાતના આધારે જીવનકથાત્મક નવલકથાનું લેખન કરે છે. ચોકકસ સમયના સંદર્ભમાં કથાનાયકની છબી અખિલાઈથી ઉપસાવે છે. ચિત્રકારની અદાથી દેશકાળના રંગો મિલાવે છે. સ્થળ–કાળનો ઈતિહાસ, ભુગોળ અને સમયરંગ આલેખે છે. આવી નવલકથામાં જયાં વ્યકિતત્વનું નિર્વ્યાજ પ્રકટીકરણ થયું છે, ત્યાં પરિણામ ઊજળું આવ્યું છે.

૩૯. જીવનચરિત્રમૂલક નવલકથામાં તદ્દન અજાણ્યો કથાનાયક અજાણ્યા લેખકનો વિષય બને એ તો શકય નથી. વ્યકિતવિશેષના જીવન વિષયક લેખક પરિચિત અથવા ઓછાંમાં ઓછું એના વિશે જાણકાર હોય એ જરૂરી છે.

૪૦. જીવનકથા, નવલકથાની અને નવલકથા, જીવનકથાની સરહદોને સ્પર્શે છે. લેખક વ્યકિતવિશેષના જીવનની સામગ્રી મેળવી, ધારણાઓને આધારે સત્ય તારવે છે. આ સત્યનો આધાર લઈ નવલકથારૂપ જીવનકથાની રચના કરે છે.

૪૧. વ્યકિતવિશેષના જીવનનો ઈતિહાસ અને કથાનો સમન્વય જીવનચરિત્રમૂલક નવલકથામાં જોવા મળે છે. આથી આ પ્રકારની નવલકથા વાચવાથી પ્રબોધાનંદ અને જ્ઞાનાનંદ મળે છે. કથાનાયક ભાવકનો આદર્શ કે ધ્યેય પણ બની જાય છે.

૪૨. જીવનચરિત્રમૂલક નવલકથામાં બાળપણથી માંડી જીવનના સૂર્યાસ્ત સુધીની અનેક ઘટનાઓ, પ્રવૃત્તિઓ, સંવેદનાઓ, તત્કાલીન સમાજજીવન, વાતાવરણ અને આસપાસના વ્યકિતઓ દ્વારા કથાનાયકના જીવનનો ઈતિહાસ રચાતો હોય છે. આથી જીવન–ચરિત્રમૂલક નવલકથા નર્યો ઈતિહાસ નથી કે કાલ્પનિક કથાકૃતિ નથી. પણ એ ઈતિહાસ ન રહેતાં નવલકૃતિ બને છે. પણ ઘટનાઓ અને પ્રસંગોનું ચયન, પ્રસંગગૂંથણી અને પ્રસંગોને ઘાટઘૂટ આપી, સત્યને સારવી, સામગ્રીનો સમયોચિત ઉપયોગ કરી, સર્જક ભાષામાં સમગ્ર વ્યકિતત્વને યથાતથ નિરૂપવાનો પ્રયાસ હોય છે.

૪૪. જીવનચરિત્રમૂલક નવલકથાકાર સત્ય ઘટનામાંથી રસાળ અને મનપસંદ બાબતોનું સંયોજન કરે છે. અને વ્યકિતવિશેષના જીવન સંબંધિત ઉપલબ્ધ સ્ત્રોતમાંથી સંકલન કરી ભાવનાપૂર્ણ અને તથ્ય આધારિત મનોરમ્ય ચિત્રણ કરે છે.

૪૫. જીવનચરિત્રમૂલક નવલકથાની રજૂઆતમાં વ્યકિતવિશેષની કહેણી–કથનીને વફાદાર રહેવું પડે છે.

૪૬. જીવનકથામાં સમય અને પ્રસંગો કે બનાવોને સમયાનુક્રમે ગોઠવવા પડે છે. જયારે જીવનચરિત્રમૂલક નવલકથામાં સર્જકને ફાવે તેમ ઉલટાવીને યથેચ્છ રીતે ગૂંથી શકે છે. જે અનિવાર્ય લક્ષણ બની રહે છે.

૪૭. જીવનચરિત્રમૂલક નવલકથાનું લક્ષ્ય વ્યકિતવિશેષની કીર્તિગાથા કરવાનું ન હોવું જોઈએ. લેખકનો રસ વ્યકિતપૂજાનો નહીં પણ સમષ્ટિપૂજાનો હોવો જોઈએ જેથી વ્યકિતગાથા ન બનતા સમષ્ટિગાથા બને છે.

જીવનચરિત્રમૂલક નવલકથાને વ્યાખ્યાત્મક રીતે બાંધવાના પ્રયત્નમાંથી ઉદ્‌ભવેલી લક્ષણિકતાની સવિસ્તાર ચર્ચા કરી છે. હજુ આ ખુલ્લી વિભાવના છે. ભવિષ્યમાં સંશોધકો એમાં કાંટ–છાંટ કે ઉમેરો કરી વધારે સઘન બનાવશે એવી આશા રાખું છું. આમ આ

પ્રકરણમાં જીવનચરિત્રમૂલક નવલકથાની સંજ્ઞા, વ્યાખ્યા અને સ્વરૂપગત લાક્ષણિકતાની સવિસ્તાર ચર્ચા કરી છે.

॥ સંદર્ભ નોંધ ॥

૧. ભગવદ્ગોમંડલ, ભાગ–૪, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, પ્ર.આ.૧૯૪૮, ૧૯૮૬, ૨૦૦૭, પૃ.૩૫૭૫.

૨. ભગવદ્ગોમંડલ, ભાગ–૪, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, પ્ર.આ.૧૯૪૮, ૧૯૮૬, ૨૦૦૭, પૃ.૩૧૧૮.

૩. ભગવદ્ગોમંડલ, ભાગ–૪, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, પ્ર.આ.૧૯૪૮, ૧૯૮૬, ૨૦૦૭, પૃ.૩૫૭૪.

૪. ભગવદ્ગોમંડલ, ભાગ–૮, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, પ્ર.આ.૧૯૪૮, ૧૯૮૬, ૨૦૦૭, પૃ.૭૩૨૪.

૫. ભગવદ્ગોમંડલ, ભાગ–૫, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, પ્ર.આ.૧૯૪૮, ૧૯૮૬, ૨૦૦૭, પૃ.૪૮૮૩.

૬. ભગવદ્ગોમંડલ, ભાગ–૫, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, પ્ર.આ.૧૯૪૮, ૧૯૮૬, ૨૦૦૭, પૃ.૪૮૮૩.

૭. ભગવદ્ગોમંડલ, ભાગ–૫, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, પ્ર.આ.૧૯૪૮, ૧૯૮૬, ૨૦૦૭, પૃ.૪૮૮૩.

૮. બૃહત કોશ, સંપા. રતિલાલ સા. નાયક, અમદાવાદ, અક્ષરા પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૩, ૦૫, પૃ. ૬૦૮.

૯. **Gala's universal combined Distionnary, com. L.R.Gala, Ahmadabad, Navneet publication, Ltd. p.272, 227, 489. Total.794.**

૧૦. **Gala' suniversal combined Distionnary, com. L.R.Gala, Ahmadabad, Navneet publication, Ltd. p.84, Total.794.**

૧૧. **Collier's Encyclopaedia, Vol-3, 1962, page 319.**

૧૨. **Oxford English dictionary, Edi.1939, page 180.**

૧૩. **Everymen's Encyclopaedia, vol-2, First Edi.1967, page-226.**

૧૪. **English Biography, W.H.Dunn, page-12.**

૧૫. **Aspects of Biography, Andre Maurois, page-98.**

૧૬. **Lytton strachey, K.R.Shrinivas, page-146.**

૧૭. ચરિત્ર સાહિત્યઃ સ્વરૂપ અને વિકાસ, ડૉ.ઉપેન્દ્ર ભટ્ટ, પૃ.૪.

૧૮. ઉદ્‌ઘોષ, મફત ઓઝા, અમદાવાદ, સરસપુર કોલેજ છાત્રાલય મિરઝાપુર,પ્ર.આ. ૧૯૭૭, પૃ.૮૬.

૧૯. ચરિત્રાત્મક સાહિત્ય, દિનકર જોષી, પરબ, ૧૯૯૬, અંક ૧/૨, પૃ.૬૨.

૨૦. ગુજરાતી સાહિત્યનો નવમો દાયકોઃ નવલકથા, જયંત ગાડીત, પરબ,૧૯૯૧, ફેબ્રુઆરી અંક ૨, પૃ.૧૪–૧૫.

૨૧. બાલાજોગણ, રમણલાલ વ. દેસાઈ, અમદાવાદ, આર.આર. શેઠની કંપની,૧૯૫૨, ૫૬, ૬૨, ૬૮, ૭૪, ૮૧, ૯૨, પૃ.૭–૯.

૨૨. સૂરજનો છડીદાર, સંપા. ચંદુલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર,૧૯૯૭, પૃ.૮૨.

૨૩. સૂરજનો છડીદાર, સંપા. ચંદુલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર,૧૯૯૭, પૃ.૮૩.

૨૪. પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા, પન્નાલાલ પટેલ, અમદાવાદ, સાધના પ્રકાશન, ૧૯૮૩, ૮૪, ૦૧, પૃ.૫–૬.

૨૫. પિંજરની આરપાર, લેખ, સુરેશ દલાલ, અમદાવાદ, વોરા ગાંધી ચેમ્બર્સ, ૧૯૯૦, છેલ્લું પાકું પૃષ્ઠ.

૨૬. પિંજરની આરપાર, માધવ રામાનુજ, અમદાવાદ, વોરા ગાંધી ચેમ્બર્સ, ૧૯૯૦, પૃ.૬–૭.

૨૭. પિંજરની આરપાર, 'કથાઃ પિંજરની આરપાર'ની, માધવ રામાનુજ અમદાવાદ, વોરા

ગાંધી ચેમ્બર્સ, પ્ર.આ.૧૯૯૦.

૨૮. ચરિત્રસાહિત્ય, પ્રસાદ બ્રહ્મભટ્ટ, અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ.૧૯૯૨, પૃ.૭૪.

૨૯. કથાયન, બાબુ દાવલપરા, વલ્લભવિદ્યાનગર, ૧૯૯૩, પૃ.૧૯૮.

૩૦. અ–મૃતપંથનો યાત્રી, દિનકર જોષી, રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૨૦૦૩, પૃ.૪–૫.

૩૧. મૃત્યુ મરી ગયું, ઉષા શેઠ, અમદાવાદ, આર. આર. શેઠની કંપની, ૧૯૭૯, ૦૨, પૃ.૬.

૩૨. સૂર્યપુરુષ ખંડઃ ૨, સહિયારો પુરુષાર્થ પ્રસ્તાવના, માધવ રામાનુજ, અમદાવાદ, શ્રીચિમનભાઈ પટેલ ગુજરાત વિકાસ ટ્રસ્ટ, ૧૯૯૯, પૃ.૯.

૩૩. સૂર્યપુરુષ ખંડઃ૨, સહિયારો પુરુષાર્થ, પ્રસ્તાવના, માધવ રામાનુજ, અમદાવાદ, શ્રીચિમનભાઈ પટેલ ગુજરાત વિકાસ ટ્રસ્ટ, ૧૯૯૯, પૃ.૧૧.

૩૪. મહાનાયક, વિશ્વાસ પાટીલ, અમદાવાદ, આર.આર. શેઠની કંપની, ૨૦૦૦, અનુ.પ્રતિભા દવે, પૃ.૧૦.

૩૫. ઈન્કિલાબ, મૃણાલિની જોશી, અમદાવાદ, આર. આર. શેઠની કંપની, ૨૦૦૬, અનુ.કેયૂર કોટક, પૃ.૫.

૩૬. માનસ કા હંસ, અમૃતલાલ નાગર, દિલ્હી, રામપાલ એન્ડ સન્સ, ૧૯૭૨. પૃ.૪.

૩૭. માનસ કા હંસ, અમૃતલાલ નાગર, દિલ્હી, રામપાલ એન્ડ સન્સ, ૧૯૭૨. પૃ.૫.

૩૮. સૂરજનો છડીદાર, સંપા. ચંદુલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૧૯૯૭, પૃ.૧૮૬.

૩૯. સૂરજનો છડીદાર, સંપા. ચંદુલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૧૯૯૭, પૃ.૬૫–૬૬

૪૦. ગુજરાતી સાહિત્યકોશ ખંડઃ ત્રણ, મુખ્ય સંપા. ચન્દ્રકાન્ત ટોપીવાલા, અમદાવાદ, ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્ર.આ.૧૯૯૬, પૃ.૧.

૪૧. ગુજરાતી સાહિત્યકોશ ખંડઃ ત્રણ, મુખ્ય સંપા. ચન્દ્રકાન્ત ટોપીવાલા, અમદાવાદ, ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્ર.આ.૧૯૯૬, પૃ.૩૨૩.

૪૨. મરાઠી નવલકથાઃ શ્રી વ.દ.કુલકર્ણી, પૃ.૫૭.

૪૩. કથાપ્રસંગ, દીપક મહેતા, ગાંધીનગર, ગુજરાતી સાહિત્ય અકાદમી, પ્ર.આ.૧૯૯૦, પૃ.૫૦–૫૧.

૪૪. કથાપ્રસંગ, દીપક મહેતા, ગાંધીનગર, ગુજરાતી સાહિત્ય અકાદમી, પ્ર.આ.૧૯૯૦, પૃ.૫૩–૫૪.

૪૫. કથાપ્રસંગ, દીપક મહેતા, ગાંધીનગર, ગુજરાતી સાહિત્ય અકાદમી, ૧૯૯૦, પૃ.૫૫.

પ્રકરણ—૫

જીવનચરિત્રમૂલક નવલકથાના

ઘટકતત્ત્વો

॥ પ્રકરણ–૫ ॥

॥ જીવનચરિત્રમૂલક નવલકથાના ઘટકતત્ત્વો ॥

'જીવનચરિત્રમૂલક નવલકથા'માં નવલકથા આગળ 'જીવનચરિત્ર' સંજ્ઞા લગાડીએ છીએ, ત્યારે એ સંજ્ઞા કે વિશેષણ ત્યાં ઉચિત છે ખરું? એનું આંતરિક રહસ્ય શું? રચનાતંત્રમાં એ કયા જુદી પડે છે? એમાં કયા ઘટકતત્ત્વનું પ્રાધાન્ય હોય? અન્ય નવલકથાઓ વચ્ચે સામ્ય–વૈષ્મય શું? વગેરે પ્રશ્નો તપાસવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે.

સામાજિક નવલકથામાં 'સમાજ', ઐતિહાસિક નવલકથામાં 'ઈતિહાસ', પૌરાણિક નવલકથામાં 'પુરાણ', જાનપદી નવલકથામાં 'જનપદ', મનોવૈજ્ઞાનિક નવલકથામાં 'માનસ', હાસ્યકથામાં 'હાસ્ય', સાંસ્કૃતિક નવલકથામાં 'સંસ્કૃતિ', રાજનૈતિક નવલકથામાં 'રાજકારણ', વૈજ્ઞાનિક નવલકથામાં 'વિજ્ઞાન', આત્મચરિત્રાત્મક નવલકથામાં 'આત્મ–ચરિત્ર' એટલે કે 'પોતાનું જીવન' અને જીવનચરિત્રમૂલક નવલકથામાં 'જીવનચરિત્ર' એટલે કે 'વ્યકિત જીવન' અને 'વ્યકિતત્વ' મહત્ત્વના છે. આમ દરેક નવલકથામાં મુખ્ય ઘટકતત્ત્વ કેન્દ્રસ્થાને હોય છે. આથી આ ઘટકતત્ત્વના પ્રાધાન્યને આધારે નવલકથાના પ્રકારો અને ઘટકતત્ત્વો જુદા પાડી શકાય છે. આમ નવલકથાના વિવિધ પ્રકારો પાડવા છતાં પણ નવલકથા એક વિશિષ્ટ સ્વરૂપ છે. કારણ કે નવલકથાએ તો સિદ્ધ કરવાનું છે એનું નવલકથાપણું.

જીવનચરિત્રમૂલક નવલકથાની વિષયસામગ્રી વ્યકિતવિશેષનું જીવન છે. એટલે કે એ સામગ્રીને એકઠી કરી સર્જક પોતાની બુદ્ધિ, ઊર્મિ, લાગણી અને કલ્પનાની મદદથી નિશ્ચિત ઘાટ આપે છે. સામગ્રીનું સંયોજન કરે છે. વ્યકિતવિશેષ એના અસલ નામ ઠામ રૂપે મુખ્યપાત્ર કે કથાનાયક–નાયિકા બની આવે છે. તેની આસપાસની પાત્રસૃષ્ટિ, સ્થળ, કાળ અને પરિસ્થિતિજન્ય વાતાવરણ વાસ્તવરૂપે સર્જે છે. સત્ય અને તથ્યને જાળવી કલ્પનાનું નિરૂપણ કરે છે. મુખ્યપાત્રને ઉપકારક સંવાદો અને વર્ણનો આલેખે છે. કથાનાયકને અનુરૂપ ભાષાશૈલી, રસલક્ષીતા અને સર્જકનો નીજી દષ્ટિકોણ પ્રગટાવે છે. આ બધા જીવનચરિત્રમૂલક નવલકથાના બંધારણીય ઘટક અંગો છે. આ અંગોથી જીવનચરિત્રાત્મક નવલકથાનું કલેવર બંધાય છે.

નવલકથાનું વિષયવસ્તુની દષ્ટિએ અનેક પ્રકારે વર્ગીકરણ કરવામાં આવે છે. એમાં વિષયવસ્તુગત જીવનચરિત્રમૂલક નવલકથા પંચતત્ત્વોની રચાયેલી ‘પંચભૂત આકૃતિ’ છે. આ પંચતત્ત્વો જીવનચરિત્રમૂલક નવલકથાના અભ્યાસના આધારે આ પ્રમાણે તારવ્યાં છે.

૧. વ્યકતિવિશેષના જીવન આધારિત જીવનચરિત્રમૂલક નવલકથાવૃત્ત અથવા વ્યકિતવિશેષનું જીવનવૃત્ત, ૨. વ્યકિતવિશેષની ચરિત્રનાયક કે કથાનાયક તરીકે પસંદગી, ૩. સમકાલીન યુગસંદર્ભ તથા દેશકાળનું ચિત્ર, ૪. સત્ય અને તથ્થોની જાળવણીયુકત કલ્પના, ૫. નિરૂપણરીતિ.

આમ આ ઘટકતત્ત્વોને ધ્યાનમાં રાખી મારા શોધનિબંધનું શીર્ષક ‘જીવનચરિત્રમૂલક નવલકથા’ આપ્યું છે. ઉપરોકત ઘટકતત્ત્વોને આધારે નવલકથાનું મૂલ્યાંકન સમજવા પ્રયત્ન કર્યો છે.

૧. વ્યકિતવિશેષના જીવન આધારિત જીવનચરિત્રમૂલક નવલકથાવૃત્ત

‘સાહિત્ય’ એટલે ‘રસાત્મક વાકયમ્’ અને ‘રમણીયાર્થ પ્રતિપાદકઃ શબ્દ’નાં પ્રચલિત સ્વરૂપોમાં વાર્તા પુરાતન સાહિત્ય સ્વરૂપ છે. એ ટૂચકા, પ્રસંગ, દષ્ટાંત, નવલિકા, લઘુનવલ, નવલકથા અને મહાનવલકથારૂપે મહાલી ‘જૂજવાં રૂપ’ દેખાડે છે. વળી વિષયવસ્તુ પરત્વે ઐતિહાસિક, સામાજિક, પૌરાણિક, ધાર્મિક, દરિયાઈ, હાસ્યપ્રધાન, જાસૂસી, મનોવૈજ્ઞાનિક, વિજ્ઞાનકથા, જીવનચરિત્રાત્ક અને આત્મચરિત્રાત્મક વગેરે પ્રકારે જોવા મળે છે. ઘટકતત્ત્વની પ્રધાનતાની દષ્ટિએ પાત્રપ્રધાન, ઘટનાપ્રધાન, વાતાવરણપ્રધાન અને શૈલીપ્રધાન રીતે જોવા મળે છે. શૈલીની દષ્ટિને પત્રાત્મક, આત્મકથનાત્મક, પરોક્ષકથનાત્મક અને ડાયરીરૂપે હોય છે.

આમ ભિન્ન ભિન્ન કલેવર ધારણ કરી વાર્તારૂપી હંસલો વિહાર કરે છે. આ રીતે નવલકથાની ઉપાદાન સામગ્રીને કેટકેટલાં વળગણો હોય છે. ઈતિહાસ, સામાજ, રાજકીય, ધાર્મિક, સમષ્ટિ અને વ્યકિતનું આંતર–બાહ્ય જીવન વગેરેની સામગ્રીને નજરમાં રાખી ઐતિહાસિક, સામાજિક, રાજકીય, પૌરાણિક, વૈજ્ઞાનિક, જાસૂસ, હાસ્ય, મનોવૈજ્ઞાનિક, આત્મચરિત્રમૂલક અને જીવનચરિત્રમૂલક આદિ નવલકથાઓનું સર્જન થયું છે. આમ

નવલકથાકારે ઉપાદાનભૂત સામગ્રીનો બોજો લઈ ફરવું પડે છે. આથી ઉપાદાન સામગ્રીનું કલામાં રૂપાંતર કરવાની પ્રક્રિયા નવલકથાકારને માટે સૌથી અઘરી છે.

વાસ્તવ કે યર્થાથનું રૂપાંતર કવિ, શિલ્પી, ચિત્રકાર, નાટયકાર અને નવલકથાકાર પોત પોતની રીતે સ્વરૂપાન્તરમાં સિદ્ધ કરે છે. આમ ઉપાદાનભેદથી પણ સ્વરૂપાંતરની પ્રક્રિયામાં ભેદ પડે છે. કાચી સામગ્રીને ફિલ્ડિંગે **'cookery of the author'** કહીને ઓળખાવી છે. તેમાં ગળાઈ–ચળાઈને પેલી સામગ્રીનું નવવિધાન થવું જોઈએ. નવલકથા **Impersonal art** છે. નવલકથાના વિશિષ્ટ **'cosmos'**માં પ્રત્યેક વસ્તુ નવું મૂલ્ય ધારણ કરે છે. પ્રત્યેક ઘટનાઓ નવલકથામાં તદાકારતા પ્રાપ્ત કરે છે. એનાથી નવલકથાનું **organic structure**-રચનાશિલ્પ પ્રાપ્ત થાય છે. નવલકથામાં પોતાનો એક આંતરિક નિયમ કાર્ય કરી રહ્યો હોય છે. એ વિભિન્ન અંગોને એકત્વ અર્પે છે અને નવલકથાનું **organic structure** એને આધારે બંધાય છે. એની હૈયાસૂઝ કલાકારમાં ન હોય તો નવલકથાનો આકાર સિદ્ધ થાય નહિ.

નવલકથાની વસ્તુસામગ્રીનું અનેક રીતે વર્ગીકરણ થાય છે. નવલકથા જાણે જાદુઈ ચિત્રણ છે. જેમાંથી વિષયવસ્તુ જોઈએ તે મેળવી લેવાય એવી એની સર્વવ્યાપકતા છે. કથાસામગ્રીની આવી સાર્વત્રિકતા અને મોકળાશ અન્ય સાહિત્યસ્વરૂપમાં જોવા નહિ મળે. નવલકથા સ્વરૂપની મોકળાશ તથા પરિવર્તન ક્ષમતા પણ લગભગ અનન્ય છે. આ બધાંને પરિણામે નવલકથાના વર્ગ્રીકરણમાં અનેક વિભાગો–પેટાવિભાગો જોવા મળે છે. ઐતિહાસિક, પૌરાણિક, સામાજિક, મનોવૈજ્ઞાનિક, દસ્તાવેજી, જાસૂસી, રહસ્યરંગી, સાહસકથાઓ, વીરગાથાઓ, પ્રતિનવલ, પ્રતીકાત્મક નવલ, રાજનૈતિક નવલ, સમસ્યાકથાઓ, પ્રચારલક્ષી નવલ, આત્મચરિત્રાત્મક અને જીવનચરિત્રમૂલક નવલકથાઓનો ઉલ્લેખ થઈ શકે. આ બધાં પ્રકારો એકબીજાથી તદ્દન ભિન્ન છે. એવું પણ નથી, એકબીજામાં લાક્ષણિકતાઓ ભળી ગઈ છે. જીવનચરિત્રમૂલક નવલકથાના મૂળમાં નાયક કે નાયિકાના જીવનમાં શું થયું એ જાણવાની કુતૂહલવૃત્તિ રહેલી છે. કદાચ આપણને આપણી વાતો કરતાં બીજાંની વાતો જાણવામાં વધુ રસ પડતો હોય છે. આ વાર્તાતત્ત્વને કોઈક વ્યવસ્થામાં ઢાળવું પડે; એને સંસ્કારવું પડે છે. એટલે આપણે વસ્તુસંકલનાને વાર્તાતત્ત્વ કરતાં વધુ મહત્ત્વ આપીએ છીએ.

રશિયન સ્વરૂપવાદીઓ વાર્તા(sfable)ને કાચી સામગ્રી અને વસ્તુસંકલનાને **(plot)** આકૃતિ તરીકે ઓળખાવીને આ બે વચ્ચે ભેદ પાડે છે. વાર્તા અને વસ્તુ વચ્ચે જે તફાવત છે તેની સમજૂતી આપતાં ઈ.એમ.ફોર્સ્ટરે લખ્યું છે કે, **''The king died and then the queen died.," is a story. ''The king died, no one knew why, until it was discovered that it was through grief at the death of the queen' is a plot."**[1]

કોઈ પણ કલાની ઉત્તમતા એના આંતરિક બળ ઉપર અવલંબે છે. પ્રત્યેક કલાને ઘડનારાં વિવિધ અંગો હોય છે. નવલકથાનું પ્રથમ અંગ વસ્તુકલા છે. પ્રથમ નવલકથાથી માંડી તદ્દ્ન આધુનિક નવલકથાઓ સુધી આવતાં વસ્તુની વિવિધતાની એક અનોખી સૃષ્ટિ સર્જાયેલી દેખાશે. આરંભથી માંડી અત્યારના વર્તમાનપત્રમાં છપાતી નવલકથા સુધીના વ્યાપમાં તથા જીવનદર્શનનાં પરમોચ્ચ શિખરથી માંડી સ્થૂળ, નિર્બળ ભાવો સુધી અનેક વિષયો નવલકથાનું વસ્તુ બન્યાં છે. આજે નવલકથા માનવ જીવનના બધા જ અનુભવોના અંતરમાં ઊતરી તેનું નિરૂપણ કરતી થઈ છે. અંગ્રેજ વિવેચક લખે છેઃ 'નવલકથાનું ક્ષેત્ર સમગ્ર માનવ અનુભવને તથા માનવ ભાવિને આવરી લે છે.' આ અનુભવ એ નવલકથાનું વસ્તુ બને છે. વસ્તુ એ વાર્તા નથી. ઈ.એમ.ફોર્સ્ટર નોંધે છે કે, **"A story, by the way, is not the same as a plot…The plot is an organism of a higher type."**[૨]

આમ વસ્તુ તો વાર્તાથી અલગ તત્ત્વ છે. વસ્તુ એટલે નવલકથાનો મુખ્ય અથવા મધ્યવર્તી વિચાર. વસ્તુ એટલે નવલકથાનું કલેવર, દેહ કે પુગદ્લ. આપણે વસ્તુ, વસ્તુરચના, વસ્તુસંઘટના, વિષય, કથાવસ્તુ, કથાનક, વિચાર, ઘટનાતંત્ર અને નવલકથાવૃત્ત વગેરે નામ આપીએ છીએ પણ તે નવલકથાનો આત્મા બને છે. નવલકથાનો વિષય વ્યકિતવિશેષનું જીવન છે પણ આખું જીવન નિરૂપવું મુશ્કેલ છે. એટલે નવલકથાકાર એમાંથી પસંદગી કરી અમુક વિચાર પકડી લઈ એની વાર્તા સાથે ગૂંથણી કરે છે. પાત્રો દ્વારા બનાવોની તર્કબદ્ધ રજૂઆત અને હવે શું બનશે એ જિજ્ઞાસાનું સર્જન વાર્તાને ઘડનારાં મુખ્ય તત્ત્વો છે. નવલકથાકાર વસ્તુની પસંદગી માટે વાચન, અવલોકન અને સાંભળેલી હકીકતો વગેરે ઉપર આધાર રાખે છે. એ બધાંની પાછળ કલ્પનાનું પ્રધાન બળ તો હોય જ છે. વસ્તુ પસંદગીનો આધાર સર્જકની રુચિ અને દષ્ટિ ઉપર અવલંબે છે. પોતાની પ્રતિભાથી અથવા કલાની કરામતથી એ વસ્તુનું નિરૂપણ કરે છે. પ્રતીતિકરતા લાવે છે. જીવનની બધી જ વસ્તુઓનો એને પરિચય હોતો નથી એટલે

વિશિષ્ટ કલ્પનાશકિતને પણ કામે લગાડવી પડે છે. સર્જક જે અનુભવ કે ઘટનાઓ સામે લાવી ધરે છે તે જ નહિ પણ ચિત્ત એમાંથી જે ગ્રહણ કરે છે તે. ચિત્તના રસાયણમાં પહોંચી અનેક રીતે પરિવર્તિત થાય છે. નવલકથાના રચનાવિધાનમાં સંવિધાનના એક અગત્યના અંશરૂપે વસ્તુની પ્રતિષ્ઠા કરતા વિવેચક **Katherine Lever** લખે છે કે, **"A novel is the form of written prose narrative of considerable length involving the readers in an imagined real world which is new because it has been created by the author."** [૩]

નવલકથામાં 'નવલ' એટલે 'નવું' અને 'કથા' એટલે 'વસ્તુ' જેને અંગ્રેજીમાં **Plot** કહે છે. 'વસ્તુ' યા 'કથા' વિના નવલકથા ન બને. પૌરાણિક, ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક, મનોવૈજ્ઞાનિક, હાસ્ય, જાનપદી, રાજકીય, પ્રતીક, દાર્શનિક, અસ્તિત્વવાદી, નારી સમસ્યા, રાષ્ટ્રવાદ, સાગરકથા, રહસ્ય, વૈજ્ઞાનિક, દલિત–પીડિત સંવેદન, વિરોધ કે વૈયકિતક વિશેષની કથા એમાં નિરૂપાય છે. આ વસ્તુના દોરની આસપાસ અન્ય દોર મળી એનો ગોફ ગૂંથાય છે. ગોફના તાણાવાણા એકમેકમાં એવા ભળી જાય છે કે 'નહિ રેણ નહિ સાંધો' જેવી સ્થિતિ રચાય છે. 'વસ્તુ'નું નિરૂપણ એ સર્જકના હાથની વાત છે. સર્જક કલાસૂઝથી એની માંડણી કરી એનો કલાઘાટ ઉતારે છે. 'વસ્તુ'નું યોગ્ય રીતે સંકલન ન થાય તો એનો કશોય આકાર રચાતો નથી. આથી એ વાત સ્પષ્ટ છે કે નવલકથામાં વસ્તુની સંકલના થવી ઘટે છે. વસ્તુસંકલના વિના નવલકથાનો ઘાટ ઊણપવાળો કે ખામીવાળો ગણાય. આ પાયાની કચાશ કે પોલાપણું નવલકથારૂપી ચણાતી ઈમારતને કયારે જમીનદોસ્ત કરે એ કહી શકાય નહિ. તેથી નવલકથામાં વસ્તુસંકલનાનો સુયોગ થવો જોઈએ. કદાચ સ્થૂલ રીતે ન દેખાતી સંકલના સૂક્ષ્મરૂપે પણ હોઈ શકે. આથી સૂક્ષ્મતાના તાણાવાણા તપાસ્યા વિના વસ્તુસંકલના નથી એમ માની ન લેવાય. વસ્તુસંકલના વિનાની નવલકથા ન હોઈ શકે.

નવલકથા સૃષ્ટિ નિર્માણમાં વસ્તુનું ગ્રથન કેવી કાળજીની અપેક્ષા રાખે છે. તેનો વિચાર કરતાં **W.H.Hudson** લખે છે કે, ''વસ્તુના પોતમાં વખલ્લા**(gaps)** પડેલા ન હોવા જોઈએ. એનો વણાટ ફિસ્સો ન લાગવો જોઈએ. વળી એમાં વિસંગતતાનો સદંતર અભાવ હોવો જોઈએ. એના અંશે અંશના અનુબંધમાં પ્રમાણ અને સમતુલા જળવાયાં હોવાં જોઈએ. એમાંના પ્રસંગો નૈસર્ગિક રીતે, સર્જકે એકઠી કરેલી વ્યકિત જીવનના અનુભવની કાચી સામગ્રીમાંથી

આકાર લેતા દેખાય એની પ્રતિતી થવી જોઈએ. એક પ્રસંગ અને બીજા પ્રસંગ વચ્ચેનો સંબંધ પણ બધી રીતે સહજ છે એવો અનુભવ થવો જોઈએ. તદ્દન ક્ષુલ્લક લાગતા વસ્તુ અંશોને પણ લેખકનો સર્જક સ્પર્શ રહસ્યવાહી બનાવી દેતો અનુભવાવો જોઈએ. કથાવસ્તુમાં અંગભૂત બનેલા બધા જ બનાવોની શૃંખલા, ક્રમબદ્ધતા અને સહજ સ્ફૂર્તતાની પ્રતીતિ કરાવતી હોવી જોઈએ અને વસ્તુમાં આવતી પરાકાષ્ઠા–એનો સંકેત અગાઉથી મળ્યો હોય કે વાચકને એકાએક એનો અનુભવ થતો હોય એ ઘટનાઓના માળખામાંથી તર્કબદ્ધ રીતે નીપજી આવી હોવાનું લાગવું જોઈએ.''[૪]

નવલકથામાં વસ્તુસંવિધાનની અન્વિતિ **(Unity of plot structure)**એ મહત્ત્વનો કલા અંશ છે. નવલકથા એક કથાશ્રિત કે અનેક કથાશ્રિત હોય પણ સંવિધાન અન્વિતિ સર્જકે સાધવી હોય તો તેણે કથા કે કથાઓનું સંયોજન એક સ્વયંસંપૂર્ણ સંઘટનારૂપે કરવું જોઈએ. સર્જકની પ્રતિભાને પડકારે એવું આ સંઘટનાકાર્ય છે. 'સરસ્વતીચંદ્ર'કાર ગોવર્ધનરામ અને 'યુદ્ધ અને શાન્તિ'ના સર્જક ટોલ્સ્ટોયે એ કાર્ય કરી બતાવ્યું છે. આથી ડૉ.ધીરૂભાઈ ઠાકરે નવલકથાના રચનાવિધાનનાં વસ્તુ, પાત્ર, ભાવના, વાતાવરણ, સંવાદ અને ભાષાશૈલીનો વિવેચનાત્મક વિચાર કરતાં ધીરૂભાઈ ઠાકરે લખ્યું છે કે, ''નવલકથાનાં સંઘળા અંગો પરસ્પર આશ્રિત છે એટલું જ નહીં રસપિંડરૂપે એકરૂપ બને છે. પ્રત્યેક ઘટકને અન્ય ઘટક સાથે ઔચિત્ય પુરઃસર સંકલિત રાખવું એ સર્જકનું કર્તવ્ય છે.'' [૫]

એક મુખ્યપાત્ર નાયક–નાયિકાના જીવનમાં બનતી ઘટનાઓને આનુપૂર્વીમાં ગોઠવી જીવનવૃત્તાંત વસ્તુસંકલના યોજાય છે. આવી વસ્તુસંકલના પાત્રાલેખન ભોગે થતી હોય છે. જીવનચરિત્રમૂલક નવલકથાઓની વસ્તુસંકલના જીવનનાં રેખાયિત ક્રમને અનુસરે છે.

'સ્વરૂપ સન્નિધાન'ના 'નવલકથા' લેખમાં સુમન શાહ નોંધે છે કે, ''કેટલીક વસ્તુસંકલના ઓ જીવન ચરિત્રાત્મક હોય છે. આવી વસ્તુસંકલનામાં નવલકથાના કેન્દ્રમાં એક મુખ્યપાત્ર હોય છે અને તેના જીવનમાંથી કેટલીક ઘટનાઓને પસંદ કરીને મૂકવામાં આવી હોય છે. આવી વસ્તુસંકલના ધરાવતી નવલકથા જીવનચરિત્ર સાથે અને જો તેનું કથનકેન્દ્ર પ્રથમ પુરુષ હોય તો આત્મકથા સાથે સાદશ્ય ધરાવતી હોય છે.''[૬]

જીવનચરિત્રમૂલક વસ્તુસંકલનાના ખ્યાલને સૂત્રરૂપે આ રીતે મૂકી શકાયઃ

વ્યકિતવિશેષના જીવનના બનાવો–ગોઠવણી–પ્રતિનિર્માણ–સર્જકકર્મ. આમ ચરિત્રમૂલક વસ્તુ–સંકલનામાં સૌપ્રથમ સર્જકે વ્યકિતવિશેષને પૂરેપૂરો પામી લેવાનો રહે છે. આ પછી એમના જીવનના વિભિન્ન બનાવોની ગોઠવણ કરે છે, સંયોજનની યોજના કરે છે. આ વસ્તુસંકલના દ્વારા નવલકથાનું નિર્માણ કરે છે. પણ સર્જકના મનોનેપથ્યમાં સ્વીકાર–ત્યાગનું, કાટ–છાટનું નાટક સતત ભજવાતું રહે છે. એમાંથી એક સજીવ અને સેન્દ્રિય વસ્તુ બની અખંડ રૂપે અવતરણ પામે છે.

જીવનચરિત્રમૂલક નવલકથાને પ્રામાણિકતા અને વાસ્તવિકતા પ્રદાન કરનાર સર્વપ્રથમ તત્ત્વ છે કથા. નવલકથાકારનું કૌશલ કથાનકની પસંદગીમાં છે, કોઈ એક વ્યકિત–ચરિત્ર અંગેની સામગ્રી એકઠી કરી, ઘટના–પ્રસંગો, તથ્યો, પાત્રો, વગેરેને ક્રમ અને કાર્ય–કારણની શૃંખલામાં સ્થાપિત કરી વાચકોના ભાવો, રુચિ તથા વિચારોની પુષ્ટિ માટે માનસિક ખોરાક પૂરો પાડે છે. સારાં કથાનકમાં મૌલિકતા, કૌશલ, સંભવિતા, સુસંગઠિતતા તથા રોચકતા શૃંખલાબદ્ધ હોવી આવશ્યક ગણાય છે. અંગ્રેજીમાં એને પ્લૉટ(**Plot**) કહેવામાં આવે છે.

જીવનચરિત્રમૂલક નવલકથામાં વસ્તુ એ મહત્ત્વનું અંગ છે. કથાવસ્તુ એટલે પ્રસંગશ્રેણી. નવલકથાકાર વસ્તુ કયાંથી, કેવી રીતે, અને કયા સંજોગોમાં પસંદ કર્યું એ રસનો વિષય છે. વસ્તુગૂંથણી નવલકથાકાર બે રીતે કરે છે.

૧. સંઘટનાત્મક (ઓર્ગેનિક)

૨. સંઘટનાવિહીન (ઈનઓર્ગેનિક)

પહેલા પ્રકારમાં નવલકથાકાર નવલકથાનું આખું માળખું પહેલેથી જ નકકી કરી નાખે છે અને નકકી કર્યા મુજબ જ કથા આગળ વધારે છે. આત્મચરિત્રમૂલક અને જીવન–ચરિત્રમૂલક નવલકથાઓ સંઘટનાત્મક નવલકથા છે. જેમાં નવલકથાકાર વિષયવસ્તુ તરીકે કોઈ વ્યકિતવિશેષનું જીવન આલેખવા માંગે છે. ત્યારે પોતાના મનમાં કે કાગળ ઉપર તેનો આલેખ કે નકશો આલેખી, તેની બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરે છે. ‘આઠમો રંગ’ નવલકથામાં લેખિકા હિમાંશી શેલતએ લાઈબ્રેરીના પુસ્તકનાં પાનાં પર અમૃતાનાં ચિત્રો જોયાં ને અમૃતાના જીવન પર નવલકથા લખવાના તરંગો આવતા ગયાં. ધીમે ધીમે મારી સામે એક પ્રતિભાસંપન્ન, મેધાવી, જીવનરસથી તરબર, પારદર્શક, સ્પષ્ટવકતા અને વિદ્રોહીનારીનું દેદીપ્યમાન વ્યકિતત્વ આકાર

લેતું જાય છે. સંઘટના બંધાતી જાય છે. આમ જીવનચરિત્રમૂલક નવલકથાઓ ઓર્ગેનિક છે. જયારે નવલકથાકાર નવલકથાનું આયોજન પહેલેથી કરતો નથી ત્યારે સંઘટનાવિહીન નવલકથા સર્જાય છે. 'સરસ્વતીચંદ્ર' અને 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથા ઈનઓર્ગેનિક છે.

નવલકથા વાસ્તવિકકથા, સત્યકથા, દસ્તાવેજીકથા અને વ્યકિતકથા છે. છતાં પણ કલ્પનાકથા છે. નવલકથાકાર કોઈ એક વ્યકિતવિશેષના જીવનની કાચી સામગ્રી પરથી વસ્તુસંરચના **(polt)** બનાવે છે. તેમાં એક વ્યકિતવિશેષના જીવનની તથ્ય, સત્ય અને હકીકત આધારિત કથા છે. તે દ્વારા કલાત્મકરૂપે નવલકથા પ્રગટ થાય છે. આમ કેટલીક નવલકથાઓ પોતાના જીવન કે અન્યના જીવન પર આધારિત હોય છે. પન્નાલાલ પટેલની 'જિંદગી સંજીવીની' પોતાના જીવન પર આલેખિત થઈ છે. જયારે 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા' નરસિંહ મહેતાના જીવન પર લખાયેલ છે. એમાં વસ્તુસત્ય અને વર્ણનસત્ય ઉભયનો સુમેળ છે. આવી નવલકથાના કેન્દ્રમાં વ્યકિતવિશેષ હોય છે. પાયામાં વ્યકિત છે. અને નિરૂપણમાં વ્યકિતત્વ છે. મુખ્યપાત્રના જીવન આસપાસની સૃષ્ટિ, સ્થળ–કાળ, અને અન્ય વ્યકિતઓ પાત્રરૂપે પ્રગટ થાય છે.

શ્રી પ્રબોધ પી.મહેતા જીવનચરિત્રાત્મક નવલકથા વિશે નોંધ છે કે, ''જીવન–ચરિત્રમૂલક નવલકથામાં નાયકનું બચપણથી માંડી મૃત્યુ સુધીનું જીવન આલેખવાનું હોય ત્યારે સત્ય સાથે બહુ ચેડાં ન કરી શકાય. અને છેવટે નાયકનું આખું જીવન રસપ્રદ અને મનોરમ્ય રીતે રજૂ થવું જોઈએ. આ બધું ઘણી શકિત અને સર્જકની પ્રતિભા માગી લે છે. આવી વાર્તા જો સામાન્ય કક્ષાનો નવલકથાકાર આલેખે તો કદાચ સંપૂર્ણ રીતે નિષ્ફળ જાય. 'લસ્ટ ફોર લાઈફ'નો જ દાખલો લઈએ. કોઈપણ ચિત્રકારનું જીવન રસમય યા તો નાટકીય નથી હોતું, પરંતુ ઈરવીંગ સ્ટોને વાન ગોગનું જીવન વાન ગોગના પત્રો વાંચી પસંદ કર્યું વાન ગોગના પત્રો તથા જીવનમાં નાટયાત્મક બનાવો પસંદ કર્યા. અને રસહીન વસ્તુમાંથી તેણે એક સુંદર નવલકથા સર્જી. નવલકથા લેખન અને જીવનચરિત્રના સંશોધનનો સમન્વય સાધ્યો. તેની એટલી જ પ્રસિદ્ધ નવલકથા 'ધ એગની એન્ડ ધ એક્સ્ટસી' મહાન ચિત્રકાર માઈકલ એન્જેલોનું જીવન, તેની મૈત્રીઓ, એનો પ્રેમ અને તેની અપ્રતિમ સર્જન શકિત રજૂ કરે છે. સાથોસાથ તેમાં આપણને પૃથ્વીના સૌથી વધુ નાટયાત્મક યુગના સમાજનું ચિત્રણ પણ આપે છે. આ નવલકથા

માટે વસ્તુ એકઠું કરવા ઈરવીંગ સ્ટોને કેટલાંયે વર્ષો ફલોરેન્સ, રોમ અને બોલોનમાં સંશોધન કરવામાં ગાળ્યાં. કેટલીક બાબતો માટે તો તેણે પ્રાચીન કલા સાહિત્યના પુનર્જીવનના યુગના વિદ્વાનોની સલાહ લીધી. અને છેવટે આ નવલકથા પરિણમી, જેમાં રસહીન વસ્તુઓ પણ કલા અને સૌંદર્યના રંગમાં રંગાઈને આવે છે. એ એક કલાત્મક સર્જન પણ છે. અલબત્ત આ જાતનો પૂરાં જીવનને વાર્તાના માળખામાં રજૂ કરવાનો પ્રયોગ આધુનિક નવલકથાઓમાં અજોડ છે અને બહુ જ ઓછા તેનું અનુકરણ કરી શકયા છે.''[૭]

જીવનચરિત્રાત્મક નવલકથાના કથાનાયક વિશે આધારભૂત સઘળી માહિતી એકત્રિત કરવી પડે છે. નાયકના પત્રો, નોંધો, ગ્રંથો, સ્વજનો, મિત્રો, સહવાસીઓ, સહાય કર્તાઓ કે દુશ્મન સુધ્ધાની તપાસ લેખકે કરવાની રહે છે. પ્રમાણભૂત કે આધારભૂત કાળજી રાખવા છતાં કયાંક ધારણાનોય આધાર લેવો પડે છે. નાયકનાં આંતર–બાહ્ય વ્યકિતત્વનો તાગ મેળવવા મનો વિશ્લેષકની ભૂમિકા ભજવવાની રહે છે. તત્કાલીન સામાજિક, ધાર્મિક, રાજકીય, શૈક્ષણિક, સાંસ્કૃતિક, આર્થિક, રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય, કલાવિષયક તથા દેશકાળનું વાતાવરણ સર્જવા સમાજશાસ્ત્રી પણ બનવું પડે છે. નાયકના વ્યકિતત્વને ભાષાની કલ્પના શકિત દ્વારા બહુ પરિમાણી બનાવે છે. કાવ્યમયતા અને કલ્પનાશીલતા ખપમાં લઈ રસાનંદ કે રસાનુભૂતિ કરાવે છે, નવલકથાપણું સિદ્ધ કરે છે.

શ્રી બાબુ દાવલપરા 'મીરાંની રહી મહેંક' વિશે નોંધે છે કે, ''કૃતિગત વસ્તુ સામગ્રી લેખકના અંગત દાંપત્યજીવન, શિક્ષકજીવન, સાહિત્યસર્જન આદિને સ્પર્શતી સત્ય ઘટનાઓ પર આધારિત છે અને તથ્યાત્મક વિગતોનું દસ્તાવેજીકરણ એમાં ભારોભાર થયેલું છે. તેમ છતાં આ કથા **Documentary novel**ની કક્ષાએ ન રહેતાં નખશિખ કલ્પનોત્થ કૃતિ બની રહે છે. આત્મનપદી કથનરીતિએ રચાયેલી આ નવલકથામાં આત્મવૃત્તાંતાત્મક હકીકતોનું બયાન અનેક સ્થળે થયેલું હોવા છતાં આ કથા **Autobiographical novel** બનતી નથી. વસ્તુતઃ એક વ્યકિત તરીકે લેખકની ભૂમિકા એમાં ગૌણ છે. તેમનાં સંતાનો, સગાં–સંબંધીઓ, મિત્રો, પાડોશીઓ, ડૉકટરો, નર્સો, દરદીઓ, સહપ્રવાસીઓ આદિ સંખ્યા બંધ જીવંત વ્યકિતઓ તેમનાં અસલ નામ–ઠામ સાથે એમાં સ્થાન પામી છે. પરંતુ આત્મવૃત્તાંતાત્મક પ્રસંગચિત્રો અને આ સર્વ વ્યકિતઓનાં પાર્શ્વચિત્રો તો કથાનાયિકા સવિતાના ચરિત્રને ઉભારવા

માટે વિભાવ લેખે અહીં યથોચિત રીતે ખપમાં લેવાયાં છે. લેખકના કેમેરાના ફોકસમાં કેન્દ્રબિંદુએ તો કેન્સરગ્રસ્ત સવિતાના આંતર–બાહ્ય જીવનની કથા જ રહે છે.''[૮]

'સંપ્રત્યય'માં શરીફા વીજળીવાળા નોંધે છે કે, ''જીવનચરિત્રનો લેખક યથાર્થનું આલેખન કરવા માટે બંધાયેલો છે. પોતાના નાયકને વધુ ઊજળો કરી દેખાડવા માટે પોતા તરફથી કશું ઉમેરવા માટે એ સ્વતંત્ર નથી. તેને માથે હકીકતો શોધી એની સત્યતા તપાસીને આલેખવાની બેવડી જવાબદારી છે,પણ જીવન ચરિત્રાત્મક નવલકથામાં 'જીવન–ચરિત્ર' અને 'નવલકથા' બંને શબ્દ મહત્ત્વના છે. જીવનચરિત્રાત્મક નવલકથાનો લેખક પોતાની કૃતિના ઘડતરમાં વ્યકિતના જીવનને પાયામાં જરૂર રાખે છે, પણ એ પોતાના મુખ્યપાત્રને ઉઠાવ આપવા માટે જરૂરી ગૌણપાત્રો, પ્રસંગો ઊભા કરી શકે છે, ઘટનાઓની આનુપૂર્વી બદલી શકે છે. કાલ્પનિક સંવાદો વગેરે તેને ચાલવાનું નથી. અને આ કશા માટે આધાર કે સંદર્ભ ટાંકવા તે બંધાયેલો નથી. જોકે આનો અર્થ એ પણ નથી કે જીવનકથનાત્મક નવલકથામાં મનફાવે તે ગબારા ચલાવી શકાય. ટૂંકમાં કહેવું હોય તો આવી કૃતિને આપણે તથ્યો–ઘટનાઓનું કલ્પનાકેન્દ્રી પુનર્ઘટન કહી શકીએ.''[૯]

જીવનચરિત્રમૂલક નવલકથા સામગ્રીનો અભ્યાસ કરતી વખતે લેખક, પ્રસંગ, ઘટના, મનોવૃત્તિ અને કૃતિ વગેરેના સાંધા જોડતો જાય છે. સર્જક એ સાંધાઓ ન દેખાય તેમ એક સળંગ કલાકૃતિ તૈયાર કરે છે. તે તેની કુશળતા છે. સમગ્ર વ્યકિતવિશેષ જીવનને કલાત્મક અને કલ્પનના માધ્યમ વડે ભાવાનુભૂતિ અને લયબદ્ધ ઘાટ આપતો હોય છે.

૨. વ્યકિતવિશેષ ચરિત્રનાયકની પસંદગી

જીવનચરિત્રમૂલક નવલકથાનું બીજું લક્ષણ છે ચરિત્રચિત્રણ. સામાજિક, ધાર્મિક, રાજનૈતિક, આધ્યાત્મિક, વૈજ્ઞાનિક, કલા અને સાહિત્યિક વગેરે ક્ષેત્રમાંથી સર્જક મુખ્યપાત્રની પસંદગી કરે છે. સર્જક વ્યકિતવિશેષને એ જ નામે મુખ્યપાત્ર બનાવી એમનાં જીવનના પ્રસંગો અને બનાવો આલેખે છે. આ વ્યકિતવિશેષના જીવન વિકાસમાં જે વ્યકિત ઓનો ફાળો છે. એ પણ મૂળ નામરૂપે ગૌણપાત્ર તરીકે આવે છે. તેમાં ખપ પુરતી કલ્પના શકિતનો ઉપયોગ કરી નવલકથાનું જીવંત પાત્ર બનાવે છે. એનું મનોજગત અને શાશ્વત જીવનમૂલ્યો

પ્રસ્તુત કરે છે.

મુખ્યપાત્રના આચારવિચાર, રહેણીકહેણી, ચાલ–ઢાલ, વાતચીત, વેશભૂષા, આકાર–પ્રકાર, આદર્શો અને ભાવનાઓ, ગમા–અણગમા, આશા–નિરાશાઓ, કાર્યકલાપ, સંવેદનશીલતા, મહત્ત્વકાંક્ષા, રાગવિરાગ, અંધવિશ્વાસ, દયા–કરુણા, ક્રૂરતા–અનુદારતા, શ્રદ્ધા–અંધશ્રદ્ધા અને નીતિ–અનીતિ જેવા માનવીય ગુણ–દોષોનું બાહ્ય અને આંતરિક ચિત્રણ કરે છે. એકરૂપ બનાવી સર્જક વ્યકિતત્વને સજીવતા આપે છે. સર્જક તાદાત્મ્ય સ્થાપી પોતાના કલ્પના–નેત્રોમાં પાત્રની સાકાર પ્રતિમા પ્રતિષ્ઠિત કરી, એકાત્મકતા સાધી, એને જે તે સ્વરૂપમાં સુરક્ષિત રાખી પુનર્જીવિત કરવાનું કાર્ય કરે છે. આમ સર્જકનો સ્પર્શ પામીને આવેલું પાત્ર જ આપણું આકર્ષણ બનતું હોય છે.

નવલકથાકાર જીવનચરિત્રમૂલક નવલકથાના સર્જન પહેલા વ્યકિતવિશેષ પ્રત્યે પરિચિત હોય અથવા જીવંત કે દિગવંત કથાનાયકના જીવન વિષયક માહિતી મેળવી એનું જીવન પુનઃસર્જે છે. પ્રથમ સર્જક એના જીવન તરફ આકર્ષાય છે, ઓતપ્રોત થઈ આલેખે છે. કહો કે કથાનાયકને આત્સાત્ કરી લેઈ છે. આ પ્રકારની નવલકથામાં કથાનાયકનું સળંગ કે ખંડ જીવન પણ હોઈ શકે છે. ‘એક ટુકડો આકાશનો’, ‘પ્રકાશનો પડછાયો’ અને ‘પિંજરની આરપાર’ નવલકથામાં સળંગ જીવનવૃત્ત આલેખાયું છે. જયારે ‘ગાંઠ છૂટયાની વેળા’ નવલકથામાં ચુનીલાલ મહારાજનું બાવીસ વર્ષનું જીવનકાર્ય આલેખ્યું છે. છતાં તેમાંથી એક સવયવ આકૃતિ ઉદ્ભવે છે. આમ જીવનચરિત્રમૂલક નવલકથામાં નવલકથાવૃત્ત તરીકે વ્યકિતવિશેષનું જીવનવૃત્ત હોય છે.

જીવનચરિત્રમૂલક નવલકથામાં આવતા પાત્રો યથાર્થ છે. એના એ નામરૂપે જ આવે છે. મુખ્યનાયક કે ચરિત્રની આસપાસ અન્ય પાત્રનો વિકાસ અને નાયકનો વિકાસ સધાય છે. વ્યકિતવિશેષને કેન્દ્રમાં રાખી જયારે સર્જક સર્જન કરે છે. ત્યારે પાત્ર દ્વારા ‘સ્વ’ ને બદલે ‘સર્વ’ના દર્શન કરાવે છે. ચરિત્ર આલેખન એનાં વર્ણન, વર્તન કે વૃત્તિ પરથી કરવામાં આવે છે. ક્રમશઃ વિકાસતા ચરિત્રની સાંગોપાંગ પ્રતિભા ઓળખી–પામી શકીએ છીએ.

નવલકથાકારે ચરિત્રનિર્માણ એ રીતે કરવું જોઈએ કે કથાપ્રવાહના વિકાસની સાથો સાથ ચરિત્રના મનોવ્યાપારો અને વ્યકિતત્વનો પણ વિકાસ થવો જોઈએ. ચરિત્રચિત્રણ

કલામય હોવું જોઈએ. ચરિત્રના જુદા જુદા દષ્ટિકોણથી જુદા જુદા પ્રકારો પડી શકે છે. સામાન્ય અથવા વર્ગગત પ્રધાન અને વ્યકિત પ્રધાન એવા બે ભેદ પડે છે. પોતાની જાતિના પ્રતિનિધિ પાત્ર સામાન્ય કે વર્ગગત પ્રધાનપાત્ર કહેવામાં આવે છે. 'સાવિત્રી' નવલકથામાં સાવિત્રી સામાન્ય અને જાતિગત પ્રધાનપાત્ર છે. પણ નવલકથામાં એ સામાન્યમાંથી અસામાન્ય બને છે. જાતિગત કે વર્ગગતતા ઓગળીને નવલકથામાં સર્વગત બને છે. જયારે 'સૂર્યપુરુષ' નવલકથામાં ચિમનભાઈ પટેલ રાજકીય વિચારક તરીકે જ દેખાય છે, કંઈક વિલક્ષણ રીતે વર્તતા હોવાથી એને વ્યકિતપ્રધાન પાત્ર કહી શકાય. છતાં પણ કોઈ પાત્ર નિતાંત સામાન્ય–વર્ગગત નથી કે વ્યકિતપ્રધાન નથી. કોઈ પાત્રમાં સામાન્ય ગુણો હોય કે વિશેષ ગુણો હોય છે. પણ સામાન્યતઃ સફળ ચરિત્રચિત્રણમાં આ બંને અંશો હોય છે.

જીવનચરિત્રમૂલક નવલકારે કથાચરિત્ર પસંદ કરવાનું હોય છે. વિવિધક્ષેત્રનાં પ્રતિભાશાળી વ્યકિતમાંથી કોઈ એક વ્યકિતવિશેષને મુખ્યપાત્ર તરીકે પસંદ કરે છે. આ પસંદ કરેલ મુખ્યપાત્ર વિશે આધારભૂત સામગ્રી ફોટા, કેસેટ, પત્ર, ડાયરી, વર્તમાનપત્રો વગેરે મેળવે છે. આ ઉપરાંત કથાનાયકના કુટુંબીની રૂબરૂ મુલાકાત, આસપાસની વ્યકિતઓની મુલાકાત અને મુખ્યપાત્ર જીવંત હોય એમની રૂબરૂ મુલાકાત લઈ જીવનચરિત્રમૂલક નવલકથા આલેખે છે. આમ જુદા જુદા ક્ષેત્રની વ્યકિતવિશેષને પસંદ કરી સર્જક જીવનચરિત્રમૂલક નવલકથા સર્જે છે. ઉદાહરણ તરીકે સાહિત્યક્ષેત્રે નર્મદ અને રવીન્દ્રનાથ, સમાજક્ષેત્રે રવિશંકર મહારાજ, ચુનીલાલ મહારાજ અને સાવિત્રીબાઈ ફૂલે, રાજકીયક્ષેત્રે ચીમનભાઈ પટેલ અને મહમદઅલી ઝીણા, આધ્યાત્મિક કે ધાર્મિકક્ષેત્રે નરસિંહ મહેતા, કવિ જયદેવ, મીરાં અને ગૌતમ બુદ્ધ, કલાક્ષેત્રે પશુપક્ષીવિદ્ રૂબિન ડેવિડ અને ચિત્રકાર અમૃતા શેરગિલ, ક્રાંતિકારીક્ષેત્રે વીર સાવરકરને પસંદ કરી નવલકથા આલેખે છે. તો કયારેક લેખક સ્વજનપાત્ર દિલીપ રાણપુરાની પત્ની સવિતા રાણપુરા અને ઉષા શેઠની દીકરી નીતાને નવલકથામાં કથાનાયિકા તરીકે આલેખે છે. તો ગાંધીજીનો જયેષ્ઠ પુત્ર હરિલાલ ગાંધીજીના પ્રભાવને કારણે મુખ્યપાત્ર તરીકે જીવનચરિત્રમૂલક નવલકથામાં આલેખિત થાય છે.

ગુજરાતીમાં અનુવાદિત થયેલ નવલકથામાં ચિત્રકાર વિન્સેન્ટ વાન ગૉગ, ક્રાંતિવીર સુભાષચંદ્ર બોઝ અને ભગતસિંહને કથાનાયક તરીકે પસંદ કરી જીવનચરિત્રમૂલક

નવલકથા આલેખે છે.અંગ્રેજી બાયોગ્રાફી નોવેલમાં જેક લંડન, મેરી ટોડ લિંકન, માઈકેલેન્જેલો, સિગ્મંડ ફ્રોઈડ, જોહન નોબેલ, ચાર્લસ ડાર્વિન વગેરે કથાનાયકો બની આવે છે. હિન્દી જીવન પરક ઉપન્યાસમાં ભગવાન બુદ્ધ, તુલસીદાસ, સુરદાસ, ગોરખનાથ, મહારાણા પ્રતાપ, હેડગેવાર, આંબેડકર, ગુરુ ગોવિંદસિંહ અને વીર સાવરકર મુખ્યપાત્રરૂપે આવે છે. આમ વાસ્તવિક જીવનનાં વ્યકિતવિશેષો અસલ નામઠામરૂપે કથાનાયક બની નવલકથામાં આલેખાઈ ત્યારે સહૃદય ભાવકને કથાનાયકનું જીવન માણવા અને જાણવાની સહજ જિજ્ઞાસા જાગે છે.

જીવનચરિત્રમૂલક નવલકથામાં આવતા પાત્રો યથાર્થ છે. એના એ નામઠામ રૂપે આવે છે. મુખ્યનાયક કે ચરિત્રની આસપાસના અન્ય પાત્રોના વિકાસ સાથે કથાનાયકનો વિકાસ સધાય છે. વ્યકિતવિશેષને કેન્દ્રમાં રાખી જયારે સર્જક સર્જન કરે છે. ત્યારે મુખ્યપાત્રમાં 'સ્વ' ને બદલે 'સર્વ'નાં દર્શન કરાવે છે. ચરિત્રનું આલેખન એનાં વર્ણન, વર્તન કે વૃત્તિ પરથી કરવામાં આવે છે. આથી ચરિત્રની સાંગોપાંગ પ્રતિભા પામી શકીએ છીએ.

પ્રાચીન સમયમાં લોકોત્તર પુરુષની જ યશગાથા ગવાતી હતી. પરંતુ ગ્રીકોએ વ્યકિત સ્વાતંત્ર્ય ભાવનાની ભેટ જગતને ચરણે ધરી પછી વ્યકિતની મહત્તા વિશ્વમાં વધતી ગઈ છે. આથી સાહિત્યમાં જીવનચરિત્રમૂલક નવલકથા લોકપ્રિય બનવા લાગી. આ પરિસ્થિતિના સંદર્ભમાં બાલ્ઝાક કહે છેઃ **The most moving novels are autobiographical studies or narratives of events submerged in the ocean of the world."** [૧૦]

બીજાના જીવનમાં ડોકિયું કરવાની જિજ્ઞાસાવૃત્તિ સર્જક માટે પ્રેરક **(Motive)** બની રહે છે. આથી વ્યકિતવિશેષના જીવનમાંથી પણ કશુંક અભિનવ લાધે છે, ત્યારે કૃતિ આસ્વાદ્ય અને હૃદ્ય બને છે. સાહિત્યકૃતિ બને છે.

મહાકાવ્યમાં ચરિત્રનાયકના જીવનનો વારસો અને વૈભવ પ્રકટ થાય છે. ઐતિહાસિક નવલકથામાં નાયકના જીવનનો ઈતિહાસ અને ઐતિહાસિક વાતાવરણ પ્રકટ થાય છે. જયારે જીવનચરિત્રમૂલક નવલકથામાં પ્રસિદ્ધ વ્યકિતનું જીવન, વાસ્તવિક પાત્રરૂપે અને સમકાલીન વાતાવરણ રૂપે પ્રકટ થાય છે. જીવનકથાત્મક નવલકથામાં પ્રસિદ્ધ વ્યકિતના જીવનનો ઈતિહાસ અને કલ્પનાનો સમન્વય થાય છે. ચોકકસ ફલકમાં વ્યકિતવિશેષના વ્યકિતત્વ આલેખન પામે છે. અર્થઘટન પૂરતી કે ખપપૂરતી જ કલ્પનાનો વિનયોગ કરવામાં

આવે છે. જીવનચરિત્રાત્મક નવલકથામાં પ્રસિદ્ધ વ્યકિતના વ્યકિતત્વને પામવાનું હોય છે. ચરિત્રનાયકનો સ્વભાવ, મનોભાવ, દષ્ટિકોણ અને વ્યકિતત્વ વગેરેનું રસાયણિક તત્ત્વ વ્યકિતના જીવનની સામગ્રીને નવલકથાનો આકાર આપે છે. વ્યકિતનું વાસ્તવિક જીવન અને કલ્પનાનો સંવાદ સ્થાપે છે. પ્રસિદ્ધ વ્યકિતના જીવનનાં પ્રસંગો, આસપાસના પાત્રો, દેશકાળ કે સ્થળકાળની ગતિવિધિ અને તેમનાં કાર્યો વગેરે દ્વારા વ્યકિતના જીવનનો સમય આબેહૂબ રજૂ થાય છે.

જીવનચરિત્રના તથ્યનો આધાર રાખી સર્જનાત્મક કૃતિમાં કલ્પના વ્યાપાર કેવા સ્વરૂપનો હોઈ શકે? વૈયકિતક જીવનની સામગ્રી સીલ સીલાબંધ પ્રાપ્ત થતી નથી. આથી કેટલીક ખૂટતી કડીઓ જીવનચરિત્ર અને અન્ય સામગ્રીને ધ્યાનમાં રાખી સર્જક કલ્પનાથી ઉમેરી શકે છે. એટલું સ્પષ્ટ છે કે અહીં કલ્પનાના યદચ્છાવિહારને અવકાશ નથી. જે માહિતી ઉપલબ્ધ છે તેમાંથી સ્વતંત્ર રીતે કશી કલ્પના થઈ ન શકે. આવી ખૂટતી કડી ઉમેરવામાં સર્જકે અભિજ્ઞતા કેળવેલ હોવી જોઈએ. ચરિત્રના સમયની પ્રજાજીવનની ચેતના, સાંસ્કારિકતા, બૌદ્ધિકતા, ઊર્મિલતા,આકાંક્ષા અપેક્ષા–આ બધું પ્રસંગો દ્વારા ચરિતાર્થ થવું જોઈએ.

ડ્રાયડને ચરિત્રનાયક માટે વિશિષ્ટ વ્યકિત **(Particular man)** એવી સંજ્ઞા વાપરી છે. જીવનચરિત્રમૂલક નવલકથામાં પણ કથાનાયક લોકપ્રસિદ્ધ, વ્યકતિવિશેષ, વિશિષ્ટ કે પરિચિત હોય એવી અપેક્ષા રાખવામાં આવે છે. નરસિંહ, મીરાં, જયદેવ, રવીન્દ્રનાથ ટાગોર, નર્મદ, રૂબિન ડેવિડ, અમૃતા શેરગીલ, રવિશંકર મહારાજ, ચુનીલાલ મહારાજ, હરિલાલ ગાંધી, મહમદઅલી ઝીણા, સાવિત્રી, બુદ્ધ, ચીમનભાઈ પટેલ, વીર સાવરકર, વિન્સેન્ટ વાન ગૉગ, સુભાષચંદ્ર બોઝ અને ભગતસિંહ વગેરે વિભિન્ન વ્યકિતવિશેષો વિશે જીવનચરિત્રમૂલક નવલકથા આલેખાઈ છે. આ તમામ કથાનાયક કે કથાનાયિકા ખ્યાતનામ વ્યકિતઓ છે. તો સહજ પ્રશ્ન ઉદ્ભવે કે સામાન્ય વ્યકિત વિશે નવલકથા ન લખાય? ઉષા શેઠે તેમની દીકરી નીતા વિશે ‘મૃત્યુ મરી ગયું’ અને દિલીપ રાણપુરાએ પોતાની પત્ની સવિતા રાણપુરાના જીવન પર ‘મીરાંની રહી મહેક’ નવલકથાઓ લખી છે. આમ લેખક સામાન્ય વ્યકિતને પસંદ કરી, એમના જીવનની કોઈ અસાધારણ ઘટના, સંવેદના, સંકુલતા અને કુતૂહલતા વર્ણવી રસપ્રદ, કલાત્મક અને સર્જનાત્મક કોટિએ નવલપણું સિદ્ધ કરી શકે છે. છતાં

પણ જીવનકથા પરક નવલકથામાં નાયક અસાધારણ કે વિશિષ્ટ પ્રતિભા ધરાવતો હોય, એનું વ્યકિતત્વ ચોકકસ પ્રકારનું **Magntitude** ધરાવતું હોય એ અનિવાર્ય બની રહે છે.

આથી કાકાસાહેબ કાલેલકર ચરિત્રનાયકની પસંદગી વિશે નોંધે છે, 'ભલે વધતા ઓછા પ્રમાણમાં પણ અસામાન્યતા અને જનહૃદયમાં સ્થાન એ બે ચરિત્રવિષય વ્યકિતની લાયકાતના ચિહ્ન ગણાય.' અસામાન્ય અને જનહૃદયમાં સ્થાન હોય એને ચરિત્રનાયક તરીકે આલેખી શકાય.

જીવનચરિત્રપરક નવલકથામાં કોઈ વ્યકિતવિશેષના જીવનની સામગ્રીના આધારે લેખક નવલકથાની માંડણી કરે છે. ત્યારે કથાચરિત્રના જીવનની વિવિધ ઘટનાઓ અને પ્રસંગોને રસમય રીતે આલેખે છે. એટલે કલ્પનાનો જરૂર પુરતો જ આશરો લેઈ છે. સ્થળ, કાળ, વાતાવરણ અને અન્ય પાત્રોને જીવંતરૂપે રજૂ કરે છે. નાયકના વ્યકિતત્વનું યથાર્થ પ્રકટીકરણ કરવા માટે નાયકના પૂર્વજ, માતા–પિતા, જન્મ, ઉછેર, શિક્ષણ, સંસ્કાર, ઘડતર, સમાજ અને રાષ્ટ્રની પશ્ચાદ્ભૂમિકા, બહિરંગ અને અંતરંગનું યથાતથ નિરૂપણ, જીવનવિકાસ અને મનોવિકાસનો ઈતિહાસ, ટેવો, શોખ, જીવનવ્યવહાર, અંગત જીવન, જીવનકાર્ય, જીવનદષ્ટિ અને જીવનસંદેશનું આલેખન કરે છે આમ ચરિત્રનાયકના સામાજિક, રાષ્ટ્રીય, ધાર્મિક, રાજનૈતિક, વૈજ્ઞાનિક, મનોવૈજ્ઞાનિક, ક્રાંતિકારી, પશુપક્ષી, કેળવણી અને કલાવિષયક વિચારો તત્કાલીન સમાજજીવન તથા દેશકાળ પર પ્રભાવ પાડે એ રીતે આલેખે છે. આથી ચરિત્રનાયકના વ્યકિતત્વની પાર્શ્વભૂમાં એનું પ્રતિબિંબ પણ આપોઆપ રચાઈ જતું હોય છે. આમ જળમાં રહેલી માછલી જેવો અતૂટ સંબંધ બંધાય છે.

જીવનચરિત્રમૂલક નવલકથાનો કથાનાયક જે દેશકાળ–સમાજમાં જન્મ્યો, જીવી ગયો કે જીવતો હોય એ જમાનાનું પારિવારિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, રાજકીય વાતાવરણની વિગત, વર્તમાન પરિસ્થિતિ, શિક્ષણ, સંસ્કાર, વ્યવસાય અને વ્યકિત્વ ઘડતરનાં વિધાયક પરિબળો, આંતર–બાહ્ય વ્યકિતત્વની વિશેષતા–વિલક્ષણતાઓ, જાહેર કે અંગત જીવનમાં અનુભવેલા સુખ–દુઃખ, જય–પરાજય, સંઘર્ષ, મંથન, સંવેદન, વાણી, રહેણી કરણીની લાક્ષણિક તરહો, જીવનકાર્યની મહત્તા આદિનું યથાર્થમૂલક આલેખન જીવન ચરિત્રની સાથે આ જીવનચરિત્રમૂલક નવલકથામાં અપેક્ષિત છે. વ્યકિતનું વ્યકિતત્વ સર્જકનાં સંવિતને

સચેત કરે છે ત્યારે જીવન ચરિત્રમૂલક નવલકથા સર્જાય છે. વ્યકિતનું વ્યકિતત્વ, જીવનકાર્ય, વસ્તુસામગ્રી એ સમયનું વાતાવરણ વગેરેનાં હાર્દને આત્મસાત્ કરી લેખકે નવલકથા સર્જવાની છે. ચરિત્રનાયકનાં સમયનો સમગ્ર યુગ આ કૃતિમાં મૂર્ત થાય છે. અત્યાર સુધી આપણા રાજા રજવાડાનો ઈતિહાસ, રાજકીય ઈતિહાસ, સાંસ્કૃતિક ઈતિહાસ, પૌરાણિક ઈતિહાસ વગેરેને વધુ મહત્ત્વ અપાયું હતું. જીવનચરિત્રમૂલક નવલકથામાં વ્યકિતવિશેષનો ઈતિહાસ આલેખાય છે.

'ઈનર લાઈફ'માં લાભશંકર ઠાકર નોંધે છે. ''ચરિત્રલક્ષી નવલકથાના સંવિધાનના કેન્દ્રમાં માનવ સંવિદ્ હોય છે. સમયની ગતિમાં પરિવર્તશીલ રહેતાં ચરિત્રનું વ્યકિતત્વ સર્જક ક્રમશઃ પ્રકટ કરતો હોય છે. નવલકથાની છેલ્લી ક્ષણ ચરિત્રની અંતિમ રેખા ઉપસાવીને વિરમતી હોય છે.''[૧૧]

જીવનચરિત્રમૂલક નવલકથામાં ચોકકસ સમયમાં જીવી ગયેલાં કે જીવી રહેલાં વાસ્તવિક કથાનાયક કે નાયિકા કેન્દ્રસ્થાને હોય છે. તેના જીવનમાં ખરેખર બની હોય એ હકીકતોનું નિરૂપણ હોય છે. છતા પણ સત્યને જાળવી કલ્પના જરૂર જણાય તેટલી ખપમાં લીધી હોય છે. સર્જક કથાનાયકનું જીવનકાર્ય, કોઈ પણ ક્ષેત્રનું નોંધપાત્ર પ્રદાન, સામાજિક, ધાર્મિક, રાજકીય, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે ફાળો, વિચાર વલણો, જીવનદષ્ટિ, આંતર ભાવજીવન, માનવચિત્તની સંકુલતા, સૂક્ષ્મ–સ્થૂળ જીવનની વિસંવાદિતા, ક્ષતિ–શિથિલતા, માનસિક સંચલનો વગેરે દ્વારા લેખક ચિત્રાત્મક, રસાત્મક, કલાત્મક, સર્જનાત્મક રીતે ચરિત્રનાયકના જીવનને ઉઠાવ આપે છે.

આમ પરિચિત કથાનાયકના જીવનની વિગતોનું કળાત્મક સંકલન કરી, તત્કાલીન સમાજ તથા પરિવેશના પરિપેક્ષ્યમાં ચરિત્રનાયકના જીવનનું આંતર બાહ્યવ્યકિતત્વ નવલકથાકાર રજૂ કરે છે, એમાંથી ભાવક રસાનંદ અને જ્ઞાનબોધ પ્રાપ્ત કરે છે. 'ઈનર લાઈફ'માં લાભશંકર ઠાકર નોંધે છે કે, ''નવલકથાને પાને પાને પ્રકટ થતી જતી ચરિત્રની હૃદયશ્રી એ જ કલાનાં વિશેષ અને વિસ્મય છે.''[૧૨] તો વળી ''સર્જકે ચરિત્રના **being**ને નહિ પણ **bcoming**ને રજૂ કરવાનું છે.''[૧૩]

સમાજજીવન, ઈતિહાસ અને જીવનકથામાંથી ''વ્યકિતવિશેષ'ની કાચી સામગ્રી

લઈ રચના કરવાથી જીવનચરિત્રમૂલક નવલકથા બનતી નથી. પણ ખરેખર રૂપ–નિર્માણ જ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તેમાં સર્જક કલ્પના, ચોકકસ બનાવો કે પ્રસંગોને જીવનચરિત્રની વાસ્તવિકતાથી આલેખે છે. દૂરના કે નજીકના ભૂતકાળમાંથી વ્યકિતવિશેષનાં વૃત્તાંતને પસંદ કરી જીવનચરિત્રાત્મક નવલકથા આલેખે છે. પણ જીવનચરિત્રાત્મક નવલકથાના આધારકેન્દ્ર તરીકે મુખ્યપાત્ર, ઘટના કે પ્રસંગો અને સમકાલીન યુગ ચેતનાનો ગાઢ સંસ્પર્શ થવો જોઈએ. મુખ્યપાત્ર–વ્યકિતવિશેષની વિશિષ્ટ સામાજિક, વૈશ્વિક, માનવેતરસૃષ્ટિ, દાર્શનિક કે અન્ય વિચારધારા તત્કાલીન સમાજ જીવનને પ્રેરક અને વિધાયક બની રહે તે માટે મુખ્યપાત્રની ચેતનામાં કયાંક કયાંક પ્રતિબિંબિત થવાં જોઈએ. મંથનો, સંઘર્ષો કે કટોકટીઓ પણ કયાંક પ્રતિફલિત થવાં જોઈએ.

ગૌણપાત્રો પણ મુખ્યપાત્રની સંવિત્તિમાં પ્રગટ થવા જોઈએ. જીવનચરિત્રમૂલક નવલકથામાં સર્જકને ચરિત્ર સર્જનનો પૂરતો અવકાશ મળતો નથી કારણ કે વાચક વર્ગ ચરિત્રના જીવનથી જ્ઞાત હોય છે. ત્યારે ઘટનાવલિમાં વિશિષ્ટતા, નવ્યતા સર્જવી અને કાળને નવલકથાના મુખ્યપાત્રનાં સ્વરૂપમાં નવ્યરૂપે આલેખવાનો હોય છે. વ્યકિતવિશેષનું જીવન, સમય, મુખ્ય પાત્રની પશ્ચાભૂ, હકકીત અને સત્યની જાળવણી કરી વ્યકિતકેન્દ્રી નવલકથા લખવી તે આજના યુગસંદર્ભે એક સાહસ જ ગણાય. સાથો સાથ સર્જક તથ્ય, સત્ય, ઘટના અને અર્થઘટન કરી કેવી રીતે મૂકે છે તે જોવાનું રહે છે. સાહિત્ય મૂલ્ય અને કલાતત્ત્વની જાળવણી–ગૂંથન પણ જરૂરી બની રહે છે. પ્રખ્યાત–વિખ્યાત વ્યકિતનું પાત્રરૂપે પુનર્વિધાન કોઈ પણ સર્જક માટે પડકારરૂપ છે. આમ ચરિત્રનાયકના જીવનની કાચી સામગ્રી દ્વારા સર્જક કલાત્મક શિલ્પ નિર્માણ કરી ‘નવલ’ રૂપ આપે છે.

૩. સમકાલીન યુગસંદર્ભ તથા દેશકાળનું ચિત્ર

નવલકથામાં વાતાવરણ સર્જવું એ કલાનું એક અગત્યનું અંગ છે. નવલકથાનું વિવેચન કરતી વખતે વાતાવરણ, પરિવેશ, પશ્ચાદ્‌ભૂમિ, વર્ણન, દશ્ય, સ્થળ–કાળ, સન્નિવેશ, સજાવટ અને આબોહવા વગેરે શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. આ બધા માટે અંગ્રેજીમાં **‘Setting’** શબ્દ યોજાયો છે. ‘વાતાવરણ’ નવલકથાની કરોડરજજુ **(spinal chord)** છે. નવલકથાની સમગ્ર ભાવસૃષ્ટિ સાથે એનો અવિચ્છિન્ન સંબંધ રહ્યો છે. વાતાવરણ સ્થળકાળનું

કોઈ બહિર ચિત્રણ નથી. પણ મનઃસંચલનોને મૂર્તતા આપતી વિશિષ્ટ આબોહવા છે. એવા વાતાવરણ દ્વારા જ વસ્તુસંકલના પુષ્ટ થતી જાય છે, પાત્ર સજીવ બને છે. વ્યકિત પ્રત્યેનો રસબોધ કરાવામાં વાતાવરણનો મહત્તવનો ફળો રહ્યો છે. વાતાવરણ રચનાગત તત્ત્વ છે. વાતાવરણ વિનાની કોઈ નવલકથા સૃષ્ટિની આપણે ભાગ્યે જ કલ્પના કરી શકીએ. વાતાવરણ નવલકથાનું અનિવાર્ય ઘટક છે. એ વિના કૃતિનું વિશ્વ પ્રતીતકર બની શકે નહિ.

જીવનચરિત્રમૂલક નવલકથામાં વાતાવરણનું મહત્ત્વ બીજી રીતે છે. અહીં વ્યકિતવિશેષના અતીતથી આપણે સૌ જ્ઞાત હોય છે. આથી સર્જકે પરિવેશમાં કોઈ ફેરફાર કર્યા વિના કેટલાંય સ્વકીય ઉમેરણો કરી હૂબહૂ રજૂ કરે છે. વ્યકિતવિશેષની પસંદ કરેલી ઘટનાઓ, આસપાસના પાત્રો, કાર્ય અને સમગ્ર ભાવસૃષ્ટિ આદિ પાર્શ્વભૂમિમાં જીવંત બની આલેખાઈ છે. વ્યકિતવિશેષના સમયનો સમાજ, એ સમયની ધાર્મિક, રાજકીય અને ભૌગોલિક સ્થિતિ, પ્રણાલીઓ એ સર્વ નિરૂપિત સૃષ્ટિ સાથે એકરાગ બની કૃતિને ઉઠાવ આપનારું બની રહે છે.

'ઐતિહાસિક નવલકથા'માં ઔતિહાસિક પરિવેશ અને ઈતિહાસનું પુન ર્નિર્માણ, 'જાનપદી નવલકથા'માં વિશેષ ગ્રામ પરિવેશ અને જનપદનું પુનર્નિર્માણ હોય છે. એ રીતે 'જીવનચરિત્રમૂલક નવલકથા'માં વ્યકિતવિશેષના જીવનની આસપાસનો પરિવેશ અને વ્યકિતનું પુનર્નિર્માણ કરવાનું હોય છે. વાતાવરણ અને પશ્ચાદ્‌ભૂમિકામાં વ્યકિતવિશેષની પ્રકૃતિ, જીવન રહેણી–કહેણી, ટેવો, વિશિષ્ટતાઓ, પહેરવેશ, આંતર–બાહ્ય સંઘર્ષો સામાજિક રીતરિવાજો, માન્યતાઓ, સંસ્કૃતિ અને સંસ્કારો વગેરેનો કુશળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો નવલકથાનો એ શણગાર બની જાય છે.

ગુજરાતીમાં ઐતિહાસિક, પૌરાણિક અને જીવનચરિત્રમૂલક નવલકથામાં વ્યકિતવિશેષના જીવનને લઈ સર્જન થાય છે. આથી પ્રશ્ન ઉદ્‌ભવે કે 'વ્યકિતજીવન' તો ત્રણેય નવલકથામાં છે. તો વિષય સામગ્રી કેમ અલગ અલગ બને છે? ઐતિહાસિક નવલકથામાં ઐતિહાસિક પાત્રો, પરિવેશ અને પશ્ચાદ્‌ભૂ હોય છે. પૌરાણિક નવલમાં પુરાણપાત્ર, પરિવેશ, પશ્ચાદ્‌ભૂ અને શૈલીગત ભેદે જુદી પડે છે. જયારે જીવનચરિત્રમૂલક નવલકથા વ્યકિતવિશેષના જીવનની આસપાસની ઘટનાઓ, પ્રસંગો, સંદર્ભો, તત્કાલીન સામાજિક પરિવેશ અને શૈલીગત રીતે જુદી પડે છે.

જીવનચરિત્રમૂલક નવલકથાનું ત્રીજું અનિવાર્ય લક્ષણ છે. સમયાનુકૂલ વાતાવરણ. વ્યકિતના નિર્માણમાં વાતાવરણનો ફાળો વિશેષ હોવાથી એના વિના અન્ય પાત્રો પણ નિરાધાર લાગવાનાં. કથાવસ્તુને વાસ્તવિકતા આપનાર વાતાવરણ અગત્યનો ભાગ ભજવે છે. સ્થાનીય વાતાવરણ માટે સ્થળ વિશેષ જ્ઞાનની અત્યંત આવશ્યકતા છે. જાણીતાં સ્થળોના નિર્દેશથી વાસ્તવિકતાની નક્કરતાનો લાભ નવલકથાને મળે છે. સામાજિક અને રાજનૈતિક વ્યવસ્થા, ધાર્મિક માન્યતા, મનોરંજન–પ્રણાલી, જીવનમૂલ્ય, સ્થળની ભૌગોલિક સ્થિતિ, લોકજીવન તથા લોકવિશ્વાસ વગેરે બાહ્ય ઉપકરણો કાલવિશેષનો બોધ કરાવે છે. દેશકાલ વાતવરણનું બાહ્યરૂપ છે, કથાનકના સ્પષ્ટીકરણનું એ સાધન છે, સ્વયં સાધ્ય નહિ. વાતાવરણ માનસિક પણ હોઈ શકે છે. નવલકથામાં પાત્રોના વાર્તાલાપ અને ક્રિયાકલાપ સિવાય બાકીની સામગ્રી દેશકાલ અથવા વાતાવરણ સાથે સંબંધ રાખે છે.

ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, અભિનય વગેરે કલાઓ સ્થળમાં વિસ્તરતી કલાઓ છે. જયારે સંગીત, કવિતા, નવલકથા વગેરે સમયમાં વિસ્તરતી કલાઓ છે. નવલકથામાં કાળના તત્ત્વની ચર્ચા જુદા જુદા દષ્ટિબિંદુથી કરવી જરૂરી બને છે. ઘટનાનો કાળ–સ્તર, નવલકથાકારનો કાળ–સ્તર અને વાચકનો કાળ–સ્તર. લેખક–કાળ, ઘટના–કાળ, કથન–કાળ અને વાચક–કાળ. ત્રીજા પુરુષમાં લખાયેલી નવલકથાઓમાં ઘટના–કાળનું સવિશેષ મહત્ત્વ હોય છે. આવી નવલકથામાં ઘટનાનો કાળ કા તો લેખકના કાળનો સમસામાયિક હોય શકે, કા લેખકના કાળ કરતાં ભૂતકાળનો હોય શકે, જે જીવનચરિત્રમૂલક નવલકથાઓમાં જોવા મળે છે.

આમ જીવનચરિત્રમૂલક નવલકથામાં વાસ્તવિક વસ્તુસંકલના, વાતાવરણ અને પાત્રો ઓતપ્રોત–એકમેકમાં બંધાય છે. ચરિત્રનાયક જે કાળ અને સ્થળમાં જીવે છે કે જીવ્યાં હતાં. તે જ કાળ અને સ્થળ નવલકથામાં આવે છે. અન્ય ચરિત્રચિત્રણ અને વાતાવરણ વ્યકિતના નિર્માણમાં પણ બહુ મોટો ભાગ ભજવે છે. નવલકથાકાર પોતાની રુચિ અને આવશ્યકતા અનુસાર ભિન્ન–ભિન્ન અંગો પર વધારે ભાર મૂકે છે. વાસ્તવમાં આ અંગો એકબીજા સાથે એવી રીતે જોડાયેલ હોય છે કે, જેને અલગ કરવાનું કામ બહુ કઠણ છે. છતાં શોધપ્રબંધમાં એ જાણવાં આવશ્યક ગણાય છે.

ચરિત્રનાયકના જીવન ઘડતર સાથે પ્રત્યક્ષ અને પરોક્ષપણે સમકાલીન

યુગસંદર્ભ તથા દેશકાળનું ચિત્ર સાહજિક રીતે જ વણાઈ ગયું હોય છે. આથી અંગ્રેજ વિવેચક કહ્યું છે, **‘No picture of a man, however, by himself or by others, is either true or adequate which does not give us also environment’** ચરિત્રનાયક લોકખ્યાત હોય, ત્યારે તો સમકાલીન યુગસંદર્ભ તથા સમાજજીવન, એની પ્રવૃત્તિઓ, પુરુષાર્થ, સિદ્ધિ–અસિદ્ધિઓ વગેરે તાણાવાણાની જેમ વણાઈ ચૂકયાં હોય છે. નર્મદાના જીવન પર લખાયેલ નવલકથા ‘એક ટુકડો આકાશનો’માં સુધારક યુગમાં પ્રવર્તતાં વહેમ, અંધશ્રદ્ધા, કુરિવાજો, કૂપમંડુકતાનું તાદશ ચિત્ર મળી આવે છે. ચરિત્રનાયકની આસપાસનું વાતાવરણ, વિવિધ પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક, રાજનૈતિક, કૌટુંબિક સંબંધોની જાળ એવી વણાયેલી હોય છે કે, એનાથી અલિપ્ત કે ભિન્ન કલ્પી જ ન શકાય. ચરિત્રનાયકના સામાજિક, રાષ્ટ્રીય, ધાર્મિક, રાજનૈતિક, વૈજ્ઞાનિક, મનોવૈજ્ઞાનિક, ક્રાંતિકારી, પશુપક્ષી, કેળવણી અને કલાવિષયક વિચારો તત્કાલીન સમાજજીવન તથા દેશકાળ પર તીવ્ર પ્રભાવ પાડે છે. આથી ચરિત્રનાયકના વ્યકિતત્વની પાર્શ્વભૂમાં એનું પ્રતિબિંબ પણ આપોઆપ રચાઈ જતું હોય છે. આમ જળમાં રહેલી માછલી જેવો અતૂટ સંબંધ હોય છે.

જીવનચરિત્રમૂલક નવલકથાકાર બીજાના અંતરંગ જીવનમાં ડૂબકી મારી તટસ્થતા પૂર્વક આંતર–બાહ્ય જીવનને અવલોકે છે. વ્યકિત પોતાની આસપાસના વિશ્વ સાથે જોડાયેલો છે. કર્મ જગત સાથે સમકાલીન દેશકાળમાં એ પ્રવેશે છે. સગાંસંબધીથી માંડી મિત્રો, પરિચિતો, પ્રવૃત્તિઓ વગેરે દ્વારા સમકાલીન રંગો પણ પૂરી આપે છે. આ રંગોના પરિવેશમાંથી કથાનાયકની છબિ ઉપસી આવે છે.

૪. સત્ય અને તથ્યોની જાળવણીયુકત કલ્પના

જીવનકથામૂલક નવલકથામાં સત્ય અને તથ્ય પ્રધાન પદે આવે છે. પરંતુ એથી કલ્પિત ઘટના એમાં ઉમેરાય નહિ એમ નથી. સત્યઘટનાને અનુકૂળ વસ્તુ આલેખવામાં કોઈ પણ વાંધો આવતો નથી. કલ્પિત નવલકથામાં સર્જકને જેટલી છૂટ હોય છે એટલી આ પ્રકારની નવલકથામાં છૂટ હોતી નથી. સર્જક અહીં પરતંત્ર બને છે. સર્જકની કલ્પના ચરિત્રાત્મક નવલકથામાં સ્વચ્છંદપણે દોડી શકતી નથી. એને મર્યાદામાં રહેવું પડે છે. સત્ય અને તથ્યના

પાટા પર કલ્પના દોડે તો પ્રશ્ન ઉદ્‌ભવતો નથી. જીવનકથામૂલક નવલકથામાં સત્ય, તથ્ય અને વાસ્તવિકતા લાવવા માટે આધારભૂત સામગ્રી ત્રણ રીતે મેળવી શકાય. ૧. વ્યકિતવિશેષએ લખેલ કે એના વિશે લખાયેલાં પુસ્તકો દ્વારા, ૨. વ્યકિતવિશેષના જીવન વિશે જાણકારો દ્વારા ૩. વ્યકિત સાથે રૂબરૂ મૂલાકાત કે પ્રત્યક્ષ સ્થળ દર્શન દ્વારા.

જીવનચરિત્રાત્મક નવલકથાકારે પુસ્તકની સહાય લેવી પડે છે પરંતુ એકલાં પુસ્તકોથી નવલકૃતિ પૂર્ણ થતી નથી. પણ એમાં **Realistic imagination**ની જરૂર પડે છે. વ્યકિતવિશેષના સુકકાં હાડકાનાં પિંજરમાં એ આ શકિતની સહાયથી જીવ પૂરે છે. આમાં તદ્દન બેલગામ કલ્પના પણ ન આવે તથા તદ્દન સંકુચિત દષ્ટિવાળું આલેખન પણ ન આવે, એની સર્જક કાળજી રાખે છે.

જીવનચરિત્ર તથા ઈતિહાસ સત્ય અને તથ્થોને પૂર્ણપણે વફાદાર રહે છે. જીવનચરિત્ર તથા ઈતિહાસમાં કશું જ આધાર કે પ્રમાણ વિનાનું ઉમેરી શકાય નહીં. ઈતિહાસ લખનારો વીતેલાં વર્ષોમાં બનેલા બનાવોની કડીબદ્ધ વિગતો ચોકસાઈપૂર્વક અને સચ્ચાઈની પૂરી ખાતરી કરી આલેખે છે. ચરિત્રલેખક પણ નાયકના જન્મથી મરણ સુધીનાં જીવન પ્રસંગોની વિગતો આધારભૂત, પ્રમાણિત અને પૂરેપૂરી ચોકસાઈ તથા ખાતરી કરી આલેખે છે. આ અર્થમાં જીવનચરિત્ર દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. આથી ડ્રાયડન **‘History of particular men’s live,s’** કહે છે. તથા એડમંડ ગોસ એને **‘faithful portrait’** તરીકે ગણાવે છે.

આમ જીવનચરિત્ર એ અમુક ચોકકસ સમયમાં જીવી ગયેલા વ્યકિતના જીવનની સત્યકથા છે. જીવનચરિત્રપરક નવલકથા સર્જનાત્મક સાહિત્ય **(Literature of power)**ના વર્ગમાં ગણાય છે. જયારે ઈતિહાસ અને જીવનચરિત્ર જ્ઞાનલક્ષી **(Literature of knowledge)**ના વર્ગમાં ગણાય છે. જીવનકથાત્મક નવલકથા **Fictional**-કાલ્પનિક કથનાત્મક સ્વરૂપ છે.આથી સર્જક સત્ય અને તથ્યોની જાળવણી સાથે ખપપુરતી કલ્પનાનો આશરો લેઈ છે.

૫. નિરૂપણરીતિ

જીવનવૃતાંત્મક નવલકથાને સર્જનાત્મક અને કલાત્મક બનાવવા માટે શૈલી ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. જેવું શીલ, તેવી શૈલી. જેવું વ્યકિતત્વ, તેવો પ્રભાવ. કલાકૃતિ

બનાવવામાં શૈલી મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તેમાં કથનાત્મકશૈલી, વર્ણનાત્મકશૈલી, નાટયાત્મકશૈલી, કાવ્યાત્મકશૈલી, ચિત્રાત્મકશૈલી, સંવાદાત્મકશૈલી, ચિંતનાત્મકશૈલી, સંવેદનાત્મકશૈલી, આલંકારિક શૈલી અને સંઘર્ષાત્મકશૈલી–એમ વિવિધ શૈલી દ્વારા નવલકથાની આસ્વાદ્ય, આકર્ષક, રસિક, હ્રદયંગમ, શિષ્ટ અને કલાત્મક કલાકૃતિ બની શકે છે. કૃતિમાં કૃત્રિમતા, આડંબર, આયાસ–પ્રયાસ, દેખાવ કે શુષ્ક શૈલી ન હોવી જોઈએ.

જીવનકથાત્મક નવલકથામાં જે મહાનુભવ કે વ્યકિતવિશેષના જીવનની ઘટનાઓ–પ્રસંગોની ગૂંથણી, મુખ્યનાયક–નાયિકા કે અન્યપાત્રનું વાસ્તવિક નામરૂપે આલેખન, મુખ્યપાત્રના સ્થળ, કાળ અને પશ્ચાદ્ભૂમિનું યથાતથ વિવિકેપૂર્ણ કલાત્મક આલેખન, પ્રસંગોચિત વર્ણનો, વાણી–વર્તનને અનુરૂપ ભાષાશૈલી, આવશ્યક હકીકતો અને વિગતોની સંરચના–આ સર્વનું સંયોજન, આયોજન, પ્રયોજન સાહિત્યકૃતિની સુશ્લિષ્ટતા બક્ષે છે.

વસ્તુસંકલનાનું સ્વરૂપ ઘણી વાર કથનકેન્દ્ર ઉપર પણ આધારિત હોય છે. સર્જક જીવનચરિત્રકારની જેમ કોઈ પાત્રને લક્ષ્ય કરી, એના જીવનના અમુક પસંદ કરેલા પ્રસંગોને લઈ ચોકકસ પ્રકારની એની છબી ઉપસાવવા માગતો હોય ત્યારે આખી વસ્તુસંકલના જીવનચરિત્રાત્મક બની રહે છે. હિમાંશી શેલતની ચિત્રકાર અમૃતા શેરગિલના જીવન પર લખાયેલી ‘આઠમો રંગ’ નવલકથા પ્રથમ પુરુષના કથનકેન્દ્રમાં લખાયેલ છે. જીવનકથાત્મક નવલકથાની સામગ્રી–ઉપાદાન ગમે તેટલું ઉત્કૃષ્ટ, આસ્વાદ્ય, સર્વોપયોગી, કલ્યાણકારી હોય તો પણ અભિવ્યકિત વિના સાહિત્યસ્વરૂપ ધારણ કરી શકતી નથી. જીવન એક અને અખંડ છે, જેનું વીતેલું જીવન છે. તે જ વ્યકિત નવલકથામાં વર્તમાનમાં જીવે છે. આમ કાળ બે છે. ભૂતકાળ અને વર્તમાન. આથી એ બન્ને કાળપ્રવાહને વ્યકત કરે છે. જીવનકથાત્મક નવલકથા ને કલાત્મક સ્વરૂપ આપવામાં શૈલીનો મહત્ત્વનો ફાળો છે. નવલકથાકારની મનઃસ્થિતિ અને ઝોક(**Mood and mode)** પ્રમાણે તેની શૈલીમાં વિવિધતા આવે છે. કથનાત્મક, નાટયાત્મક, વર્ણનાત્મક, આત્મકથનાત્મક, જીવનકથનાત્મક વગેરે દ્વારા અભિવ્યકિતનું વૈવિધ્ય જોવા મળે છે.

‘મીરાંની રહી મહેક’ નવલકથામાં સર્જક આત્મકથનાત્મક શૈલી યોજે છે. તો ‘પ્રકાશનો પડછાયો’ અને ‘અ–મૃતપંથનો યાત્રી’ નવલકથા નાટયાત્મક સંવાદો રૂપે આલેખાઈ છે. ‘પિંજરની આરપાર’ નવલકથામાં ગદ્ય કવેતાઈ બની આવે છે. ‘સિંહપુરુષ’ નવલકથામાં

પાત્રોચિત શૈલીનો વિનયોગ કર્યો છે. આમ સર્જક પોતાને તથા પાત્રને અનુકૂળ એવી ભાષાભિવ્યકિત કરે છે.

જીવનચરિત્રમૂલક નવલકથાકાર કથાનાયકના વિચારો, મંતવ્યો, પ્રવચનો અને પત્રવ્યવહારો દ્વારા નિરૂપણને રસપ્રદ બનાવવા માટે ભાષા, વાકયરીતિ, કાવ્યપંકિત, શબ્દ–ગુચ્છો વગેરેના વિવરણથી કથાનાયકની સમગ્ર છબિ ઉપસાવી, સર્જનાત્મક ભાષા પ્રયોગ દ્વારા તથ્યો અને હકીકતોનું સત્યમાં રૂપાંતર કરવાની સર્ગશકિતથી નવું જીવન, કલ્પના શકિતનો સ્પર્શ, ચિંતનનો પાસ, ચિત્રાત્મક વર્ણનો, ઘટના કે પ્રસંગોનું જીવંતરૂપ, સંવેદનને અનુરૂપ કાવ્યાત્મક ભાષા–ભંગિઓ–કાવ્યત્વપૂર્ણ ભાષા, પ્રસંગોચિત કહેવતો, રૂઢિપ્રયોગો, રૂપકો કે પ્રતીકો વગેરે કલાત્મક રીતે નિરુપવામાં આવે છે.

જીવનકથાત્મક નવલકથામાં કેવળ હકીકતોનું જ બયાન આવે તો તે જીવનચરિત્ર કે ઈતિહાસ બની જાય છે. પરંતુ હકીકતોનું લેખક અનુભવો–સ્વાનુભવોના રસાયણમાં વિગલન કરી, કલાત્મક રૂપાન્તરણ કરે છે. તત્કાલીન દેશ, કાળ, વાતાવરણ, ધર્મ, શિક્ષણ, ભાષા, સાહિત્ય, વાર–તહેવારો, સમાજ, સંઘર્ષ, પરિવાર, સંજોગો, સુખદુઃખ, પ્રેમ, પ્રકૃતિ, ભકિત, ચિંતન–મનન, સદ્–અસદ્ ગુણો, દ્વન્દ્વ ભાવો, તત્ત્વજ્ઞાન વગેરે વણાઈ–ગૂંથાઈને એકરૂપ બનવા જોઈએ. વ્યકિતવિશેષ આધારિત રસસૃષ્ટિ તાદશ કરી આપે તેવી ભાષાસમૃદ્ધિ ઊઘડી આવવી જોઈએ.

આમ જીવનચરિત્રમૂલક નવલકથા વ્યકિતના જીવનની સમીક્ષા કરે છે. જેમાં વ્યકિતવિશેષનું જીવન પ્રમુખ સ્થાને હોય છે. નવલકથાકાર વ્યકિતગત સામગ્રી અને શિલ્પનું સુંદર સંયોજન કરે છે. આ સંયોજનમાં નવલકથાવૃત્ત, ચરિત્ર, દેશ–કાલ, ભાષાશૈલી, ઉદેશ્ય અર્થાત્ વિચાર આદિ તત્ત્વોનો સમાવેશ થાય છે. કથાનાયકનું આગવું વિશ્વ નિર્માણ કરવા માટે જુદા જુદા તત્ત્વોનો વિનિયોગ કરે છે. આ તત્ત્વો નવલકથામાં પૃથક્ પૃથક્ ન રહેતાં એકબીજાની સાથે અવિનાભાવ સંબંધથી જોડાયેલાં હોય છે. આ જુદા જુદા તત્ત્વોનું સંયોજન યાંત્રિક નહીં પણ સેન્દ્રિય હોય છે.

ા સંદર્ભ નોંધ ા

૧. Aspects of the Novel: E.M.Forster, Atlantic publishers, 1927, 2004, p.82

૨. Aspects of the Novel, E.M.Forster, Atlantic publishers, 1927, 2004, p.31.

૩. The Novel and the Reader, Katherine Lever,p.16

૪. An Introduction to the study of Literature, W.H.Hudson, p.140.

૫. રસ અને રુચિ, ધીરૂભાઈ ઠાકર, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન, ૧૯૬૩, પૃ. ૮૦.

૬. સ્વરૂપસન્નિધાન, સુમન શાહ, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, પ્ર.આ.૧૯૯૭, પૃ.૧૭૨.

૭. પશ્ચિમી સાહિત્યના વિવેચનાત્મક લેખો, શ્રી પ્રબોધ પી.મહેતા, રાજકોટ,પ્રવીણ પુસ્તક ભંડાર, ૧૯૮૩, પૃ.૫૬.

૮. કથાયન, બાબુ દાવલપુરા, વલ્લભવિદ્યાનગર, ૧૯૯૩, પૃ. ૨૦૪, પૃ.૧૨૫.

૯. સંપ્રત્યય, શરીફા વીજળીવાળા, અમદાવાદ, ઈમેજ પબ્લિકેશન, ૨૦૦૩, પૃ.૧૮૪, 'સળગતાં સૂરજમુખી', પૃ.૯૯.

૧૦. A History of Autobiography in Antiquity -misch G- p.3

૧૧. ઈનર લાઈફ, દિનેશ કોઠારી, લાભશંકર ઠાકર, અમદાવાદ, રન્નાદે પ્રકાશન, ૨૦૦૪, પૃ.૧૩૬.

૧૨. ઈનર લાઈફ, દિનેશ કોઠારી, લાભશંકર ઠાકર, અમદાવાદ, રન્નાદે પ્રકાશન, ૨૦૦૪, પૃ.૧૪૮.

૧૩. ઈનર લાઈફ, દિનેશ કોઠારી, લાભશંકર ઠાકર, અમદાવાદ, રન્નાદે પ્રકાશન, ૨૦૦૪, પૃ.૧૪૯.

પ્રકરણ–૬

જીવનચરિત્રમૂલક નવલકથાનો

અન્ય

સ્વરૂપો સાથે નાતો

।। પ્રકરણ–૬ ।।

।। જીવનચરિત્રમૂલક નવલકથાનો અન્ય સ્વરૂપો સાથે નાતો ।।

સાહિત્યના દરેક સ્વરૂપો સ્વતંત્ર છે. દરેક સ્વરૂપગત વિશેષતાઓ ધરાવે છે. છતાં કેટલાક સાહિત્ય સ્વરૂપો એક બીજા સાથે સામ્ય અને વૈષમ્ય ધરાવે છે. એક બીજાના પ્રભાવને કારણે એક બીજાની સીમાઓ ઓતપ્રોત થઈ જતી જોવા મળે છે. જીવનચરિત્રમૂલક નવલકથાની સ્વરૂપગત વિશેષતાઓ આપણે આગળના પ્રકરણમાં જોઈ ગયા. જીવનચરિત્રમૂલક નવલકથાના ઘણાં ખરાં લક્ષણો અન્ય સ્વરૂપો સાથે નજીકનો નાતો ધરાવે છે. તેમની સરહદો એકબીજાને સ્પર્શી લે તેવી લવચીક હોય છે. દરેક સાહિત્ય સ્વરૂપો સ્વતંત્ર છે, છતાં, એકબીજામાં કયાંક ભળી જતા અનુભવાય છે. આથી સ્વરૂપગત વિશેષતાઓ જાણી તેની તુલનાત્મક ચર્ચા કરવી આવશ્યક બને છે.

સર્જક જે તે સ્વરૂપના બંધાઈ ગયેલ માળખાને અતિક્રમી પ્રયોગ કરતો હોય છે. આ એનું જુદાપણું નવા સ્વરૂપને જન્મ આપે છે. જીવનચરિત્રમૂલક નવલકથામાં જીવનચરિત્ર અને આત્મચરિત્ર કેન્દ્રસ્થાને છે. આથી જીવનચરિત્રમૂલક નવલકથા અને જીવનચરિત્રનો સંબંધ, જીવનચરિત્રમૂલક નવલકથા અને આત્મકથાનો નાતો તથા જીવનચરિત્રમૂલક અને આત્મચરિત્રમૂલક નવલકથા અને જીવનચરિત્રમૂલક અને ઐતિહાસિક નવલકથા સાથે સામ્ય–વૈષમ્ય તપાસવું જરૂરી બને છે.

'જીવનચરિત્રમૂલક નવલકથા' સ્વરૂપગત વિશિષ્ટતા અને વસ્તુવિભાવનાની દષ્ટિએ અન્ય સ્વરૂપો અને નવલકથાઓ સાથે નાતો ધરાવે છે. આથી એકબીજાની લાક્ષણિકતાઓ એકબીજામાં ભળી ગઈ છે. આમ વિવિધ વિદ્યાઓ સાથે તુલનાત્મક અભ્યાસ કરવાથી જીવનચરિત્રમૂલક નવલકથા કયા કયા લક્ષણોથી અલગ પડે છે તે તપાસી, સ્વરૂપગત વિશેષતાનો અભ્યાસ કરવાનો અત્રે ઉપક્રમ સેવ્યો છે. આ માટે જીવનચરિત્રમૂલક નવલકથાને જીવનચરિત્ર અને આત્મચરિત્ર સાહિત્ય સ્વરૂપ સાથેનો નાતો તથા આત્મચરિત્રમૂલક અને

ઐતિહાસિક નવલકથા સાથે સામ્ય–વૈષ્મ્ય તપાસ્યું છે. જીવનચરિત્રમૂલક નવલકથાને અન્ય સ્વરૂપો અને નવલકથા સાથેનો નાતો તપાસતાં તેના સ્વરૂપની લાક્ષણિકતાનો ખ્યાલ આવ્યો છે.તે અહીં નોંધ્યો છે.

૧. જીવનચરિત્રમૂલક નવલકથા અને જીવનચરિત્ર

જીવનચરિત્રમૂલક નવલકથા અને જીવનચરિત્ર બંને સ્વતંત્ર સ્વરૂપ છે. છતાં એકબીજાની લાક્ષણિકતાઓ એકબીજામાં ભળી ગઈ છે. આથી તેનો અભ્યાસ કરી સામ્ય–વૈષ્મ્ય તપાસવું જરૂરી છે. આથી પ્રથમ નવલકથા અને જીવનકથા વિશેની નોંધ અહીં મૂકી છે. નવલકથાકાર પાત્ર નિર્માણ માટે સ્વતંત્ર છે. પાત્ર અને ઘટનાઓના આલેખન માટે પોતે ભાગ્યવિધાતા છે. બીજી બાજુ જીવનકથાકાર નવલકથાકારની જેમ સ્વતંત્ર નથી. પ્રાપ્ત કરેલ હકીકત તથા તથ્યોને આધારે ચરિત્રનાયકની આંતર–બાહ્ય સ્થિતિઓનું ચિત્રણ કરવાનું હોય છે. જીવનચરિત્રમૂલક નવલકથામાં એક બાજુ નવલકથાનાં તથ્યોનો સમાવેશ કરવાનો છે, તો બીજી બાજુ કોઈ ઉદાત વ્યકિતના જીવનની યર્થાથપરક ઘટનાઓનો આધાર લેવો જરૂરી છે. આ પ્રકારની જીવનકથાત્મક નવલકથામાં જીવનકથા અને નવલકથાના તત્ત્વનું મિલન હોય છે. નવલકથા એ કલ્પનોત્થ વાસ્તવની રમણીય દુનિયા છે, તો જીવનકથા એ નકકર વાસ્તવની સહ્રેય સૃષ્ટિ છે. નવલકથાકાર પાત્રોની ભાતીગળ સૃષ્ટિ રચે છે, તો જીવનકથાકાર ચરિત્રનાયકના જીવન સાથે સંકળાયેલી નાની મોટી વ્યકિતઓનાં વ્યકિતચિત્રો કે રેખાચિત્રોનું આલેખન કરે છે. જીવનચરિત્રકારે નિરૂપણની સામગ્રી પરસેવો પાડી એકત્ર કરવાની હોય છે, જયારે નવલકથાકારે આદિથી અંત સુધી પોતાની સર્જકતા ઉપર જ આધાર રાખવાનો હોય છે. ગુજરાતી નવલકથાક્ષેત્રે જીવનચરિત્રમૂલક નવલકથા વિષયવસ્તુની દષ્ટિએ નવીન સ્વરૂપ છે.

જીવનચરિત્રમૂલક નવલકથા અને જીવનચરિત્ર માનવ–જીવન સંબંધી સાહિત્ય સ્વરૂપ છે. એકબીજાની નજીક હોવા છતાં સ્વતંત્ર છે. પરંતુ બન્નેના કેન્દ્રમાં જીવન હોય છે. સાહિત્ય ખરેખર જીવનની સમીક્ષા કરે છે. અન્ય કલાઓની તુલનામાં સાહિત્ય જીવનની નજીક છે. એલૅકઝાન્ડર પોપે કહ્યું છે. **‘The proper study of mankind is man’** અર્થાત્ ‘માનવ–જાતિના અધ્યયનમાં સર્વાધિક યોગ્ય વિષય મનુષ્ય છે. સાહિત્યનું લક્ષ્ય મનુષ્ય હોય છે. મનુષ્યની આશા–આકાંક્ષા, સુખ–દુઃખ, આનંદ–અશ્રુ, ઉત્થાન–પતનની કલાત્મક રીતે

સાહિત્યકાર નિરૂપણ કરે છે. સાહિત્યની શાખાઓની તુલનામાં જીવનચરિત્રમૂલક નવલકથા અને જીવનકથા સત્યની અધિક નજીક હોય છે.

જીવનચરિત્રકાર અન્ય પરિચિત વ્યકિત કે વ્યકિતવિશેષના જીવનનું આલેખન આધારભૂત સામગ્રી દ્વારા કરે છે. સત્ય અને તથ્યના આધારે વાસ્તવિક જીવનની પુનર્નિર્મિતિ કરે છે. વ્યકિતનું હકીકતલક્ષી જીવન 'કથા' સ્વરૂપ ધારણ કરે છે. જયારે જીવનકથા, નવલકથાનું સ્વરૂપ ધારણ કરે ત્યારે 'નવલકથા'ના સ્વરૂપલક્ષી લક્ષણો અથવા સાહિત્યના કલારૂપો અહીં આવે છે. જીવનચરિત્રમૂલક નવલકથામાં વિષયવસ્તુ વ્યકિતવિશેષના વાસ્તવ જીવનમાંથી લેવામાં આવ્યું હોય છે. તેમાં પાત્રની વાસ્તવિકતા સાથે કળાનું સત્ય પણ જાળવવાનું હોય છે. જીવનની નરી હકીકતો **(bare facts)**ના આલેખનમાં એના **theme**ના આવિષ્કરણમાં વિશેષ રસ હોય છે. વિષયવસ્તુ વ્યકિતના વાસ્તવ જીવનમાંથી જ લેવામાં આવે છે, એટલું જ નહિ વાસ્તવની એ વિગતો અન્ય સ્ત્રોતથી ચકાસી, હકીકતો સ્વીકારી નવું 'રૂપનિર્માણ' કરે છે. જીવનચરિત્રાત્મક નવલકથાકાર અહીં બંધાયેલો છે. કલ્પના વડે નવા તથ્યો નીપજાવી શકતો નથી. એ તથ્યોની માત્ર પસંદગી કરે છે અને પછી જીવનને નવા રૂપરંગે ઘાટ આપે છે. જીવનકથામાં વ્યકિતના જીવનની વાસ્તવિક હકીકતો સત્ય અને તથ્યના ધોરણે આલેખે છે. જયારે જીવનચરિત્રમૂલક નવલકથામાં સત્ય અને તથ્યને જાળવી સૌંદર્યને પામવાનો પ્રયત્ન છે. જીવનકથા વ્યકિતના જીવનને જાણવાના આશયથી વાંચીએ છીએ. જયારે જીવનચરિત્રમૂલક નવલકથા માણવાના આશયથી વાંચીએ છીએ.

જીવનકથા અને જીવનકથામૂલક નવલકથા બંનેમાં કેટલુંક સામ્ય જોવા મળે છે. જીવનકથામાં કોઈ એક વ્યકિતનો જન્મ, ઉછેર, પરિવાર, શિક્ષણ, જીવનકાર્ય, અન્ય વ્યકિતઓનો પ્રભાવ અને એ વ્યકિતનું પ્રદાન વગેરે આલેખિત થાય છે. જયારે જીવનકથામૂલક નવલકથામાં વ્યકિતની જીવનકથા તો આવે છે. પણ એમાં પસંદ કરેલી ઘટનાઓને રસકીય બનાવી કથારૂપ આપે છે. આમ જોતાં આ બન્ને સ્વરૂપો કયારેક પરસ્પરની સીમામાં ભળી જાય તેટલું મળતાપણું ધરાવે છે. તેમ છતાં જીવનકથા અને જીવનકથામૂલક નવલકથા બન્ને સ્વતંત્ર સાહિત્ય સ્વરૂપો છે. આ બન્ને સ્વરૂપો એક બીજા સાથે જોડાયેલાં હોવા છતાં રચનારીતિની દષ્ટિએ ભેદ ધરાવે છે. જીવનચરિત્રમૂલક નવલકથાકારની સામે હંમેશાં એક ચોકકસ વ્યકિતનું

વ્યકિતત્વ હોય છે. સમાજમાં તેની ચોકકસ ગરિમા હોય છે. ચરિત્રનાયકનાં કાર્યોથી બહુધા સમાજ તેને ઓળખે છે. એનાં કાર્યોને કારણે તેની એક વિશિષ્ટ મુદ્રા સમાજ જીવનમાં અંકિત થઈ હોય છે. નવલકથાકાર જયારે એકત્રિત સામગ્રીને આધારે વ્યકિતચિત્રણ કરે છે, ત્યારે ચરિત્રનાયકનું જીવનચિત્ર પ્રત્યક્ષ હોય તેવું પણ બને છે. જયારે જીવનકથામાં લેખકે ઈતિહાસમાં દર્શાવેલાં નામો અને ઈસ્વીસનની ચોકસાઈ પૂરેપૂરી જાળવવી પડે છે. બનેલા બનાવોની આનુપૂર્વીમાં સામયિક ક્રમિકતા સાચવવી પડે છે. જીવનકથાકાર અને જીવનચરિત્રમૂલક નવલકથાકાર બંનેએ સ્થળ અને કાળનાં બંધનોને વફાદાર રહેવાની પૂરેપૂરી આવશ્યકતા છે. બંનેનું નિરૂપણ સત્યપ્રતિષ્ઠ હોય એ પણ એટલું જ જરૂરી છે.

અનંતરાય રાવળ નોંધે છે કે, ''ઈતિહાસકાર જેમ શિલાલેખો, દસ્તાવેજો, તામ્રપત્રો, સિકકા, જૂના ઈતિહાસગ્રંથો, પ્રબંધો, જૂની સાહિત્યકૃતિઓનો અભ્યાસ વિષયકાળના સમકાલીનો પાસેથી મળતા ઉલ્લેખો આદિ સામગ્રી ખંતપૂર્વક પ્રાપ્ત કરી, તેનું પૃથકકણ કરી, તેમાંથી જમાના જમાનાની ઈતિહાસની ઈમારત ચણે છે અને બનેલા બનવોનાં કારણો તેમાંથી શોધે, તપાસે ને તારવે છે, તેમ ચરિત્રનાયક જો વિદ્યમાન હોય તો તેની અને વિદેહ હોય તો તેના નિકટના સંપર્કમાં આવેલાંઓની મુલાકાતો લઈ, તેનાં પાત્રો, લખાણો, પ્રવૃત્તિનોંધો કે ભાષણો વાંચી જઈ, તેનાં જીવનની સિદ્ધિઓ પર પાર્શ્વપ્રકાશ ફેંકી શકે તેવા સમકાલીનોનાં લખાણમાંથી મળતી માહિતી મેળવી, તેની પ્રકૃતિ કે સેવાકાર્યનો જે કંઈ ઈતિહાસ પ્રાપ્ત હોય તે જોઈ જઈ, ચરિત્રનાયકના જીવનચરિત્ર માટે ઉપાદાનરૂપ સામગ્રી પ્રથમ તો એકઠી કરવાની હોય છે. જેમ ઈતિહાસમાં તેમ જીવનચરિત્રમાં કશું જ અનાધાર લખાય નહિ, કારણ એ સત્ય હકીકતની જ વાત કરવા બેઠું છે. અને એમ છે એટલે બને તેટલી વિગતો, પોતે જે કંઈ કહે તેના આધાર કે સમર્થન માટે એકઠી કરવી એ ચરિત્રનાયકનો ક્રમબદ્ધ સુરેખ જીવંત ઈતિહાસ એમાંથી નિરૂપાતો રહે એ રીતે બધી વિગતોની ગોઠવણીનું કામ, અને પછી ચરિત્રનાયકના જીવન, વ્યકિતત્વ તથા જીવનકાર્યને તેમાંથી ઉપસાવવાનું અને તેના આશયો, માનસ તથા સિદ્ધિ–અસિદ્ધિઓને સમજાવવા–સમીક્ષવાનું કામ કરવાનું રહે છે. સંપાદિત સામગ્રીમાંથી કઈ પોતાના કામની ને કઈ નહિ, એનું કયાં શું સ્થાન, એ બધાનો ચરિત્રકારની વિવેકબુદ્ધિ પર આધાર રહે છે. એવી વિવેક બુદ્ધિ વિના ઈતિહાસકાર કે ચરિત્રલેખકનું કામ આગળ ચાલે કે

શોભે જ નહિ.''[૧]

ચરિત્રસાહિત્યને સાહિત્યિકતા કે સર્જનાત્મકતાનો સ્પર્શ કે પુટ આપવો હોય તો ઈતિહાસલેખકના જેવી હકીકતનિરૂપણની શુષ્ક સત્યોપાસના ન ચાલે. એણે એમાં પોતાની તદાત્મતાજન્ય આર્દ્રતા અને સર્જક તરીકેની બધી સજ્જતાનો વિનિયોગ કરી સત્યોપાસના કરવાની હોય છે. બીજી એક વાત ચરિત્રકારે ધ્યાનમાં રાખવાની છે કે ચરિત્રને ઈતિહાસ જ બનાવી દેવાનો નથી. આથી આન્દ્રે મોર્વા લખે છે. **''The biographer must not try to play the historian too long, their objectives are different. Biography is the story of the evolution of a human soul, history should be for him what it is for the portrait-painter, the background against which he sets his model."**[૨] આમ ચરિત્રકારે ચિત્રકાર અને ઈતિહાસકારની જેમ પાર્શ્વભૂમિકા રચી, ચરિત્રનાયકની બાહ્યાભ્યંતર ઉત્ક્રાન્તિકથા આલેખવી જોઈએ.

નવલરામે 'નવલગ્રંથાવલિ'માં લખ્યું છે કે, 'ચરિત્રનિરૂપકમાં શોધ, સત્ય, વિવેક અને વર્ણનશકિત એ ચાર ગુણ આવશ્ય હોવા જોઈએ.' શોધ એટલે કે ચરિત્રોપયોગી સામગ્રીની પરિશ્રમપૂર્વક કરેલી પ્રાપ્તિ છે. આ કાચો મસાલો ચરિત્રદેહમાં અસ્થિ છે એટલે જ આખું શરીર ટટ્ટાર રહે છે. જીવનચરિત્રકારમાં સંશોધકમાં હોવી જોઈએ તેવી અથાગ શ્રમ કરવાની વૃત્તિ, ચરિત્ર વિદ્યમાન હોય તો તેની મુલાકાતો યોજવી, સામગ્રી એકઠી કરવી, ચરિત્રનાયકના સમકાલીનો, અંતેવાસીઓ, પ્રશંસકો, મિત્રો, સગાંવહાલાં, દુશ્મનો વગેરેનો સંપર્ક સાધવો, સામયિકો, દસ્તાવેજો, પત્રો, રોજનીશી, સર્જેલ સાહિત્ય, આપેલાં વ્યાખ્યાનો, ફોટા, કેસેટ, સીડી, ચિત્રો, વાર્તાલાપો, મૃત્યુનોંધ વગેરે સામગ્રીમાંથી ચરિત્રનાયકની રુચિ, રસ, માન્યતાઓ, અભિગ્રહો, પૂર્વગ્રહો, ગમાઅણગમા, વૃત્તિ–વલણો વગેરેની સમજ કેળવી ચરિત્રનાયકના અંતસ્તત્ત્વનાં અતાગ ઊંડાણોમાં પડેલી વિચિત્રતાઓ અને વિશિષ્ટતાઓ, વક્રતાઓ અને સંગતતાઓનું અભ્યાસયુકત નિમજ્જન દ્વારા ઉદ્‌ઘાટન કરતો હોય છે, જયારે જીવનચરિત્રમૂલક નવલકથાકાર નાયકની આંતર બાહ્ય વ્યકિતમત્તાને કલાત્મકતાનો આશ્રય લઈ ઉદ્‌ઘાટિત કરી બતાવે છે. નવલકથાકાર જીવનચરિત્રકાર જેટલો તથ્યોને વફાદાર રહેતો નથી તે મૂળ તથ્યોને આધાર રાખી તેને અન્યાય ન થાય તે રીતે કલ્પનાના ઘોડા દોડાવતો હોય છે.

જીવનકથામાં સમયની આનુપૂર્વીને ચુસ્ત રીતે અનુસરવું પડે, પ્રસંગો–

બનાવોને મન ફાવે તેમ ક્રમ ઉલટાવી યથેચ્છ રીતે ગૂંથી ન શકાય, કથાગત ચરિત્રનાં અંતરંગ મનોવિશ્વને કલ્પનાપૂર્વક ઉપસાવી ન શકાય. જ્યારે જીવનચરિત્રમૂલક નવલકથામાં સમાજ, ધર્મ, સંસ્કૃતિ, કલા, સાહિત્ય, વિજ્ઞાન અને રાજકીય વગેરે ક્ષેત્રે દિવંગત કે જીવંત વ્યકિતની હકીકતો અને વિગતોનો વિનિયોગ કરવાનો હોય છે, એ દસ્તાવેજી તથ્યોની યથાર્થતા ખંડિત ન થાય એ રીતે કળામાં રૂપાંતર કરવાનું વિકટ કાર્ય સભાનપણે સર્જકે કરવાનું હોય છે.

ચરિત્રસાહિત્ય **(Biographical literature)**નું જ કુળ–ગોત્ર જીવનચરિત્ર અને આત્મચરિત્ર છે. આથી બન્ને સહોદર સાહિત્ય સ્વરૂપ છે. જીવનચરિત્રની લાક્ષણિકતાઓ આ પ્રમાણે છે. કોઈ વ્યકિતવિશેષનાં જીવનને આલેખે તે જીવનચરિત્ર. તેમાં ચરિત્રનાયક અને ચરિત્રલેખક જુદા હોય છે. તેમનું ઉદ્ભવનું પ્રેરકબળ વિભૂતિ–પૂજનની વૃત્તિમાં રહેલું છે. ત્રીજો પુરુષ એકવચનમાં લખાય છે. પરલક્ષી ઢબે રચાતું સાહિત્ય સ્વરૂપ છે. તેમાં લેખક ચરિત્રનાયકથી ભિન્ન હોવાથી તે બાહ્ય સાધન–સામગ્રીની મદદથી ચરિત્રનાયકના જીવનના બહિરંગ સ્વરૂપને વિશેષ જાણી શકે છે. જીવનચરિત્રકાર બહિર્મુખ રહે છે. આથી જીવનચરિત્ર પરલક્ષી સાહિત્યપ્રકાર છે. જીવનચરિત્રકારને વિદેહ ચરિત્રનાયકના જન્મથી મરણ સુધીની સંપૂર્ણ જીવનચરિત્ર આલેખવાની અનુકૂળતા હોય છે. નાયકના જીવન, વ્યકિતત્વ, જીવનકાર્ય અને સિદ્ધિ–મર્યાદાઓની સમગ્રદર્શી સમાલોચના અને મૂલવણી કરી શકે છે. નાયકના જીવનના વિવિધ ઉદેશ્ય અને દષ્ટિકોણથી એકાધિક કૃતિ આપી શકે છે.

આમ જીવનચરિત્રમૂલક નવલકથા અને જીવનચરિત્ર બંને સ્વતંત્ર સાહિત્ય સ્વરૂપ છે. જીવનકથા સાથે જોડાયેલ છતાં સર્જકકર્મથી વિશિષ્ટ એવું જીવનચરિત્રમૂલક નવલકથાનું સ્વરૂપ છે. જીવનચરિત્રમૂલક નવલકથા અને જીવનચરિત્રની વ્યાવર્તક રેખાઓ આ પ્રમાણે છે. સાહિત્યમાં જીવનચરિત્રમૂલક નવલકથા અને જીવનકથાનું સ્થાન વિશિષ્ટ છે. એ નવલકથા હોવા છતાં જીવનકથા મટતી નથી અને જીવનકથા હોવા છતાં નવલકથા મટતી નથી. પણ બંનેનો સુભગ સમન્વય છે. જીવનચરિત્રકાર પહેલો વૈજ્ઞાનિક અને પછી કલાકાર હોય છે. જીવનચરિત્રમૂલક નવલકથાનો લેખક પહેલાં કલાકાર અને પછી વૈજ્ઞાનિક હોય છે. આમ બંનેમાં સર્જક અને પછી વૈજ્ઞાનિક શકિતનો વિનિયોગ થાય છે. જીવનચરિત્ર વ્યકિતવિશેષના ભૂતકાળમાં બની ગયેલાં પ્રસંગોને યથાક્રમ વિગતવાર રજૂ કરે છે. જ્યારે જીવનચરિત્રમૂલક

નવલકથામાં અતીતમાં બની ગયેલાં પ્રસંગોનું સર્જન કરે છે. જીવનચરિત્રકાર દેશકાળના બંધનોથી પર થઈ શકતો નથી; જયારે જીવનચરિત્રમૂલક નવલકથાકાર દેશકાળના બંધનો સ્વીકારી સનાતન અને શાશ્વત કલાસૃષ્ટિનું નિર્માણ કરે છે. જીવનચરિત્રમૂલક નવલકથામાં વ્યકિતવિશેષની ક્રમબદ્ધ અને ઝીણવટભરી માહિતી નથી હોતી, પણ કલાસૃષ્ટિના નિરંકુશ કલ્પના વિહારો પણ નથી હોતા. જીવનચરિત્રમૂલક નવલકથામાં જીવનકથાની હકીકતો અને નવલકથાનો આનંદ સંયુકત થયેલાં હોય છે.

આમ બંને સ્વરૂપ વિશેની તાત્ત્વિક ચર્ચાને અંતે બંને વચ્ચેનો સંબંધ આ પ્રમાણે સ્થાપિત થાય છે. જીવનચરિત્રમૂલક નવલકથા અને જીવનચરિત્ર બંને સ્વતંત્ર સ્વરૂપ છે. બન્ને ગદ્યસ્વરૂપ છે. અનુભવમૂલક સાહિત્ય સ્વરૂપ છે. પરલક્ષી સાહિત્ય સ્વરૂપ છે. બંને વ્યકિત જીવનની સમીક્ષા કરે છે. બંનેમાં વ્યકિતવિશેષનું જીવનવૃત્ત આલેખવામાં આવે છે. આથી બંનેનું સત્ય, તથ્ય અને હકીકતલક્ષી કથાનક હોય છે. એટલે સ્થળ અને કાળના બંધનમાં બંનેએ વફાદાર રહેવું પડે છે. મુખ્યપાત્ર અને શકય હોય ત્યાં સુધી ગૌણપાત્ર પણ અસલ નામ–ઠામરૂપે નિરૂપાય છે. આથી વ્યકિતવિશેષના જીવનની સામગ્રી એકઠી કરવા બંનેના લેખકોએ અથાગ પ્રયત્ન કરવો પડે છે. આમ બંને સ્વરૂપનો સમન્વય થયેલો છે.

જીવનચરિત્રમૂલક નવલકથા લલિત સાહિત્ય સ્વરૂપ છે. જયારે જીવનકથા લલિતેતર સાહિત્ય સ્વરૂપ છે. એક, 'લિટરેચર ઓફ પાવર' અને બીજુ, 'લિટરેચર ઓફ નોલેજ' ધરાવે છે. એટલે કે રસકીય અને માહિતી પ્રધાન છે. એક, રસાનંદ અને સૌંદર્યાનંદ આપે છે. જયારે બીજુ જ્ઞાનબોધ આપે છે. એકમાં ભાવકને વ્યકિતત્વને પામવાનો આશય હોય છે. જયારે બીજામાં વ્યકિતને જાણવાનો આશય હોય છે. જીવનકથામાં સત્ય, તથ્ય અને હકીકતને જાળવી કથાનાયકનો ક્રમિક વિકાસ આલેખવામાં આવે છે.જયારે જીવનચરિત્રમૂલક નવલકથામાં સર્જક સત્ય, તથ્ય અને હકીકતને જાળવી અર્થઘટન પૂરતી અંકુશ રેખામાં કલ્પનાનો વિનિયોગ કરે છે. ક્રમિક આલેખન તોડી પોતાની ટેકનિક અજમાવે છે. કથાને સર્જનાત્મક, કલાત્મક અને રસકીય રીતે નિરૂપે છે. નવસર્જન કરે છે. ભાતીગળ કલાસૃષ્ટિનું નિર્માણ કરે છે.

૨. જીવનચરિત્રમૂલક નવલકથા અને આત્મચરિત્ર

ચરિત્રસાહિત્ય **(Biographical literature)**નું જ કુળ–ગોત્ર જીવનચરિત્ર અને આત્મચરિત્ર છે. આથી બન્ને સહોદર સાહિત્ય સ્વરૂપ છે. આત્મચરિત્રની લાક્ષણિકતાઓ આ પ્રમાણે છે. આત્મચરિત્રના અભ્યાસને આધારે તેમની લાક્ષણિકતાઓ પ્રથમ નોંધવી જરૂરી છે. સર્જક પોતાનું જીવન આલેખે ત્યારે આત્મચરિત્ર સર્જાય છે. તેમાં સર્જક પોતે જ ચરિત્રનાયક અને ચરિત્રલેખક હોય છે. આત્મકથા ઉદ્‌ભવનું પ્રેરકબળ આત્મ–આવિષ્કરણની ઝંખનામાં રહેલું છે. આથી આત્મચરિત્ર 'હું' માં પ્રથમ પુરુષ એકવચનમાં લખાય છે, આત્મલક્ષી ઢબે નિરૂપણ થાય છે. લેખક પોતે જ ચરિત્રનાયક હોવાથી તે પોતાની જાત વિશે–અંતરંગની વાતો વિશેષ રૂપે મૂકે છે, આત્મચરિત્રકાર અંતર્મુખ હોય છે. આથી તે આત્મલક્ષી સાહિત્ય સ્વરૂપ છે.

આત્મચરિત્રમાં લેખકની એક જ કૃતિ મળે છે. આત્મચરિત્રનો લેખક પોતાના જન્મની વાત તો કઈ રીતે કહી શકે? જન્મ કે બાળપણની માહિતી બીજા પાસેથી મેળવવી પડે છે. પોતે લખતો હોય, જીવતો હોય ત્યાં સુધીના જ સમય સુધીનું પોતાનું જીવનવૃત્તાંત લખી શકે છે. એટલે કે આત્મચરિત્રકાર જન્મ અને મૃત્યુ વિશે લખી શકે નહીં તેથી તે માથા અને હાથ–પગ વિનાના ધડ જેવું બને છે. ડબ્લ્યુ.એચ.ડન તેને **torso** કહે છે. આથી આત્મચરિત્રકારે તો નિરપેક્ષવૃત્તિ સેવી અંતિમ મૂલ્યનિરૂપણ વાચક ઉપર છોડી દેવું પડે છે.

ધીરૂભાઈ ઠાકર આત્મકથા વિશે અભિપ્રાય આપતા નોંધે છે કે, ''આત્મકથાઃ જીવન અથવા જીવનચરિત્ર સાથે ગોત્રસંબંધ ધરાવતો સાહિત્ય પ્રકાર છે. જીવનચરિત્ર તથા આત્મચરિત્રને ઈતિહાસ સાથે પણ સંબંધ છે. જીવનકથાનો લેખક કોઈ બીજી વ્યકિતના જીવન વિશે લખતો હોય છે. ત્યારે આત્મકથાનો લેખક પોતાના જીવન વિશે લખતો હોય છે. આત્મકથાનો લેખક પોતે જ પોતાની કથાનો નાયક હોય છે. પોતાના જીવન વિશે તેને પ્રત્યક્ષ જ્ઞાન હોય છે; જયારે જીવનકથાના લેખકને તે માટે બહુધા પરોક્ષ પ્રમાણ પર આધાર રાખવાનો હોય છે. આત્મકથાના લેખકના પોતાના પૂર્વગ્રહો તથા સ્વબચાવની જાણ્યે અજાણ્યે થતી કોશિશ અવરોધરૂપ બની શકે. વ્યકિતને પોતાના જન્મ સમયનું જ્ઞાન હોતું નથી. બાળપણનાં અમુક વર્ષો સુધીના સ્મરણો જળવાઈ રહે તે સંભવિત નથી. એમાં મોટેરાંની સ્મૃતિની મદદ લેવી પડે છે. વળી, આત્મકથા લેખકના મૃત્યુના પ્રસંગનું આલેખન કરી શકતો નથી. એ રીતે જીવનના બે

છેડા પરત્વે આત્મકથા ઊણપ ધરાવે છે, એટલે અંશે જીવનકથાની અપેક્ષાએ આત્મકથા અપૂર્ણ રહેવાની.[૩]

આત્મચરિત્રમૂલક નવલકથા અને આત્મકથા બન્ને સ્વતંત્ર સ્વરૂપ છે. બંનેમાં લેખક પોતાનું જીવન પોતે જ આલેખે છે. એટલે કે લેખક અને નાયક એક હોય છે. બંનેના ઉદ્‌ભવનું પ્રેરક બળ આત્મ–આવિષ્કરણની ઝંખનામાં રહેલું છે. આથી બન્ને આત્મલક્ષી સાહિત્ય સ્વરૂપ છે. બન્ને પ્રથમ પુરુષ એકવચનમાં પોતાનું જીવન પુનઃનિરૂપે છે. બંને સત્ય, તથ્ય અને હકીકતની નક્કર વાસ્તવ શ્રદ્ધેય સૃષ્ટિનું આલેખન કરે છે. કહો કે આત્મચરિત્રમૂલક નવલકથામાં આત્મકથા અને નવલકથાના તત્ત્વોનું સુભગ મિલન હોય છે. આમ બન્ને વચ્ચે ગાઢ સંબંધ હોવાથી એકબીજામાં લાક્ષણિકતાઓ ભળી જાય છે.

આત્મકથા અને આત્મકથામૂલક નવલકથાની જીવન સામગ્રી લેખક પોતે જ હોવાથી હાથ અને હૈયા વગી હોય છે. બન્ને પોતાના જીવનની સમીક્ષા કરે છે. બન્ને પોતાની જાતને વફાદાર રહી પોતાનું જીવન આલેખે છે. આથી બંનેનું સ્થાન સાહિત્યમાં વિશિષ્ટ છે. આમ છતાં આત્મચરિત્રાત્મક નવલકથા સર્જકકર્મથી વિશિષ્ટ રીતે આલેખાય છે. આત્મકથાકારે પોતાના જીવન પ્રસંગોને યથાક્રમ વિગતવાર રજૂ કરવાના હોય છે. સમયની આનુપૂર્વીને ચુસ્ત રીતે વળગી રહેવું પડે છે. જયારે આત્મચરિત્રમૂલક નવલકથાકાર પોતે જ પોતાની આનુપૂર્વી ક્રમિકતા તોડી કે ઉલટાવી પોતાની પસંદગી મુજબ આલેખે છે. પોતાના અતીતના પ્રસંગોનું નવસર્જન કરે છે. દેશકાળના બંધનોથી અતિક્રમી કલાસૃષ્ટિનું નિર્માણ કરે છે. ભાતીગળ સૃષ્ટિ રચે છે. જરૂર પડે ત્યાં નવા અર્થઘટન અને સંભવ્યતા માટે અંકુશ રેખામાં કલ્પનાના ઘોડા દોડાવી શકે છે.

આત્મકથાકારે પોતાની જાતનું ચોક્કસાઈ કે પૃથ્થકરણ વૈજ્ઞાનિક ઢબે કરવાનું હોવાથી પ્રથમ વૈજ્ઞાનિક બનવું પડે છે. જયારે આત્મચરિત્રમૂલક નવલકથાકારે પ્રથમ કલાકાર બની નવસર્જન કરવાનું છે. તેથી તે પ્રથમ કલાકાર બની નવલ–દેહ સર્જે છે. આથી ભાવક આત્મકથાનું સત્ય અને નવલકથાનો આનંદ સંયુકત રીતે પામી શકે છે. આમ છતાં આત્મચરિત્રમૂલક નવલકથા આત્મકથા મટતી નથી.

આમ આત્મચરિત્રમૂલક નવલકથાકાર પોતાના જીવનના પ્રસંગો પસંદ કરી,

પોતાની કલ્પના વડે વાર્તા તંતુ વણી, પોતાના યુગનું વાતાવરણ સર્જે છે. પ્રાયઃ પોતાના જીવનની હકીકતોનું નવસર્જન કરી સંભાવ્ય સત્ય રજૂ કરતો હોય છે. તથ્યો અને હકીકત સાથે છૂટછાટ લેવા કલ્પનાનો આશ્રય લઈ નવલકથા સર્જે છે. આ પ્રકારની આત્મચરિત્રમૂલક નવલકથા ગુજરાતી સાહિત્યમાં પન્નાલાલ પટેલે 'જિંદગી સંજીવીની' આપી છે. તો બંગાળીમાં લેખિકા મૈત્રેયી દેવીએ 'ન હન્યતે' આત્મકથાત્મક નવલકથા આલેખી છે. આ નવલકથાઓ આત્મકથા સ્વરૂપની લાક્ષણિકતાઓને ઘ્યાનમાં રાખી આલેખી છે. તેમાં આનુપૂર્વી સર્જક ક્રમબદ્ધ ગોઠવતા નથી. પોતાની મરજી મુજબ ગોઠવે છે. પસંદ કરે છે. ખપપૂરતી કલ્પનાનો આશ્રય લઈ નવલકથાઓ સર્જી છે.

આમ આત્મચરિત્ર અને આત્મચરિત્રમૂલક નવલકથાના અભ્યાસના આધારે જીવનચરિત્રમૂલક નવલકથા અને આત્મચરિત્રનો નાતો સમજવાનો અહીં પ્રયત્ન કર્યો છે. જીવનચરિત્રમૂલક નવલકથા અને આત્મકથા બંને સ્વતંત્ર સ્વરૂપો છે. જીવનચરિત્રમૂલક નવલકથામાં લેખક અન્ય વ્યકિતવિશેષનું જીવન આલેખે છે. જયારે આત્મકથામાં લેખકે પોતે જ પોતાનું જીવન આલેખે છે. જીવનચરિત્રમૂલક નવલકથાનું પ્રેરક બળ વ્યકિતવિશેષનું જીવન છે. જયારે આત્મકથાનું પ્રેરક બળ આત્મ–આવિષ્કારની ઝંખના છે. આથી જીવનચરિત્રમૂલક નવલકથા પરલક્ષી સાહિત્ય સ્વરૂપ છે. જયારે આત્મકથા આત્મલક્ષી સાહિત્ય સ્વરૂપ છે. જીવનચરિત્રમૂલક નવલકથાકાર રચનારીતિની કોઈ પણ ટ્રેકનિક અજમાવી શકે છે. જયારે આત્મચરિત્રકાર પ્રથમ પુરૂષ એકવચનમાં જ આલેખન કરી શકે છે. આત્મકથામાં કથાનાયકના જન્મ અને મૃત્યુનું આલેખન થઈ શકતું નથી. જયારે જીવનચરિત્રમૂલક નવલકથામાં કથાનાયકનું સમગ્ર જીવન આલેખી શકાય છે.

જીવનચરિત્રમૂલક નવલકથાની કથા સામગ્રી અન્યનું જીવન હોવાથી સામગ્રી એકત્રિત કરવા અથાગ પરિશ્રમ કરવો પડે છે. જયારે આત્મકથામાં સર્જક પોતે જ પોતાનું જીવન આલેખે છે. એટલે સામગ્રી હાથ અને હૈયા વગી હોય છે. આ સામગ્રીને આત્મકથાકાર સમયની આનુપૂર્વીને ચુસ્તપણે વળગી આલેખે છે. જયારે જીવનચરિત્રમૂલક નવલકથાકાર આનુપૂર્વી ક્રમિકતા તોડી કે ઉલટાવી પોતાની પસંદગી મુજબ આલેખે છે. અતીતના પ્રસંગોનું નવસર્જન કરે છે. કલાસૃષ્ટિનું નિર્માણ કરે છે. નવું અર્થઘટન કરી અંકુશ રેખામાં કલ્પનાના

ઘોડા દોડાવી શકે છે. રોચક અને સર્જનાત્મક નવલસૃષ્ટિ ઘડી આપે છે.

૩. જીવનચરિત્રમૂલક નવલકથા અને ઐતિહાસિક નવલકથા

નવલકથાના જે પ્રચલિત પ્રકારો છે તેમાં ઐતિહાસિક નવલકથા એક નોંધપાત્ર પ્રકાર અને કંઈક અંશે અઘરો નવલકથા પ્રકાર છે. ઐતિહાસિક નવલકથામાં ઈતિહાસ અને વાર્તાનું સંયોજન કરીને સર્જન કરવામાં આવે છે. ઐતિહાસિક નવલકથાએ ઈતિહાસની જે યુગસ્થિતનું આલેખન કરવાનું હોય છે તેનું યથાતથ વાયુમંડળ રચી આપવાનો પ્રતીતિકર પ્રયત્ન કરવો પડે છે. એટલું જ નહીં તે જમાનાના લોકમાનસનું અને વિચારસંપત્તિનું વાસ્તવિક ચિત્ર આલેખવું પડે છે. ઐતિહાસિક નવલકથા પ્રજાજીવનમાં ભૂતકાળના વારસનું ગૌરવ પ્રદર્શિત કરી પ્રેરણા આપે છે. રાષ્ટ્રીય એકતા અને સંસ્કૃતિનો સમન્વય દર્શાવી શકે છે અને પુનરુત્થાન માટે પ્રેરણા આપે છે.

ચરિત્રાત્મક નવલકથાઓ, કૌટુંબિક જીવનની નવલકથાઓ અને ધાર્મિક નવલકથાઓ ઐતિહાસિક નવલકથાઓ જોડે એવી રીતે ભળી જાય છે કે એ બધી વચ્ચે સીમારેખા દોરવાનું કામ કપરું થઈ પડે છે. વાસ્તવપ્રિયતા, માનસશાસ્ત્ર અને સામાજિક સભાનતા એ અત્યારની ઐતિહાસિક નવલકથામાં પરિવર્તન આણનારાં તત્ત્વો છે. 'જે નવલકથા ચોકકસ ઐતિહાસિક યુગ, વ્યકિતઓ અથવા ઘટનાઓને વિશિષ્ટ રીતે આલેખી શકાય એવી રીતે નિરૂપે તે ઐતિહાસિક નવલકથા.' રોજર ડેટેલરે ઐતિહાસિક નવલકથાકાર પાસે આ પ્રમાણેની અપેક્ષા રાખે છે.''**The historical novelist must in the course of his reconstruction cover dress, housing, food, habits of speech, travel and the manner with which the generation earned its Living.”**[૪]

તેથી ઐતિહાસિક નવલકથાઓનો પ્રયત્ન તો ભૂતકાળનું **'rather a satisfying imaginative reconstruction '** જ કરવાનો હોઈ શકે.

ઈતિહાસ વાસ્તવિકતા અને નવલકથા કલ્પના સાથે સંકળાયેલી હોય છે. એટલે જ સંપૂર્ણ સચોટ ઐતિહાસિક નવલકથા ભાગ્યે જ સર્જી શકાય. ઐતિહાસિક નવલકથાકાર ઈતિહાસમાંથી પાત્રો, પ્રસંગો–ઘટનાઓ પસંદ કરે અને એની આસપાસ પોતાની કલ્પનાથી

વાર્તાનું તંતુ વણી દે છે. અને એ યુગનું વાતાવરણ સર્જે છે. આમાં સર્જક ઈતિહાસકારની રીતે કામ કરતો નથી પણ કલાકારની માફક કામ કરે છે.

ઐતિહાસિક નવલકથાને સાહસકથામાંથી સ્વતંત્ર સ્થાન યુરોપમાં ઓગણીસમી સદીમાં અને આપણે ત્યાં વીસમી સદીમાં મળ્યું. નવલકથાકારને માનવજીવન અને માનવ અનુભવમાં રસ છે અને ઈતિહાસ આ બન્નેથી ભરપૂર છે. વૉલ્ટર સ્કોટ ઐતિહાસિક નવલકથાનો પિતા ગણાય છે. સ્કોટે ઈતિહાસની હકીકતો અને વાર્તાની કલ્પના વચ્ચે સંવાદી યોગ સાધ્યો છે. માટે ઐતિહાસિક નવલકથાનું દષ્ટિબિંદુ સ્પષ્ટ કરતાં લખે છે. **Historical novel is not mere history; it is rather magnetized history in which every fact is quiveringly ten dank toward some focal pole of unity'**

કુંજ વિહારી મહેતા અને ડૉ.જયંત પટેલ ઐતિહાસિક નવલકથાના પાત્ર વિશે નોંધે છે કે. ''ઐતિહાસિક વ્યકિતઓના આલેખનમાં અનેક રીતો અપનાવવામાં આવે છે. ચરિત્રાત્મક આલેખનથી માંડી ભાવનાશીલ અને આદર્શ વીરપુરૂષ સુધીનાં અથવા ઠઠ્ઠાચિત્રો સુધીનાં પાત્રો દોરવામાં આવે છે. માનસશાસ્ત્રના અભ્યાસે આ પાત્રોનાં કાર્યને સમજવાની ચાવી પૂરી પાડે છે. આ રીતે પાત્રના બાહ્ય પૃથક્કરણ કરતાં વધારે સૂક્ષ્મ પૃથક્કરણ જાણવાનું મળે છે. પણ આવું પાત્રાલેખન પરલક્ષિતાથી જ થઈ શકે.''[૫]

ઐતિહાસિક નવલકથાકાર પોતે જે સમય પસંદ કરે તે સમયને સજીવન કરી બતાવવો પડે છે. તે સમયના પ્રજાજીવનને પ્રેરનારાં પરિબળો, સામાજિક, રાજકીય, પરિસ્થિતિ કેવી હતી અને પ્રજાજીવનનું ધ્યેય શું હતું તે રીતે મૂર્તમંત કરી બતાવવું પડે છે. વાતાવરણની સચ્ચાઈ, તત્કાલીન રૂઢિ, શ્રદ્ધા, વહેમ, આચારવિચાર વગેરેની સચ્ચાઈની મર્યાદાઓ તો તેણે સ્વીકારવી રહે જ છે; કદાચ, એ કાલ્પનિક પાત્ર સર્જે તો પણ એ પાત્ર ઈતિહાસના સમયને વફાદાર રહે છે. આ મર્યાદાને કારણે જ ઐતિહાસિક નવલકથા બીજી નવલકથાથી જુદી પડે છે. ઐતિહાસિક નવલકથાનો સર્જક ઈતિહાસના હાર્દમાં પેંસી તેના સૂક્ષ્મતલનું દર્શન કરાવે છે અને એમ કરવામાં એ ઈતિહાસકારથી જુદો પડે છે.

આથી રા.વિ.પાઠકે નોંધ્યું છે કે, ''ઐતિહાસિક નવલકથાકાર એ રીતે જે સમયની તે વાર્તા લખતો હોય તે સમયના વાતાવરણની વાસ્તવિક મર્યાદા સ્વીકારે છે અને તેની બહાર તે ન જઈ શકે. અલબત્ત ઈતિહાસકાર કરતાં તેને વધારે છૂટ છે, પણ તે છૂટને આ

વાતાવરણની મર્યાદા છે જ. નવલકથાકારે ગમે તેવા ફેરફાર કરતાં પણ એ વાતાવરણને વફાદાર રહેવું જોઈએ. એ વાતાવરણમાં જે બનાવો, જે સાધનો શકય હતાં તેનો જ તે ઉપયોગ કરી શકે, તે જ પ્રમાણે એ વાતાવરણમાં જે લોકમાનસ, જે માન્યતાઓ, જે રૂઢિઓ, જે વહેમો, જે શ્રદ્ધાબળો, જે રાગાદ્વેષો, વલણો વગેરે હતાં અને તે સર્વને લીધે કાર્યોની જે શકયતા અશકયતા હતી તેની મર્યાદામાં તેણે રહેવું જોઈએ.''[૬]

શ્રી મનસુખલાલ ઝવેરી ઐતિહાસિક નવલકથા અને ઈતિહાસ વચ્ચેનો તફાવત તારવી બતાવતાં લખે છે કે, ''સાહિત્યમાં ઐતિહાસિક નવલકથાઓનું સ્થાન એક રીતે વિશિષ્ટ છે. એ નવલકથા હોવા છતાં ઈતિહાસ મટતી નથી અને ઈતિહાસ હોવા છતાં નવલકથા મટતી નથી. એમાં ઈતિહાસની ક્રમબદ્ધ અને ઝીણવટભરી માહિતી નથી હોતી, પણ સાથે સાથે કલાસૃષ્ટિના નિરંકુશ કલ્પનાવિહારો પણ એમાં સંભવી શકતા નથી. તેમજ એમાં ઈતિહાસનું નિર્ભળે આલેખન હોય છે; અને છતાં સાથે સાથે કલાસૃષ્ટિનો નિરતિશય આનંદ પણ હોય છે. આમ ઐતિહાસિક નવલકથામાં ઈતિહાસની હકીકતો અને નવલકથાનો આનંદ સંયુકત થયાં હોય છે. ઈતિહાસ અને ઐતિહાસિક નવલકથાનું આલેખન ચિત્તના જુદા જુદા વ્યાપારોમાંથી થાય છે. ઈતિહાસ ભૂતકાળમાં બની ગયેલા પ્રસંગોને યથાક્રમ વિગતવાર રજૂ કરે છે. ઐતિહાસિક નવલકથા ભૂતકાળનું સર્જન કરે છે. ઈતિહાસ દેશકાલનાં બંધનોથી પર જઈ શકતો નથી; ઐતિહાસિક નવલકથા, એ બંધનો સ્વીકારતી હોવાં છતાં, સનાતન અને શાશ્વત કલાસૃષ્ટિનું નિર્માણ કરે છે. ઈતિહાસ અને ઐતિહાસિક નવલકથા, બન્નેમાં ચિત્તની સર્જક અને વૈજ્ઞાનિક બન્ને પ્રકારની શકિતઓનો વિનિયોગ થાય છે એ ખરું; પણ ઈતિહાસલેખક પહેલો વૈજ્ઞાનિક અને પછી કલાકાર હોય છે, ઐતિહાસિક નવલકથાનો લેખક પહેલાં કલાકાર અને પછી વૈજ્ઞાનિક હોય છે.''[૭]

ઐતિહાસિક નવલકથાના આધારે ઐતિહાસિક નવલકથાનાં લક્ષણો ટૂંકમાં આ પ્રમાણે આપી શકાય. ઈતિહાસનું સત્ય અને કળાનું સત્ય લઈને સર્જન કરવામાં આવે તેને ઐતિહાસિક નવલકથા કહેવાય છે. ઐતિહાસિક ઘટનાઓ અને પાત્રોમાં ફેરફાર, વધારા કે ઘટાડા કરવા પડે છે. વળી કાલ્પનિક ઘટનાઓ અને પાત્રો ઉમેરવાં પણ પડે છે. સર્જકે પસંદ કરેલ કથા માટે ઐતિહાસિક યુગનું વાતાવરણ ખડું કરવામાં આવે છે. કિલ્લાઓ, શસ્ત્રાશસ્ત્રો,

પહેરવેશ, ભોંયરાઓ, વહેમ અને અંધશ્રદ્ધા, હાથી, ઘોડા, સાંઢણી, ગાડાં વગેરેનો વાહન વહેવારમાં, ધનુર્વિદ્યા, મશાલો, બાજઠ વગેરે રાચરચીલાં, પાત્રોનું પ્રાચીન કે મધ્યકાલીન માનસ, પ્રણય, પરાક્રમ, સાહસિકતા, રાજખટપટ, સંગીત–નૃત્ય, ગાથાઓ, સમસ્યાઓ વગેરે રસપોષક તત્ત્વો ઉમેરવાં પડે છે. આ બધાં દ્વારા ઐતિહાસિક યુગનું વાતાવરણ ખડું કરવામાં આવે છે. આથી કવિવર રવીન્દ્રનાથ ટાગોર સાહિત્યના નવ રસ ઉપરાંત ઈતિહાસનો દસમો રસ કલ્પે છે, જે ઈતિહાસના સંગમથી નવલકથામાં જન્મ છે.

આમ ઐતિહાસિક નવલકથાના અભ્યાસથી જીવનચરિત્રમૂલક નવલકથા સાથેનો નાતો સ્પષ્ટ કરી શકાય છે. ઐતિહાસિક નવલકથાથી કંઈક વિભિન્ન સ્વરૂપે જીવનચરિત્રમૂલક નવલકથા મળે છે. ઐતિહાસિક નવલકથામાં મુખ્યત્વે ઐતિહાસિક વ્યકિત અને ઐતિહાસિક વાતાવરણ મહત્ત્વપૂર્ણ છે. જયારે જીવનચરિત્રમૂલક નવલકથામાં કોઈ વિશિષ્ટ વ્યકિત, લોકનાયક કે સાહિત્યકાર હોય છે. વ્યકિતના માધ્યમથી તેમના યુગની રેખાઓ સ્પષ્ટ કરવાનો લેખકનો આગ્રહ હોય છે. નાયકનું વ્યકિતત્વ મુખ્ય હોય છે. વ્યકિતને કેન્દ્રમાં રાખી તત્કાલીન ધાર્મિક, સામાજિક, ઐતિહાસિક, રાજનૈતિક, સાંસ્કૃતિક, વૈયકિત જીવનની પરિસ્થિતઓનું વર્ણન કરે છે. મુખ્ય વાત તો એ છે કે તે ઈતિહાસના શુષ્ક–નીરસ આંકડાઓ અને તથ્યથી ઉગારી રસકીય નિતાંત મૌલિક નવલકથાકૃતિ આપે છે.

ઐતિહાસિક નવલકથાકાર પ્રસંગ, ઘટના અને વ્યકિત તરફ પોતાની નજરે જોતો હોય છે અને તે પ્રમાણે જ તેમનાં ચિત્રો આલેખતો હોય છે અને તેમાં રંગો પૂરતો હોય છે. ઈતિહાસ જયાં મૌન ધારણ કરતો હોય ત્યાં પોતાની કલ્પના દ્વારા પહોંચી જઈને ઈતિહાસનાં મૂંગાં પાનાંને બોલતાં કરવાનો હોય છે. તો કયારેક ઈતિહાસકારે જેને યોગ્ય ન્યાય આપ્યો ન હોય, તેને ન્યાય મેળવી આપવાનો હોય છે. ઉપેક્ષિતોને તેમની સાચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરાવી દેવાની જવાબદારી નવલકથાએ પોતાને શિરે ઉપાડવાની હોય છે. ઐતિહાસિક સમયાવધિનું કે યુગધર્મનું ચિત્રણ કરવામાં આવે છે.

જીવનકથાત્મક નવલકથા એ એક સાચા માનવીનો અમુક સ્થળકાળમાં જીવી ગયેલા કે જીવતા માનવીનો ઈતિહાસ આલેખે છે. વ્યકિત જીવનના ઈતિહાસને નવલકથા સાથે કામ પાડવાનું હોય છે. એટલે ઐતિહાસિક નવલકથા ન બનતા જીવનકથામૂલક નવલકથા બનવી

ખૂબ જ જરૂરી છે. તો પ્રશ્ન ઉદ્‌ભવે કે ઐતિહાસિક નવલકથા અને જીવનકથામૂલક નવલકથાની ભેદકતા શું? બંનેમાં વ્યકિત, ઈતિહાસ અને કથા છે. તથ્ય, સત્ય, હકીકત અને વાસ્તવિકતા પણ છે. સાથો સાથ કલ્પના પણ નિહિત થયેલ છે. છતા ઐતિહાસિક નવલકથાની પશ્ચાદ્‌ભૂમાં રાજારજવાડાં, કાવાદાવા, દાવપેશ, અ , ઘોડો, હથિયાર, કુવા, ગુફાઓ, લડાઈ વગેરે દ્વારા ઐતિહાસિક વાતાવરણ ખડું થાય છે. જયારે જીવનકથાત્મક નવલકથામાં વ્યકિતના જીવનની જ પશ્ચાદ્‌ભૂનું આલેખન થાય છે. દરેક વ્યકિતનો ચોકકસ સમય, એમની માન્યતા, રિવાજ, કુટુંબ, આસપાસના વ્યકિત દ્વારા ઘડતર, સિદ્ધિઓ, પ્રદાન વગેરે દ્વારા વ્યકિતવિશેષનું નિરૂપણ કરવામાં આવે છે. આથી ઐતિહાસિક નવલકથાની જીવનચરિત્રમૂલક નવલકથા સાથે તુલના કરવી જરૂરી છે.

ઐતિહાસિક નવલકથામાં પણ કોઈ ઈતિહાસ–પ્રસિદ્ધ વ્યકિતને લઈ નવલકથાકાર નવલકથાની રચના કરે છે. એવી ઐતિહાસિક પાત્રપ્રધાન નવલકથાઓ આપણે ત્યાં ઘણી છે. ત્યારે એક પ્રશ્ન જરૂરી ઠે છે કે, ઐતિહાસિક નવલકથામાં કોઈ વિશિષ્ટ વ્યકિતને લઈ નવલકથાની રચના થાય છે, તો જીવનચરિત્રમૂલક નવલકથાથી કયાં અલગ પડે? ઐતિહાસિક નવલકથામાં નવલકથાકાર ઐતિહાસિક પાત્રો અને ઐતિહાસિક ઘટનાઓને લઈ નવલકથાની રચના કરે છે. કોઈ એક ઐતિહાસિક પાત્રને કેન્દ્રમાં રાખી ઐતિહાસિક નવલકથા લખે છે. પરંતુ જીવનકથા પરક નવલકથાકાર માટે ઐતિહાસિક નવલકથા કરતાં વિશાળ ક્ષેત્ર છે. એટલે બધાં જ વિશિષ્ટ ચરિત્રો લઈ રચના કરી શકે છે. જેમાં સામાજિક, રાજનીતિ, કલા, સાહિત્ય, વિજ્ઞાન, વ્યાપાર, આધ્યાત્મિક કે અન્યક્ષેત્રે જેમણે કોઈને કોઈ પ્રકારે વિશિષ્ટ યોગદાન કર્યું હોય, એનું વ્યકિતત્વ પ્રખ્યાત હોય એવા મહાન કે પ્રખ્યાત ચરિત્રના જીવનની કોઈ અપ્રગટ વિશેષતાઓને કલાત્મક રીતે આલેખી, ભાવકને આનંદની સાથે ચરિત્રોના ગુણાવગુણોનું દર્શન કરાવે છે. કોઈને કોઈ જીવનસંદેશ અવશ્ય આપી જાય છે.

જીવનવૃત્તાંતમૂલક નવલકથા વ્યકિતના ઈતિહાસ સાથે રસાનુભૂતિ પણ કરાવે છે. ત્યાં આપણે વ્યકિતનો સાક્ષાત્ સંપર્ક પામીએ છીએ. આવી નવલકૃતિ આનંદ આપવા ઉપરાંત ઈતિહાસના માપદંડોને પણ સાચવે છે. એક સાથે ઈતિહાસકાર અને સાહિત્યકારની બેવડી ભૂમિકા અદા કરે છે. એ બંનેનું વિવેકપૂર્વકનું રાસાયણિક સંયોજન સર્જક આંતરિક

કલાસૂઝથી પ્રકટ કરે છે. તેમાં મનોમંથનો, સંવેદનો અને અનુભૂતિઓનું બારીક વર્ણનથી સપ્રમાણ, સાવયવ એક મનુષ્ય જીવંત બને છે. આવી કૃતિઓ 'ઈતિહાસ' સાથે નવલકથાના આનંદનો અનુભવ કરાવે છે. વ્યકિત જીવનના ઈતિહાસને અકબંધ જાળવી નવલકૃતિ નીવડે એ જરૂરી છે. આમ અહીં શાસ્ત્ર અને કલા એકબીજાની સાથે અડોઅડ ઊભાં છે. અહીં નવલકથાને વ્યકિત જીવનનો ઈતિહાસ બાધક ન નીવડતાં પરસ્પર પોષક નીવડે છે.

ઐતિહાસિક નવલકથામાં ઈતિહાસ હોય છે. ઈતિહાસનું વિશાળ ફલક, અનેક વ્યકિતઓ, અનેક વંશો અને અનેક સૈકાઓની કથા હોય છે. પસંદ કરેલા ઈતિહાસની સમયાવધિની સામાજિક, ધાર્મિક અને રાજકીય પ્રવૃત્તિઓનું વર્ણન કરે છે. ઐતિહાસિક સમયાવધિનું કે યુગધર્મનું ચિત્રણ હોય છે. જયારે જીવનચરિત્રાત્મક નવલમાં વ્યકિતનો સમય અને તે સમયની લોકસ્થિતિને પ્રાધાન્ય આપી, નાયકત્વ સિદ્ધ કરવાનું હોય છે.

ઐતિહાસિક નવલકથામાં ઈતિહાસમૂલક વ્યકિતનું જીવન, અનેકાધિક વ્યકિત પાત્રો, પ્રજા, રાષ્ટ્ર, રાજવંશ, સાધનસામગ્રી, સંસ્કૃતિ ઘડતર, ઘટનાઓ અને કાર્યકારણમાં રસ અને વિશાળ ફલક હોય છે જયારે જીવનચરિત્રમૂલક નવલકથામાં વ્યકિતવિશેષના જીવનની યથાર્થ સામગ્રી, સાચા નામઠામ, નાયક સંબંધિત વ્યકિતઓ, સમકાલીન સાંસ્કૃતિક સંદર્ભો, ચરિત્રનાયકના બહિર્ અને આંતરિક જીવનમાં રસ, જીવતાં કે જીવી ચૂકેલાં વ્યકિતવિશેષને નાયકપદ, અને મર્યાદિત ફલક હોય છે. બન્નેમાં સામગ્રીની શોધ, સત્ય, હકીકતો, ચોકસાઈ, સ્થળકાળનું બંધન, ચકાસણીનો પરિશ્રમ વગેરેમાં સમાન છે.

ઐતિહાસિક નવલકથાથી કંઈક અલગ રૂપ જીવનચરિત્રાત્મક નવલકથાનું છે. ફરક એટલો જ છે કે, ઐતિહાસિક નવલકથાનાં યુગનિર્માણમાં મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક વ્યકિત છે. જયારે જીવનચરિત્રમૂલક નવલકથામાં યુગના કોઈ વિશિષ્ટ પુરુષ, લોકનાયક કે સાહિત્યકારના માધ્યમથી યુગની રેખાઓ સ્પષ્ટ થાય છે. આ યુગની સીમાઓ વચ્ચે નાયકનો ઉછેર, સંઘર્ષ, મથામણો અને સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, રાષ્ટ્રીય, સાહિત્યિક, રાજનૈતિક, ઐતિહાસિક યોગદાન વિશે મૌલિક મત પ્રસ્તુત કરે છે. આથી જીવનચરિત્રાત્મક નવલકથાનું મહત્ત્વ સહજ વધી જાય છે. યુગ નાયકનાં ચરિત્ર–ચિત્રણથી ધાર્મિક, સામાજિક, ઐતિહાસિક તથા રાજનૈતિક સ્થિતિ સ્પષ્ટ થાય છે. ઈતિહાસના શુષ્ક–નીરસ આંકડાઓ અને તથ્યોથી બચી

મૌલિક રંગોના આધારે નિતાંત નવલકૃતિ સર્જે છે.

૪. જીવનચરિત્રમૂલક નવલકથા અને આત્મચરિત્રમૂલક નવલકથા

જીવનચરિત્રમૂલક નવલકથા અને આત્મચરિત્રમૂલક નવલકથા એક જ ગોત્ર સંબંધ ધરાવતું સાહિત્ય સ્વરૂપ છે. બંનેમાં જીવનકથા અને નવલકથા તથા આત્મકથા અને નવલકથાનો સમન્વય છે. બંને જીવનચરિત્ર, આત્મચરિત્ર અને ઈતિહાસ સાથે સંબંધ ધરાવે છે. જીવનચરિત્રમૂલક નવલકથાનો લેખક કોઈ વ્યકિતવિશેષ કે પ્રસિદ્ધ વ્યકિતના જીવન વિશે નવલકથા આલેખતો હોય છે. એટલે કે અન્ય વ્યકિતવિશેષનું જીવનવૃત્ત હોય છે. આથી અન્યના જીવનની સામગ્રી માટે અથાગ પરિશ્રમ કરવો પડે છે. એટલે સામગ્રીને વફાદાર રહેવું પડે છે. જયારે આત્મચરિત્રમૂલક નવલકથાનો લેખક પોતે જ પોતાનું જીવનવૃત્ત આલેખતો હોય છે. લેખક પોતે જ નવલકથાનું મુખ્યપાત્ર હોય છે. આથી જીવન સામગ્રી પોતાના હાથ અને હૈયા વગી હોય છે. એટલે પોતાની જાતને વફાદાર રહેવું પડે છે. નર્મદના જીવન પર લખાયેલ 'એક ટુકડો આકાશનો' જીવનચરિત્રાત્મક નવલકથા છે. જયારે પન્નાલાલ પટેલે પોતાના જીવન વિશે 'જિંદગી સંજીવીની' આત્મચરિત્રાત્મક નવલકથા આપી છે.

જીવનચરિત્રાત્મક નવલકથાકારે બીજી વ્યકિતના જીવનની સામગ્રી પર આધાર રાખવો પડે છે. એટલે પ્રેરણાસ્ત્રોત અન્યનું જીવન બને છે. પ્રેરકબળ વ્યકિતવિશેષનું વ્યકિતત્વ બને છે. આથી પરલક્ષી સાહિત્ય સ્વરૂપ છે. જયારે આત્મચરિત્રાત્મક નવલકથાકારે અન્ય પર આધાર રાખવો પડતો નથી. એટલે પ્રેરણાસ્ત્રોત પોતનું જીવન બને છે. પ્રેરકબળ આત્મ–આવિષ્કરણની ઝંખનામાં રહેલું છે. આથી આત્મલક્ષી સાહિત્ય સ્વરૂપ છે. આત્મચરિત્રમૂલક નવલકથા લેખકની એક જ હોય શકે. પન્નાલાલ પટેલે પોતાના જીવન વિશે 'જિંદગી સંજીવીની' અને બંગાળીમાં લેખિકા મૈત્રેયી દેવીએ 'ન હન્યતે' આત્મચરિત્રાત્મક નવલકથાઓ આપી છે. જયારે જીવનચરિત્રમૂલક નવલકથા વ્યકિતવિશેષની એકથી વધારે પણ હોય શકે છે. એક જ વ્યકિત ઉપર જુદા જુદા લેખકે લખ્યું હોય એવું બને છે. ઉદા. તરીકે ચીમનભાઈ પટેલના જીવન પર માધવ રામાનુજે 'સૂર્યપુરુષ' અને પ્રસાદ બ્રહ્મભટ્ટે 'રાજપુરુષ' જીવનચરિત્રમૂલક નવલકથા આપી છે. હિન્દી સાહિત્યમાં 'હલ્દીઘાટી કા યોધ્ધા' સુશીલ કુમારે,

'ચેતક ઘોડે કા સવાર' શ્યામસુંદર ભટ્ટે, અને 'આંધી કી નીવે', રાંગેય રાઘવે મહારાણા પ્રતાપના જીવન પર આધારિત જીવની પરક નવલકથાઓ આપી છે.

જીવનચરિત્રમૂલક અને આત્મચરિત્રમૂલક નવલકથાકાર વ્યક્તિગત જીવનની સમીક્ષા કરે છે. આથી બંનેનું સ્થાન સાહિત્યમાં વિશિષ્ટ છે. બંને નવલકથામાં એનો સર્જક હકીકતોના નવ સર્જન દ્વારા સંભાવ્ય સત્યને રજૂ કરતો હોય છે, નવા અર્થઘટન પૂરતી કલ્પના માટે તથ્યો સાથે થોડીક છૂટછાટ લેઈ જીવનપ્રસંગોને પોતાની પસંદગી મુજબ આલેખે છે. અતીતના પ્રસંગોનું નવસર્જન કરે છે. ભાતીગળ કલાસૃષ્ટિ રચે છે.

ાા સંદર્ભ નોંધ ાા

૧. ગંધાક્ષત, અનંતરાય રાવળ, ૧૯૪૯, મુંબઈ–૨, એન. એમ. ત્રિપાઠી લિ. પૃ.૫, ૬.

૨. **Aspects of Biography-p.98**

૩. ગુજરાતી વિશ્વ કોશ ખંડ–૧, મુખ્ય સંપા. ડૉ. ધીરૂભાઈ ઠાકર, અમદાવાદ, વિશ્વકોશ પ્ર.આ.૧૯૮૯, ૦૧, પૃ.૮૩૭.

૪. **The plain man and the Novel , Rojas detailer, p.47**

૫. સાહિત્ય સ્વરૂપો, કુંજવિહારી મહેતા, જયંત પટેલ, સુરત, પૉપ્યુલર પ્રકાશન, તૃ.આ.૧૯૭૪,પૃ.૪૩.

૬. આલોચના, રા.વિ.પાઠક, અમદાવાદ, ભારતીય સાહિત્ય સંઘ, ૧૯૪૪, પૃ.૧૭૨.

૭. પર્યેષણા, મનસુખલાલ ઝવેરી, ઐતિહાસિક નવલકથા, ૧૯૫૩, પૃ.૩૫–૩૬.

પ્રકરણ–૭

ગુજરાતી સાહિત્યની

જીવનચરિત્રમૂલક નવલકથાઓ

ગુજરાતી જીવનચરિત્રમૂલક નવલકથાઓ

૧. પ્રેમભક્ત કવિ જયદેવ, બાલાભાઈ વીરચંદ દેસાઈ, (કવિ જયદેવ), ૧૯૪૫.

૨. બાલાજોગણ રમણલાલ વસંતરાય દેસાઈ, (મીરાં), ૧૯૫૨.

૩. મૃત્યુ મરી ગયું, ઉષા શેઠ, (નીતા), ૧૯૭૯.

૪. ગાંઠ છુટયાની વેળા, વર્ષા અડાલજા, (ચુનીલાલ મહારાજ), ૧૯૮૦.

૫. પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા, પન્નાલાલ પટેલ, (નરસિંહ મહેતા), ૧૯૮૩.

૬. જેણે જીવી જાણ્યું, પન્નાલાલ પટેલ, (રવિશંકર મહારાજ), ૧૯૮૪.

૭. એક ટુકડો આકાશનો, દિનકર જોષી (નર્મદ), ૧૯૮૪.

૮. મીરાંની રહી મહેક, દિલીપ રાણપુરા, (સવિતા રાણપુરા), ૧૯૮૫.

૯. પ્રકાશનો પડછાયો, દિનકર જોષી, (હરિલાલ ગાંધી), ૧૯૮૮.

૧૦. પિંજરની આરપાર, માધવ રામાનુજ, (રૂબિન ડેવિડ), ૧૯૯૦.

૧૧. સૂર્યપુરુષ ખંડ–૧, માધવ રામાનુજ, (ચીમનભાઈ પટેલ), ૧૯૯૭.

૧૨. સૂર્યપુરુષ ખંડ–૨, માધવ રામાનુજ, (ચીમનભાઈ પટેલ), ૧૯૯૯.

૧૩. આઠમો રંગ, હિમાંશી શેલત, (અમૃતા શેરગિલ), ૨૦૦૧.

૧૪. પ્રતિનાયક, દિનકર જોષી, (મહમદઅલી ઝીણા), ૨૦૦૨.

૧૫. અ–મૃતપંથનો યાત્રી, દિનકર જોષી, (રવીન્દ્રનાથ ટાગોર), ૨૦૦૩.

૧૬. રાજપુરુષ, પ્રસાદ બ્રહ્મભટ્ટ, (ચીમનભાઈપટેલ), ૨૦૦૩.

૧૭. સિંહપુરુષ, શરદ ઠાકર, (વીર સાવરકર), ૨૦૦૮.

૧૮. સાવિત્રી, દક્ષા દામોદરા, (સાવિત્રીબાઈ ફૂલે), ૨૦૦૮.

૧૯. પ્રશ્ન પ્રદેશની પેલે પાર, દિનકર જોષી, (ગૌતમ બુદ્ધ), ૨૦૦૮.

।। પ્રકરણ–૭ ।।

।। ગુજરાતી સાહિત્યની જીવનચરિત્રમૂલક નવલકથાઓ ।।

ગુજરાતી સાહિત્યની જીવનચરિત્રમૂલક નવલકથાની વિકાસરેખા પ્રકરણ બીજામાં આપી છે. જેમાં કવિ જયદેવના જીવન પર જયભિખ્ખુએ ૧૯૪૫માં 'પ્રેમભકત કવિ જયદેવ' નવલકથા આપી છે. ત્યાર બાદ મીરાંના જીવન પર રમણલાલ દેસાઈએ ૧૯૫૨માં 'બાલાજોગણ' જીવનચરિત્રમૂલક નવલકથા આપી છે. આ પછી અઢી દાયકા સુધી આ પ્રકારની નવલકથાનું સર્જન થયું નહીં. પણ ૧૯૭૯માં ઉષા શેઠે પોતાની વહાલસોઈ દીકરી નીતાના જીવન પર 'મૃત્યુ મરી ગયું' નવલકથા આલેખી છે. વર્ષા અડાલજાએ ૧૯૮૦માં 'ગાંઠ છુટયાની વેળા' નવલકથામાં ચુનીલાલ મહારાજનું જીવનકાર્ય આલેખ્યું છે. તો પન્નાલાલ પટેલે બે વર્ષમાં બે ચરિત્રરૂપ નવલકથાઓ આપી છે. 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા' ૧૯૮૩માં અને 'જેણે જીવી જાણ્યું' ૧૯૮૪માં જીવનચરિત્રાત્મક નવલકથાઓ આપી છે. અનુક્રમે નરસિંહ મહેતા અને રવિશંકર મહારાજના જીવનને કેન્દ્રમાં રાખી આલેખી છે.

જીવનચરિત્રમૂલક નવલકથાના સ્વરૂપને વફાદાર રહી દિનકર જોષી ૧૯૮૫માં 'એક ટુકડો આકશનો' નર્મદના જીવન પર આલેખે છે. દિલીપ રાણપુરાએ ૧૯૮૫માં પોતાની પત્ની સવિતાના જીવનની સ્વાનુભવમૂલક જીવનચરિત્રાત્મક નવલકથા 'મીરાંની રહી મહેક' આપી છે. દિનકર જોષીએ ૧૯૮૮માં આ પ્રકારની બીજી નવલકથા 'પ્રકાશનો પડછાયો' આપી છે. જેમાં ગાંધીજીનાં જયેષ્ઠ પુત્ર હરિલાલના જીવનને કેન્દ્રમાં રાખી એક યશસ્વી જીવન–ચરિત્રમૂલક નવલકથા આપી છે.

જીવનચરિત્રમૂલક નવલકથા હવે સ્થાન અને માનની દષ્ટિએ સ્થિર થઈ છે. કવિ અને નવલકથાકાર માધવ રામાનુજે ૧૯૯૦માં 'પિંજરની આરપાર' રૂબિન ડેવિડના જીવન કાર્યને કેન્દ્રમાં રાખી નવલકથા આલેખી છે. તો બીજી નવલકથા 'સૂર્યપુરુષ' ખંડ–૧/૨'માં રાજનેતા ચીમનભાઈના જીવનને આલેખે છે. ચિત્રકાર અમૃતા શેરગિલના જીવનને આલેખતી

નવલકથા 'આઠમો રંગ' હિમાંશી શેલતે ૨૦૦૧માં આપી છે. દિનકર જોષીએ ૨૦૦૨માં 'પ્રતિનાયક' અને ૨૦૦૩માં 'અ–મૃત પંથનો યાત્રી' જીવનકથાત્મક નવલકથાઓ આપી છે. જેમાં મહમદઅલી ઝીણા અને રવીન્દ્રનાથનું જીવન આલેખવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના જીવનકાર્યને આલેખતી 'રાજપુરુષ' નવલકથા પ્રસાદ બ્રહ્મભટ્ટે ૨૦૦૩માં આપી છે. ૨૦૦૮ના વર્ષમાં ત્રણ જીવનચરિત્રમૂલક નવલકથાઓ મળી છે. ડૉ.શરદ ઠાકરે વીર સાવરકરના જીવન પર 'સિંહપુરુષ', દક્ષા દામોદરાએ સાવિત્રીબાઈ ફૂલેના જીવનકાર્ય પર 'સાવિત્રી' અને દિનકર જોષીએ ગૌતમ બુદ્ધના જીવન પર 'પ્રશ્ન પ્રદેશને પેલે પાર' જીવનચરિત્રમૂલક નવલકથાઓ આપી છે. આમ શોધકાર્ય દરમ્યાન ઓગણીસ જીવનચરિત્ર–મૂલક નવલકથાઓ મળી છે.

ગુજરાતીમાં અનુવાદિત જીવનચરિત્રમૂલક નવલકથાઓને પણ અભ્યાસનો વિષય બનાવી છે. જેમાં અરવિન્ગ સ્ટોને ૧૯૩૪માં અંગ્રેજીમાં અમર ચિતારા વિન્સેન્ટ વાન ગૉગના જીવન પર **'Lust For Life'** બાયોગ્રાફિકલ નૉવેલ આપી છે. જેનો ગુજરાતીમાં અનુવાદ વિનોદ મેઘાણીએ ૧૯૯૪માં 'સળગતાં સૂરજમુખી' નામે કર્યો છે. તો મરાઠી ભાષામાં વિશ્વાસ પાટીલે સુભાષચંદ્ર બોઝના જીવન પર 'મહાનાયક' અને મૃણાલિની જોશીએ શહીદ ભગતસિંહના જીવન પર 'ઈન્કિલાબ' જીવનચરિત્રાત્મક નવલકથાઓ આપી છે. જેનો અનુવાદ અનુક્રમે પ્રતિભા દવે અને કેયૂર કોટકે કર્યો છે. આ બધી જીવનચરિત્રમૂલક નવલકથાઓને વિષયવસ્તુને ધ્યાનમાં રાખી કૃતિલક્ષી અભિગમથી મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. વ્યકિતલક્ષી સૌન્દર્ય અને રસકીય તત્ત્વને પામવાનો તથા મૂલવવાનો ઉપક્રમ રાખ્યો છે. આ નવલકથાઓનું સાલવારી મુજબ વિવેચનાત્મક અધ્યયન કર્યુ઼ં છે.

આમ જીવનચરિત્રમૂલક નવલકથાનો અભ્યાસ કરતા નવલકથાના ઘટકતત્ત્વો, વસ્તુસંકલના કે રચનારીતિ તપાસવાનું બન્યું છે. આ ઉપરાંત વિવિધક્ષેત્રની તેજસ્વી વ્યકિતઓના જીવનની સ્થૂળ ઘટનાઓ અને તવારીખ જાણવાને બદલે એ કથાપાત્રના અંતરંગ જગતમાં પ્રવેશ કર્યાં અનેરો આનંદ છે. જયારે સર્જક અનેક શબ્દોમાંથી કોઈ એક શબ્દને પસંદ કરે છે. ત્યારે એ શબ્દની કિંમત તો વધે જ છે. પણ તેની સાથે એ શબ્દ પણ ધન્ય બને છે. એ રીતે સર્જક નવલકથાના કથાનાયક અને તેના જીવનવિષયક દષ્ટિકોણને પસંદ કરે છે. ત્યારે

સર્જકની પસંદગી પણ દાદ માંગે એવી જણાય છે.

જીવનચરિત્રમૂલક નવલકથાઓને પ્રથમ તો હું ભાવક તરીકે વાચી ગયો છું. આ પછી સમયની દષ્ટિએ યાદી બનાવી મૂકી આપી છે. હવે ગુજરાતી સાહિત્યની પ્રચલિત વિવેચન પધ્ધતિથી મૂલવી આપી છે. તેમાં મને જે નૂતન અભિગમો પ્રાપ્ત થાય છે તેને રજૂ કરું છું. આનંદ અનુભવું છું.

।। ૧. 'પ્રેમભકત કવિ જયદેવ'–જયભિખ્ખુ, ૧૯૪૫ ।।

સંસ્કૃત સાહિત્યનું જગપ્રસિદ્ધ બેનમૂન શૃંગારકાવ્ય એટલે ગીતગોવિંદ. આ કાવ્ય રચનાએ કવિ જયદેવને બારમી શતાબ્દીમાં મહાકવિનું બિરૂદ આપ્યું હતું. આવા અજોડ ભકિત શૃંગારરસથી છલકાતાં કાવ્યના રચિયતા મહાકવિ જયદેવ છે. સંસ્કૃત ભાષાના સુવિખ્યાત કવિ જયદેવ હતા. ગૌડેશ્વરે 'કવિરાજરાજ'ની પદવી આપી હતી અને વલ્લભ સંપ્રદાયમાં આચાર્ય તરીકેનું સ્થાન મળ્યું હતું. વૈષ્ણવ સંપ્રદાયના ઉલ્લેખો અનુસાર તેમનો જન્મ બંગાળના વીરભૂમ જિલ્લાના કિન્દુબિલ્વ(કેન્દુલી)માં થયેલો. ચૈતન્ય સંપ્રદાય જયદેવના 'ગીતગોવિંદ' કાવ્યને મધુરા ભકિતનો રસસ્રોત માને છે. મધુરા ભકિતનું ઉત્કટ રસભર કાવ્ય છે. એમાં શ્રીકૃષ્ણ અને રાધાના નિર્મળ પ્રેમનું મનોહરી નિરૂપણ છે.

'ગીતગોવિંદ' કાવ્યના રચિયતા શ્રી જયદેવના જીવન પર જયભિખ્ખુએ ૧૯૪૫માં 'પ્રેમભકત કવિ જયદેવ' નવલકથા આપી છે. જયભિખ્ખુ 'પ્રસ્તાવના'માં નોંધે છે કે, ''ગીત ગોવિંદના કર્તા જયદેવ તે બારમી શતાબ્દીના, પ્રસિદ્ધ સેનવંશીય, વંગદેશાધિપતિ, મહારાજ લક્ષ્મણસેનની કવિસભાના એક રત્ન. એ જ કાળ શહાબુદ્દીન ઘોરીના આગમનનો, રાય પિથોરા ને જયચંદ્ર રાઠોડના સર્વનાશનો. બૌદ્ધધર્મે ભારતવર્ષમાંથી એ વેળા જ વિદાય લીધી. બૌદ્ધધર્મના પ્રાણભૂત અહિંસાતત્ત્વની દીવાલ પર એ જ વખતે વૈષ્ણવધર્મ ખડો થયો. આ સર્વ દેશકાળને પરખી, કોઈ ખંડિત કલેવરોમાંથી નવી ઈમારત સર્જે એમ મેં મહાકવિનો જીવનપ્રાસાદ ચણ્યો છે. અનાધાર કોઈ રચના નથી. તેમ કોઈ એક ગ્રંથનો જ એને આધાર છે, એમ પણ નથી. લેખકે પોતાની વિવેક શકિતને આમાં જરૂર વણાવા દીધી છે. ભકિતશૃંગારના ગાયક મહાકવિ જયદેવજીના ચરિત્રને ન્યાય આપવા માટે મેં પણ મારી કલમને શૃંગારરસથી સવિશેષ તરબોળ રાખી છે. કેટલેક ઠેકાણે ઉત્કટ શૃંગાર દાખવ્યો છે, પણ એ પાછળ મારું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ છે.''[1]

ધીરૂભાઈ ઠાકર નોંધે છે કે, ''જયભિખ્ખુએ લખેલી 'વિક્રમાદિત્ય હેમુ', 'ભાગ્ય નિર્માણ', 'દિલ્હીશ્વર' વગેરે ઐતિહાસિક નવલકથાઓમાં વખાણાયેલી 'પ્રેમભકત કવિ જયદેવ' છે. વૈષ્ણવ સંપ્રદાયને બાધક ન નીવડે અને પ્રેમલક્ષણા ભકિતને પૂરો ન્યાય મળે

એ દૃષ્ટિએ એમણે કવિ જયદેવનું પાત્રાલેખન કર્યું છે. જયદેવ અને પદ્માના પ્રેમનું તેમાં કરેલું નિરૂપણ તેમની સર્જનશકિતના વિશિષ્ટ ઉન્મેષરૂપ છે.''[૨]

કવિ જયદેવનાં જીવન પર આધારિત નવલકથા 'પ્રેમભકત કવિ જયદેવ' ત્રેવીસ પ્રકરણમાં આલેખાયેલ છે. તેમાં મહાકવિ જયદેવનું ચરિત્ર અસલ નામઠામ સાથે આવે છે. લેખકે અન્ય ગ્રંથોનો આધાર લઈને સર્જન કર્યું છે. કથાનાયકના સમયનું વાતાવરણ અને માનવસંઘર્ષ નિરૂપાયો છે.જયદેવ અને પદ્માનો પ્રેમ, મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ અને સર્જનાત્મકતા આદિ લાક્ષણિકતાઓ નવલકથામાં જોવા મળી છે. કવિ જયદેવનું જીવન નવલકથામાં આલેખાયું હોવાથી અભ્યાસનું ક્ષેત્ર બની છે.

આ નવલકથા વસ્તુસામગ્રીની દૃષ્ટિએ જોઈએ તો ચરિત્રમૂલક ઐતિહાસિક નવલકથા છે. સાતથી બાર પ્રકરણ સુધીની સામગ્રી ઐતિહાસિક રાજરજવાડા, યુદ્ધ અને ધર્મની આવે છે. જયારે બાકીના પ્રકરણોમાં જયદેવના ચરિત્રને ઉઠાવ આપ્યો છે. જયદેવના જન્મનો ભૂતકાળથી છેક ગંગાજીના પ્રવાહમાં વહી ગયા ત્યાં સુધીની કથા જયદેવ અને પદ્માવતીની આવે છે. એ દૃષ્ટિએ જીવનચરિત્રમૂલક નવલકથા બની છે. આથી સામગ્રી કે વિષયવસ્તુગત રીતે ઐતિહાસિક ચરિત્રમૂલક નવલકથા કહી શકાય. પણ હજી સંપૂર્ણ જીવનચરિત્રમૂલક નવલકથા મળી નથી. પણ એનો અણસાર આ નવલકથામાંથી મળી રહે છે.

નવલકથાનો ઉઘાડ સંધ્યાના પ્રાકૃતિક વાતાવરણમાં થયો છે. વર્ણનાત્મક સંસ્કૃત શૈલી અને કુતૂહલ પ્રેરક રીતે થયો છે. જગન્નાથપુરીના મહામંદિરના વૃદ્ધ પુજારી વિષ્ણુદાસ બાર વર્ષ પહેલાંના ભૂતકાળને વાગોળતાં કહે છે કે, 'અહીં એક અજાણ્યો અતિથિ આવ્યો હતો. જેને સર્પદંશ થતાં મૃત્યુ પામ્યો. આથી એની પત્ની એમની પાછળ સતી થઈ ગઈ.' આ દંપતિ પોતાની બાળકી પુજારીને સોપી જાય છે. પુજારીએ એનું નામ પદ્માવતી રાખ્યું. પુજારીએ પાલિતા પુત્રીને માતાના હેતથી અને શિક્ષકના સ્નેહથી ભણાવી, સંગીત અને નૃત્યુની અદ્‌ભૂત છટાઓ આપી હતી. આજે બાર વર્ષ બાદ શરદપૂર્ણિમાની રાત્રે દેવનો દીધેલો અજાણ્યો અતિથિ જગન્નાથપુરીના મહા મંદિરમાં આવે છે. આ ઓછાબોલા અતિથિને પૂજારી વિષ્ણુદાસે મહામંદિરના ખૂણેખૂણાની માહિતી આપી. આ મહામંદિરની ઐશ્વર્યવંતી નૃત્યરાણી પદ્માની દેહમાધુરી અને કાવ્યમાધુરી આ યુવાનના ચિત્તને હરી લેઈ છે. યુવાનનું દિલ પૂજામાંથી

પ્રેમસાગર ભણી ઊલટવા લાગ્યું. અજાણ્યો અતિથિ જયદેવ પદ્મા આગળ પોતાનો ભૂતકાળ કહેતા પોતાનું ગામ કેંદુલિ અને અજયનદ નામની પવિત્ર તટ પર રાધા પ્રેમલક્ષણા ભકિતના ઉપાસકોનો આશ્રમ છે, એવું જણાવે છે.

આથી જગન્નાથપુરીમાં ચર્ચા થતી હતી કે મહાપૂજારી વિષ્ણુદાસજીને ત્યાં કોઈ છદ્મવેશી આવી અપૂર્વ સૌંદર્યભંડાર જેવી પદ્માવતી સાથે પ્રણય સાધી રહ્યો છે. એવી લોકવાયકાઓ ફેલાઈ છે. એ ન્યાય મેળવવા રથ ઉત્સવના દિવસે પંડિત પંચ અનેક પ્રશ્નો ઊઠાવે છે. જયદેવ બંસી વગાડતાં વગાડતાં જગદીશને પ્રાર્થના કરે છે. ત્યારે આકાશવાણીરૂપે પ્રત્યુત્તર સંભળાઈ છે. આ ઘટના પછી મહામંદિર છોડી જયદેવ અને પદ્માવતી કેન્દુબિલ્વ ગામના આશ્રમે આવે છે. આશ્રમમાં કાશીયાત્રા અંગે ગામલોકો સાથે વિવાદ થતાં ગંગાસ્તૃતિ કરતાં અજયાનદીમાં ગંગાની પધરામણી થાય છે.

વિક્રમપુરમાં કૃષ્ણ જન્મોત્સવ અને કવિસભાના દિવસે ભારતવર્ષના સુપ્રસિદ્ધ કવિઓ અને પંડિતો આવ્યાં હતા. કવિરાજ ધોયીનું ‘પવનદૂત’ સાંભળી સૌ આનંદ પામે છે. આથી ગૌડેશ્વર મહારાજ આચાર્યદેવ જયદેવને ભકિતશૃંગારના આગાર સમા કોઈ રસભર્યા કાવ્યની રચના કરવાનું આહ્‌વાન કરે છે. એટલે લક્ષ્મણસેન મહારાજના રાજદરબારમાં ભારતવર્ષના એક છેડેથી બીજા છેડા સુધી ગવાતું જગતનું બેનમૂન ભકિત શૃંગારકાવ્ય ‘ગીતગોવિંદ’ રચાયું. પણ ગોવર્ધન શર્મા ‘ગીતગોંવિદ’ રાજા સાત્ત્વિકરાયની મૌલિક રચના ગણે છે. અને જયદેવે તો એની ચોરી કરી છે. એવો આક્ષેપ કરે છે. એ ન્યાય ગૌડેશ્વર અને પંડિતો તોળી શકતા નથી. આથી મહામંદિરમાં ભગવાનના ચરણે બન્ને ગ્રંથોનો અસલ અને નકલનો ભેદ પારખવા મૂકવામાં આવે છે. એમાં ભગવાનના ચરણે જયદેવનો ગ્રંથ જતાં ન્યાયપ્રિય બને છે.

વિક્રમપુરમાં પદ્માની સખીઓ અને રાજાજીની પત્ની જયદેવ સમુદ્રમાં ડૂબી મરી ગયો એવા મશ્કેરીભર્યા સમાચાર આપતાં જ પદ્મા અમર થઈ ગઈ. આથી જયદેવે આવી વીણા લઈ ગાન કર્યુ. પ ાવતી સજીવ થાય છે. રાજા લક્ષ્મણસેન અને એના પત્ની ચરણે પડી જાય છે. સૌની વિદાય લઈ કેન્દુબિલ્વના આશ્રમમાં ફરી આવે છે. આશ્રમમાં નવજીવનની ઉષા પ્રગટે છે. પણ એક દિવસ આ નવદંપતિ સહુની રજા લઈ ગંગાજીના પ્રવાહમાં વહી જાઈ છે, અમર બની

જાઈ છે. આથી જયદેવ અને પદ્માવતીની કથા અમર છે.

જયદેવની પત્ની પદ્માવતી કવિના ભકત સ્વભાવને સાનુકૂળ હતી.'ગીત ગોવિંદ'ની અષ્ટપદીઓના ગાન સાથે એ ભાવપૂર્ણ નૃત્ય કરતી. એણે એટલી હદે કવિનું હૃદય જીતી લીધુ હતું. કવિ પોતે 'પદ્માવતીચરણચારણચક્રવર્તી' અર્થાત્ 'પદ્માવતીના ચરણ કમલોમાં આ િત કવિ ચક્રવર્તી' એમ કહેતા. કવિ જયદેવને વિચિત્ર સંયોગોમાં પદ્માવતીની પ્રાપ્તિ થયેલી. જગન્નાથની કૃપાથી પ્રાપ્ત થયેલું એક માત્ર સંતાન પદ્માવતી હતી. જગન્નાથની આજ્ઞાનુસાર જયદેવે તેની સાથે વિવાહ કર્યો હતો. ગુણવતી પદ્માવતીએ કવિનું હૃદય જીતી લીધું. પદ્માવતીની પતિભકિતની પરીક્ષા કરવાના ઉદ્દેશથી રાજા લક્ષ્મણાસેનની પટરાણીએ કવિના મૃત્યુના ખોટા સમાચાર પદ્માવતીને આપ્યાં, ત્યારે તત્કાલ એ નિષ્પ્રાણ થઈ ગઈ. કવિએ ભગવાન કૃષ્ણની કૃપાથી પદ્માવતીને પુનર્જીવિત કરેલી એવી અનુશ્રુતિ છે.

કથાનાયક કવિ જયદેવ એટલે બેનમૂન શૃંગારકાવ્ય 'ગીતગોંવિદ'ના રચિયતા. આશ્રમના કુલપતિ અને વિદ્વતાના પૂજારી હતા. વાદવિવાદમાં વિશારદ્ અને તત્ત્વદર્શનમાં તીક્ષ્ણ અને મેધાવી હતા. જ્ઞાનમૂર્તિ હતા. ગીત, વાદ્ય અને નૃત્યના શિરોમણિ હતા.ન્યાયપ્રિય, અજાતશત્રુ, અમરપ્રેમી, રસના મર્મજ્ઞ, ગંગાસ્તુતિના ગાયક, મહાદયાળુ, સ્વપ્નવિહારી અને સરસ્વતીના ઉપાસક હતા. આ ઉપરાંત સૌંદર્યસમ્રાજ્ઞી, ઐશ્વર્યવંતી નૃત્યરાણી અને અમર પ્રેમી પદ્માવતી, અન્ય ગૌણ પાત્રો, ગ્રામજનો, સન્યાસીઓ, પૂજારીઓ, રાજા–મહારાજા અને અમાત્યા વગેરે પુનઃસજીવ થઈ નવલકથામાં પ્રગટ થયા છે.

બારમી શતાબ્દી વંગદેશાધિપતિ ગૌડેશ્વર મહારાજ લક્ષ્મણસેનનો રાજયકાલ, મહાકવિ જયદેવ રચિત 'ગીતગોંવિદ'નો રચના સમય, શહાબુદ્દીન ઘોરીના આગમનનો કાળ, રાજપૂતકાળનો સૂર્યાસ્ત, બૌદ્ધધર્મની વિદાય અને વૈષ્ણધર્મ અને પ્રેમલક્ષણા ભકિતનું આગમન વગેરેની પશ્ચાદ્ભૂમાં જયદેવ અને પદ્માવતીના ચરિત્રને આલેખતી નવલકથા જયભિખ્ખુએ 'પ્રેમ ભકત કવિ જયદેવ' આપી છે. અહીં બારમી સદીનું વાતાવરણ, ઈતિહાસની પૃષ્ઠભૂમિકા, જિજ્ઞાસા અને કુતૂહલપ્રેરક પ્રસંગાલેખન, અસ્ખલિત રસપ્રવાહ, શૃંગાર રસની ઉત્કટતા, આકરી કસોટીમાં ઈશ્વરી ચમત્કારમાં અદ્ભૂત રસ, કથાનાયકના વ્યકિતત્વને પ્રગટ કરતા રસિક સંવાદો, ઐતિહાસિક પૃષ્ઠ ભૂમિકા બારમી સદી અને ગીતગોંવિદને અનુરૂપ ભાષાશૈલી,

સંસ્કૃત શબ્દનો વિનયોગ, કહેવત, ચિંતન, વર્ણનકલા અને સંઘર્ષ આદિ તત્ત્વો નવલકથાપણું સિદ્ધ કરે છે.

'પ્રેમભકત કવિ જયદેવ' ચરિત્રગ્રંથ હશે એમ લાગે છે. વસ્તુસંકલના ઘટ્ટ અને કાર્ય પ્રવાહ ઝડપીલો નથી. વિરોધીઓ અને તેજોદ્વેષીઓ દ્વારા થતી કથાનાયકની આકરી કસોટી અને ઈશ્વરી ચમત્કારોને મહત્ત્વનું સ્થાન મળ્યું છે.'ગીતગોવિંદ'ની પંકિતઓનો કથાવસ્તુમાં યથાપ્રસંગ ઉપયોગ કર્યો છે. ભાષા અનશુધ્ધ તો નહિ, છતાં સંસ્કારી અને મધુર છે. લખાવટ જાણે સિનેમાચિત્ર નજર સમક્ષ રાખી લખી હોય એવી પ્રબળ છાપ પાડે છે. લેખનકલા તથા લેખકની પ્રતિભાની બાબતમાં નવલકથા ચડિયાતી છે. એની આકર્ષક વિશિષ્ટતાઓ સોળમાં પ્રકરણમાં ગીત, નૃત્ય, અભિનય અને દશ્ય સામગ્રીથી શોભતું 'ગીતગોવિંદ'ના આલેખનમાં છે. અહીં નાયક જયદેવ અને પદ્માવતીનો અમર પ્રેમ નિરૂપાયો છે.

।। ૨. ‘બાલાજોગણ’–રમણલાલ વ. દેસાઈ, ૧૯૫૨ ।।

સિદ્ધહસ્ત નવલકથાકાર રમણલાલ વસંતરાય દેસાઈની ‘બાલાજોગણ’ (૧૯૫૨) એક વિશિષ્ટ નવલકથા છે. ભકત કવિયત્રી મીરાંના જીવન અને વ્યકિતત્વને કેન્દ્રમાં રાખી રચાયેલી ચરિત્રપ્રધાન નવલકથા છે. આઠ વખત પુનર્મુદ્રણ જ એની સફળતા બતાવે છે. મીરાં એટલે સોળમી શતાબ્દીની એક અનોખી નારી. ભારતભરની સુપ્રસિદ્ધ નારીઓમાં મીરાંનું સ્થાન છે. એના કાવ્યો ઉત્તર ભારતના લગભગ બધાય પ્રદેશમાં વિખ્યાત છે. બંગાળથી ગુજરાત સુધી અને પંજાબથી ઉડિયા સુધી મીરાંની કવિતા અને કથા લોકકંઠે હજી સુધી રમ્યાં કરે છે. એ મીરાંને ‘બાલાજોગણ’ નવલકથામાં સર્જકે શબ્દદેહે પુનઃ જીવંત કરી છે.

‘બાલાજોગણ’ નવલકથાનાં સર્જકે મીરાં સંબંધી ગુજરાતી, અંગ્રેજી અને હિંદી સાહિત્યનું ચયન કરી મીરાંના જીવનને ચતુર્થ દલમાં વિભાજીત કર્યું છે. મીરાંના જન્મથી લઈ કૃષ્ણમૂર્તિમાં સમાઈ ગઈ ત્યાં સુધીની કથા આલેખી છે. મીરાંની સર્વાંગીણ છબિ ઉપસાવી છે. મોસાળમાં દાદા દુદાજીની સાચી મિરાતનો જન્મ થયો. એ સમયે જયોતિષીએ ભવિષ્યવાણી પ્રગટ કરી. ‘સૌભાગ્ય નહિ છતાં સૌભાગ્ય પામશે.’ દાદાજીએ ઉછેરમાં વૈષ્ણવ સંસ્કારો આપ્યાં. દાદાએ રામાયણ, મહાભારત, ભાગવત, તુલસીની વાર્તાઓ અને સંસ્કૃત શ્લોકો દ્વારા સંસ્કારોનું સીંચન કર્યું. આથી બાળ સહજ મીરાં ચંદન, તુલસી, નાગણણિ, સતી, મૂકિત અને ભગવાન અંગે જિજ્ઞાસા વ્યકત કરતી. મીરાંનું કાર્ય ગિરિધરલાલની મૂર્તિ અને મંદિરની આસપાસ ગૂંથાયેલું હતું. કેળવણી, ગીતનૃત્યુ અને પદરચનાઓ કરી હતી. કુંભારાણાના સુવિખ્યાત પૌત્ર સંગ્રામસિંહના પાટવી કુંવર ભોજરાજ સાથે લગ્ન કર્યા. પણ થોડાંક વર્ષમાં સૌભાગ્યનો અસ્ત થયો. કૃષ્ણચરણનો ઉદ્ધાર કર્યો. દિયર રાણા વિક્રમસિંહના એક પછી એક જુલમ સહન કર્યા. આથી ચિતોડ અને વ્રજવાસનો ત્યાગ કર્યો. યુવાન મહારાણા દિયર ઉદય સિંહે મેવાડ લાવવાના પ્રયત્નો કર્યા. પણ અંતે દ્વારકા જઈ કૃષ્ણની જયોતમાં સમાઈ ગઈ.

કથામાં મીરાંનું વ્યકિતત્વ અનેકરૂપે વિકસ્યું છે. મીરાંનો સ્ફટિક, કંચન અને ચંપકવર્ણ દેહ હતો. અપ્સરાને શરમાવે એવું સૌંદર્ય હતું. જ્ઞાન, કર્મ અને ભકિતયોગનો ત્રિવેણી સંગમ હતો. સત્ય, શિવ અને સૌંદર્યમય દષ્ટિ હતી. લાડઘેલી, ભાવઘેલી અને ભકિતઘેલી મીરાં

ભકતવીર, ભકતવીરાંગના, હવાઈપૂતળી, દેવતાઈપૂતળી અને અગ્નિપૂતળી હતી. દેવકન્યા, રાજપુત્રી અને રાજરાણી હતી. સંસારમાં રહી હોવા છતાં જલકમલવત્ હતી. પ્રતિજ્ઞાપાલક અને ભકિતશિરોમણિ સન્નારી હતી. બાલકુંવરી, તપસ્વીની, યોગિની, બાલાજોગણ અને બાલવૈરાગણ એમ વિવિધ સ્વરૂપે મીરાંના દર્શન નવલકથામાં થાય છે. ખરેખર મીરાં મનુષ્ય માત્રનું આભૂષણ હતી.

॥ શીલં સર્વસ્ય પરં ભૂષણમ્ ॥

નવલકથામાં એક બાજુ કથાનાયિકા મીરાંના જીવનનું આલેખન છે. તો બીજી બાજુ મીરાં જે યુગમાં જન્મી અને વિકસી એ યુગનું ચિત્રણ છે. બાબરથી માંડી અકબર સુધીનો યુગ પરિવેશ આલેખાયો છે. એ સમયે મુસ્લિમ–મોગલ સત્તાનો મધ્યાહ્ન હતો. ગુજરાત, માળવા અને દિલ્હી–ત્રણે મુસ્લિમ સત્તાઓની વચ્ચે ચિતોડમાં રજપૂત શાસન હતું. અંદરો અંદર રજવાડાના ઝગડા, જૌહારપ્રથા, વહેમ, ચમત્કારો અને દંતકથા વગેરેનું નિરૂપણ થયું છે. છતાં સર્જકે દંતકથાઓ ગાળીને મીરાંનું જીવન આલેખ્યું છે.

કથાનાયિકા મીરાંના જીવન ઘડતરમાં અન્ય વ્યકિતનો વિશેષ ફાળો હતો. પરમવૈષ્ણવ, પુષ્યાત્મા, જીવન મુકત, શાલિગ્રામના પૂજક, સંતાનપ્રેમી, ભીષ્મપિતામહ, રાજવંશી અને મેડતાના જાગીદાર રાવ દુદાજી, પિતા રત્નસિંહ, કાકા વીરમદેવ, વીરબંધુ જયમલ, સસરા સંગ્રામસિંહ, પાટવીકુંવર યુવરાજ રણવીર પતિ ભોજ, અંગરક્ષકો તેજલ અને વીજલ, સાધુ કૃષ્ણચરણ, કાકી શ્રીદેવી, સાસુ કર્મદેવી, નણંદ ઉદયમતિ, વિક્રમસિંહ, દિલ્હી સુલતાન લોદી ઈબ્રાહીમ, માળવા સુલતાન મહમદ, અકબરશાહ, બાબર, ચમાર રહીદાસ, મુસ્લિમ સાંઈ, જયોતિષી અને દાસીઓ આદિ ગૌણ પાત્રોનો ફાળો સવિશેષ રહ્યો છે.

મીરાંના પ્રભુભાવના વિચારો નવલકથામાંથી પામી શકયો છું.'માનવીની ચિંતા માનવીને છે એ કરતાં ભગવાનને વધારે છે.'(પૃ.૨), 'પ્રભુનું નામ સહુને પાવન કરે છે.' (પૃ.૧૨), 'સત્તા અને પૈસો માનવી પાસે અધમમાં અધમ કાર્યો કરાવે છે.'(પૃ.૧૫), પદનાં શબ્દ અને અર્થ પ્રભુને સ્પર્શે એવાં જોઈએ.'(પૃ.૮૨), 'મારો રાજકુમાર તો આખા વિશ્વનો સુલતાન છે.' (પૃ.૯૩), 'ગિરિધરલાલ એ જ દવા એ જ ઓષધ' અને 'પ્રભુ પાસે કલુષિત મુખ અને કલુષિત મન લઈને જવાય જ નહિં.'(પૃ.૧૦૧), 'મારે તો સગુણ એ નિર્ગુણ છે અને

નિર્ગુણ એ સગુણ છે.' (પૃ.૧૦૧), 'માનસિક દરવાજામાં ચોર ભરાય ત્યાં બાહ્ય ચોકી કદી કામ લાગતી નથી.'(પૃ.૧૦૯), 'મારું મસ્તક ગિરિધરલાલ સિવાય બીજા કોઈને નમતું નથી.'(પૃ.૧૫૦), 'માનવી એટલે જ અપૂર્ણ ઈશ્વર'(પૃ.૧૫૪), 'વીરને પણ વીરત્વ શીખવે એનું નામ ભકત '(પૃ.૧૮૩), 'સ્ત્રી, સંતાન, સત્તા અને વૈભવ સઘળું પ્રભુને ચરણે ધરવાની તાકાત કેળવવી એનું નામ ભકિત '(પૃ.૧૮૮), 'ભકતનો દેહ એટલે વિશ્વને પ્રભુ સાથે જોડવાનો માર્ગ–પુલ.'(પૃ.૨૦૦), 'આશા એવી વૃત્તિ છે કે અશકયને પણ શકય બનાવે છે.' (પૃ.૨૦૮), 'ભકત સામે ભગવાન પણ હારી જાય છે.'(પૃ.૨૫૫), 'કામનું સંપૂર્ણ શુદ્ધિકરણ એટલે જ ભકિત કામનું પૂર્ણ ઉર્ચ્ચીકરણ એટલે જ ભકિત.'(પૃ.૩૦૦), 'પ્રભુ સાથેના મિલન વગરનો દેહાંત એટલે મૃત્યુ પ્રભુ સાથેના સર્વાંગી મિલનમાં દેહાંત એનું નામ મોક્ષ.'(પૃ.૩૦૧) આવી ચિંતનાત્મક પંકિતઓ વાચકને અનુભૂતિ સભર બનાવે છે. અને કથાનાયિકાનું વ્યકિતત્વ ચિંતનાત્મક રીતે ખૂલ્લે છે.

આ બાલાજોગણ–બાલવિજોગણ અંતે પ્રભુમય બની ગઈ. શોધતી હતી એ સૌંદર્યતત્ત્વ એ પામી ગઈ છતાં હજી ઘેર ઘેર એનો પડછાયો પડે છે. ઘેર ઘેર એના કંઠનો પડઘો સંભળાય છે અને એના નૃત્યનો ઝણકાર ઘેર ઘેર ગુંજે છે. આમ મીરાંનો દેહ અને આત્મા પ્રભુમાં મળી ગયો. છતાં આપણા સૌના કંઠ અને હૃદયમાં જયોતમય મીરાં જીવે છે. દુદાજીના સ્મરણમાં, ભોજના પતિત્વમાં, કૃષ્ણચરણનાં દેહાકર્ષણમાં, જયમલના ભગિની પ્રેમમાં, વિક્રમનાં જુલમમાં, દ્વારિકામંદિરની જયોતિમાં અને ભકતોના કંઠ તથા હૃદયમાં...યુગે યુગે મીરાં જીવતી રહેશે અને શોધ થતી રહેશે જ.

'બાલાજોગણ' સર્વાંગસુંદર જીવનચરિત્રમૂલક નવલકથામાં મીરાંની કૃષ્ણ ભકિત, પતિપ્રેમ અને ભકતો માટેની ઉત્કટ ઘેલછા પ્રગટ થાય છે. મેવાડનો ઈતિહાસ અને સામાજીક પરિવેશ આલેખાયો છે. હિંદી–મારવાડી ગીતોનું ગુજરાતીકરણ, સંવાદોની કલાત્મકતા, વીર, અદ્‌ભુત અને ભકિતજન્ય શાંતરસ સાથે ચમત્કારોનું યથાતથ નિરૂપણ કર્યું છે. છતાં પણ અક્ષમ્ય દોષ રહી જવા પામ્યો છે. એ વિશે ડૉ.હસમુખ દોશી નોંધે છે કે, ''મીરાં પ્રેમભકિતથી નીતરતી મધ્યકાલીન યુગની જગદંબાને બદલે કોઈ કોઈ વાર અર્વાચીન યુગની વગર સમજયે સ્વતંત્ર માનસ ધરાવતી મૂર્ખ યુવતી જેવી લાગે છે.''[૩]

દીપક મહેતા રમણલાલ દેસાઈ રચિત જીવનકથાત્મક નવલકથા 'બાલાજોગણ' વિશે નોંધે છે, ''બાલાજોગણ(૧૯૫૨)માં રમણલાલ મીરાંના જીવનમાંનાં ભકિત ઉદ્રક, જીવન સંઘર્ષ અને કાવ્યસર્જન એમ ત્રિવિધ પાસાંઓને છતાં કરે છે. પુસ્તકની બીજી આવૃત્તિ પ્રસંગે શ્રી અક્ષયકુમાર ર. દેસાઈએ 'બાલાજોગણ'ને ખૂબ જ પ્રિય સર્જન તરીકે ઓળખાવી છે. ૧૯૫૨થી ૧૯૭૪ સુધીનાં બાવીસ વર્ષોમાં તેનાં પાંચ મુદ્રણો થયાં છે એ ૫રથી આ નવલકથા વાચકપ્રિય પણ બની હોવાનું સમજી શકાય. મરાઠી જેવી અન્ય કેટલીક ભાષાઓમાં જીવનચરિત્રાત્મક નવલકથા **(biographical novel)**નો પ્રકાર જેટલો વિકસ્યો છે તેટલો, કોણ જાણે કેમ, ગુજરાતીમાં વિકસ્યો નથી. 'બાલાજોગણ'માં મીરાંના જીવન અને વ્યકિતત્વને કેન્દ્રમાં રાખીને નવલકથા લખવાનો રમણલાલનો પ્રયત્ન પ્રશસ્ય બની રહે છે. રમણલાલ તેમની નવલકથામાં મોટે ભાગે ઈતિહાસને વફાદાર રહી મીરાંના જીવન અને વ્યકિતત્વનું ચિત્રણ કરે છે. ગુજરાતીના જીવનચરિત્રાત્મક નવલકથાના અલ્પધન સાહિત્યમાં 'બાલાજોગણ' એક અનોખી કૃતિ બની રહે છે.''[૪]

આમ ઉપરોકત વિધાન ૫રથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતીમાં જીવનચરિત્રાત્મક વિકસી નથી. એમાં 'બાલાજોગણ' એક વિશિષ્ટ પ્રકાર તરીકે જીવનચરિત્રમૂલક નવલકથાની વિકાસરેખામાં દીવાદાંડી બની રહે છે. ભલે જયભિખ્ખુએ પ્રથમ જીવનચરિત્રમૂલક નવલકથા આપી. પણ ખરો યશ રમણલાલ દેસાઈને ફાળે જાય છે. છતાં હજી સોળે કળાએ ખીલતી જીવનચરિત્રમૂલક નવલકથા મળવી બાકી છે.

ાા ૩. 'મૃત્યુ મરી ગયું'–ઉષા શેઠ, ૧૯૭૯ ાા

ગુજરાતી નવલકથા સાહિત્યમાં હંમણાં **True novel'** કે **'Documenatry novel'**નો આરંભ થયો છે. પણ બધી સત્યઘટનાત્મક કે દસ્તાવેજી નવલકથાઓ જીવનચરિત્રમૂલક નવલકથા બની શકતી નથી. પણ લેખક વ્યકિતવિશેષને કેન્દ્રમાં રાખી, કથાનાયકની સત્યઘટના કે દસ્તાવેજી પૂરાવાના આધારે સર્જન કરે છે. ત્યારે જીવનચરિત્રમૂલક નવલકથા બને છે. લેખક સ્વાનુભવમૂલક ઉપાદાન લઈને પોતાના સ્વજનને કેન્દ્રમાં રાખી વ્યકિતપરક નવલકથા આલેખે છે. ત્યારે સર્જક ગૌણ પાત્રરૂપે કથકની ભૂમિકામાં રહી પ્રથમપુરુષ એકવચનની આત્મકથનાત્મક શૈલી અખત્યાર કરે છે. મુખ્યપાત્રનું આંતર–બાહ્ય સંવેદન કલાવિવેકની અપેક્ષાએ આલેખે છે. ત્યારે પોતાનું સ્વજન ન રહેતા સર્વનું સ્વજન પાત્ર બની રહે છે. ત્યારે જીવનચરિત્રમૂલક નવલકથા સાકાર થાય છે.

ગુજરાતી સાહિત્યમાં સ્વાનુભવમૂલક સ્વજન પાત્રને કેન્દ્રમાં રાખી લખાયેલ જીવનચરિત્રમૂલક નવલકથા અઢી દાયકા બાદ ઉષા શેઠે 'મૃત્યુ મરી ગયું'(૧૯૭૯)માં આપી છે. જેમાં પોતાની વહાલસોઈ દીકરી નીતાનું દર્દકથા નિમિત્તે સત્તર વર્ષનું ચરિત્ર આલેખ્યું છે. ત્યાર પછી સર્જક દિલીપ રાણપુરાએ પોતાની પત્ની સવિતાને કેન્દ્રમાં રાખી 'મીરાંની રહી મહેક' કેન્સરકથા નિમિત્તે જીવનકથામૂલક નવલકથા આલેખી છે.

ઉષા શેઠ 'નિવેદન'માં લખે છે કે, ''મૃત્યુ મરી ગયું' પુસ્તક લખવાનું શરૂ કર્યું. પુસ્તક લખતી ગઈ તેમ તેમ છૂટી છવાઈ સ્મૃતિઓને બદલે એક સંપૂર્ણ જીવનચિત્ર દેખાવા લાગ્યું. એ હતું નીતાનું જીવનચરિત્ર, પરંતુ એના પ્રકાશમાં, મારા પર પ્રેમ વરસાવનાર અન્ય વ્યકિતઓ પણ સ્પષ્ટપણે ઓળખવા લાગી અને વિયોગની બીકે સંયોગથી દૂર ભાગતી હું પ્રેમને, પ્રેમથી આવકારવા લાગી.''[૫]

'મૃત્યુ મરી ગયું' સત્યઘટનાત્મક નવલકથા છે. આ સત્યકથામાં લેખિકા ઉષા શેઠે કોલેજન રોગથી પીડાતી પોતાની દીકરી નીતાના સત્તર વરસનું જીવન આયખું સ્મૃતિકથા રૂપે આલેખે છે. લેખિકા અને માતાના ગૌણ પાત્રની ભૂમિકામાં ડબલ રોલમાં રહે છે. છતાં તટસ્થા અને કળાવિવેક જાળવી સ્વના અનુભવને સર્વમાં સંક્રાન્ત કરી દીકરીના જીવનના

સંભારણાં આલેખ્યાં છે. આથી આ જીવનચરિત્રમૂલક નવલકથા બની છે. લેખિકા ઉષા શેઠની સઘળી પ્રવૃત્તિઓ તથા દુનિયા 'એસ.એલ.ઈ.'(સિસ્ટમિક લ્યુપસ ઍસ્થિમેટોસસ)રોગ સામે ઝઝૂમતી પોતાની દીકરી નીતા છે. સત્તર વર્ષ અને આઠ માસનું ટૂંકું આયખું ભોગવી દુનિયા છોડી ચાલી જાઈ છે. આથી લેખિકા માતા એકલતા, વેદના, વિષાદ, વ્યથા, હતાશા, વિયોગ, ઉદાસ, સૂનકાર, અંધકાર અને કરુણતા અનુભવે છે. એટલે લેખિકાના હૃદયમાંથી સ્મૃતિરૂપે નવલકથા ઢબે જીવનચિત્ર આકાર પામે છે. આ નવલકથાનો મરાઠીમાં 'માઝી નીતા', હિન્દીમાં 'ઔર મોત મર ગયી' અને અંગ્રેજીમાં અનુવાદો થયા છે. ગુજરાતીમાં ખૂબ ટૂંકા ગાળામાં સાત વખત પુનર્મુદ્રણ થયું છે. એ જ એની લોકપ્રિયતા કે વૈશ્વિકરણ સાધતી સંવેદના બતાવે છે. મા–દીકરીની સંવેદનામાંથી દીકરી નીતાની શબ્દ–છબિ સત્યકથારૂપે લેખિકાએ આલેખી છે.

'મૃત્યુ મરી ગયું' મૃત્યુનું યથાર્થ આકલન કરતી સત્યઘટનાત્મક નવલકથા છે. નીતાના ટૂંકા આયુષ્યની કરુણ જીવનચરિત્રમૂલક નવલકથા છે. નીતાના અકાળ અને આઘાત જનક મૃત્યુની કથા છે. નીતા હજી ફકત બાર વર્ષની હતી અને એક સાંજે મમ્મી અને નાની બહેન અલ્પા સાથે 'ધ ક્રિસમસ ટ્રી' ચિત્રપટ જોઈ પાછી ફરી રહી હતી ત્યાં રસ્તા વચ્ચે જ એના ઘૂંટણના સાંધા જકડાઈ ગયા. ઘરે પહોંચ્યા પછી તાવ પણ આવ્યો. ડૉ.'અ'ની સારવારથી તત્કાળ પૂરતી નીતાની તબિયત સારી થઈ ગઈ. પણ કૉલેજન જેવા જીવલેણ રોગે તેના ઉપર આક્રમણ આદર્યું હતું. મમ્મીને નીતા કોઈક અસામાન્ય રોગનો ભોગ થઈ પડી હોવાની આશંકાથી બાળ રોગ નિષ્ણાત ડૉ.'બ'ની સારવાર શરૂ કરી.

નીતાનો રોગ નરમ પડતા ભણવાની અને ઈતર શોખની પ્રવૃત્તિઓ ફરી શરૂ થાય છે. પરીક્ષામાં નીતા યશસ્વી રીતે ઉત્તીર્ણ થતાં ખાણીપીણીની પાર્ટીઓ થઈ. પર્યટનો યોજાય. પિતા વ્યવસાય નિમિત્તે મોટે ભાગે પ્રવાસમાં હોય અને મમ્મી સીવણના ધંધામાં જોડાય ત્યાં રોગ પાછું જોરદાર આક્રમણ કરે, ફરી એનો પ્રતિકાર થાય. આમ ઓછાવત્તા સમયાંતરે નીતા પૂરાં પાંચ વર્ષ રોગ સામે ઝઝૂમી. રોગે દિવસે દિવસે નીતાના શરીરના એક એક અંગ પર પોતાનું આધિપત્ય જમાવ્યું. કોઈ ઈલાજ સફળ ન થયો. મૃત્યુ સાથેના સંઘર્ષમાં નીતાની હાર થઈ. કહો કે મૃત્યુ હારી ગયું. સત્તર અને આઠ મહિનાનો મમ્મી દીકરીનો સંબંધ એક પળમાં પૂરો થયો. ૠણાનુબંધ તૂટયાં. સત્તર વર્ષની ટૂંકી આવરદામાં સતત પાંચ વર્ષ સુધી કોલેજન

રોગ સામે ઝઝૂમતી નીતાને બાળપણથી જ નૃત્યનો શોખ હતો. છ વર્ષની નાની ઉંમરે 'ભરતનાટયમ્'માં પ્રવેશ મળ્યો હતો. સીવણકામ, ચિત્રકામ, રસોઈકામ અને ઘરકામમાં પ્રવીણ હતી. ઉત્સાહી, વિવેકી, સ્વાલંબી, અભ્યાસું, પરિશ્રમી, તેજસ્વીની, આનંદી, નીડર, ઊંડી સમજણશકિત, સ્વપ્નશીલ, જીદ્દી અને ચંચળ સ્વભાવ વગેરે વ્યકિતલક્ષી ગુણો ધરાવતી હતી. દેખાવડી અને ઠાવકી હતી. જીવવાની પ્રબળ જિજીવિષા ધરાવતી હતી. સદાય હસતી રહેતી. મમ્મીની 'લિટલ નાર્સિસસ્' અને 'સ્વીટ એન્ડ લાઈવ્લી' નીતા આપણી સૌની આંખ સામેથી ખસતી નથી. આમ નીતાના વ્યકિતત્વનું મનોહરી શિલ્પનિર્માણ લેખિકા માએ પુનઃનવલકથામાં ઊપસાવી આપ્યું છે.

કથાનાયિકા લાડકી દીકરી નીતાના વિચારો પણ સહજ છે. એ હંમેશાં કહેતી કે, 'જીવન એટલે ખળખળ વહેતું ઝરણું'. તો નીતાનો ધ્યેય પણ સ્પષ્ટ હતો. 'મારે ખૂબ જીવવું છે, ખૂબ ભણવું છે, નિષ્ણાત ડૉક્ટર બનવું છે.' તો એનો જીવનમંત્ર હતો. 'વર્ક ઈઝ વર્શિપ' મહેનત એ જ ભકિત છે.

ટૂંકી જગ્યામાં શરતના ઘોડા દોડાવવા જેવું કઠિન કાર્ય ઉષા શેઠ આ નવલકથામાં કરી શકયા છે. લાડકી પુત્રી નીતાની ટૂંકી જિંદગીમાંથી પ્રેરણા લઈ, માતાએ એમની મૃત્યુ કથા આલેખવી એ અતિ કપરું કામ છે. નીતર્યા સંવેદન અને વાત્સલ્યની તથા મૃત્યુમાંથી અમૃતનું આકલન કરાવતી આ કરુણ કથા છે. કથા વાચકને વિષાદગ્રસ્ત, સમસંવેદક, વેદના સભર અને આદ્ર બનાવે છે. આથી નીતા દીકરી ઉષા શેઠની ન રહેતાં સર્વની બની છે. પ્રથમ પુરુષ એકવચનની આત્મનેપદી કથનરીતિ અને મેડિકલ સાયન્સની ભાષાભિવ્યકિત લેખિકાએ આલેખી છે. 'જીવન તો ખળખળ વહેતું ઝરણું' એમ કહેતી નીતા જીવી ગઈ અને મૃત્યુ મરી ગયું. એ દષ્ટિએ શીર્ષક સાર્થક નીવડે છે.

લેખિકા અને મમ્મી ઉષા શેઠની સુશ્રુષા, સહિષ્ણુતા, રોગમુકત કરવાની તાલાવેલી, તબીબશાસ્ત્રના ગ્રંથોનો અભ્યાસ અને નિષ્ણાતોની મુલાકાતો તથા કલાને શોભે એવો વિવેકપૂત સંયમ રાખ્યો છે. માતા અને લેખિકાની બેવડી ભૂમિકા ભજવી છે. દેશવિદેશની મુસાફરી કરતા કન્સલ્ટિંગ એન્જિનિયર પિતા રમેશ. ડૉ.અ. બ. અને ક.ની સારવાર, સગાં સંબંધીઓ, મિત્રવૃંદ અને સહધ્યાયી વગેરેના રેખાચિત્રો દોર્યા છે. દરદીઓ અને ડૉક્ટરોને આ

અનુભવ ઉપયોગી નીવડે તથા જીવનને સાંત્વનના મળે એ આશાએ મૃત્યુ આડો બંધ બાંધી પ્રેરણાનો ધોધ વહાવ્યો છે.

'કથાદીપ'માં કૃષ્ણવીર દીક્ષિત લખે છે. ''કારુણ્યથી નીતરતી નીતાની મૃત્યુની આ કથા, માની કલમમાંથી દ્રવી છે. અત્યંત વહાલસોયી પુત્રીના મૃત્યુની કથા કહેવાનું કોઈ પણ મા માટે અત્યંત દુષ્કર છે. કિન્તું ઉષા શેઠે એ દુષ્કર કાર્ય સ્વસ્થતાથી ને સારી રીતે પાર પાડયું છે. માની ભીતરી વેદનાનું ચિત્ર જીવંત અને સમસંવેદનાત્મક છે. નીતાના શૈશવથી એ મૃત્યુની ક્ષણ સુધીના સંસ્મરણોનો પટ લેખિકાએ સ્વસ્થતા અને સંયમથી ધીમે ધીમે ઊઘડવા દીધો છે. તેમાં નીતાના વિકાસશીલ વ્યકિતત્વનાં અને એની ઊઘડતી જતી જીવનદષ્ટિના કેટકેટલાં પાસાં પ્રકાશિત થાય છે.''[૬]

કુન્દનિકા કાપડીઆના શબ્દોમાં, ''કોઈ પણ મા માટે વહાલસોયી પુત્રીના મૃત્યુની કથા કહેવાનું કામ અતિ કપરું છે, પણ આ મૃત્યુની કથા કરતા જીવનની કથા વધુ છે. અને તેમાં એક સુકુમાર અને સમજદાર કન્યાની જીવન વિષેની દષ્ટિનાં એટલાં બધાં પાસાં ઊઘડયાં છે કે કથામાં છલોછલ કરુણતા હોવા છતાં, એનો અંતિમ સંદેશ પ્રકાશનો રહે છે. ભાષાની છટા કે શૈલીની સફાઈની જેમાં સહેજ પણ જરૂર નથી પડી એવી નર્યા નીતર્યા સંવેદનની, પ્રેમની અને મૃત્યુ ભણી જતા જીવનમાં થઈ રહેલા ઉઘાડની આ સત્યકથા સીધી હૃદયના ઊંડાણમાંથી આવી છે અને એટલે જ હૃદયને એટલા ઊંડાણથી હલાવી મૂકે તેવી છે.''[૭]

આમ નવલકથાકાર અને વાર્તાકાર ઉષા શેઠે પોતાની બાર વર્ષની પુત્રીને થયેલા અસાધ્ય અને પીડાકારી વ્યાધિ સામે બળપૂર્વક ઝઝૂમતાં પુત્રી અને પોતે અનુભવેલા મન:સંઘર્ષની સત્યઘટનાત્મક નવલકથા 'મૃત્યુ મરી ગયું'ના આલેખનમાં અનુભૂતિની સચ્ચાઈનું સંવેદન અને કથાપ્રવાહની સહજગતિ નોંધપાત્ર છે.

॥ ૪. 'ગાંઠ છુટયાની વેળા'–વર્ષા અડાલજા, ૧૯૮૦ ॥

'ગાંઠ છુટયાની વેળા' એ નિતાંત નવલકથા છે. સત્યઘટનાત્મક નવલકથા છે. દસ્તાવેજી અહેવાલ નથી. પણ આદિવાસીઓ માટે જેમણે સેવાની ધૂણી ધખાવી છે તેવા ચુનીલાલ મહારાજના જીવનકાર્યને કેન્દ્રમાં રાખી આલેખાયેલ બાયોગ્રાફીકલ નોવેલ છે. નવલકથાની પશ્ચાદ્‌ભૂમાં પ્રથમ કચ્છમાં અને પછી ગુજરાત તથા મધ્યપ્રદેશની સરહદે આવેલા કઠ્ઠિવાડા પ્રદેશમાં ચુનીલાલ મહારાજે (માધવલાલ મહારાજ) કાર્ય કર્યુ. એની કથા છે. વીસ વીસ વર્ષ સુધી આ વિસ્તારમાં સપરિવાર આવી વસ્યાં હતા. એવા ચુનીલાલ મહારાજના જીવનમાંથી આ નવલકથાનો ઉદ્‌ભવ થયો છે.

લેખિકા વર્ષા અડાલજાએ નવલકથા, નવલિકા, નાટક, નિબંધ, પ્રવાસ, અનુવાદ અને સંપાદન વગેરે સ્વરૂપોની અજમાયેશ કરી છે. તેમણે બાવીસ જેટલી નવલકથાઓ આપી છે. એમાં ૧૯૮૦માં પ્રકાશિત થયેલી નવલકથા 'ગાંઠ છૂટયાની વેળા' જુદી પડતી નવલકથા છે. આદિવાસીઓ માટે સેવાની ધૂણી ધખાવી છે, એવા ચુનીલાલ મહારાજ (માધવલાલ)ના જીવનકાર્યને આલેખતી નવલકથા છે. આ નવલકથાની ચાર વખત પુનઃઆવૃત્તિ બહાર પાડી છે. એ જ એમની સમૃદ્ધિ અને લોકપ્રિયતા દર્શાવે છે.

હરીન્દ્ર દવે 'ગાંઠ છૂટયાની વેળા' નવલકથાના સંદર્ભમાં લખે છે કે, ''પ્રથમ કચ્છમાં અને પછી ગુજરાત તથા મધ્યપ્રદેશની સરહદે આવેલા કઠ્ઠિવાડા પ્રદેશમાં માધવલાલ મહારાજે જે કંઈ કર્યું એની કથા અહીં છે. વાસ્તવિક જીવનની ભૂમિકા તથા પાત્રો નજરમાં રાખી, સત્યઘટનાઓ, વાસ્તવિક વાતાવરણ અને જિવાયેલા સંઘર્ષનો મુકાબલો કરીને 'ગાંઠ છૂટયાની વેળા' એ નિતાંત નવલકથા આપી છે. દસ્તાજેજી અહેવાલ નથી. એક સર્જનાત્મક પ્રયોગ છે. આ દેશની અપરિચિત ધરતીમાં ખૂંપી જઈ ત્યાં કામ કરનારા માનવીની કથા નવલકથાના માધ્યમ દ્વારા કહેવી એ ચીલાચાલુ વાત નથી ઘરેડમાંથી મુકત થવાની વાત છે. કથાનાયકનું સતત ઊપસતું રહેતું આત્મસંવેદન આ સંવેદન આ કથાને કલાત્મક ઘાટ આપે છે. ઘટનાઓ ભલે સત્ય સાથે નાતો ધરાવે, સંવેદનાનો નાતો સર્જક સાથે જ છે.''[૯]

વર્ષા અડાલજા 'ગાંઠ છૂટયાની વેળા' નવલકથાના પ્રાસ્તાવિક લેખમાં 'આંતર

શોધની યાત્રા'માં નોંધે છે કે, ''ચુનીલાલ મહારાજના જીવનમાંથી આ કથાનો જન્મ. સમાજ વૃક્ષમાંથી અકાળે ખરી પડેલાં અને પગ તળે ચંપાતાં લીલાછમ્મ પાંદડાંઓ એ આ કથાનાં પાત્રો. ધંધો અને ઘરબાર છોડી, એક પણ પૈસાની મૂડી વિના, પત્ની અને નાનાં બાળકોને લઈ અજાણી ભોમકાના ગામડામાં જઈ વસે છે. ઘોર જંગલમાં રહેવું અને મૃત્યુને મુઠ્ઠીમાં રાખી અન્યાયો સામે ઝઝૂમવું એ છાતીવાળા માણસનું કામ છે. ભૌતિક જીવનની ભીંસમાં, મોકળે મને શ્વાસ લઈ શકાય એવી ઘટનાઓ અને પાત્રો વિરલ જ ગણાય.''[૯]

મનુભાઈ પંચોળી નવીન વિષયવસ્તુ ધરાવતી નવલકથા અંગે પોતાનો રાજીપો વ્યકત કરે છે. ''સાચા પ્રસંગો અને પાત્રો પર આધારિત આ 'ગાંઠ છૂટયાની વેળા' વાંચું છું. ગુજરાતી સાહિત્યમાં નવી દિશાની બારી ખોલી આપી છે. હું તો રાજી રાજી.''[૧૦]

કૃષ્ણવીર દીક્ષિત 'કથાદીપ'માં લેખિકાના સ્વાનુભવ વિશે નોંધે છે કે, ''જે મૂળ દ્રવ્યોને વર્ષાબહેને કથા સિદ્ધ કરવા અર્થે વિનિયોગ કર્યો છે. તે સ્વાનુભવ પ્રાપ્ત થાય છે. અલિરાજપુરથી કઠ્ઠિવાડા પહોંચી, ત્યાં પ્રેરણારૂપ ચુનીલાલ મહારાજ જેવા માનવધર્મી, ઘનઘોર જંગલમાં વસી આદિવાસીઓના ઉદ્ધારાર્થે વર્ષોથી સેવાની ધૂણી ધખાવી રહ્યા છે તે લેખિકાએ પ્રત્યક્ષ નિહાળ્યું છે.આદિવાસીઓના ઝૂંપડાંની અંદર તેઓ ગયા છે. કેવી કલ્પનાતીત કંગાલિયતમાં તેઓ જીવે છે. તે નજરોનજર જોયું છે. એનાથી તેઓ દ્રવિત થયા છે. ચુનીલાલ મહારાજના સ્વાનુભવથી તેમને સ્વમુખે તેઓ વાકેફ થયાં છે. આ સમસ્ત સ્વાનુભવે તેમના સંવેદનતંત્રને સહજ રીતે હચમચાવી મૂકયું, તેનું શબ્દસ્થ પરિણામ તે આ નવલકથા. 'મારે મન આ કથા એક આંતરશોધની યાત્રા બની રહી છે.' એમ વર્ષાબહેન કહે છે તે સાચું હોવું જોઈએ. આ નવલકથા લેખન પાછળ તેમનો ઉદેશ 'ધર્મ અને માનવજાતની ધજા ફરકાવવાનો નથી.' તેઓ કહે છે તેમ 'આપણી સાથે જ એક જ ધરતી પર, સમયના એક જ બિંદુ પર સહઅસ્તિત્વ ધરાવતી કરોડોની માનવ સંખ્યા સદા અમાસના ઘેરા અંધકારમાં જીવી રહી છે. એ આજની સંસ્કૃતિનું સૌથી મોટું લાંછન નથી? એ તરફ સૌની નજર દોરી જવાનો આ એક પુરુષાર્થ માત્ર છે.''[૧૧]

મધ્યપ્રદેશ–ગુજરાતની સરહદ પર ઝાબુવા જિલ્લાના કઠ્ઠિવાડા ગામમાં આદિવાસી છોકરાંઓ માટે આશ્રમ કે ગારમાટીના ઝૂંપડાં છે. એ જંગલમાંથી આદિવાસી

બાળકોને શોધી પકડી લાવતાં એ દરમ્યાન વરૂબાળ મળી આવે છે, એનું નામ તનસુખ હતું. આ વરૂબાળ તનસુખને લઈ ૧૯૭૭ કે ૭૮ની એક તપતી બપોરે ચુનીલાલ મહારાજ લેખિકાને ત્યાં આવે છે. આ ચુનીલાલ મહારાજ વિનોબાજીના સર્વોદયના આદર્શોથી આકર્ષાઈ યુવાન વયમાં જ ધીખતો ધંધો છોડી સમાજ સેવામાં જીવન હોમી દીધું હતું. એવા મહારાજના જીવનકાર્ય પર સ્વાનુભવમૂલક નવલકથા આલેખવા લેખિકા મધ્યપ્રદેશના ઝાબુવા જિલ્લાના કઠ્ઠિવાડા વિસ્તારમાં ધોમધખતા મે મહિનાની બપોરે પથ્થર ભરેલા ખટારામાં બેસી જાઈ છે. જંગલમાં રખડી, આદિવાસીઓનાં ઝૂંપડાંમાં એમની સાથે સમય ગાળ્યો. મહારાજના કામને નજરે જોયું, નવલકથાના પાત્રોને મળી, એમણે વર્ષો સુધી લખેલી ડાયરીઓનો તૂટેલો ટ્રંક મેડા પરથી ઉતારી, ફાટેલાં અને જર્જરિત પાનાંમાંથી એક ચુનીલાલ મહારાજનું સમગ્ર ચિત્ર રચી કાઢયું છે.

૧૯૫૮માં ચુનીલાલ મહારાજ મુંબઈ શહેર, કુટુંબ, ધંધો, પૈસા અને સંબંધો છોડી કચ્છ તરફ ટ્રેનમાં જઈ રહ્યાં છે. ત્યારે એક યુગલ સ્ટેશનેથી ચડયું. કમ્મરેથી જરા ઝૂકેલો દૂબળો પાતળો પુરુષ અને એવી જ સુકકી છોડિયા સરખી સ્ત્રી ચીમળાયેલી છાતીને ચૂસતું હાડકાનાં માળા જેવું છોકરું એની કેડમાં હતું. સ્ત્રી સંડાસના બારણાને ચીપકી ઊભી રહી ગઈ. એવા સમયે ડોસી બરાડીઃ 'એ...ય...રાંડ ભંગિયણ અહીં કયાં ઘૂસી? મૂઆ ઢેઢડાં સજો ડબ્બો અભડાય..' આમ સ્વાતંત્રતાનો એક દાયકો વીત્યો હોવા છતાં હરિજનો તરફની આટલી સૂગનો પહેલો અનુભવ ટ્રેનમાં થયો. માધવલાલથી ન રહેવાયું તો એમને 'ધોળી ટોપી' કહી ગાળ આપી. એટલે મહારાજે ગાડીમાંથી ઊતારી મૂકેલા નિરાશ દંપતીને ગરમ ધાબળો આપી દે છે.

ટ્રેનની ગતિ સાથે મનનો પ્રવાહ જીવનની ઉલટી દિશામાં વહેતો હતો. માધવને બચપણથી જ લોકોનું કામ કરવામાં અને બીજા માટે જીવવામાં રસ હતો. વહેલી સવારથી હૉસ્પિટલો, મજૂરોનાં ઝૂપડાંઓ અને અનાથાશ્રમોમાં ફર્યા કરવું. જેનું કોઈ ન હોય એની પડખે ઊભા રહીને એમના અધિકારો માટે લડવું. માધવ દવાઓ...કપડાં...અનાજ...પ્રેમ...સઘળું જ ગરીબોમાં વહેચી દેતો. પણ બન્યું એવું કે પિતાએ કોરા કાગળમાં સહી કરાવી પેઢીનું બધું દેવું પુત્રના માથે ઓઢાડી દઈ, ધંધો, દુકાનની જગ્યા સઘળું પોતાને નામે કરી લીધું હતું. આથી ક્ષુબ્ધ અને ઉદ્વિગ્ન બનેલા માધવને માતાએ કહ્યું. 'તમારા બાપ–દીકરાનો ઋણાનુબંધ પૂરો થ્યો તું...તું મુંબઈ મૂકી દે માધવ. જયાં બાપની આંખમાંથી અમી સુકાઈ ગયાં ત્યાં

બાપ–દીકરાનો સંબંધ કેવો? મુંબઈ મૂકીને ઘરમાંથી નીકળી જા માધવ..જયાં જાવું હોય ત્યાં જા ભાઈ તારાં કરમ અને ભાગ્ય ઊજળો છે. તું જયાં જાઈશ ત્યાં તારો રોટલો રળી લઈશ.'(પૃ.૪) બાપુજીનું બધું દેવું ધંધામાંથી ભરપાઈ થઈ જશે માટે ચિંતા નહી કરતી બા. હું વચન આપું છું. આઠમે દિવસે મુંબઈ માથે નાળિયર નાખી જતો રહીશ બા...આમ ખરેખર એક વહેલી સવારે માધવ પત્ની વનિતા અને ઊંઘતા બાળકોને ચૂમી ભરી, બધાને ગાંઠેથી છોડી ગાડીમાં જઈ રહ્યા છે. આ બધું સ્મૃતિ પર ગાડીમાં તરવરી ઊઠે છે. આમ ચુનીલાલ મહારાજ પિતાના પ્રપંચનો ભોગ બન્યા પછી માતૃદત્ત સંસ્કારની પોટલી લઈ ગૃહત્યાગ કરે છે.

કચ્છના નપાણિયા મુલકમાં જઈ માધવલાલ લોકોની વચ્ચે વસીને રહ્યા. કચ્છમાં સર્વોદય યોજના કેન્દ્રના કાર્યકર રતિભાઈ સોનીને ત્યાં મહારાજ જાય છે. ત્યાંથી રતિભાઈ, નેમચંદ ભાઈ, ઉમરશીભાઈ અને માધવલાલે કચ્છના ગામડાઓમાં રખડપટ્ટી શરૂ કરી. ખભે શિંગ અને ગોળનો ખડિયો, હાથમાં ચરખો, બે જોડી કપડાંનો થેલો લઈ ગામડે ગામડે રખડતાં મહારાજ માટે પગ એ જ ગાડી. પગ સૂજી જાય કે ફોલા પડે એટલે ભીની માટીનો લેપ કરી ફરી ચાલવા લાગે. એક ગામથી બીજા ગામ જઈ લોકોને વાર્તા સમજાવે, રામાયણ અને મહાભારત વાંચે, નરસિંહ અને મીરાંના પદો ગાઈ સંભળાવે. ચાહ ન પીઓ, અફીણ છોડી દો, ચરખો શીખો, આવડે તો ગૃહઉદ્યોગ કરો, પ્રાથના કરો, બાળકોને શાળાએ મોકલો વગેરે વિશે દાખલાઓ ટાંકી સમજાવે. ધોળાવીરામાં બારોટ, મૂળજી માસ્તર અને મહારાજ દીકરીઓને ભણાવવાની વાત સમજાવતા પણ લોકો વહેમીલાં હતા. નિશાળમાં ભૂત થાય તે વહેમ કાઢવા માટે મહારાજે નિશાળની પરસાળમાં જ રહેવા માંડયું. ધીમે ધીમે નિશાળ શરૂ કરી. મૂળજી માસ્તરને કામ મળ્યું. શાંતાબહેનની છોકરીઓ ભણવા લાગી. શાંતાબહેનને મહારાજે હાથકલા કારીગરી માટે ખાદી ગ્રામઉદ્યોગ અને ભરતકામ અપાવ્યું.

કલ્યાણપરમાં લોકોને ગૂગળના ત્રાસથી મૂકત કર્યા. નિશાળ શરૂ કરી. બાંભણકાની ીઓમાં એક વહેમ હતો કે શાળામાં નવા નળિયા ચડાવશો તો ભણવા જનારાં દીકરા–દીકરીઓ જીવતાં નહીં રહે. કોઈના ઘરમાં દીકરીએ દીવો નહી રહે. આ વહેમ દૂર કરવા મહારાજે બે–ચાર હિંમતવાળા જુવાનોને તૈયાર કરી નવા નળિયા ચડાવી શાળા શરૂ કરી. રતનપર ગામમાં કૂવાનો કાંઠડો તૂટી ગયો હતો. એટલે વર્ષમાં બે–ચાર વહુવારુનો ભોગ

લેતો હતો. ગામ લોકોએ અરજી કરી, મામલતદારની કચેરીએ બહુ ધકકાં ખાધા પણ કશું જવાબ મળ્યો નહી. આ વાતથી મહારાજ નિરાશ થયા. પણ વહેલી સવારે મહારાજ અને લાધાભા કુવાનો કાંઠો તોડી બનાવવા લાગ્યાં. આખું ગામ વળગી પડયું કાંઠો બાંધી દીધો. 'અપના હાથ જગન્નાથ'નો મંત્ર સિદ્ધ થયો.

ગઢડાના નાનજી શેઠ ખેડૂતો પાસેથી લાંચના પૈસા લઈ તાલુકાના મહાલકારીને આપતા હતા. એ અન્યાયની વાત મહારાજને મળતા તેમને ઘરે ગયા. એટલે એવી ધમકી આપી કે, 'મહારાજ છાનામાના મુંબઈ ભેગા થઈ જાઓ, અને કચ્છમાં રહેવું હોય તો કીર્તન કરો.' એ જ રાત્રે મહારાજ પર પાદરમાં બે જણ તૂટી પડયા. એવે સમયે ઉમરશીભાઈએ આવીને બંદૂકનો હવામાં થડાકો કર્યો. એટલે એ લોકો ભાગી ગયા. મહારાજે ગામેગામ મહાલકારી સામે ખેડૂત મંડળની પ્રવૃત્તિ ચલાવી. આ જાણી મહાલકારીએ તલાટીને મોકલી રકમ પરત કરી. એક દિવસ ગામલોકોની તથા મહારાજની માફી માગવા પોતે આવે છે.

અંજાર ગામના ખેડૂતોની જમીનમાં સરકારે ભૂકંપ રાહત સમિતિના ઘરો બાંધવાની નોટીસો મોકલી. આ માટે મહારાજે લોકોમાં સંગઠન ઊભું કરી આત્મબળ પ્રગટાવ્યું. આથી મહારાજની પત્ની તથા ગામની બહેનો મરવા માટે તૈયાર થઈ ગયા. બીજી બાજુ મહારાજ દિલ્હી જઈ ઉચ્ચ સત્તાધિકારીને મળીને રાષ્ટ્રપતિ ભવનમાં સહી–સિકકા કરાવી કાગળ લઈ અંજારના કલેકટરને આપ્યો. એટલે એ રાત્રે પોલીસદળ અને અધિકારીઓને ખચેડી લેવામાં આવ્યા. મહારાજે પદમપુર, લાભપુર, ભૂટકિયા, ભીમાસર અને પલાંસવા વગેરે ગામો શિબિર યોજી હરિજનોમાં અંતઃસત્ત્વ જાગૃત કર્યુ. અસ્પૃશ્યતાનું કલુષિત વાતાવરણ દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

આમ મહારાજે વ્યસનોના બંધાણી, અશિક્ષિત, વહેમ અને અંધશ્રદ્ધામાં ડૂબેલા તથા સરકાર અને શાહુકારના શોષણનો ભોગ બનેલા લોકોને માણસ બનાવવાનો પુરુષાર્થ પોતાની સૂઝ પ્રમાણે આદર્યો. ગામેગામ ફરી કથાકીર્તન અને ઉપદેશ દ્વારા લોકોનો આત્મા જાગૃત કર્યો. ભષ્ટાચાર સામે લોકમાનસને જાગૃત કર્યુ. અને સંઘર્ષો વેઠીને પણ માધવલાલ મેરું જેવા અચળ રહ્યા.

દિલ્હી કારોબારી સભામાં ગયા. ત્યારે પરમમિત્ર ઉછરંગભાઈ ઢેબરએ

રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ સાથે મુલાકાત ગોઠવી. વાતચીત કરતાં રાજેન્દ્રબાબુએ મહારાજની પીઠ પર હાથ ફેરવતા કહ્યું: 'મેં બતા કહા જાઓગે? ગુજરાત–મધ્યપ્રદેશ કી સરહદ પર ઝાબુવા જિલ્લા હૈ, વહાં જાઓ. અબતક વહાં કોઈ નહીં પહુંચા. લેકિન હિમ્મત હૈ તબ હી જાના. ઘન જંગલ હૈ. આદિવાસી, જાનવર કી તરહ રહતે હૈ. દેખકે તો આઓ. ફિર વહાં મન લગે તો આગે દેખેંગે.'(પૃ.૯૪) એ જ ક્ષણે મહારાજના મનમાં ગાંઠ વળી ગઈ કે અહીં જ જઈશ. અને ખરેખર મહારાજે મધ્યપ્રદેશના ઝાબુવા જિલ્લાના અલીરાજપુરના પંચેશ્વર મહાદેવના ખંડેર મંદિરમાં પગ મૂકયો. સોમવારે અલીરાજપુરમાં હાટમાં મહારાજે પોલીસ અમલદાર આદિવાસી યુવતીના સ્તનને હથેલીમાં દબાવતો હતો એ દશ્ય જોઈ યુવતીને છોડાવી. પણ અફસર તો મહારાજ પર નજર કરી જીપ હંકારી ચાલ્યો ગયો. આ રીતે અસંસ્કૃત જીવન જીવતો આદિમાનવ હતો. રાતે ઊંઘ ન આવી અનેક વિચારો આવ્યાં.

દાહોદની બજારમાં મહારાજ જતા હતાં ત્યાં ઈન્સ્પેકટર વાઘેલા મળી ગયા. બન્નેની વાતચીતમાં મહારાજે બદલીના હુકમની વાત કરી. ત્યારે વાઘેલાએ કહ્યું કે દહોદની પોલીસ અને મધ્યપ્રદેશના જંગલનાં આદિવાસીઓ વચ્ચે ધિંગાણું થયું, તેમાં મારી બંદૂકો લોકો ઉઠાવી ગયા. સરકારી બંદૂકથી ખૂનામરકી કરે તો હું જેલમાં જઈશ. આ વાત સાંભળી મહારાજ આદિવાસી ભીલના કપડા પહેરી જંગલમાં રખડવા માંડયા. આદિવાસી સ્ત્રીઓને સમજાવી કે તમે બંદુકો આપો તો તમારાં પતિને છોડાવી મૂકવાનું વચન આપું. આથી બંદુકો મળી ગઈ. આ બંદુકો વાઘેલાને આપતા કઠણ છાતીના ગરાશિયાની આંખમાંથી આંસુ વહેતાં હતાં.

મહારાજ વાલપુરની બજારમાંથી પસાર થયા એ દરમ્યાન બજારમાં બે–ત્રણ આદિવાસીઓ ઝગડતાં ધારિયાથી માથું ઉડાવી ખૂની અદશ્ય થઈ ગયો. મહારાજે લોહીરંજિત ધડ અને માથું એકઠું કર્યું. એ સમયે પોલીસે આવી મહારાજને અજાણ્યા માણસ ગણી કેસ કર્યો. ભીનમોરેના ડાકુઓના સરદાર અને મધ્યપ્રદેશમાં સબ ઈન્સ્પેકટર બની આવેલાં સામંત સિંઘથી આદિવાસી ીઓ પારેવાની જેમ ફફડતી લપાતી હતી. એક રાત્રે આદિવાસી ઢુંઠીના ઝૂંપડાંમાં ઘૂસી ધાવણી બાળકીને પડખામાંથી ફેંકી સામંતસિંઘ અને સિપાઈએ બળાત્કાર કર્યો. ઢુંઠીનું આક્રંદ સાંભળી ઝૂંપડીમાં સૂતેલા બાપ નાનલુ દોડી આવ્યો તો એમને જીપમાં લઈ ગાયબ થઈ ગયાં. ભયભીત થયેલી ઢુંઠી રાત્રે સાડાબાર વાગ્યે મહારાજને ત્યાં જઈ બધી વાતથી વાકેફ કર્યા.

મહારાજે રાત્રે દોઢ વાગ્યે કોર્ટ ખોલાવી મેજિસ્ટ્રેટને ફરિયાદ નોંધાવી. દાહોદ હોસ્પિટલમાં ઠુંઠીને દાખલ કરી ડૉક્ટરી સર્ટિફિકેટ લખાવી રાત્રે ત્રણ વાગ્યે કલેકટરને આપ્યું. એટલે બરતરફીનો હુકમ લઈ પ્રભાત થતા પહેલાં અલીરાજપુર પાછા આવી પહોંચ્યા. સામંતસિંઘ અને સિપાઈની વરદી ઉતારી ગિરફતાર કરી બરબજારે હાથકડી પહેરાવી ફેરવ્યાં.

અલિરાજપુરમાં ભેરૂમલ જૈનનો ભેટો થતાં કઠ્ઠિવાડા જંગલની વાત થતાં બન્ને નીકળી પડયાં. અલિરાજપુરથી દેહવાટ સુધી તો વાહન જાય પણ પછી ચૌદ માઈલ સુધી નદીનો સુકકો ભઠ્ઠ રેતાળ પ્રદેશ, કાચી સડકો અને ઘનઘોર જંગલો વચ્ચે પાંચસોયની વસ્તી ધરાવતું નાનકડું ગામ કઠ્ઠિવાડા. શિવજી શેઠને લઈ કઠ્ઠિવાડાના રાજાના વંશજ જયદીપસિંહ રાણા પાસે ગયા. તેમણે મહારાજના સેવાક્ષેત્રની વાત સાંભળી જંગલમાં આશ્રમ બનાવવાની જમીન આપી. આ જંગલમાં તાડના મોટાં મોટાં સુકકાં પાન અને વાંસની ઝૂંપડી બનાવી મહારાજ રહેવા લાગ્યા. પહેલીવાર માબાપને હાથેપગે પડી આદિવાસીના સાત નાના છોકરાઓને ઝૂંપડીએ પકડી લાવ્યાં. એમના માટે તાડનાં પાનની ઝૂંપડીમાં ગારથી લીંપીને છાત્રવાસ બનાવ્યો.

એક દિવસ છોકરાંઓ જંગલમાં રમતાં હતાં ત્યાં ગુફામાં શિયાળબાળ જોતા ઊંચકીને લઈ આવ્યા. બે વર્ષની ઉંમરના એ શિયાળબાળને વનિતા પોતાના ટીકુને ધવડાવવો મૂકી ધવડાવે છે. થોડાક દિવસમાં આંગણામાં દોડદોડ કરતો થઈ ગયો. એનું નામ તનસુખ રાખ્યું. આ પછી તો માધોસિંગ અને જોગસિંગ નામના છોકરઓ આવ્યાં. તો મહારાજ સીમડયાના બેય બાળકોને આશ્રમમાં લાવ્યા હતા. બા આશ્રમમાં ગણેશવાડીમાંથી ચાર–પાંચ છોકરાંઓ લાવ્યાં હતા. ત્રણ માનો દીકરો વગડયાને પણ આશ્રમમાં મૂકી જાય છે.

એક દિવસ મહારાજે આંબાના વૃક્ષને ટેકે શરીર ટેકવ્યું. એવા સમયે ઝૂંપડામાંથી દોડી આવી વનિતા જમીન પર ઢગલો થઈ ગઈ. માથું પટકી પટકીને આક્રંદ કરવા લાગી. મહારાજે પત્નીનું માથું ખોળામાં લીધું. રાતની ઘટ્ટ શાંતિમાં રૂદન સરી પડતું હતું. વનિતા હોશમાં આવ શું થયું છે, આ શી છોકરમત? ઘોઘરા અવાજે વનિતા બોલીઃ ‘બધા...બધા...વાતો કરે છે કે માધોસિંગ સાથે મારે આડો સંબંધ છે...મેં નવ મહિના ઉદરમાં રાખ્યો નથી એટલે ઈ મારો દીકરો મટી ગયો? પેટના જણ્યા જેવો છોકરો...હું...મારે ને એને...બે પગમાં માથું ખોસી ધ્રુસકે ધ્રુસકે રડતી હતી. આવેશમાં આવી બોલવા લાગીઃ ‘દૂધના

કટોરામાં ઝેરનું એક ટીપુંયે પડે ને તોય બધું હળાહળ થઈ જાય. આવા જંગલી ગમાર લોકો સારું મેં આટઆટલું તપ કર્યું. મારી જુવાનીના વીસ વીસ વર્ષ આ નર્કાગારમાં વિતાવી નાખ્યાં. આખરે આ સાંભળવા સારું? નકકામું છે આ બધું મહારાજ ઝેરી વેલના ફળ પણ ઝેરી જ હોય. મારી તો એક જ વાત. મને અલીરાજપુર મૂકી આવો.'

મહારાજ વનિતાને સમજાવે છે કે વેણ તો ઝેરી બાણની જેમ છાતીમાં વાગે જ. ઝેર તો શંકરને પણ પીવું પડયું હતું. વનિતા આપણામાં અહં કેટલું ભર્યું છે એ જોવા સારું આ ઘણના ઘા છે. આપણે ઝાકળનું ટીપું હોઈશું તો સૂરજના તાપમાં વરાળ બની ઉડી જઈશું, અને નવલખું મોતી નીવડશું તો ઝગમગતા રહીશું. આ આપણી કસોટી છે વનિતા એ જ ક્ષણે તું ભાંગી જાય તે કેમ ચાલે? ધરતી જો વનિતા. સૂરજના આકરા તાપ ખમે, હળથી અંગ છેદાય, ધરતીકંપ, દુષ્કાળ, પૂર, લોહિયાળ ઘોર હત્યાકાંડ જીરવી જઈ ફરી હરીયાળી બની માનવ જાતને નવું જીવન બક્ષે છે. વનિતા તું સ્ત્રી છો, મા વસુંધરાનું સાક્ષાત સ્વરૂપ.સઘળા વેરઝેર તારામાં આજે સમાવી લે.

વનિતાને ઝૂંપડીમાં લઈ ગયા એટલે મહારાજ આશ્રમનું મેદાન વટાવી ઝરણાં ને કાઠે આવી ઊભા...ત્યારે સ્મૃતિ પર કચ્છમાં આવી જ એક નિર્વેદની ક્ષણે મંદિરના ગર્ભદ્વારમાંથી ઊઠેલો અવાજ...આમ કથાનાયક માધવ અંતમાં પોતાની જાત સાથે સંવાદ કરે છેઃ 'હા માધવ. તેં પારોઠનાં પગલાં ભર્યા. કચ્છની ધરતી છોડી તું ભાગ્યો. ઈલમની લાકડી ફેરવી દેવાથી રાતોરાત કોઈ નવો સમાજ નિર્માણ નથી થતો. મંદિરના શિખર પર સુવર્ણ કળશ ઝળહળી શકે એ માટે કોઈએ તો પાયાના પથ્થર બની, સદાને માટે ધરતીમાં ઊંડે ધરબાઈ જવું પડે છે. એનાં બલિદાન પર જ મંદિરની ધજા ઉન્નત મસ્તકે ફરફરે છે.'(પૃ.૧૯૧)

વીસ વરસના તપ પછી પણ જાણે જયાંથી શરૂ કર્યું. હોય ત્યાં જ આવી ઊભા રહેતા હોય એવી પરિસ્થિતિ માધવલાલ મહારાજ પાસે આવે છે. ત્યારે એ ક્ષણભર તો હતાશ થઈ જાય છે, પણ પછી જાતે જ સાંત્વન મેળવી લે છે. 'ના. ઘવાયેલું પશુ બોડમાં ભરાઈ, ઘાને ચાટયા કરે એમ આઘાતોને હું ચાટયા નહીં કરું. અનંત બ્રહ્માંડોના એક બ્રહ્માંડની એક આ પૃથ્વી. એની કરોડોની માનવસંખ્યામાંનો એક હું–ઘવાઉં અને મૃત્યુ પામું તેથી શું? આ વિશ્વમાં બધું સંલગ્ન છે. કોઈક કયાંક પ્રાર્થના કરે છે, અને એની દીપ્તિ મારી આંખોને ઉજ્જવળ બનાવે

છે. વનવગડામાં ઊગેલા કોઈ અનામી ફૂલની સુગંધ મારી તરફ વહી છે. કોઈ વ્યથિત જનનું આંસુ મારી આંખોમાંથી વહેવા લાગે છે. વીખરાતા જઈને જ આપણે આપણે અસ્તિત્વમાં આવીએ છીએ. મારો થોડો અંશ ઝરણાના વહી ગયેલાં જળમાં છે. થોડો અંશ આ પીડિત જનના મદદ પામતા લંબાયેલા હાથમાં પણ છે. દરેક ઉડ્ડયનમાં પંખી થોડા અવકાશને પાંખમાં ભરી લાવે છે. એના ટહુકાથી મનમાં વસંતનું પ્રભાત ઊગે છે.'

આમ વીસ વરસના કથા પટમાં કથાનાયક ચુનીલાલ મહારાજે ગામડે ગામડે પગપાળા ચાલી લોકોને વ્યસન, વહેમ, જડમાન્યતાઓ, કુરિવાજો, અસ્પૃશ્યતાથી દૂર કર્યા. ગામડે ગામડે શાળાઓ ખોલાવી, ગૃહઉદ્યોગ સ્થપાવ્યાં, સામૂહિક કાર્ય તરફ દોર્યાં, ખેડૂત મંડળની પ્રવૃત્તિ દ્વારા જમીન છોડાવી, મધ્યપ્રદેશના ગાઢ જંગલ વિસ્તારમાં–કઠ્ઠિવાડામાં આશ્રમ સ્થાપ્યો. આદિવાસી ભીલો પાસેથી બંદુકો છોડાવી, અનુડિયાને નરબલિમાંથી ઉગાર્યો, ડાકુઓના સરદાર સામંતસિંઘના પંજામાંથી આદિવાસી સ્ત્રીઓ અને ઠુંઠીને મૂકત કરી, આદિવાસીઓના ઝગડા પતાવ્યાં, આશ્રમમાં બાળકોને લાવી શિક્ષણ અને જીવનધોરણ અપાવ્યાં. આમ છતાં મહારાજના સેવાકાર્યમાં વિઘ્ન નાખનારાઓએ આશ્રમ ઉઠાવી લેવાની ધમકીઓ આપી, જાસાચિઠ્ઠીઓ મળી,આશ્રમનાં છોકરાઓને તોફાન કરવા ઉશ્કેર્યા તથા માર મારી નસાડી દેવામાં આવ્યા, મહારાજને ખતમ કરવા પેંતરા રચાયા, લાક્ષાગૃહની જેમ સૌને જીવતાં સળગાવી દેવાનીયે કોશિશ થઈ, જેલ ભોગવી અને અંતે પત્નીના ચારિત્ર્ય અંગે શંકાઓ કરી તેમ છતાં મહારાજને કરેલી મુસીબતો અને નડેલાં વિઘ્નો વામણાં અને તુચ્છ લાગતા હતાં. ઈશ્વરની કરુણાનો સાક્ષાત્કાર થઈ જતો હતો.

કથાનાયિકા અને મહારાજની પત્ની વનિતા આદર્શ સન્નારી અને સહનશીલતાની મૂર્તિ છે. પતિના કાર્યમાં સાથ આપનારી ત્યાગમૂર્તિ છે. મહારાજના મનની ગાંઠ ઉકેલી એમના બા–બાપુજીને પગે લાગવા લઈ જતી કૃતજ્ઞનારી છે. મહારાજને મારવા માટે આવેલી પોલીસ પર લાઠી વિંઝતી વીરાંગના છે. આદિવાસી બાળકોને શોધી આશ્રમમાં લાવવા, હજામત કરવી, વાળ ઓળાવવા, મેલું સાફ કરવું, નખ કાપવા અને નહડાવવા વગેરે કાર્ય કરનારી કર્તવ્યમૂર્તિ, વરૂબાળને ધવડાવતી વાત્સલ્યમૂર્તિ, માધોસિંગ આશ્રમ છોડીને જતાં ધ્રુસકે ધ્રુસકે રડતી કારૂણ્યમૂર્તિ અને મહારાજના બાના આશીર્વાદ પામતી સંસારીનારી છે. ખરેખર

વનિતા મા વસુંધરાનું સાક્ષાત સ્વરૂપ છે. આમ બન્ને પાત્રો ખરેખર નવલખાં મોતી છે, એ સદા ઝગમગતા જ રહેશે.

કૃષ્ણવીર દીક્ષિત નોંધે છે કે, ''વનવાસી તપોનિષ્ઠ માધવલાલના સેવામય જીવનની આ કથા છે, એના અત્યંત ઋજુ ભાવવિશ્વનું અને માનવતાલક્ષી અને સંવેદનતંત્રનું મનોહરી આલેખન અને માનવ્યને સિદ્ધ કરવા માટે દઢ સંકલ્પ બનેલા એ સેવાવીરના મધુર કરતાં કટુ વિશેષ એવા અનુભવોનું બયાન આ કથાનું રસતત્ત્વ છે.''[૧૨]

વર્ષા અડાલજાએ ચુનીલાલ મહારાજ જેવા મરજીવાની કથા આલેખવા સત્ય ઘટનાઓ, વાસ્તવિક વાતાવરણ અને જિવાયેલા સંઘર્ષોનો મુકાબલો નવલકથામાં આલેખ્યો છે. કથાનાયક વ્યકિતપાત્રોની ભીતર જાઈ છે. કથાનાયકનું આત્મસંવેદન નિર્વેદની ક્ષણને પણ જીરવી જઈ, તત્ત્વજ્ઞાનને પામે છે. માધવલાલ ભાંગી પડયા છતાં પાછા ટટ્ટાર થાય છે. મનનાં તમામ ઉદ્વેગો શમી જાય છે. 'હું માટીમાં મળી જઈશ પ્રભુ! બીજ બની ધરતીમાં ઊંડે ઊંડે દટાઈ જઈશ અને પછી ધરતીનું કઠણ પડ ભેદી લીલોછમ અંકુર બની ઊગી નીકળીશ. આજે કયારેક...જન્માન્તરે પણ અંધકારમાં દટાઈ જવાની ગૂંગળામણ વેઠી શકું એવા આશીર્વાદ આપો હે દેવ!' માધવલાલના જીવનમાં ગાંઠ છુટયાની વેળાએ અંતર્મુખ અવસ્થામાં અને આત્મ નિરીક્ષણની પળોમાં નીકળેલા ઉદ્‌ગાર છે. હૃદયભીના સંવાદો અને ઋજુતા દ્વારા ભાવ–ક્ષણોની નાટયાત્મકતા સ્થાપી છે. એકય પ્રસંગ ખોટા નથી, છતાં કયાંય કથારસને ક્ષતિ આવતી નથી. તો સ્થળ અને પાત્રના બાહ્ય વર્ણનો ભાવાત્મક ચિત્રાત્મકતા અર્પે છે. કચ્છી કહેવત, આદિવાસી બોલી અને હિન્દી ભાષાનો સમન્વય દ્વારા હૃદયસ્પર્શી અને કવિતામય ગદ્યપૂર્ણ ભાષાભિવ્યકિત અને અલંકારિક ગદ્ય લેખિકા પાસેથી મળે છે.'અગરબત્તીની જેમ ધીમે ધીમે મહેકતો અંધકાર', 'કચ્છની જોબનવંતી, મદભરી મેરાણીની કાળી આભલાંભરી ઓઢણી જેવી રાત', 'કોઈ ખોદકામમાંથી મળી આવેલા પ્રાચીન સમયના અવશેષો જેવાં ગામડાં', 'ખંડેરમાં ચામાચીડિયા જેમ અંધકાર રાત્રે બહાવરો બની ભટકતો, પાંખો ફફડાવતો' અને 'વેણ તો ઝેરી બાણની જેમ છાતીમાં વાગે જ. ઝેર તો શંકરને પણ પીવું પડયું હતું. વનિતા આપણામાં અહં કેટલું ભર્યું છે એ જોવા સારું આ ઘણના ઘા છે. આપણે ઝાકળનું ટીપું હોઈશું તો સૂરજના તાપમાં વરાળ બની ઉડી જઈશું, અને નવલખું મોતી નીવડશું તો ઝગમગતા રહીશું. આ આપણી કસોટી છે

વનિતા!' આવા ગદ્યખંડો અને ગદ્ય પંક્તિઓ વાચનની ક્ષણો રસથી અને રમણીયતાની અનુભૂતિ સભર કરી મૂકે છે. હાસ્ય, શૃંગાર અને કરુણરસના સમન્વયમાં ખરો રસ તો માનવરસ નવલકથામાં પાને પાને પ્રગટ થાય છે. આથી આખીય નવલકથા સરલ અને અનોખી કૃતિ વાંચ્યાનો સંતોષ આપે છે. ગુજરાતી ભાષાની જીવનચરિત્રમૂલક નવલકથાની હરોળમાં ટકી રહે એવી કલાકૃતિ છે.

જયંત ગાડીત ટકોર કરતાં નોંધે છે. કે, ''ગાંઠ છૂટયાની વેળા'(૧૯૮૦) ચુનીલાલ મહારાજના જીવન પરથી આલેખાયેલી ચરિત્રાત્મક નવલકથા છે, પરંતુ 'પ્રકાશનો પડછાયો' જેવી સફળતા અહીં લેખિકાને મળી નથી. કારણ કે મહારાજના પાત્રનું વધારે પડતું આદર્શીકરણ, વખતોવખત અકસ્માતના તત્ત્વનો આધાર લેવાથી કૃતિ પ્રતીતિકરતા ખોઈ બેઠી છે.''[૧૩]

।। ૫.'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા'–પન્નાલાલ પટેલ, ૧૯૮૩ ।।

પરમવૈષ્ણવ, ભકિતશિરોમણિ અને મધ્યકાલીન સંતકવિ નરસૈંયાના જીવનને કેન્દ્રમાં રાખી ૧૯૮૩માં પન્નાલાલ પટેલે લખેલી નવલકથારૂપ જીવનકથા એટલે 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા.' વાસ્તવિક પ્રસંગો, ચમત્કારી પ્રસંગો અને દંતકથાઓના સંમિશ્રણથી નરસિંહ મહેતાનું અખિલરૂપ એકતાલીસ પ્રકરણ અને ચાર સો સત્યાવીસ પૃષ્ઠોમાં આલેખ્યું છે. પન્નાલાલે ત્રણ ચરિત્રાત્મક નવલકથાઓ આપી છે. 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા'(૧૯૮૩) તથા 'જેણે જીવી જાણ્યું'(૧૯૮૪)એ અનુક્રમે મધ્યકાલીન ભકત નરસિંહ મહેતા અને લોકસેવક રવિશંકર મહારાજના જીવન પરથી લખાયેલી ચરિત્રપ્રધાન નવલકથાઓ છે. તો 'જિંદગી સંજીવીની' ભાગ–૧/૭(૧૯૮૬) પોતાના જીવન આધારિત આત્મકથાત્મક નવલકથા છે. આ નવલકથામાં કલ્પનાનું તત્ત્વ ભળ્યું હોવાથી જીવનચરિત્ર કહેવાને બદલે નવલકથા કહી છે.

નરસિંહના મુખ્યપાત્રને કેન્દ્રમાં રાખી લખાયેલ 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા' નવલકથામાં પ્રસંગોનું આલેખન આ રીતે વિભાજિત કરી શકાય. ભાભીએ મહેણું માર્યું એટલે ગૃહત્યાગ કર્યો. મોટાભાઈ જીવણરામે શોધખોળ કરી. પણ નરસિંહની અનન્ય ભકિતથી હરિ અને હરના પ્રત્યક્ષ દર્શન થયા. દ્વારકામાં નાગર કુટુંબનો ભેટો થયો. તળાજા અને દ્વારકા થઈ જૂનાગઢ આવ્યા. પ્રભાતિયાં, ભજન અને પદોનું સર્જન તથા ગાન કર્યું. શૃંગારિક પદોને કારણે નાગરી નાત સાથે સંઘર્ષ થયો. દશધા ભકિતના પ્રથમ વાયક બન્યા. પુત્ર શામળશાનું સગપણ અને વિવાહ કર્યા. પત્ની અને પુત્રનું મૃત્યુ થયું. કુંવરબાઈનું મામેરું કર્યું. સમોવણનો પ્રસંગ, હરિજનવાસમાં ભજન અને કીર્તન તથા રા'માંડલિક દ્વારા નરસિંહના પારખાં વગેરે પ્રસંગોમાંથી નરસિંહની ભકત તરીકેની કસોટી થાય છે. નરસિંહ માટે કવિતા એ ભકિતનું સાધન હતું. એટલે જયારે સંકટમાં મૂકાયાં ત્યારે ભકિત કવિતાનો સહારો લીધો હતો. જીવનના દરેક કસોટી પ્રસંગે સ્વસ્થ, અવિચળ અને અખૂટ શ્રદ્ધાવાન નરસિંહ રહે છે.

પન્નાલાલ પટેલ 'પૃથ્વી પરનો પહેલો પેગામ' પ્રસ્તાવનામાં નરસિંહના જીવન વિશે નવલકથા લખવા પાછળનો આશય સ્પષ્ટ કરે છે કે, એક, ''મારી જાણ પ્રમાણે હરિ–હરનો પરમ ભકત નરસિંહ આ પૃથ્વી પર પહેલો પુરુષ હતો, જેણે જગત આગળ દશધા

ભકિતની વાત કરી. મૂકિતની ના પાડનાર ને શરીર શોધવાની વાત કરનાર નરસિંહ મને અત્યાર સુધીનાં શાસ્ત્રોમાં પહેલો જોવા મળે છે. બે, મારા હિસાબે નરસિંહ, એની પૂર્વે થઈ ગયેલા (અવતારોને બાદ કરતાં) અસંખ્ય મહામાનવોના શિખર ઉપર સ્થાપિત થયેલો છે. આ જગતમાં પહેલી જ વાર સત્યપથે માનવ જીવન જીવી દેખાડનારો પરમ માનવ છે. અને વળી એ પોતાની સાથે દશધા ભકિતનું વાયક લઈને ચોખા મૂકવા આવેલો પહેલો પેગામ પણ સ્વાભાવિક રીતે જ બની રહે છે. કવિ તરીકે પણ નરસિંહ આદ્યકવિ જ નહિ આર્ષદષ્ટિ પામેલો શાશ્વત કવિ છે.''[૧૪]

શાસ્ત્રોમાં નવધા ભકિત માટે શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, સખ્ય, દાસ્ય અને આત્મનિવેદનનાં પ્રકારો બતાવ્યાં છે. નરસિંહ આ નવધાભકિત ઉપરાંત દશધા ભકિત તરીકે દેહદાનને સ્થાપે છે.

'શરીર શોધ્યા વિના સાર નહિ સાંપડે,
પંડિતા પાર નહિ પામો પોથે.'

'દશધા ભકિત' પ્રકરણમાં નરસિંહે દશધા ભકિતની વાત આ પ્રમાણે આપી છે. 'આત્મદાન એ નવમી અને છેલ્લી ભકિતઃ દેહદાન. દાન એટલે દ્વૈત મટી અદ્વૈત પ્રાપ્તિ– પ્રભુ સ્વરૂપ આ છે દશમી અને પૂર્ણતમભકિત '(પૃ.૧૦૭)

નરસિંહ મહેતાના વેવાઈ દીવાન મદન મહેતાને એમનો જ કુળગોર દીક્ષિત નરસિંહ મહેતા વિશે કહે છે કે, 'નરસિંહ તો કોઈ અલૌકિક પુરુષ છે. આપણાં શાસ્ત્રોએ કયાંય પણ શરીરનું માહાત્મ્ય કરેલું જોવામાં આવતું નથી. કર્યું હશે તો પણ એક સાધન તરીકેનું. જીવનમાં શરીર જ પોતે મૂળ પદાર્થ છે એ તરફ આ જગતનું ધ્યાન દોરનાર એકમાત્ર નરસિંહ જ પૃથ્વી પરનો જ પહેલો પુરુષ છે. એની વાણી એની નથી, ખુદ પરબ્રહ્મની વાણી છે.'(પૃ.૧૩૯) નરસિંહ મહેતાએ દશધાભકિત વિશે પંડિતોને ઉદ્દેશી કહ્યું છે, 'સજ્જનો, મેં ભગવાન પાસે મુકિત માગવાને બદલે જન્મો જન્મ અવતાર માગ્યો છે, કારણ કે ભગવાન પાસેથી સીધે સીધા મળેલા જ્ઞાન દ્વારા મને આ સૃષ્ટિના જીવનનો અર્થ સારી પેઠે સમજાઈ ગયો છે કે, શરીર શોધ્યા વિના સાર નહિ સાંપડે. આપણે સહુએ આજે નહિ તો કાલે મુકિતનું નહિ પણ શરીરનું તપ કરવું પડશે.

‘હરિના જન તો મુકિત ન જાચે,.

જાચે જનમોજનમ અવતાર રે.’

‘આત્મદાન પછી દેહદાનની દશમી ભકિત લીધા વગર પૃથ્વી ઉપર કદીય મનુષ્ય જીવનનો નિવેડો આવવાનો જ નથી.’(પૃ.૩૯૩)

આથી ધ્વનિલ પારેખ નોંધે છે કે, ‘‘પન્નાલાલ આવા નરસિંહને આ દશધા ભકિતના પુરસ્કર્તા અને ‘પરમ માનવ’ રૂપે આ નવલકથામાં સ્થાપવા માગે છે અને એ માટે એમણે નરસિંહના જીવન સાથે સંકળાયેલી જાણીતી ઘટનાઓનો આધાર લીધો છે.’’[૧૫]

નરસિંહે શૈવપંથ છોડી વૈષ્ણવપંથ અપનાવ્યો. શૃંગારના પદો રચ્યાં અને હરિજન વાસમાં ભજન અને કીર્તન ગાયું. એને કારણે નરસિંહ પ્રત્યેની નાગરોની નારાજગી વધતી ગઈ. નરસિંહ વિશે નાગરી નાતનો દ્વિધા ભાવ રહ્યો છે. એ નરસિંહને સંપૂર્ણ સ્વીકારી પણ નથી શકતી કે એનો તિરસ્કાર પણ નથી કરી શકતી. આમ નાગરોનો સંઘર્ષ અંત સુધી નિરુપાયો છે. આખરે નરસિંહ જૂનાગઢનો ત્યાગ કરી, માંગરોળમાં પહેલાં પોતાની વાણી અને પછી દેહને વિરામ આપે છે. એ સમાચાર મળતા રાણીની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં. બંને હાથ જોડતાં જ નજર સમક્ષ વૈજયંતી ધારણ કરેલા મહેતાજીની મનોહર છબી ખડી થતાં વંદી રહી. રાણીને એ દિવસ યાદ હતો. સં.૧૫૧૨ માગસર સુદિ ૭ને સોમવાર (૧૬/૧૧/ ૧૪૫૫)નો દિવસ હતો. મનોમન કહેતી હતી. ‘કળિયુગના આ દારૂણ કાળમાં પૃથ્વી પરથી ભલે બધું ભુલાઈ જશે પણ સાક્ષાત્ ભગવાને નરસિંહ મહેતાને વૈજયંતી પહેરાવી હતી એ વાત કોઈ પણ કાળે ભુસાશે નહિ. મહેતાજીની વાણી જ પોતે અમર થઈને કાળની સામે ટક્કર લેશે, એમણે ભાખેલી દશધા ભકિત પોતે જ દિવ્યરૂપ ધરીને જ રહશે.’(પૃ.૪૨૭)

નવલકથાના આરંભમાં ભાભી નરસિંહની ઓળખ આપે છે.‘દિયર અઢારેક વર્ષનો હતો. એના ખભે ખડિયો હતો. માથા ઉપર લાલ રંગની પાઘડી હતી. છૂટી પાટલીનું ધોતિયું હતું ને કસોવાળું અંગરખું હતું. ઉપર ચંદનનું વૈષ્ણપંથી તિલક હતું. દિયરનું નામ નરસિંહ હતું.’ (પૃ.૧૦) આ ભાભી પાસે સાધુની હાજરીમાં પાણી માગ્યું ને મહેણું મળ્યું. ‘હાસ્તો કમાણીનો પોટલો બાંધીને આવ્યા છો તે ’ આમ કમાણીનું પોટલું બાંધવા નરસિંહ વનમાં તપ કરતાં હરિ–હર પ્રસન્ન થાતા દ્વારકા પહોંચે છે. એક ગૃહસ્થ નાગર કુટુંબ મળતા

જૂનાગઢ આવે છે. સતત નરસિંહનો વિરોધ કરનાર મુનસફે ચેતવણી આપતા કહ્યું કે, 'હવે પછી આવી અશ્લીલ અને વ્યભિચારી લીલા જાહેરમાં ગાઈશ તો હું તને નગર બહાર હાંકી કાઢીશ.' એમ કહ્યા પછી નરસિંહનું વ્યકિતત્વ જુઓ, 'નરસિંહે એક કાન તરફ ઝૂમખાવાળું છોગું લટકતું રાખીને ખાસું મોટું પાઘડું વીંટયું હતું. બંને કાને ફૂલ આકારનાં કુંડળ હતાં. સાથળ સુધીના અંગરખા ઉપર દુપટ્ટો વીંટયો હતો. છૂટી પાટલીએ પહેરેલું પીતાંબર પગની પિંડીઓ નીચે હતું ને બંને પગમાં ચાંદીના જાડાં જાડાં કડાં હતાં. ઓછું હોય તેમ ગળામાં તાજાં ફૂલોની વૈજયંતી હતી. ચહેરો પણ કૂણી કૂણી મૂછોમાં પ્રભાવશાળી નહિ તો પણ બેપરવા તો લાગતો જ હતો. અને વળી એ કોઈ ખૂબ જ નજીકનો સંબંધી બલકે સુહૃદ હોય એવી આંખે પોતાની તરફ જોતો હતો. આખોય એ હળવો ફૂલ હતો.'

કથાનાયક નરસિંહનું વ્યકિત્વ અનેકરૂપે નવલકથામાં પ્રગટ થાય છે. હરિ–હરનો પરમ વૈષ્ણવ, ભકતશિરોમણિ, પ્રજ્ઞાપુરુષ, ભકતરાજ, આદ્યકવિ, શાશ્વતકવિ, સંતકવિ, કવિરાજ, આર્ષદષ્ટા, સમદષ્ટા, ધર્મનિષ્ઠ, સત્યરૂપ, ગૃહસ્થ નાગર, પ્રજ્ઞામાનસ ઋષિ, વિચક્ષણ પુરુષ, ધન્યપુરુષ, ચમત્કારી પુરુષ, જ્ઞાનપુરુષ, મહાપુરુષ, અલૌકિક પુરુષ, વિરલપુરુષ, ત્રિકાળજ્ઞાની, જળકમલવત્, ધન્યનરસૈંયો, જીવન્મુકત, નર–સિંહ, કુળવાન નાગર, યોગી, નિર્ભય, તત્ત્વ જ્ઞાની, પ્રેમજ્ઞાની, મન, વાણી ને કર્મથી હરિમય, સરળ, શાંત અને સંસાર વિરકત, અચલ ઈશ્વર શ્રદ્ધાવંત, ઉચ્ચ કોટિનું કાવ્યગાન, હૂંડીકાર, દશધા ભકિતનો પ્રથમ ગાયક, ભકતવર્ય અને વાણીનું વરદાન પામનાર આદર્શ ભકતકવિ છે. નવલકથામાં અનેક વિશેષણોથી વિભૂષિત નરસિંહ પરમ વૈષ્ણવ પદ પામે એ યથાર્થ છે.

નવલકથામાં આવતા ગૌણ પાત્રોમાં મહેણું મારતી ભાભી અને વત્સલ મોટાભાઈ જીવણરામ. ગૃહિણી માણેકબાઈ, પુત્ર શામળશા, પુત્રવધૂ રતન અને પુત્રી કુંવર બાઈ–સૂરસેના. વેવાઈ વડનગર રાજયના દીવાન મદનલાલ મહેતા અને વેવાણ સગુણા. દીક્ષિત મહારાજ, ઊના ગામના શ્રીમંત નાગર શ્રીરંગ મહેતા, ખોખલા પંડયાજી, કુંવરબાઈના સાસુ અને વડસાસુ, વૃધ્ધ પરસોત્તમકાકા અને પુત્ર નરોત્તમ, રતનનો ભાઈ, શિષ્ય હરિદાસ, જૂનાગઢના રાજવી રા'માંડલિક અને રાજરાણી, નાગરોના પ્રમુખ છોટાકાકા, ગજાનન, મુનસફ, વસંત, મથુર, સુબેદાર, દામોદર કુંડના મહંત, ખુફિયો મોહનગિરિ, સીતારામ,

સિપાઈ, અંગરક્ષક, નાગરો, ગૃહસ્થો, સાધુઓ, હરિજન ભકતો વગેરે પાત્રના સંવાદથી નરસિંહનું વ્યકિતત્વ પૂર્ણરૂપે પામી શકાય છે. નરસિંહ સાચેસાચ જ પ્રજ્ઞાપુરુષ છે. એ કયાંય ઉપદેશ નથી આપતા પણ જીવનનું રહસ્ય પામીને બેઠો છે. નવલકથામાં ઠેર ઠેર નરસિંહ વિશે અન્ય પાત્રના સહજ ઉદ્‌ગારો જોવા મળે છે. એ ઉદ્‌ગારો જ નરસિંહનું અખિલ વ્યકિતત્વ, પરમ વૈષ્ણવરૂપ, શ્રેષ્ઠ ભકતની લાક્ષણિકતા અને પરમવૈષ્ણવ શીર્ષકની યથાર્થતા પ્રગટ કરે છે.

કથાનાયક નરસિંહના વ્યકિતત્વને પ્રગટ કરતાં સહજ ઉદગારો નવલકથામાં ઠેર ઠેર જોવા મળે છે. 'ભાભી નથી બોલતી, ભાભીની પ્રકૃતિ બોલે છે.', 'ક્રોધને વશમાં રાખવો એ જ મોટામાં મોટી જીવનસિદ્ધિ છે.', 'ભગવાને મને વચન આપેલું છે કે, ભીડ પડયે મને પોકાર કરજે, આવીને ઊભો રહીશ.', 'મારી અનુભૂતિ સત્યરૂપ જ છે.', 'રાસ કે ગરબી વખતે હું સાચેસાચ જ સ્ત્રીભાવમાં મુકાઈ જાઉં છું.', 'પ્રેમમય બન્યા વગર ભગવાનમય બની શકાતું નથી.', 'જીવન ભગવાનમય બનાવવા માટે છે, ત્યાગવા માટે નથી.', 'મારે મન તો સકળ સંસાર એક જ છે.', 'ભગવાનની લીલા અકળ છે.', 'ચિંતા ન કરો. આપણા માથે શ્રીહરિ બેઠેલો છે. આપણા કરતાં એને પોતાના ભકતની ચિંતા વધારે છે.', 'મિત્ર પણ ભગવાન ને વિરોધીઓ પણ ભગવાન ', 'જેણે લોકનિંદા સહી એણે આ સૃષ્ટિ જીતી છે.', 'સંગ્રહમાં માત્ર ભકિત છે ને એ જ પોતે પારસમણિ છે. દીકરી માગશે તે બધું મળી રહેશે. દોઢ મણનું કાળજું રાખો ', 'હે દીનાનાથ, તું જ એક અશરણનું શરણ છે.', 'પ્રેમ આપ્યો, ભકિત આપી, જ્ઞાન આપ્યું. ને ભીડની વખતે સહાય થવાનું વચન પણ આપ્યું છે.', 'ભગવાનના નામ સિવાય કશી જ દવા કરતો નથી.', 'બધાયમાં ભગવાન જોતા થઈ જાઓ. દુઃખ એય ભગવાન ને સુખ એય ભગવાન ', 'અછૂત કોઈ છે જ નહિ. તમે તો હરિનું નામ લેનાર હરિજનો છો.', 'જે ચાલે નરસિંહ ગયો હતો એ જ ચાલે પાછો ફરી રહ્યો હતો.'

નરસિંહનું વ્યકિતત્વ અન્ય પાત્રના કટાક્ષમાં પણ સોળે કળાએ ખીલે છે. થોડાંક ઉદ્‌ગારો જોઈએ. 'નરસિંહ આપણા કુળને આ જગતમાં અમર કરી જશે.', 'નરસિંહ મહેતાની ટચલી આંગળીની તોલેય મદન મહેતા આવી શકે એમ નથી.', 'ભાઈ, વરના પક્ષે સાક્ષાત ભગવાન છે, તો કન્યા પક્ષે બહુ બહુ તો આપણા મહારાજ છે ', 'નરસૈંયો જેવો તેવો નથી. એ સાચા અર્થમાં 'નર–સિંહ' છે.', 'મારે આંગણે નરસિંહ મહેતાની જાન નહિ પણ ખુદ

ભગવાનની પધરામણી થઈ છે.', 'નાગર નાતમાં આવો વિવાહ થયો નથી કે થશે નહિ નરસિંહ મહેતાએ તો મંદિર ઉપર ઇંડું જાણે સ્થાપી દીધું', 'નરસિંહના પ્રતાપે મદન મહેતો અવની ઉપર અમર થઈ ગયો ', 'ભકતરાજ, તમને તો ભગવાન હાજરાહજૂર છે. કે'શો તો આભમાંથી ઠંડું પાણી મોકલશે.', 'મહેતાજી તો આપણા માથે છાંયડો છે.', 'ધન્ય મહેતા નરસિંહને ને ધન્ય તમારી ભકિતને ', 'આ વૈષ્ણવજનને વળગી પડશો તો તમારો બેડો પાર છે.', 'ધન ધન નરસિંહ ધન છે તારી ભકિતને ધન છે, તારી ગિરનાર સરખી અવિચળ શ્ર ાને ...', 'ચારે બાજુ શ્રીકૃષ્ણના પરમભકત તરીકે એક મોઢે સ્વીકારાતો થઈ જ ગયો.', 'ભકત નરસિંહ જુગ જુગ જીવો ...એની વાણી અમર તપો ', 'હું આ પરમ વૈષ્ણવની માફી પહેલી ને છેલ્લી માગી લઈશ.' વગેરે ભાવ અને ચિંતનપૂર્ણ ઉદ્ગારો નરસિંહના વ્યકિતત્વને ઉજાગર કરે છે.

પન્નાલાલે 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા' જીવની પરક નવલકથામાં જુદા જુદા પાત્રોની પરિસ્થિતિ અનુસારની ભાષા નિપજાવી છે. ભકતકવિ નરસિંહની ભાષા સહજ, સરળ, હૃદયસ્પર્શી, નિરાડંબરી, કવિત્પૂર્ણ, તત્સમ્ અને તળપદી લહેકો ધરાવે છે. આફુડો, બલા, ચોપાડ, પ્રાંગણ, ડીડવાણું, તૂત, ડિંગ, ગલૂડિયાં, ગોટિંબડાં, મોંસૂઝણું, ભરભાખળું, પાડાનું પૂંછડું, ધોરી, પાઘડું અને અભાગિયા આદિ સોરઠી શબ્દો વિનિયોગ કર્યો છે. તો વળી સર્જક રૂઢિપ્રયોગો અને કહેવતો દ્વારા ધાર્યું લક્ષ્ય સિદ્ધ કરે છે. ઉદા. તરીકે, 'પારકી વાત ગોળથીય મીઠી', 'જેવી સંગત એવી અસર', 'દૂબળો માણસ ઢોકળે રાજી ' 'અકકરમીનો પડિયો કાણો', 'સોનાની થાળીમાં લોઢાની મેખ', નાગર બચ્ચા હોય ન કચ્ચા ', 'આપપસંદ ખાવું ને પરપસંદ પહેરવું', 'કયાં રાજા ભોજ ને કયાં ગાંગલો તેલી ', 'સૂડી વચ્ચે સોપારી', 'ઘર ફૂટયે ઘર જાય', 'ઘર કહે કે મને ઉકેલી જો ને વિવાહ કહે કે મને માંડી જો ', 'ખેલ ગયા ને મેરા તેલ ગયા', 'કડું કૃષ્ણ ને સાકર શામળિયો', 'હરિ હરડે ને સૂંઠ સારંગધર' આ બધું પન્નાલાલની સર્જનશકિતનો ફાલ છે.

રાજાની અહંકારયુકત ભાષામાંથી તિરસ્કાર પ્રગટ થાય છે. તો નાગર ન્યાતની વિશિષ્ટ લહેકાવાળી ભાષા ભંગીઓ નવલકથામાં ઘણી જગ્યાએ જોવા મળે છે. નરસિંહ આપણા કુળને આ જગતમાં અમર કરી જશે., ભાઈ, વરના પક્ષે સાક્ષાત ભગવાન છે., નરસૈંયો જેવો

તેવો નથી. એ સાચા અર્થમાં 'નર–સિંહ' છે., ભકતરાજ, તમને તો ભગવાન હાજરાહજૂર છે. કે'શો તો આભમાંથી ઠંડું પાણી મોકલશે., ધન્ય છે મહેતા ભકિત તમારી , મહેતાજી તો આપણા માથે છાંયડો છે., ગમે તેમ પણ નરસિંહના કંઠમાં કામણ તો છે જ છે., 'આ વૈષ્ણવજનને વળગી પડશો તો તમારો બેડો પાર છે.

મધ્યકાલીન સંતકવિ નરસિંહના જીવન ઉપરથી પન્નાલાલે આ નવલકથા રચી છે. ત્યારે એના આલેખનમાં કવિના પ્રભાતિયાં, ભજન અને પદકાવ્યપંકિતનો પણ સતત વિનિયોગ કર્યો છે. એને કારણે કેટલીયે પંકિતઓ પુનરાવર્તિત થતી રહે છે. 'નવધામાં નવ હોય નિવેડો..'(પૃ.૬૯,૯૪,૩૯૪), 'હું ખરે તું ખરો..'(પૃ.૧૦૪,૨૧૦,૨૧૫,૩૩૨), 'શરીર શોધ્યા વિના સાર નહિ સાંપડે...'(પૃ.૧૩૯,૨૧૩,૨૧૫,૨૫૮,૩૯૩), 'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા...'(પૃ.૧૮૭,૩૩૨,૩૭૯) વગેરે પંકિતઓ દ્વારા નરસિંહ મહેતા પોતાનું દર્શન સમજાવતા રહે છે. પણ વારંવાર એક ને એક પંકિતનો વિનિયોગ કરવાથી કથારસમાં અવરોધરૂપ બને છે. પૃષ્ઠ ૨૯૪ પર નરસિંહ સાખી સંભળાવે છેઃ 'રાણાજીને રઢ કરી, વળી મીરાં કેરે કાજ ઝેરના પ્યાલા મોકલ્યા રે' અહીં મીરાંનો સંદર્ભ સમયની દષ્ટિએ કઈ રીતે સમજવો? એ પ્રશ્ન ઉદ્‌ભવે છે. એક જ પ્રકરણમાં પુત્ર, પત્ની તથા સ્નેહી પુરુષોત્તમકાકાનાં મૃત્યુનું નિરૂપણ યોગ્ય લાગતું નથી. શૃંગારના પદોનો પાંચ પ્રકરણ સુધી અતિવિસ્તાર કરે છે. આથી કથાની સંકલનામાં કયાંક વેગ જોવા મળે છે તો કયાંક અસંતુલન પણ જોવા મળે છે. ચમત્કારના પ્રસંગોને યથાવત્ આલેખ્યાં છે. પણ વ્યવહારિક રીતે ચમત્કારી તત્ત્વને નિવારવું જરૂરી લાગે છે. આવી થોડીક મર્યાદા બાદ કરતા આ નવલકથા સંઘર્ષજન્ય ભકિતરસથી તરબોળ બની રહે છે.

અંતે ગાંધીમુખે ગવાતું વિશ્વના ઘુમ્મટ ઉપર ગુંજતું નરસિંહનું ભજન.

વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે
પરદુઃખે ઉપકાર કરે ને મન અભિમાન ન આણે રે.

અને એક ગૃહસ્થ નાગરે કહ્યું. 'ભકતરાજ, તમારું પહેલું જ ભજન સાંભળીને મારો આત્મા બોલી ઊઠયો હતો કે આ કોઈક અલૌકિક શબ્દાવલી છે. આ વાણીમાં ઉપદેશ નથી પણ માણસના હૈયાને સ્પર્શી જાય એવી કોઈક આર્ષવાણી છે. આ ભજનને કાળ, સ્થળ, વર્ણ કે

વર્ગ કશાયની વાડ નડે તેમ નથી. સમસ્ત વિશ્વ માટેનો ઉદ્‌ઘોષ છે.'(પૃ.૩૭)

જયંત ગાડીત 'પરબ'માં નોંધે છે કે, '૧૯૮૫નો જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર પન્નાલાલ પટેલ 'પરમવૈષ્ણવ નરસિંહ મહેતા'(૧૯૮૩) અને 'જેણે જીવી જાણ્યું'(૧૯૮૪) નવલકથાઓ આપી છે. 'પરમવૈષ્ણવ નરસિંહ મહેતા' નરસિંહ જીવન વિશે પ્રચલિત સામગ્રીનો ઉપયોગ કરી રચાયેલી છે, પણ નરસિંહના જીવનને કોઈ જુદા પરિપ્રેક્ષ્યથી લેખકે જોયું હોય એમ નથી લાગતું. 'જેણે જીવી જાણ્યું'ને તો રવિશંકર મહારાજનું ચરિત્ર કહેવામાં વધારે ઔચિત્ય છે.' આમ, 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા' જીવનચરિત્રમૂલક નવલકથાના મહાભિષણ જીવન સંગ્રામમાં પણ વાચકોનાં હૃદયમાં ભગવાન તરફ શ્રદ્ધા પ્રગટાવશે જ એ માટે કોઈ બેમત નથી.

'કથાર્થ'માં પ્રવીણ દરજી નોંધે છે કે, ''પન્નાલાલ પટેલની 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા' સહેજ જુદી રીતે ઉલ્લેખનીય બને છે. પ્રસિદ્ધ વ્યકિતના જીવનના અંશોને લઈને કૃતિ રચવી અને તેય રોચક કૃતિ લખવી એ એક વિશિષ્ટ સર્જકકર્મની અપેક્ષા રાખે છે. જુદા જ પ્રકારની લેખનશિસ્ત ત્યાં પ્રવર્તતી હોય છે. આપણે ત્યાં અત્યારે પ્રમાણમાં એવી કૃતિઓ ઓછી લખાય છે. પન્નાલાલે નરસિંહના પાત્રને કેન્દ્રમાં રાખીને એ સંદર્ભે આપણને એક મનોરમ કૃતિ આપી છે.''[૧૬]

।। ૬. 'જેણે જીવી જાણ્યું'–પન્નાલાલ પટેલ, ૧૯૮૪ ।।

પન્નાલાલ પટેલે ખરેખર જેણે શતાયું જીવી જાણ્યું એવા પૂજય રવિશંકર મહારાજના જીવન અને સેવાકાર્યોનું નવલકથા ઢબે આલેખન કર્યું છે. નવલકથાની સામગ્રી માટે સર્વોદય મંડળે સંપાદન કરેલો મહાગ્રંથ 'મૂઠી ઊંચેરો માનવી'નો આધાર લીધો છે. સર્જકનો મહારાજ પ્રત્યેનો દષ્ટિકોણ કંઈક અલગ છે. ''મહારાજના જીવનને હું બીજી રીતે પણ જોઉં છું. જેમ કે નરસિંહ મહેતાએ વાણી દ્વારા ભગવાનનું ભજન કર્યું હતું, તો રવિશંકર મહારાજે દેહ દ્વારા એ ભગવાનનું–જનતા જનાર્દનનું યજન કર્યું છે પરિણામે 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા' લખીને મેં નરસિંહના ગુણ ગાયા છે તો આજે વળી 'જેણે જીવી જાણ્યું' લખીને મેં શતાયું રવિશંકર વ્યાસના ગુણ ગાયા છે. મને તો ત્યાં સુધી છે કે ભારતીય સંસ્કૃતિના ભાવિ અભ્યાસીઓ પરાર્થે ખર્ચેલા મહારાજના જીવન ઉપરથી આ સૃષ્ટિ ઉપરના મનુષ્યનું જીવનદર્શન મૂલવી જોશે.''[૧૭]

ગુજરાતના ગાંધીવાદી મૂકસેવક રવિશંકર મહારાજનો જન્મ મહાશિવરાત્રીના અમૃતમય–મંગળમય દિવસે નાથીબાને કૂખે થયો. એ જ દિવસે પિતા શિવરામનું સસરાના ઘરે આગમન થાય છે. શિવકથાકાર દાદાચાર્યે નવજાત શિશુની જન્મકુંડળી અને નામકરણ કર્યું. વિદ્યાર્થી–વત્સલ શિક્ષક પિતા પાસેથી સ્વાશ્રયી, સત્યનિષ્ઠા, નિર્ભયતા અને કોઈનુંય કામ કરી છૂટવાની તત્પરતાના પાઠ શીખ્યાં. માતા તરફથી ધાર્મિકતા અને કરકસના ગુણો વારસામાં મળ્યાં હતા. બચપણમાં ગેડીદડો, મોઈદંડા, આંબલી–પીપળીની રમત તથા નદીમાં નહાવા અને તરવાની લિજ્જત માણી હતી. ગુજરાતી છ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. મહારાજનો કામઢું સ્વભાવ હતો. લોકોને સન્માર્ગે દોરવા અને શિક્ષણ આપવાનું સહજજ્ઞાન હતું. નાની ઉંમરે આર્યસંસ્કૃતિનું હાર્દ સમું પુસ્તક 'સત્યાર્થપ્રકાશ'નું વાંચન કર્યું હતું. ગોરપદાનું માહાત્મ્ય અને ગૌરવ લોકોને સમજાવ્યું. વીસ વર્ષે માતા–પિતાનો છાંયડો ગુમાવ્યો. માતાના અવસાન પ્રસંગે રડવાકૂટવાનો અને કારજ પ્રસંગે જ્ઞાતિભોજનો રિવાજ બંધ કર્યો. બે ચોપડી ભણેલા સૂરજબા સાથે લગ્ન કરી ખેતીકામ અને યજમાનવૃત્તિની જવાબદારી ઉપાડી. યાત્રાળુંના ત્રણ વ્યકિતને નદીમાં ડુબતાં ઉગારનાર પરગજું સાહસવીર હતા.

વીસ વર્ષની વયે કથાનાયક રવિશંકર મહારાજને આર્યસમાજનો રંગ લાગ્યો. સ્વામી દયાનંદે રાષ્ટ્રીય અસ્મિતાનું બીજ વાવ્યું જે બીજ સ્વામી રામતીર્થ અને સ્વામી વિવેકાનંદના ઉપદેશોથી અંકુરિત થયું. વડોદરા રાજયના ખેતીવાડી ફાર્મના સુપ્રિન્ટેન્ડન્ટ અને ક્રાંતિકારી રાષ્ટ્રભકત મોહનલાલ કામેશ્વર પંડયા અને કવિ છોટાલાલની મૈત્રીને કારણે રાષ્ટ્રીયતાનો રંગ લાગ્યો. ૧૯૧૬માં મોહન પંડયાએ અમદાવાદના કોચરબ આશ્રમમાં મહારાજને ગાંધીજીનો પરિચય કરાવ્યો. પ્રથમ દર્શને જ તેઓ ગાંધીજીથી આકર્ષાયા. આથી સદ્કાર્ય કરવાની ભૂખ જાગી. મેધાવ્રત, વિષ્ણુભાઈ, મહાલક્ષ્મી અને લલિતાની જવાબદારી પત્ની સૂરજબાને સોંપી દેશસેવાર્થે ગૃહ ત્યાગ કર્યો. અનાથાશ્રના પ્રથમ કામમાં અદ્ભુત સફળતા મળી. મહારાજે કરુણામય પ્રેમથી ચોર, ડાકુ, બહારવટિયા, ખૂની અને દારૂડિયાઓના અંતરના ઊંડાણમાં પડેલી સદ્ભાવનાઓ જગાડી માનવતાના દીવડા પ્રગટાવ્યાં.

કથાનાયક રવિશંકર મહારાજે અનેકવિધ કાર્યો કર્યા છે. જેમાં સરસવણી ગામમાં રાત્રે બહારવટિયા સામે પડકાર ફેંકયો. કસ્તૂરબાએ રેંટિયાની ભેટ આપી. 'હિંદ–સ્વરાજ'ની પુસ્તિકા ઘેરઘેર પહોંચાડવાનું કાર્ય બજાવ્યું. મુસલમાન મોદીને ત્યાં ગુમાસ્તાનું કામ કર્યું. ૧૯૨૧માં મહેમદાબાદમાં પરદેશી કાપડની હોળીમાં પાઘડીનો હોમ કરી ખાદી ટોપી ધારણ કરી, ગાંધી રંગે રંગાઈ ગયા. ગાંધીજીનો સ્વરાજનો સંદેશો ગુજરાતને ગામડે ગામડે પહોંચાડવા પગપાળા ઘૂમતાં રહ્યા. આથી મહારાજ ગાંધીજીના ટપાલી તરીકે ઓળખાવા લાગ્યા. ગાંધીજીએ 'મહારાજ'નું બિરૂદ આપ્યું હતું. ૧૯૧૯માં ઘર છોડી સુણાવ ગામમાં રાષ્ટ્રીય શાળા શરૂ કરી. ઝંડા સત્યાગ્રહની લડતમાં સાત માસની જેલ ભોગવી. હૈડિયા વેરો બંધ કરાવ્યો. બારડોલી સત્યાગ્રહની લડતમાં પાંચ માસનો જેલવાસ વેઠયો. અમદવાદના કોમી હુલ્લડમાં મુસલમાનના ટોળામાં નિર્ભયપણે જઈ પક્ષપાત કે દ્વેષભાવ વગર વેરની આગ હોલવવા મૃત્યુને મૂઠીમાં લઈ જનાર મરજીવા હતા. ક્ષત્રિય બહાર વટિયાની સભા ભરી. ૧૯૩૦માં આગેવાની લઈ દાંડીકૂચનો આરંભ કર્યો. મહારાજે મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. એ પ્રદેશની પાણીની હાલાકી જોઈ દિલ દ્રવી ગયું. રાત–દિવસ ખૂબ પરિશ્રમ કરી કુવા અને બોરિંગ કરાવ્યા, એ પ્રદેશની પાણીની સમસ્યા હળવી કરી. રાસ ગામમાં સસ્તા અનાજની દુકાન ખોલી અને મહેસાણાના સુણાસર ગામમાં લોકોને

પાણી અને કામધંધો અપાવ્યાં. હાજરીપ્રથા બંધ કરાવી. સસ્તા અનાજની દુકાન અને નિશાળ શરૂ કરી. હરિપુરા કૉંગ્રેસ અધિવેશનની જવાબદારી માથે ઉપાડી. રેલ સંકટ અને કોલેરાના કાર્યમાં જોડાયા. આમ મહારાજ આફતગ્રસ્તોની વહારે ધાયા અને આંખ સામે જે કંઈ સેવાકાર્ય આવ્યું એમાં પોતાનો આત્મા રેડીને કર્યું.

રવિશંકર મહારાજે ૧૯૪૧માં હિન્દુ અને મુસલમાનોનાં તોફાનોમાં સાત દિવસમાં ત્યાસી શબ બાળ્યાં હતાં. ૧૯૪૨ની સ્વાતંત્ર્ય લડતમાં સાબરમતી જેલ ભોગવી. વીરમગામના કોલેરામાં લોકસેવા કરી અને ગ્યાસપુરની ગંદકી દૂર કરી. ડાકોર અને દ્વારકા મંદિરમાં હરિજનોને પ્રવેશ અપાવ્યો. ચીનની યાત્રાની કરી. એ દિવસોમાં વિનોબાજીએ આરંભેલ ભૂદાન આંદોલન માટે ગામડે ગામડે સંદેશો પહોંચાડયો. પોતાના પ્રમુખપદે 'ગુજરાત નેત્ર રાહત મંડળ' અને ભૂદાન સમિતિની રચના કરી. છીપિયલ ગામની ૩૮ વીઘાં જમીન દાનમાં આપી દીધી. ગુજરાતના પ્રથમ પ્રધાનમંડળના ૧૯૬૦માં શપથ લેવડાવ્યાં. એંશી વર્ષની ઉંમરે પહાડીમૂલક ગઢવાલની પદયાત્રા કરી. બિહારના હુલ્લડ અને દુષ્કાળની કાર્યદક્ષ કામગીરી જોઈ બિહારી શેઠીયાએ પાંચ લાખનો ચેક સદ્‌માર્ગે વાપરવા અર્પણ કર્યો. માલ્ટા ફિવરને કારણે પાંચેક મહિના હોસ્પિટલમાં રહ્યા. તાપી–નર્મદાનું ભીષણપૂર અને ઓરિસ્સાના દરિયાઈ વાવાઝોડામાં દીન દુખિયાની મદદે દોડયાં. ડાબા પગે થાપામાં ફ્રેકચર થયું છતાં ૧૯૭૪ના નવનિર્માણ આંદોલનથી પથારીમાં આકળવિકળ થયાં હતા. શાંતિ માટે ધારાસભા વિસર્જનનો વડાપ્રધાનને પત્ર લખ્યો. બાંગ્લાદેશના શરણાર્થીઓની વહારે દોડયા. એક સો ને એક વર્ષની પરોઢે ગીતાનો પાઠ કરતા અને કાન પર નરસિંહનું પ્રભાતિયું સાંભળતા આત્મસ્થ બની રહેલા દાદાને આપણે સૌ વંદન કરીએ...આમ કથાનાયકે જીવનના સો વર્ષો પરાર્થે ખર્ચી નાખ્યાં હતા. કહો કે બીજા માટે જીવ્યાં હતા.

આમ કથાનાયક મહારાજ પરદુઃખે દુઃખી થતા સંત હતા. ગુજરાત કે દેશમાં કયાંય રેલ, દુષ્કાળ, ધરતીકંપ, વાવાઝોડું, કૉલેરા અને કોમી રમખાણમાં લોકો આફતમાં આવી પડેલા જણી મહારાજની સંવેદનાના તાર ઝણઝણી ઊઠે, ઊંઘ ઊડી જાય. તત્કાળ આફતગ્રસ્તોની વહારે દોડી જઈ, તુરંત કામગીરી શરૂ કરી દે. કુદરતી કે માનવસર્જિત આપત્તિઓમાં મહારાજની હસ્તી એક મોટું બળ પુરવાર થતી હતી. બિહારનો દુષ્કાળ,

ઓરિસાનો જળપ્રલય અને બાંગલાદેશની માનવસર્જિત આપત્તિઓ વખતે રાહત કાર્યકરો સાથે સક્રિય કાર્ય કરીને દેશમાં ગુજરાતની શાન વધારી હતી.

કથાનાયક રવિશંકરના વ્યકિતત્વ વિકાસમાં ફાળો આપતાં ગૌણપાત્રો માતા સૂરજબા, પિતા શિવરામ, કવિ છોટાલાલ અને મોહનલાલ પંડયાની મૈત્રી, પુત્ર દેવદત્ત અને વિષ્ણુ, પુત્રી મહાલક્ષ્મી અને લલિતા, આર્યસમાજી માધવતીર્થ સ્વામી, ગાંધીજી, નિત્યાનંદ સ્વામી, સ્વામી આનંદ, વિનોબાજી, ગઢવાલના સુંદરલાલ બહુગુણા, મેઘાણી, પ્રભુદાસ પટવારી, સરદાર વલ્લભ ભાઈ, ગંગાબહેન, બબલભાઈ મહેતા, અન્ય કાર્યકર્તા, સદ્‌ગૃહસ્થ, બહારવટિયા અને ગ્રામજનો વગેરે પાત્રો દ્વારા મહારાજનું વ્યકિતત્વ પ્રમાણભૂત અને ઉજ્જ્વલ બને છે.

કથાનાયક રવિશંકર મહારાજનની ઓળખ આપતા મોહનલાલ પંડયાના શબ્દોમાં વ્યકિતત્વ પ્રગટ થાય છે. ‘આ યુવાનનો મોટામાં મોટો ગુણ ‘માનવતા’નો છે. એનામાં જેટલી હિંમત છે એટલી જ એને લોકો તરફ હમદર્દી છે. લોકોના ભલા અર્થે એ કોઈ પણ પ્રકારનું જોખમ વહોરવામાંથી પાછી પાની કદીય કરશે નહિ.’(પૃ.૫૨)

કથાનાયક રવિશંકર મહારાજ વિશે ગાંધીજીએ સોજીત્રા ગામે બહારવટિયાની સભામાં કહ્યું હતું. ‘ગાંધીજી સમજતા હતા કે બહારવટું લેવું એટલે જ મૃત્યુના ઘોડા ઉપર ચડવું...આવા મરજીવા લોકો રવિશંકરને વશવર્તીને સદ્‌માર્ગે ચડવા લાગ્યા છે એનો અર્થ એ થયો કે રવિશંકરમાં આ લોકો કરતાંય અભયનું બળ મોટા પ્રમાણમાં હોવું જોઈએ.’(૧૦૩) ‘રવિશંકર મહારાજમાં કશુંક અલૌકિક તત્ત્વ આવ્યું છે કે તેથી પારસનો સ્પર્શ થતાં લોઢું સોનામાં પલટાઈ જાય એ રીતે આ રવિશંકરના પરિચયમાં આવતાં માણસ પણ સન્માર્ગે વળે છે.’(૧૦૪) ‘આખીય સભા ગાંધીજીની સામે જોવાને બદલે મહારાજ સામે જોઈ રહી. એ બધાને ગાંધીજી કરતાંય મહારાજ રવિશંકરનું તેજ અદેકરું લાગતું હતું આ બન્ને વિભૂતિઓ ઊંચેના કોઈ ડુંગર ઉપર સ્થાપેલા દેવસ્થાન જેવી લાગતી હતી.’(૧૦૭)

સ્વામી આનંદ મહારાજને બરાબર ઓળખીને મનોમન બબડી પડયાઃ ‘આ માણસ માત્ર બ્રાહ્મણ જ નથી પણ એક ખેડૂત પણ છે. એને જીવન તેમ જ ભૂમિ બંનેની ખેતી કરતાં આવડે છે. એ પુણ્યશ્લોક વ્યકિત છે. વ્યકિત નહિ પણ સમષ્ટિ છે. એ જેવો સહજ છે

એવો જ એનો આત્મા પણ સહજ છે. મનુષ્ય માત્ર સાથે એકત્વ ધરાવતો જન્મજાત યોગી છે.'(૧૧૫)

મેઘાણીને રવિશંકરમાં કોઈક વિરલ વ્યકિતનાં દર્શન થયાં. 'મહારાજ તો હરિજનોના જ નહિ પણ ચોર, ડાકુ, ખેડૂતો, હરિજનો તેમજ ત્યજાયેલી ને દુભાયલી આખીય માનવ જાતના ગુરુ છે.', 'મહારાજના લોહીમાં રહેલું અભેદપણું એ જ એમનું મુખ્ય બળ હતું.', 'મહારાજ કોઈ પણ કામમાં પોતાનો જીવ રેડી જ દે છે.', 'પ્રભુદાસ પટવારીને મન તો દાદા જાણે કે સવાયા ગાંધી હતા.'

મૂઠી ઊંચેરાં માનવી રવિશંકર મહારાજને વિનોબાજીએ 'તુકારામની કોટિના સંત ને કારુણ્યમૂર્તિ' કહ્યા, સ્વામી આનંદે 'પુણ્યના પર્વત સમા મૂઠી ઊંચેરા માનવી' અને કાકાસાહેબે 'અનાસકત પ્રેમમૂર્તિ' કહ્યા. તો કવિ ઉમાશંકરે 'ઊર્ધ્વ માનુષ', મુનિ સંતબાલજીએ 'ગુજરાતના મહર્ષિ', દાદા ધર્માધિકારીએ 'અધ્યાત્મવીર' અને વિમલા ઠાકરે 'ગુજરાતનો નંદાદીપ' કહ્યા. આઠવલે પાંડુરંગ શાસ્ત્રીએ 'જટાજુટ' અને સરદાર વલ્લભભાઈએ તો 'એક પવિત્ર ઋષિ' તરીકે ઓળખ આપી હતી. આમ કથાનાયક રવિશંકર મહારાજનું કાર્ય જોઈને અનેક પ્રસિદ્ધ વ્યકિતઓ એના ગુણાનુરાગી બની ગયા હતા.

નવલકથામાં કથાનાયક રવિશંકર મહારાજની મૌલિક વિચારકણિકાઓ પ્રગટ થાય છે. 'ભગવાને આપણું શરીર પહેલેથી જ ફોલ્ડિંગ બનાવેલું છે. આપણે જો આ ફોલ્ડિંગપણાનો ઉપયોગ કરતા ન રહીએ તો ઊલટાના આપણા સાંધા જ કટાઈ જાય.'(પૃ.૬૪), 'ભગવાન એ જ લોક. ને લોક એ જ જનતા જર્નાદન.'(પૃ.૬૮), 'હું તો ખેડુત માણસ છુ. ગુજરાતમાંના ધારાળાઓનું ગોરપદું કરું છું. ને ફકત છ ચોપડી ભણેલો છું'(પૃ.૭૦), 'હું આપણા ધારાળાઓના ગોરપદાને બદલે ગાંધીજીના હિંદસ્વરાજનું ગોરપદું કરવાનો છું.'(પૃ.૭૧), 'ધર્મ કદી નથી લડતો, ધર્મી લડે છે.', 'આ શરીર એ ઈશ્વરની જ દેણગી છે. જયાં સુધી શરીર ચાલે ત્યાં સુધી પુરુષાર્થ કરતા રહેવું જોઈએ.', 'મારે મારા સિધ્ધાંત સાથે બાંધ છોડ કરવી પડે એમ ન હોય તો હું તો દુનિયાના ગમે તે છેડે જવા તૈયાર છું.'(પૃ.૧૫૮), 'જયાં સુધી જગતમાં અસમાનતા હશે ત્યાં સુધી યુદ્ધ કે હિંસા નિવારી શકાશે જ નહિ.'(પૃ.૧૬૩), 'મારા શરીરના જે કોઈ ભાગનો સમાજહિતાર્થે સદુપયોગ થઈ શકતો હોય

તો કરવા માટે દવાખાનામાં સોંપી દેજો.'જેવા વિચાર મોતીડાં કથાનાયક જીવનમાં ચરિતાર્થ થાય છે.

મહારાજે અગણિત સેવાકાર્યો એમના હાથે કર્યાં. છતાં એનામાં કદી કતૃત્વનું અભિમાન જોવા મળતું નહોતું. મહારાજ નમ્રતા, સહનશીલતા અને અપેક્ષારહિત માણસ હતા. મહારાજ પાસે કોઈ મિલકત ન હોતી. વ્યસન ન હોતું. ખુલ્લાં પગે માઈલોના માઈલો ચાલ્યા. 'ઘસાઈને ઊજળા થઈએ, બીજાને ખપમાં આવીએ' એ મંત્ર જીવી બતાવ્યો. સાચા અર્થમાં તેઓ કર્મયોગી હતા. અચ્છા તરવૈયા હતા. અનુભવજ્ઞાન ઊંડું ને વિશાળ હતું. ત્યાગ, તપસ્યા અને દીનદુખિયાંની સેવા દ્વારા 'મહારાજ' અને 'દાદા'નું વહાલસોયું બિરૂદ પામ્યાં હતા. દેશના સેવક શિરોમણિ હતા.

કથાનાયક રવિશંકર મહારાજ લોકસેવાના આજીવન દીક્ષિત એક સત્પુરૂષ હતા. ધરતીનાં સંતાનો સાથે સમરસ થઈને રહ્યા છે. ખૂબ કઠોર જીવન જીવ્યાં છે. નવલકથામાં રવિશંકર મહારાજનું વ્યકિતત્વ અનેક રીતે ખુલ્લે છે. સાચદિલ, પારદર્શક, હિંમતવાન જ્ઞાન પિપાસુ, સદ્કાર્યની ભૂખ, વિચક્ષણતા, મૌલિકતા, નીડર, નિષ્ઠાવાન, સ્નેહાળ, નિખાલસ, શ્રદ્ધાવાન, તિતિક્ષા, કરુણતા, માનવતા, સત્યનિષ્ઠા, કાર્યદક્ષતા, કોઠાસૂઝ, ત્યાગી, દેહદાની, શતાયું જીવન, અભેદપણું, ટેકીલા, હમદર્દી, યોગી, પુરુષાર્થી, ગાંધીવાદી, નરસિંહનો બીજો અવતાર, અજાતશત્રુ, ક્ષત્રિયોનાયે ક્ષત્રિય અને સદા પરિવ્રાજક. આવા ગુણો અને સેવાકાર્ય જોતા જ કહી શકાય કે, મહારાજે જીવન જીવી જાણ્યું અને માણી જાણ્યું છે. ખરેખર શીર્ષક સાર્થક ઠરે એવું જ જીવ્યાં છે. આથી એક શેર યાદ આવે છે.

પગલાં પૂજાય એવું જીવન હોવું જોઈએ,
સમજાય છે કે કેવું જીવન હોવું જોઈએ.

'મૂઠી ઊંચેરો માનવી' ગ્રંથનો આધાર લઈ પન્નાલાલ પટેલે 'જેણે જીવી જાણ્યું'માં શતાયું રવિશંકર મહારાજનો જન્મ, માતા–પિતા, બચપણ, શિક્ષણ, સંસારજીવન, સેવાકાર્ય, તથ્ય અને હકીકતલક્ષી પ્રસંગો, અન્ય પાત્ર દ્વારા મહારાજના વ્યકિતત્વનો વિકાસ, ચિંતનનો પાસ અને શીર્ષકની સાર્થકતા આદિ સિદ્ધિઓ જોતા જીવનચરિત્રમૂલક નવલકથા સર્જાય છે. પણ મુખ્યપાત્રના મનોસંચલનો, વર્ણનાત્મકતા, સંવાદાત્મકતા, રોચકતા અને કલાત્મકતાનો

અભાવ વર્તાય છે. એટલે આ નવલકથા જીવનકથાના રૂપમાં જ બની રહે છે. આથી જયંત ગાડીત નોંધે છે કે, ''જેણે જીવી જાણ્યું'ને તો રવિશંકર મહારાજનું ચરિત્ર કહેવામાં વધારે ઔચિત્ય છે.''[૧૮]

।। ૭. 'એક ટુકડો આકશનો'–દિનકર જોષી, ૧૯૮૪ ।।

ગુજરતી સાહિત્યમાં અર્વાચીનયુગનો અરુણોદય નર્મદથી થાય છે. મધ્યકાળના મુખ્યત્વે ધર્મપરાયણ સાહિત્યને સંસારાભિમુખ કરવાનો નર્મદનો પુરુષાર્થ ઉલ્લેખનીય છે. સાહિત્યમાં આમૂલ પરિવર્તન લાવી વિવિધ ગદ્ય અને પદ્યના સ્વરૂપોની પહેલ કરનાર પણ નર્મદ છે. આથી સુધારકયુગના અગ્રણી સાહિત્યકારોને 'સમયમૂર્તિ' અને આપણને 'પ્રાણવંતો પૂર્વજ' લાગે છે. નર્મદ 'યુગંધર', 'યુગપ્રવર્તક' અને 'યુગદ્રષ્ટા' પણ છે. ગુજરાતી સાહિત્યમાં અનેકવિધ સાહિત્ય સ્વરૂપોનો શુભારંભ કરનાર નર્મદ 'સુધારક યુગનો સેનાની', 'નવયુગનો અરુણ', 'અર્વાચીનોમાં આદ્ય', 'નવયુગના પ્રહરી' અને 'સમયવીર' હતા. 'ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું' અને 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે' જેવા મંત્રના ઉપાસક નર્મદ હતા.

નર્મદના જીવન તરફ વિશ્વનાથ ભટ્ટ, કનૈયાલાલ મુનશી, ગુલાબદાસ બ્રોકર, ઈચ્છારામ દેસાઈ, નવલરામ, રા. વિ. પાઠક, વિજયરાજ વૈદ્ય, રમણલાલ વ. દેસાઈ અને ડૉ.રમેશ શુકલ વગેરે સર્જકો આકર્ષાયાં હતાં. અર્વાચીનોની યુગમૂર્તિ સમા ગુજરાતી સાહિત્યના સર્જક નર્મદના જીવન પર 'વીર નર્મદ' અને 'નર્મદચરિત્ર' જેવા જીવનચરિત્રો લખાયાં છે. તો દિનકર જોષીએ પ્રતાપી પૂર્વજ નર્મદના જીવનવૃત્તાંત પર આધારિત ૧૯૮૪માં 'એક ટુકડો આકાશનો' જીવનચરિત્રમૂલક નવલકથા આપી છે.

'એક ટુકડો આકાશનો' જીવનચરિત્રાત્મક નવલકથાની પ્રસ્તાવનામાં દિનકર જોષી 'પ્રતાપી પૂર્વજને વંદના' કરતાં કહે છે. ''માત્ર ત્રેપન વરસના ટૂંકા આયુ–ગાળામાં ઓછામાં ઓછી ત્રેપન જિંદગી જીવી ગયેલા આવા એક પ્રતાપી પૂર્વજના જીવન પર આધારિત આ એક નવલકથા છે. તવારીખી દસ્તાવેજની આ કોઈ જીવનકથા નથી. ઈતિહાસના કોઈ પૃષ્ઠને ઉકેલવાનો આયાસ નથી. નર્મદના જીવનનાં તમામ પાસાંઓને આવરવાનો તો શું, સ્પર્શવાનોય દાવો નથી. વ્યકિત નર્મદના જીવનમાં મને જે રસ પડયો એમાં સહભાગી થવાનું સહૃદય ભાવકને અહીં ઈજન છે.''[૧૯]

દિનકર જોષીએ આ નવલકથાની રચના માટે ત્રેવીસ પુસ્તકોનો આધાર લીધો

છે. જેની સંદર્ભસૂચિ પુસ્તકના પ્રારંભે પૃષ્ઠ છ પર આપેલ છે. આથી સ્પષ્ટ થાય છે કે નર્મદે અને એના વિશે બીજાએ ઘણી વિગતો લખી છે. તેમ છતાં દિનકર જોષી બીજાથી અલગ પડી નોંધે છે કે, 'આમ છતાં કેટલીક જગાએ ઘણું ખૂટેયું છે. આ બધું યથાશકિત–યથામતિ જોયા–તપાસ્યાં પછી આ થોડાંક પૃષ્ઠો આલેખ્યાં છે. નર્મદના જીવનમાં જયાં પરસ્પર ઊલટાં વિધાનો મળે છે, ત્યાં નવલકથાને જે સહુથી વધુ અનુકૂળ લાગ્યાં એ સ્વીકાર્યા છે. જયાં કશુંક ખૂટતું લાગ્યું છે ત્યાં જરૂર પૂરતી કડી જોડીય છે!'

સર્જક દિનકર જોષીએ એક સર્જકના જીવનવૃત્તને કઈ રીતે વસ્તુસંકલનામાં બાંધી આપ્યું છે. તેનો ઉત્તમ નમુનો અહીં જોઈ શકાય છે. 'એક ટુકડો આકાશનો' નવલકથાનો ઉઘાડ તાપી નદીના વર્ણનથી થાય છે. 'સમુદ્રની ભરતીનાં પાણી, તાપીનદીના મુખમાં ધસી જતાં ત્યારે તાપીના બેય કાંઠા સ્ત્રીના પેટ જેવા ચપટા મટીને માનવીના મન જેવા ઊંડા થઈ જતા.'(પૃ.૧૧) આમ સર્જક માનવી મનના ઊંડાણનો સંકેત કરી, સુરત શહેરના નામાભિધાન વિશે નોંધે છે, 'સોળમી સદીના પ્રાગડવાસ્યે ગુજરાતની ગાદી પર બેઠેલા મહમદશાહ બીજાએ તાપી કાઠાંના આ વિસ્તારનું નામ સૂરજ બાઈ રામજણીની કોઠી રાખ્યું હતું. સૂરજબાઈનો વિસ્તાર...સૂરજ રામજણીનો એ મુલક...સૂરજનું એ ધામ..સૂરજ ..'જ' નો 'ત' થતા–સુરત...'(પૃ.૧૨) થયું. પ્રાકૃતિક અને ઐતિહાસિક સુરત શહેરમાં નવલકથાનો પ્રારંભ ઓગણીસમી સદીની અધવચ્ચેથી થાય છે. આજે સુરત શહેરની વચ્ચોવચ ચોકમાં બરાબર દશ વાગ્યે જે કંઈ બનવાનું છે એનાથી સૌ ગભરાટ અનુભવતા હતાં. આખું શહેર જાદુગરોના સકંજામાં સપડાઈ ગયું હતું. એમાંથી છોડાવવા માસ્તર દુર્ગારામ મહેતાજીએ કાળઝાળ જાદુગરો લલકાર્યા હતા. આ ઘટના જોવા રુક્ષ્મણીનો એકનો એક પુત્ર તેર–ચૌદ વરસનો નર્મદાશંકર મિત્રો જોડે હકડે ઠઠ મેદની જામેલા ચોકમાં આવી પહોંચ્યો. જાદુઈ લડતનો આ પ્રસંગ નાનકડાં નર્મદના માનસમાં સુધારા વૃત્તિનું બીજ રોપી ગયો.

ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો એક ગોરો હાકેમ સર જહોન ગ્રાન્ટ આ દિવસોમાં એલ્ફિન્સ્ટન કૉલેજની મુલાકાતે આવેલા ત્યારે ટકોર કરી હતી. 'ઈતિહાસ, અર્થશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર જેવા વિષયોનું જ્ઞાન આ લોકો માટે નથી. દેશીઓને સહું પહેલાં સામાજિક રીત–રિવાજો શીખવો..' એવા શબ્દો નર્મદના કાને અથડાયા. તો બીજી બાજુ નર્મદે બેઉ મિત્રો

જોડે ધોબી તળાવ કાંઠે પિંડદાનનો વિધિ થતો જોયો. તેમાં દશ–બાર વરસની એક વિધવા કન્યાને પકડી વાળ ઉતારવા બેસાડે છે, કારમી ચીસ નાંખે છે. આ જોઈ નર્મદની આંખ લાલ થઈ ગઈ. અબુધ બાળાને પકડી સ્ત્રીઓ બળજબરીથી પછડાટ ખવડાવી હતી. નર્મદથી રહેવાયું નહીં બે ડગલાં આગળ વધીને ત્રાડ પાડી. 'મૂકી દો એ છોકરીને શરમ નથી આવતી? આટલાં બધાં ભેગાં થઈ એક છોકરીને પીંખી રહ્યાં છો '(પૃ.૪૫) આમ નર્મદે સર જહોન ગ્રાન્ટની ટકોર તથા વિધવા કન્યાનું મૂંડન જોઈ મંડળી રચવાનો નિર્ધાર કર્યો. એનું નામ રાખ્યું, 'જુવાન પુરુષોની બુદ્ધિવર્ધક સભા..'

'કલમ તારે ખોળે છું'ની પ્રતિજ્ઞા લેનાર નર્મદના જીવનમાં આવેલ આર્થિક ભીંસના કપરા દિવસોનું આલેખન કેટલું હૃદયસ્પર્શી બન્યું છે. ચાર ચાર દિવસ સુધી ભાખરી, મરચાંનું અથાણું અને થોડુંક દહીં પીરસાતું જોઈ 'મા તું રોજ રોજ કેમ એકલી ભાખરી બનાવે છે?'ની ફરિયાદ કરનાર બાળક જયશંકરને નૌતમભાઈને ત્યાં મોકલી દેવામાં આવે છે, એટલું જ નહીં પણ કવિની આર્થિક સ્થિતિથી વાકેફ ખાપર્ડે વગેરે મિત્રોએ મળી કવિ માટે 'શેઠ ગોકળદાસ તેજપાળ ધર્માદા ટ્રસ્ટ'માં આજીવિકા પ્રાપ્ત થાય એવા કામની વ્યવસ્થા કરે છે. એ પ્રસંગે નર્મદની મનોવ્યથાનું લેખકે કરેલું આલેખન વાચકના હૃદયને પણ વલોવી નાંખે એવું અસરકારક છે. લક્ષ્મીદાસ શેઠનો કાગળ વાંચી નર્મદની આંખમાં ઝળઝળિયાં ભરાયાં..ચોવીસ વરસ પહેલાં કલમને ખોળે માથું મૂકતી વેળા ભરાયાં હતાં એવાં જ ઝળઝળિયાં. પણ ચોવીસ વરસ પહેલાંનાં ઝળઝળિયાંમાં વિજયની ખુમારી હતી. આજે ચોવીસ વરસ પછીનાં ઝળઝળિયાંમાં પરાજયની હતાશા હતી. નર્મદે ચોવીસ વરસ લગી ખેં ખેચી રાખેલી લગામ આજે હાથમાંથી છૂટી જાય છે પરમાત્માની ગતિ અકળ છે એનો એક વધુ અનુભવ આજે થયો, એમ કહીને નર્મદે ધોતિયાનો છેડો આંખે દાબ્યો કોઈ કશું બોલ્યું નહીં, પણ સહુની આંખ પણ ભીની થઈ ગઈ હતી.' આમ પાત્રના મનનાં ઊંડાં સંચલનોને પ્રગટ કરી શકાય એવાં ઘણાં રસસ્થાનો લેખકે ઝડપી લીધાં છે. નર્મદ જીવનના ત્રેપનમાં વર્ષે અને અંતિમ ઓગણત્રીસમાં પ્રકરણમાં નિખાલસ અને જીવન અનુભવના અર્ક સમા શબ્દો વ્યકત કરે છે. નર્મદે બહાર આકાશમાં નજર સ્થિર કરી. એકલો જ જાત જોડે સંવાદ કરતો હોય એમ ઘેરા અવાજે બોલ્યો. 'ડાહી ' મારી ચિંતામાં તેં તારી જાતને નિચોવી નાખી છે...તું સામાન્ય સ્ત્રી નથી...દેવી છે દેવી તારા સિવાય

મેં જિંદગીમાં કોઈને અન્યાય નથી કર્યો, ડાહી મેં તારો ઘોર અપરાધ કર્યો છે ધન્ય છે તારી સહનશીલતાને ' નર્મદે આંખ આકાશનીય પેલે પાર સ્થિર કરીને આગળ ચલાવ્યું, નભેરામ 'જયશંકર બાળક છે. સનાતન આર્યધર્મ એ જ સત્ય છે એ એને સમજાવજો...એમાંથી આપણે જેટલાં ભ્રષ્ટ થઈશું એટલી જ અધોગતિ નિશ્ચિત છે આ શરીર તો નિમિત્ત છે, એ ન હોય ત્યારે હું તો રહેવાનો જ. શરીર ન હોય ત્યારે તમે કોઈ ખેદ કરશો નહીં. આ શરીરે ઘણું ઘણું કર્યું છે. દુનિયાના ઘણા રંગ જોયા... ઘણી ખત્તાય ખાધી...પણ એનો કોઈ રંજ નથી જે જીવ્યો છું એય એટલું ભરપૂર છે...ભરપુર છે...' અને એક આછો ઉદ્‌ગાર સંભળાયો. 'જય સાંબ સચ્ચિદાનંદ...' અને અવાજની એ ઓથે, ધરતી પર ઊતરી આવેલો આકાશનો એક ટુકડો ફરી વાર આકાશમાં ભળી ગયો. આમ નવલકથામાં એક પછી એક પ્રસંગો સર્જકે ત્વરિત ગતિએ આલેખ્યાં છે. આથી કથાપ્રવાહ વેગવંત વહે છે. અને કથાનાયકનું અનેક પ્રસંગોમાં વ્યકિતત્વ સુપેરે ખીલે છે.

આમ સમગ્ર નવલકથામાં પ્રતિબિંબિત થતું વ્યકિતત્વ કથાનાયક નર્મદનું છે. વૈદિક નાગર બ્રાહ્મણ પરિવારમાં જન્મેલાં નર્મદની જન્મભૂમિ અને કર્મભૂમિ સુરત છે. મુંબઈ વચ્ચે પણ પ્રગટતું રહ્યું છે. તેર–ચૌદ વરસની વયે દુર્ગારામ મહેતાને પડકારે છે. વિધવાનું મૂંડન નિહાળતા સુધારાના બીજ રોપાય છે. અને અંતે પરિપક્વ, ઠરેલ બુદ્ધિવાળો અને વિચારશીલ વ્યકિત બને છે. વિચાર, વાણી, વર્તનની એકવાકયતાનું નર્મદના જીવનમાં ડગલે ને પગલે દર્શન થાય છે. વીરતા, રસિકતા, નિર્ભીકતા, સ્પષ્ટભાષિતા, પારદર્શકતા, આખા બોલાપણું, સ્વમાની, નિખાલસતા, સત્યપ્રિય, ટેકીલા અને પ્રતિજ્ઞાપાલક આદિ ગુણો નર્મદમાં જોવા મળે છે. કલમને ખોળે રહી જીવવાની પ્રતિજ્ઞા લીધી. અનેક સંકટો વચ્ચે ઝઝૂમી સાહિત્યોપાસના અને સમાજસુધારા પાછળ જીવન સમર્પિત કર્યું. આમ નર્મદનું સમગ્ર જીવન અનેક સાહસિક પરાક્રમોથી સમૃદ્ધ છે. સામાજિક નવપ્રસ્થનની કેડી પર ચાલતાં ચાલતાં નર્મદે અનુભવેલ મનોસંઘર્ષનું સચોટ આલેખન થયું છે. નવલકથાના આરંભથી અંત સુધી લેખકે મહત્ત્વપૂર્ણ પ્રસંગોનું વિવેકપૂર્ણ અને કલાત્મક રીતે ગૂંથણી કરી છે. કુશળતાપૂર્વક કરેલી પ્રસંગોની સંકલનાના છોડને કૂંપળ ફૂટે એમ સહજપણે એક પ્રસંગમાંથી બીજો પ્રસંગ ફૂટે છે. કયાંય સાંધો કે રેણ ન દેખાય એ રીતે પ્રસંગો ગૂંથાતાં જાય છે. કેટલાંક પ્રસંગોનું નિરૂપણ

તાદશ, ચિત્રાત્મક અને હૃદયસ્પર્શી બન્યું છે. નવલકથાના પ્રારંભે જાદુગરોને લલકારતા દુર્ગાશંકર મહેતાજીનો પ્રસંગ, ધોબી તળાવને કાંઠે વિધવા કન્યાના વાળ ઉતારવાનો પ્રસંગ, ખુલ્લી બારીમાંથી રસોડાની ચોકડીમાં બેસી સ્નાન કરતી જમનીનું દર્શન કરેલું એ પ્રસંગ, કંચનીબાઈના કોઠે વિતાવેલી રાતનો પ્રસંગ, બપોરની વેળાએ માળાની સ્ત્રીઓની વાતો સાંભળવાનો પ્રસંગ, પડોશણ જયા સાથેનો પ્રસંગ, ગુલાબના મૃત્યનો પ્રસંગ, પદસર્જનની અનુભૂતિનો પ્રસંગ, નાતના જમણવાડનો પ્રસંગ, વિધવા રેવતીનો પ્રસંગ, વિલાયત જતા મહીપતરામનો પ્રસંગ, જદુનાથજી સાથે શાસ્ત્રાર્થનો પ્રસંગ, દયાશંકરની તરુણ વિધવા પુત્રી દિવાળી સાથે ગણપતરામના પુનર્લગ્નનો પ્રસંગ, આગગાડીની પૂજાનો પ્રસંગ, દયાનંદ સરસ્વતીના ભાષણવાળો પ્રસંગ, સવિતાના સંબંધ અંગેનો પ્રસંગ, નર્મદાગૌરી જોડે પુનર્લગ્નનો પ્રસંગ, આર્થિક સ્થિતિનાં પ્રસંગો અને શેઠ ગોકળદાસ તેજપાળ ધર્માદા ટ્રસ્ટમાં ફરી નોકરી કરવા જતા થયેલ મનઃસ્થિતિનો પ્રસંગ આદિ અનેક પ્રસંગો નર્મદના ચિત્તમાં ઘુમરાયાં કરે છે અને વાચકના ચિત્તમાંથી પણ ખસતા નથી. પ્રસંગોની ગોઠવણી પણ એવી સરસ કરી છે કે આખી કૃતિ એક કલાકૃતિ બની રહે છે.

'એક ટુકડો આકાશનો' નવલકથાની પાત્રસૃષ્ટિ વાસ્તવિક, વિશાળ, વિલક્ષણ અને વૈવિધ્યસભર છે. જાદુગરોને લલકારતા દુર્ગારામ મહેતાજી, પુત્રની રક્ષા કાજે હનુમાન ચાલીસાનો પાઠ કરતી માતા રુક્ષ્મણી, લાલચટ્ટાક ચકરી પાઘડીવાળા પિતા લાલશંકર દવે, જમાઈને કપાળે કંકુનો ચાંદલો કરતા સૂરજરામ શાસ્ત્રી અને તરવેણી વેવાણ, ચાલીસ વરસના મયારામકાકા અને તેર–ચૌદ વરસની જમનીભાભી, સહુ પહેલાં સામાજિક રીત–રિવાજ શીખવો અને થોડુંક વિચારતાં શીખે તોય બહુ...એમ કહેતો ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો એક ગોરો હાકેમ સર જહોન ગ્રાન્ટ, બુદ્ધિવર્ધક સભાના સભ્યો કલ્યાણજી, નારણદાસ, ગિરધરલાલ અને શંભુનાથ. મુંબઈના માળામાં વસતી પડોશણો ઊજમમાશી, જીવકોરકાકી, શારદાફઈ અને જમનીભાભી. એલ્ફિન્સ્ટન કોલેજના પ્રિન્સિપાલ ગ્રીની તથા ઈતિહાસના પ્રાધ્યાપક રીડ. લાખ રૂપિયાનું માણસ જયા, કેળવણી ખાતાના વડા ગ્રેહામ, સંગે મિરઝાના ચકલાવાળી કંચનબાઈ, મૃત બાળકને જન્મ આપી આખરી શ્વાસ લેતી ગુલાબવહુ, બીજા સસરા તુળજારામ, ભજન મંડળી જમાવતો ગોરધન કડિયો, ત્રિપુરાશંકરની પુત્રી અને નામને સાર્થક કરતી, ઉદાર દિલ,

સહનશીલતાની મૂર્તિ અને સાચા અર્થમાં સહધર્મચારિણી નર્મદની પત્ની ડાહીગૌરી. શ્વેત વસ્ત્રધારી, વિષાદભરી આંખોવાળી મંગળદાસ શેઠની નાનીબહેનની વિધવા રેવતી, જ્ઞાતિનો વિરોધ છતાં વિલાયત જતા સુધારક મહીપતરામ, મુંબઈની મુખ્ય હવેલીના મહારાજ જદુનાથજી, ગુજરાતમાં પહેલું પુનર્લગ્ન કરનાર વિધવા દિવાળી અને સુધારાનો પહેલો શહીદ ગણપતરામ, કારકુન નરભેરામ, નર્મદની પત્નીનું સ્થાન મેળવનાર અને નર્મદના પુત્ર જયશંકરની માતા નર્મદા, અભાગણી સવિતા, ભાવનગરના યજમાન પ્રાણશંકર માસ્તર, ગંગાદાસ, કરસનદાસ, વ્રજલાલ શેઠ, બંગાળી સુધારક અને બ્રાહ્મોસમાજના અગ્રણી કેશવચંદ્ર સેન, નવલરામ, ગિરધરદાસ, નગીનદાસ, કેખુશરૂ, છગનલાલ, રવિભદ્ર, ગોપાળદાસજી, ખાપર્ડે, લક્ષ્મીદાસ શેઠ અને ભીમભાઈ આદિ ગૌણપાત્રો લેખકની કલમે પુનઃસજીવ બની આપણા સૌના આત્મીય બની જાય છે.

સર્જકની કલમે નવલકથામાં સ્થળ, કાળ અને પાત્રના વર્ણનો ચિત્રાત્મક રીતે આલેખાયાં છે. એમાં નર્મદનું વ્યકિતચિત્ર આ પ્રમાણે આલેખાયું છે. 'ચીપી–ચીપીને પાટલી વાળેલું રંગીન કિનારીવાળું ધોતિયું અને ઊજળું દૂધ જેવું અંગરખું, માથે મોટી ચકરી પાઘડી અને બગલમાં કોરા કાગળની થપ્પી, જમણા હાથે શાહીનો ખડિયો અને દોરી બાંધેલી લાંબી લેખણ તથા ડાબા હાથમાં કાગળ પરની તાજી શાહી સૂકવવા માટેની ઝીણી રેતીની ડબી..'(પૃ.૧૪૦) અને દુર્ગારામ મહેતાજીનું વ્યકિતત્વ વર્ણનઃ 'સહેજ બરછટ કહેવાય એવું ટૂંકા પનાનું ધોતિયું, અર્ધી બાંયના ખમીશ પર હાફકોટ અને માથે ટોપી...પાતળી મૂછોના વાંકડા થોભિયા અને લાંબી આંખમાંથી જોતી ધારદાર નજર...'(પૃ.૧૪) તો નર્મદને ભણાવતા દુર્ગારામ શિક્ષકની છબી યાદ આવી,'દુબળી–પાતળી કાઠી પણ કરડો ચહેરો...ટટ્ટાર સીનો પણ બોલે ત્યારે જાણે કે શબ્દો બંદૂકની ગોળી જેવા વછૂટે... '(પૃ.૧૯). કથાનાયક નર્મદ જે દેશકાળ અને સંજોગોમાં જીવી ગયો એ સમાજની પૂર્વપીઠીકા નવલકથામાં મળે છે. અંધશ્રદ્ધા, વહેમ, બાળલગ્ન, કજોડાલગ્ન, નાતના વરા, નાતના ભેદ ભાવ, વિધવા વિવાહ નિષેધ, વિલાયત જનારનો નાતમાંથી બિહિષ્કાર અને ધર્મમાં પાખંડ વગેરે સામાજિક પરિબળો નર્મદના વ્યકિતત્વને સમજવામાં ઉપકારક બને છે.

નવલકથામાં ઠેર ઠેર કથાનાયક નર્મદના મૌલિક વિચારો પ્રગટ થાય છે. 'જાદુ

એટલે બીજું કાંઈ નહીં પણ આપણા અજ્ઞાનનો આપણે પોતે કરેલો સ્વીકાર છે.'(પૃ.૧૫) 'વિધવા હોવું એ કંઈ કુદરતે સર્જેલી ઘટના નથી...માનવીએ પોતે ઘડેલી એ પરિસ્થિતિ છે..'(પૃ.૧૫૯), 'મળવા કરતાં મળવા માટેની ઝંખના આ જન્મ તો ઠીક આવતા જન્મનીય દીવાદાંડી બની જાય છે '(પૃ.૧૫૯), 'આત્માની પ્રસન્નતા જેમાંથી મળે એ કામ માણસને પોતાનું લાગે..' (પૃ.૧૬૧), 'ન્યાત કાંઈ દેવે ઘડેલી નથી. માણસે ઘડેલી ન્યાત અને માણસે ઘડેલી નાતરીતિ...આમાં કોઈની જોહુકમી ન ચાલે...કાં તો ગૃહસ્થનાં તડાવાળાનાં બૈરાંઓય કાંચળી પહેર્યા વિના જમે કે કાં તો ભિક્ષુકનાં બૈરાંઓય કાંચળી પહેરીને જમે...આ બે સિવાય ત્રીજી વાત ચલાવી લેવાય નહીં, હા આ તમને કહી દીધું, પંડયાજી '(પૃ.૧૭૬), 'કવિતા કરવી એ કંઈ બચ્ચાંના ખેલ નથી, વડીલ કાશીની કરવતથી પંડનાં ફાડિયાં કરી શકે એ જ કવિતા કરી શકે '(પૃ.૧૭૬), નર્મદ સ્પષ્ટ ફેંસલો આપતા ગંગાદાસને કહે છે, 'સાંભળો એ ખોરડા પર જેટલાં નળિયાં છે એ તમામની નાની–નાની કકડીઓ કરી નાખવામાં આવે અને જેટલી સંખ્યા થાય એટલી સંખ્યામાં દુશ્મનો મારી સામે ઊભા રહેશે ને, તોય હું લીધી વાત મૂકવાનો નથી, હા આ તમને કહી દીધું હું કાંઈ મહારાજથી બીતો નથી, ગંગાદાસ ' (પૃ.૧૮૮),'ધર્મ એ કંઈ વ્યકિતનો ઈજારો નથી. જે ધર્મનું હું રક્ષણ કરીશ એ ધર્મ જ મારું રક્ષણ કરી શકે...' (પૃ.૧૮૯), 'નર્મદે ધ્રૂજતા હોઠે કહ્યું, કવિરાજ શબ્દને હવે કલંક લગાડશો નહીં. નર્મદ હવે કવિરાજ નહીં, કવિદાસ કહેવાયો...'(પૃ.૨૮૭), 'દાન દેનારો હું દાન લેનારો થયો તમે સહુએ મારી ભૂખ ભાંગવા આ ગોઠવણ કરી છે એ તો સાફ દેખાઈ આવે છે...'(પૃ.૨૮૭). આમ અનેક વિચાર મૌતિકો નવલકથામાંથી પામીને કથાનાયકનું વ્યકિતત્વ ભાવક તરીકે માણી શકયો છું.

'એક ટુકડો આકાશનો' એટલે કે નર્મદ. નવલકથામાં સહજ રીતે શીર્ષકને સાર્થક કરતાં ઉદ્ગારો પ્રગટ થાય છે. ધોબીતળાવની ઉગમણે આવેલા શિવમંદિરે નર્મદ બપોરે રેવતીની રાહ જૂએ છે, ત્યાં રેવતીને આવતી જોઈ નર્મદે આશ્લેષમાં લેવા બે હાથ પહોળા કર્યા. ત્યારે રેવતી આડું જોઈ ધીમેથી બોલી, 'તમે તો હાથ ફેલાવીને આકાશનેય આંબી જાઓ એવા છો, પણ મારાં કરમમાં તો આકાશનો ટુકડોય નથી લખાયો..'(પૃ.૧૫૭), 'દયાશંકરની પુત્રી દિવાળી તરુણ વયે વિધવા થઈ તેનું પુનર્લગ્ન ગણપતરામ સાથે કાલબાદેવી ઉપરના

ડૉ.આત્મારામના ઘરમાં ગુજરાતનું આ સહુ પ્રથમ વિધવાલગ્ન ભારે ધામધૂમથી ઊજવાયું. તે દિવસે મુંબઈના ગુજરાતી સમાજ પર જાણે આકાશનો એક વજનદાર ટુકડો તૂટી પડયો હતો.'(પૃ.૨૦૪) અને નર્મદે થોડાંક મિત્રોની હાજરીમાં નર્મદાગૌરી જોડે પુનર્લગ્ન કરી લીધા અને ફરી એક વાર સમગ્ર સુરત પર જાણે કે આકાશનો એક ટુકડો તૂટી પડયો હોય એવો ખળભળાટ મચી ગયો.(પૃ.૨૬૪).

લોકપ્રિય નવલકથાકાર શ્રી દિનકર જોષીની 'એક ટુકડો આકાશનો' નવલકથા નવમા દાયકાના નવલકથાસાહિત્યમાં વિશિષ્ટ સ્થાનની અધિકારી બની રહે છે. ૧૯૮૪માં પ્રગટ થયેલી આ નવલકથા બે વખત પુનર્મુદ્રણ પામી છે. એ તેની લોકપ્રિયતા દર્શાવે છે.

'એક ટુકડો આકાશનો'–એક વિશિષ્ટનવલકથા' લેખમાં પ્રા.વિનોદબાળા સી. પટેલ નોંધે છે કે, ''આ નવલમાં અભિવ્યકિત પામતું નર્મદનું વ્યકિતત્વ, નવલકથાની સજીવ પાત્રસૃષ્ટિ, સુશ્લિષ્ટ વસ્તુસંકલના, સ્થળ–કાળ–વાતાવરણને ઉપસાવતાં વર્ણનો, લાઘવપૂર્ણ, સચોટ, ધાર્યું નિશાન તાકતા સંવાદો અને પ્રાસાદિક, ચિત્રાત્મક શૈલીને કારણે આ કૃતિ એક સફળ નવલકથા બની રહેલ છે અને આ રીતે આ નવલકથા એક વિશિષ્ટ કલાકૃતિ તરીકે વાચકના ચિત્તને સ્પર્શે છે માત્ર સ્પર્શતી નથી પણ તેના ચિત્તમાં ચિરંજીવી સ્થાન પ્રાપ્ત કરે છે.''[૨૦]

સુમન શાહ નોંધે છે કે, ''આપણા કથાસાહિત્યમાં સૌથી વધુ ઉપેક્ષિત અને ઓછો ખેડાયેલો કથાપ્રકાર છે જીવનચરિત્રાત્મક **(biographical novel)** નવલકથા. શ્રી દિનકર જોષી રચિત 'એક ટુકડો આકાશનો' આ દિશામાં થયેલો એક નોંધપાત્ર પ્રયત્ન છે. એમાં લેખકે ઉપલબ્ધ ઐતિહાસિક/સાહિત્કિ સાધનસામગ્રીનો આધાર લઈ નર્મદના બહુમુખી વિલક્ષણ વ્યકિતત્વનું અને તે કાળના સામાજિક–સાંસ્કૃતિક–રાજકીય વાતાવરણનું પ્રમાણભૂત ચિત્ર સવિગત ઉપસાવવા માટે ઘણી માહિતી પ્રસંગોપાત આપી છે. એ માહિતીનું ભારણ જયાં વધી ગયું છે. તેવાં વર્ણન–કથન કેટલેક અંશે સર્જનાત્મક વૃત્તાંત નિવેદનની કક્ષાએ રહી જાય છે. ઘટનાઓની આનુપૂર્વીને અનુસરતું પ્રસંગચિત્રણ **episodic** અને વિગત બયાન કવિચિત્ પ્રસ્તારી પણ બન્યું છે. આમ છતાં, કેટલાક પ્રસંગોનાં દશ્યાત્મક હૂબહૂ વર્ણનચિત્રોમાં લેખકની સર્ગશકિતનો અંદાજ છે. ભુવા–જાદુગરના તથા કથિત ચમત્કારોની પોકળતા ખુલ્લી પાડતા હામ

ભીડનાર દુર્ગારામ મહેતાજી, તેમને આશ્રય આપી બચાવી લેતા મહીપતરામ અને રૂસ્તમજી પહેલવાન, નર્મદના હમસફર નિર્ભીક સમાજસુધારક કરસનદાસ મુળજી, નર્મદના અંતરંગ મિત્રો નવલરામ, ખાપર્ડે અને નભેરામ, આર્થિક સંકડામણમાં તેને નિઃસ્વાર્થભાવે મદદ કરતા સમભાવી સદ્‌ગૃહસ્થો અને ગ્રંથપ્રકાશનમાં આર્થિક સહાયનાં વચન આપ્યા પછી પાણીમાં બેસી જતા મહાનુભવો આદિનાં પાર્શ્વચિત્રો તથા તેનાં વત્સલ માતાપિતાનાં રેખા ચિત્રો સુરેખ અને નર્મદના ભાવજગત કે જાતીય જીવન સાથે સંકળાયેલી યુવતીઓ જમના, જયા, કંચનીબાઈ, સવિતા, રેવતી તથા તેની પત્નીઓ ડાહીગૌરી અને નર્મદાગૌરીનાં વ્યકિત ચિત્રોમાં પણ તેમની લાક્ષણિક વિશેષતાઓ સુપેરે અંકિત થઈ છે. વિવિધ પ્રસંગોએ વ્યકત થતી નર્મદની યુયુત્સા, વીરતા, સ્ત્રી રસિકતા, દીનદુઃખી વિધવાઓ પ્રત્યેની હમદર્દી અને વિધવાલગ્નની સક્રિય હિમાયત, ધર્મ–સમાજના ભ્રષ્ટાચારી કે રૂઢિજડ રખેવાળોને પડકારવાની હિંમત અને નિર્ભયતા, તેની સાહિત્ય રસિકતા, નિખાલસતા, અનન્ય આત્મનિષ્ઠા, તેની સ્વભાવગત ઉદારતા અને ઉડાઉગીરી, નર્મદની સાહિત્યિક સાધના અને સિદ્ધિ કરતાં વધુ તો તેની સુધારક પ્રવૃત્તિ અને પ્રણય રસિકતાને, તેના નેક–ટેકને ઉભારી આપતી આ જીવન ચરિત્રાત્મક નવલકથા સાહિત્ય રસિકોને આકર્ષી શકે તેવી રસપ્રદ બની શકી છે.''[૨૧]

પ્રવીણ દરજી નોંધે છે કે,''નર્મદના જીવનને વિષય કરીને લખાયેલી 'એક ટૂકડો આકાશનો' આ સ્વચ્છ ધારાવહી નવલ પણ ઉલ્લેખ પાત્ર બને છે.''[૨૨]

॥ ૮. 'મીરાંની રહી મહેક'–દિલીપ રાણપુરા, ૧૯૮૫ ॥

ગુજરાતી નવલકથાકાર અને વાર્તાકાર દિલીપ રાણપુરા અને મનુભાઈ જોધાણીની ભત્રીજી સવિતા રાણપુરા બન્ને દંપતિ, પ્રાથમિક શિક્ષક અને સર્જક હતા. છેલ્લે દસાડા તાલુકાના બજાણા ગામેથી આચાર્યપદેથી નિવૃત્ત થયા. દિલીપ રાણપુરાએ ચાલીસથી વધુ નવલકથાઓ લખી છે. એમાં પત્ની સવિતા રાણપુરાનું કૅન્સરના દર્દથી અવસાન થયું. એથી પત્નીના વિયોગની યશસ્વી જીવનચરિત્રમૂલક નવલકથા 'મીરાંની રહી મહેક' ૧૯૮૫માં દિલીપ રાણપુરાએ આપી. કથાનાયિકા સવિતા રાણપુરાની કૅન્સરની બીમારી નવલકથાનો વિષય છે. મૃત્યુનો સામનો અને ખુમારીભર્યા જીવનની ગાથા છે.

'મીરાંની રહી મહેક' નવલકથાનો આરંભ ૧૪ જાન્યુઆરી ૧૯૭૪ની મધ્ય–રાત્રીની છેલ્લી મિનિટથી થાય છે. દિલીપભાઈ ૧૨મી તારીખે સવારે વલ્લભ વિદ્યાનગર મુકામે યોજાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૭માં અધિવેશનમાં જાય છે. અને ૧૪મી તારીખે મધ્યરાત્રે પોતાના ગામ બજાણા આવે છે. ત્યારે પતિ સમક્ષ મોડી રાતના એકાંત વાતાવરણમાં સવિતા માથામાં ઊપસી રહેલી મસા જેવી ગાંઠના સણકા ન સહેવાતાં રડી પડે છે. એટલે ૧૬ જાન્યુઆરી ૧૯૭૪નાં રોજ સુરેન્દ્રનગરના ડૉ.ખારોડે પ્રથમ તપાસીને કહ્યું. 'આમાં કશું ગંભીર નથી' પણ મુંબઈ સારવાર માટે પતિ વિના જવાનું થયું એ પ્રસંગે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગે છે. ત્યારે સવિતા સામાન્ય ભીરુ નારી જેવી લાગે છે. પ્રથમ ડૉ.ખારોડે અને પછી મુંબઈના ડૉકટર કામદારે ગાંઠનું આપરેશન કર્યું. વળી ફરી એ જ જગ્યાએ ગાંઠ ઊપસવા લાગી. તાતા હૉસ્પિટલમાં જવાનું કહેતા જ ચીસ પાડી ઊઠે છે, રોઈ પડે છે. દર્દ સામે ઝઘડવાની શકિત ખોઈ બેસે છે. 'મને ઝેર લાવી દો. હવે હું સહન નથી કરી શકતી '

આમ સામાન્ય અબળા દેખાતી કથાનાયિકા સવિતા મુંબઈથી પાછા ફરી તટસ્થતા, સ્વસ્થતા, તિતિક્ષા અને સંયમસાધના કેળવી સૌની સાથે હસીને વાતો કરે છે. તાતા હૉસ્પિટલમાં કૅન્સરની ગાંઠના અતિ જોખમી આપરેશન બાદ જાણે નવો જન્મ પામેલી સવિતા મૃત્યુને આવકારવા જેટલી સ્વસ્થતા અને તટસ્થતા કેળવી શકે છે. મૃત્યુને એક નકકર અને અફર વાસ્તવિકતારૂપે સ્વીકારવાની માનસિક તત્પરતા દાખવી શકે છે. સાસરવાસો સજીને બેઠેલી

મીરાંની જેમ નિજ ધામમાં પહોંચી જવાની અધીરાઈમાં તે યમદૂતનું તેડું કયારે આવે તેની પ્રતીક્ષામાં ઘડીઓ ગણી રહી છે. એની એક ઉત્કટ ઝંખના વિદાયની છેલ્લી પળે પતિના હાથનો સ્પર્શ પામવાની છે. '...પણ જોજો હો મને અંતિમ સ્પર્શ આપવાનું ચૂકી જતા નહિ. જીવન એ અસ્ખલિત પ્રવાહ છે એમ તમે માનતા હો તો એ સ્પર્શ આપજો જ.'(પૃ.૩૫૨) તો વળી વાતવાતમાં સવિતા દિલીપભાઈને કહે છે. 'મારા મૃત્યુ પછી બેસણામાં આવનારાઓને એક એક ગુલાબ આપજો.' (પૃ.૩૫૫) તો જયોતિર્‌ભાઈને મૃત્યુની દાર્શનિકતા કહે છે. 'મૃત્યુ એ કાંઈ ખરાબ ઘટના નથી, એ તો એક જન્મની ઘટના છે. અને ઊજવવી જોઈએ.'(પૃ.૩૫૫)

બીમારીની અંતિમ અવસ્થામાં બજાણાથી અમદાવાદ જવાના પ્રસંગે કોઈ કોડભરી નવવધૂ નવું ઘર વસાવવા તૈયારી કરતી હોય એમ ગણતરી અને ચોકસાઈપૂર્વક જરૂરી બધી જ વસ્તુઓ અને જૈન દેરાસરમાંથી લાવીને વાપર્યા વિના સાચવી રાખેલો પેલો સુખડનો ટુકડો તો ખાસ યાદ કરી સામાનમાં મુકાવે છે. આમ પોતાના અગ્નિસંસ્કારની પૂર્વતૈયારી એ જરાય અસ્વસ્થ થયા સિવાય અગાઉથી કરી રાખે છે. બીજી એક અગત્યની સૂચના પણ પતિને આપવાનું તે ચૂકતી નથી. 'મારા મૃત્યુ પછી ચિતામાં મારો દેહ મુકાય ત્યાં સુધી મારો આ સ્કાર્ફ છોડવો નહિ. એ વખતે પણ મારું સડી ગયેલું માથું જોઈને કોઈ દયા ખાય કે અરેરાટી અનુભવે તેવું હું નથી ઈચ્છતી. યાદ રહેશે ને?'(પૃ.૩૬૨) આમ કથાનાયિકા સ્વમાન, ખુમારી અને ગૌરવપૂર્વક મૃત્યુને ભેટવા માગે છે.

૧૨મી ઑગસ્ટ ૧૯૭૭ના રોજ કથાનાયિકા સવિતાનું અવસાન થયું. આમ બીમારીનો ગાળો લગભગ સાડા ત્રણ વર્ષનો રહ્યો. એ ગાળા દરમિયાન જે સ્થૂળ અનુભવો અને સૂક્ષ્મ અનુભૂતિઓ થઈ એ વિષે લેખકે કેટલીક નોંધો રાખેલી તેને આધારે કથાનાયિકા સવિતાની બીમારીની કથા કે કૅન્સર કથા નિરૂપાય છે. પતિ–પત્ની સાહિત્યકાર, સંવેદનશીલ અને પ્રાથમિક શાળાનાં શિક્ષકો છે.

સાડા ત્રણ વર્ષના ગાળા દરમ્યાન જે દર્દની વેદના–સંવેદના થઈ તેની નકકર વાસ્તવિક અને સ્વભાવિક સત્યકથા. સાચુકલી વ્યથાકથા. માનવી અને મૃત્યુ વચ્ચેના તુમલ સંગ્રામની કરુણમંગલ કથા. કેન્સરના દર્દ સામે ઝઝૂમતા નિતાંત સ્વસ્થ, તટસ્થ, તત્ત્વચિંતક, તિતિક્ષા, સમજદારી, વ્યવહારકુશળ ગૃહિણી, ક્ષમાશીલતા અને ઔદાર્ય ધરાવતા કથાનાયિકા

સવિતા. જેમણે આ દર્દની વેદના–સંવેદના આત્મસાત્ કરી સર્જક અને પાત્ર તરીકે બેવડી ભૂમિકા ભજવી છે એવા પતિ, સર્જક અને કથાચરિત્ર દિલીપ રાણપુરા.

આ ઉપરાંત ગૌણ પાત્ર કથાનાયિકા સવિતાના બા–બાપુજી, કાકા–કાકી, પુત્ર સુશેષ, પુત્રી પારૂલ, ભાઈ ધીરૂ અને નિરંજન, વીરેન્દ્રકુમાર, હસુભાઈ ગજરા અને નણંદ વગેરે આપ્તજનો–સ્નેહીસંબંધીઓ. ડૉ.ખારોડ, વૈદ્યરાજ શોભન, ડૉ.ગુપ્તા, ડૉ.કસ્તૂર, ડૉ.ગવાડિયા, ડૉ.પ્રફુલ્લ દેસાઈ, ડૉ.જે.જે.વ્યાસ, ડૉ.કવરાણા, ડૉ.સુનિલ પંડયા અને ડૉ.કામદાર વગેરે ચિકિત્યકો. જેમની ઉષ્મા મળતી રહી એવા સ્નેહીમિત્રો મૂળરાજભાઈ, જયોતિર્ રાવળ, ભગતભાઈ, વસંતભાઈ, મફત ઓઝા, આબિદ સુરતી, રવીન્દ્ર મોરપરી, રૂસીભાઈ, કનૈયાલાલ પારેખ, વિઠ્ઠલ પંડયા, ગુણવંતભાઈ, વાડીભાઈ ડગલી, સવશીભાઈ મકવાણા, હસુભાઈ શેઠ, ઈકાબહેન, મધુબહેન, હલુબહેન અને સુનંદાબહેન આદિ ગૌણ પાત્રોની સુશ્રુષા અને સંવેદન જીવંત બની આવે છે.

આ ઉપરાંત અપરિચિત માનવીઓનો સ્નેહભાવ–સમભાવ પણ સવિતાના જીવનનું એક અગત્યનું ધારક બળ બને છે. પિયાનોવાદક અજાણ્યો કોલેજીયન યુવાન, ‘છોટી બહન’ બનીને પોતાના સમભાવયુકત સૌજન્યશીલ વ્યવહારથી ગીતસંગીતની રસધારા વહાવી ચિત્તને અનેરી શાતા–પ્રસન્નતાથી પરિતોષે છે. એ કોકિલકંઠી ગાયિકા રશીદા ખાતૂન, હૉસ્પિટલમાં યોનિના કેન્સરની વેદના ન સહેવાતાં રાતભર ચીસો નાખતી હોવા છતાં જાતે ચાલી યમદેવને ભેટવા તત્પર એવી લક્ષ્મીબાઈ, સાત વર્ષમાં પાંચ ઑપરેશનની સારવાર પછી પણ આંતરડાના કેન્સરની વેદનાને હસી કાઢતા રૂસી ઈલાવાની, નાની બહેન સમી લાડકી અને નમણી હરજીત વગેરે. દરદીઓ, નર્સો, સહપ્રવાસીઓ અને પાડોશીઓ આદિ સંખ્યાબંધ જીવંત વ્યકિતઓ તેમનાં અસલ નામ–ઠામ સાથે એમાં સ્થાન પામી છે. આ બધા પાત્રો લાગણી ભીની કલમે આલેખાયાં છે.

માનવવ્યકિતનું નવલકથામાં એક ચરિત્રમાનવમાં રૂપાંતર સિદ્ધ થઈ શકયું છે. પ્રથમપુરૂષ અને ત્રીજાપુરૂષ એક વચનમાં ભાષાભિવ્યકિત, કરુણરસમાં વીરરસની શૂરવીરતા, નવલકથાને અંતે અસ્થિફૂલ લઈ પાછાં ફરતા સર્જકપાત્રને સવિતા અને પારૂલને ગમતી રમેશ પારેખની પંકિત યાદ આવે છે. તેમાં મીરાંનો સંદર્ભ આવે છે. એના પરથી શીર્ષક આપ્યું છે, તે

યથાર્થ છે. સદીઓથી મીરાંને યાદ કરીએ છીએ અને કરતાં રહેશું જ. મીરાં સામાજિક સંઘર્ષ સામે પણ મહેકે છે, તો સવિતા શારિરીક અને સામાજિક સઘર્ષ સામે મહેકે છે. સવિતાબહેન સુશેષ, પારૂલ અને દિલીપભાઈના જીવનમાં મહેકે છે. આપણા સૌના જીવનમાં પણ મીરાંની જેમ મહેકે છે. એમની વેદના–સંવેદના કલાત્મક શબ્દદહે કાયમી મહેકશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. ૧૯૮૫માં પ્રકાશિત થયેલ ૩૭૨ પૃષ્ઠની આ જીવનચરિત્રમૂલક નવલકથાને ગુજરાત સાહિત્ય અકાદમીનું ઈનામ પ્રાપ્ત થયું છે. ત્રણ વખત મુંદ્રણ પામી છે એ જ એની પ્રતિષ્ઠા છે.

આખી નવલકથા કથાનાયિકા સવિતા અને સર્જકપાત્રના સંવાદમાં વહે છે. સંવાદો ધારદાર અને હૃદય સોંસરવા ઉતરી જાય છે. થોડાક મર્મસ્પર્શી સૂત્રાત્મક સંવાદો જોઈએ. 'શરીરના એંસી ટકા રોગનું મૂળ પેટ છે, પણ શરીરના સો ટકા રોગનું મૂળ મન છે.', 'સો ટકા તંદુરસ્તીનું મૂળ પણ મન છે.', 'મહેનત કરનાર પાસે પૈસો બહુ ઝડપથી આવતો નથી.', 'સ્મિત હોઠ પર નહિ, આંખોમાં આવે છે ત્યારે વધુ સુંદર લાગે છે.', 'દાને દાને પે લિખા હૈ ખાને વાલે કા નામ', 'મારા મનનો એક્સ–રે તે લઈ શકશે?', 'આંસુઓને અને લાગણીઓને કોઈ નામ નથી હોતું.', 'મૃત્યુ એ પણ વરદાન છે.', 'જીવન એ અસ્ખલિત પ્રવાહ છે.', 'દેહમુકિત એ જ મૃત્યુ નથી, પણ અનાદરની એક ક્ષણ એ પણ મૃત્યુ છે.', 'સરકારી અને સંસ્થાઓનાં દવાખાનાઓમાં એ જ લોકો સન્માન અને સગવડ મેળવી શકતા હોય છે કે જેઓ શ્રીમંત હોય...સરકારી અને સંસ્થાઓનાં દવાખાનાઓ ગરીબો માટે એક પ્રકારનાં કતલખાનાંની ગરજ સારતાં હોય છે.', 'અમે ડૉક્ટર છીએ, ભગવાન નથી.', 'શરીરની તંદુરસ્તી મળી છે પણ સ્વજનોના મનની પ્રસન્નતા નહિ.','આયુષ્યનું માપ દિવસો, મહિનાઓ કે વર્ષોમાં જ નથી કાઢી શકાતું. સત્ય જેમ ક્ષણમાં સમાયેલું છે તેમ આયુષ્ય પણ એક ક્ષણમાં જ સમાયેલું હોય છે.' આ મૌલિક વિચારો નવલકથાની હૃદયશ્રી છે.

'મીરાંની રહી મહેક' જીવનકથામૂલક નવલકથા વિશે બાબુ દાવલપુરા નોંધે છે કે, ''સર્જક પોતે કથકની ભૂમિકામાં પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્રવાળી નવલકથામાં એક પાત્ર હોય અને સ્વાનુભવમૂલક વસ્તુસામગ્રી લઈને તેણે સંવેદનકથા રચવાનો ઉપક્રમ આદર્યો હોય ત્યારે પાત્રસૃષ્ટિ સાથે કળાગત અંતર રાખીને તેની સાથે તાદામ્ય સાધવાનું કાર્ય અતિ દુષ્કર હોય છે. પરંતુ આત્મકથનાત્મક રીતિએ થતાં વર્ણન–કથનમાં પ્રથમ પુરુષ તથા ત્રીજો

પુરુષ એકવચનમાં દ્વિકેન્દ્રી દષ્ટિબિંદુઓનો વિનિયોગ કરીને લેખકે એવી વસ્તુલક્ષિતા સિદ્ધ કરી છે કે આત્મપ્રક્ષેપનું ભયસ્થાન તેઓ સફળતાપૂર્વક વટાવી શકયા છે. દસ્તાવેજી પ્રકારની વસ્તુસામગ્રીનું સર્જનમાં રૂપાંતર કરવા માટે જે કલ્પના અને કળાવિવેકની અપેક્ષા રહે. તે તેમનામાં પર્યાપ્ત માત્રામાં છે. બહિર્ગત વાસ્તવની ભીતરમાં છુપાયેલાં ચૈતસિક વાસ્તવનું રૂપ અને વૈયકિત અનુભવોની પાછળ રહેલા અનુભવનું આંતરસ્વરૂપ પ્રત્યક્ષ થાય, જીવનનું કોઈ અનુભૂત સત્ય એમાં સાકાર થાય એવું સર્જકકર્મ આપણી આજની નવલકથામાં કવચિત્ જ જોવા મળે છે. અહીં એ મોજુદ છે.

'કથાયન'માં બાબુ દાવલપરા નોંધે છે કે, ''મીરાંની રહી મહેક'માં જીવનચરિત્રાત્મક સાહિત્ય અને વ્યવહારજગતનાં તથ્યો ઓગળી જતાં કળાની આગવી વાસ્તવિકતા સિદ્ધ થઈ શકી છે તે લેખકના આ સર્જકકર્મનું જ સ્વાભાવિક પરિણામ છે.''[૨૩]

કથાનાયિકા સવિતાને તાતા મેમોરિયલ કૅન્સર હૉસ્પિટલમાં દાખલ કર્યાને દસેક દિવસ થયા હતા ત્યારે દિલીપભાઈના સાળા ધીરૂએ સવાલ કર્યો, 'બહેનને કંઈક થઈ જાય તો તમે લખો કે નહિ?' એવો સવાલ દિલીપભાઈના સાળા ધીરૂએ કર્યો, એનો જવાબ સર્જક દિલીપભાઈ આપે છે, 'હા, લખીશ. એના આ રોગ અને પીડા વિષે એકાદ પુસ્તક લખીશ...' સવિતાના મૃત્યુ પછી છ–સાત વર્ષ સુધી ઘટનાઓ અને સંઘરાયેલી સ્મૃતિઓ ઊબળવા લાગે છે. એ દરમિયાન જયોતિર્ રાવળ, વિષ્ણુ પંડયા, હરીન્દ્ર દવે, રજનીકુમાર પંડયા, હસમુખ રાવલ, પ્રમોદ સોલંકી વગેરે લખવા પ્રેરે છે.'

સર્જક દિલીપ રાણપરા 'ડૂસકું ફૂટયા પહેલાં'ની પ્રસ્તાવનામાં સર્જનપ્રક્રિયાની કેફિયત આ પ્રમાણે આપે છે.''...લખવા માટેની સામગ્રી, ડાયરીઓ, બેન્કની પાસબુક લઈને બેસું અને બધું એટલા આવેગથી ધસવા લાગે કે કશું જ ન લખાય. કશું જ ક્રમબદ્ધ ન આવે. ચિત્તમાં ચાલતી ટેપ અળવી થઈ જાય...બધી સામગ્રી એકઠી કરીને ગાંધીનગર ગયો...કશી નોંધ કરવાની નહોતી...બધું જ ક્રમબદ્ધ યાદ હતું...સંવાદો જેમના તેમ ટેપ થયા જેવા જ હતા...કલ્પનાનો આશરો લેવાનો નહતો....અંગત મંતવ્યો ઠાલવવાનાં નહોતા...જે અનુભવ્યું, જે સમયમાંથી પસાર થયાં તેમાં પાછા ફરવાનું હતું. ને મારી સ્મૃતિઓના પટારા ઊઘડી જાય છે. એકસામટા અનેક પ્રસંગો ધસારો કરે અને પછી લખવાનું અટકી જાય...રાત

આખી લખવાનું હોય એના કરતાં લખાઈ ગયું હોય તેના વિચારોમાં વીતે...એમાં કયાંય મારામાંનો લેખક વ્યકત તો નથી થતો ને? કયાંય રંગદર્શિતા તો નથી આવી ને? પ્રામાણિકતા અતિશયોકિતનો અણસાર નથી આવી ગયો ને? ભૂતકાળ બની ગયેલા એક સમયખંડને ફરી એ જ સ્થિતિમાં જીવવાનો છે...દરેક ક્ષણે, દરેક શબ્દે અને વાકયે હું અનુભવતો રહ્યો કે હું એ જ સમયમાં જીવી રહ્યો છું....ને હું લખવાનું માંડી વાળતો...વળી લખવા લાગતો...કયાંય સુધી લખાયેલા કાગળો કોથળીમાં પડયા રહેતા..થોડો સમય લખવાનું મૂકી દીધું...થઈ ગયું, બસ, આટલું તો ઘણું...આ અંગત કથા છે...''[૨૪] આમ લેખકે સ્વજન પાત્ર આલેખવા પોતાની કેફિયત આપી છે.

શ્રી ભગવતીકુમાર શર્માએ પૂછયું, શું લખો છ? ''નવલકથા કહેવાય કે નહિ, એ બીજા કયા સ્વરૂપમાં આવી શકે તે પણ ન કહી શકું એવું કંઈક લખી રહ્યો છું...સવિતાની કેન્સરકથા...''[૨૫]

શ્રી હરીન્દ્ર દવેએ કહ્યું. ''પેલી નવલકથા લખાય એટલે મોકલજો...' એવું કહ્યું ત્યારે દિલીપભાઈ કહે છે, 'નવલકથા નહિ, એના જેવું કંઈક''[૨૬]

આમ ઉપરોકત વિધાન ઉપરથી ખ્યાલ આવે છે કે સર્જક પોતે જ નવલકથાના સ્વરૂપ વિશે દ્વિધા અનુભવે છે. હા, સવિતાની કેન્સરકથા...વિશે કહે છે. સર્જકે માત્ર સવિતાના જીવનનો દર્દકાળનો સમય જ લીધો છે પણ કેન્દ્રસ્થ પાત્ર સવિતા જ રહે છે. સર્જક પોતે ગૌણ પાત્ર તરીકે રહે છે. આમ સવિતાના દર્દની સંવેદનાને ફરી કલામાં રૂપાંતર કરે છે. એટલે આ કૃતિ નિતાંત સત્યકથા છે. કૅન્સરકથા છે. જીવનના એક દર્દકાળ ખંડની કથા છે. સર્જક પોતે જ પાત્ર હોવા છતા આત્મકથનાત્મક નવલકથા નથી. મુખ્યપાત્ર કથાનાયિકા સવિતા છે. સવિતાના મૃત્યુ પછી તેમના પતિ સર્જક દિલીપભાઈ લગભગ છ–સાત વર્ષ સુધી ઘટનાઓ અને વેદનાઓને મનની અંદર ઘૂંટીઘૂંટીને એમણે શબ્દરૂપ આપ્યું છે. સર્જક પત્નીના રોગની કથાને પૂરી તટસ્થતાથી આલેખે છે. પોતે પાત્ર તરીકે રહી પત્નીની વેદના–સંવેદનાની કથા કહે છે. કેન્સરગ્રસ્ત સવિતાના આંતર–બાહ્ય જીવનની કથા છે. એટલે એ નવલકથા છે. સવિતાના પાત્રને ચરિત્રનાયિકા તરીકે નવલકથામાં વિકસાવે છે એટલે જ જીવનચરિત્રમૂલક નવલકથા છે.

બાબુ દાવલપરા 'મીરાંની રહી મહેક' નવલકથાના સંદર્ભમાં નોંધે છે કે,

''માનવીના સ્વભાવની વિલક્ષણતાઓ અને નબળાઈઓ, તેના હૃદયની ભાવનામયતા અને ભાવસંપદા, તેના પારિવારિક–સામાજિક સંબંધોની જટિલતા અને ચૈતસિક વ્યાપારોની ચિત્રવિચિત્ર ગતિવિધિને યથાર્થ રીતે ઉપસાવી આપે તેવાં પ્રસંગચિત્રો અહીં સુપેરે અંકિત થયાં છે. નવલકથાની સૃષ્ટિ વાસ્તવિક લાગે એટલો સામાજિક સંદર્ભ પણ એમાં અનિવાર્યતયા આવે છે. પરંતુ ઉપાદાન અને ભાષા માધ્યમ પર લેખક એવું પ્રભુત્વ ધરાવે છે કે તેઓ કયાંય અપ્રસ્તુત વિગત પ્રસ્તાર અથવા અતિરંજકતામાં સરી પડતા નથી. તથ્યાત્મક માહિતીપ્રચુર વર્ણન–કથન અને વિવિધરંગી વ્યકિતચિત્રોનું ભારણ વધી ન જાય એ બાબતે લેખક ખૂબ સાવધ છે. વસ્તુસામગ્રી જીવનચરિત્રાત્મક નવલકથાનું સર્જન કરી શકાય તેવી દસ્તાવેજી પ્રકારની હોવા છતાં કૃતિનું વિભાવન એ પ્રકારે થયેલું છે કે તેના કેન્દ્રમાં કથાનાયિકાનું આંતરજીવન રહે અને સર્જકચિત્તમાં વસી ગયેલી તેના ચરિત્રની પ્રતિમા સહજ રૂપમાં સાકાર થઈ શકે. કથામાં સવિતાના આંતર–બાહ્ય જીવન સાથે અવિચ્છેદ્ય રીતે સંકળાયેલા પતિ દિલીપભાઈના મંથન–સંવેદન અને દાંપત્યજીવનનાં સંસ્મરણ એવાં ઔચિત્યપૂર્વક વણાયાં છે.''[૨૭]

ભગવતીકુમાર શર્માના શબ્દમાં: ''આમ, 'મીરાંની રહી મહેક' એ નિશ્ચિત મૃત્યુની, એ મૃત્યુમાંથી અમૃતત્વ પામવાના, અમૃત સમીપે પહોંચવાના સફળ પુરુષાર્થની, મૃત્યુની સંનિધિએ બે વ્યકિતઓના થતા ઊર્ધ્વમુખ સ્વરૂપાન્તરની, એ સ્વરૂપાંતરને શકય બનાવતી બે સર્જક–પ્રતિભાઓની સંકુલ છતાં સોંસરવી માનસયાત્રાની કરુણમંગલ કથા છે.ગુજરાતી સાહિત્યમાં જ નહિ, હજારો વાચકોનાં હૃદયમાં પણ તેનું ઘણું ઊંચું અને ચિરસ્થાયી સ્થાન રહેશે.''[૨૮]

'મીરાંની રહી મહેક' નવલકથા એક સાચુકલી વ્યથાકથા છે. આ સત્ય ઘટનાને દરદ, દરદી, ઔષધ, ચિકિત્સકો, પરિચારિકો, મેડિકલ કે આયુર્વેદ કોલેજોમાં ટેકસ્ટ–બુક તરીકે આ શીખવવામાં આવે તો ચિકિત્સા જગતમાં ઘણું પરિવર્તન આવે, ઘણું શીખવા મળે. તો એક ગુજરાતી સાહિત્યની અમર કૃતિ બની જશે.

'મીરાંની રહી મહેક: પીડાને જીવનબળરૂપે જોગવતી દષ્ટિ' લેખમાં ધીરેન્દ્ર મહેતા નોંધે છે કે, ''મીરાંની રહી મહેક' સત્યકથા છે. આવો ઉલ્લેખ હું કરું છું તે એના વસ્તુને જ અનુલક્ષીને એટલે કે આ કથામાં વ્યકિતઓનાં નામ સાચાં હોવાને કારણે કે એમાં નિરૂપાયેલી

ઘટનાઓ ખરેખર બની ચૂકી હોવાને કારણે જ નહિ. પરંતુ જે નિરૂપણ થયું છે તે જોતાં એમ લાગે છે કે બની ચૂકયું છે તે અહીં રૂપાંતર પામ્યા વિના પ્રસ્તુત થયું છે. લેખક પોતે વૃત્તાંતકથક છે અને પોતે વૃત્તાન્તમાં હાજર છે એટલે અહીં પ્રથમ પુરુષ નિરૂપણરીતિ યોજાઈ છે. પરંતુ વૃત્તાન્તના કેન્દ્રમાં સવિતાબહેન છે અને કેન્દ્રસ્થ ઘટના એમને કૅન્સરનો વ્યાધિ લાગુ પડવાની છે. એની પહેલવહેલી જાણ થઈ ત્યારથી માંડીને એમના મૃત્યુ સુધીની ક્ષણોમાં આ વૃત્તાન્ત વિકસ્યો છે.''[૨૯]

'સન્ધાન'માં સુમન શાહ નોંધે છે કે, ''આ નવલકથાની નોંધપાત્ર વિશેષતા એ છે કે લેખકના અંગત જીવનને સ્પર્શતી સત્યઘટનાત્મક વસ્તુસામગ્રી અને તથ્યમૂલક વિગતોનું એમાં ઘણુંબધું દસ્તાવેજીકરણ થયેલું હોવા છતાં આ કથા દસ્તાવેજી નવલકથાની કક્ષા વટાવી જઈને એક કલ્પનોત્થ કૃતિ **(Fictional work)** બની રહે છે. પ્રથમ પુરુષ એકવચનની આત્મનેપદી કથનરીતિ એમાં પ્રયોજાય છે, તેમ છતાં 'મીરાંની રહી મહેક' આત્મવૃત્તાંતાત્મક નવલકથા **(Autobiographical novel)** પણ બનતી નથી. વસ્તુતઃ એક વ્યકિત તરીકે લેખકની ભૂમિકા એમાં ગૌણ છે. સંખ્યાબંધ જીવંત વ્યકિતઓ એમાં પોતાનાં અસલ નામ–ઠામ સાથે સ્થાન પામે છે. પરંતુ આ સર્વેનાં પાર્શ્વચિત્રો અને આત્મવૃત્તાંતાત્મક પ્રસંગ ચિત્રો કથાનાયિકા સવિતાના ચરિત્રને ઉભારવા માટે વિભાવ લેખે અહીં ઔચિત્યપૂર્વક ખપમાં લેવાયાં છે. કેમેરાના ફોકસમાં કેન્દ્રબિન્દુએ તો તેમની કેન્સરગ્રસ્ત પત્ની સવિતાના આંતર–બાહ્ય જીવનના, દાંપત્યજીવનના એક મહત્ત્વપૂર્ણ ખંડની કથા જ રહે છે.''[૩૦]

'સન્ધાન' માં સુમન શાહ નોંધે છે કે, ''સર્જક પોતે પ્રથમ પુરુષ એકવચનની કથનરીતિવાળી નવલકથામાં એક પાત્રરૂપે કથકની ભૂમિકામાં હોય અને સ્વાનુભવમૂલક ઉપાદાન લઈને તેણે સંવેદનકથા રચવાનો ઉપક્રમ આદર્યો હોય ત્યારે પાત્રસૃષ્ટિ સાથે કલાગત અંતર સાચવીને તેની સાથે તાદાત્મય સાધવાનું કાર્ય અતિ દુષ્કર હોય છે. પરંતુ પ્રથમ પુરુષ તથા ત્રીજો પુરુષ એકવચનમાં દ્વિકેન્દ્ર દષ્ટિબિંદુઓનો વિનિયોગ કરીને લેખકે અહીં વસ્તુલક્ષિતા સાધી હોવાથી આત્મપ્રક્ષેપનું ભયસ્થાન તેઓ સફળતાપૂર્વક વટાવી શકયા છે. દસ્તાવેજી પ્રકારની વસ્તુસામગ્રીનું સર્જનમાં રૂપાંતર કરવા માટે જે કલ્પકતા અને કળાવિવેકની અપેક્ષા રહે તે તેમનામાં પર્યાપ્ત માત્રામાં છે. બહિર્ગત વાસ્તવની ભીતરમાં છુપાયેલા ચૈતસિક વાસ્તવનું

રૂપ અને વૈયક્તિક અનુભવોની પાછળ રહેલા અનુભવનું આંતરસ્વરૂપ પ્રત્યક્ષ થાય, જીવનનું કોઈ અનુભૂત સત્ય એમાં સાકાર થાય એવું સર્જકકર્મ આપણી આજની નવલકથામાં કવચિત્ જ જોવા મળે છે. અહીં એ મોજૂદ છે. 'મીરાંની રહી મહેક'માં જીવનચરિત્રાત્મક સાહિત્ય અને વ્યવહાર જગતનાં તથ્યો ઓગળી જતાં કળાની આગવી વાસ્તવિકતા સિદ્ધ થઈ શકી છે. તે લેખકના આ સર્જન–કર્મનું જ સ્વાભાવિક પરિણામ છે.''[૩૧]

આથી નવલકથા 'મીરાંની રહી મહેક'ને જીવનકથા–કમ–આત્મકથાના મિશ્રણ જેવો વિશિષ્ટ પ્રયોગ કહી શકાય.

ાા ૯. 'પ્રકાશનો પડછાયો'–દિનકર જોષી, ૧૯૮૮ ાા

દિનકર જોષીની ૧૯૫૪માં પહેલી વાર્તા અને ૧૯૬૩માં પહેલી નવલકથા પ્રગટ થઈ, ત્યાર પછી આજ સુધીમાં કુલ ૧૦૨ જેટલાં પુસ્તકો પ્રગટ થયાં. તેમાં ચુંમાલીસ નવલકથાઓ, બાર વાર્તાસંગ્રહો, તેર સંપાદનો, બત્રીસ અન્ય પ્રકીર્ણ ગ્રંથો અને એક અનુવાદ પ્રાપ્ત થાય છે. ગુજરાત રાજય સરકારના ચાર એવૉર્ડ, ગુજરાત સાહિત્ય પરિષદનું ઉમા–સ્નેહરશ્મિ પારિતોષિક અને ગુજરાત થિયૉસૉફિકલ સોસાયટીનો મેડમ બ્લૅવૅટસ્કી એવૉર્ડ પ્રાપ્ત થયાં છે.

ગુજરાતી ભાષામાં જીવનચરિત્રમૂલક નવલકથાનું સૌથી વધુ અને વિશિષ્ટ પ્રદાન દિનકર જોષીનું છે. તેમણે પાંચ જીવનકથાત્મક નવલકથાઓ આપી છે. જેમાં નર્મદના જીવન પર 'એક ટૂકડો આકાશનો' અને ગાંધીજીના મોટા પુત્ર હરિલાલના જીવન પર આધારિત 'પ્રકાશનો પડછાયો' જીવનચરિત્રમૂલક નવલકથાઓ આપી છે. જેનો હિન્દી અને મરાઠીમાં અનુવાદ થયો છે. રવીન્દ્રનાથ ટાગોરના જીવન પર 'અ–મૃતપંથનો યાત્રી', કાયદે આઝમ મહમદઅલી ઝીણાના જીવન ઉપર આધારિત 'પ્રતિનાયક' અને ગૌતમ બુદ્ધના જીવનકાર્ય પર આધારિત 'પ્રશ્ન પ્રદેશની પેલે પાર' જીવનચરિત્રાત્મક નવલકથાઓ આપી છે. તેમાં 'પ્રકાશનો પડછાયો' દિનકર જોષીની કીર્તિદા કૃતિ છે.

'પ્રકાશનો પડછાયો' એક અનોખી નવલકથા છે. દીપક મહેતાના શબ્દોમાં કહીએ તો,''૧૮૬૬માં પ્રગટ થયેલી 'કરણઘેલો'થી માંડીને આજ સુધીમાં ગુજરાતી ભાષામાં નવલકથાઓ તો હજારો લખાઈ છે, પણ જેની સાથે 'પ્રકાશનો પડછાયો'ની સરખામણી કરી શકાય એવી બીજી કોઈ ગુજરાતી નવલકથા મળવી મુશ્કેલ. આમ કહેવાનો અર્થ એવો તો નથી જ કે દિનકરભાઈની આ નવલકથા ઉત્તમ કૃતિ છે. એનો અર્થ એટલો જ કરવો કે આ એક અનોખી કૃતિ છે, કારણ જીવનકથાત્મક નવલકથા **(biographical novel)**નો પ્રકાર આપણે ત્યાં લગભગ વણખેડાયેલો જ રહ્યો છે.''[૩૨]

'પ્રકાશનો પડછાયો' નવલકથાની માહિતી જે ગ્રંથોમાંથી ઉપલબ્ધ થઈ છે એની સંદર્ભસૂચિ નવલકથાના છેલ્લા પૃષ્ઠ ત્રણ સો વીસ પર આપી છે. જેમાં સત્તર સંદર્ભ પુસ્તકોની

નોંધ કરી છે. 'થોડુંક'માં દિનકર જોષી નોંધે છે કે, 'આ સંદર્ભ ગ્રંથોમાં હરિલાલ વિષે જે ઉલ્લેખો છે એમાં કયાંય સાતત્ય નથી. શ્રી ચંદુલાલ ભ. દલાલ સંપાદિત એક ગ્રંથનો અપવાદ બાદ કરતાં બધું છૂટું છવાયું છે. કયાંય વિરોધાભાસો પણ છે. આ બધામાંથી જે સળંગસૂત્રતા તારવી શકાઈ એને શ્રદ્ધેય તરીકે સ્વીકારીને, નવલકથાના કલાસ્વરૂપની મર્યાદામાં એનો સમાવેશ કર્યો છે.' નવલકથાનાં સર્જનપૂર્વે–સર્જન દરમિયાન પ્રત્યક્ષ મુલાકાત લીધી છેં જેમા પ્રથમ વખત વાત કહેનાર શ્રી મગનલાલ ગાંધીના પુત્ર શ્રીકેશવલાલ ગાંધી એટલે કે કેશુભાઈ, હરિલાલના જમાઈ શ્રીકુંવરજીભાઈ પારેખ, ગાંધીજીનાં પુત્રવધૂ અને સદ્‌ગત રામદાસ ગાંધીનાં પત્ની શ્રીમતી નિર્મળાબહેન ગાંધી, હરિલાલનાં પુત્રી શ્રીમતીમનુબહેન ગાંધી તથા તેમના પતિ શ્રીસુરેન્દ્ર મશરૂવાળા, હરિલાલનાં પુત્રવધૂ શ્રીમતી સરસ્વતીબહેન તથા શ્રીપ્રભુદાસ ગાંધી અને સદ્‌ગતશ્રી કનુ ગાંધી, શ્રીમતી નવમાલિકાબહેન વજરિયા, શ્રીકાંતિભાઈ, શ્રીનારાયણ દેસાઈ વગેરેનો આ કૃતિને લાભ મળ્યો છે.

'પ્રકાશનો પડછાયો' જીવનચરિત્રમૂલક નવલકથા મુંબઈના 'સમકાલીન' તથા અમદાવાદ, વડોદરા અને રાજકોટના 'લોકસત્તા' અને 'જનસત્તા' દૈનિકોની સાપ્તાહિક પૂર્તિમાં ધારાવાહિક રૂપે પ્રગટ થઈ હતી. પ્રથમ આવૃત્તિ૧૯૮૮માં પ્રગટ થઈ હતી. ત્યાર બાદ પુનર્મુદ્રણ ત્રણ વખત થયું હતું. આ પુનઃમુદ્રણ જ બતાવે છે એની લોકપ્રિયતા અને લોકાદરપણું.

આ નવલકથા ઉપરથી અંગ્રેજીમાં રૂપાંતરિત થયેલું નાટક 'મહાત્મા વર્સેસ ગાંધી'એ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. ભારતીય ભાષાઓમાં પણ નાટયાંતરો થયા છે. એવી આ નવલકથા મહાત્મા ગાંધીજીના જયેષ્ઠ પુત્ર સદ્‌ગત હરિલાલના જીવન પર આધારિત જીવનકથનાત્મક રીતે આલેખન પામી છે. આ જીવનચરિત્રમૂલક નવલકથાને સાહિત્ય પરિષદનું ઉમા–સ્નેહરશ્મિ પારિતોષિક મળ્યું છે. મરાઠી અને હિન્દીમાં આ નવલકથા અનુવાદિત થઈ છે. આપણે ત્યાં હમણાં જીવનચરિત્રાત્મક નવલકથાનો યુગ શરૂ થયો છે. જેમાં 'પ્રકાશનો પડછાયો' નવલકથા આ ક્ષેત્રે એક નેત્રદીપક સર્જન બની ચૂકી છે.

જયંત ગાડીત ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતાં નોંધે છે કે, ''દિનકર જોષીની 'પ્રકાશનો પડછાયો' સાહિત્યિક કૃતિ તરીકે પ્રતિષ્ઠા પામી. ગાંધીજીના મોટા પુત્ર હરિલાલ ગાંધીના જીવન પરથી, એટલે કે સત્ય ઘટના પરથી લખાઈ હોવાને કારણે એ સાહિત્યિક બની ગઈ એવું

નથી. એ કૃતિમાં હરિલાલ ગાંધીના પાત્ર દ્વારા સતત પિતાની આભામાંથી બહાર નીકળી પોતાના બળથી આગળ વધવા માગતા અને એમાં સતત નિષ્ફળતા મળવાને લીધે વિકૃતિ તરફ ધકેલાઈ ગયેલા એક પુરુષની કરુણતા લેખકે ઉપસાવી છે તે આસ્વાદનો વિષય બને છે.''[૩૩]

જયંત ગાડીત પરબમાં નોંધે છે. ''એક ટુકડો આકાશનો' કવિ નર્મદના જીવન પરથી લખાયેલી છે. પરંતુ આ કૃતિ કરતાં મહાત્મા ગાંધીના મોટા પુત્ર હરિલાલ ગાંધીના ચરિત્ર પરથી લખાયેલી 'પ્રકાશનો પડછાયો' વધારે સફળ કૃતિ છે. ગાંધીજીનો જાહેર જીવનમાં શુદ્ધિનો અતિઆગ્રહ હરિલાલને એની યુવાવસ્થામાં કેવો અન્યાયકર્તા બની ગયો, યુવાન હૃદયમાં ખૂંચેલી એ કણી ક્રમશઃ કેવી રીતે પિતા પ્રત્યેની નફરતમાં બદલાઈ ગઈ, પિતાથી જુદી રીતે જીવન ગોઠવવાની સંનિષ્ઠ મથામણો પછી પણ મળેલી નિષ્ફળતાઓ એ નફરતને સંકોરવામાં કેવી રીતે નિમિત્ત બની અને અંતે એક મહાન પુરુષના પુત્રના જીવનનો કેવો કરુણ અંજામ આવ્યો એનું સારું ચિત્રણ તેમણે કર્યું છે. પાત્રમનનાં ઊંડાં સંચલનોને પ્રગટ કરી શકાય એવાં ઘણાં સ્થાન હતાં, પરંતુ એનો લાભ લેખકે ઝાઝો લીધો નથી. ભાષાને સર્જનાત્મક સ્તરે પ્રયોજવાની સજ્જતા પણ ઓછી પડે છે. તો પણ એક નવા પ્રકારને ગુજરાતીમાં ઠીકઠીક સફળતાપૂર્વક ખેડવા માટે આ કૃતિ અવશ્ય ધ્યાનાર્હ છે.''[૩૪]

'પ્રકાશનો પડછાયો' દિનકર જોષીની કીર્તિદા કૃતિ છે. આ નવલકથા માત્ર ગુજરાતી વાચકો ઉપર જ પથરાઈ જવાને બદલે ભારતભરના આકાશમાં પથરાઈ ગઈ છે. આ નવલકથામાંથી 'પ્રકાશશાંચી સાવલી' મરાઠી અનુવાદિત નવલકથા અને 'ગાંધી વિરુદ્ધ ગાંધી' મરાઠી નાટક પણ અદ્‌ભુત રીતે આકર્ષી રહ્યું છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને એમના જયેષ્ઠ પુત્ર હરિલાલના સંવેદનની કથામાં લેખકની સંશોધનવૃત્તિ, કલમ અને કલાઓ કસબ દ્વારા નાજુક વિષયનું બહુ જ સંભાળપૂર્વક–સંયમપૂર્વક આલેખન અને વિચારપ્રેરક નવલકૃતિ આપી છે.

તખ્તસિંહ પરમાર નોંધે છે કે, ''જીવનચરિત્રાત્મક નવલકથાનો એક પ્રયોગ 'એક ટુકડો આકાશનો'માં ૧૯૮૪માં થયો, તે પ્રયોગ ઘૂંટાતો ઘૂંટાતો 'પ્રકાશનો પડછાયો'માં વિશેષ કળારૂપ પામે છે ને જે તે વર્ષનું ઉત્તમ ગણાય તેવું ઉમા–સ્નેહરશ્મિ પારિતોષિક તેને પ્રાપ્ત થાય છે.''[૩૫]

'અમારો દિનકર વાચકોના હૃદયકબાટમાં રહેવા સરજાયેલો છે..'એ લેખમાં જશવંત મહેતા લખે છે કે, ''ચરિત્રાત્મક નવલકથાનો યુગ આપણે ત્યાં હમણાં શરૂ થયો છે. દિનકરની 'પ્રકાશનો પડછાયો' નવલકથા આ ક્ષેત્રે એક નેત્રદીપક સર્જન બની ચૂકી છે.''[૩૬]

ચંદુભાઈ સેલારકા જણાવે છે કે, ''દિનકરની વિશિષ્ટ પ્રકારની કેડી કંડારતી કવિ નર્મદ પરની ચરિત્રાત્મક નવલકથા 'એક ટુકડો આકાશનો' અને ઉમા–સ્નેહરશ્મિ પારિતોષિક વિજેતા નવલકથા 'પ્રકાશનો પડછાયો'–એના વિશ્લેષ્ણાત્મક અભ્યાસનો પરિપાક છે એમ સહેજે કહી શકાય. 'પ્રકાશનો પડછાયો'ની વાત કરીએ તો ગાંધીજી જેવા પ્રકાશના પૂંજને પાત્ર સ્વરૂપે રજૂ કરી–એમની જાહેરજીવનમાં શુદ્ધિનો સત્યાગ્રહ એના જ સંતાન હરિલાલ પર કેવી ઊંધી અસર કરે છે અને યુવાન હૃદયની ભીતરમાં ઝળહળી ઊઠેલી જવાળા અંતે કેવી કારુણિકા સર્જી દે છે, એની હૃદય હલાવી મૂકતી આ નવલકથાને દાયકાની શ્રેષ્ઠ નવલકથા તરીકે ગુજરાતી સાહિત્યે–પ્રજાએ વધાવી લીધી છે.''[૩૭]

'શ્રી દિનકર જોષીની સર્જનયાત્રા' લેખમાં ચંદુભાઈ સેલારકા નોંધે છે કે, ''પ્રકાશનો પડછાયો' ગુજરાતી ભાષામાં લખાતી નવલકથાઓમાં એક આગવી ભાત પાડતી, અલગ કેડી કંડારતી નવલકથાએ નવલકથાકારોની પ્રથમ હરોળમાં માનભર્યું સ્થાન આપ્યું. મહાત્મા ગાંધી જેવી વિશ્વવંદ્ય વિભૂતિના જીવનમાંથી જન્મતી એક સંઘર્ષ–કથાને, પિતા–પુત્ર વચ્ચેની ગેરસમજને દોષારોપણ, બચાવ અને આંતરિક વેદનાને, સત્યઘટનાને, અસંખ્ય સાક્ષીઓ વાંચવાના છે તેની સભાનતા સાથે, નવલકથાના ઘાટમાં ઢાળીને–ગાળીને રજૂ કરવી તે નાનું–સૂનું કામ નહોતું. ગાંધીજીના વિરાટ વ્યકિતત્વમાંથી એક અંશ જુદો પાડી, તેનું લૅબોરેટરી–એનાલિસિસ–પ્રયોગશાળામાં થતું હોય તેવું વિગતે સૂક્ષ્મ પૃથક્કરણ કરીને, કલાકારની હેસિયતથી, શબ્દોના માધ્યમ દ્વારા રજૂ કરવાનું સાહસ દિનકર જોષીએ કર્યું અને તે તેમની કુશળતા, નૈસર્ગિક સર્જક પ્રતિભા અને ઘડાયેલી કલમે સફળ બનાવ્યું.''[૩૮]

સર્જકશ્રી રઘુવીર ચૈધરી લખે છે, ''આ ઘટનાઓ પ્રાસાદિત શૈલીમાં રજૂ થતી જાય છે અને વચ્ચે વચ્ચે બા, બાપુ તેમજ સ્વજનોના પ્રતિભાવો મુકાતા જાય છે. બે જીવનપદ્ધતિનો સંઘર્ષ આલેખીને લેખકે ચિંતનાત્મક થવાનું કે મનના અતળ ઊંડાણોમાં તરીને કાવ્યાત્મક થવાનું ટાળ્યું છે. એમનું લક્ષ પ્રસંગો, પરિસ્થિતિઓ અને પાત્રો ઉપર છે. વાચક

વિસામા વિના કૃતિની પેલી પાર નીકળી જાય છે અને પછી વિચારમાં પડી જાય છે. જીવનની ઊંચાઈ અને ખાઈ વિષે.''[૩૯]

'દિનકર જોષી–એક પ્રતિભા' લેખમાં પ્રતાપ શાહ નોંધે છે કે, ''પ્રકાશનો પડછાયો' ગુજરાત અને મહારાષ્ટ્રની રંગભૂમિને પણ શોભાવતા રહ્યા છે. મહાત્મા ગાંધીના દુઃખી પુત્ર હરિલાલ ગાંધી વિષે કદાચ આપણે અજ્ઞાન હતાં. મહાત્મા ગાંધી પ્રકાશ છે. હરિલાલ પડછાયો છે. પ્રકાશ અને પડછાયાનો સંઘર્ષ પિતા–પુત્રનો હોવા છતાં વિશેષ રીતે એક યુગપુરુષ અને પારિવારિક સંબંધોની એક દર્દભરી કથા છે. પ્રકાશનો પડછાયો હવે એક પ્રસિદ્ધ ડાયરેકટર દ્વારા હિન્દી અને અંગ્રેજી ફિલ્મના કચકડે મઢાય છે જેનું પ્રદર્શન આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ થશે. તે આપણા માટે અતિ ગૌરવપૂર્ણ ગણાય.''[૪૦]

'પ્રકાશનો પડછાયો' નવલકથા અંગે ભગવતીકુમાર શર્માના શબ્દોઃ ''સાચા અર્થમાં મહામાનવ થવું તો અત્યંત વિકટ છે જ, પણ તેવા મહામાનવના સ્વજન કે સંતાન થવુંયે ઓછું દુષ્કર નથી એ વાત શ્રી દિનકર જોષીની નવલકથા 'પ્રકાશનો પડછાયો' વાંચતાં સમજાય છે. આ એક જીવનકથનાત્મક એટલે કે બાયોગ્રાફિકલ નૉવેલ છે. ગુજરાતી ભાષામાં આ પ્રકારની નવલો બહુ જ ઓછી લખાઈ છે. શ્રી દિનકર જોષીએ જ આ પૂર્વે કવિ નર્મદના જીવન પરથી 'એક ટુકડો આકાશનો' નામની જીવનકથનાત્મક નવલકથા લખી હતી.''[૪૧]

'મહામાનવના સંતાન બનવાનું સહેલું નથી' લેખમાં ભગવતીકુમાર શર્મા નોંધે છે કે,''પ્રકાશનો પડછાયો' વાંચતાં આંખ વારંવાર ભીની થાય છે અને હૃદય દ્રવી ઊઠે છે. હરિલાલની યાતનાઓ, કસ્તૂરબાની અંતર્વ્યથા અને બાપુની વેદના બધું જ અત્યંત હૃદયદ્રાવક બની રહે છે. છેવટે હરિલાલનો દેહ છૂટે છે ત્યારે વાચક પણ એક પ્રકારની મુકિત અનુભવે છે. પાછલાં પ્રકરણો વધારે અસરકારક બની આવ્યાં છે. પ્રારંભે વર્તાતી સર્જકતાની ટાંચાઈ છેવટનાં પ્રકરણોમાં દૂર થાય છે અને દિનકર જોશી એક સશકત કૃતિ આપે છે. તેમનું કામ અત્યંત વિકટ હતું. તેમને એક નવલકથા લખવી હતી, પણ તે બાયોગ્રાફિકલ નૉવેલ આપી સત્ય સાથે તેઓ કશી છૂટછાટ લઈ શકે કે છેડછાડ કરી શકે તેમ ન હતા, અને તે સાથે તેઓ કોઈ દસ્તાવેજી ગ્રંથ પણ લખવા માગતા ન હતા, આથી તેમને સતત સત્ય અને તેના નવલકથાત્મક આલેખન વચ્ચે ઝૂલવું પડયું છે, જેમાં તેમને સારી એવી સફળતા મળી છે. 'પ્રકાશનો

પડછાયો'ની મોટી સિદ્ધિ એ છે કે તેના કથાનાયક હરિલાલનાં આટઆટલાં પતનો પછી પણ તે આપણી ધૃણાને નહિ, સહાનુભૂતિને પાત્ર બની રહે છે. તેને દુર્જન નહિ પણ દુર્ભાગી માનવાનું જ મન થયા કરે છે. પિતા અને એક મહામાનવ તરીકેના ગાંધીજીના હરિલાલ પ્રત્યેના વર્તનની યોગ્યાયોગ્યતા આપવાની પોતાની અસમર્થતા પણ દિનકરભાઈ એ વાજબી રીતે સ્વીકારી લીધી છે. ગાંધીજી પોતાની જગ્યાએ સાચા હતા તો તેના પ્રત્યાઘાત રૂપે હરિલાલે જે વર્તન કર્યું તે પણ તેની પોતાની જગ્યાએ ગમે એટલું વરવું હોય છતાં અસ્વાભાવિક નહોતું. કસ્તૂરબાની વ્યથા તો મૂર્તિમંત જ છે. સત્ય, શિસ્ત, તપ, સાધના, ત્યાગ, પરિશ્રમ, આ બધું જેમ આચરવું તેમ જિરવવું જરાયે સરળ નથી. 'દીવા પાછળ અંધારું' એ ઉકિત આપણી ભાષામાં ઘણી પ્રચલિત છે. પણ દીવો માત્ર પ્રકાશ પાથરતો નથી–તેમાં અગ્નિ પણ હોય છે. બધા સાચા મહામાનવોની જેમ ગાંધીજી જેમ પ્રકાશપુંજ હતા તેમ અગ્નિપુંજ પણ હતા. એ અગ્નિ જિરવવાનું કાચાપોચાનું કામ નહિ. આજે આપણી આસપાસ ગાંધીજીનું નામ રટીને વૈભવવિલાસમાં આળોટતા હજારો હરિલાલ જોઈએ છીએ હરિલાલ તો એટલા પ્રામાણિક હતા કે તેમણે ગાંધીજીનો ઉઘાડો વિરોધ કર્યો. 'પ્રકાશનો પડછાયો' એક વાર અચૂક વાંચવા જેવું પુસ્તક છે.''[૪૨]

મરાઠી સમીક્ષક ભાનુ કાળે 'પ્રકાશનો પડછાયો' વિશે નોંધે છે કે, ''આ કૃતિનો મોટો ગુણ શાલીનતા અને સંયમ છે. લેખકે કોઈ પણ પાત્રનો ઉલ્લેખ એકપક્ષી કરેલ નથી. મહાત્માજીને અન્યાય ન કરવા છતાં લેખકે હરિલાલને ન્યાય આપ્યો છે. મહાત્માજી બે વ્યકિતઓ પાસે સતત પરાજય પામતા રહ્યા હતા ઝીણા અને હરિલાલ. મહાત્માજીના જીવનની આ કરુણતા લેખકના હૃદયને વિચલિત કરે છે. તેમાંથી જ તેમને પિતા–પુત્રના સંઘર્ષની આ કરુણકથા શબ્દબદ્ધ કરવાની પ્રેરણા મળી છે. આ નવલકથા વાંચવી એ એક સ્તબ્ધ કરનારો અનુભવ છે. એક અતિશય ઉત્કટ સંઘર્ષ આટલી રીતે સંયમિત કરીને કલાત્મકપણે શબ્દબદ્ધ નવલકથા વાંચતાં વારંવાર કંઠમાં, ન રોકી શકાય તેવા ડૂસકાં ભરાવી આવે છે અને વાચન પૂરું કર્યા પછી કયાંય સુધી મનમાં વિચારોનું ચક્ર શમતું નથી. એક શ્રેષ્ઠ કલાકૃતિમાં જ આવું સામર્થ્ય હોય.''[૪૩]

નવલકથાકાર દિનકર જોષી ગાંધીજીના ભત્રીજા મગનલાલ ગાંધીના પુત્ર શ્રી કેશવલાલ ગાંધીએ વાતવાતમાં હરિલાલ જોડે પરોક્ષ પરિચય કરાવ્યો. હરિલાલના મૃત્યુ અને

કટની સ્ટેશને બનેલી ઘટના વિષે વાત કરી. પણ આ પરિચય સુખદ નહોતો. માનવ જીવનની કરુણતા, સંઘર્ષ અને આંતર્વ્યથા લેખકના હૃદયને વિચલિત કરે છે. ગાંધીજી એમના જીવનમાં બે જ વ્યકિતઓને સમજાવી શકયા નહોતા. એક મહમદઅલી ઝીણા અને બીજા હરિલાલ. આ બન્ને વ્યકિતઓને લેખકે આત્મસાત્ કરી એમના જીવન આધારિત નવલકથા 'પ્રતિનાયક' અને 'પ્રકાશનો પડછાયો' આલેખી છે. તેમાં 'પ્રકાશનો પડછાયો' ગુજરતી જીવનચરિત્રમૂલક નવલકથાના વિકાસમાં એક આગવાં સીમાસ્તંભરૂપ છે. એક અનોખી બાયોગ્રાફિકલ નોવૅલ છે.

'પ્રકાશનો પડછાયો' નવલકથામાં ગાંધીજીના મોટા પુત્ર હરિલાલના સાઠ વર્ષના જીવનની એકએકથી ચઢિયાતી નિષ્ફળતાઓ અને નબળાઈઓ આલેખાઈ છે. ગાંધીજી સત્ય, અહિંસા, સંયમ–નિયમ અને ત્યાગ–તપસ્યાની મૂર્તિ હતા. કસ્તુરબા કારૂણ્યમૂર્તિ હતા. છતાં જયેષ્ઠ પુત્ર હરિલાલ સમાજ અને દેશ માટે વારંવાર સમસ્યારૂપ બન્યા. 'દીવા તળે અંધારું' એ કહેવત ચરિતાર્થ થઈ. પિતા અને રાષ્ટ્રપિતા ગાંધીજી અને કસ્તુરબાની તપસ્યા અને આશિષ કે શુભેચ્છકોની મદદ કેમ અસરકારક ન બની? એનો જવાબ લેખકે ઈતિહાસ અને મનોવિજ્ઞાનની મદદ લઈ નવલકથારૂપે પ્રસંગો અને પરિસ્થિતિઓ દ્વારા સંવેદન પ્રગટ કરી હરિલાલ પ્રત્યે કરુણા જગાવી છે. હરિલાલના ચરિત્રની કરુણ નાટયાત્મકતા લેખકે ખપમાં લીધી છે.

હરિલાલ અને બાપુ અર્થાત્ પુત્ર–પિતા વચ્ચેનો સંઘર્ષ એ બન્નેના જીવનની અતિશય કરુણ અને વ્યથાભરી કથા છે. બન્નેના જીવનમાં બનતી ઘટનાઓમાં રહેલી કરુણા, સંઘર્ષ, જીવનની નિષ્ફળતા અને પરસ્પરને સમજવા છતાં નિકટ નહીં પહોંચી શકાતી માનવીય મર્યાદા છે. તો વળી આ બન્ને વચ્ચેના દારૂણ સંઘર્ષમાં પિસાતી પત્ની ગુલાબના જીવનમાં વધુ કરુણતા હતી. છતા લેખકે વાચા આપી નથી. તો માતા કસ્તૂરબાની વ્યથા–વેદના એક કલ્પનાનો જ વિષય બને છે.

નવલકથાકાર દિનકર જોષીની અલંકારયુકત વર્ણનકલાનો સુપેરે પરિચય નવલકથાના ઉઘાડથી થાય છે. 'જૂન મહિનાનો વાદળિયો બફારો, મારણ કરીને સૂતેલા સિંહની જેમ, મુંબઈની હવામાં પથરાઈને પડયો હતો. દિવસભરના પરિશ્રમ પછી સૂરજ પણ જાણે શ્રમિત થયો હોય એમ, કપાળ પરનો પરસેવો લૂછવા પશ્ચિમ દિશામાં ઘડીક થોભ્યો અને માટુંગા

વિસ્તારના માર્ગો ઉપર આ પછીનો વરસાદની આછી ફરફર બનીને વેરાઈ ગયો. આકાશ છેલ્લા પંદરેક દિવસથી ગોરંભાઈ ચૂકયું હતું અને વેધશાળાનો વર્તારો વાયદો આપ્યે જતો હતો, પણ મહારાજ હજુ મન મૂકીને વરસ્યા નહોતા. પારકા પ્રદેશમાં પગપેસારો કરતા કોઈક વૈશ્યવૃત્તિના પ્રવાસીની જેમ વરસાદ હજુ સાશંક નજરે બધું જોયા કરતો હતો અને કયાંક મોકળું મેદાન સાંપડતાં સહેજ હાથફેરો કરી લેવો હોય એમ થોડુંક વરસી લેતો હતો. મુંબઈનું આકાશ અને મુંબઈની ધરતીનો ઉકળાટ આવી ફરફરથી તૃપ્ત થાય એમ નહોતો. મે મહિનાના બળબળતા તાપ કરતા જાણે જૂન મહિનાનો આ બફારો મુંબઈગરાઓને વધુ અકળાવી રહ્યો હતો '

આમ પ્રકૃતિ સાથે માનવ જીવનની ઉદાસીનતા, ઉકળાટ, સાશંકપણું વચ્ચે ૧૮મી જૂનના રોજ શિવરી હૉસ્પિટલમાં હરિલાલ ગાંધી જે રાષ્ટ્રપિતા મોહનદાસ ગાંધીનો જયેષ્ઠ પુત્ર જિંદગીના છેલ્લા શ્વાસ લઈ રહેલાં હતા. એ પહેલા કરોડોના બાપુ અને દુનિયાભરના મહાત્મા રાષ્ટ્રપિતા ગાંધીજીએ અંતિમ વિદાય લીધી એના હજી પાંચ મહિના થયા હશે ત્યાં જ હરિલાલના મૃતદેહને લઈને ચાર–પાંચ માણસો સ્મશાને પહોંચી ગયા. આમ સર્જકે પિતા–પુત્રના મૃત્યુના પ્રસંગને જસ્ટાપોઝ કરીને નવલકથા ખૂલ્લે છે. વર્તમાનમાંથી અતીત તરફ વહે છે.

ગાંધીજી દક્ષિણ આફ્રિકા હતા ત્યારે હરિલાલનાં લગ્ન સોળેક વર્ષની ગુલાબ સાથે થયા. ત્યારે બાપુએ વડીલબંધુને પત્રમાં લખ્યું. 'આ લગ્નથી હું રાજી થઈ શકતો નથી હરિલાલનાં લગ્ન થાય અને ન થાય તો પણ ચાલે હરિલાલ વિષે એક પુત્ર તરીકે વિચારવાનું આજ કાલ મેં બંધ કર્યુ છે.' પત્રમાં બાપુએ આવું કેમ લખ્યું હશે? એ પ્રશ્ન હરિલાલના મનમાં અસંખ્યવાર ઘૂમરાઈ છે. લગ્ન પછી હરિલાલ ભણતર અધુરું મૂકી આફ્રિકા ગયા. અંગ્રેજી પ તિના શિક્ષણમાં ગાંધીજીને શ્રદ્ધા નહોતી, હરિલાલ અને મણિલાલને એમણે જાતે જ નવરાશના સમયમાં જ્ઞાન આપ્યું. હરિલાલ સત્યાગ્રહની લડતમાં જોડાયા, આફ્રિકામાં જેલવાસ વેઠી 'નાના ગાંધી' કહેવાયા, પત્ની ગુલાબ પુત્રીની માતા થયા પછી પુત્રને જન્મ આપવા ભારત પાછી ગઈ ત્યારે હરિલાલે એકલતા અને વ્યથા અનુભવી. 'ચારિ કે સેવા શીખવા માટે કંઈ અભણ રહેવાની જરૂર નથી.' કે 'લાકડાનો ટુકડો ઓશીકા તરીકે માથા હેઠળ

મૂકવાથી કોમની સેવા વધુ સારી રીતે થાય?' એવા પ્રશ્નો થતા રહ્યા.

હરિલાલને બદલે છગનલાલને બાપુએ વિલાયત મોકલ્યા, એ ભણતર અધુરું મૂકી પાછા ફર્યા તો એમની જગાએ પારસી સોરાબજીને મોકલ્યા. એ અંગેની વાતચીતઃ

હરિલાલ : 'જે શિક્ષણ છગનલાલ કે સોરાબજીને માટે યોગ્ય હોય એ શિક્ષણ મારા માટે શી રીતે નકામું થઈ જાય એ વાત મારે ગળે ઊતરતી નથી. મને માફ કરજો, બાપુ પણ આ અન્યાય મારાથી સાંખી શકાતો નથી.'

ગાંધીજી : 'એક હિન્દુ થઈને હું એક પારસીને ઉતેજન આપું એનાથી આખી હિન્દી કોમની શોભા વધે તેમજ જે શિક્ષણની વ્યર્થતા એને પામ્યા પછી હું સમજયો છું એમાં કયાંય તમને અન્યાય કરવાની કલ્પનાય શી રીતે આવે? તમારા મનમાં આમ છગનલાલ અને સોરાબજી માટે ઈર્ષ્યા પેદા થાય છે એને જ હું મારી નિષ્ફળતા સમજું છું.'

આ બધાથી હરિલાલની મહત્ત્વકાંક્ષાઓ કુંઠીત બની. એ છદ્મવેશે નીકળી અંગ્રેજ અધિકારીની મદદથી ભારત પહોંચી જવા મથ્યા, ખુલ્લા પડી ગયા, ઠપકો સાંભળવો પડયો, પિતાની મદદથી ભારત પાછા આવ્યા, મેટ્રિકમાં દાખલ થયા, મોટી ઉંમરને કારણે વિદ્યાર્થીઓમાં ભળી ન શકયા, પત્નીને લઈ આવ્યા, ત્રીજા સંતાનના પિતા થયા, શેતરંજ રમતા થયા. ગુલાબના કહેવાથી આફ્રિકાના સત્યાગ્રહ આશ્રમમાં પાછા ફરવા તૈયાર થયા. લલિતા અને મંદાના વાળને સ્પર્શવા બદલ ગાંધીજીએ બીજા પુત્ર મણિલાલને દોષિત ગણ્યા. બન્ને કન્યાઓના સુંદર વાળ કાપી નાખ્યા, હરિલાલને લખ્યું 'તમારી અહીં આવવાની વાત કુત્રિમ છે ' નરોત્તમદાસ શેઠે નોકરી આપી.બાપદાદાની મિલકતમાંથી ગાંધીજીએ પોતાનો હક જતો કર્યો. એથી હરિલાલ રોષે ભરાયા ત્યારે હરિલાલ અને ગાંધીજીનો સંવાદ.

હરિલાલઃ 'બાપુ તમારી વાત જોડે હું જયારે સહમત નથી થયો, ત્યારે તમે મારી વાત કયારેય સ્વીકારી હોય એવું મને સાંભરતું નથી. અમારે તો માત્ર તમારી વાતમાં સંમતિ જ આપવાની હોય છે...'

બાપુઃ 'મનમાંથી દ્વેષનું નિર્મલન કરો દીકરા તમે જેને સત્ય માનો છો એ માર્ગે તમે સફળ થશો તો મારા જેટલો આનંદ કોઈને નહીં થાય.'

ગાંધીજી વિરૂદ્ધ જાહેર પત્ર લખ્યો, 'આપે અમારો ઉપયોગ હમેશાં હથિયાર

તરીકે જ કર્યો છે. અમે બધા ભાઈઓ પ્રત્યે આપે એક સરકસના રિંગમાસ્તર અને જાનવરો જેવું જ વર્તન રાખ્યું છે. પ્રેમથી નહી, પણ આપે હંમેશાં અમારી સાથે ક્રોધથી જ વાતો કરી છે. 'તું મૂઢ....તારામાં સમજણ જ નથી...તને સારું સુઝશે જ નહિ...વગેરે રીતે તુચ્છકારીને અમને દબાવી દીધા છે. આપનું હૃદય વજ્ર જેવું છે. આપનો પ્રેમ મેં દેખ્યો નથી એટલે શું કરું?'

હરિલાલની નોકરી સોલાપુરથી કલકત્તા બદલાઈ, આર્થિક સ્વાતંત્ર્ય મળ્યું છતા મદદ માટે મણિલાલને લખ્યું. આશ્રમમાં રહેતા મણિલાલે અંગત બચતમાંથી મદદ કરી છતા બાપુએ એમને શિક્ષા કરી મદ્રાસ મોકલી દીધા, પોતે ઉપવાસ કર્યા. આખા દેશે જાણ્યું. હરિલાલે સમતુલા ગુમાવી ચીસ પાડી. ટેબલ પર મુક્કો માર્યો, બંગાળી મિત્ર સાથે દારૂની લત લાગી, ઝડપથી કમાવા સાસુની બચતના ત્રણ હજાર રૂપિયા મંગાવ્યા અને ગુમાવ્યા. પતિ દારૂ પીવાની સાથે વેશ્યાગામી પણ બન્યા છે. એ જાણ્યા પછી ગુલાબની તબિયત લથડી. હરિલાલનું દેવું વધતું ગયું, શેઠના ત્રીસ હજાર જમા કરાવાને બદલે અંગત સોદામાં કમાઈ લેવા ગયા એમાં બધું ગુમાવ્યું, શેઠને ગાંધીજીએ તો કહેલું કાયદેસર પગલાં લો, પણ એમણે માફીપત્ર મેળવીને, નોકરીમાંથી છૂટા કરી હરિલાલને જતા કર્યા.'બાપુ તમે ઘાતકી છો ' એમ લખીને હરિલાલે રોષ ઠાલવ્યો. ગુલાબ અને બાળકોને માસી પાસે રાજકોટ પહોંચાડયા હતા. એક રેલવે સ્ટેશને બા–બાપુને મળવાનું થયું, મામા માધવદાસે પુત્રવત ગણી હરિલાલને વેપારમાં મદદ કરી. એય પગલું ઉંધું પડયું. ગાંધીજીએ ખિલાફતની લડતને ટેકો આપ્યો એમાં હરિલાલ જોડાયા, જેલમાં ગયા, નવી કંપની ફડચામાં ગઈ, દેવા વધ્યા. શેરહોલ્ડરોએ ફરિયાદ કરી, ચિરંજનદાસ વહારે ધાયા, દરેક ઘટના રાષ્ટ્રીય સમાચાર બને છે. બાની વેદનાનો પાર નથી. ગાંધીજી મહાદેવ–ભાઈને કહે છે. 'મારા સર્વ દોષો હું એનામાં આકૃતિને મોટી દેખાડનારા કાચમાંથી પ્રતિબંધિત થયેલા જોઉં છું.'

હરિલાલે રાજકોટના ઠાકોરસાહેબ પાસેથી દસ હજાર રૂપિયા ઉછીના લઈ મોટી દીકરી રામીને પરણાવી, મુંબઈ આવી ગોદરેજની નોકરી મેળવી દારૂનું વ્યસન વધતું ગયું, કામ પ્રત્યે ઉદાસીનતા વધતી ગઈ. બાળકો સાથે રહેવા સંમતિ ન મળી, બાપુ વિરુદ્ધ 'અમારો બળવો' નામે લેખ લખ્યો. મિલકતમાં વારસાહક નથી એવી સહી કરવા રાજકોટ ગયા અને નાની પુત્રી મનુને દારૂ પીને લલિતાબહેને ત્યાં મોડી રાતે ગયા. ઝઘડો થયો, મુંબઈ આવી વજીર

મહંમદની હોટલમાં રહ્યા, હેદરાબાદ જઈ અબ્બાસ અલીને ત્યાં રહ્યા, તુલસીદાસની મદદ લીધી, તાવ કાબૂમાં આવતો નહોતો. પચાસની ઉંમરે એકલતા અને અસહાયતા દૂર કરવા હરિલાલ પરણવા ઈચ્છતા હતા, બાપુએ સંમતિ ન આપી, પણ કોઈ વિધવાને પરણી હરિલાલ ગ્રામ–સુધારણાના કામમાં જોડાય તો હું એના ખોળામાં મરવાનું ઈચ્છું–એમ જણાવ્યું. આ પછી હારીને, વેર લઈ સુખી થવાની વૃત્તિથી પુત્રપદ વટાવી જવાબ ઝકરિયાની મદદથી ઈમામ અંગીકાર કરી મૌલવીના દાવે દક્ષિણમાં ફર્યા, દારૂનું વ્યસન વધતું ગયું, ગાંધીજીએ નિવેદન કર્યું: હરિલાલનો ધર્મ ત્યાગ એ હિન્દુ ધર્મને નુકસાનરૂપ નથી. ઈસ્લામ ધર્મમાં એનો સ્વીકાર એ, તે ધર્મ માટે નબળાઈ વહોરવારૂપ છે. શુદ્ધ હૃદય વગરનું ધર્માંતર ખુદાપરસ્ત આદમીને માટે દુ:ખની, નહીં ને આનંદની બીના છે. અબ્દુલ્લા તરીકે પણ હરિલાલ સ્વસ્થ રહી ન શકયા, ગાંધીના પુત્ર તરીકે નામનો દૂરુપયોગ થવા દીધો, મારાં મા–બાપે ઈસ્લામ અંગીકાર કરવો જોઈએ જેવી જાહેર સલાહ આપી, પછી આર્ય સમાજની ગોઠવણથી હિન્દુ બન્યા, પાછા એકલા પડયા, એક રેલવે સ્ટેશને ભીડ ચીરીને કસ્તૂરબાને મોસંબી આપી, થોડો વખત પુત્ર કાંતિ સાથે રહ્યા પણ પાછા પુત્રવધૂ સરસ્વતીને આશિષ આપી વ્યસનોના માર્ગે નીકળી ગયા, ગાંધીજીની હત્યા પછી ચિતા સુધી ગયા, એ પછી છએક માસે સિફિલીસનો ભોગ બની અજાણ્યા માણસ તરીકે મૃત્યુ પામ્યા.

આમ સર્જક રાષ્ટ્રપિતા ગાંધીજીના સંતાન હરિલાલના જીવનવૃત્તને આલેખે છે. ત્યાર ગાંધીજી અને હરિલાલના સંવાદોમાં પ્રગટતો બે જીવનપદ્ધતિનો સંઘર્ષ, ગેરસમજ, બચાવ, દોષારોપણ અને આંતરિક વેદનામાંથી ધકેલાતું હરિલાલનું જીવન કેવું પરિવર્તન પામે છે. એ દષ્ટિએ ગાંધીજી પિતા તરીકે નિષ્ફળ જતાં જણાઈ છે. તો હરિલાલ સદંતર નિષ્ફળ જાય છે. ત્યારે ભાવક તરીકે મને ધૃણા અને સહાનુભૂતિ જાગે છે. આથી હૃદય દ્રવી ઊઠે છે.

અંતે હરિલાલનો દેહ ચિતામાં બળી રહ્યો છે ત્યારે કેશવલાલ અને સુરેન્દ્રભાઈ હરિલાલના જીવનની સમીક્ષા કરે છે.

'ખરું કહું છું સંજોગોએ જો અનુકૂળતા આપી હોત તો એ બીજા બધાથી ચડી જાત, આપણી અપેક્ષાથીય વધુ બુદ્ધિ અને લાયકાત એ બતાવી શકયા હોત.

'હરિલાલકાકા ગમે એવી જિંદગી દેખીતી રીતે જીવ્યા હોય...પણ એ દુર્જન

નહોતા દુર્ભાગી તો આપણે સહુ હતા કે...કે...આપણે બીજા બાપુથી વંચિત રહ્યા ’

ગાંધીજીને ચાર દીકરા. તેમાં હરિલાલ સૌથી મોટા. ૧૮૮૮માં તેમનો જન્મ અને ૧૯૪૮ની ૧૮મી જૂને મૃત્યુ. તેમના અવસાન પછી થોડાંક દિવસો બાદ શ્રી રાજગોપાલાચારીએ શ્રી કિશોરલાલ મશરૂવાળા પર તા.૨૯–૬–૧૯૪૮ના રોજ લખેલા પત્રમાં હરિલાલ વિશે શબ્દો લખ્યાં હતા. **‘The sad end of a sad life adds to the mystery of life and its problems. Harilal was a fine boy, like all earthly things, Bapu ‘s Glory too cast a shodow, which became Harilal ‘s lot.’** અર્થાત્ ‘એક દુ:ખભર્યો જીવનનો દુ:ખદ અંત જીવનની સમસ્યામાં ઉમેરો કરી જાય છે. હરિલાલ એક સારો છોકરો હતો પણ બીજી દુન્યવી વસ્તુઓની જેમ પ્રકાશને પણ એનો પડછાયો હોઈ શકે છે. બાપુની દ્યુતિકીર્તિથી તદ્દન વિપરીત રીતે એનું જીવન ઘડાયું.’

સદ્ગત રાજગોપાલાચારીએ શ્રી કિશોરલાલ મશરૂવાળા પરના એક પત્રમાં લખ્યું છે કે, ‘બાપુ પ્રકાશનો પુંજ હતા અને જગતની તમામ સ્થૂળ વસ્તુઓની જેમ આ પ્રકાશના પુંજનો જે પડછાયો પડયો એ એમના જયેષ્ઠ પુત્ર હરિલાલ રૂપે મૂર્ત થયો હતો.’ આ વાકયને આધારે લેખકે નવલકથાને ‘પ્રકાશનો પડછાયો’ એવું શીર્ષક આપ્યું. તેમાં જ ગાંધીજીની મહત્તા અને સર્વવ્યાપી પ્રકાશનો સ્વીકાર થયો છે. જયાં પ્રકાશ હોય ત્યાં પડછાયો પણ હોવાનો જ. એ આધારે સર્જકે શીર્ષકને ન્યાય આપ્યો છે.

કથાનાયક હરિલાલ ગાંધીના જીવનમાં જે વળાંકો આવ્યા તે તેમના જીવનમાં બનેલી કઈ ઘટનાઓની પ્રતિક્રિયા રૂપે આવ્યા, એ વખતે હરિલાલે અને અન્ય સંબંધિત વ્યકિતઓએ કેવો માનસિક સંઘર્ષ અનુભવ્યો અને કેવી મથામણ અનુભવી એનું નિરૂપણ લેખકે જીવનચરિત્રને બદલે નવલકથાનું સ્વરૂપ પસંદ કરી મોકળાશથી કર્યું છે. હરિલાલ ગાંધીને નાયક બનાવી નવલકથા આલેખવામાં ગાંધીજી એક પાત્ર તરીકે આવે છે. ત્યારે લેખકે સમતુલા જાળવવાની રહે છે. ગાંધીજી પોતાના નિર્ણય કે અભિપ્રાયમાં સાચા હતા. તો બીજી બાજુ હરિલાલ અતિશય શરાબી, વેશ્યાપ્રેમી, પત્ની અને બાળકો પ્રત્યેની જવાબદારીની બાબતમાં ઉદાસીન વ્યકિત હતા. છતાં લેખક હરિલાલને કેન્દ્રમાં રાખી નવલકથા લખવા પ્રેરાયાં, એનું માત્ર કારણ ગાંધીજીના આ જયેષ્ઠ પુત્રની કરૂણતા જ હોઈ શકે.

નવલકથામાં ગૌણપાત્ર તરીકે આવતા કસ્તુરબા અને હરિલાલનાં પત્ની

ગુલાબના નસીબે તો મૂંગે મોઢે સહન કરવાનું અને મનોમન હીજરાવાનું જ લખાયું છે. એક બાજુ મહાત્મા પતિ અને બીજી બાજુ 'અલ્પાત્મા' હરિલાલ એ બે પડની વચ્ચે કસ્તુરબા તો સતત પીસાતાં ન રહે છે. આગાખાન મહેલની જેલમાંના છેલ્લાં દિવસો દરમ્યાન કસ્તુરબાને રોજ મળવાની મંજૂરી સરકાર તરફથી મળી છે એવી વાત સાંભળતાં કસ્તુરબાના મોમાંથી શબ્દો સરી પડે છે. 'હરિલાલ બિચારો ગરીબડો છે એટલે જ આ ભેદભાવ રાખ્યોને? આ બચાડો પોતાની માનેય ન મળી શકે...બધા...બધા એને આવું કેમ કરે છે?' હકીકતમાં કસ્તુરબાના હૈયાનો આ ચિત્કાર આખી કૃતિમાં વખતો વખત સંભળાતો રહે છે. તો ગુલાબને નસીબે કેવળ મૂંગે મોઢે સહન જ કરવાનું છે. નથી એ પતિ હરિલાલને કશું કહી શકતી. તો મહાત્મા સસરાને એ કયાંથી જ કાંઈ કહી શકે નવલકથાનાં ઘણાં પાનાંઓમાં ગુલાબની હાજરી છે, પણ એને બોલતી આપણે ભાગ્યે જ સાંભળીએ છીએ.

નવલકથાકાર દિનકર જોષીએ 'પ્રકાશનો પડછાયો'માં ગાંધીજીના હરિલાલ, મણિલાલ, દેવદાસ અને રામદાસ પૈકીના જયેષ્ઠ પુત્ર હરિલાલ ગાંધીને નાયક બનાવી નવલકથા સ્વરૂપે જીવનચરિત્ર આલેખ્યું છે. હરિલાલના જીવનની નિષ્ફળતાઓ, કરુણતા, ઘટનાઓ, આઘાત–પ્રત્યાઘાતો અને મનોવ્યાપારોનું નિરૂપણ કર્યું છે. દક્ષિણ આફ્રિકામાં એક સત્યાગ્રહી તરીકેનું હરિલાલનું વ્યકિતત્વ ઉપસાવવામાં લેખક સફળ નીવડયાં છે. તો બીજી બાજુ ગાંધી બાપુ લોકોત્તર પુરુષ હતા. છતા બન્ને પાત્રને જસ્ટાપોઝ કરી, સાહચર્યના સંબંધથી આલેખે છે. એકબીજાનું સમતોલન જાળવે છે. આથી નવલકથામાં શાલીનતા અને સંયમનો મોટો ગુણ જાળવ્યો છે. પ્રસંગો, વર્ણનો અને પાત્રોના નિરૂપણમાં સર્જનાત્મકતાનો પૂરેપૂરો પરચો બતાવી દીધો છે. ગાંધીયુગને અનુરૂપ ભાષાશૈલીનો વિનિયોગ કરી હૃદયસ્પર્શી આલેખન કર્યું છે. આમ ગાંધીજીના મોટા પુત્ર હરિલાલના જીવન પર સારું એવું સંશોધન કરી 'પ્રકાશનો પડછાયો' જેવી વિચારપ્રેરક નવલકથા આપી છે.

આમ નવલકથા હરિલાલ ગાંધીના જીવનની આસપાસ વહ્યા કરે છે. તેમાં લેખકે હરિલાલ ગાંધી વિશેની ઉપલબ્ધ તમામ વિગતોને વણી લીધી છે. વાચકને આરંભથી અંત સુધી જકડી રાખવામાં સફળ નીવડયાં છે. આથી દીપક મહેતા કહે છે કે, 'નવલકથાના પાનાં વાંચતા ગળે ડૂમો ન ભરાય, આંખ ભીની ન થાય તો આગળ વાંચવાનું પડતું મૂકી સીધા

મનોચિકિત્સક પાસે જઈ વાચકે સારવાર લેવી.’ આમ જીવનચરિત્રમૂલક નવલકથામાં ‘પ્રકાશનો પડછાયો’ અપૂર્વ કલાકૃતિ સાંપડી છે. અને હજી આવી કૃતિઓ સાંપડે એવી આશા રાખીએ...

ા૧૦.'પિંજરની આરપાર'–માધવ રામાનુજ, ૧૯૯૦ ા

શ્રી માધવ રામાનુજે ૧૯૯૦માં **Pinjarni Aarpar' A Biographical Novel in Gujarati on the Life of Reuben David** સ્વાતંત્ર્યોત્તર કથાસાહિત્યમાં ધ્યાનાર્હ નવલકથા છે. અમદાવાદના કાંકરિયા ઝૂ સંકુલના સર્જક અને વિખ્યાત પશુપક્ષીપ્રેમી રૂબિન ડેવિડના જીવનના કેટલાક અવિસ્મરણીય પ્રસંગોને આલેખી ચિરસ્મરણીય જીવન–ચરિત્રમૂલક નવલકથા છે.

કથાનાયક રૂબિન ડેવિડનું જીવન અને કાર્ય વૈવિધ્ય સંપન્ન હતું. રૂબિનનું ડૉકટર, વિજ્ઞાનાની, પશુપક્ષીવિદ્, સર્જક, કલાકાર, સંગીતજ્ઞ, પ્રકૃતિ મરમી, વકતા, મિત્ર, પ્રેમી અને માળી એમ બહુમુખી પ્રતિભાસંપન્ન વ્યકિતત્વ હતું. આવા અસાધારણ વ્યકિતવિશેષને લેખક યોગ્ય ન્યાય આપી નવલકથા બદ્ધ કરે છે. નવલકથામાં પિસ્તાલીસ પ્રકરણ સુધી એના જીવનકાર્યની રેખાઓ કલાત્મક ઢબે અંકિત કરી છે. પ્રકૃતિવિશારદ્ અને પ્રાણીવિશારદ્ રૂબિન ડેવિડની ગુણસંપત્તિ વૈવિધ્ય સભર છે. જેમાં સાહસિકતા, નિર્ભયતા, ચપળતા, સરળતા, સમયસૂચકતા, નિર્દોષતા, નિર્વ્યાજ નિખાલસતા, ઉદારતા, સંવેદનશીલતા, વિનમ્રતા, સ્વમાનશીલતા, સ્વપ્નશીલ, મિલનસાર સ્વભાવ, આત્મસમર્પણ, પ્રકૃતિ પ્રેમી, અનુકંપા, કર્તવ્યનિષ્ઠા, પરોપકારવૃત્તિ, આતિથ્ય ભાવના અને રમૂજ વૃત્તિ–આ બધા ગુણવૈભવ રૂબિનના જીવનની અમૂલ્ય મૂડી છે.

કથાનાયક રૂબિન ડેવિડનો જન્મ ૧૯૧૨ના સપ્ટેમ્બરની ૧૯મી તારીખે અને અવસાન ૧૯૮૯ના માર્ચની ૨૩મી તારીખે થયું હતું. આ આયુષ્ય કાળ દરમ્યાન નવલકથામાં પ્રથમ મેળાપ ૧૯૬૮માં આપણને મુંબઈની ટાટા મેમોરિયલ હોસ્પિટલમાં ગળાનાં સ્વરતંતુના ઓપરેશન પ્રસંગે થાય છે. નવલકથાનો ઉપાડ એક દરદી દીવાલને અઢેલી પલંગ પર સૂતા છે. એ દરદીનાં વ્યકિતત્વથી થાય છે. 'વ્યકિતત્વની ભવ્યતા આડે રોગની ગંભીરતા અને દર્દની વેદના ગોપાવીને સૂતેલાં એ દરદીની આસપાસ આપ્તજનો ભાં છે. દરદીના ગરવા ચહેરા પર ફાંકડી સફેદ મૂછોમાં આછું આછું સ્મિત ફરકે છે. હા, આંખામાં ઊભરાવા મથતી ચિંતા કોઈ જોઈ ન જાય એટલા માટે હોઠ પર સ્મિતનું આવરણ એમણે રાખ્યું છે.'(પૃ.૧)

આમ વ્યકિતત્વની ભવ્યતા આડે કેન્સરના દર્દની ગંભીરતા અને વેદના છુપાવી હોસ્પિટલના પલંગ પર સૂતાં હતા. આંખોમાં ઊભરાવા મથતી ચિંતા કોઈ જોઈ ન જાય એટલાં માટે હોઠ પર સ્મિતનું આવરણ ઓઢેલું હતું. આસપાસ ઊભેલાં સ્વજનો તરફ જાણે છેલ્લી વાર બધાંને હ્રદય ભરી જોઈ લેવા નજર ફેરવી રહેલા રૂબિનની વ્યથા સર્જકે સુંદર રીતે વર્ણવી છે. 'બોલવું અને લખવું એ બે જુદી જુદી બાબતો છે. લખેલા અક્ષરો ધ્વનિ વિહોણા હોય છે. બોલાતા શબ્દોમાં લિપિ નથી હોતી. તો અત્યારે મારી દશા કઈ કહેવાઈ? લિપિ વિહોણા શબ્દો જેવી કે ધ્વનિવિહોણા અક્ષર જેવી? '

આ દર્દી હતા રૂબિન ડેવિડ. જે પશુપક્ષીવિદ્ છે. સ્વરપેટીના કૅન્સરને કારણે હોસ્પિટલમાં દાખલ થયા છે. ત્યારે પ્રથમ રૂબિનની આંખોમાં એકની એક દીકરી એસ્થરનું સ્મરણ ઝલમલે છે. દીકરી પ્રત્યેનો પિતાનો પ્રેમ દરદમાં પણ છલોછલ થાય છે. તો દીકરીનો ડેડી પ્રત્યેનો પ્રેમ વ્યકત થાય છે. 'પરમ શ્રદ્ધાથી રાહ જોઉ છું ડેડી' આમ એસ્થરના સ્મરણમાં પણ ડેડી ચડી આવે છે. સ્વજનો બધા જ હાજર હતાં છવ્વીસ વર્ષ સુધી પડછાયો બની રહેલી જીવનસંગિની સેરા પણ હાજર હતી. ત્રણ વર્ષની પીડાને અંતે હોસ્પિટલ જવાનું થાય તે પહેલાં રૂબિન એક એક પાંજરા પાસે જઈ ઊભાં રહ્યા હતાં. પ્રાણીઓને પંપાળ્યાં હતાં. ચિમ્પાંઝીને વ્હાલ કર્યું; પક્ષીઓને ચણ નાખી છેલ્લે નેચર હિસ્ટ્રી મ્યુઝિયમમાં ઊભાં રહ્યાં. મસાલ ભરેલ મૃત પશુપક્ષીને જોઈ પોતાનું જ આવું સ્મરણ થઈ આવ્યું આવો વિચાર ઝબકી ગયો.

સર્જક માધવ રામાનુજે કથાનાયક રૂબિન ડેવિડની પૂર્વાધ કથા 'પિંજરની આરપાર'માં આલેખી છે. 'નિશાળને બદલે નદીના કોતરોમાં વીતેલું બાળપણ, પિતાજીએ પાળેલાં પશુપક્ષીઓની સારવારમાં વીતેલી કિશોરાવસ્થા, શિકાર, શિકારનાં આયોજન, રજવાડી જલસાઓ, જામ છલકાવતી મહેફિલોના દૌર, બંદૂકોનું રિપેરિંગ કામ, કૂતરાંની પેટંટ દવાઓ, કેનેરી પક્ષીને તાલીમ આપતો કસુંબલ કંઠ અને પ્રણય તેમ જ વિરહમાં વીતેલી યુવાની...'નાયક રૂબિનના જીવનનો ઉત્તરાર્ધ મહાન જીવનકાર્ય તરફ વળે છે. કાંકરિયા ઝૂ સંકુલનું સર્જન...પશુપક્ષીઓના પિતામહનું અવતારકૃત્ય રૂબિને સાડત્રીસ વર્ષમાં કરી બતાવ્યું છે.

કથાનાયક રૂબિન ડેવિડનું વ્યકિતત્વ એનાં નૈતિક કર્તવ્યથી દીપે છે. પ્રકૃતિવિદ્

અને પ્રાણીવિશારદ્દ, ઝૂ–સંકુલ, બાલવાટિકા અને પ્રકૃતિ સંગ્રહનાં સ્થાપક, પ્રાણીઓના સંરક્ષક–સંવર્ધક, અમદાવાદની મહાનગરપાલિકા દ્વારા સુવર્ણચંદ્રક અને ભારત સરકાર તરફથી પદ્મશ્રી અને વિશ્વ ગુર્જરી એવોર્ડથી વિભૂષિત વિરલ વ્યકિતત્વ કથાનાયક રૂબિનનું હતું. આમ કથાનાયક રૂબિન પોતાના કર્તવ્યથી ઊંચકાઈને શિકારીમાંથી પ્રાણીઓના સંરક્ષક–સંવર્ધક બને છે. પ્રેમતત્ત્વ રૂબિનના સામાન્ય જીવનને અસામાન્ય ઘટનામાં પલટી નાખે છે. તેર વર્ષની ઉંમરે શાળા છોડી કૂતરાની દેખરેખનું કામ શરૂ કર્યું હતું. આઠેક વર્ષમાં પશુચિકિત્સકની માન્યતા મેળવી. કથાનાયક રૂબિન કાંકરિયા હિલગાર્ડનમાં માનદ્ પ્રકૃતિવિદ્ અને પ્રાણીવિદ્ તરીકે જાણીતા થયા. ૧૯૫૫થી ઝૂ–સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકેની કર્તવ્યનિષ્ઠા, સમર્પણભાવના અને સજ્જતાપૂર્વક સેવા અદા કરે છે.

કથાનાયક રૂબિને પ્રાણી સંગ્રાહાલયમાં અનેક પ્રયોગો કરી ઝૂની શોભા વધારી આપી છે. જૂઓ તો ખરાં રૂબિનનું કાર્ય... ઝૂમાં સુરખાબ, મગર, દીપડા, સિંહ જેવા પ્રાણીઓ માટે સહ અસ્તિત્વનાં પ્રયોગ કર્યા. સંકર બચ્ચાનો પ્રયોગ અને વાઘનાં બચ્ચા કૂતરીને ધાવી ઉછેરવાનો સફળ પ્રયોગ કર્યો. માણસખાઉ પ્રાણીઓને કેળવવાનું કામ, મંગા–મંગલાના પગલે પગલે મગરઉછેર કેન્દ્ર, ઍકવેરિયમ, મૃત પશુપંખીનાં શરીરોના પ્રકૃતિ સંગ્રહસ્થાન, બાલવાટિકા, પક્ષીઘર, દર્પણઘર, હોડીઘર, બાળ પુસ્તકાલય, સંગીતઘર, ભીંતચિત્રો, શસ્ત્રો, વાજિંત્રો, ફલેમિંગો, ઘુવડ, શાહુડી, હરણાં, ચિતલ, શાહમૃગ, શ્વેત કાગડો, કાળો દીપડો, કબૂતરો, ઈમુ, કાંચનમૃગ, ચિમ્પાન્ઝી ગલકી, એમીની, હાથણી સુમિત્રા, મોન્ટુ, સફેદ કાળિયાર, બિલાડી, ઉરાંગ–ઉટાન, હીપોપોટેમસ, વનિયર, અજગર, ગીધ, શાહુડી, પોપટ, મેના, કાકાકૌઆ, વાંદરા, જલબિલાડી, કાચબા વગેરે પશુપક્ષીઓથી ભર્યું ભર્યું રૂબિનનું વાત્સલય ઘર.

પ્રકરણ એકતાલીસમાં રૂબિનદાદા ઝૂ સંકુલ વિશે કહે છે, 'થોડાં પક્ષીઓનાં પાંજરાં અને માછલીઓની દેખરેખથી આરંભાયેલી આ યાત્રામાં આજે આ નનકડાં ઝૂમાં પંદરસો જેટલાં દેશવિદેશનાં અદ્‌ભુત પક્ષીઓ છે. આઠસો જેટલાં વિવિધ પ્રાણીઓ છે. જેમાં સવાસો જેટલાં જુદી જુદી જાતનાં હરણ, એકસો પંદર વિવિધ મગર, રાજનાગ સહિત ચાળીસ જેટલાં સર્પ, છવ્વીસ ગોલ્ડન ફેજન્ટ, પંચોતેર સુરખાબ, બાર પેલકિન, ચુમ્મોતેર બર્મીઝ, દેશી

અને સફેદ મોર..ઉપરાંત યશકલગી સમાં ગણનાપાત્ર પ્રજનન તો વળી જુદા '

કથાનાયક રૂબિનનું નવલકથામાં અનેક પાના પર અનેકરૂપે વ્યકિતત્વ પ્રગટે છે. નવલકથાનાં પ્રથમ પૃષ્ઠમાં જ મુંબઈની ટાટા મેમોરિયલ હોસ્પિટલના પલંગ પર સૂતેલાં દરદી રૂબિનને સ્મરણમાં ઝલમલે છે દીકરી એસ્થર પ્રત્યેનો પારાવાર પ્રેમ છલકાય છે. બીજી બાજુ એસ્થર પણ 'પરમ શ્રદ્ધાથી રાહ જોઉં છું. ડૅડી '(પૃ.૧) દીકરી એસ્થરની શ્રદ્ધા આપણા સૌની શ્રદ્ધા બની જાય છે. શ્રદ્ધા પરમતત્ત્વને બોલાવી શકે, તો માંદગીના બિછાનેથી પિતાને સારું કરી શકે જ એસ્થર.

કથાનાયકનો પોતાની જાત પ્રત્યેનો વિચાર અહીં પ્રગટ થાય છે. પ્રાણી બાગનાં મૃત પશુપક્ષીઓને મસાલા ભરીને આબેહૂબ જાળવી રાખવાનું આયોજન અહીં થયું છે. ત્યાં ઊભાં ઊભાં કથાનાયકને એક વિચાર આવી ગયો..'અહીં મ્યુઝિયમમાં મને પોતાને હું મસાલા ભરી મૂકી દઉં? '(પૃ.૩) કથાનાયકને ઓપરેશન થિયેટરમાં લઈ જતા પહેલાની મનઃસ્થિતમાં પશુપંખીની સંવેદના પ્રગટે છે. હ્રદય બોલી ઊઠે છે. 'મારાં બાળકો...મારાં મૂંગા બાળકો...મારું ઝૂ...આંખ ઊભરાઈ ગઈ...એને સાચવજો...એને સંભાળજો...'(પૃ.૭)

કથાનાયક રૂકિનનો પશુપક્ષી પ્રત્યેનો આરપારનો પ્રેમ અહીં વ્યકત થાય છે. સ્વરપટીનાં ઑપરેશન બાદ સાંજે ઘરે આવ્યા, ને સવારે તો ગાડી લઈ કાંકરિયા તળાવની ઓફિસે જાય છે, ઑફિસમાં નજર ફેરવતા સંવેદનનું સામ્રાજ્ય ઊભું થાય છે. 'આ બધા મારે માટે જાનવર નથી, મારાં સ્વજનો છે. મારાં આત્મીય છે. મારું કુટુંબ છે...મારો સંસાર મારું વિશ્વ મારું જગત મારી દુનિયા મારો ભૂતકાળ અને મારું ભવિષ્ય મારો શ્વાસ અને મારો પ્રાણ..આ બધાં વિના મારી કલ્પના જ અસંભવ છે.'

કથાનાયકનું પ્રકૃતિ શિક્ષણ તરફનું આકર્ષણ પ્રગટ થાય છે. રૂબિનનું નિશાળની ચાર દીવાલોમાં મન ઠરતું નહોતું. અઠવાડિયે એક દિવસ શુક્રવારી બજારમાં જવાનું આકર્ષણ જૂની ઉત્તમ વસ્તુઓ ખરીદવાનો શોખ. એક વખત સેવંતીલાલ માસ્તર તરફ સ્લેટ ફેંકી વર્ગમાંથી ભાગી છૂટ્યાં...રૂબિન કલાસરૂમની ચાર દીવાલોમાંથી ભાગી છૂટ્યાં એ ઘડીએ જાણે પ્રકૃતિની દીવાલો વિનાની શિક્ષણ પરંપરામાં એમનો પ્રવેશ થયો...શાળામાં રૂબિન જે કયારેય શીખી શકયા ન હોત એ આ સમયમાં આત્મસાત્ થતું ગયું.'(પૃ.૬૯)

એક દિવસ ભાભીએ રૂબિનને પત્ર અંગે સમાચાર આપ્યા ત્યારે નાયક રૂબિનનું અસ્તિત્વ પ્રેમમાં વિગલિન થઈ જાય છે. રૂબિનબ્રદર, મુંબઈથી મારી બહેનપણીનો પત્ર આવ્યો છે. એમાં તમને યાદી આપી છે આ શબ્દ સાંભળતા જ, 'રૂબિન મનમાં ને મનમાં શરમાવા લાગ્યા. સુદૃઢ ચહેરા પર આછી સુરખી સાથે એકવીસમું વર્ષ ઊપસવા માંડ્યું...'(પૃ.૮૦.) એક દિવસ મુંબઈમાં હું અને મારી ફ્રેન્ડ ઘરની ગેલેરીમાં ઊભાં હતાં ત્યારે એણે અચકાતાં અચકાતાં કહ્યું કે મેં મારો ડ્રીમલવર શોધી લીધો છે કોણ? તારા બ્રધર રૂબિન–'એવા સમયે રૂબિનનું મન જાણે શરીરને ઊંચકીને ઊડવા માંડ્યું. રૂબિને ખુરશીને મજબૂત પકડી રાખી..'(પૃ.૮૫)

કથાનાયક રૂબિનના જીવનને પરિવર્તન કરતું દશ્ય અનેરો ઑપ આપે છે. 'ગાંગડા પંથકમાં ગર્ભિણી હરિણીનું પેટ ફાટી પડ્યું એ જોયને રૂબિનને બીજી બે આંખો યાદ આવી ગઈ આંખ ભીની થઈ ગઈ મનોમન સંકલ્પ થઈ ગયો. હવે શિકાર બંધ પ્રાણીઓને હવે મારીશ નહીં–બને ત્યાં સુધી જિવાડીશ...સાચવીશ...જીવની જેમ જતન કરીશ ...' (પૃ.૧) ખરેખર આ દશ્ય જાઈને કથાનાયકના જીવનમાં અદ્‌ભુત પરિવર્તન આવી શકયું છે. જે આપણે નવલકથામાં પામી શકયે છીએ.

કથાનાયક રૂબિનનો કાંકરિયા ઝૂને કલરવ ગુંજતું કરવાનો સંકલ્પ અને પશુપક્ષી પ્રત્યેનો પારાવાર પ્રેમ છલકાય છે. પક્ષીઓની મૂકત વિહાર ઝંખના પણ પ્રગટ થાય છે. સાંજે સેરાબહેન અને એસ્થર સાથે બેઠાં બેઠાં રૂબિન નવી કામગીરીની ચર્ચા કરતા હતા. ત્યારે રૂબિન કહે છે, 'સેરા જોજેને, કલરવથી કાંકરિયાને ગુંજતું કરી દઈશ. માત્ર પંખી જ નહીં એ સ્થળે હું વન વનનાં પ્રાણીઓય પાળીશ દુનિયા દંગ થઈ જશે આથી એસ્થરે પૂછ્યું. ડૅડી, સબકો પિંજરેમેં જ રખોગે કિ–રૂબિન હસી પડ્યા. અરે બેટા, પાંજરાં તો હશે. પણ બંધન નહિ લાગે..મારી એ સૃષ્ટિના શ્વાસ વહેતા રહેશે પિંજરની આરપાર....'(પૃ.૧૩૨) આમ કથાનાયક રૂબિનના કાંકરિયા ઝૂને ગુંજતું કરવાના સંકલ્પમાં જ શીર્ષક સાર્થ ઠરે છે.

સેરાના અંતકાળે કથાનાયક રૂબિનદાદાના મુખમાંથી શબ્દ સરી જાય છે, 'સેરા...મારા જીવનની આ રંગભૂમિ પર નેપથ્યે ઊભેલું મા ં જ એક રૂપ હતી...કોઈ કયારેક બોલે છે કે સેરાબહેન તમારો પડછાયો બનીને જીવી ગયાં, ત્યારે એ વાત હું નથી સ્વીકારી

શકતો ને કહું છુ કે ના, ખરેખર તો હું એના પડછાયામાં જીવતો હતો ...એ ગઈ એની સાથે મારું જીવન ગયું '

આમ ઉરોકત વાકયો પરથી ખ્યાલ આવ્યો કે રૂબિન જીવે છે દીકરી એસ્થરની શ્રદ્ધામાં, પશુપક્ષીની સંવેદનામાં, પ્રકૃતિની ગોદમાં, સેરાના પ્રેમરૂપી પડછાયામાં, દઢ સંકલ્પમાં, પક્ષીના કલરવમાં અને પિંજરની આરપાર જીવન વહે છે.

આમ કથાનાયક રૂબિનનું વ્યકિતત્વ એના સંવાદો અને કાર્યમાં વ્યકત થયું છે. તો અન્ય વ્યકિતઓના શબ્દોમાં પણ રૂબિનનું વ્યકિતત્વ અનેક પ્રકારે ખૂલ્લે છે. વિખ્યાત પક્ષીવિદ્ સલીમ અલી રૂબિન વિશે કહે છે. 'તમે અહીં પાંજરાને જેલ બની જવામાંથી રોકી શકયા છો. તમે પાંજરાં ઘર જેવાં બાંધ્યાં છે, માળા બાંધ્યા છે, નિવાસ સ્થાન બાંધ્યાં છે. રૂબિન, મારો વિ શ્વાસ આજે વધ્યો છે, મારો પરવિાર એટલે કે આ વિશ્વના પંખીડાનું ભાવિ તમારા જેવા અલૌકિક પાલકની છાયામાં પાંગરતું રહેશે.'

જનાબ જબુચાચાનાં શબ્દમાં રૂબિનનું વ્યકિતત્વ પ્રગટ થાય છે. 'રૂબિનભાઈ કૅનેરી પક્ષીને કેળવવા તમે જે સીટી વગાડો છો એ ખુદ કૅનેરીનેય ભુલાવામાં પાડી દે છે. આ જે કુદરતી બક્ષિશ તમારામાં છે એ માત્ર એળે જવા દેવા માટે નથી. જેના કંઠમાં પક્ષીઓનો કલરવ હોય, જેના બાહુમાં સિંહના પંજાનું કૌવત હોય, જેની નજરમાં અર્જુનની લક્ષ્યવેધી ગ ડદષ્ટિ હોય, જેનાં આંગળામાં અનેક કરામતો ખીલતી રહેતી હોય, જેની હથેળીમાં મૂગાં પ્રાણીઓને પંપાળવાનું વાત્સલ્ય હોય અને ઘા રૂઝવવાનું કૌશલ્ય હોય એને કોઈ કઈ રીતે 'રખડેલ' કહી શકે ?' (પૃ.૯૮.)

રૂબિન ડેવિડનું વ્યકિતત્વ નવલકથામાં સર્જકના શબ્દમાં કેવા કેવા પ્રકારે આકાર પામે છે, 'અમદાવાદ વિ પ્રસિદ્ધ થયું એના મિલ ઉદ્યોગથી, એ પછી વિશ્વના એક અનોખાં સંત–મહાત્મા ગાંધીની કર્મભૂમિ તરીકે વિશ્વમાં એણે આદરભર્યુ ં સ્થાન પ્રાપ્ત કર્યું...એ જ શહેરને પ્રાણી સંગ્રહાલયના સંદર્ભે રૂબિન ડેવિડે ફરી એક વાર વિશ્વના નકશા ઉપર ગૌરવપૂર્વક મૂકી આપ્યું છે '

રૂબિન વિશે દિલોજાન દોસ્ત શેખાદમ આબુવાલા લખી ગયા છે. 'ગજબ માણસ છે આ રૂબિન ડેવિડ કૅન્સરને કારણે અવાજ ખોયો, કૅલેન્ડરને કારણે જુવાની ગુમાવી,

આયુષ્યને કારણે સર્વિસથી હાથ ધોવા પડ્યા, દુર્ભાગ્યને કારણે પ્રેમાળ જીવનસંગિની સેરાના ચિર વિયોગને ભેટવું પડ્યું...છતાં એ માણસે હસવાની તાકાત ખોઈ નથી. હજી એના સિત્તેર વરસના ખોળિયામાં જોબનાઈની શરણાઈ એના એ જ ઉમંગી તરવરતા–થનગનતા સૂરો છેડતી રહે છે...માથે વાળ ધોળા થઈ ગયા છે, ચહેરા પર બીજના ચંદ્ર જેવી મૂછ પણ ધોળી થઈ ગઈ છે.'(પૃ.૧૮૪) પ્રકરણ ચોત્રીસમાં સર્જક રૂબિનના વ્યકિતત્વ વિશે મુખર થાય છે. 'વ્યકિત, વ્યકિતત્વ અને જીવન–આ ત્રણની સંવાદીતામાં અંતરના સૌંદર્યની મધુરતા ભળી હોય એવા માણસોની યાદી બનાવવી હોય તો એમાં રૂબિનનું નામ પહેલી પંકિતમાં આવે.'(પૃ.૨૨૫)

દેશના પહેલા ઝૂમૅન રૂબિન ડૅવિડને રાષ્ટ્રપતિએ પદ્મશ્રી ઍવોડ અર્પણ કર્યો એ સમયે ઈન્દિરાજી કહે છે. 'રૂબિન, તમારો પ્રકૃતિપ્રેમ અદ્ભુત છે. બાળકો અને પશુપક્ષી માટેનું તમારું સમર્પણ અનુકરણીય છે...અરે, રૂબિન, તમારે આભાર માનવાનો ન હોય, દેશ તમારો આભારી છે, દેશ તમારે માટે ગૌરવ અનુભવે છે , દેશને તમારે માટે ગૌરવ છે '(પૃ.૨૨૪)

દાદા રૂબિન, તમારા જીવ્યાની ઈર્ષા થાય એવું છે હોં તમે જાણે અંધાર પછેડો ઓઢીને જંગલમાં ફરી રહ્યા છો, તમે જાણે તમારા જંગલમાં ફરી રહ્યા છો. તમારી સાથે એક ટમટમતું અજવાળું છે, એના તેજવર્તુળમાં તમે પગલાં પાડો છો તેજનું એ વર્તુળ પિંજરની આરપાર પહોંચ છે. પાંજરે પાંજરે એ પ્રકાશને ઝીલતી આંખો ઝગમગે છે...'

૧૯૬૧ના સપ્ટેમ્બર મહિનામાં જનરલ કરિઅપ્પા ઝૂ સંકુલની મુલાકાતે આવ્યા ત્યારે સુંદર અભિપ્રાય આપ્યો હતો. 'આવું સુંદર બાલોદ્યાન જગતમાં મેં કયાંય જોયું નથી ... અહીંનું પ્રાણીસંગ્રહાલય એક રીતે શ્રી રૂબિનનું જ માનસ–સંતાન છે '(પૃ.૨૮૨) રૂબિન કેવળ એક નામ નથી, કે એક વ્યકિત નથી પણ વાત્સલ્યનું એક અડાબીડ વન છે.(પૃ.૩૦૪)

નવલકથાને અંતે સર્જક કહે છે કે, 'રૂબિન, ધરતીને પહેલા વરસાદનો સ્પર્શ થશે, પછી માટીની મહેક પ્રસરશે...કાંકરિયું એકલવાયું લાગશે...પશુપક્ષી પિંજરની આરપાર નજર બિછાવીને બેઠાં હશે, કે કોઈના મૃદુ સ્પર્શ માટે માથું નમાવીને ઊભાં હશે..કયાંક મોર કળા કરતો દેખાશે...સુરખાબનાં બચ્ચાં ચાલતાં શીખતાં હશે ને તમે યાદ આવશો...પ્રકૃતિનું લીલાવિ પૃથ્વીને આંગણે રમતું રહશે ને તમે યાદ આવશો..તમે યાદ આવશો...અને રૂબિન, આંસુનાં સરોવર પછી પાંપણની આમન્યા નહીં જાળવી શકે....'(પૃ.૩૧૨)

હરીન્દ્ર દવે કથાનાયક વિશે કહે છે. 'પ્રિય માધવ, આ સુંદર કૃતિના પાને પાને તમે એક ઓલયા જેવા માણસને શબ્દથી જીવતો કર્યો છે. આ જીવન સ્થાયી છે. કોઈ મૃત્યુ તેનો વિરામ નહિ લાવી શકે.'

આમ કથાનાયક રૂબિનને પ્રકૃતિના મરમીઓ, વનસૃષ્ટિના વિદ્વાનો, પાંચમાં પુછાતા પ્રાણીશાસ્ત્રીઓ, દુનિયાભરનાં પક્ષીઓની માહિતી જીભને ટેરવે રાખતા પક્ષીવિદ્દો, દેશ અને દુનિયામાં પ્રાણીબાગના પાલકો, પર્યાવરણ વિશારદ્દો...જે કોઈએ રૂબિનના આ સર્જનને–કાંકરિયા ઝૂ સંકુલને જોયું એ એના પ્રેમમાં પડી ગયા...એના વ્યકિતત્વ અને વાતાવરણ પર વારી ગયા. એના સર્જનની પ્રસંશા કરવા માટે શબ્દોય ઓછા પડવા માંડયા. એવા વ્યકિત એટલે રૂબિન ડેવિડ. આથી તજ્જ્ઞોએ વારંવાર અધિકારપૂર્વક કહ્યું છે કે કોઈ એક જ વ્યકિતમાં પ્રકૃતિનાં બધાં જ ક્ષેત્રોની આટલી તલસ્પર્શી–સઘન જાણકારી હોય એ પરમ આશ્ચર્ય ગણાય.

આમ અનેક વ્યકિતવિશેષોએ રૂબિનના વ્યકિતત્વને આલેખ્યું છે. જાણ્યું છે, માણ્યું છે. ખરેખર! રૂબિન એટલે રૂબિન!!! કથાનાયક રૂબિનના જીવનની આસપાસ અનેક વ્યકિતપાત્રો પુનઃજીવંતરૂપે આવે છે. પંડિત જવાહરલાલ નહેરૂ, રાજદૂત પ્રો.ગાલબ્રેથ, ગર્વનરશ્રી નવાબ મહેંદીનવાઝ, જગવિખ્યાત પક્ષીવિદ્ સલીમઅલી, સર્વશ્રી ફખ દૃ અલી અહેમદ, ઈન્દીરાજી, બી.વી.દોશી, શ્રીધર્મકુમારસિંહજી, મહેશ શાહ, પૃથ્વીરાજ કપુર, જયોતિબહેન મહેતા, ભાવનગરના મહારાણા શ્રીકૃષ્ણકુમારસિંહજી, શ્રીજામસાહેબ, નગરપાલિકાના મેયર ચીનુભાઈ, ડેપ્યુટી મેયર ડૉ.કાદરી, કમિશનર શ્રીબી.પી.પટેલ, પાલનપુરના સાહેબજાદા જનાબ જબરદસ્તખાં, ગાંગડના દરબારશ્રી સાહેબ સિંહજી, ભાઈલાલભાઈ પટેલ, મુંબઈ રાજયના મુખ્યપ્રધાનશ્રી યશવંતરાવ ચવ્હાણે, ભારત સરકારનાં ટુરિસ્ટ વિભાગનાં ડાયરેકટર શ્રીમતી કે.એસ.બામજી, જિલ્લા કલેકટર અને મૅજિસ્ટેટ શ્રી એફ.જે.હિરેડિયા, શેખાદમ આબુવાલા, ઑસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય યુનિવર્સિટીના પ્રોફેસર શ્રીકોલિન ગ્રોવ્ઝ અને શ્રીમતી ફિલગ્રોવ્ઝ, જામશત્રુ શલ્યજી, હીરાભાઈ શેઠ, જનાબ કૈફી, શૌકત આઝમી, મીના કુમારી શાયર, શકીલ, કવિ ભરત વ્યાસ, ભારત સરકારના નાણાં કમિશનના ચેરમેન શ્રીચંદા, મોરારજીભાઈ દેસાઈ, અમેરિકાના પ્રમુખ જોન કૅનેડી, શાયરમિત્ર

જનાબ કૈફી આઝમી, વિદેશી સ્ત્રી ક્રિસ્ટલ રોજર્સ, ઑસ્ટ્રેલિયન ડૉ.રોઝમેરી, મિત્ર જે.ડી.ક્રિશ્ચિયન, પોલિ રાયટર અને શ્રીમતી રાયટર, પ્રદ્યુમ્ન રાવલ, બાબુભાઈ શાહ, કર્નલ મદનલાલ, રતિલાલ નાયક, બ્રિજભૂષણ કાબરા, ક્ષેમુ દેવેટિયા, જનરલ કરિઅપ્પા, મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી, ફાયર બ્રિગેડના વડાશ્રી એફ.ઈ.દસ્તૂર, ગુજરાતના હાસ્ય લેખકો વિનોદ ભટ્ટ, રતિલાલ બોરીસાગર, અશોક દવે, નિરંજન ત્રિવેદી, ફોટો–જર્નાલિસ્ટ ઝવેરીલાલ મહેતા, પત્રકાર આચાર્ય જયન્તભાઈ, દહેરાદૂનનાં વિદ્યાર્થીઓ, નેપાળાનાં તાલીમાર્થી, સહકર્મચારી બાબુ અને હર્ષવદન ગોર અને સાબરમતીનાં મિત્રો વગેરેને મળનારું બહુપરિમાણ ધરાવતું વ્યકિતત્વ રૂબિન ડેવિડનું હતું.

આ ઉપરાંત કથાનાયક રૂબિનના આપ્તજનો માતાપિતા, ભાઈભાંડુઓ, મોટાભાઈ ડૉ.જેકબ અને ભાભી મોઝેલ, નાનાભાઈ આલ્બર્ટ, બહેન રેચલ, પત્ની સેરાબહેન, પુત્રી એસ્થર, દૌહિત્ર–દૌહિત્રી રોબિન અને અમ્રિતા તેમજ જનાબ જબુચાચા આદિ અનેક મિત્રો–મુરબ્બીઓના રેખાચિત્રો યથાસ્થાને યોજી રૂબિનના વ્યકિતત્વને ઊઠાવ આપ્યો છે.

‘પિંજરની આરપાર’ નવલકથામાં હૃદયની આરપાર ઉતરી જાય એવા ચિંતન મૌતિકો ઠેર ઠેર જોવા મળે છે. ‘આંસુને પાંપણના બંધ નડતા નથી.’(પૃ.૧૪), ‘મૌનની ભાષા જ સર્વશ્રેષ્ઠ છે.’(પૃ.૧૭), ‘મોં ફેરવી લેવાથી પરિસ્થિતિ બદલાવી શકાતી નથી. ને આંખો બંધ કરી દેવાથી મનને ચૂપ કરી શકાતું નથી.’(પૃ.૧૭), ‘વિચારોની ઝડપ કે બોલવાની ગતિને કદાચ માની લો કે લખવામાં ઉતારી શકાય, પણ ભાવનું શું?’(પૃ.૨૭), ‘સમય એનાં રહસ્યો કયાં ઊઘડવા દે છે ’(પૃ.૨૭), ‘બેપગાં શા માટે ચોપગાંની પાછળ પડી ગયા છે?’(પૃ.૧૧૮), ‘માણસ પોતાના અભિપ્રાયને બીજાના પડીકામાં બાંધીને આપે છે.’(પૃ.૧૪૮), ‘આપણા સમાજની આ એક ભવ્ય લાક્ષણિકતા છે. અંધારામાં ઊભા રહીને પથ્થર મારવાના’ (પૃ.૧૫૦), ‘જાનવરો માણસને મારે છે, એ ‘અકસ્માત’ છે. હા, માણસ જાનવરને મારે છે એને ‘અકસ્માત’ ન ગણી શકાય.’(પૃ.૧૭૮), ‘પાંજરે પાંજરે દેખરેખ રાખનારા માણસો મૂકી શકાય, પણ માણસે માણસે માણસ કયાંથી મૂકવા?’(પૃ.૧૮૮) ‘આખા અવકાશને પોતાની પાંખમાં ભરીને ઊડતા રહેતા પંખીને, પાંખોય પૂરી ફેલાવી ન શકે એટલા નાના પિંજરામાં પુરી શકાય પણ પંખીનો કલરવ ઝૂંટવી નથી શકાતો.’ ‘જંગલમાં મુકત વિહરતા સિંહને વીસ

ફુટના પાંજરામાં પુરી શકાય પણ છલંગ મારવાની તાકાતને કે ડણકને આપણે છીનવી નથી શકતા.' આવા વિચાર મોતીડાં મૂકી સર્જકે કથાનાયકના પાત્રનો ઊઠાવ આપ્યો છે.

સર્જક માધવ રામાનુજ નવલકથામાં વૈવિધ્યસભર ભાષા નિરૂપે છે. રૂબિન પરિવાર યહુદી હોવાથી હિબ્રૂ ભાષાના શબ્દો યોજે છે. કિદૂક–પ્રાથના, સબ્બાથ–શુક્રવારની રાત પછીનો સમય, કરવલી–નવવધૂની ખાસ તહેનાત સખી, એસ્થર–સંધ્યા સમયનો તારો, નોહાઝ આર્ક–નાનકડું ઝૂ જેવા હિબ્રૂ જબાનના શબ્દો, અંગ્રેજી અને હિન્દી ભાષનો પણ વિનિયોગ કર્યો છે. તો ડોહા જેવો તળપદો શબ્દ પણ ખૂંચે છે.

જીવનચરિત્રમાં જે માત્ર તથ્ય છે, એ જીવનચરિત્રાત્મક નવલકથામાં રાગાત્મક બની પ્રેમનું સત્ય પ્રગટ કરે છે. 'ગુજરાતી નવલકથા' સંદર્ભગ્રંથમાં 'નવમાં દાયકાની નવલકથા' અંર્તગત 'પિંજરની આરપાર' વિશે નોંધે છે કે, 'પ્રેમતત્ત્વ રૂબિનના સામાન્ય જીવનને અસામાન્ય ઘટનામાં પલટી નાખે છે. સાહિત્યમાં જેવા પન્નાલાલ એવા પર્યાવરણમાં રૂબિન. પશુપક્ષીવિદ્ રૂબિન ડેવિડનું આ જીવનચરિત્ર યંત્રયુગની સભ્યતા માટે એક મોટો પાઠ છે. માધવે નવલકથા લખીને પોતાની સર્જકતાને મોકળાશ મળે એવો માર્ગ પસંદ કર્યો.' એટલે કે અહીં જીવનકથા પણ છે અને નવલકથા પણ છે.'

આથી સુરેશ દલાલ લખે છે. 'આ નવલકથા છે પણ માત્ર નવલકથા નથી. આ જીવનકથા છે પણ માત્ર જીવનકથા નથી. અહીં નવલકથા અને જીવનકથા, જીવનકથા અને નવલકથાનો સમન્વય છે. કહો કે જુગલબંદી છે. અહીં તથ્ય છે અને સત્ય છે. અહીં હકીકત છે અને કલ્પના છે.'

'પિંજરની આરપાર' નવલકથામાં રૂબિનના આંતરજીવનને ઉજાગર કરવામાં સર્જકની સંવેદનપટુતાનાં સંસ્પર્શને કારણે અનેક ભીતરી પ્રસંગો અનુભવાય છે. તેમનાં ઊર્મિતંત્રમાં અને વાણી–વર્તનમાં સહજતયા પ્રગટતી પ્રતિક્રિયારૂપે આલેખન પામે છે. કવિ અને મરમી ઉપસાવી શકે એ રીતે માધવ તમે રૂબિનને માનવ અને માનવેતર પ્રેમસૃષ્ટિમાં પારદર્શક રીતે ઉપસાવી શકયા છો. તમે રૂબિનને પ્રકૃતિ, પશુ, પંખી, પ્રેમ અને પ્રતિષ્ઠાનાં પરિવેશમાં ભાવક સામે પ્રત્યક્ષ બતાવ્યાં છે. એથી નવલકથા વધુ આસ્વાદ્યક્ષમ બની છે.

સર્જક માધવે નાની મોટી ઘટનાઓનુ સંયોજન અને આલેખન કર્યું છે. પ્રકૃતિ,

પશુ, પંખી, પત્ની, પુત્રી અને પરિવાર તથા મિત્ર અને મુલાકાતીઓના શબ્દમાં કમળની જેમ વિકસતું રૂબિનનુ ભવ્ય, વત્સલ અને કર્મનિષ્ઠ વ્યકિતત્વ આપણને સૌને ગમી જાય છે. યહૂદી પરિવારની ઐતિહાસિક પરંપરા અને સામાજિક–સાંસ્કૃતિક પરિસ્થિતિ. પાત્રોચિત હિબ્રૂ, હિન્દી અને અંગ્રેજી ભાષાનો વિનયોગ, ઘટનાઓ, પરિસ્થિતિઓ અને મનઃસ્થિતિઓનું કલ્પનાપૂર્વકનું દશ્યાત્મક આલેખન, કથાનાયકની ભાવસ્થિતિ પ્રગટ કરતાં આંતરિક એકોકિત અને સ્વગતોકિતયુકત સંવાદો, રૂબિનના આંતર જીવનને ઉજાગર કરવામાં સર્જકની સંવેદનપટુતા, લેખકનો રૂબિન પરિવાર સાથે ઘરોબો, સમય સંવિધાનમાં કળાકીય સજ્જતા અને ‘પિંજરની આરપાર’ શીર્ષકની યોગ્યતાને કારણે આ નવલકથા આસ્વાદયક્ષમ બની છે.

કવિ અને મરમી ઉપસાવી શકે એ રીતે માધવ રામાનુજે રૂબિનને માનવ અને માનવેતર પ્રેમ સૃષ્ટિમાં પારદર્શક રીતે ઉપસાવી શકયા છે. પણ સર્જક પ્રકરણ ચુમાલીસમાં કાચીસામગ્રી મૂકે છે, જેથી કળાતત્ત્વને હાનિ પહોંચે છે. છતાં સર્જકે રૂબિનને પ્રકૃતિ, પશુ, પંખી, પ્રેમ અને પ્રતિષ્ઠાનાં પરિવેશમાં આપણી સૌની સામે પ્રત્યક્ષ કર્યાં છે. આમ કથાનાયક રૂબિનના સામાન્ય જીવનને અસામાન્ય ઘટનામાં પલટી નાખે છે પ્રેમતત્ત્વ. તો પશુપક્ષીવિદ્ રૂબિન ડેવિડનું જીવનચરિત્ર યંત્રયુગની સભ્યતા માટે એક મોટો બોધપાઠ છે.

હરીન્દ્ર દવેના શબ્દમાં રૂબિનનો પરિચય. ‘‘વિશ્વનાં વિરલ વ્યકિતત્વોમાં રૂબિન ડેવિડનું સ્થાન છે. આ ત્રણસોબાર પૃષ્ઠમાં પાત્રો અને પ્રસંગો નથી, છલકતો પ્રેમ છે. લાગણીનો પરિવેશ છે.’’[૪૪]

‘કથાયન’માં બાબુ દાવલપરા કહે છે કે, ‘‘રૂબિન જેવી વિરલ વિલક્ષણ વ્યકિતના જીવન અને કાર્યને અક્ષરદેહે અમર કરતી શ્રીમાધવ રામાનુજની આ સંતર્પક નવલકથા પણ ખરેખર એક માણવા જેવી ચીજ છે.’’[૪૫]

।। ૧૧. 'સૂર્યપુરુષ ખંડ, ૧'–માધવ રામાનુજ, ૧૯૯૭ ।।

લેખક માધવ રામાનુજે ગુજરાતના રાજપુરુષ ચિમનભાઈ પટેલના જીવન પર આધારિત નવલકથા 'સૂર્યપુરુષ'નો પ્રથમ ખંડ ૧૯૯૭માં પ્રકાશિત કર્યો છે. ચિમનભાઈનું જીવન જાહેર જીવનની ઘટનાઓનું સાક્ષી છે. હાલ એમના પત્ની ડૉ.ઊર્મિલાબહેન હયાત છે. એટલે એમના નિવાસસ્થાન 'રેવારણ્ય'માં લેખક એમના મિત્ર સાથે મળવા જાય છે. ત્યારે. ઊર્મિલાબહેન પાસેથી કથાનાયક ચીમનભાઈના જીવન વિષયક માહિતી મળી છે. તેની નોંધ લેખકે 'કેવળ લાગણી' પ્રસ્તાવનામાં આપી છે. ''અમે 'રેવારણ્ય'માં મળ્યાં અને બહેન સહજ રીતે ચિમનભાઈ વિષે કહેવા લાગ્યાં....એ દિવસે આમ જ સળંગ ચાર કલાક સુધી અમે એમને સાંભળ્યાં, ચિમનભાઈનાં સ્મરણોમાં તેઓ કેટલાં ઓતપ્રોત હતાં એ જોયું...

ડૉ.ઊર્મિલાબહેન આટલાં વ્યસ્ત હોવાં છતાં એમણે ભરપૂર સમય આપ્યો. વડોદરા–ચિખોદરાની મુલાકાતો કરાવી. પરિવાર અને સ્વજનોનો પરિચય કરાવ્યો..નોંધો અને ધ્વનિમુદ્રિત કેસેટોનો ગંજ ખડકાયો. વીતેલાં દોઢ વરસમાં ચોવીસે કલાક આ કથાનાં અનેક પાત્રો મન પર સવાર રહ્યાં. વડોદરાનાં મિત્રો વાત કરતાં કરતાં ગદ્ગદ્ થઈ જતાં હતાં. ગામમાં એમનાં બહેનો તો અનેક વાર ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયાં હતાં. ગંગાબહેન, નર્મદાબહેન અને શશિબહેન...ત્રણે બહેનોની આંખોમાં ખાલીપો દેખાઈ છે. ઘટનાઓમાં ચર્ચા અને મનોમંથન ડૉ. ઊર્મિલાબહેન સાથે ચર્ચા કરતાં કરતાં વિચારેલાં છે. લખાયા પછી એક એક શબ્દને એમણે એ ઘટનાઓનાં સાક્ષીની નજરે તપાસી જોયાં છે. ઊર્મિલાબહેન ચિમનભાઈના પરિચયમાં આવ્યાં ત્યારથી એમનાં સંબંધોમાં આત્મીયતાની ઉષ્મા અખંડ રહી છે. 'પ્રિય ઊર્મિ' સંબોધન અને છેલ્લે 'લિ.તારા જ ચિમન–ચિન્મયના જયભારત'થી લખાયેલા એવા ત્રણ–ચાર પત્રો આજે પાંચ દાયકા પછી પણ એમણે સાચવી રાખ્યા છે...આજે પણ સતત તેઓ 'પ્રિય ચિન્મય' એવા સંબોધન સાથે પત્રો લખે છે. લખી લખીને મૂકી રાખે છે...તેઓ ચિમનભાઈના સુખ અને દુઃખની એક એક ક્ષણનાં સાથી અને સાક્ષી છે. આ પુસ્તકના પાને પાને..પાત્રો વચ્ચેની ચર્ચા, મંતવ્યો, મનોમંથનો, ઘટનાઓ, સ્થળકાળ આદિમાં તેઓનું સતત માર્ગદર્શન

મળતું રહ્યું છે. અને બીજાં સેંકડો સ્વજનો–મિત્રો જેમણે કેવા કેવા ઉમળકાથી ભીની ભીની આંખે કલાકો સુધી ચિમનભાઈનાં સ્મરણો સંભળાવ્યાં છે.''[૪૬]

આમ સર્જક માધવ રામાનુજ ચીમનભાઈ પટેલના જીવન પર નવલકથા લખવા માટે ઊર્મિલાબહેન પાસેથી સામગ્રી એકત્રિત કરી, સતત દોઢ વરસ સુધીની મથામણના અંતે નવલકથા આપી 'સૂર્યપુરુષ'.

કવિતા, નવલકથા, નાટક, ભવાઈવેશ, ટેલિફિલ્મ અને કલાવિવેચનક્ષેત્રે સાહિત્યનું ખેડાણ કરનાર માધવ રામાનુજે પશુપક્ષીવિદ્ રૂબિન ડેવિડના જીવન પર 'પિંજરની આરપાર' અને હજી જેમનો ભૂતકાળ ઈતિહાસ નથી બન્યો એવા 'ગુજરાતનો નાથ' અને 'છોટે સરદાર'નું બિરૂદ પામેલા ગુજરાતના રાજપુરુષ સ્વ.ચિમનભાઈ પટેલના જીવન પર આધારિત 'સૂર્યપુરુષ' અને પ્રસાદ બ્રહ્મભટ્ટે 'રાજપુરુષ' જેવી જીવનચરિત્રમૂલક નવલકૃતિઓ આપી છે. ગુજરાતી સાહિત્યમાં એક જાહેર જીવનની વ્યકિત–રાજનેતાને લઈ જીવનચરિત્ર આલેખાયા છે. પણ નવલકથા લખવાનું સાહસ, માન અને સ્થાન માધવ રામાનુજને ફાળે જાય છે.

'સૂર્યપુરુષ' નવલકથાના પ્રથમ ખંડમાં કથાનાયક ચિમનભાઈ પોતાના ચિખોદરા ગામથી આવી ભગત પાટીદાર છાત્રાલયમાં રહી વડોદરાની ન્યૂ એરા સ્કૂલમાં અભ્યાસ કરે છે. ત્યાંથી સર્જકે સ્મરણો અને ઘટનાઓ આલેખી છે. નવલકથાનો ઉઘાડ જ અલંકારયુકત ભાષા અને દર્શનયોગ કે દશ્યસંપર્ક એવા તીર્થસ્થાન કે મિલનસ્થાન અગાસીપ્રેમથી થાય છે. વડોદરાની ન્યૂ એરા સ્કૂલમાં મેટ્રિકમાં અભ્યાસ કરતાં ચિન્મય અને ઊમિના અગાસીના દર્શનયોગથી આરંભ કરી સંસ્મરણોની ઘટમાળા લેખકે આલેખી છે.

કથાનાયક ચીમનભાઈના બાળપણના પ્રસંગો લેખકે સંસ્મરણરૂપે આલેખ્યાં છે. ચિખોદરા અને કોસિન્દ્રા ગામનું એ સમયનું આહ્લાદક ગ્રામીય વાતાવરણ આલેખ્યું છે. પિતાની આર્થિક પરિસ્થિતિ નબળી હતી. પિતાના લગ્નનો પ્રસંગ, હેરણનદીનું બાળપણ, ભર્યુભાદર્યુ કુટુંબ, બંને ભાઈઓનું ઊંઘવાનું નાટક, ભેંસને પાણી પાવા અંગેનો પ્રસંગ, યાદશકિતમાં પહેલો નંબર, લગ્નપ્રસંગે ઘોડાને ત્રાસ આપતા લગ્નમાં ન જવાનો પ્રસંગ, ઢમઢમ ચીચીવાળો પ્રસંગ આદિ સ્મરણો નિરૂપ્યાં છે.

કથાનાયક ચીમનભાઈનું જીવનવૃત્ત ખંડ એકમાં લેખકે આ પ્રમાણે આલેખ્યું છે.

ચીમનભાઈ મેટ્રિકમાં અભ્યાસ કરતા ત્યારે ડૉ.પ્રેમાનંદને ઘરે ઊર્મિલાને ભણાવવા જતા પ્રેમ પ્રગટયો. આ પ્રેમ ધીમે ધીમે સ્વપ્ન, કલ્પના, મનોમંથનો, સંઘર્ષ, પ્રેમપત્રો, ત્યાગ અને લગ્નમાં પરિણમ્યો. પછી સજોડે અંબાજીના દર્શને ગયા. અસ્થમાના દરદમાં પથારીવશ થયેલ પત્નીની સેવા કરી. વિદ્યાર્થી મંડળની ચૂંટણીમાં હારી ગયા. મહામંત્રી બન્યા. ડબકા ગામમાં શ્રમશિબિર યોજી. ગણિકાના બાળકો માટે સંસ્કાર કેન્દ્ર ખોલ્યા. વસ્તીગણતરી અને ચેકર તરીકેની કામગીરી કરી. યુનિવર્સિટી યુનિયનના પ્રમુખ બન્યા. ‘સ્કૂલ ઑફ સોશ્યિલ વર્ક’ ડિપાર્ટના અધ્યાપિકા પરિનબહેન વખારિયા સાથે ‘ગાંધીજી સામાજિક કાર્યકર ન ગણી શકાય’ એ અંગે વિવાદ થતાં વી.સી.હંસાબહેન મહેતા સામે સત્યાગ્રહી લડત ચલાવી. અંતે જીત મળી એટલે હંસાબહેને આગળ વધવા માટે અભિનંદન પાઠવ્યાં. એ દરમ્યાન એમ.એ.નું પરિણામ હાયર સેકન્ડ કલાસ આવ્યું. આ પછી કૉલેજમાં વ્યાખ્યતા માટેના ઈન્ટરવ્યૂ આપવા ગયા. ત્યાં સુધીની નવલકથા ચાર સો ત્રણ પેઈઝ અને ચોત્રીસ પ્રકરણોમાં ખંડઃ એકમાં લેખક માધવ રામાનુજે આલેખી છે.આ રીતે ચીમનભાઈ પટેલના વિકસ્તાં વ્યકિતત્વને પામી શકીએ છીએ.

આમ કથાનાયક ચીમનભાઈ સામાન્ય પરિવારમાં જન્મ્યાં હતા. પિતા જીવાભાઈ અને માતા રેવાબહેનની નજર નીચે ચિખોદરા પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવ્યું. ત્યાર બાદ કોસિન્દ્રાની ટી.વી.વિદ્યાલય તથા વડોદરાની ન્યૂ ઈરા હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ લીધું. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર અને વસતિશાસ્ત્ર સાથે સ્નાતક થયા. ત્યાર બાદ અનુસ્નાતકની ઉપાધિ પ્રાપ્ત કરી. ગુજરાત વિદ્યાર્થી કૉંગ્રેસના મંત્રી અને વિદ્યાર્થી સંઘના ઉપપ્રમુખ તરીકે કામગીરી સંભાળી હતી. તો બીજી બાજુ વૈષ્ણવ વણિક પરિવારની પુત્રી ઊર્મિલાબહેન સાથે આંતરજ્ઞાતિય લગ્ન કરી સામાજિકક્ષેત્રે પરિવર્તન ઝંખતા પોતાના માનસનો પરિચય પૂરો પાડયો.

નવલકથામાં કથાનાયક ચિમનભાઈનો માતા–પિતા પ્રત્યેનો પ્રેમ, કુટુંબપ્રેમ, વતનપ્રેમ, હેરણનદીનો પ્રેમ, પશુપ્રેમ, ગુરુ–શિષ્યનો પ્રેમ, વિદ્યાપ્રેમ અને સેવાકીય પ્રેમ આલેખાયો છે. આખીય નવલકથામાં પ્રિયપાત્ર ઊર્મિ સાથેનો પ્રેમ, પ્રેમપત્રો, સંસ્મરણો, મનોમંથનો અને સંઘર્ષનાં આલેખનોમાં અનેરું વ્યકિતત્વ શબ્દરૂપ પામે છે.

કથાનાયકના વિકસ્તાં વ્યકિતત્વમાં જેનો અનન્ય ફાળો છે, એવા પિતા

જીવાભાઈ પટેલ અને માતા રેવામા, બાપુજી એટલે પિતાતુલ્ય ગુરુજી, પિતાતુલ્ય વડીલ, પિતાતુલ્ય મિત્ર–બંધુ–કન્યાદાતા અને ભગત છાત્રાલયનાં ગૃહપતિ પ્રફુલ્લરાય, મોટા ભાઈ વિ લભાઈ, અંબાભાભી, બહેન ગંગા–નર્મદા–શશી, માશી અને માશીનો દીકરો બાલુ, ચેતન–ચૈતન્યદેવ, મહિજી મામા, કાન્તિલાલ રાણા, ઊર્મિલાના પિતા ડૉ.પ્રેમાનંદ અને માતા નર્મદા બા, સહાયકો, વિદ્યાર્થીમિત્રો અને પ્રિયપાત્ર ઊમિના પત્રો, સ્મરણો, મનોમંથનો અને હ્રદયમાં કથાનાયકના વ્યકિતત્વની અનેકવિધ લાક્ષણિકતાઓ સુપેરે પ્રગટ થાય છે.

કથાનાયક સૂર્યપુરુષની રાજકીય સફળતાનું રહસ્ય સંગઠનકર્તા, વિરોધીઓને પણ જીતી લેવાની અપાર આત્મશ્રદ્ધા અને સંપર્કમાં આવનાર માણસોના મહત્ત્વને પિછાનવામાં રહી છે. સ્તેજ સ્મૃતિ, ત્વરિત નિર્ણયશકિત અને સતત ક્રિયાશીલ રહેવાની પ્રકૃતિને કારણે નેતાગીરીમાં સફળ રહ્યા છે. મકકમતા, માયાળું અને મળતાવડો સ્વભાવ હતો. અનોખી યાદશકતિ, ધૈર્યવાન, હિંમતવાન પ્રેમી, સ્વપ્નસેવી, અથાગ પરિશ્રમ, ધ્યેયશીલ, સમજણશકિત, ગૂંચવાડાનો ઉકેલ શોધવાની મૌલિકતા અને વિદ્યાર્થીના પ્રિય નેતા ચીમનભાઈની અનેક વિશેષતાઓ એક રાજકીય નેતાનું ઘડતર કરે છે.

‘સૂર્યપુરુષ’ જીવનચરિત્રમૂલક નવલકથામાં કેવળ લાગણીના તાણાવાણાથી વણાયેલું કથાનાયક ચિમનભાઈનું વ્યકિતત્વ દરેક વ્યકિતપાત્રોની પુષ્પપાંખડીમાં અદ્ભુત રીતે ખીલ્યું છે, ખીલવ્યું છે. અનેક ઘટનાઓથી આવૃત્ત એવા જીવનની કથા, અનેકના કથન અને હ્રદય સંભારણામાં જીવતા નાયકની કથા, ઊમિ અને ચિન્મયના અજોડ પ્રણયની કથા, વિદ્યાર્થી જીવનની કથા કે તૈયાર થઈ રહેલા રાજનેતાની કથા આલેખવામાં સર્જકની પ્રસંગોચિત, પાત્રોચિત, પ્રેમપત્રોચિત, સંસ્મરણોચિત, સંવાદોચિત, નાટયાત્મક ક્ષણોચિત, હ્રદયોચિત, મનોમંથનોચિત, કવેતાઈપૂર્ણ બાનીમાં ટૂંકા, સચોટ, આકર્ષક, ધારદાર, હ્રદયસ્પર્શી અને સહજ તળપદી લઢણોવાળી ભાષાશૈલી એક વ્યકિતવિશેષની જીવનકથાને નવલકથાનું રૂપ બક્ષે છે.

ચિમનભાઈના પરિવાર અને સ્વજનોની પાત્રસૃષ્ટિ, સાથીદારો, સહાયકો અને વિદ્યાર્થીમિત્રોની હૂંફ, હ્રદયગમ સંવાદો, સ્મરણોમાં પ્રગટતી ભીની ભીની લાગણી, નાટયાત્મક ક્ષણો, મનોસંઘર્ષ, પ્રિયપાત્રનો અઢળક પ્રેમ, અખંડ ઉષ્મા અને જીવનની પરોઢને આલેખતી લોકભોગ્ય બાયોગ્રાફીકલ નોવેલ એટલે ‘સૂર્યપુરુષ’.

ડૉ.મફત ઓઝા નોંધે છે કે, ''નયા ગુજરાતના સ્વપ્નશિલ્પી ચિમનભાઈ પટેલનું નખશીખ વ્યક્તિત્વ ઉપસાવવા સાથે એમની ગતિ–પ્રગતિને સુરેખ રીતે મૂકી આપી છે. એક વિશિષ્ટ પ્રકારની નવલકથાનો અનુભવ કરાવતું આ પુસ્તક ગુજરાતી ભાષાનું અનોખું સીમાચિહ્ન બની રહેશે. અહીં કલા અને કલમનો સમન્વય સાહિત્ય જગતનું એક આગવું પરિણામ રચે છે.''[૪૭]

।। ૧૨.'સૂર્યપુરુષ ખંડ, ૨ પ્રભાત'–માધવ રામાનુજ, ૧૯૯૯ ।।

પ્રથમ ખંડમાં કથાનાયક ચિમનભાઈના જીવનની ઘડતરકથા છે.તો બીજા ખંડમાં વડોદરાથી અમદાવાદ આવી ગૂજરાત વિદ્યાપીઠમાં અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે જોડાય છે. ત્યાંથી નવલકથા આરંભાઈ છે. અને ફરી ગુજરાતના મુખ્યમંત્રી બને છે ત્યાં સુધીની શૈક્ષણિક અને રાજકીય કારકિર્દી લેખકે આલેખી છે.

કથાનાયક ચીમચભાઈનો વ્યકિતત્વ વિકાસ સર્જક ખંડ બીજામાં આલેખે છે. કથાનાયક ચીમનભાઈએ અનેક સેવાઓ બજાવી છે. તેનો આલેખ લેખકે દોરી આપ્યો છે. ચીમનભાઈએ એલ.ડી.આટ્ર્સ અને સેંટ ઝેવિયર્સ કોલેજમાં પ્રધ્યાપક તરીકે સેવાઓ આપી. ગુજરાત યુનિવર્સિટીના સેનેટ અને સિન્ડિકેટ સભ્ય બન્યાં. સરદાર વલ્લભભાઈ કોલેજની સ્થાપના કરી આચાર્યપદ સંભાળ્યું. ગુજરાત યુવક કોંગ્રેસના મંત્રી અને પ્રમુખ બન્યાં. સંખેડા વિસ્તારના ધારાસભ્ય અને કેબિનેટમંત્રી બન્યાં. ગુજરાતના રાજકીય પ્રવાહો અને ઘટનાઓના ફળસ્વરૂપે ચુંમાલીસ વર્ષની નાની ઉંમરે ગુજરાત રાજયના મુખ્યમંત્રી બન્યા. પરંતુ નવ માસના ટૂંકા ગાળામાં ગુજરાતમાં ઊભું થયેલ 'નવનિર્માણ આંદોલન'ના કારણે મુખ્યમંત્રી પદ છોડવું પડયું. ત્યાં બાદ 'કિસાન મજૂર લોક પક્ષ' નામના પ્રાદેશિક પક્ષની રચના કરી. પણ આ પક્ષ અલ્પજીવી રહ્યો. 'ઈન્ડિયન કાઉન્સિલ ઑવ સોશ્યલ વેલફેર'માં ભારતના પ્રમુખ બન્યા. ફરી વિધાનસભામાં ચૂંટાઈ વિરોધપક્ષના નેતા તરીકે ભૂમિકા અદા કરી. અને ફરી ૧૯૯૦માં ગુજરાત રાજયના મુખ્યમંત્રી બન્યા. ત્યાં સુધીની શૈક્ષણિક અને રાજકીય કારકિર્દી પ્રભાત ખંડઃ બીજામાં આલેખી છે. આમ સર્જકે જાહેર જીવનના કથાનાયકની વિકાસરેખા નવલકથા ઢબે દોરી આપી નવું સાહસ ખેડયું છે.

કથાનાયક ચિમનભાઈના વિશેષ ગુણસંપદા નવલકથામાં અનેક રીતે વિકસે છે. કથાનાયકની તર્કશકિત, તેજસ્વિતા, કાબેલિયતા, આયોજનશકિત, વહીવટ કુશળતા, રાજકીય સૂઝ–સમજ, દીર્ઘ દષ્ટિ અને કુનેહ, પ્રભાવશાળી સંગઠક, પ્રબળ કાર્યશકિત, કાર્યદક્ષતા, નિષ્ઠા, નીડર, મેધાવી, ધૈર્યવાન, કુટુંબ વત્સલ, મકકમ, ભણવામાં અવ્વલ, અર્થશાસ્ત્રના સ્કોલર, અધ્યાપક, લેખક, મદદરૂપ થવાનો સ્વભાવ, માનવ સ્વભાવના ઊંડા અભ્યાસી, ન્યાયપ્રિય અને

અડગ વલણ વગેરે ગુણસિદ્ધિઓ ઊડીને આંખે વળગે છે. પ્રેરણાસ્રોત બને છે.

કથાનાયક ચિમનભાઈનો વિરોધ કરનાર વડોદરા યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલર ડૉ.હંસાબહેનના શબ્દો, 'વડોદરા યુનિવર્સિટી તારે માટે નાનું ક્ષેત્ર છે, દીકરા..', ફાધર ડિસોઝાએ પણ ચીમનભાઈ વિશે કહ્યું કે, 'એ બહુ મોટો ચાણકય છે.', તો વડાપ્રધાન ઇંદિરાજીએ ધન્યવાદ આપતાં કહ્યું, 'તમે ફ્લડ વખતે ઉત્તમ આયોજન કર્યું હતું.', નર્મદા યોજના માટે ત્રણ મુખ્યમંત્રીની સફળતાનાં ઇંદિરાજીએ અભિનંદન આપ્યાં હતા. 'આજે તમારી સફળતાથી આનંદ અનુભવું છું. મારે આપણા પક્ષ માટે તમારા જેવા માણસોની ખાસ જરૂર છે.'

કથાનાયક ચિમનભાઈએ પોતાના જીવનમાં અનેકવિધ કાર્યોની હારમાળા રચી દીધી છે. કથાનાયકે ઉચ્ચ શિક્ષણમાં પાયાના સિદ્ધાંતોને દઢિભૂત કરવા માટે માતૃભાષા દ્વારા ઉચ્ચ શિક્ષણ આપવાની હિમાયત કરી. સામાન્ય અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને અનુકૂળ આવે એવી શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરવાનો ખ્યાલ આપ્યો. ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ વધારવા સ્થાનિક ટ્રસ્ટોને પ્રોત્સાહિત કર્યા. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યું. ઔદ્યોગિક વિકાસ સાધ્યો. ખેતીવાડી અને ગ્રામ વિકાસલક્ષી આયોજનો આપ્યાં. શિક્ષણ અને સાંસ્કૃતિક ક્ષેત્રે મહત્ત્વની કામગીરી કરી. શ્રમશિબિરનું આયોજન કર્યું. કોંગ્રેસની 'યુવા કેડર' ઊભી કરવાનું આયોજન કર્યું.'નૂતન ભારતના યાત્રા' ધામો નિમિત્તેનું આયોજન કર્યું. આંતરરાષ્ટ્રીય યુવક સંમેલન અંગે ચીનનો પ્રવાસ કર્યો. ડેન્માર્કની રાજધાની કોપનહેગનમાં 'વર્લ્ડ એસેમ્બ્લી ઓફ યુથ્સ'ની કોન્ફરન્સનું નિમંત્રણ મળ્યું. રેલસંકટ સમયે પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું. નર્મદા યોજના અને સરદાર સરોવર યોજના માટે ત્રણ રાજયના મુખ્યમંત્રીની સંમતિ મેળવી. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાનું કાર્ય આરંભ્યું. પંચવટી ફાર્મમાં ધારાસભ્યો સાથે વ્યૂહરચના ગોઠવી. સિક્રેટ બેલેટ દ્વારા મતદાન કરાવી લોકશાહીનું જતન કર્યું, અને કરાવ્યું. ખનીજ ખોદકામ અંગે તથા ક્રૂડની રોયલ્ટી અંગે વડાપ્રધાન સાથે સંઘર્ષ કર્યો. અને અંતે નવનિર્માણ આંદોલનનો સંઘર્ષ કર્યો. આદિ સેવા કાર્યોમાંથી કથાનાયકનું વ્યકિતત્વ જીવન–ચરિત્રમૂલક નવલકથામાં નીખરી ઊઠે છે.

કથાનાયક ચિમનભાઈની શૈક્ષણિક અને રાજકીય ઘડતર કથામાં સવિશેષ ફાળો

માતા–પિતા, ધર્મપત્ની ઊર્મિલા, પિતાતુલ્ય બાપુજી પ્રફુલ્લરાય અને શારદા બહેનનો રહ્યો છે. આ ઉપરાંત મોટાભાઈ વિઠ્ઠલભાઈ, રામલાલ પરીખ, સાદાઈ, સ્પષ્ટવકતા, પ્રસન્નતાભરી શાંતિ અને સ્વસ્થતા, અવાજમાં માધુર્ય, ચહેરા પર રમતું વાત્સલ્ય અને આંખમાં જ્ઞાનનો પારદર્શક પ્રકાશ જેવા મગનભાઈ, વાઈસ ચાન્સેલર ડૉ.હંસાબહેન મહેતા, ફાધર બેલેગર, સેંટ ઝેવિયર્સ કોલેજના પ્રિન્સીપાલ અને પરમ આત્મીય સ્વજન ફાધર ડિસોઝા, ડૉ.રમણભાઈ પટેલ, ડૉ.અંબાલાલ પટેલ, રસિકભાઈ, ખંડુભાઈ, બાબુભાઈ ઝીઝુવાડિયા, ઈન્દુભાઈ, જમનાદાસ, મણિભાઈ, જી.આઈ.પટેલ, નવજીવનના તંત્રી ઠાકોરભાઈ, તત્કાલીન વડાપ્રધાન અને મુખ્યમંત્રી, મિત્રવર્તુળ, આડોશીપાડોશી, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, રાજકીય નેતાઓ, સહયોગીઓ અને શુભેચ્છકો વગેરે ગૌણપાત્ર દ્વારા કથાનાયક ચિમનભાઈનું સંઘર્ષમય અને કાર્યશીલ વ્યકિતત્વ ઉજાગર થાય છે.

મહાગુજરાતની હડતાલ અને સરઘસ ભર્યું વાતાવરણ લેખકે આલેખ્યું છે. પાકિસ્તાનની સરહદી યુદ્ધની પશ્ચાદ્ભૂમાં અમદાવાદના કોમી રમખાણનું વાતાવરણ, બેંકોના રાષ્ટ્રીકરણનો પ્રશ્ન, રાજકીય ચડાવ–ઉતાર અને નવનિર્માણ આંદોલનના વાતવરણમાં અનેક સંઘર્ષો આલેખાયાં છે. સાચા પાત્રો અને સાચી ઘટનાઓનું આલેખન થયું છે. રાજકીય સૂઝ, દષ્ટિકોણ, ચર્ચાઓ, વર્ણનો, સંવાદો, પ્રસંગોચિત અને પાત્રોચિત ભાષાભિવ્યકિત અને સંસ્મરણો વગેરે બાબતને રસપ્રદ બનાવી છે.ખરેખર, 'સૂર્યપુરુષ' નવલકથા સુવાચ્ય બની છે.

કથાનાયક ચિમનભાઈનું વિરલ અને વિચક્ષણ વ્યકિતત્વને ગાગરમાં સાગરની જેમ સમાવી લેખકે જીવનચરિત્રમૂલક નવલકથા આપી છે. એક રાજકીય નેતાની પ્રશસ્તિ આલેખાઈ છે. જાહેર જીવનના વ્યકિતવિશેષને કથાનાયક બનાવી લેખકે કપરી ભૂમિકા ભજવી છે, માટે ધન્યવાદ! માધવ રામાનુજને!!

।। ૧૩. 'આઠમો રંગ'–હિમાંશી શેલત, ૨૦૦૧ ।।

ચિત્રકાર વાનગૉગના જીવન પર અંગ્રેજીમાં ૧૯૩૪માં 'લસ્ટ ફોર લાઈફ' જીવનચરિત્રમૂલક નવલકથાનું સર્જન થયું. ત્યાર બાદ આટલાં વર્ષે ચિત્રકાર અમૃતા શેરગિલના જીવન આધારિત ગુજરાતીમાં જીવનચરિત્રમૂલક નવલકથા 'આઠમો રંગ' ૨૦૦૧માં લેખિકા હિમાંશી શેલત આલેખી છે. આ નવલકથાના લેખન માટે લેખિકાએ માહિતી એકઠી કરી છે. જેમાં કાર્લખંડવાલા, માતા, બહેન ઈન્દિરા અને હેલન પરના પત્ર, 'ઈન્ડિયા ટુડે' અંક, ઈકબાલસિંગની અમૃતા શેરગિલની જીવનકથા, માર્ગ પબ્લિકેશનના અમૃતા શેરગિલ પરના વિશેષાંકો, જુલાવોયતિલ્લા લિખિત **Amrita Sher-Gil & Hungary**', 'ઈલસ્ટ્રેટેડ વિકલી', 'ફ્રી પેસ જર્નલ', 'સન્ડે મેઈલ'માં પ્રગટ થયેલાં કેટલાક લેખોનો આધાર લઈ જીવનચરિત્રમૂલક નવલકથા આલેખી છે.

નવલકથાની અભિવ્યક્તિ વિશે લેખિકા નોંધે છે કે, ''નવલકથા માટે જરૂરી ઘટનાઓ અને પાત્રરેખાઓ સર્વથા કાલ્પનિક છે. મારું લક્ષ્ય નવલકથા છે. જયા અવકાશ મળ્યો ત્યાં કલ્પનાને વિસ્તરવા દીધી છે. રજૂઆત માટે આત્મકથનાત્મક શૈલી પસંદ કરી છે એનું મુખ્ય કારણ અમૃતાના પાત્રની ભીતર જવાની મારી મથામણ અને ઈચ્છા લેખીશ. અમૃતાની નજરે બધું જોતાં એ રીતે અમૃતામય બની જવાયું કે એની દષ્ટિએ, એની ભાષામાં, એનાં અર્થઘટન અનુસાર જ આ સામગ્રી આવે તો ઠીક થાય એમ પ્રબળપણે લાગ્યું. અલબત્ત, આ પ્રકારની રજૂઆતને મર્યાદાઓ પણ હતી જ. બીજાં બધાં જ પાત્રોને અમૃતાની દષ્ટિએ જોવાની અનિવાર્યતા ઊભી થતાં એમનો વિકાસ આંશિક રહેવાનો હતો, પણ આત્મકથનાત્મક રીતિમાં આત્મીયતા અને ઉત્કટતાનાં લક્ષણો જળવાઈ રહેવાની સંભાવના વિશેષ હતી તેથી અંતે આ સાહસ થવા દીધું.''[૪૮]

એક સ્ત્રી લેખિકા, એક સ્ત્રી કલાકારના જીવન પર જીવનકથામૂલક નવલકથાનું સર્જન કરે એ એક વિરલ ઘટના છે. એક સ્ત્રી બીજી સ્ત્રીના જીવનને આટલી ઉત્કટતાથી આત્મસાત્ કરી આત્મકથનાત્મક શૈલીએ પુનઃસર્જન કરે છે. એ એક વિશિષતા છે.

ચિત્રકાર અમૃતા શેરગિલના જીવન પર આધારિત જીવનકથામૂલક નવલકથા

આઠ પ્રકરણમાં વિભાજિત થયેલ છે. લેખિકા અમૃતાના જીવનની ભીતરી ઈચ્છાઓને પ્રગટ કરવા આત્મકથનાત્મક શૈલી પસંદ કરે છે. આથી અમૃતાના મુખે એમના જીવનના મહત્તમ પ્રસંગો કહેવાઈ છે. અમૃતા જીવનનો 'આઠમો રંગ' શીર્ષક વિશે નવલકથાના આરંભમાં જ સંકેત કરે છે. 'આજે વળી કલ્પનામાં ખીલેલાં નાર્સિસસ ચીતર્યાં અને એમાં વળી ભલભલા રંગો વાપર્યા. એક રંગ મારી આંખોના રંગને મળતો આવે છે કદાચ. આસમાની, બદામી અને કાળા રંગનું મિશ્રણ. થાય ને કોઈ અનામી, અજબ રંગ '(પૃ.૩)

આમ નવલકથાના પ્રારંભમાં કથાનાયિકાને નાર્સિસસનાં ફૂલો ચીતરવાનું મન થઈ આવે છે. આ ચિત્રમાં આસમાની, બદામી અને કાળાંરંગનું મિશ્રણ કરે છે. ને કોઈ અનામી અજબરંગ ઊપસી આવ્યો. એ રંગ એટલે નાયિકાના જીવનનો આઠમો રંગ.

ચિત્રકળામાં ગળાડૂબ થયેલી કથાનાયિકા માનસિક રીતે કશાક કારણોસર વ્યથિત થતી હોય એમ જણાવે છે. 'મારી રંગોની તરસ મને હંમેશા પેલા સપ્તરંગી મેઘધનુષ પાસે લઈ જતી હોય છે, પણ આવા સમયે હું ઘેરાયેલી રહું છું આઠમાં રંગથી. એ આઠમો રંગ પેલી ઉદાસીનો, વિષાદનો અને કંટાળાનો ભૂખરો–રાખોડી રંગ. આસપાસની કોઈ વાતમાં મને આ દિવસોમાં રસ પડતો નથી. ખાલીખમ લાગે એ તો ઠીક, હું પોતેય જાણે એક ખાલીખોખું હોઉં એમ લાગ્યા કરે. આવનાર સમયનો ડર લાગે છે.'(પૃ.૧૨૯)

આ ઉપરોક્ત ઉદ્ગારો છે કથાનાયિકા અમૃતાના. કથાનાયિકાના જીવનમાં અનામી, અજબ રંગોનું મિલન છે. તો બીજી બાજુ ઉદાસી, વિષાદ અને કંટાળો અનુભવે છે, ખાલીપો અનુભવે છે. એ માટે આવનારા સમયનો ડર લાગે છે. આ નાયિકાના જીવનમાં આઠમો રંગ કઈ રીતે પ્રવેશ્યો? એવો સહજ પ્રશ્ન ઉદ્ભવે છે.

મહારાજા રણજિતસિંહની પૌત્રી પ્રિન્સેસ બામ્બા એક યુરોપયાત્રા દરમિયાન એક હંગેરિયન મહિલા મેરી ઍન્ર્તાનિયેતને મળેલી. એ મહિલાને ભારત લઈ આવેલા. તે મહિલા સિમલાના રૂપાળા જાગીદાર શીખ સરદાર ઉમરાવસિંઘ શેરગીલના પ્રેમમાં પડયા ને પરણી ગયાં. પછી બન્ને હંગેરીના બુડાપેસ્ટ જઈ વસ્યાં. અહીં અમૃતાનો જન્મ ૧૯૧૩માં થયો. ૧૯૧૪માં બુડાપેસ્ટ છોડી હંગેરીના એક નાનકડા ગામ દુનાહારસ્તીમાં રહેવા ગયાં.

કથાનાયિકા અમૃતાને આ વર્ષો દરમિયાન રમકડાંના ચિત્રો દોરવાની કોશિશ

કરતી જોઈને મમ્મા રંગીન પેન્સિલ અને કાગળનો જથ્થો લાવી આપે છે. રાતે મમ્મા પરીકથાઓ અને લોકવાર્તાઓ કહેતી અને હું એના આધારે ચિત્રો કાગળ પર આલેખતી. આ શેરગીલ પરિવાર ૧૯૨૧માં બુડાપેસ્ટ છોડી સિમલા આવી વસ્યો. અહીં સિમલામાં મમ્માએ પિયાનો અને વાયોલિન શિખવાડયું. ચિત્રશિક્ષક મેજર વ્હીટ માર્શ પાસેથી થોડાંક સમય અમૃતાએ ચિત્રકલાના પ્રથમ પાઠ શીખ્યા. જયાં સુધી આબેહૂબ તાદશ ચિત્ર ન થાય ત્યાં સુધી વારંવાર ચિતરાવતા હોવાથી અમૃતા ત્રાસી ગઈ. એટલે નવા ગુરુ શોધ્યા ચિત્રકાર પૅટમાન. આ પૅટમાન મમ્માને કહેતા કે અમૃતાને પારીસ મોકલો.

બૌદ્ધ તત્ત્વજ્ઞાની મામા અરવિન બખ્તાયે પાપા–મમાને કહ્યું. ‘અમરી નાઉ મસ્ટ ગો ટુ પારીસ’ સોળ વર્ષની ઉંમરે પારીસ આવે છે. પેરિસની ખ્યાતનામ કલાશાળામાં પ્રવેશ લીધો. આ વરસો દરમ્યાન જુદી જુદી જગ્યાએ ચિત્રપ્રદર્શન નીહાળે છે, યોજે છે અને દોરે છે. પારીસમાં ચિત્રકળાની તાલીમમાં ‘યંગ ગર્લ્સ’ ચિત્ર દોરાયું. આ પછી નાર્સિસસ ફુલોનું સેલ્ફ–પૉર્ટ્રેઈટ, ફ્રૂટ વેન્ડર્સ, ગ્રાન્ડ સલૉ, ધ લિટલ અનટચેબલ્સ અને બ્રહ્મચારીઓ વગેરે દોર્યા. પણ એમાં ‘યંગ ગર્લ્સ’ ને સુવર્ણચંદ્રક મળ્યો હતો.

અમૃતા ૧૯૩૫માં ફરી સિમલા આવે છે. અહીં તેમણે ઉત્તમ તૈલચિત્રો સજર્યા. તેમાં ભારતની ગરીબીને નિરૂપતાં ચિત્રો મધર ઈન્ડિયા, ધ સન ફલાવર અને ધ બેગર્સ દોર્યા. ‘થ્રી ગર્લ્સ’માં ત્રણ સહેલીઓને આલેખતું ચિત્ર સર્જયું. એમાં કોઈ પણ જાતનાં ઘરેણાં અને ભારે પોશાકોના ઠાઠ વિના માનવીઓના વાસ્તવિક ચહેરા આલેખવાની પહેલ કરનાર એ પ્રથમ આધુનિક ભારતીય ચિત્રકાર બન્યા. એ પછી ‘હીલમેન’ અને ‘હીલવીમેન’ એ બંને ગ્રામીણ ભારતીયોનું આબેહૂબ દર્શન કરાવતી ચિત્રકૃતિઓ સર્જી. ૧૯૩૮માં અમૃતા પહેલીવાર મુંબઈ જાય છે. ત્યાં ભારતીય કલાના વિશ્વવિખ્યાત કલા–ઈતિહાસકાર કાર્લ ખંડાલાવાલાને મળ્યા. તેમને અમૃતાના વ્યકિતત્વમાં ખૂબ જ રસ પડયો. એ તુરંત જ અમૃતાની કલાના આશક અને પ્રચારક બની ગયા.

કથાનાયિકા અમૃતાએ આ પછી માસ્ટરપીસ ચીતર્યા. ધ બ્રાઈડઝ ટૉઈલેટ, સાઉથ ઈન્ડિયન વિલેજર્સ, ગોઈંગ ટુ માર્કેટ, ધ સ્ટોરી–લેટર, કાકાનું પૉર્ટ્રેઈટ, સાવકા ભાઈ વિવેકસિંહનું પૉર્ટ્રેઈટ, ગર્લ ઈન બ્લ્યુ, માલ્કમનું પૉર્ટ્રેઈટ, હાથીઓનું ચિત્ર, ત્રણ ગાડાંઓનું

ચિત્ર, ઈન ધ લેડીઝ એનકલોઝર, હંગેરિયન માર્કેટ પ્લેસ, ટુ ગર્લ્સ, જોજીનું ચિત્ર, યુસુફનું પૉર્ટ્રેઈટ, નાનીમાનું પૉર્ટ્રેઈટ, રેસ્ટિન–ચાર સ્ત્રીઓ અને એક નાનકડી છોકરી, એન્શિયન્ટ સ્ટોરી–ટેલર, ધ સ્વિંગ, ગણેશપૂજા, ઊંટોનું ચિત્ર–આ બધા ચિત્ર ઓગણત્રીસ વરસના અલ્પ આયુમાં પોતીકી ચિત્રશૈલીથી દોર્યાં છે.

આ ચિત્રો ઉપરાંત અમૃતાએ ચિત્રકાર અને ભાવક વચ્ચેનો સંબંધ, ભારતીય અને પારીસની શૈલીમાં ભિન્નતા દર્શાવી ભારતીય શૈલીની નવીનતમ દિશાઓ ઉઘાડી આપી છે. કથાનાયિકાની ઉત્કટ ઝંખના એના જ શબ્દોમાં વ્યકત થાય છે. ‘મારે તો શોધવી હતી મારી પોતાની શૈલી અને બાંધવો હતો ઉષ્માભર્યો સંબંધ રંગો સાથે.’

આમ ચિત્રકળામાં નિપુણતા પામ્યા પછી પણ નાયિકા કાંઈક ખાલીખમ હોવાનો અહેસાસ અનુભવે છે. ભીતરમાં પડેલા સૂનકારને લીધે વિષાદની લાગણીઓ મનમાં જન્મે છે. સરાયામાં સ્થિર થઈ શકાયું નહિ. સરાયાના ગ્રામીણ વાતાવરણમાં બૌદ્ધિકોનો અભાવ સાલવા માંડયો. લાહોરમાં વસવાટ કરવાનું નકકી થયું. અહીં પ્રસૂતિ દરમિયાન ઊભી થયેલી ગરબડને કારણે અમૃતા માત્ર ઓગણત્રીસ વરસની કુમળી વયે મૃત્યુ પામી. આમ લેખિકાએ અમૃતાના ઓગણત્રીસ વર્ષના જીવનની સુરેખ રેખાઓ દોરી આપી છે.

કથાનાયિકા અમૃતા અત્યંત નાની વયે મૃત્યુ પામી છતાં આધુનિક ભારતીય કલા અને ખાસ કરીને સ્વાતંત્ર્યોત્તર ભારતીય કલા ઉપર ઊંડો પ્રભાવ પાડયો છે. આ અમૃતાના ચિત્રો ભારતીય કલાકારોને માર્ગ ચીંધે છે. આમ ઓગણત્રીસ વર્ષની અલ્પઆયુમાં નાયિકાને જીવનમાં કયાંયે યાયાવરની જેમ સ્થિર થઈ બેસવાનું ભાગ્યમાં લખાયું જ નથી.

કથાનાયિકાના સ્વતંત્ર વિચારો ધરાવે છે. કલાકારનું સ્વાભિમાન એના જીવનમાં છે. આ સ્વતંત્રતા કયારેક જાતીય સંબંધોમાં પરિણમે છે, ત્યારે જુદું જ ભાવવિશ્વ રચાઈ છે. પુરુષમિત્રો સાથે બેધડક હરવું–ફરવું, સંબંધો વધારતા જવું અને કોઈ ટીકા–ટીપ્પણી કરે તો એને ગણકારવું નહિં. પાપા–મમ્માની જાતીય સ્ખલનો પ્રત્યેની નારાજગી વરતાઈ આવે છે. શારીરિક નબળાઈઓ વર્ણવતાં નાયિકા ક્ષોભ અનુભવતી નથી. એના જીવનમાં જે કાંઈ બન્યું તે રજેરજ છૂપાવ્યાં વિના એ સ્ફૂટ કરતી રહે છે.

કથાનાયિકાનો પ્રથમ પરિચય ઈન્ગ્લસ્તાન સાથે થાય છે. ઈન્ગ્લસ્તાન જાણે

નાયિકાને પરણવાનો જ હોય તેમ હકદાવો કર્યે જતો હતો. પણ નાયિકા આવા અધ્ધર અને અસ્થિર એવા છોકરા જોડે લગ્ન કરવાના મતની ન હતી. ત્યાર પછી યુસુફ સાથેનો પરિચય એને કામોત્તેજક હદ સુધી લઈ જાઈ છે. યુસુફથી એને ગર્ભ રહી જાય છે. એ ગર્ભપાત એની માસીનો છોકરો વિકટર કરે છે. આથી અમૃતા ખૂબસૂરત હંગેરિયન યુવક અને માસીના દીકરા વિકટરના પ્રેમમાં પડે છે. માતા પિતાની નાપસંદ હોવા છતાં તે યુવકને હંગેરી જઈ પરણી જાય છે. એડીથ સાથેના સજાતીય સંબંધોમાં નાયિકા કાંઈક વધુ નિખાલસ લાગે છે. આ ઉપરાંત સરોજિની નાયડુ, જવાહરલાલ નહેરુ, પંજાબના નાણાંમંત્રી અને નવાબ સાલર જંગ વગેરેનો પરિચય નાયિકાની વર્તમાન ક્ષણોને જીવંત રાખવામાં સહાયક બને છે.

કથાનાયિકા અમૃતાનો યુસુફ સાથેનો દેહાકર્ષણનો સંબંધ, મમ્મા–પાપાની ઉપેક્ષા, ઈન્દુ સાથેનો ઝઘડો, લૂઈ અને ઍડીથ સાથે સજાતીય સંબંધો, માલ્કમ સાથેનો પ્રણય અને વિરહ, વૉલ્ટર પ્રત્યેનો આદરભાવ, માસીના દીકરા વિકટરને લઈ ગર્ભપાત કરનાર અને એની સાથે લગ્ન, ખરું સેલ્ફ પૉર્ટ્રેઈટ કરવાની આકાંક્ષાની વેદના, તોળાતું યુદ્ધ, મૃત્યુનો ઓથાર, ઉદાસીનતાનો રંગ અને મનઃસ્થિતિનું સચોટ નિરૂપણ દ્વારા હિમાંશી શેલતે જીવનસંવેદનો સુપેરે નિરૂપ્યાં છે. કલ્પનાના નાર્સિસસના રંગોથી માંડી ઉદાસીના આઠમાં રંગ સુધીનું એક સુંદર વર્તુળ આલેખ્યું છે.

પંજાબના શીખ મહારાજા રણજિતસિંહના માનીતા અત્તારસિંહના બહાદુર દીકરા સૂરતસિંહના સુપુત્ર ઉમરાવસિંહ અને હંગેરિયન માતા મારીએ આન્તોઈનેત્તેની પુત્રી, ભારતની મૂર્ધન્ય ચિત્રકાર અને 'આઠમો રંગ' જીવનચરિત્રમૂલક નવલકથાની કથાનાયિકા અમૃતા શેરગિલનો બાહ્ય દેખાવ હતો. ગૉલ્ડન બોર્ડરવાળી ઘેરા રંગની સાડી, કાનમાં તિબેટિયન કુંડળ, લિપસ્ટિક લગાડેલા હોઠ અને સેન્ડલ...આવી ઠાઠમાઠવાળી અમૃતાનું લેખિકાએ સેલ્ફ પૉટ્રેઈટ દોરવા પ્રયત્ન કર્યો છે.

આમ કથાનાયિકાની ઉષ્માભરી ચમકતી આંખો અને જીવનને ચાહતું ઉલ્લાસ ભર્યું હાસ્ય જોવા મળે છે. છલકતો આત્મવિશ્વાસ, પ્રતિભાસંપન્ન, મેધાવી, સ્પષ્ટવકતા, પારદર્શક, સંવેદનશીલ, નિખાલસ, પ્રામાણિક, સ્વચ્છંદી, વિદ્રોહી, પ્રણાલિકાભંજક, કદરતલખું, જીવનરસથી તરબતર, ઉદાસીન–વિષાદગસ્ત, ચિત્રશૈલી પ્રત્યે ઝંખના, વિન્સેન્ટ,

ગૉગાં અને સેઝાંના ચિત્રનો આદર્શ, વિષાદને ભેટી જીવવાની આદત, પેરીસ અને ભારતમાં ચિત્રસાધના, ભારતીય ચિત્રકલા અને ભારત આગમન પ્રત્યેનું આકર્ષણ, સ્ત્રી ચિત્રકાર તરીકે જન્મતી અંતરવેદના, તીવ્રપ્રત્યાઘાત અને સંવેદનીય ક્ષણોનું સુંદર આલેખન દ્વારા કથાનાયિકા અમૃતાના વ્યકિતત્વનો સુપેરે પરિચય નવલકથામાં થાય છે.

અમૃતાનું માત્ર ઓગણત્રીસ વર્ષની નાની વયે અવસાન થયું. અમૃતા વિશે માલ્કમ કહેતા. 'અમૃતાની જિંદાદિલી ઉછીની મળે તો માણવા જેવી છે!' નાની બહેન ઈન્દુ માનતી કે, 'અમરી જયાં જાય ત્યાં ઝળાંહળાં અને ઉલ્લાસ.' આમ એક ચિત્રસાધક નારીનું દેદીપ્યમાન વ્યકિતત્વ નવલકથામાં આકાર પામતું જાય છે.

કથાનાયિકાના વ્યકિતત્વને ઘડતાં ગૌણપાત્રો મમ્મા–પાપા, મામા, બહેન ઈન્દુ, બહેનપણી લૂઈ, એડીથ અને હેલન, ચિત્રશિક્ષક મેજર વ્હીટ માર્શ અને પૅટમાન, કલાવિવેચક કાર્લ ખંડાલાવાલા, કલાગુરુ પ્રોફેસર સિમૉ, ઈર્ષાળું ઈન્ગસ્તાદ, સરોજિની નાયડુ, જોજી, વરદા ઉકીલ, જવાહરલાલ નહેરુ, પ્રતિભાસંપન્ન વૉલ્ટર કૉલીન્સ, ઈકબાલસિંગ, માલ્કમ, યુસુફ, મિસીસ અબ્દુલ કાદરી, મસિયાઈ ભાઈ–પતિ વિકટર વગેરે નવલકથામાં જીવંતરૂપે આવે છે.

'આઠમો રંગ' નવલકથાનું આત્મકથાત્મક શૈલી દ્વારા નિરૂપણ થયું છે. અમૃતાના પ્રકૃતિગત અને પાત્રોચિત તીખી જુબાન આલેખી છે. વેધક, વિનોદ અને વ્યંગના સ્પર્શવાળી ઓછામાં ઓછા અલંકરણ અને નિરાડંબરી શૈલી લેખિકાએ આલેખી છે. તો વર્ણનાત્મક અને ચિત્રાત્મક આલેખનો તથા લેખિકાનો અંગ્રેજી ભાષાભિવ્યકિતનો પ્રભાવ નવલકથામાં પડયો છે. કથામાં ઠેર ઠેર નાયિકાના આંતર મનમાં ઊભી થતી ચિંતનકણિકાઓ સાચે જ ધ્યાનપાત્ર છે. ચિત્રકલાક્ષેત્રે સ્ત્રી–પુરુષ વચ્ચેની ભેદરેખા પણ લેખિકાએ દોરી આપી છે. ગર્ભપાત થયેલી બાળકી સંદર્ભે ઊભી થયેલી માતૃત્વની લાગણીઓ આલેખી છે.આ બધુ સુપેરે નવલકથામાં ઉઠાવ પામ્યું છે.

રાધેશ્યામ શર્મા નોંધે છે કે, ''પોતાના રેખાંકનો સાથે હિમાંશી શેલતે પહેલી નવલકથા 'આઠમો રંગ' કળાકાર 'અમૃતા શેરગિલના જીવન પર આધારિત' એવી સ્પષ્ટતા સાથે મૂકી તે પછી એના વિશે જેટલી આલોચના થઈ તે એમની વાર્તાઓ કરતાં અતિઅલ્પ થઈ.

કોઈના જીવનચરિત્રને આધારે નવલકથા આલેખવી તે એક સાહસ મનાયું છે. લેખિકાએ સાહસ માટે કેફિયત આપવી યોગ્ય માની પૂર્વોકત સ્પષ્ટતા કે કેફિયત વગર જ નવલ બહાર મૂકી હોત તો કદાચ પરિણામ જુદું આવત. સિદ્ધહસ્ત ગણાયેલા વાર્તા લેખિકાના પ્રથમ નવલ–પ્રયાસને વધુ યોગ્ય અવલોકન, વિવેચન સાંપડત. પ્રિય પ્રતિ–રૂપ જેવી અમૃતાને શબ્દાંજલિ અર્પવા, શેરગિલ–સ્મૃતિને તરોતાજા રાખવા લેખિકાએ નવલ લખવાનું સાહસ કર્યું. 'હિસ્ટરી ઓફ આર્ટ' ને બદલે 'હર સ્ટોરી' આલેખી જીવનનાયિકાના સપ્તરંગી ઈન્દ્ર ધનુષ્યો ઉપરાંત એક દષ્ટિએ 'આઠમો રંગ' લેખિકાના હૃદયનો ગણી શકાય. અમૃતાના ચરિત્રની ક્રમબદ્ધ કારકિર્દીની આંગળી ઝાલીને જ ચાલવું પડે એટલે કલ્પનાની ઉડાન માટેનો અવકાશ સ્વાભાવિકપણે અવરોધાય. વળી આત્મકથનાત્મક શૈલીની વરણીએ પરકાયા પ્રવેશની સુવિધા દીધી પણ બીજો પાત્રોનાં સંકુલ મનઃસંચલનોને મૂર્ત કરવાની બારી લગભગ બંધ થઈ ગઈ. લેખિકા અમૃતામયી બની રહ્યાં બેશક, એનો એક ગેરલાભ એ કે તટસ્થ નિરૂપણ ઓછું ઊતરે, નાયિકાના પ્રોટેગોનિસ્ટ કે બચાવકર્તા વકીલ જાણ્યે અજાણ્યે થઈ રહેવાથી નાયિકાનાં પ્રત્યેક કાર્યો અને નાની મોટી ચેષ્ટાઓ ગમે તે રીતે–ભાતે સમર્થન પામ્યા કરે. જીવન અને જગતનું, પાત્રો અને પ્રસંગોનું અર્થઘટન અને અનુવર્તી આલેખન વસ્તુલક્ષી વિધિથી જોઈએ તેવું ના થાય, આવી મર્યાદાઓ પ્રત્યેની જરૂરી સભાનતા અહીં છે અને એનો કળાકીય લાભ કેટલાંક સ્થાનોએ મળ્યો છે છતાં આવું સામગ્રીલક્ષી સીમાંકન મુકત સ્વરૂપના કલ્પોનોત્થ પરિણામના આદર્શને ભાગ્યે જ પહોંચી શકે. કેટલુંક ખરેખર રસપ્રદ બની આવ્યું એની ટૂંકમાં વાત કરીએ. ચુંબકીય નારીત્વથી ધ્યાનાર્હ બનેલી, પંચેન્દ્રિયથી જીવનરસ પી જવા તત્પર, પારદર્શક વાણી વર્તનથી અપ્રિય થવાની બીક વિનાની નાયિકાના આઠમાં રંગનો વિષાદ ભાવકમાં સક્રાન્ત કરવામાં હિમાંશીનું સાહસ ઘણે અંશે સફળ થયું છે. પૂર્ણ અંશે એટલા માટે નહીં કે નવલનું ભાષાકીય સ્તર અકબંધ લેખિકાના લયલહેકામાં જ સર્વત્ર પ્રવર્ત્યું છે.''[૪૯]

'ગ્રંથવિમર્શ'માં મોહન પરમાર નોંધે છે કે, ''આ નવલકથા અમૃતા શેરગિલના જીવન પર આધારિત છે. એટલે એ તો સ્પષ્ટ જ છે કે અમૃતાના જીવનમાં બનેલી મહત્ત્વની ઘટનાઓ એમાં સમાવેશ થાય પણ આ ઘટનાઓનું સ્પર્શક્ષમ નિરૂપણ બધી જગ્યાએ થયું છે એમ કહી શકાશે નહિ. કેમકે લેખિકાએ કયાંક તો સાવ સપાટ ભાષામાં સીધેસીધાં

વિધાનો દ્વારા કથાને વિહરવા દીધી છે. એટલે એમ પણ કહી શકાય કે અમૃતાના જીવનનું આ સેલ્ફ પૉટ્રઈટ ખરું...પણ એના રંગો વિખરાયેલા છે, એનું સૂક્ષ્મસ્તરે મિશ્રણ કે નકશીકામ થયું હોત તો વાત જ કાંઈક જુદી બનત.''[૫૦]

આધુનિક ભારતીય મહિલા ચિત્રકાર અમૃતા અત્યંત નાની ઉંમરે ઉત્કૃષ્ટ ચિત્ર સર્જન કરી છે. આ ચિત્રકલાનો અનુગામીઓ પર જબરદસ્ત પ્રભાવ પાડયો છે. ને પડતો રહેશે જ. ખરેખર અમૃતાની ચિત્રસાધના જાણવા અને માણવા આ નવલકથા અવશ્ય વાચવી જરૂરી છે.

।। ૧૪. 'પ્રતિનાયક'–દિનકર જોષી, ૨૦૦૨ ।।

ગાંધીજી એમના જીવનમાં બે વ્યકિતઓને કદી સમજાવી શકયા નહોતા. તેમાં એક, પોતાના જયેષ્ઠ પુત્ર હરિલાલ ગાંધી. એમના જીવન પર ૧૯૮૮માં 'પ્રકાશનો પડછાયો' જીવનચરિત્રમૂલક નવલકથા દિનકર જોષીએ આપી છે. તો બીજી, વ્યકિત મહમદઅલી ઝીણા. એમના જીવનકાર્ય પર ૨૦૦૨માં 'પ્રતિનાયક' જીવનચરિત્રાત્મક નવલકથા દિનકર જોષીએ આપી છે. આ નવલકથાના સર્જન માટે લેખકે તેતાલીસ પુસ્તકોનો અભ્યાસ કર્યો અને બાર ગ્રંથાલયોનો સહયોગ મળ્યો હતો. એના આધારે સર્જકે પંચોત્તેર પ્રકરણો અને છ સો આઠ પૃષ્ઠની દળદાર નવલકથા આલેખી છે. જેમાં કાયદે આઝમ મહમદઅલી ઝીણાના જીવનની સિદ્ધિ અને મર્યાદાઓ આલેખી છે.

મહમદઅલી ઝીણા મુંબઈ નગરીના મ્યુનિસિપલ કોર્પોરેશનના કાનૂની સલાહકાર, દાદાભાઈ નવરોજીના અંગત મંત્રી, કેન્દ્રીય ધારાસભાના સભ્ય, લખનૌના વાર્ષિક અધિવેશના પ્રમુખ, હોમરૂલ લીગની મુંબઈ શાળાના પ્રમુખ, 'સીધાં પગલાં દિન' **(Direct Action Day)**ની જાહેરાત કરનાર, મુસ્લિમ લીગના પ્રમુખ અને પાકિસ્તાનના નિર્માતા કાયદે આઝમ મહમદઅલી ઝીણા હતા. આવા મહમદઅલી ઝીણાના જીવન પર દિનકર જાષીએ 'પ્રતિનાયક' જીવનચરિત્રમૂલક નવલકથા આલેખી છે.

ભારતના જ એક અંગ જેવા પાડોશી દેશ પાકિસ્તાનના રાષ્ટ્રપિતા–બાબા એ–મિલ્લત મહમદઅલી ઝીણા હતા. છતાં અનેક આત્યંતિક વિવાદો ધરાવતા હતા.એમને માટે ભરપૂર અણગમો અને તિરસ્કાર જ પ્રવર્તે છે. અનેક પરસ્પર વિરોધી વાતો ચરિત્રકારોએ આલેખી છે. છતા દિનકર જોષીએ તેતાલીસ જેટલા પુસ્તકોનો આધાર લઈ નવલકથાના આલેખનમાં વધુમાં વધુ શ્રદ્ધેય લાગ્યું એનો સ્વીકાર કરી, પ્રતિનાયક મહમદઅલી ઝીણાના સમગ્ર વ્યકિતત્વને લક્ષમાં રાખી જીવનચરિત્રમૂલક નવલકથા આલેખી છે.

લેખક 'તથ્યથી સત્ય સુધી' આમુખમાં નોંધે છે કે, ''આ એક નવલકથા છે. નવલકથાના નાયક તરીકે દુર્ભાગ્યે ઝીણા પાસે કોઈ પારિવારિક કે અંગત જીવન કહેવાય એવું ઝાઝું છે જ નહીં. વ્યાવસાયિક તથા રાજકીય પ્રવૃત્તિઓ–આ બે જ ઝીણાના જીવનના કેન્દ્રસ્થાને

રહ્યાં છે. એમાંય વ્યવસાયને પણ એમણે પોતાની રાજકીય કારકિર્દી માટે ગૌણ સ્થાને મૂકયો છે. આમ હોવાથી આપણે જયારે ઝીણાના જીવનને કેન્દ્રમાં રાખી નવલકથાનું આલેખન કરીએ ત્યારે એમના અછડતા અંગત જીવન ઉપર તત્કાલીન રાજકારણ અને ઈતિહાસનો પ્રવાહ પથરાઈ જાય એ સહજ છે. આ કારણે આમાં જે કંઈ ઘટનાઓ વણી લેવામાં આવી છે એ મુખ્યત્વે ૧૮૫૭થી ૧૯૪૮ સુધીના ગાળાને આવરી લે છે. આ વૃત્તાંતોમાં જો કાલ્પનિક ઘટનાઓ બને એટલી રોકવી હોય, તો એનું આલેખન ઐતિહાસિક તથ્યોની મર્યાદામાં રહીને જ કરવું જોઈએ.''[૫૧]

સર્જક દિનકર જોષી 'પ્રતિનાયક' વિશે પ્રસ્તાવનામાં નોંધે છે કે, ''ઝીણાના જીવન વિશે જો અભ્યાસપૂર્ણ, તટસ્થ અને પારદર્શક વાતો કરવી હશે તો આ બધું જ લક્ષમાં લેવું પડશે. હવે પછીનાં પૃષ્ઠોમાં એકત્વ સાધીને જે આલેખન થયું છે એ રસાયણશાસ્ત્રની પરિભાષામાં સંયોજન છે, સંમિશ્રણ નહિ. સત્ય અને તથ્ય વચ્ચે જયારે ચયન કરવાની સમસ્યા ઊભી થઈ છે ત્યારે સત્યને સર્વોપરી માન્યું છે અને તથ્યને સત્યના પ્રકાશની પાછળ મૂકયું છે. ઈતિહાસને અપેક્ષિત છે તથ્યો. કલાકૃતિને–ખાસ કરીને નવલકથાને–અપેક્ષિત છે સત્યો. તથ્ય અને સત્ય સમાનાર્થી શબ્દ નથી. જયાં ઈતિહાસની વાત કરી છે ત્યાં તથ્યની વફાદારી અગ્રસ્થાને રાખી છે, પણ જયાં માણસની વાત કરી છે ત્યાં સ્વાભાવિક છે કે સત્ય જ સર્વોપરી રહે. આ સૂક્ષ્મ ભેદરેખા સહૃદયોએ સમજવી રહી. એક નવલકથાકાર તરીકે જયાં અને જેટલી છૂટ લઈ શકાય ત્યાં અને તેટલી છૂટ પણ લીધી છે એનો હું સ્વીકાર કરું છું. દસ્તાવેજી પુરાવાઓને આધારે જો કોઈ ઈતિહાસકાર એમ કહે કે અમુક ઘટના આ સાલના આ મહિનામાં બની હતી, પણ આ નવલકથામાં સમય વ્યતિક્રમીને આગળ કે પાછળ મૂકી છે તો આ પંડિત સાચા છે અને મારે એમની સામે કોઈ વિવાદ નથી. અમુક સંવાદ અહીં નહીં પણ ત્યાં થયો છે એવું જો કોઈ શોધી કાઢે તો એમની સત્યશોધક વૃત્તિને પણ હું દાદ આપું. નવલકથાના કલાસ્વરૂપને લક્ષમાં રાખીને પણ ઘટનાઓ તથા સાતત્યને સહેજ પણ ઉવેખ્યા વિના આવી છૂટછાટો પણ મેં લીધી છે.''[૫૨]

'પ્રતિનાયક' નવલકથાનો ઉપાડ ફલેશ બેક પધ્ધતિથી વીસમી સદીના મધ્યાહ્નથી થાય છે. બલૂચિસ્તાનની રાજધાની કવેટાથી સિત્તેર કિલોમીટર દૂર ઝિયારત નામનું રમણીય

હિલસ્ટેશન આવેલું છે, ત્યાં પાકિસ્તાની લશ્કરના અત્યંત નિષ્ણાત ડૉક્ટર ઈલાહ બક્ષ અને ફ્રેંચ મહિલા નર્સ ડનહામ સેવા આપે છે. એ સ્થળે પાકિસ્તાનના ગવર્નર જનરલ અને કાયદે આઝમ મહમદઅલી ઝીણા પૂંજા વાલજી ઠકકર નામનો દર્દી મૃત્યુ સામે છેલ્લી લડાઈ લડી રહ્યો છે. બહેન ફાતીમા ચાર દાયકાથી મોટાભાઈનો પડછાયો બની સંભાળ લેતી હતી. ત્યારે પાકિસ્તાનના વડાપ્રધાન વઝીરે આઝમ લિયાકતઅલીખાન માંદગીના બિછાને પડેલા ઝીણાની મુલાકાત લેવા આવેલા ત્યારે ઝીણાએ પોતાના સ્વપ્નનું પાકિસ્તાન વિશે કહ્યું. 'મારા ખ્વાબનું પાકિસ્તાન, તમે જે રીતે મુલ્લાં–મૌલવીઓથી ઘેરાઈને કામકાજ કરો છો એનાથી રચી શકાય નહિ. મારું પાકિસ્તાન મૉડર્ન પાકિસ્તાન હોઈ શકે, મધ્યયુગીન નહિ. મેં તમને આવા મૉડર્ન પાકિસ્તાનના નિર્માણ માટે વઝીરે આઝમ બનાવ્યા હતા.'(પૃ.૪૩)

પ્રતિનાયક ઝીણા સન્નિપાતની અવસ્થામાં જીવનનું અધુરું સ્વપ્ન અંત ઘડીએ બોલી રહ્યા છે. 'કાશ્મીર વિના પાકિસ્તાન અધૂરું છે. લિયાકતે મુલ્લાં–મૌલવીઓનું પાકિસ્તાન બનાવવા માંડયું છે. હું એ નહિ થવા દઉં...'(પૃ.૫૧)

આમ ગવર્નર જનરલ અને બાબા–એ–મિલ્લત કાયદે આઝમ મહમદઅલી ઝીણાની તબિયત વધારે ગંભીર જણાતા કરાંચી લાવવામાં આવે છે. ત્યાં સુધીના પાંચ પ્રકરણોમાં સર્જકે ઝીણાના જીવનના અંતિમ તબકકાને **Flash back** રૂપે આલેખી એમના જીવનનો કૌટુંબિક, વ્યવસાયિક અને રાજકીય ઈતિહાસ આલેખે છે.

હિંદુસ્તાનના પશ્ચિમ કાંઠે કાઠિયાવાડ તરીકે ઓળખાતા પ્રદેશમાં ઓગણીસમી સદીને અધવચ્ચે બસ્સો જેટલાં રાજવીઓ પોતપોતાના પ્રદેશ બાંધીને રાજ કરતા હતાં. ત્યારે રાજકોટ રાજવીના સીમાડાંમાં આવેલું પાંચસોએક માણસની વસતી ધરાવતું પાનેલી ગામમાં પૂંજા વાલજી ઠકકરનો પરિવાર વસતો હતો. લોહાણા પરંપરા મુજબ પૂંજાનું કુટુંબ વૈષ્ણવધર્મી હતું. પણ પૂંજાએ સૂકી માછલીઓનો ધંધો શરૂ કર્યો એટલે ગામના મોટા ભાગના સવર્ણ હિંદુઓનું નાકનું ટેરવું ચડી ગયું. પણ પૂંજો વટીલો હતો. ધંધો શરૂ રાખે છે. ત્યારે લોહાણામાંથી વટલાઈને ખોજા બનેલા આદમજી મળી જાય છે. તે પૂંજાને રાજકોટ પધારતા નામદાર આગાખાન સાહેબ પાસે લઈ જઈ પાક પરવરદિગારનો બંદો ઈસ્માઈલી ખોજો બનાવે છે.

પૂંજાનો મોટો પુત્ર ગાંગજી અને વચેટ દીકરો નથ્થુ પાનેલીમાં ભણીને બાપાના ધંધામાં જોડાઈ ગયા હતાં. જયારે સૌથી નાનો પુત્ર ઝીણિયો માયકાંગલો હતો. એટલે ફોઈબા એ હસતાં હસતાં એમનું નામ ઝીણો રાખ્યું. આ ઝીણાભાઈને આદમજીના કાકા કરાંચી ધંધો કરતાં હતાં ત્યાં મોકલવામાં આવે છે. બે ત્રણ વરસમાં જ ઝીણિયાએ ‘મેસર્સ પૂંજા વાલજી ઠકકરની કંપની’ના નામથી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો.

ઝીણાભાઈ આ દીકરાને લાડથી મામદ કહેતાં હતાં. આ મામદને મદરેસામાં મઝહબી શિક્ષણ લેવા બેસાડયો ત્યાર પછી કિશ્ચિયન મિશન હાઈસ્કૂલમાં બેસાડયો હતો. એ દરમિયાન પૂંજા વાલજી ઠકકરની પેઢી આસપાસના પ્રદેશમાં રૂ, અનાજ અને કપાસિયાની લેવડદેવડ કરવા ઊંચી ઓલાદના અશ્વો લઈને જતા. દીકરો મામદને પણ ઘોડેસવારી વધારે પ્રિય હતી. કિશોર મામદ ઘોડાઓથી જરાય ડર્યા વિના બેધડક સવારી કરતો. દૂબળા પાતળા લાગતા એ કિશોરનું સંકલ્પબળ એવું હતું કે ઘોડાની સવારી કરવામાં એ પાછો પડતો નહિ.

મામદ મદરેસામાં કે ખ્રિસ્તી શાળામાં ન ભણ્યો. મેટ્રિકની પરીક્ષામાં નિષ્ફળ નીવડયો. એટલે ઝીણાભાઈએ લંડનમાં ડગ્લાસ ગ્રેહામની પેઢીના ફ્રેડરિકને વાત કરી ભરતી કરાવે છે. મામદ લંડન જતા પૂર્વે મામાની ચૌદ વરસની દીકરી અમીબાઈ સાથે સોળ–સત્તર વરસની વયે પરણીને ૧૮૯૩માં લંડન જાય છે. લંડનની લિંકન્સ ઈનમાં ત્રણ વર્ષ કાયદાનું શિક્ષણ મેળવી બેરિસ્ટર થયા. બ્રિટિશ મ્યુઝિયમના ગ્રંથાલયમાં જઈ કલાકો સુધી કાયદાનાં પુસ્તકો વાંચતાં ઝીણાને રાજકારણમાં ઊંડો રસ જાગ્યો. એ દરમ્યાન બ્રિટિશની લિબરલ પાર્ટીના સંસદ અને હિંદુસ્તાની રાજકારણના ભીષ્મ પિતામહ દાદાભાઈ નવરોજને ઝીણા મળે છે. ત્યારે પીઠ ઉપર હાથ મૂકીને કહ્યું. ‘તમારા જેવા થોડાક જાગૃત જુવાનો હિંદુસ્તાનમાં કામ કરતા થાય તો અંગ્રેજોની આંખ ઉઘાડવી બહુ અઘરી નથી.’(પૃ.૧૧૧) લંડનના નાટયગૃહમાં શેકસપિયરના નાટક ‘રોમિયો અને જુલિયેટ’ જોઈને ઝીણાને અભિનય પ્રત્યે આકર્ષણ જાગ્યું. રોમિયાના પાત્રને દાદ આપતા તાળીઓનો ગડગડાટ જોઈને આવી દાદ મેળવવાની તીવ્ર લાલસા થઈ આવી.

ઓગણીસમી સદી લગભગ સમાપ્ત થવા લાગી ત્યારે મુંબઈના અદાલતી ક્ષેત્રે મુસ્લિમ બેરિસ્ટરોની સંખ્યા માંડ એક બે જેટલી જ હતી. એમાં એક અસીલનો કેસ ઝીણા ત્રણ

દિવસમાં જીતી બતાવે છે. એટલે અસીલ બે હજાર રૂપિયા ફી આપે છે. એમાંથી ઝીણા ત્રણ દિવસ લેખે ત્રણસો રૂપિયા લઈ પરત કરે છે. આ વલણથી એક સંનિષ્ઠ અને પ્રામાણિક વ્યાવસાયિક તરીકે કથાનાયક મહમદની પ્રતિભા ઉપસી આવી.

દાદાભાઈ નવરોજે ઝીણાને મુંબઈના પ્રખર ધારાશાસ્ત્રી ફિરોઝશાહ મહેતાના મદદનીશ તરીકેની ભલામણ લખી આપી છે. એટલે તરત જ ચેમ્બરમાં મદદનીશ તરીકેની સંમતિ આપી દીધી. ગોપાલકૃષ્ણ ગોખલે અને લોકમાન્ય ટિળક જેવા રાષ્ટ્રીય નેતાઓની કાર્યપધ્ધતિઓનું ઝીણાએ ઝીણવટથી નિરીક્ષણ કર્યું. આથી મુંબઈના મુસલમાનોના પ્રતિનિધિ તરીકે બેરિસ્ટર ઝીણાની નિયુકિત થઈ. પણ વાઈસરૉયની કેન્દ્રીય ધારાસભામાં મુંબઈના મુસ્લિમો વતી કોની પસંદગી કરવી એ પ્રશ્ને ભારે ખેંચતાણ થઈ હતી. અંતે ઝીણાના નામનો સ્વીકાર કર્યો. આમ પાંત્રીસ વરસની ઉંમરે વાઈસરૉયની કાઉન્સિલના સહુથી તરુણ સભ્ય બન્યા હતા.

મુસ્લિમ લીગમાં જોડાવા માટે આગાખાન સહિત મુસ્લિમ નેતાઓએ આગ્રહ કર્યો હતો. એનો ઝીણાએ નકારાત્મક પ્રતિસાદ જ આપ્યો હતો. દેશનું કોઈ પણ રીતે કોમી વિભાજન થાય એ લાંબા ગાળે દેશના હિતમાં નથી. એવું ઝીણા વિશ્વાસપૂર્વક માનતા હતા. હિંદુસ્તાનમાં વસતો કોઈ પણ નાગરિક સહુ પ્રથમ હિન્દુસ્તાની છે. અને ત્યાર પછી જ એ હિંદુ, મુસલમાન, પારસી કે શીખ છે. બ્રિટિશ સરકાર અને દેશના મોટા ભાગના મુસલમાનો અલગ મતદાર મંડળોની તરફેણમાં હતાં ત્યારે ઝીણાનું અલાયદું મકકમ વલણ ભારે હિંમત માગી લે છે. આથી ગોખલે ઝીણાને અભિનંદન આપતા કહે છે. 'મિસ્ટર ઝીણા, તમારી સૂઝ અને હિંમત માટે હું તમને બિરદાવું છું. જે રીતે તમે રાજકારણમાં આગળ વધી રહ્યા છો એ જોતાં મને તમારામાં ઉજ્જ્વળ ભવિષ્યના દર્શન થાય છે.'

મુંબઈમાં ગુર્જરસભાએ ગાંધીજીનો સત્કાર સમારંભ યોજયો. આ સમારંભના પ્રમુખસ્થાનેથી બેરિસ્ટર ઝીણાએ અંગ્રેજી ભાષામાં વ્યાખ્યાન આપ્યું. ત્યારે ગાંધીજીએ માતૃભાષા ગુજરાતી શીખી લેવાની ટકોર કરી ઝીણા તરફ જોઈને ઉમેર્યું. 'બેરિસ્ટર ઝીણા સાચે જ આપણા જાહેર જીવનની એક મૂડી છે. આપણા માટે ખાસ કરીને સહુ ગુજરાતીઓ માટે એ વિશેષ ગૌરવની ઘટના છે. કે તેઓ ગુજરાતી છે. તેઓ મુસલમાન હોવા છતાં જાહેર

જીવનના અને દેશસેવાના આ કામમાં આટલી બધી ધગશ ધરાવે છે. એનો મને ખૂબ ખૂબ આનંદ છે.' પણ ગાંધીજીની આ વાતથી ઝીણાને એક જાતની પ્રચ્છન્ન નારાજી થઈ આવી.

દેશના મુસલમાનોમાં બ્રિટિશ વિરોધી લાગણી પેદા થાય એ માટે ઝીણાએ સાત વર્ષ પહેલાં જે મુસ્લિમ લીગે અલગ મતદાર મંડળો મેળવ્યાં હતા. એ અધિકાર જતો કરીને બહુમતી હિંદુઓ સાથે જોડાવાની સંમતિ આપી. આમ બંને પક્ષે સમાધાન કરાવીને વિદેશી શાસન સામેની લડતમાં એકતા સિદ્ધ કરવાનું ભગીરથ કાર્ય ઝીણા સફળતાપૂર્વક કરી શકયા. આ કાર્ય ઝીણાના જીવનનું અત્યંત મહત્ત્વનું હતું.

ખિલાફતના પ્રશ્ને ગાંધીજીના નેતૃત્વ હેઠળ દેશભરના મુસલમાનો લડત ચલાવી રહ્યાં હતા. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે પણ લડતને ટેકો આપતો ઠરાવ પસાર કર્યો. પણ ઝીણાએ કૉંગ્રેસ પક્ષની બેઠકમાં આ ઠરાવનો વિરોધ કર્યો. ખલીફા એક હોય કે અનેક હોય એ વિશે ખલીફાના અનુયાયીઓએ નિર્ણય કરવાનો છે, એમાં દેશના રાષ્ટ્રીય રાજકારણને કોઈ સંબંધ નથી. ધર્મને આ રીતે રાજકારણમાં લાવવાથી વિકટ પ્રશ્નો પેદા થશે.

હોમરૂમ લીગના પ્રમુખપદેથી એની બેસન્ટે રાજીનામું આપ્યું એટલે એમના અનુગામી પ્રમુખ તરીકે ઝીણાએ ગાંધીજીનો પ્રસ્તાવ કર્યો. એનો સ્વીકાર પણ થયો. પણ ગાંધીજી પ્રમુખ બન્યા પછી હોમરૂમ લીગનું નામ 'સ્વરાજ–સભા' રાખવા એક ઠરાવ રજૂ કર્યો. ઝીણાએ આ નામાંતરનો વિરોધ કર્યો, છતાં આ પ્રસ્તાવ બહુમતીએ સ્વીકાર થયો. આથી ઝીણા મહાત થયા એ એના માટે અસહ્ય હતું.

નાગપુરમાં કૉંગ્રેસ અધિવેશનમાં દેશભરમાંથી પ્રતિનિધિઓ આવ્યા હતા. ઝીણા પણ ગાંધીજીની સાથે મંચ ઉપર બેઠા હતા. ગાંધીજીએ અસહકારની લડતનો પ્રસ્તાવ મૂકયો એટલે સૌએ હર્ષનાદો અને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો. પણ ઝીણાએ અસહકારની લડત, અસ્પૃશ્યતા, ખાદી અને સ્વદેશી વિશેના ગાંધીજીના મંતવ્યનો વિરોધ કર્યો. જયારે ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહનું એલાન કર્યું: ત્યારે ઝીણાએ સવિનય કાનૂનભંગના પ્રસ્તાવને ટોળાશાહી ગાંડપણ કહીને વખોડી કાઢયું.

કેન્દ્રીય ધારાસભાની ચૂંટણીમાં સ્વરાજ પક્ષના નેતા પંડિત મોતીલાલ નહેરુ અને અન્ય પક્ષના નેતા બેરિસ્ટર ઝીણા ચૂંટાયા હતા. આ બધા સભ્યોનો પરિચય થાય એ માટે ઔપચારિક બેઠક યોજી હતી. એમાં વરિષ્ઠ નેતા મોતીલાલ પ્રત્યેકની ઓળખાણ આપતા હતા.

એમાં ઝીણાનો પરિચય એક નવાગંતુક સભ્ય સાથે કરાવતાં કહ્યું. 'બેરિસ્ટર ઝીણા મુસલમાન હોવા છતા અત્યંત રાષ્ટ્રવાદી છે.'(પૃ.૨૪૫) આ પરિચયના શબ્દોથી ઝીણાના અસ્તિત્વના કણેકણમાં સણકા ઊપડયા. દેશભકિત, દેશસેવા કે રાષ્ટ્રવાદ એ નર્યો હિંદુઓનો જ ઈજારો છે. અને મુસલમાનોમાં આવું કંઈ હોઈ શકે જ નહિ. ગાંધી અને મોતીલાલ જેવા નેતાઓ પણ જો ઝીણા માટે આવું કહેતા હોય તો અન્ય લોકો મુસલમાનો માટે કેવું હીણું વિચારતા હશે. આવા વિચારો મનોમન ઝીણાને આવવા લાગ્યા.

ઝીણાને ચેસની રમત વેળાએ પારસી અગ્રણી ઉદ્યોગપતિ દીનશા પીટીટ સાથે ઓળખાણ થતા એક દિવસ હવાખાવા દીનશાનો પરિવાર અને ઝીણા દાર્જીલિંગ જાય છે. ત્યાં દીનશા પીટીટની પુત્રી રતન સાથે પ્રેમ થતા ચૂંમાલીસ વર્ષના બેરિસ્ટર ઝીણા અઢાર વર્ષની કુમારી રતનબાઈ સાથે મસ્જિદના ઈમામ સમક્ષ પારસી ધર્મનો ત્યાગ કરીને મુસ્લિમ ધર્મ અંગીકાર કરી રૂટી ઉર્ફે મરિયમબાઈ નામ ધારણ કર્યુ.

અડિયાર ખાતે થિયૉસૉફિકલ સોસાયટીનું વાર્ષિક અધિવેશનમાં રૂટી અને ઝીણાએ જવાનું હતું. પણ ઝીણાએ દિલ્હીમાં અગત્યની રાજકીય બેઠકમાં જવાનું હોવાથી રૂટીનો આગ્રહ છતાં જઈ શકતા નથી. એટલે રૂટીને કહ્યું. 'રાજકારણ મારી પહેલી પસંદગીની કારકિર્દી છે. એના ભોગે હું કશું કરી શકું નહિ.' આથી રૂટી નારાજ થઈ ગઈ. બીજી બાજુ રૂટીની ઈચ્છા પુત્રી દીનાને અડિયારની શિક્ષણસંસ્થામાં મૂકવાની હતી. એટલે ઝીણાએ કહ્યું, 'આ શાળામાં જે અધ્યાત્મક શિક્ષણ અપાય છે. એમાં કયાંય ઈસ્લામનો પડછાયો પણ નથી, દીના ઈસ્લામ વિશે જાણકારી મેળવે એ વધુ ઈચ્છનીય છે.'(પૃ.૨૫૦)

આમ ઝીણાના કોમવાદી વલણથી નારાજ થયેલી રૂટી સિગારેટ, શરાબ, કૂતરાં અને બિલાડાં તરફ વળે છે. રૂટી પોતાની અંતિમ ઈચ્છા કાનજી આગળ પ્રગટ કરતાં કહે છે. 'મારું મૃત્યુ થાય એ પછી મારા શબનો અંતિમ સંસ્કાર અગ્નિદાહ આપીને કરાવજો' (પૃ.૨૮૧) આ વાત કાનજીએ ઝીણાને દર્શાવી ત્યારે ઝીણાને ખ્યાલ હતો કે આને કારણે મુસ્લિમ લીગમાં અવળા પ્રત્યાઘાતો પડશે. હવે પોતાનું સ્થાન મુસ્લિમ લીગ સાથે જ હતું. એટલે ઝીણાએ દઢતાથી કહી દીધું. 'કાનજી, એ વાત ભૂલી જજો. રૂટીને મુસ્લિમ વિધિ અનુસાર કબ્રસ્તાનમાં જ દફનાવવી જોઈએ. શી વોઝ મરિયમ એન્ડ નોટ રતનબાઈ'(પૃ.૨૮૪) દફનવિધિમાં ઝીણાએ

માટીનો ખોબો ભરી રૂટીના મૃતદેહ ઉપર નાખ્યો ત્યારે એમનું હૈયું ભાંગી ભુકકો થઈ ગયું. પાષાણ જાણે પીગળી ગયો. ધ્રુસકે–ધ્રુસકે રડી પડયા.

'જિન્નાહ હાઉસ'માં એક સાંજે પુત્રી દીના સાથે ઝીણા કૉફી પી રહ્યા હતા. ત્યારે અચાનક પુત્રીના લગ્ન વિશે ઝીણાએ ચિંતા વ્યકત કરી ત્યારે દીનાએ મુંબઈના જાણીતા પારસી ઉદ્યોગપતિના પુત્ર નેવિલ સાથે લગ્નના વચનથી બંધાઈ ચૂકી છું, એમ કહ્યું. એ જાણી ઝીણા ચોંકી ઊઠયા. અત્યંત કપરી પરિસ્થિતિમાં મૂકાઈ ગયા. ઝીણા મુસ્લિમોના સર્વોચ્ચ નેતા તરીકેનું સ્થાન ધરવતા હતા. એટલે મુલ્લાં–મૌલવીઓ કદી આ લગ્નને સાંખી નહિ લે. જો આમ થાય તો પોતાને હાંસલ થયેલું અબાધિત નેતૃત્વ એક ક્ષણમાં છિન્ન ભિન્ન થઈ જાય. આથી પુત્રીને મકકમતાથી કહી દીધું. 'ઈમ્પૉસિબલ એ કદી ન બની શકે. એક વિધર્મી પરિવારમાં તારાં લગ્ન થઈ શકે જ નહિ. પારસી કોમ મુસલમાન નથી. અને હું ઈચ્છું છું કે તારી પસંદગી માત્ર મુસલમાન યુવકની જ હોય'. દેશના આઠ કરોડ મુસલમાનોમાંથી નેવિલ જેવો ચડિયાતો છોકરો નહિં જ મળે? એનો જવાબ વાળતા દીના બોલીઃ 'ડેડી, મને માફ કરજો, પણ દેશમાં કરોડો મુસલમાનો હતા. તમે શા માટે આવા મુસલમાનોને બદલે એક વિધર્મી પારસી પરિવારને પસંદ કર્યો હતો? ત્યારે શું આ કરોડો મુસલમાનોમાં રતનબાઈ પીટીટ જેવી કન્યા નહોતી? આનો કોઈ જવાબ ન હોતો. શબ્દો શોધી રહ્યા હોય એમ ફાંફાં મારવા માંડયા.

નહેરુ રિપોર્ટની ચર્ચા કરવા દિલ્હી ખાતે સર્વપક્ષી પરિષદ મળી એને સંબોધતાં કુશાગ્રબુદ્ધિશાળી વકીલ ઝીણાના પ્રવચનમાં વચ્ચે વચ્ચે સહુએ અણગમો તથા અસંમતિ વ્યકત કરતો શોરબકોર કર્યો. 'ઝીણા બેસી જાઓ', 'ઝીણા કોમવાદી છે', 'ઝીણા બ્રિટિશ સરકારના દલાલ છે.' આમ સભાએ ઝીણાનો હુરિયો બોલાવ્યો. આથી અત્યંત હતાશ થઈ ગયા હતા. હવે પછી દેશના રાજકીય ચિત્રમાં ટકી રહેવા માટે મુસ્લિમ લીગ જ એક માત્ર વિકલ્પ છે. ભાંગી પડેલા ઝીણાએ મિત્ર જમશેદને કહ્યું. 'જમશેદ, દેશનું ભાવિ શું હશે એની કલ્પના કરવી હવે અઘરી છે. પણ આજથી હવે મારો માર્ગ જુદો પડે છે. એ નકકી છે.'(પૃ.૨૭૨)

મુસ્લિમ લીગના એક પ્રતિનિધિ કવિ ઈકબાલે ઝીણાને મળી કહ્યું કે, દેશના મુસલમાનો માટે અલગ રાજયની રચના એ જ એક માત્ર ઉકેલ છે. ત્યારે ઝીણાએ મકકમતાથી ઈકબાલની વાતનો અસ્વીકાર કર્યો. 'હિંદુઓ અને મુસ્લિમોએ સાથે મળીને સ્વરાજય મેળવ્યા

વિના કોઈ વિકલ્પ નથી.'(પૃ.૨૯૮) રહેમતઅલી ચૌધરીએ મુસલમાનો માટેના અલાયદા સંભવિત રાજયમાં કયા કયા પ્રદેશો ભેળવી શકાય એવી વિચારણા કરી હતી. એમાં પંજાબ, સરહદ પ્રાંતની અફઘાન પ્રજા, કાશ્મીર, સિંધ અને બલુચિસ્તાનનો સમાવેશ થાય એ માટે એણે એક વિગતવાર પત્રિકા તૈયાર કરી. બલુચિસ્તાનના છેવટના 'સ્તાન' શબ્દ આગળ આ દરેક પ્રાંતના નામના પહેલા અક્ષરો ભેળવી એણે 'પાકિસ્તાન' નામનો નવો જ શબ્દ આપ્યો. એ પત્રિકા પૂરી વિગતો સાથે ઝીણાને મોકલી. ઝીણાએ એ પ્રસ્તાવ વાંચી હસી કાઢયો. જે રીતે ઈકબાલને કવિનું દિવાસ્વપ્ન કહી હસી કાઢયા હતા. એ જ રીતે રહેમતઅલીના આ સ્વતંત્ર પાકિસ્તાનના વિચારને પણ ભેજાજોગ વિદ્યાર્થીઓની કલ્પના–માત્ર કહી, કોઈ ગંભીર વિચારણા કરી નહિ. અને ઝીણાએ કહ્યું. 'મિસ્ટર, ચૌધરી તમે એક વિદ્યાર્થી છો અને વિદ્યાર્થી તરીકે વાસ્તવિકતાને જાણતા નથી. આ એક અવાસ્તવિક સ્વપ્ન છે. અને એને કોઈ સમજદાર માણસ ટેકો આપી શકે નહિ.'

પહેલી અને બીજી ગોળમેજી પરિષદમાં ઝીણાને આમંત્રણ મળ્યું જયારે ત્રીજી પરિષદમાં આમંત્રણ આપ્યું નહિ. તેમજ હિંદુસ્તાનથી આવેલા પ્રતિનિધિઓએ ઝીણાની મુલાકાત પણ લીધી નહિ. આથી હતાશા બેવડાઈ ગઈ. રોષ ભભૂકી ઊઠયો. હવે પોતાના માટે હિંદુસ્તાનમાં કોઈ સ્થાન નથી એ નિશ્ચિત થઈ ચૂકયું હતું. એ જ દરમિયાન ૧૯૩૩–૩૪ના ગાળામાં મુસ્લિમ લીગના બે જુથો વચ્ચે રાષ્ટ્રીય સ્તરે સંઘર્ષ જામ્યો હતો. એના નિરાકરણ માટે બેરિસ્ટર ઝીણાનું નામ નકકી થયું હતું. ઝીણા હવે મુસલમાનની શેરવાની અને સલવાર પહેરીને લોકો વચ્ચે ઉપસ્થિત રહેવા લાગ્યા.

૧૯૩૭ની ચૂંટણીમાં મુસ્લિમ લીગ પોતાની સુવાંગ સરકાર બનાવી શકી નહોતી. જે ઝીણા માટે ભારે આઘાત પ્રેરક હતું. કોંગ્રેસ શાસિત પ્રાંતોમાં પ્રકાંડ વિદ્વાન ઝાકિર હુસેને તૈયાર કરેલી શૈક્ષણિક પધ્ધતિની નવી વર્ધા યોજના તથા રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'ને શિક્ષણ સંસ્થાઓમાં માન્યતા આપવામાં આવી. આ બન્ને પગલાં મુસ્લિમ લીગ માટે અસ્વીકાર્ય હતા. આ હિંદુવાદી નીતિ ઝીણાએ વખોડી કાઢી. આવા સુધારાઓથી મુસલમાનોને અન્યાય થાય છે એવી કાગારોળ શરૂ કરી દીધી.

ગાંધીજીના આગ્રહથી દેશની મોટા ભાગની પ્રાંતિક સરકારોએ રાજીનામાં

આપી દીધા એટલે ઝીણા અત્યંત હર્ષાન્વિત થયા અને વાઈસરૉય સાથે સમજૂતી કરીને પ્રાંતોમાં મુસ્લિમ લીગ સરકાર રચી કાઢે. એવો તર્ક રજૂ કર્યો. ઝીણાના આ તર્કનો વાઈસરૉય લિન્લિથગોએ ધરમૂળથી અસ્વીકાર કર્યો. પ્રાંતમાંથી કૉંગ્રેસ સરકારોએ રાજીનામાં આપ્યાં પણ ધારાસભાઓના સભ્યપદેથી કૉંગ્રેસીઓએ રાજીનામાં આપ્યા નહોતાં. આનો અર્થ એ થયો કે ધારાસભાઓમાં તો હજુ કૉંગ્રેસની જ બહુમતી હતી.

દેશના વિભાજનની માગણી સાથે દેશભરમાં ઝંઝાવતની જેમ ઘૂમવા માંડેલા ઝીણાએ પંજાબના પાટનગર લાહોરના ઉગ્રપંથી ખાકસારો અને સર સિકંદર હયાતખાનને વશ કરી લીધા. ત્યાર બાદ અમદાવાદ, ઉપલેટા અને ધોરાજીની મુલાકાત માટે આમંત્રણ આપ્યું. દેશભરના મુસલમાનોની લોક લાગણીનો પ્રવાહ અત્યંત જોશભેર વધી રહ્યો હતો. ઝીણા રોજ રોજ વધુ સફળ થયે જતા હતા. ઝીણા થાકયા વિના કાશ્મીરથી કન્યાકુમારી અને કલકત્તાથી કાઠિયાવાડ સુધી રાતદિવસ લોકસંપર્ક શરૂ કરી દીધો હતો. લોકોનાં ટોળાઓથી અકડાઈ જનારા ઝીણા કુનેહપૂર્વક ટોળામાં ભળી જતા હતા.

ગાંધીજીની 'હિંદ છોડો' ચળવળના પરિણામે યુદ્ધની પરિસ્થિત દિવસે દિવસે વધુને વધુ વણસતી જતી હતી. એટલે બ્રિટિશ સરકાર કૉંગ્રેસના હાથમાં સત્તા સોંપીને પીઠ ફેરવી લે તો મુસલમાનો માટે વિકટ પરિસ્થિતિ સર્જાય એવું ઝીણાને લાગ્યું એટલે વાર્ષિક અધિવેશનમાં ઝીણાએ ઘોષણા કરી. 'બ્રિટિશ સરકાર હિંદ છોડીને જાય એ માટેની મુસલમાનોની પૂર્વશરત એ છે કે, 'અમને અમારું સ્વતંત્ર અને સાર્વભૌમ પાકિસ્તાન સોંપી દેવું જોઈએ. બ્રિટિશરોને હું કહેવા માગું છું કે સ્વાતંત્ર્યની કોઈપણ વાત વિચારતાં પહેલાં આ મુદો લક્ષમાં રાખજો કે દેશનું વિભાજન કર્યા વિના તમે જઈ શકશો નહિ. ગાંધીના 'હિંદ છોડો' એલાન સામે મુસલમાનોનો આ બુલંદ પડકાર છે કે પહેલાં દેશને તોડો અને પછી તમે આ બધું છોડો. 'હિંદ છોડો' તો જ સાર્થક થાય. પહેલાં તોડો અને પછી છોડો. હું તો ત્યાં સુધી કહીશ કે તોડયા પછી પણ જો તમારે છોડવું ન હોય તો ભલે રહો, પણ તોડયા વિના તો જઈ શકશો જ નહિ.'(પૃ.૪૧૨)

ગાંધીજીએ સ્વમાનનો કોઈ પ્રશ્ન વચ્ચે લાવ્યા વિના હિંદુઓ અને મુસલમાનો વચ્ચે સમસ્યાઓનું મૈત્રીપૂર્ણ નિરાકરણ લાવવા ૯ સપ્ટેમ્બર ૧૯૪૪નાં રોજ ૯ વાગ્યે ઝીણાને

મળવા જાઈ છે. આ વાટાઘાટો ત્રેવીસ દિવસ સુધી ચાલી તેમાં ચૌદ વખત મુલાકાતો થઈ પણ વાટાઘાટો નિષ્ફળ નીવડી. આ વાતને હિંદુસ્તાનના હાકેમ વાઈસરૉય લોર્ડ વેવેલે પોતાની અંગત રોજનીશીમાં નોંધ્યું છે. 'બે પર્વતોના મિલનમાંથી કંઈક મેળવી શકાશે એવી મને આશા હતી, પણ આ પહાડોના ખોદકામમાં મામૂલી ઉંદર સિવાય આપણને કંઈ મળ્યું નથી.' મંત્રણાઓ દરમિયાન ઝીણાનું કામ વધુ આસાન હતું, કેમકે એમણે તો માત્ર ગાંધીના પ્રસ્તાવોનો ઈન્કાર જ કરવાનો હતો અને નવું કશું કહેવાનું નહોતું. ઝીણાએ આ કામ સફળતાપૂર્વક કર્યું છે, એટલે નિષ્ફળતાનો દોષ ગાંધીએ જ સ્વીકારવો રહ્યો. કહેવું હોય તો એમ જ કહી શકાય કે ગાંધીનું નેતૃત્વ ઊણું ઊતર્યું છે અને ઝીણાની પ્રતિષ્ઠા વધી છે. આ વધારો ઔચિત્યના ભોગે થયો છે એવું જો કોઈને લાગે તો એમાં વાંધો લઈ શકાય નહિ.'

૧૯૪૫ના જૂન મહિનામાં વાઈસરૉય લોર્ડ વેવેલે સિમલા ખાતે જુદા જુદા રાજકીય પક્ષો અને દેશી રજવાડાંના પ્રતિનિધિઓને હિન્દુસ્તાનના ભાવિ માળખાની વિચારણા કરવા નોતર્યા ત્યારે ઝીણાએ મુસલમાનોને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે અરધો અરધ હિસ્સો મળવો જોઈએ એવો આગ્રહ રાખ્યો તેનો કોંગ્રેસે સ્વીકાર કર્યો. પછી સૂચિત બંધારણના ઘડતર માટે વાઈસરૉયની કારોબારીના સભ્યોની નિયુકત માટે કોંગ્રેસ અને લીગ પાસેથી પોત પોતાના સભ્યોના નામ માગ્યા એટલે ઝીણાએ કોંગ્રેસની યાદીમાં કોઈ મુસલમાન ન હોવો જોઈએ એવો આગ્રહ રાખ્યો એટલે કોઈ હાથવગું નિરાકરણ ન આવ્યું.

૨૫ જૂન ૧૯૪૬ના રોજ વાઈસરૉય લોર્ડ વેવેલે પરિષદનું આયોજન કર્યું; તેમાં ઝીણા અને જવાહરલાલ વચ્ચે મંત્રણા થઈ કે કોંગ્રેસ અને મુસ્લિમ લીગની સંયુકત સરકાર બને એવી કેબિનેટ મિશનના મુદ્દા ઉપર સંમતિ સાધી એટલે મધ્યસ્થ ધારાસભાના બહુમતિ પક્ષના નેતા તરીકે જવાહરલાલને સરકાર રચવા આમંત્રણ આપ્યું. આથી ઝીણા બ્રિટિશ સરકારે મુસલમાનોને દેશની સરકાર રચવાની અનુમતિ આપી નથી. માટે દેશના તમામ મુસ્લિમ લીગી ધારાસભ્યોને દિલ્હી એક બેઠક માટે નોતર્યા. ત્યારે ઝીણાએ એલાન કર્યું: 'આપણું અંતિમ ધ્યેય પાકિસ્તાનની રચના કરવાનું છે. અહીં એકઠા થયેલા આપણે સહુ આપણા આ ધ્યેયમાં માત્ર એકમત જ નથી, પણ સંપૂર્ણ તન, મન, ધનથી સમર્પિત પણ છીએ. આપણો નિશ્ચય ગમે એવી વિપરીત પરિસ્થિતિમાં પણ અડગ રહે એ માટે આજે પવિત્ર કુરાન

શરીફ ઉપર હાથ મૂકીને અલ્લાહના નામે સોગંદ ખાઈએ કે ગમે તે થાય, અમે પાકિસ્તાન મેળવવા માટે લોહીના છેલ્લાં ટીપા સુધી સંઘર્ષ કરીશું.'(પૃ.૪૯૧)

'આજે હવે આપણે બંધારણીય લડતને અલવિદા કહીએ છીએ, કેમકે આપણી ઉપર કોંગ્રેસ અને બ્રિટિશ સરકાર એમ બેવડા મોરચેથી આક્રમણ થયું છે. મંત્રણાઓ દરમિયાન આપણું સત્ય એમણે સ્વીકાર્યું નથી અને આપણી સામે સરકારે સત્તાની મશીનગન તથા કોંગ્રેસ બહુમતીની પિસ્તોલ તાકી છે. આપણે આપણા અસ્તિત્વ માટે હવે જીવનમરણની આ અંતિમ લડાઈ લડી લેવાની છે. અત્યાર સુધી મુસ્લિમ લીગે કાનૂની અને બંધારણીય માર્ગે શાંતિપૂર્ણ સંઘર્ષ કર્યો હતો. હવે આપણે પિસ્તોલનો જવાબ પિસ્તોલથી આપીશું. મુસલમાનો અહિંસામાં માનતા નથી અને લોહી રેડયા વિનાના કોઈ વિજયને સ્વીકારતા પણ નથી. હવે આપણે સંપૂર્ણ સાર્વભૌમત્વ ધરાવતા મુસ્લિમ રાષ્ટ્ર પાકિસ્તાન માટે 'સીધાં પગલાં' ભરીશું અને કોઈ પણ ગેરકાનૂની લડત લડતા અચકાઈશું નહિ. આપણી પિસ્તોલ ભરેલી છે અને તેનો ઉપયોગ કરવાની ઘડી આવી પહોંચી છે. નીતિ–અનીતિની કોઈ ચર્ચા હવે અસ્થાને છે અને મુસ્લિમોના પ્રત્યેક લોહીના ટીપા સામે બિન–મુસ્લિમોનું લોહી વહેવડાવ્યા વિના કોઈ વિકલ્પ જ નથી.'(પૃ.૪૯૪) આથી ૧૬ ડિસેમ્બર ૧૯૪૬નાં રોજ 'સીધાં પગલાં દિવસ' તરીકે દેશભરના લીગી મુસલમાનો ઊજવે એવું ઠરાવ્યું હતું.

બ્રિટિશ અધિકારી જયોર્જ કેટલીને વાઈસરૉય માઉન્ટબેટનને ઝીણા વિશેના નિરીક્ષણો આ રીતે વ્યકત કર્યાં. 'તમે ઝીણાનો કયારેય ભરોસો કરતા નહિ. આ માણસ ગમે ત્યારે બોલ્યું ફરી જશે. લૉર્ડ વેવેલે મારી આ વાત માની નહોતી એટલે બ્રિટિશ સરકાર તથા હિંદુસ્તાન બેયનો મામલો વધુ ગુંચવાયો છે. હું આવું બોલ્યો જ નથી એવું કહેતાં ઝીણાને વાર લાગતી નથી અને પછી વેવેલ માટે ઝીણા આવું બોલ્યા છે એવું સિદ્ધ કરવા માટે કોઈ ઉપાય જ રહેતો નહોતો. તમે જો આવી કફોડી દશાથી દૂર રહેવા માગતા હો તો ઝીણા સાથે વાતચીત કરતી વખતે હંમેશા કોઈ ત્રીજી વ્યકિતને ઉપસ્થિત રાખજો.'(પૃ.૫૦૮)

જૂન ૧૯૪૭ પહેલાં હિંદુસ્તાનને કોઈ પણ ભોગે સ્વતંત્રતા આપીને પાછા ફરી જવાની મહેતલ બ્રિટિશ સરકારે વાઈસરૉય માઉન્ટબેટનને આપી હતી. એ વાત ગાંધીજીને જણાવી એટલે કહ્યું. 'તમે અખંડ હિંદુસ્તાનની સરકાર રચવા માટે ઝીણાને આમંત્રણ આપો,

કૉંગ્રેસને હું આ વિષયમાં સમજાવીશ શકીશ.'(પૃ.૫૨૧) પણ ઝીણાએ ગાંધીજીના આ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો અને વાઈસરૉયને લખ્યું. 'મુસલમાનો માટે સ્વતંત્ર અને સાર્વભૌમ પાકિસ્તાનથી ઓછું કશું જ સ્વીકાર્ય નથી. સમજુતીઓ અને મંત્રણાઓના તબકકાઓ તો કયારના પૂરાં થઈ ગયા છે હવે વિભાજન એ જ એક માત્ર માર્ગ છે.'(પૃ.૫૨૨)

૭ ઓગસ્ટ ૧૯૪૭નાં રોજ પાકિસ્તાનના નવા નિયુકત થયેલા ગર્વનર જનરલ કાયદે આઝમ મહમદઅલી ઝીણા સફેદ શેરવાની અને સુરવાલમાં સજ્જ થઈને દિલ્હીથી કરાંચી હવાઈ મથકે પહોંચે છે. ત્યારે હજારો મુસલમાનો પોતાના નવા અને સ્વતંત્ર દાર–ઉલ–ઈસ્લામના ઘડવૈયાને સત્કારવા એકઠા થયા હતા. પાકિસ્તાન ઝિંદાબાદ, કાયદે આઝમ ઝિંદાબાદના નારા પોકારાઈ છે. ૧૪મી ઓગસ્ટે પાકિસ્તાન દિન નિમિત્તે ઘ્વજવંદન પછી કરાંચીના રાજમાર્ગો ઉપર ખુલ્લી જીપમાં ઝીણા સહુંનું અભિવાદન ઝીલે છે.

૩૦ જાન્યુઆરી ૧૯૪૮નાં રોજ ગવર્નર જનરલ ઝીણા પોતાના બંગલાના ઉદ્યાનમાં ખુરશીમાં બેઠા હતા, ત્યારે લશ્કરી બ્રિટિશ સલાહકાર મિસ્ટર બર્ની હાંફળા ફાંફળા દોડી આવી ગાંધીના મૃત્યુના સમાચાર આપ્યા. ત્યાર બાદ શોક–સંદેશામાં ઝીણાએ લખ્યું. 'મૃત્યુ નિર્વિવાદ છે અને સહુ કોઈએ એનો સ્વીકાર કરવો જોઈએ. મિસ્ટર ગાંધીની વિદાય ભારે દુઃખદ છે અને હિંદુ કોમે જે મહાપુરુષોને જન્મ આપ્યો છે એમાં ગાંધીનું નામ પણ રહેશે. ગાંધીની વિદાયથી હિંદુ રાષ્ટ્રને ભારે ખોટ પડી છે.'(પૃ.૫૮૯)

ઝીણાની શારીરિક હાલતની સાથે માનસિક હાલત પણ કથળતી રહી હતી. આથી અનિર્ણયાત્મક પરિસ્થિતિને કારણે પાકિસ્તાન સરકાર વગોવાય છે, સહન કરવું પડે છે. એટલે વડાપ્રધાન લિયાકતઅલીખાન ઝીણાને લખે છે એ વાંચીને ગુસ્સે થઈ ગયા, પોતાના અંગત સચિવને બોલાવીને કહ્યું. 'જાઓ, લિયાકતને કહો કે પાકિસ્તાન મેં મેળવ્યું છે. એક કારકુન અને ટાઈપ રાઈટરની મદદથી એ વિશે તમારે કોઈ સલાહ આપવાની જરૂર નથી.' (પૃ.૫૯૬)

૧૪ ઓગસ્ટ ૧૯૪૮એ પાકિસ્તાન સ્વાતંત્ર્યની પહેલી સાલગિરાહ હતી. ત્યારે ઝીણાએ રાષ્ટ્રજોગ સંદેશોમાં કહ્યું હતું. 'આજે આપણે આપણી આઝાદીની પહેલી વરસગાંઠ ઊજવી રહ્યા છીએ. આ પહેલા વરસમાં આપણે મકકમતા અને સંકલ્પશકિત સાથે સંઘર્ષ કર્યો

છે. આવો સંઘર્ષ કરનારા તમને સહુને અને ખાસ કરીને વજીરે આઝમ લિયાકત અલી ખાનના નેતૃત્વ હેઠળના પ્રધાનમંડળને હું અભિનંદન આપું છુ. મેં બંધારણ સભાની પહેલી બેઠકમાં જે કહ્યું હતું એ વાતની મારે તમને સહુને ફરી વાર યાદ આપવાની છે. પાકિસ્તાનમાં હવે કોઈ બહુમતી નથી, કોઈ લઘુમતી નથી. સહુ કોઈ હવે પાકિસ્તાની નાગરિક છે. હિંદુઓમાં જેમ બ્રાહ્મણ, વાણિયા, વૈષ્ણવ, ખત્રી વગેરે છે, એમ મુસ્લિમોમાં પણ શિયા, સુન્ની, પઠાણ વગરે છે. પંજાબી, સિંધી, પુશ્તુ, બંગાળી એમ ભાષાકીય લઘુમતી અને બહુમતી છે. આ કારણે જ હિંદુસ્તાનના સ્વાતંત્ર્ય–સંગ્રામમાં વિઘ્નો આવ્યાં અને પાકિસ્તાન રચાયું. હવે આપણે નવું પાકિસ્તાન રચવા દેવું નથી.'(પૃ.૬૦૪) ઝીણાએ ચાર–પાંચ દિવસ સુધી ખોરાક લીધો ન હતો એટલે ડૉક્ટરે ભાવતી વાનગી ખાવાનું કહ્યું ત્યારે ઝીણાએ અમ્મા કરતીએ લાપશી ખાવાની ઈચ્છા દર્શાવી. એટલે ફાતીમાએ અમ્મા મીઠીબાઈ કરતી એવી કાઠિયાવાડી લાપશી બનાવી આપી. એ મહમદઅલી ઝીણાના ભોજનનો છેલ્લો કોળિયો બની ગયો. ૧૦ સપ્ટેમ્બર ૧૯૪૮ની રાત્રે દશ વાગ્યે ઝીણાની રુહ કોઈક અગોચરમાં વિશ્રામ લેવા એકલવાઈ જઈ રહી હતી.

આમ પ્રતિનાયક મહમદઅલી ઝીણાના સમગ્ર જીવનને લક્ષમાં રાખી લેખકે જીવનવૃત્ત આલેખ્યું છે. કથાવસ્તુ, પાત્ર, ઘટનાનું સાતત્ય અને વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી, સંભાવનાને લક્ષમાં રાખી સર્જકે આ વિરોધો વિશે થોડીક વિગતે વાત કરી છે. ઝીણા કારકિર્દીના છેલ્લા દશકામાં સાવ સામા છેડે જઈને હિંદુ–મુસ્લિમ વચ્ચે દ્વેષ, ધિકકાર અને વૈમનસ્યની લાગણી ખૂબ ઊંડે સુધી ઉતારી શકવાનું નિમિત્ત બન્યા હતા. ઈતિહાસની આ એક જબરદસ્ત કરુણાંતિકા છે. મોટી વિડંબના છે. હિંદુ–મુસ્લિમના કોમવાદી વૈમનસ્યના કારણે મુસલમાનો માટે અલગ સ્વતંત્ર રાષ્ટ્ર પ્રાપ્ત થયું. ત્યારે ઝીણાએ પાકિસ્તાનને હિંદુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી–તમામ ધર્મોના અનુયાયીઓને સમાન નાગરિકત્વ અને ધર્મનિરપેક્ષ રાજય બનાવવાની ઘોષણા કરી હતી.

પ્રતિનાયક ઝીણાની રહેણી કરણી ફેશનેબલ હતી. અત્યંત મોંઘાદાટ અદ્યતન વસ્ત્રો પહેરતા હતા. ભારે છટાપૂર્વક જમણી આંખે લગાડેલ મોનોકોલ, હાથમાં વિદેશી બ્રાન્ડની સિગારેટ અને ઊંચી કિંમતના શરાબો પીતા. જિમખાનાં અને કલબોમાં જવાનો શોખ હતો. ધર્મ અંગે કોઈ વળગણ નહોતું. કુરાન કે નમાજ સાથે કોઈ પ્રત્યક્ષ સંબંધ નહતો. ડુકકરના માંસની

વાનગીઓ અત્યંતપ્રિય હતી. લોકસંપર્કનો અભાવ અને પારિવારિક પ્રકૃતિનો માણસ ન હતો. વકતૃત્વકળા અને અભિનયકળામાં પાવરધા હતા. પ્રેમી, મહત્ત્વાકાંક્ષી અને સ્વપ્નસેવી વ્યકિતત્વ હતું. સંનિષ્ઠ અને પ્રામાણિક વ્યાવસાવિક વ્યકિતત્વ ધરાવતા હતા. શિષ્ટાચારના આગ્રહી, રાજકીય પ્રશ્નોને સમજવાની સૂઝ, તર્કશકિત અને સમય સૂચકતા જોવા મળે છે. ફેશનેબલ કોટ, પાટલૂન અને ગોરાસાહેબ જેવી ટાઈના પોષાકમાં ફટાફટ અંગ્રેજી બોલતા ઝીણા અકકડ પ્રકૃતિના હતા. નિર્ભીક, અત્યંત કુશળ વ્યૂહબાજ અને આક્રમક પ્રવકતા હતા.

આમ પૂર્વાધમાં કથાનાયક ઝીણા રાષ્ટ્રવાદી, કોંગ્રેસી અને મુસ્લિમ લીગ વિરોધી હતા. એ ઉતરાર્ધમાં પ્રતિનાયક ઝીણા રાષ્ટ્રદ્રોહી, ગાંધી અને કોંગ્રેસ દ્વેષી અને મુસ્લિમ લીગના પ્રમુખ હતા. એવા ઝીણા કરોડો મુસલમાનો માટે પયગંબર સમાન હતા. પાકિસ્તાનના સર્જક, બાબા–એ–મિલ્લત હતા. પાકિસ્તાનના નિર્માતા અને મુત્સદ્દી હતા. નીડરતા, કુશાગ્રબુદ્ધિ, ઊંડું ધારાકીય જ્ઞાન અને તર્કબદ્ધ દલીલોથી ધારાસભામાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો. તો અનેક ગણા હિંદુઓ, મુસલમાનો, ખ્રિસ્તીઓ, શીખો અને સંખ્યાબંધ યુરોપિયનો માટે તદ્દન ઊતરતી કોટિના, જુઠ્ઠા બોલા, અહંકારી અને હીનપ્રકારના મહત્ત્વાકાંક્ષી માણસ હતા. આમ નવલકથામાં ઝીણાનું દ્વિમુખી વ્યકિતત્વ પ્રગટ થાય છે.

'પ્રતિનાયક' શીર્ષક વિશે દિનકર જોષી કહે છે કે, 'હિંદુસ્તાન ઝીણાને અત્યંત હીન કોટિના ખલનાયક ગણે કે પાકિસ્તાન એમને અત્યંત ઊંચી કોટિના મહાનાયક ગણે, પણ વાસ્તવિકતા આ બે અંતિમો વચ્ચે જ કયાંક અટવાયેલી છે.'(પૃ.૧૩)

આમ નવલકથાનો અભ્યાસ કરતા માલૂમ પડયું કે, હિંદુસ્તાનના બે વિરાટ પાત્રો ગાંધી અને ઝીણા આ નવલકથામાં આલેખન પામી છે. બન્ને પાત્રો વચ્ચે નવલકથામાં ઊડીને આંખે વળગે એવો તફાવત છે. ઝીણા, ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના આગમન પહેલાં એક દાયકાથી કોંગ્રેસમાં જોડાયેલા હતા. એ સમયે ઝીણાએ ગોખલે, લોકમાન્ય ટિળક, દાદાભાઈ નવરોજી અને ફિરોજશાહ મહેતા જેવા નેતાઓ સાથે કામગીરી કરી હતી. છતાં ઝીણાને કોંગ્રેસમાં યોગ્ય સ્થાન મળ્યું નહિ. અને બીજી બાજુ ગાંધીજી આફ્રિકાથી આવીને હિંદુસ્તાનના રાજકારણમાં સર્વોપરી બની ગયા. આ કારણે ઝીણા કદાચ ગાંધી–દ્વેષી બન્યા હોય અને આ દોષને કારણે ઝીણામાં અહંકાર અને મહત્ત્વાકાંક્ષાઓ જાગી હોય. એટલે ઝીણા ધીમે ધીમે

ગાંધીજી અને કોંગ્રેસથી વિમુખ બન્યા અને છેલ્લે સમગ્ર દેશથી વિમુખ બન્યા. આ આપણા સૌની કમનસીબી ઘટના હતી.

સર્જકે નવલકથામાં કયાંય ‘પ્રતિનાયક’ શબ્દનો પ્રયોગ કર્યો નથી. છતાં પણ નવલકથા વાંચતા સહૃદય ભાવકને પ્રતીતિ થાય કે કથાનાયક મહમદઅલી ઝીણા નથી **‘Hero’** કે નથી **‘Villain’** પણ છે **‘Anti-hero’**. કારણ કે નવલકથામાં મુખ્યપાત્ર પૂર્વાધમાં ‘નાયક’ હોય અને ઉતરાર્ધમાં ‘ખલનાયક’ની ભૂમિકા ભજવતું હોય તેને ‘પ્રતિનાયક’ કહેવાય છે.

આમ નવલકથાનું મુખ્યપાત્ર સંસ્કારિકતાના અભાવવાળું કે મર્યાદિત અર્થમાં અસામાજિક રીતે આલેખાયું હોય અને તેના સંકુલ ચરિત્રની કેટલીક આગવી વિશેષતાઓ વડે ભાવકની સહાનુભૂતિ પ્રાપ્ત કરતું હોય એવું પાત્ર ‘પ્રતિનાયક’ તરીકે ઓળખાય છે. આથી ઝીણાના વ્યકિતત્વને લક્ષમાં લેતા તે ખરેખર ‘પ્રતિનાયક’ છે. આથી શીર્ષક પણ યથાર્થ છે.

‘પ્રતિનાયક’ શબ્દ વિશે સંસ્કૃત નાટકમાં નાયક કરતાં પ્રતિકૂળ આચરણ વાળો તે પ્રતિનાયક કહેવાય છે. તો ‘દશરૂપક’ અનુસાર પ્રતિનાયક ધીરોદ્ધત, સ્તબ્ધ, પાપકર્મ કરનારો, વ્યસની અને શત્રુ હોય છે. ‘નાટયદર્પણ’કારે પ્રતિનાયકને મુખ્ય નાયકનો વિરોધી કહ્યો છે. આમ તે નાયકનો ઉચ્છેદ કરવાને માટે તત્પર હોય છે. તેનામાં પ્રતાપ, અભિમાન, સાહસ વગેરે ગુણો હોવા આવશ્યક છે. પ્રાયઃ તે ધીરોદ્ધત હોય છે.[૫૩]

પ્રતિનાયકનું કાર્ય નાયકને થતી ફલપ્રાપ્તિમાં વિઘ્નરૂપ બનાવવાનું છે. તે સતત નાયકની યોજનાઓમાં અવરોધ ઊભો કરતો રહે છે. પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે પ્રયત્નશીલ હોય છે. પણ મોટે ભાગે સંગ્રામમાં પ્રતિનાયકનો પરાજય અથવા મૃત્યુ થાય છે.

જૈન આગમોમાં વાસુદેવ અને પ્રતિવાસુદેવ એવી એક વિભાવના છે. તો ભરત નાટયશાસ્ત્રે પ્રતિનાયકને નાયકની સમકક્ષ ગણ્યો છે. છતાં નિષેધાત્મક લક્ષણોને કારણે નાયકથી ઉતરતી કક્ષાનો અને ખલનાયકથી ઘણો ઊંચો છે. આ બધા ગુણો કે અવગુણો ઝીણામાં નજરે પડે છે. એટલે સર્જકે ‘પ્રતિનાયક’ શીર્ષક યોગ્ય રીતે આપ્યું છે.

સહૃદય ભાવક પણ ભકિતભાવ કે પૂર્વગ્રહો સાથે આ નવલકથાનું મૂલ્યાંકન કરે તો કલાની વિશુદ્ધ આરાધનામાં વિ નરૂપ જ બને છે. લેખકે જે તટસ્થા અને પારદર્શકતાથી આલેખન કર્યું છે, એવું જ મૂલ્યાંકન થયું જોઈએ. ઝીણા અને ગાંધીજીના પ્રસંગો, રાજકીય

પરિસ્થિતિઓ અને વિચારોને એકબીજા મૂકી **Juxtaposition**-સંનિધિની ક્રિયા લેખકે સાધી છે. બંનેના વ્યકિતત્વને લક્ષમાં રાખી માનસશાસ્ત્રીય દષ્ટિએ લેખકે તથ્ય, હકીકત અને સત્યનું સર્વાંગીણ દર્શન કરાવ્યું છે.

'પ્રતિનાયક' નવલકથામાં મહમદઅલી ઝીણાના વ્યકિતત્વને આલેખવા ૧૮૫૭ થી ૧૯૪૮ સુધીના નવ દાયકા સુધીનું વ્યવસાયિક, સામાજિક, રાષ્ટ્રીય, કોમવાદી અને રાજકીય વાતાવરણ આલેખાયું છે. વાસ્તવિક પાત્રાલેખન, સચોટ અને વિરોધાત્મક સંભાષણયુકત સંવાદો, સ્થળ વર્ણનો, પત્ની રૂટીના મૃત્યુ વખતે કરુણરસ, તિરસ્કાર, ધૃણા, દ્વેષ, વૈમનસ્ય વગેરે ભાવો કુશળતાથી આલેખ્યાં છે. સંઘર્ષ તો પાને પાને જોવા મળે છે. માનસશાસ્ત્રીય દષ્ટિકોણથી આ નવલકથાને સમજવામાં આવે તો ઘણા પ્રશ્ન હલ થઈ જાય. શીર્ષક યથાર્થ ઠરે છે. નવલકથાકાર હોવાને નાતે વાસ્તવિકતા, પાત્રોચિત, પ્રસંગોચિત, મનોચિત, સંવાદોચિત અને સંભાષણયુકત ભાષાભિવ્યકિતને કારણે ઈતિહાસ કે નિબંધ ન બનતા નવલકથા બની છે એ જ સર્જકની સિદ્ધિ છે. ગાંધી અને ઝીણાને પૂર્વગ્રહરહિત તટસ્થભાવે આત્મસાત્ કરી નવલકથામાં આલેખ્યાં છે.

આમ 'પ્રતિનાયક' નવલકથામાં મહમદઅલી ઝીણા અને ગાંધીજીના પાત્રને સામ–સામે મૂકી નવી ભાવસ્થિતિ જન્માવી છે. બન્નેની સહોપસ્થિતિ **(Juxtaposion)** કરીને દ્વિનાયક નવલકથા આપી છે.

ાા ૧૫. 'અ–મૃતપંથનો યાત્રી'–દિનકર જોષી, ૨૦૦૩ ાા

વિશ્વકવિ, વિખ્યાત ચિત્રકાર, રાષ્ટ્રગીતકાર, મહાન દેશભકત, ભારતના સર્વ શ્રેષ્ઠ બંગાળી સાહિત્યકાર, 'ગીતાંજલિ' કાવ્યસંગ્રહના નોબેલ પારિતોષિક વિજેતા,'યત્ર વિશ્વં ભવત્યેક નીડમ્'ના ધ્યેયમંત્ર સાથે પ્રકૃતિની સંનિધિમાં શાંતિનિકેતનમાં કેળવણીનો પ્રયોગ કરનાર વિશિષ્ટ કેળવણીકાર, બ્રિટિશ સરકારે 'સર'નો ઈલકાબ અને ઑકસફર્ડ યુનિવર્સિટીની 'ડૉકટરેટ'ની માનાર્હ ઉપાધિથી વિભૂષિત થયેલાં પિતા મહર્ષિ દેવેન્દ્રનાથનું ચૌદમું સંતાન એટલે રવીન્દ્રનાથ ટાગોર. એમના જીવન પર દિનકર જોષીએ ૨૦૦૩માં 'અ–મૃત પંથનો યાત્રી' નવલકથા લખી છે.

રવીન્દ્રનાથ જેવા વિશ્વ વિભૂતિના જીવન પર નવલકથા આલેખવી અને એમાં એના મનોવ્યાપારને જાણવું એ કઠિન કાર્ય સર્જક દિનકર જોષી આ નવલકથામાં કરી શકયા છે. નવલકથાના ઉઘાડમાં સર્જકે કથાનાયક રવીન્દ્રનાથ અને ભાભીરાણી કાદંબરીનો મુલાયમ માનસિક ભૂમિકાનો પ્રેમ આલેખ્યો છે. બંનેના મનોવ્યાપારના સંવાદોમાંથી પ્રણય નિષ્પન્ન થાય છે. રવીન્દ્રનાથ ભાનુસિંહના ઉપનામથી ગીતો લખતા હતા. એ રીતે રવીન્દ્રનાથ અને ભાભીરાણીનો સંવાદ પ્રગટે છે.

રવીન્દ્રનાથઃ 'ભાનુસિંહના ગીતો તમને કેવા લાગે છે?'

કાદંબરીઃ 'મને તો ભાનુસિંહ અને એનાં ગીતો બધું જ ગમે છે.'

કાદંબરીઃ 'તમને કેવી કન્યા પસંદ છે? '

રવીન્દ્રનાથઃ 'ભાભીરાણી જેવી'

આમ ટૂંકા સંવાદોમાં સર્જક ધાર્યું કામ લે છે. એ રીતે રવીન્દ્રનાથ અને અનુનાં સંવાદમાં પણ પ્રણયાભિવ્યકિત પ્રગટ થાય છે.

રવીન્દ્રનાથઃ 'મારી કવિતા તો બંગાળી ભાષામાં છે તું એ શી રીતે સમજી શકીશ?

અનુઃ 'કવિતાને નહીં સમજી શકું તો કંઈ વાંધો નહિ, કવિને તો સમજી શકીશ '

'અ–મૃતપંથનો યાત્રી' નવલકથામાં ઠેર ઠેર રવીન્દ્રનાથના વિચારો સંવાદરૂપે પ્રગટ થયા છે. કથાનાયક રવીન્દ્રનાથની વિચાર મંજુષા સર્જકે ખુલ્લી મૂકી દીધી છે. રવીન્દ્રનાથે મસ્જિદના મૌલવીને રક્ષાબાંધી હિન્દુ અને મુસ્લિમ એકતાનું પ્રતીક પૂરું પાડયું છે. એ જ સાંજે જાહેરસભામાં રવીન્દ્રનાથે વ્યાખ્યાન આપતાં કહ્યું. 'પ્રકૃતિએ જેમને સૈકાઓથી એક રાખ્યાં છે એમને જુદા પાડવાનું પાપ કોઈ કરી શકશે નહિ. જેઓએ આપણી આસપાસ જંજીરો બાંધી છે અને અમાનુષી કાયદાઓ ઘડયા છે એ બધાનો આપણે અંત લાવીશું. જુલ્મોનું જહાજ જુલ્મોના ભારથી જ ડૂબી જશે. પરમાત્મા આપણી સાથે અને પરમાત્માથી ઉચ્ચ બીજું કોઈ નથી.'

મિત્ર જગદીશચંદ્ર બોઝને કથાનાયક રવીન્દ્રનાથ ધર્મ અને રાષ્ટ્ર અંગે પોતાની મનઃસ્થતિનું વર્ણન કરતો પત્ર લખે છે. 'ભારતમાં ધર્મનું સ્વરૂપ વ્યકિતગત નથી પણ સામાજિક છે. હિંદુસ્તાનમાં હિંદુઓ, મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને અન્ય તમામ ધર્મીઓએ એક થઈને જીવવું પડશે અને એમને જોડતો તાંતણો અહિંદુ નહિ, પણ હિંદુ હશે. જો હિંદુસ્તાનમાં તમામ ધર્મો અને સંસ્કૃતિઓ સાથે મળીને સંવાદિતાથી રહી નહિ શકે તો દેશનું ભાવિ ઊજળું નથી. ભારત માત્ર રાષ્ટ્ર નથી પણ રાષ્ટ્રથીય વિશેષ અરાષ્ટ્ર છે.'

રવીન્દ્રનાથનો દશેક વરસનો સહુથી નાનો લાડકવાયો પુત્ર શમીન્દ્રનાથ કોલેરાની બિમારીમાં મૃત્યુ પામ્યો, ત્યારે કથાનાયકનો મૃત્યુ અંગે સહજ ઉદ્ગાર નીકળી જાય છે. 'મેં મારા પુત્રને સ્થૂળ મટીને સૂક્ષ્મ થઈ જતો જોયો. એ અનંતમાં ભળી ગયો હવે એ સુરક્ષિત અને મુકત હતો. પહેલાં હું એને અમુક સ્થળે જોઈ શકતો હતો. હવે એ સર્વત્ર હતો.' 'હે પરમ પિતા, તું હજુ પણ જો વધુ દુઃખો આપીશ તો તે પણ માથે ચડાવીશ. હું હાર માનવાનો નથી.' અને 'દુઃખ અને મૃત્યુ જીવનનું સત્ય છે. વિશ્વ વેદના અને મૃત્યુ છલોછલ છે.' આમ કથાનાયક રવીન્દ્રનાથની મૃત્યુ વેદના પ્રગટ થાય છે.

રવીન્દ્રનાથ અને ગાંધીજીની ચર્ચા અને વાદવિવાદમાં પ્રગટ થતું કથાનાયકનું વ્યકિતત્વ કંઈક જુદુ છે. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લડાઈ પૂર્ણ થઈ. એટલે ગાંધીજી હિંદુસ્તાન પાછા ફરી રહ્યા હતાં. એ સમયે ફિનિક્સ આશ્રમમાં અઠ્ઠાવીસ જેટલાં બાળકો અને કેટલાંક સ્ત્રી–પુરુષો હતાં. તેના વસવાટ માટે દીનબંધુ એન્ડ્રુઝે ગાંધીજીને રવીન્દ્રનાથના શાંતિનિકેતન આશ્રમ અંગે સૂચવ્યું. એટલે ગાંધીજી ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની મુલાકાતે

આવ્યા. ત્યારે ગાંધીજીએ રવીન્દ્રનાથને જ્ઞાતિભેદ, આત્મનિર્ભરતા અને વિરુદ્ધ આહાર વિશે ટકોર કરી. 'બ્રાહ્મણ–અબ્રા ણ વચ્ચેનો જમવામાં ભેદભાવ ન હોવો જોઈએ. સહુ એ રસોડાનું કામ નોકરો દ્વારા નહિ પણ આત્મનિર્ભરતાથી આશ્રમવાસીઓએ કરવું જોઈએ અને પરસ્પર વિરુદ્ધ આહાર ન ખાવો જોઈએ.' તો વળતા જવાબ રૂપે કથાનાયક રવીન્દ્રનાથ ફિનિકસ આશ્રમના બાળકોની સાદગી અને આત્મનિર્ભરતા વિશે ટકોર કરતા કહ્યું. 'આ બાળકો ભલાં અને શિસ્તબદ્ધ છે, પણ આ ઉંમરે બાળકો આટલાં બધાં શિસ્તબદ્ધ અને ભલાં ન હોવાં જોઈએ.'

ગાંધીજી અને રવીન્દ્રનાથ, બંને વિરાટ વ્યકિતવિશેષો વચ્ચે આભ–જમીનનું અંતર હતું. છતાં બંને વચ્ચે એક અત્યંત દઢ પણ નાજુક સેતુ સ્થાપિત હતો. ગાંધીજી જીવનના પ્રત્યેક પગલામાં પવિત્રતા શોધી રહ્યા હતા અને રવીન્દ્રનાથ એમાં સૌંદર્ય શોધી રહ્યા હતા. ગાંધીજીને મન સૌંદર્ય પવિત્ર હોવું જોઈએ અને રવીન્દ્રનાથને મન પવિત્રતા સુંદર હોવી જોઈએ એવો અર્થ થતો હતો. રવીન્દ્રનાથે ગાંધીજીને મહાત્માનું બિરૂદ આપતા કહ્યું હતું. 'તમે માત્ર મહામાનવ નથી પણ મહાત્મા છો '

આમ ઉપરોકત સંવાદોમાં બંને વિરાટ વ્યકિતની કાર્યપ્રણાલી અંગેના વિચારો વ્યકત થાય છે. એકબીજાની ખાસિયતો તરફ ટકોર પણ કરે છે. આમ છતાં બંને એકબીજાને બિરૂદ આપી નવાજે છે. એ જ મોટા લોકોની મહાનતા છે.

ગાંધીજીએ અસહકાર આંદોલનમાં પરદેશી વસ્ત્રોની હોળી કરી અને સ્વદેશી ચીજોવસ્તુનો વપરાશ કરવો એવું રણશિંગું ફુંકયું. ત્યારે રવીન્દ્રનાથે એ આંદોલનને વખોડી કાઢતું નિવેદન તૈયાર કરી 'સંસ્કૃતિનું મિલન' શીર્ષક હેઠળ પ્રતિભાવ આપ્યો. 'અસહકારના સંકુચિત વાતાવરણમાં પડી જગત–સંસ્કૃતિના પ્રવાહોથી અલગ થઈ જવું એ પાપ છે. આમ કરીને તો આપણે પશ્ચિમના આંધળા રાષ્ટ્રવાદની પૂજા કરીએ છીએ. રેંટિયાથી બુદ્ધિ જડ થઈ જાઈ છે. વિદેશી કપડાંની હોળી કરીને આપણે આપણાં કપડા બાળતા નથી પણ ગરીબોનાં કપડા બાળીએ છીએ, જેની ઉપર આપણો કોઈ અધિકાર નથી. ભારતવર્ષના લોકોએ માત્ર વર્તમાનને નજર સામે રાખીને જ નહિ જીવવું જોઈએ, પણ ભવિષ્યના માર્ગની આછી રેખા કલ્પનાચક્ષુ સમક્ષ હંમેશાં તરતી રાખવી જોઈએ.'

આમ બે વિરાટ વ્યકિતઓ વચ્ચેના સામસામાં નિવેદનોથી દેશભરમાં

ખળભળાટ મચી ગયો. એટલે આ મુદ્દા ઉપર ચર્ચા કરવા દીનબંધુ એન્ડ્રુઝે પરસ્પર મળવાનું સૂચવ્યું. એટલે ગાંધીજી શાંતિનિકેતન આવ્યા. કેટલીક નિખાલસ ચર્ચાઓ થઈ. પણ એનું કોઈ વિશેષ પરિણામ આવ્યું નહિ. બંને મુઠ્ઠી–ઊંચેરા માનવી પોતપોતાના સ્થાને અવિચલ રહ્યા. આ નિષ્ફળ વાટાઘાટો પછી નજીકના દિવસોમાં શાંતિનિકેતનમાં રવીન્દ્રનાથનો સાઠમો જન્મદિવસ ઊજવવાનો હતો. પૂર્વ તૈયારી થઈ ગઈ હતી. એ દરમ્યાન અસહકારની લડતમાં બ્રિટિશ સરકારે ગાંધીજીની ધરપકડ કરી. એ સમાચાર સાંભળતા જ કથાનાયક રવીન્દ્રનાથ અત્યંત ઘેરા અવાજે બોલ્યા. 'ગાંધીજીની ધરપકડ એ રાષ્ટ્રનું અપમાન છે. અપમાનનો આ ઘૂંટડો ગળી જઈને આપણે આ ઉત્સવ ઊજવી શકીએ નહિ. હવે આ કાર્યક્રમ યોજી શકાય નહિ. એને રદ કરવાની જાહેરાત કરો.'

કથાનાયક રવીન્દ્રનાથની હત્યા કરવા ગદ્દર પાર્ટીએ ષડ્યંત્ર ગોઠવ્યું હતું. ત્યારે સાનફ્રાન્સિસ્કોમાં જાહેર નિવેદનમાં રાષ્ટ્ર અને સત્ય અંગેના વિચારો વ્યકત કર્યા. 'દેશ અને રાષ્ટ્ર મારી દૃષ્ટિએ બહુ ઊંચા આસને બિરાજે છે. દેશની સેવા કરવા હું સંપૂર્ણ તૈયાર છું, પણ જે સત્ય છે એ દેશથી પણ બહુ ઊંચા આસને બિરાજે છે અને હું વંદન તો એ સત્યને જ કરીશ.'

ગાંધીજીએ રોલેટ કાયદાના વિરોધના અનુસંધાને ૨૩ એપ્રિલ ૧૯૧૯નાં રોજ પંજાબના અમૃતસરમાં એક સભા જલિયાંવાલા બાગમાં બોલાવી. ત્યારે બ્રિટિશ સરકારે હિંસાનું શસ્ત્ર ઉગામ્યું. એમાં સેંકડો માણસો મૃત્યુ પામ્યા અને હજારો ઘવાયા. એ સમાચાર રવીન્દ્રનાથને મળતાં અત્યંત ક્ષુબ્ધ થઈ ઊઠયાં. કથાનાયક ચિત્તરંજનદાસ અને ગાંધીજીને મળ્યાં. પણ સરકાર કોઈ વધુ કટોકટીમાં ધકેલાય જાય એટલે આંદોલન માટે ઈન્કાર કર્યો ત્યારે રવીન્દ્રનાથનું મોં રૂંધાઈ ગયું. એમણે ચાર વર્ષ પહેલાં બ્રિટિશ સરકારે નાઈટહૂડનો ખિતાબ આપ્યો હતો તેનો ત્યાગ કરતો પત્ર તત્કાલીન વાઈસરૉય ચેમ્સફર્ડને લખ્યો. 'સરકારે પંજાબમાં જે અત્યાચાર કર્યો છે એનાથી બ્રિટિશ પ્રજા તરીકે હિંદુસ્તાનમાં અમે અત્યંત અસહાય અને શરમજનક પરિસ્થિતિમાં મુકાઈ ગયા છીએ. રાક્ષસી તાકાતથી સજજ એવી કોઈ પણ સરકાર માટે પોતાના પ્રજાજનોનો આ વિનાશ માનવીય મૂલ્યોથી આંકી શકાય એવો નથી. અમારા હૈયામાં જે વ્યથા અને ધૃણા પેદા થયાં છે એ પ્રગટ કર્યા સિવાય રહી શકાય એમ નથી..આ

સંજોગોમાં શાહી સરકાર તરફથી પ્રાપ્ત થયેલાં માનચાંદ કે ઈનામ–અકરામ ધારણ કરવાં એ આ અત્યાચારનું સમર્થન કરવા સમાન છે અને મારા પક્ષે હું આવું કોઈ સમર્થન કરી શકું એમ નથી. આ સંજોગોમાં હું મારા દેશબાંધવોના અપમાનની પડખે ઊભો રહું છું અને શાહી સરકારે એનાયત કરેલા સરના સન્માનને પરત કરું છું.'

દક્ષિણ અમેરિકામાં આવેલો પેરૂ નામનો દેશ ૧૯૨૪માં પોતાના સ્વાતંત્ર્યની શતાબ્દી ઊજવી રહ્યો હતો. તેમાં દેશ–વિદેશની વિશિષ્ટ વ્યકિતઓને હાજર રહેવા નિમંત્રણો મોકલ્યાં હતા. એમાં ભારતીય કવિ રવીન્દ્રનાથ ટાગોરનો સમાવેશ થયો હતો. ૨૪–૯–૧૯૨૪નાં રોજ પુત્ર રથીન્દ્ર તથા પુત્રવધૂ પ્રતિમા અને મદદનીશ એમહર્સ્ટ સાથે આર્જન્ટીના પ્લાઝામાં હોટેલે ઉતરે છે ત્યાં કેટલાક સાહિત્યકારો અને મર્મજ્ઞો આ હોટેલમાં મુલાકાતે આવે છે. તેમાં વિકટોરિયા ઓકમ્પો નામની એક યુવતી આવે છે. રવીન્દ્રનાથની તબિયત અને પ્લાઝામાં હોટેલની અવ્યવસ્થા જોતા પોતે સાન ઈસીડ્રોમાં નદી કાઠે સોનાની માળા વેંચીને બંગલો ભાડે રાખે છે. ત્યાં બંને વચ્ચે 'વિદેશી ફૂલ' અને 'અતિથિ' કવિતાનું પઠન થાય છે. ત્યારે વિકટોરિયા ઉર્ફે વિજયા બંગાળી ભાષા શીખવાનું કહે છે. એટલે રવીન્દ્રનાથે કહ્યું કે, 'વિશ્વની તમામ ભાષાઓનો સાર જેવો એક શબ્દ બંગાળી ભાષમાં છે. આ એક શબ્દ જો તું શીખી લઈશ તો તને સમગ્ર બંગાળી ભાષા આવડી જશે. એ શબ્દ છે, 'ભાલો બાસા'

વિશ્વ કવિ રવીન્દ્રનાથ ટાગોરનો અડસઠમો જન્મદિવસ ઉજવવાનો હતો. એ સમયે કથાનાયકે સુવર્ણ તુલાથી પણ અધિક મૂલ્યવાન એવા પદાર્થ વિશે અભિપ્રાય આપ્યો. 'મને લાગે છે કે પુસ્તક એ સહુથી મૂલ્યવાન પદાર્થ છે. સુવર્ણ તો શું પણ હીરા, માણેક કે રત્ન સુધ્ધાં આ ઉત્તમ પુસ્તકના મૂલ્યની બરાબરી કરી શકે નહીં.' આથી વરસગાંઠના દિવસે પુસ્તક તુલા કરવામાં આવી અને એ પુસ્તકો બંગાળના જુદા જુદા ગ્રંથાલયોને ભેટસ્વરૂપે મોકલવામાં આવ્યાં. આમ રવીન્દ્રનાથની પુસ્તકપ્રીતિ પ્રગટ થાય છે.

હંગેરિયન કલાકાર એલીઝાબેથ વિશ્વના જુદા જુદા દેશોની જુદી જુદી ચિત્ર કલાઓનાં દર્શન અને અભ્યાસ કરી હિંદુસ્તાન અભ્યાસ કરવા શાંતિનિકેતનમાં આવે છે. એ દરમિયાન રવીન્દ્રનાથ ચિત્રકલા વિશે કહે છે કે, 'કોઈ પણ કલાકાર માટે એ જે માધ્યમમાં કામગીરી કરતો હોય એ માધ્યમમાં અભિવ્યકિતની શી સમસ્યાઓ હોય છે એ સમજણ પ્રાથમિક

જરૂરિયાત છે. કલાના સંસ્કારો જો વારસાગત હોય તો મારાં સંતાનો કવિ, લેખક, સંગીતકાર અને ચિત્રકાર બન્યાં હોત પણ જે રીતે વ્યાવસાયિકોનાં સંતાનો જે–તે વ્યવસાયમાં ગોઠવાય છે એ રીતે કલાના ક્ષેત્રમાં બનતું નથી.'

ચિત્રકલાનો એલીઝાબેથ અભ્યાસ પૂરો કરી હંગેરી જાય છે. ત્યાર પછી કથાનાયક રવીન્દ્રનાથ ઉપર ત્રણ પત્રો લખે છે. તેમાં રવીન્દ્રનાથના દર્શનની તડપ, તલસાટ અને પ્રેમ વ્યકત થયા છે.

'ગુરુદેવ, તમને જોવા માટે હું તડપી રહી છુ. મારી હાલત અત્યારે પાંખ કપાઈ ગયેલા પંખી જેવી છે. ઓહ એમ થાય છે કે ભલે ને થોડીક ક્ષણો માટે પણ હું ઊડતી–ઊડતી તમારી પાસે આવું.'

'મારા પ્રિય પ્રિય પ્રિય કવિ, હું તમને જોવા માટે તલસી રહી છું. તમારા શબ્દો સાંભળવા માટે મારા કાન અત્યંત ઉત્સુક છે. એવું લાગે છે કે જો મારી આંખ અને મારા કાન તૃપ્ત નહિ થાય તો મારું હૃદય ભાંગીને ભુકકો થઈ જશે.'

'સૌંદર્યના શિરમોર જેવા મારા પ્રિય કવિ, કદાચ તમને લાગતું હશે કે હું વધુ પડતી લાગણીશીલ છું, પણ એમાં હું છું કરું? મને તમારા માટે પ્રેમ હોય અને તમારા વિના મારાથી રહેવાતું જ ન હોય તો મારે શું કરવું?'

આમ ઉપરોકત ત્રણ પત્રો મળ્યાં બાદ કથાનાયક રવીન્દ્રનાથે વળતો જવાબ લખ્યો. 'બેટી, તારા પત્રો મળ્યાં છે. મારાથી જવાબ લખી શકાયો નથી. તારે સમજવું જોઈએ કે હું હવે જૂના સંબંધ ભૂલતો જાઉં અને નવા સંબંધો ન બાંધું એ જ હિતકાર છે. તારે આપણી વચ્ચે જે વયનો ગાળો છે એને પણ સ્મરણમાં રાખવો જોઈએ.'

આમ એલીઝાબેથના પત્રમાં કથાનાયક રવીન્દ્રનાથ પ્રત્યેનો તલસાટ અને લાગણીભીનો પ્રેમ વ્યકત થાય છે. તો કથાનાયક જવાબરૂપે વયની મર્યાદા જાળવી બેટી તરીકેનો સંબંધ વ્યકત કરે છે. વાહ! કેવો અદ્ભૂત પ્રેમ! વાહ! કેવી વિચારક્રાંતિ!!

હિંદુસ્તાનની સ્વાતંત્રતા, રાષ્ટ્રીય ભાવના અને માતૃભાષા વિશે રવીન્દ્રનાથના વિચારો પ્રગટ થયા છે. 'રાજકીય સ્વાતંત્ર્ય વિના બીજો કોઈ વિકલ્પ નથી, પણ રાજકીય સ્વાતંત્ર્ય કરતાંય વધારે મહત્ત્વની વાત બૌદ્ધિક સ્વાતં છે. સ્વતંત્ર હિંદુસ્તાન જો બૌદ્ધિક

ગુલામીમાં પડયું રહેશે તો રાજકીય સ્વાતંત્ર્ય વ્યર્થ થઈ જશે. સાંસ્કૃતિક અને શૈક્ષણિક જાગૃતિ વધુ અગત્યની છે.'

'રાષ્ટ્ર એક એવી યાંત્રિક વ્યવસ્થા છે જેમાં રાજકીય અને આર્થિક હિતો સંકળાયેલાં છે. એનો પાયો સંઘર્ષ અને વિજય છે. આમાં સામાજિક સહકારને કયાંય સ્થાન નથી.''અંગ્રેજીનો સ્વીકાર માતૃભાષાના ભોગે કરી શકાય નહિ. માતૃભાષાને ઉવેખીને કોઈ પણ વિદેશી ભાષાની વાહવાહ કરવી એ માનસિક ગુલામીનું લક્ષણ છે. રાજકીય ગુલામીમાંથી મુકત થયા પછી પણ હિંદુસ્તાને માનસિક ગુલામીમાંથી મુકત થવા માટે આકરો સંઘર્ષ કરવો પડશે.'

૭મી ઓગસ્ટે સૂર્ય જયારે બરાબર મધ્યાકાશે આવ્યો ત્યારે પૃથ્વી પરના આ સૂર્યે વિદાય લીધી. એમની વિદાયના સમાચાર સાંભળીને અંતિમ દર્શન કરવા માટે સાંજ સુધીમાં તો આખું કલકત્તા જોડાસાંકોના દરવાજે એકઠું થઈ ગયું. નીમતોલા ઘાટ જવાના માર્ગ ઉપર પગ મૂકવા જેટલી જગ્યા રહી નહોતી. હિંદુસ્તાનના ઈતિહાસે આવી અંતિમયાત્રા અને આવી ચિરવિદાય આ પહેલાં કયારેય જોઈ નહોતી અને આ પછી માત્ર એક જ વાર જોઈ. ૧૯૪૮ના જાન્યુઆરીની ૩૧મી તારીખે સાંજે દિલ્હીના રાજઘાટ ઉપર લાખો લોકો ફરી એક વાર આવા જ વિવશ થયા હતા. આજે નીમતોલા ઘાટમાં ગુરુદેવ ઈતિહાસનો એક અધ્યાય બની ગયા. આ રવીન્દ્રનાથને એમના કાવ્યસંગ્રહ 'કડિ ઓ કોમલ'ની 'પ્રાણ' નામની કવિતાની પંકિતઓ દ્વારા અર્ધ્ય આપીએ..

મરિતે ચાહિ ના આમિ સુન્દર ભુવને
માનવેર માઝે આમિ બૉચિબાઈ ચાઈ.

અર્થાત્ 'આ સુંદર વિશ્વમાં મને મરવાની ઈચ્છા નથી થતી, મનુષ્યની વચ્ચે હું જીવવા ચાહું છું.' આમ ખરેખર રવીન્દ્રનાથ ક્ષર દેહે નહીં પણ અક્ષર દેહે જીવે છે. અ–મૃત પંથનો યાત્રી છે. અનંત પંથનો યાત્રી છે.

॥ અજો નિત્યઃ શા તોડયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥

આ અ–મૃત પંથના યાત્રીને જીવનમાં પ્રથમ ભાભી કાદંબરીદેવીની આત્મહત્યાનો આઘાત અનુભવ્યો. આ પછી પત્ની મૃણાલિનીદેવી, દીકરી રેણુકા, પિતા

દેવેન્દ્રનાથ અને નાનો પુત્ર શમીન્દ્રનું અવસાન થયું. જે કૌટુંબિક આપત્તિની ચરમસીમા હતી. એ ઈશ્વરદત્ત વેદનાઓ કવિએ માથે ચડાવી. એ દિવસોની કવિતા ઈશ્વરને અર્ઘ્યરૂપે ઊતરી આવી એ જ 'ગીતાંજલિ'.

આમ નવલકથામાં રવીન્દ્રનાથનો પ્રકૃતિપ્રેમ, મનુષ્યપ્રેમ, રાષ્ટ્રપ્રેમ અને કાવ્ય પ્રેમ ઈશ્વરપ્રેમમાં પર્યવસિત થાય છે.

સિદ્ધહસ્ત નવલકથાકાર દિનકર જોષીના કળાયેલા હાથે લખાયેલી જીવન ચરિત્રમૂલક નવલકથા 'અ–મૃત પંથનો યાત્રી' સૌના હૃદયમાં બિરાજે છે. નવલકથામાં સંવાદકલા અને નાટયાત્મક ક્ષણો પૂર બહાર ખીલી છે. ખરેખર ભજવી શકાય એવી નાટયાત્મક નવલકથા લખી છે. રવીન્દ્રનાથની વિચાર જયોત નવલકથામાં પાને પાને પ્રગટે છે. પ્રેમ, એકતા, રાષ્ટ્ર, ધર્મ, સંસ્કૃતિ, મૃત્યુ, સત્ય, ત્યાગ, પુસ્તક, કલા, માતૃભાષા અને ઈશ્વર અંગેના કથાનાયકના વિચારો ઊડીને આંખે અને હૃદયે વળગી જાય છે. છલોછલ ભરેલા કરુણરસમાંથી વેદના–સંવેદના પ્રગટે છે. નવલકૃતિ જન્મે છે. એ સર્જન ખરેખર અ–મૃત છે. અને એ પંથના યાત્રી બનવાનું સર્જક ઈંઝન કરે છે. આથી શીર્ષક પણ ઔચિત્યપૂર્ણ ઠરે છે. આમ રવીન્દ્રનાથના વિચારો, મનોવ્યાપાર અને સંવાદોમાંથી જ કથાનાયકનું વ્યકિતત્વ ભાવક પામી જાય છે. ખરેખર વિશ્વ માનવી રવીન્દ્રનાથ ટાગોરના જીવન પર લખાયેલ 'અ–મૃત પંથનો યાત્રી' જીવનચરિત્રમૂલક નવલકથામાં સહભાગી થવાનો ખરો યશ લેખક દિનકર જોષીનો છે. સંશોધક...ભાવક...સૌનો...

॥ ૧૬. 'રાજપુરુષ'–પ્રસાદ બ્રહ્મભટ્ટ, ૨૦૦૩ ॥

મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના જીવન આધારિત માધવ રામાનુજે 'સૂર્યપુરુષ' નવલકથા આપી. તો પ્રસાદ બ્રહ્મભટ્ટે ૨૦૦૩માં 'રાજપુરુષ' જીવનચરિત્રમૂલક નવલકથા આપી. આ બાયોગ્રાફિકલ નોવેલમાં 'છોટે સરદાર' તરીકે જાણીતા થયેલાં રાજપુરુષ ચીમન ભાઈ પટેલના જીવનનો એક રાજકીય કાલખંડ સત્તર પ્રકરણમાં નિરૂપવામાં આવ્યો છે.

રાજનેતા ચીમનભાઈ પટેલના જીવન આધારિત 'રાજપુરુષ' **A Biographical Political Novel**ની સામગ્રી સંદર્ભે 'નિવેદન'માં સર્જક નોંધે છે કે, ''ગુજરાતમાં નવ નિર્માણનું આંદોલન થયું ત્યારે હું ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં એમ.એ.પાર્ટ–૧માં અભ્યાસ કરતો હતો અને યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહેતો હતો, તેથી આંદોલન મેં પ્રત્યક્ષ જોયું હતું, અનુભવ્યું હતું. એ પછીની ઘટનાઓથી પણ હું સુપેરે પરિચિત છું. પરંતુ આ ચરિત્રાત્મક નવલકથા હોવાથી મુખ્યપાત્રના જીવનની અંતરંગ માહિતી પણ મેળવવી પડે છે. ચીમનભાઈ આપણી વચ્ચે નથી. તેમના નિકટના સાથી અને મારા મિત્ર મફત ઓઝા પણ અકાળે અવસાન પામ્યા છે. તેથી વિગતો માટે મારે ચીમનભાઈનાં જીવન–સહચરી ઊર્મિલાબહેનનો સંપર્ક સાધવો પડયો. તેમણે ઘણીબધી માહિતી આપી કેટલાંક સંદર્ભ પુસ્તકો પણ આપ્યાં. પ્રવીણ શેઠના અને અન્ય તત્કાલીન રાજકારણને સ્પર્શતાં પુસ્તકોમાંથી પણ ઠીક ઠીક માહિતી મળી..પરંતુ ચીમનભાઈના પરદેશ પ્રવાસ વિશે ખાસ વિગતો ન મળી તેથી અમેરિકા પ્રવાસને લગતાં અંતિમ બે પ્રકરણોમાં કલ્પનાને છૂટો દોર આપવો પડયો છે. પ્રવાસ સ્થળોનાં વર્ણનો તથા માહિતી માટે શ્રી ભોળાભાઈ પટેલ તથા શ્રી મોહનલાલ પટેલનાં અમેરિકા પ્રવાસ વિશેનાં પુસ્તકોનો આધાર લીધો છે. મળેલ માહિતીની ચોકસાઈ માટે શકય તેટલી તકેદારી રાખી છે. છતાં કયાંક વિગતદોષ થવાની સંભાવનાનો ઈન્કાર નથી કરતો. નવલનાં મુખ્યપાત્રો વાસ્તવિક છે, કેટલાંક ગૌણપાત્રો કાલ્પનિક છે. આખરે આ જીવનચરિત્ર કે ઈતિહાસ નથી, નવલકથા છે. તેથી તેમાં કલ્પનાને અવકાશ રહેવાનો જ. છતાં એટલું રહીશ કે મેં કલ્પનાનો આશ્રય શકય તેટલો ઓછો લીધો છે.''[૫૪]

કથાનાયક ચીમનભાઈ પટેલ ચૂંમાલીસ વર્ષની નાની વયે અપાર લોકપ્રિયતા

મેળવી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. એ એમના જીવનની અસાધારણ ઘટના હતી. બસો સાત દિવસની સરકારમાં જ ભ્રષ્ટાચારીનું લેબલ લાગ્યું એટલે સત્તાચ્યુત થવું પડયું. ૯મી ફેબ્રઆરી, ૧૯૭૪ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું એ એમના જીવનની કટોકટીપૂર્ણ ક્ષણ હતી. એ સંઘર્ષગાળાના આરંભિક બાવીસ મહિનના જીવનના કાળખંડને કેન્દ્રમાં રાખી ચરિત્રાત્મક રાજકીય નવલકથા આલેખી છે. રાજનેતા ચીમનભાઈ સામે છાત્રશકિત, રાષ્ટ્ર–શકિત કે લોકશકિતનો સંઘર્ષ નવનિર્માણના આંદોલનરૂપે પ્રારંભે આલેખ્યો છે. માર્ચ ૧૯૭૬માં અમેરિકા આઈ.સી.એસ.ડબલ્યુની ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ગયા. ત્યાં સુધીનો કાલખંડ યથાર્થરૂપે આલેખિત થયો છે.

‘રાજપુરુષ’ જીવનચરિત્રાત્મક નવલકથામાં કથાનાયક ચીમનભાઈનું વ્યકિતત્વ આલેખવામાં આવ્યું છે. કથાનાયકને વિશેષતા અને મર્યાદાથી સભર માનવરૂપે ચિત્રિત કરવામાં આવ્યા છે. કથાનાયક ચીમનભાઈ સામે નવલકથાના આરંભમાં જ પડકાર ઝીલવાનો આવે છે. નવ નિર્માણના આંદોલનકારોએ ભ્રષ્ટાચારી અને ચોર કહ્યા. આથી મુખ્યમંત્રી પદેથી રાજપુરુષ ચીમનભાઈએ રાજીનામું આપ્યું. અને પુનઃમુખ્યમંત્રી બનવાનો મકકમ નિર્ણય લીધો. આમ કથાનાયકના જીવનની સંઘર્ષમય કટોકટીની પળોને સર્જકે ઝડપી લીધી છે. રાજવેત્તા ચીમનભાઈ પટેલના જીવનના બાવીસ મહિનાના કાળખંડને કેન્દ્રમાં રાખી રાજકીય જીવનચરિત્રાત્મક નવલકથા આપી છે.

કથાનાયક રાજપુરુષ ચીમનભાઈ પટેલની ગુણસંપદા, કાર્યશૈલી અને વિવિધક્ષેત્રની સેવાઓ નવલકથામાંથી પામી શકાય છે. રાજપુરુષ ચીમનભાઈ બુદ્ધિમાન રાજકીય નેતા હતા. કુટુંબ વત્સલ અને ખેડૂતપુત્ર હતા. રાજનીતિમાં ચાણકય, મહત્ત્વકાંક્ષી, સોશ્યલ વર્કર, દૂરંદેશિ અને સ્પષ્ટ વકતા હતા. સંઘર્ષ સામે સ્વસ્થ અને મકકમ રહેતા. એક વિચારશીલ, સંકલ્પશીલ અને અધ્યયનશીલ રાજકીય નેતા હતા. બહુશ્રુત અને બાહોશ વ્યકિતત્વ નવલકથામાંથી નીખરી ઊઠે છે.

કથાનાયક ચીમનભાઈએ વિવિધક્ષેત્રમાં સેવાઓ અદા કરી છે. એમાંથી એક અલાયદું વ્યકિતત્વ પ્રગટે છે. કિમલોપના સ્થાપક, ગુજરાત હોમિયોપેથિક મેડિકલ કોલેજના પ્રમુખ, ગુજરાત કેળવણી ફાઉન્ડેશનનાં ટ્રસ્ટી, અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજના

અર્થશાસ્ત્રના અધ્યાપક, ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ અને એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્ય, આર્ટ્સ ફેકલ્ટીના ડીન, સરદાર વલ્લભભાઈ પટેલ આર્ટ્સ કોલેજના આચાર્ય, ૧૯૬૭માં સાંસ્કૃતિક, રમત ગમત અને પરિવહન ખાતાના મંત્રી, ૧૯૭૨માં ઉદ્યોગ, ખાણ અને વીજળી ખાતાનાં મંત્રી, ભારતીય સમાજ કલ્યાણ પરિષદના પ્રમુખ, ૧૯૭૩માં ગુજરાતના મુખ્યમંત્રી અને અમેરિકામાં આઈ.સી.એસ.ડબલ્યુની ઈન્ટરનેશનલ કોન્ફરન્સ અને પ્રવાસ સુધીનો ચીમનભાઈના વ્યકિતત્વનો સંઘર્ષ આલેખાયો છે. છતાં કથાનાયક અનેક જગ્યાએ સત્તારૂઢ થતાં રાજપુરુષના દર્શન થાય છે.

કથાનાયકના વ્યકિતત્વને વિકસાવતા અન્ય ગૌણપાત્રો જીવનસંગિની ઊર્મિલા બહેન, પુત્ર સિદ્ધાર્થ, પુત્રવધૂ વિરાજ, લાડલી પુત્રી સુજાતા અને સુહૃદ–દત્તુ, વેવાઈ ડૉ.અંબુભાઈ અને નિર્મળાબહેન, ગુજરાતીના અધ્યાપક પ્રો.દિવાકર, અંગ્રેજીના અધ્યાપિકા મીરાં મેનન, ખેડૂત આગેવાન શ્રીવલ્લભભાઈ, રમણિકભાઈ, જમનભાઈ, શ્રીમતી ઈલાબહેન જાની, ખૂનખાર કેદી મલખાનસિંહ અને મુસ્તાક એહમદ, રજનીભાઈ પટેલ, વી.સી.શુકલ, શ્રીમતી પારમિતા બેનર્જી, જીવનઘડતર અને વિકાસમાં અન્નય યોગદાન આપનાર પ્રફુલ્લરાય, ડૉ.રમણલાલ, રાજુભાઈ, શંભુભાઈ, દ્વારકાદાસ, દિલ્હી વિરોધપક્ષના નેતાઓ, મોરારજીભાઈ, ચરણસિંહ, ચંદ્રશેખર. મુખ્યમંત્રી ઘનશ્યામ ઓઝા, મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ, વડાપ્રધાન ઈન્દિરા ગાંધી, વિદ્યાર્થીઓ, યુવાનો, આગેવાનો, સાથીદારો, સહપ્રવાસીઓ વગેરે વાસ્તવિક પાત્રો દ્વારા રાજપુરુષના વ્યકિતત્વની વિશિષ્ટતાઓ અને મર્યાદાસભર પાસાઓ વિકસે છે.

આમ રાજપુરૂષ ચીમનભાઈના જીવન પર લખાયેલ નવલકથા પ્રશસ્તિ પરક બની રહે છે. આથી પ્રેમચંદના શબ્દોમાં કહી શકીએ કે, ‘ખાવું અને પીવું તેનું નામ જીવન નથી, જીવનનું નામ સતત આગળ વધવું તેનું નામ જીવન.’ આમ કથાનાયક અનેક સંઘર્ષો પાર કરી સતત આગળ વધતા રહ્યા છે. પોતાની રાજકીય કારર્કિદીનું ઘડતર કરતા રહે છે.

પ્રસાદ બ્રહ્મભટ્ટે આ નવલકથામાં રાજયવેત્તા ચીમનભાઈ પટેલના જીવનનો એક કાલખંડ લીધો છે. એટલે સંપૂર્ણ જીવન ‘સૂર્યપુરુષ’ નવલકથાની જેમ પામી શકાતું નથી. પણ નવનિર્માણ આંદોલન અને રાજકીય પરિવેશમાં એક રાજકીય પુરુષનું ચરિત્ર પામી શકાય છે.

એટલે જ શીર્ષક પણ 'રાજપુરુષ' આપ્યું છે. તે યથાર્થ છે. લેખક વર્ણનો, સંવાદો અને નાટયાત્મક ક્ષણોની તકો હોવા છતાં આલેખી શકયા નથી. હજી જેનો સમય ભૂતકાળ નથી થયો એવા જાહેર જીવનના રાજનીતિજ્ઞ વિશે લખવું એ કપરું કાર્ય લેખક તટસ્થ, નિર્ભિક અને દક્ષતાથી કરી શકયા છે.

॥ ૧૭. 'સિંહપુરુષ'–ડૉ.શરદ ઠાકર, ૨૦૦૮ ॥

ડૉ.શરદ ઠાકરની ધારદાર કલમે પાંત્રીસ પ્રકરણમાં લખાયેલ 'સિંહપુરુષ' **Biographical novel** છે. કથાનાયક વીર સાવરકરનું જીવનકાર્ય અને વ્યકિતત્વને રૂંવાડાં ખડાં થઈ જાય એ રીતે સર્જકે આલેખ્યું છે. ૧૮૯૭ થી ૧૯૬૬નાં સમયગાળામાં આ નવલકથા વહે છે. એટલે કે અગિયાર વર્ષના વિનાયક સાવરકરનું જીવન ઝરમર એના મૃત્યુ સુધી નવલકથામાં વહે છે. આથી વીર સાવરકરની સર્વાંગીણ છબી નવલકથામાં આકારિત થાય છે.

કથાનાયક વીર સાવરકરનું વ્યકિતવૈશિષ્ટય નવલકથામાં અનેક પ્રકારે ઉપસી આવ્યું છે. નવલકથાના પ્રારંભે બાળ સેનાપતિ વિનાયકે બાળમિત્રોની 'મરાઠા રેજિમેન્ટ' બનાવી 'નીમજગા' ટેકરી પરની મસ્જિદ તોડી નાખી. આથી પોતાની સાહસિકતા પ્રગટ થાય છે. આ પછી અનેક પરાક્રમોની હારમાળા રચી દેઈ છે. બાળમિત્રો સાથે મહાભારતનું યુદ્ધ ખેલ્યું. ભગૂરની પ્રાથમિક શાળા અને નાસિકની શિવાજી સ્કૂલમાં અભ્યાસ કર્યો. કોલેજમાં 'આર્ય વીકલી' સામાયિક શરૂ કર્યું. વિદેશી વસ્તુની હોળી કરી. 'અભિનવ ભારત' સંસ્થાની સ્થાપના કરી. ગણેશોત્સવની ઉજવણી કરી. ઇંગ્લેન્ડની ધરતી પર 'ઈન્ડિયા હાઉસ'ના સાથીદારો સાથે ખાનગી બેઠક યોજી પરીક્ષા પાસ કરી પણ બેરિસ્ટરની ડિગ્રી ન સ્વીકારી. માર્સેલ્સના બંદરે જહાજમાંથી કૂદકો માર્યો. યરવડા જેલમાં કેદ થયા. એટલે સરકારે મિલકત જપ્ત કરી. આંદામાનની સેલ્યુલર જેલમાં કેદ કર્યા. પચાસ વર્ષની જન્મટીપ પડી. કાળાપાણીની સજા થઈ. કોલુમાં જોતરાવું, નાળિયેરના છીલકા કૂટવા અને દોરડા વણવા વગેરેની જેલમાં કામગીરી કરી. મોટાભાઈ સાથે જેલમાં મેળાપ થયો. ધર્મ પરિવર્તન થયેલા હિન્દુઓને પુનઃહિન્દુ બનાવ્યા. તેલના કોઠારના અધિપતિ તરીકે નિમણૂક થઈ. રત્નાગીરી હિન્દુ સભાની રચના કરી. શિવાજી સમારોહની ઉજવણી કરી. શિરગાંવની વિજયા દશમીમાં બ્રાહ્મણો અને હરિજનો એ ભેગા મળી ઊજવી કરી. સામાજિક દુષણો દૂર કર્યાં. ધર્મપરિવર્તનની સામે શુદ્ધિકરણની પ્રવૃત્તિ શરૂ કરી. વિઠોબા મંદિરમાં દલિતોને પ્રવેશ અપાવ્યો. સત્યાવીસ વર્ષે કારાવાસમાંથી મુકિત મળી.

કથાનાયક સિંહ સાવરકર હિંદ મહાસભાનાં પ્રમુખ બન્યા હતા. મુંબઈ

સાહિત્યિક અધિવેશનમાં અધ્યક્ષ થયા. ડાયમન્ડ જયુબિલીની ઉજવણી કરી. 'સાવરકર સદન' પર હિંસક હુમલો થયો. ગાંધી હત્યા બારામાં મુંબઈની આર્થર રોડ જેલમાં કેદ કર્યા અને પછી મુકિત આપી. પક્ષઘાતનો જીવલેણ હુમલો આવ્યો. ૧૯૬૬ની છવ્વીસમી ફેબ્રુઆરીના રોજ શનિવારના દિવસે સવારે અગિયારને અગિયાર મિનિટે પ્રાણ ત્યાગ કર્યો. એવા સાહસવીર સાવરકરની સાહસકથા લેખકે આલેખી છે. આ નરબંકાના જીવન સંઘર્ષને જોતા રવીન્દ્રનાથ ટાગોરનો વિચાર યાદ આવે છે. 'મુશ્કેલીઓનો સામનો કરવો એનું નામ જિંદગી.

કથાનાયક વીર સાવરકરનાં વ્યકિતત્વની પાંખડીઓ નવલકથામાં ઠેર ઠેર ખીલી છે. વીર સાવરકર એટલે બાળકોમાં બાળ શિવાજી, બાળ સેનાપતિ અને તોફાની વિનાયક. મિષ્ટભાષી, સંસ્કારી અને તેજસ્વી કિશોર વિનાયક. મનુષ્યોમાં શ્રેષ્ઠ અને ક્રાંતિકારીઓમાં વિશ્વ શ્રેષ્ઠ વીર સાવરકર. હિંદુઓના હૃદય સમ્રાટ, શૂરવીરોમાં શિરમોર, રાજનીતિના પરખંદા, માતૃભૂમિના પ્રખર આરાધક, પરશુરામના અવતાર, અર્વાચીન શંકરાચાર્ય અને પીર. અજોડ, પ્રખર અને પ્રચંડ દેશભકિતનો દાવાનળ, નિષ્કપટ, નિષ્પાપ, પ્રેમાળ અને પ્રભાવક વ્યકિતત્વ, મુઠ્ઠીમાં મૃત્યુ લઈ ફરનારા, ઈતિહાસ નિર્માતા, આદર્શપુરુષ શિવાજી, અભૂતપૂર્વ બલિદાન, ત્યાગ અને શૌર્યમૂર્તિ, ઉત્તમ લેખક, કવિ, અદ્વિતીય અને ઈર્ષાજનક વકતૃત્વશકિત, તેજાબી વિચારો, અદ્‌ભુત સંગઠનકર્તા, ભવિષ્યવેત્તા,દઢ સંકલ્પશીલ, અપ્રતિમ સાહસ, અતુલ સંયમ, અવિરત સંઘર્ષ, સ્વપ્નસેવી, સમાજ સુધારક, કુટુંબ પ્રેમી, કર્મષ્ઠ, સ્વાભિમાની, કાળવિજયી, ક્રાંતિકારી, મેધાવી, દીર્ઘદષ્ટા, કાયદાના જાણતલ બેરિસ્ટર, સ્વાતંત્ર્યવીર, એકલવીર, બ્રહ્મવીર, યુગપુરુષ, મહાપુરુષ, વીરપુરુષ અને સિંહપુરુષની ગુણસંપદાને લેખકે નવલકથા દ્વારા ઉજાગર કરી છે. ખીલવી છે. ખરેખર રણમાં ખીલેલા બેનમૂન ગુલાબ જેવું વ્યકિતત્વ વીર સાવરકરનું હતું.

વીર સાવરકરના જીવન દરમ્યાન જે વ્યકિતઓ આવી છે, તે અહીં સાચા પાત્રો રૂપે આવી છે. પિતા દામોદરપંત, માતા રાધા, કાકાબાપુ, મોટાભાઈ ગણેશ, નાના ભાઈ નારાયણ, બહેન, યશુભાભી–સરસ્વતીભાભી, પત્ની યમુનાતાઈ, બનેવી ભાસ્કરરાવ કાળે, મિત્રો, પડોશીઓ, સ્વજનો, પ્રખ્યાત લેખક અને આર્ષકવિ બલવંત ખંડુજી, પ્રો.પટ્ટવર્ધન, પ્રિ.આર.પી.પરાંજપે, લોકમાન્ય ટિળક, પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, આદર્શપુરુષ શિવાજી

મહારાજ, ચાફેકર બંધુઓ, રણુ દરજી, પિતાના મિત્ર રામભાઉ દાતાર, દલિત–અસ્પૃશ્ય આંબા પાંગળે, મોટા ભાઈના સસરા નાનારાવ ફડકે, જહવાર રાજયના દીવાન સુર ભાઉરાવ ચિપલણકર, શ્રીમાન્ સદાચારી, હરનામસિંહ, દાદાભાઈ નવરોજી, મદનલાલ ઢીંગરા, મેડમ કામા, વકીલ મિ.બેપ્ટિસ્ટા, સેલ્યુલર જેલનો યમદૂત જેવો જેલર મિ.બારી, મિર્ઝાખાન, વફાદાર સાથીદારો લાલા હરદયાલ, વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય અને ડૉ.સી.પિલ્લાઈ, આયરીશ નવા જેલર મિ.ડિગીન્સ, ડૉ.હેડગેવાર, શૌકતઅલી, સુભાષચંદ્ર બોઝ, ગાંધીજી, રાજગોપાલાચારી, પંડિત નહેરુ, વાઈસરૉય ઓફ ઈન્ડિયા લૉર્ડ લિન્લીથગો, ઉદ્યોગપતિ શેઠ વાલચંદ હીરાચંદ, રાસબિહારી ઘોષ, અંગરક્ષક આપ્પા કસ્સારજી, મિત્ર શ્રીભોપટકર, શ્રીકેતકર અને શ્રીજમનાદાસ મહેતા વગેરે ગૌણ પાત્રો દ્વારા વીર સાવરકરની જીવનરેખાઓ ઉપસી આવી છે.

વીર સાવરકરના તેજાબી વિચારમૌતિકો દિલ અને દિમાગને સ્પર્શી જાય છે. થોડાક દષ્ટાંતો જોઈએ. 'શસ્ત્રનો પ્રકાર બદલાઈ શકે છે, પણ એનો પ્રહાર નથી બદલાતો.' (પૃ.૫૭), 'સામર્થ્ય અને ઉંમરને સાત પેઢીનોયે સંબંધ નથી.'(પૃ.૬૨), 'દેશની આઝાદીથી ઓછું કશું જ ખપતું નથી.'(પૃ.૮૬), 'ગોખલે અને ફિરોઝશાહ જેવા મવાળ નેતાઓ 'સુરાજય' માગે છે, હું 'સ્વરાજય' માગું છું.'(પૃ.૮૬),'આ સાવરકર ઈતિહાસનો માલિક બનવા માટે સર્જાયેલો છે, માત્ર ઈતિહાસનો નાનકડો અંશ બનવા માટે નહીં '(પૃ.૧૦૮), 'સાવરકર માત્ર સફળતાનો પૂજારી છે. એને નિષ્ફળતા પ્રત્યે નફરત છે.' (પૃ.૧૩૧), 'સાવરકર શત્રુઓને મારવામાં માને છે, ભાઈઓને મારવામાં નહીં ' (પૃ.૧૩૩), 'પિંજરમાં પુરાયા માત્રથી સિંહનું રાજવીપણું ખતમ નથી થઈ જતું '(પૃ.૧૬૩), 'મૃત્યુ સ્વયં મારાથી ડરે છે, હું એનાથી ડરતો નથી ' (પૃ.૨૧૬),'સંગઠન, સાહસ અને પ્રચાર એ સાવરકરને મન ડાબા હાથનો ખેલ છે. ' (પૃ.૨૧૮), 'પચાસ વર્ષની બેવડી જનમટીપ મારો જીવ હરી શકે છે, પણ મારા ઝનૂનને નહીં.' (પૃ.૨૨૧).

'હું હિંસાનો સમર્થક છું અને ગાંધી અહિંસાના આરાધક છે.'(પૃ.૨૪૩), 'માફ કરજો મિ.લોઈડ. સાવરકર કેદખાનામાં પચાસને બદલે સો વર્ષ વિતાવી શકે છે, પણ પોતાના સાથીઓ સાથે દગો નથી કરી શકતો.'(પૃ.૨૪૪), 'હિંદુ– હિત–રક્ષક તરીકે મૃત્યુને ભેટવામાં મને હંમેશા ગૌરવ રહેશે.'(પૃ.૨૮૧), 'શત્રુઓ સામે સત્ય ન હોય અને આંતકીઓ

સામે અહિંસા ન હોય.'(પૃ.૨૮૯), 'મારા સિદ્ધાંતો માટે જો મારે મરવું પડશે તો હું મૃત્યુ માટે પણ તૈયાર છું.'(પૃ.૩૨૪), 'ધર્મનું સ્થાન હ્રદય છે, પેટ નહીં.'(પૃ.૩૭૬), 'ધર્માંતર એ જ રાષ્ટ્રાંતર છે.'(પૃ.૩૭૬), 'ભારતના પ્રત્યેક પરિવારમાંથી કમ–સે–કમ એક સભ્યને તો સૈનિક બનાવવો જ જોઈએ.'(પૃ.૩૭૬), 'નવ યુવાનોનો શ્રેષ્ઠ આદર્શ વસ્તુઓ નહીં, પણ વસ્તુઓનો ત્યાગ હોવો જોઈએ.'(પૃ.૩૭૫), 'મિત્રો, ઈતિહાસનું નિર્માણ કરવું એ આપણું કર્તવ્ય છે ઈતિહાસનું આલેખન કરવું એ ભાવિ પેઢીનું કામ છે.'(પૃ.૩૭૫), 'દેશદ્રોહીઓની સંગાથે પ્રથમ પંકિતમાં ઊભા રહેવા કરતાં તો બહેતર છે કે દેશભકતોની સંગાથે અંતિમ પંકિતમાં ઊભા રહેવું.', 'મૃત્યુ ખુદ મારાથી ડરે છે, હું મૃત્યુથી ડરતો નથી. ફાંસીનો ગાળીયો ચૂમીને, કરાલ કાળના સ્થંભને હચમચાવીને અનેક વાર હું પાછો વળ્યો છું. છતાં પણ હું જીવતો છું એ કાળની હાર છે.' આમ કથાનાયક સાવરકરના વિચારો હ્રદય સોંસરવા ઉતરી જાઈ એ રીતે લેખકે ધારદાર બાનીમાં આલેખ્યાં છે.

કથાનાયક વીર સાવરકરના જીવનને ઉજાગર કરતાં ઉદ્‌ગારો નવલકથામાં ઠેર ઠેર જોવા મળે છે. સ્વપ્નસેવી વિનાયક પિતાને કહે છે. 'બાબા, કોઈ પણ વ્યકિતની વય મહત્ત્વની નથી હોતી, એનાં સંસ્કાર, ગુણો અને સામર્થ્ય જ અગત્યનાં હોય છે. અને મારે પ્રજાને જીતવી છે.એ વગર બીજો રસ્તો નથી. મારી પાસે સમય ઓછો છે અને કાર્ય વિરાટ છે.'

દઢ સંકલ્પશીલ અને માતૃભૂમિ માટે મરી ફિટવાની ભાવના ધરાવતા વિનાયકે સમર્પિત વાણીમાં કહ્યું. 'હું પ્રતિજ્ઞા કરું છું કે મારી માતૃભૂમિને હું સ્વતંત્રતા આપીને જંપીશ. એ ઉદ્દેશ માટે હું દુશ્મનોને હણીશ. જીવનભર શત્રુઓની હત્યા કરતો રહીશ. જો મરીશ તો ચાફેકરની જેમ મરીશ અને જીવીશ તો શિવાજીની જેમ વિજયી બનીને માતૃભૂમિના લલાટે સ્વરાજનું કુમકુમ તિલક કરાવીશ. મારું સમગ્ર જીવન આ રાષ્ટ્ર માટે કુરબાન કરું છું.'

મરાઠા અને બ્રાહ્મણ સંસ્કારથી ગાજી ઊઠતા વીર સાવરકર બોલ્યા. 'મરાઠા મરતા નહીં, મારતા હૈ ડરતા નહીં, ડરાતા હૈ,પણ હું ચિત્તપાવન બ્રાહ્મણ છું. માંસાહાર નથી કરતો.'

વીર સાવરકર વિચારવંત, ફરજનિષ્ઠ અને દેશભકિતના દાવાનળ હતા. 'તમે મને બંધ કરી શકયા છો, પણ મારા વિચારોને નહીં.' સાવરકરની જિંદગીનો મુદ્રાલેખ હતો.

'ડયુટી ઈઝ મૉર ઈમ્પોર્ટન્ટ ધેન બ્યુટી.' સુંદરતા કરતાં ફરજ અધિક મહત્ત્વની હોય છે.' અને 'વીર સાવરકર વિશ્વના તમામ ક્રાંતિકારીઓમાં શ્રેષ્ઠ હતા. અમેરિકાનો વોશિંગ્ટન ક્રાંતિનો તણખો હતો, ઈટલીનો મેઝિની ભૂગર્ભ ક્રાંતિનો ભડકો હતો, રશિયાનો લેનિન ચળવળની ચિનગારી હતો અને હિન્દુસ્તાનના વીર સાવરકર દેશભકિતનો દાવાનળ હતો.' પંડિત શ્યામ કૃષ્ણવર્માનાં શબ્દોમાં સાવરકરનું વ્યકિતત્વ પ્રગટ થાય છે. 'હે ભારતમાતા તારો આ પુત્ર વ્યકિત નથી, પણ વિસ્ફોટક પદાર્થ છે. ફકત પુરુષ નહીં, પણ મર્દ છે.'

ગાંધીજી અને સાવરકર સ્નેહમિલનના પ્રસંગે એક મંચ ઉપર બિરાજમાન હતાં. એ સમયે ગાંધીજીએ કહ્યું. 'મને આજે સાવરકર જેવા મહાન દેશભકતની બાજુમાં બેસવાનું સદ્ભાગ્ય મળ્યું છે. એ વાતનું હું ગૌરવ અનુભવું છું. મને સાવરકરની બુદ્ધિમત્તા, નેતૃત્વશકિત અને પ્રખર દેશભકિત જોઈને અભિમાન સાથે આશ્ચર્યની લાગણી થાય છે.'

સેલ્યુલર જેલનો જેલર મિ.બારીની દીકરીના અભિપ્રાયમાં વીર સાવરકરનું વ્યકિતત્વ નિખરી ઊઠે છે. 'મિ.સાવરકર એક બહાદુર, પ્રામાણિક, અબજોમાં એક વાર જોવા મળે એવો પ્રખર રાષ્ટ્રભકત છે. એના જેવો જો એક જ વિદ્વાન પાકે તો આખું કુળ તરી જાય, એના જેવો જ એક વિચાર અને વકતા જન્મે, તો આખો સમાજ સમૃદ્ધ થઈ જાય, અને એના જેવો માત્ર એક જ દેશભકત દીકરો જો પેદા થાય તો પછી એ દેશને આઝાદ થતાં દુનિયાની કોઈ તાકાત રોકી શકે નહીં.'

માલવણ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ આર.કે.ગવાડએ કહ્યું કે, 'મને લાગે છે કે ગાંધીજી વત્તા વીર સાવરકર એટલે સ્વરાજ ' અને સિકંદરના યાદગાર વાકય પણ વીર સાવરકર માટે યોગ્ય જ છેઃ **He came ''he saw, he conquered'**

'સિંહપુરુષ' શીર્ષકને સાર્થક કરતા ઉદ્ગારો પિતાના મુખમાંથી સહજ રીતે સરી પડે છે. નવલકથાના પ્રથમ પ્રકરણમાં જ સાવરકરના પિતા કહે છે. 'બેટા ગણેશ, તું મારા ઘરનો વાઘ છે અને નારાયણ, તું મારો ચિત્તો છે અને મારા વહાલા વિનાયક, તું તો સિંહ છે.'

જેલર બારી સાહેબનાં મહેમાનો સાવરકરને જોવા માટે કહે છે, 'વી વોન્ટ ટુ સી ધેટ લાયન.' લંડન કોલેજના પ્રાધ્યાપકના મુખમાંથી સહજ ઉદ્ગાર નીકળી ગયો..'ઓહ,

સાવરકર ધેટ લાયન હાર્ટેડ રિવોલ્યુશનરી ફ્રોમ ઈન્ડિયા '

કટ્ટર દુશ્મન સેલ્યુલર જેલનો જેલર મિ.બારી પોતાની દીકરીને સાવરકર વિશે કહે છે ત્યારે શીર્ષક સાર્થક ઠરે છે. 'બેટા, જગતમાં માણસની ચામડી પહેરીને જીવતાં ઘેટાં તો તેં અસંખ્ય જોયાં હશે, પણ માણસની ખાલ પહેરીને ફરતો સિંહ જોવો હોય તો સાવરકરને જોઈ આવ આવો બહાદુર અને ટેકીલો પુરુષ માત્ર હિંદુસ્તાનની ધરતી ઉપર જ પેદા થઈ શકે.'

ઉપરોકત અભિપ્રાયો અને વિચારોમાં વીર સાવરકરની ગુણસમૃધિ અને શીર્ષક સાર્થક ઠરે છે. સરદાર પટેલને 'લોહપુરુષ', ચીમનભાઈ પટેલને 'રાજપુરુષ' તથા 'સૂર્યપુરુષ' અને વીર સાવરકરને 'સિંહપુરુષ' કહ્યાં છે તે યોગ્ય જ છે.

ડૉ.શરદ ઠાકરે વીર સાવરકરને કેન્દ્રમાં રાખીને જીવનચરિત્રમૂલક નવલકથામાં વીરપુરુષને શોભે તેવી વીરરસયુકત તેજાબી ભાષા પ્રયોજી છે. અલંકારો, કહેવતો અને સંસ્કૃત શ્લોકો સમન્વય સાધ્યો છે. હિન્દી, અંગ્રેજી અને પારસી ભાષાનો વિનયોગ કર્યો. દિલ અને દિમાગને સ્પર્શી જતા વીર સાવરકરના તેજાબી વિચારો અને ચિંતનમૌતિકો. સાચા પાત્રો અને સાચી ઘટનાઓનું અર્થઘટનયુકત આલેખન. કલાત્મક સંવાદો, વર્ણનો, શીર્ષકની સાર્થકતા અને કથાનાયકના પગલે પગલે સર્જાતું પરિવેશ વગેરે ગણનાપાત્ર સિદ્ધિઓ નવલકથાથી પ્રાપ્ત થાય છે. છતાં પણ કયાંક નવલકથાને ખૂંચે એવી ખામી રહી ગઈ છે. સાવરકરના બહિર સંઘર્ષની જેમ મનોસંઘર્ષ કે જાતસંઘર્ષનું આલેખન થયું નથી. સાવરકરની દેશદાઝ ભરી વાણીમાં લેખકનો આક્રોશ પ્રગટ થાય છે. સર્જકે ઘણી જગ્યાએ ખુલાસા આપ્યા છે તે કલાત્મકતા અને રસિકતામાં ખૂંચે છે. આમ છતાં નવલકથામાં સાવરકરનું જીવન સૂરજના સ્વર્ણિમ કિરણો જેવું ઝળહળતું સર્જક કલમે આલેખાયું છે. આથી આપણે સિંહપુરુષ વીર સાવરકરને કોઈ કાળે વીસરી નહિ શકયે.

અંતે સર્જકના શબ્દોમાં જોઈએ કે, ''વીર સાવરકરની જિંદગી ઉપર આધારિત નવલકથા રસિક, ચિત્રાત્મક ઢાંચામાં લખાયેલી આ નવલકથા એ માત્ર જીવનકથા નથી, મિત્રો વિશેષણોનાં વસ્ત્રો કે રૂપક, અતિશયોકિત અને ઉપમાના અલંકારોથી સજાવેલી આ કોઈ ભભકભરી 'બાયોગ્રાફી' પણ નથી. આ તો હૃદયમાંથી ટપકેલી અને પૃષ્ઠો પર પથરાયેલી એક

નરપુંગવ પ્રત્યેની પ્રેમકથા છે. આંખોમાં આંસુ અને કલમના ખૂન ભરીને લખાયેલી આ નવલકથા એટલે 'સિંહપુરુષ.''[૫૫]

॥ ૧૮. 'સાવિત્રી'–દક્ષા દામોદરા, ૨૦૦૮ ॥

દક્ષા દામોદરા 'નિવેદન'માં જણાવે છે કે, ''શોષિતો અને ઉપેક્ષિતોના જીવનમાં સમાનતા અને ન્યાયનો પાવક દીપ પેટાવનાર ડૉ.આંબેડકરે ત્રણ મહાન વિભૂતિઓને પોતાના ગુરુ પદે સ્થાપી હતી. એમાંના એક એટલે મહાત્મા જોતીબા ફૂલે અને મહાત્મા ફૂલે જેને પોતાના 'પરાકમાચી શિલ્પકાર' કહી નવાજતા હતાં તે એટલે તેમના ધર્મપત્ની સાવિત્રી બાઈ''[૫૬]

આ કથાનાયિકા સાવિત્રીબાઈ ફૂલેના જીવનકાર્યની સુવાસ ફેલાવતી સુવાચ્ય જીવનચરિત્રમૂલક નવલકથા એટલે 'સાવિત્રી'. જેનું આલેખન લેખિકા દક્ષા દામોદરાએ ૨૦૦૮માં કર્યું છે.

ડૉ.પથિક પરમાર 'દલિતોદ્ધારના જંગની વ્યથા–કથા' લેખમાં નોંધે છે કે, ''અર્વાચીન ગુજરાતી સાહિત્યનો સુધારક યુગ(૧૮૪૫–૧૮૮૫)માં સમાજ સુધારણાની જે પ્રવૃત્તિઓ થાય છે, જેમાં મહારાષ્ટ્રના, પુનાના માળી કુટુંબમાં ચીમનાબાઈના કૂખે જન્મેલા મહાત્મા જયોતિબા ફૂલે(૧૮૨૭–૧૮૯૦) અને તેમના પત્ની સાવિત્રી(૧૮૩૧–૧૮૯૭)નું યોગદાન પ્રશંસનીય છે. મનુપ્રેરિત વર્ણવ્યવસ્થાનો ભોગ બનેલા અસ્પૃશ્યો અને દલિત મહિલાઓના સર્વાંગી વિકાસ માટે પાયાનું કામ કરનારા જોતીરાવ, જોતીરાવમાંથી જોતીબા અને જોતીબામાંથી મહાત્મા જયોતિબા ફૂલે તરીકે કેવી રીતે વિકસ્યા, તેનો ઈતિહાસ અત્યંત રસપ્રદ છે.

જોતીબાએ તેમના વિચારો 'બ્રાહ્મણોનો કસબ', 'ગુલામગીરી', 'ખેડૂતનાં આંસુ', 'સાર્વજનિક સત્યધર્મ'–જેવા પુસ્તકોમાં શબ્દબદ્ધ કર્યા છે. દલિતોના મસીહા ડૉ.બાબાસાહેબ આંબેડકર(૧૮૯૧–૧૯૫૬) જેમને પોતાના ગુરુતુલ્ય માને છે. એવા જયોતિબાએ આંબેડકર અને ગાંધીજીનાં જન્મ પૂર્વે સામાજિક સમરસતાના અને શુદ્ર કન્યા કેળવણીના જે પ્રયત્નો કર્યા અને અનુગામીઓ માટે જે ભૂમિકા બાંધી આપી, તે અત્યંત મૂલ્યવાન છે. જયોતિબાના જીવનકાર્યમાં તેમના પત્ની સાવિત્રીએ આપેલા યોગદાન ઉપર ભાગ્યે જ કોઈ સર્જકની નજર પડે આવાં ઐતિહાસિક પાત્ર શોધી શોધીને એમના પર નવલકથાઓ સર્જવાનું

ભગીરથ કાર્ય હજી બાકી છે, ત્યારે ‘સાવિત્રી’ને નાયિકા બનાવી નારીવાદી દલિત નવલકથા ક્ષેત્રે દક્ષા દામોદરાનું આ સર્જન કર્તૃત્વ પાયાનાં પગથિયાં સમું અભિનંદનને પાત્ર છે.’’[૫૭]

અર્વાચીન મહારાષ્ટ્રના ક્રાંતિકારી વિચારક અને સમાજસુધારક. મૂળ વતન સતારા જિલ્લાનું કંટગુણે ગામ પણ પછી ખુરંદર તાલુકાના ખાનવડી ખાતે સ્થાય રહ્યા હતા. પિતાનું નામ ગોવિંદરાવ અને માતાનું નામ ચિમણાબાઈ. મૂળ અટક ગો–હે, પરંતુ ફુલોના વ્યવસાયમાં પિતાએ ખૂબ સફળતા મેળવી હોવાથી તેમના જમાનાથી ‘ફુલે’ અટક પ્રચલિત થઈ. સાત વરસની ઉંમરે ગામઠી શાળામાં દાખલ થયા. પરંતુ શાળાનું વાતવરણ સારું ન હોવાથી અધ વચ્ચેથી પિતાએ શાળા છોડાવી દીધી અને બાગકામમાં પરોવ્યા. ૧૮૪૨માં અંગ્રેજી શાળામાં દાખલ થયા પરંતુ અંગ્રેજી શાસન સામે ઝુંબેશ ચલાવવાના હેતુથી લહુજીબુવા નામના પહેલવાન પાસેથી વિવિધ પ્રકારની અંગ કસરતો શીખ્યા. આતંકવાદી પ્રવૃત્તિઓથી બ્રિટિશ શાસનને ઉથલાવી શકાશે નહીં તેવું જાણતાં સમાજ સુધારણાનું વ્રત લીધું. દરમ્યાન શાળાંત પરીક્ષા સુધીનું અંગ્રેજી શિક્ષણ સારી પેઠે પુરું કર્યું.

૧૮૪૦માં સાવિત્રી સાથે લગ્ન થયા. પાંચ દાયકાની સમાજ સુધારણાની પ્રવૃત્તિઓમાં તેમણે પતિને સંપૂર્ણ નિષ્ઠાથી સહકાર આપ્યો. તેનું અધુરું શિક્ષણ લગ્ન બાદ જોતીબાએ પૂરું કર્યું. કેળવણીના પ્રસાર માટે ૧૯૪૮માં તેમણે પૂણે ખાતે છોકરઓ માટેની શાળા શરૂ કરી. ૧૮૫૧માં છોકરીઓ માટે પણ અલગ શાળાની સ્થાપના કરી. ૧૮૫૨માં નીચલા વર્ગનાં બાળકો માટે ખાસ નિશાળો શરૂ કરી. તત્કાલીન સમાજ પર વર્ચસ્ ધરાવતા બ્રાહ્મણવાદને દૂર કરવાનું બીડું ઝડપ્યું હતું. સાથોસાથ બ્રાહ્મણવાદ સામેની ઝુંબેશ દરમ્યાન બ્રાહ્મણો પ્રત્યે સમાજમાં વેરભાવના પેદા ન થાય તેની તેમણે પૂરતી તકેદારી રાખી હતી. અસ્પૃશ્યો પ્રત્યેની કરૂણાને લીધે પોતાના મકાનના આંગણામાં આવેલ પીવાના પાણીનો હોજ અસ્પૃશ્યો માટે ખુલ્લો મૂકયો હતો.

સમાજ સુધારણાની ઝુંબેશને સંગઠિત ઓપ આપવા માટે તેમણે ૧૮૭૩માં સત્યશોધક સમાજની સ્થાપના કરી અને તેમાં બધા જ ધર્મો તથા જાતિઓના નાગરિકોને સ્થાન મળે તેવું ધોરણ અપનાવ્યું. આ સંસ્થાનાં ચાર મુખ્ય ધ્યેય તત્ત્વો હતા.

૧. ઈશ્વર સર્વવ્યાપી છે અને પૃથ્વી પરના બધાં જ પ્રાણીઓ તેનાં સંતાન છે.

૨. ઈશ્વરની ભકિત કરવાનો બધાંને સમાન અધિકાર છે. કોઈ પણ વ્યકિત તેની જાતિને કારણે નહિ, પરંતુ તેના ગુણોને આધારે જ શ્રેષ્ઠતાનો દાવો કરી શકે છે.

૩. કોઈ પણ ગ્રંથ સર્વને માટે પ્રમાણ કે. ઈશ્વરપ્રણીત નથી.

૪. પુનર્જન્મ, જાપ, તપ, કર્મકાંડ જેવી બાબતો અજ્ઞાનમૂલક છે, તે અંધશ્રદ્ધાની નીપજ છે.

નવલકથામાં આ દંપતિએ અનેક સેવાકીય કાર્યો કર્યા છે. જેમાં સમાજ સુધારણાની ઝુંબેશ હેઠળ વિધવા વિવાહને પ્રોત્સાહન વાસનાનો શિકાર બનેલી વિધવાઓને રક્ષણ વિધવાઓના કેશવપનનો વિરોધ અસ્પૃશ્યોદ્ધાર, બાળહત્યા પ્રતિબંધ, દ્વિભાર્યા પ્રતિબંધ આંતર–જાતીય વિવાહને પ્રોત્સાહન અનૌરસ બાળકો માટે અનાથાશ્રમની સ્થાપના જેવા વિવિધ કાર્યક્રમો તેમણે હાથ ધર્યા અને તે માટે ઠેર ઠેર પ્રચાર અભિયાન ચલાવ્યું. જોતીબા અને તેમના પત્ની દ્વારા કરવામાં આવતી આ પ્રવૃત્તિઓનો તેમના પરિવાર અને સમાજમાં ખૂબ વિરોધ થયો. તે બંનેને ઘરમાંથી કાઢી મૂકવામાં આવેલા તેમ છતાં તે બંને અડીખમ રહ્યાં.

ગુજરાતી વિશ્વકોશ, ખંડ–૧૨માં બાળકૃષ્ણ માધવરાય મૂળે જોતીબા વિશે નોંધે છે કે, ''શિક્ષણક્ષેત્રે તેમણે કરેલા કાર્ય પ્રત્યેની કદર રૂપે ૧૮૫૨માં તત્કાલીન મુંબઈ પ્રાંતના શિક્ષણ વિભાગ દ્વારા તેમનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. તેમની ષષ્ટિપૂર્તિ પ્રસંગે ૧૮૮૭માં મુંબઈ ગવર્નરના પ્રમુખપણા હેઠળ તેમનો સત્કાર કરવામાં આવ્યો હતો. અને તે સમારંભમાં જ જોતીબાને 'મહાત્મા'નું બિરૂદ આપવામાં આવ્યું હતું.''[૫૮]

'સાવિત્રી' દલિત સમાજના નાયક જોતીરાવ અને નાયિકા સાવિત્રીના પાત્રને કેન્દ્રમાં રાખી લખાઈ છે. દરેક સફળ પુરુષની પાછળ કોઈ સ્ત્રીનો હાથ હોય છે, તેવી માન્યતા મુજબ મહાત્મા જોતીબા ફૂલેના જીવનકાર્યની સફળતામાં એમના પત્ની સાવિત્રીએ કેવો સહકાર આપી એમની સાથે સફળતાના શિખરો સર કર્યા અને ભારતીય નારીને શોભે એવો પતિધર્મ બજાવ્યો, એ વાત કેન્દ્રસ્થાને છે. આમ ગુજરાતી દલિત નવલકથા પ્રવાહમાં સત્ય અને તથ્ય આધારિત લખાયેલી 'સાવિત્રી' જીવનચરિત્રમૂલક નવલકથાનો ખરો યશ લેખિકા દક્ષા દામોદરાને ફાળે પ્રથમ જાય છે. આવી વાસ્તવિક ભૂમિના પાત્રોને કેન્દ્રમાં રાખી એની ઐતિહાસિકતા ગાળી–ઓગાળી, એમના જીવનની સંદર્ભ સામગ્રી એકત્રિત કરી, મુલાકાતો લઈ એના જીવનકાર્યને આત્મસાત્ કરી નવલકથાનું સર્જન કરવામાં આવ્યું છે. એ નવલકથા 'સાવિત્રી' નારીવાદી દલિત જીવનચરિત્રમૂલક નવલકથા છે.

ભારતદેશ અંગ્રેજોનું ગુલામ બન્યું, પણ દેશના મજૂરો, શ્રમિકો, ખેડૂતો, કારીગરો, સ્ત્રીઓ, દલિતો, પીડિતો, શોષિતો અને શુદ્રમાં પણ અતિશુદ્ર એવાં અંત્યજોને મજબૂર કોણે કર્યા? આ પ્રશ્નને લેખિકા દક્ષા દામોદરાએ 'સાવિત્રી' નવલકથામાં મહારાષ્ટ્રના પુનાના માળી કુટુંબમાં જન્મેલા મહાત્મા જોતીબા ફૂલે અને તેમના પત્ની સાવિત્રીના વાસ્તવિક પાત્રને કેન્દ્રમાં રાખી વાચા આપી છે.

'સાવિત્રી' નવલકથામાં ૧૮૧૭માં ભારતમાં અંગ્રેજો આવ્યા ત્યાંથી ૧૮૯૦માં જોતીબા અને ૧૮૯૭માં સાવિત્રીનું અવસાન થયું ત્યાં સુધીનો સમય જીવંત થયો છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો સમાજ સુધારણાની પ્રવૃત્તિનો સુધારકયુગ હતો. એ સમયનું વાતાવરણ લેખિકાએ આ નવલકથામાં આલેખ્યું છે. એ સમયે સતીપ્રથા, ફરજિયાત વૈધવ્ય, બાળવિવાહ, કજોડા, દીકરીને દૂધ પીતીનો રિવાજ, લાજ કાઢવી, કુરિવાજો, ઉચ્ચ નીચના ભેદ, વ્હેમ, અંધશ્રદ્ધા, અજ્ઞાનતા, વિલાસ અને વ્યભિચાર, ભૂતપ્રેતની માન્યતા, જ્ઞાતિબંધનો, ધાર્મિક ક્રિયાકાંડો, અસ્પૃશ્યતા, ધર્મપરિવર્તન, અત્યાચારો અને રૂઢિઓ વગેરે અનિષ્ઠો ઘર કરીને બેઠાં હતાં એવા સમયે દલિતોના ઉદ્ધાર માટે સાવિત્રી અને જોતીબા ફૂલે ઝઝૂમે છે.

'સાવિત્રી' નવલકથામાં નાયક જોતીરાવ અને નાયિકા સાવિત્રીના દલિત પાત્રો કેન્દ્રમાં રાખી દલિત સમાજની વ્યથા–કથા આલેખી છે. 'ઘાયલ કી ગત ઘાયલ જાણે' એ ન્યાયે આ બંને દલિત પાત્રો પોતાની તથા સમાજની જે સંવેદના, અહેવલના, તિરસ્કૃતપણું અને અસ્પૃશ્યતા જાતે નીહાળી છે, ભોગવી છે. એનું હૃદયસ્પર્શી આલેખન થયું છે.

'સાવિત્રી' નવલકથાનો આરંભ ૧૮૯૭ની એક સવારના આહ્લાદક વાતાવરણથી થાય છે. એ સમયે કથાનાયિકા સાવિત્રીની ઉંમર ચોસઠ–પાંસઠ વર્ષની હોય છે. પ્લેગના બીછાને પડેલી સાવિત્રી પુત્ર યશવંત (યેશુ)ને પ્લેગની પરિસ્થિતિ વિશે પૂછે છે. એ સમયે લોકો પ્લેગના રોગ કરતાં લશ્કરી બંદોબસ્ત અને કમિશ્નરને પણ ખરાબ ગણે છે. ઈસ્પિતાલને માંદાઓને મારી નાખવાની જગ્યા ગણે છે. એવા ભદ્રવર્ગોની રુગ્ણ મનોદશાઓ જોઈને સાવિત્રી વલોવાઈ જતી હતી. પ્લેગના બીછાને શ્વાસનો દીવો રામ થઈ જાય તે પહેલાં જોતીબાનો કોટ અને પાઘડી જોઈ હૈયુ ભરાઈ ગયું. સાવિત્રીને યાદ આવે છે. ૧૯૪૮ના સમયનો બનાવ. એ સમયે જોતીબાની ઉંમર વીસ વર્ષની અને સાવિત્રીની ઉંમર અઠાર વર્ષની હતી. આ

સમય ગાળાને લેખિકાએ અહીં ચરિત્રાર્થ કર્યો છે.

જોતીરાવ પાકકા ભાઈબંધ સખારામની બારાતમાં જાય છે. પણ થોડાં જ સમયમાં ઉતરેલ ચહેરે પાછા ફરે છે. એ જોઈને પિતા ગોંવિદરાવે પૂછયું, ત્યારે જોતીરાવને બ્રાહ્મણે કહ્યું હતું એ વાત કરે છે. 'કયારે બ્રાહ્મણોની સાથે કદમ મિલાવવાનું દુ સાહસ કેમ કરી રહ્યો છે? જાતિ–ધર્મની મર્યાદાઓ વિશે શૂદ્ર...તું કંઈ જાણતો નથી.' આ વેણ સાંભળી પિતા આશ્વસન આપતા કહે છે કે, 'તારા નસીબ સારા કે બ્રાહ્મણોએ તને ખાલી કડવા બે વેણ કહીને જ હાંકી કાઢયો.'

ગોવિંદરાવ જોતીરાવને સમજાવતા કહે છે કે, જે સમયે શુદ્રો કે અંત્યજોને તો એમની ભૂલની સજારૂપે હાથીઓના પગ નીચે કચડી નાખવામાં આવતા, જે સમયે જાતિની નકકી કરેલી મર્યાદાને પેશ્વાઓ પણ ઓળંગી ન શકતા. સુથાર સેનુએ વાકડે ઢબની ધોતી પહેરી ત્યારે અપરાધના દંડ રૂપે તેનું વૃષણ કાપી નાખવામાં આવ્યું, શનવાર વાડામાં એક સ્ત્રી એ બ્રાહ્મણો માટે બનાવેલી ટાંકીમાંથી પીવાનું પાણી ધરવાનો અપરાધ કરતાં તેમના જનાના અંગો પર સળગતા સળિયાથી ડામ દેવામાં આવ્યો હતો. એ સમયે ધરતીના મહાર–માંગ જેવા કંગાળ અભાગીઓના ધરતી પર પડેલ પગલાઓને સતત લૂછવા માટે કમરે ઝાડૂં બાંધીને ફરવું પડતું હતું, થૂંકવા માટે ગળે કૂલડી બાંધવી પડતી હતી. અને...માણસ જેવા માણસ હોવા છતાં અલગ તરી આવવા માટે ડોકે કાળા દોરા બાંધવા પડતા હતા. સવાર–સવારમાં જો એ ઝાડૂં ઝાંખરાવાળાને કોઈ ભદ્રજને જોઈ લીધો હોય તો એને અપશુકન માનીને એ દુર્ભાગીને એટલો ટીપવામાં આવતો હતો.

આમ ઉપરોકત વાતો પિતા ગોવિંદરાવ પાસેથી સાંભળી. પોતે પણ ફિટકાર અને ઉપહાસ અનુભવેલા એટલે જોતીરાવનું અંતર ખળભળી ઉઠયું.

'જે –જે આંગળી દ્વિજ તરફ ઉઠે શૂદ્રની,

તેનો કરવો ઘટે વિચ્છેદ, આજ્ઞા માની ધર્મની.'

જે સમયે વર્ગમાં ભદ્રવર્ગના છોકરાઓથી દલિત છોકરાઓને દૂર બેસાડવામાં આવતા, નગણ્ય ભૂલો બદલ વર્ગખંડમાં શુદ્ર બાળકોના કાન મરડવામાં આવતા, ઘૂંસા મારી હડધૂત કરી વર્ગખંડની બહાર કાઢી મૂકવામાં આવતા, જે સમયે બાઈ ભણે તો એનો ધણી મરી

જાય એવી માન્યતા હતી, જે સમયે સ્ત્રીને ઘર–ઘર રમવાની ઉંમરે એનાથી બમણી ઉંમરના પુરુષ સાથે પરણાવી દેવામાં આવતી, પતિના નિધન બાદ પત્નીને કાષ્ટના ટુકડાની જેમ પતિના શબ સાથે અગ્નિને સમર્પિત કરી દેવામાં ધર્મૌચિત્ય માનતો હોય, 'બ્રાહ્મણની સેવા ચ શૂદ્રનું શ્રેષ્ઠ કર્મ છે.'(પૃ.૧૧) આવું વારંવાર સાંભળવું પડતું શા માટે બ્રાહ્મણો ખાસ કરીને શૂદ્ર અને અંત્યજોને શિક્ષાથી વંચિત રાખવા માંગે છે?

આમ વેદનાસિકત જોતીરાવ પત્ની સાવિત્રી પાસે આવી બોલ્યા. 'સાવિત્રી.... હું તારો પતિ....આજ સેંકડો આદમીઓ વચ્ચે હડધૂત થઈને આવ્યો છું. જે સમાજ મને એક શૂદ્રને આટલો તુચ્છ ગણી હડસેલી દે છે તે સમાજથી હું તને....તારા સ્વમાનને કેવી રીતે સાચવીશ સાવત્રી....'(પૃ.૯) ત્યારે સાવિત્રીના મુખારવિંદમાંથી ઋષિવાકય નીકળી જાય છે. 'હૈયે બળતી અપમાનની આગને ક્રાન્તિની મશાલમાં પલટાવી નાખો સ્વામી....તમારી પીડાના મૂળને પરખો સ્વામી અને એના વિચ્છેદ માટે વિનાશને બદલે નિર્માણનો માર્ગ પસંદ કરો.'(પૃ.૧૦) સાવિત્રીની હૈયાધારણા મળતાં જોતીરાવ માટે શિક્ષાપ્રાપ્તિનો માર્ગ મળે છે. પવિત્ર શાસ્ત્રોએ જયારે શૂદ્ર અને સ્ત્રીઓ માટે શિક્ષાનો નિષેધ ફરમાવ્યો છે. એ અન્યાય અને અશિક્ષાના વિરુદ્ધમાં સગુણાતાઈ અને સાવિત્રીને શિક્ષણ આપે છે. બાળગોઠિયા સદાશિવ સખારામ અને મોરોપંત સાથે મળી કન્યાશાળા શરૂ કરવાનું નકકી કરે છે. બ્રાહ્મણ મિત્ર તાત્યા સાહેબ હવેલીનો એક ઓરડો શાળા માટે ફાળવી આપે છે. પુણે શહેરમાં કન્યા શાળા શરૂ થાય છે. કટ્ટરવાદી મંડળીઓમાં વિરોધનો વંટોળ ઉઠે છે. શુદ્ર કન્યાની શિક્ષાને જઘન્ય ગણનારા લોકો જોતીરાવનાં પવિત્ર કાર્યમાં વિઘ્નો નાખે છે. એવા સમયે ઉસ્તાદ લહુજી બાવા અને રણોજી માંગ મહાર–માંગોની મૂલગીઓને શાળાએ લઈ જાય છે. કેશવ શિવરામ, અન્ના સહસ્ત્ર બુદ્ધે, કૃષ્ણ શાસ્ત્રી, મોરોપંત–જેવા બ્રાહ્મણો સહયોગ આપે છે, પણ કેટલાંક બ્રાહ્મણો ન્યાત બહાર મૂકાવાના ભયે શિક્ષકો કામ છોડી દે છે. ભણાવવા જતા ત્યારે આસપાસની સ્ત્રીઓ 'શૂદ્રાચી બાયકો.... બેલગામ, બેશરમ.' કહી સંભળાવે છે. 'માસ્તરાણી નરકમાં જઈશ.' 'સાવિત્રીની ગોદ ખાલી...' જેવા શબ્દો સાવિત્રી સાંભળતી હતી. જે રસ્તા પરથી પસાર થતી ત્યારે વિરોધ કરનારાઓ ગોબર, કિચડ–કાદવનો પ્રહાર કરતાં એટલે સાડી થેલીમાં નાખીને શાળાએ નીકળતી.

સાવિત્રી ગલીચ શબ્દો, અપમાન અને શાપના કેટકેટલા અંગારા છાતીએ ઝીલીને વિકટતમ પરિસ્થિતિમાં શાળાએ પહોંચતી પણ અંતર સાથે સંવાદ સાધતી. 'આ સંઘર્ષ છે નવજાગરણ અને જડતા વચ્ચેનો. શિક્ષાના માર્ગે મારા પથ આડી આખી દુનિયાય અંતરાય બની ભલે ઊભી રહી જતી. મારી પ્રતિબધ્ધતાને કોઈ પરાજયમાં પલટાવી નહી શકે.'

આખરે રાઘોપંતના વડપણ હેઠળ જગન્નાથજી, વિશ્વંભરજી, કેશવ શાસ્ત્રી અને બીજા કેટલાંક જાણ્યા–અજાણ્યા પૂનાના રૂઢિચુસ્ત બ્રાહ્મણો જોતીરાવના પિતા ગોવિંદરાવ પાસે આવે છે. શુદ્ર પ્રત્યેનો આક્રોશ સત્તાવાહી અવાજથી ગૂંજી ઊઠયો. 'નાદાન તો તું છે શાસ્ત્રોથી અજ્ઞ એવા તને શુદ્રને શી ખબર હોય કે શિક્ષાદાન કોના માટે પવિત્ર છે અને....શિક્ષાદાન શું તમારા શુદ્રોનું કર્તવ્ય છે.'(પૃ.૩૭) 'પાતકના રસ્તેથી તારા મૂલગાવહુને શીઘ્રતમ પરત વાળ...અન્યથા તું અને તારી આવનારી પેઢીઓ તો અવશ્ય રૈરવનરકના અધિકારી બનશો પણ....તારા પૂર્વજોની સાત પેઢીય નરકમાં જશે. તારા પૂર્વજો શ્રાદ્ધ વગરના ટળવળશે, અતૃપ્ત રહેશે...દેવોની સાથે તારા અતૃપ્ત પિતૃઓનો કોપ પણ તારી ઉપર ઉતરી આવશે.'(પૃ.૩૭)

ગોવિંદરાવ ભયથી થરથરી ઉઠે છે. વળી જગન્નાથ પ્રહાર કરતા કહે છે, 'અરે મૂઢમતિ...તને શું જાણ હોય...જેમ ગાયને ચરવા નિત્ય નવું ઘાસ જોઈએ તેમ ભણેલી બાયને નિત્ય નવો પુરુષ જોઈએ. આ અધમ કૃત્ય માટે તારા દીકરા–વહુ તો અવશ્ય દંડિત થશે, પણ વડિલ તરીકે એને રોકવાના તારા દાયિત્વમાં જો તું ઉણો ઉતર્યો છો તો આ લોકમાં જ નહિ, પરલોકમાંય તું પ્રેત બનીને ભટકીશ....'(પૃ.૩૭) પત્થર જેમ જડવત બની ગયેલા ગોવિંદરાવ પર અંતિમ પ્રહાર કરતા કેશવરામ શાસ્ત્રી બોલ્યા, '...અને એક વખત નાત બહાર ફેંકાયો એટલે સ્મરણ રાખજે ગોવિંદરાવ....મર્યા પછી તારી ઠાઠડીને કાંધ દેનાર ચાર કંધોતરેય મળશે નહિં હા.... ' (પૃ.૩૮) આ સાંભળીને ગોવિંદરાવ ઊભા હતા ત્યાં જ ફસકાય પડે છે. બ્રાહ્મણો 'બ્રહ્માસ્ત્ર'નો ઉપયોગ કરી જતા રહે છે. જોતીરાવ અને સાવિત્રી આવતા જ એમને ઉંબર બહાર જ ઉભા રાખી શરત સંભળાવી દે છે, 'આ ઘરમાં પગ મૂકવો હોય તો બાયુ–પોઈરી, મહાર–માંગને ભણાવવાના ફિતુર છોડી દેવા પડશે.'

ગોવિંદરાવને આવેલ મંડળીના શબ્દ ઉપરથી નાતબહાર મુકાવાના ભયે

જોતીરાવ અને સાવિત્રીને ઘર છોડી દેવાનું કહે છે. ગૃહનિકાલના કપરા સમયે ઉદ્ધારક બનીને ઉસ્માન શેખ આવે છે. પોતાને ઘેર લઈ જાઈ છે. આવા સમયે આર્થિક સહાય ખતમ થઈ જવાથી શાળા બંધ કરી દેવી પડે છે. આવા કઠિન સમયે સાવિત્રી અડીખમ રહી પડખે ઊભી રહે છે. જોનસાહેબના ઘેર નોકરી કરીને મેળવેલી પુંજીમાંથી બચાવેલી મૂડી બંધ પડેલી શાળાને પુન શરૂ કરાવવાના હેતુથી સગુણાતાઈ જોતીરાવના હાથમાં પૈસા બાંધેલી પોટોલી મૂકે છે. મિત્રોનો સહકાર મળે છે અને ફરી નવી શાળા શરૂ થાય છે.

૧૨ ફેબ્રઆરી ૧૮૫૩ના દિવસે કન્યાશાળાની વાર્ષિક પરીક્ષા સમયે પેશ્વાના તાલીમખાનાના કમ્પાઉન્ડમાં બાંધેલ નાનકડા મંડપમાં કમિશ્નર રિજી અને મીસેસ રિજી ઉપરાંત ઘણાં અંગ્રેજ અફસરો અને સ્ત્રી કેળવણી બાબતે હકારાત્મક નાતો ધરાવનાર પુણેના અગ્રગણ્ય નાગરિકો સપત્ની હાજર રહ્યાં હતાં. પરીક્ષા શરૂ થતા પૂર્વે કન્યાઓને એક હોલમાં એકત્રિત કરી સાવિત્રીએ ઉદ્‌બોધન કર્યું હતું.

'મારી વહાલી ભગિનીઓ...

આ એક એવો દેશ છે જયાં...ભાગ્ય સ્ત્રીનું હોય પણ એના ભાગ્યની રેખા બાળપણમાં પિતાના, યુવાનીમાં પતિના અને વૃદ્ધવસ્થામાં પુત્રના હાથમાં હોય છે.

'ન સ્ત્રીયામ્ સ્વતંત્ર અર્હતિ... '

આ વિષવાકય જેને ગળથૂંથીમાં મળે છે તેવા પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રી માટે મુકિતનો શ્વાસ આકાશકુસુમવત્ લાગતો હતો. પણ...શિક્ષાના અમોઘશસ્ત્ર વડે હવે તે શકય બન્યું છે. આગનો દરિયો તરી જનાર ને દીપજયોતનો ભય હોતો નથી. કુરુઢિ અને સામાજિક દાસતાનો ઉંબરો ઓળંગીને શાળામાં જયારે પ્રથમ પગલું મૂકયું ત્યારે જ આપણે પ્રથમ કસોટીમાંથી ઉતીર્ણ થઈ ગયા હતા હવે...એ પગલાંને આપણે ત્યાં સુધી થંભવા દેવાના નથી, જયાં સુધી એ પગ તળેની ધરતી પર આપણે સમાન અધિકારથી, સ્વમાનભેર પદચિન્હ ન મૂકી શકીએ.

જોતીરાવની વધતી જતી લોકપ્રિયતા ધર્મસંરક્ષકોને ગમતી નથી. આથી રોડે રામોશી અને ઘોંડીરામ કુંભાર બન્ને રાત્રે મારવા માટે આવે છે. પણ જોતીરાવ એમનું અજ્ઞાન જોઈને તેને છોડી મૂકે છે. એમા જોતીરાવની ક્ષમાવૃત્તિના દર્શન થાય છે.

૭ ફેબ્રુઆરી ૧૮૫૬ના રોજ મહાર–માંગ બાળકોની શાળાના વાર્ષિક સમારોહમાં જોતીબાએ નિવેદન કર્યું. 'ધાર્મિક જડતા આ દેશનું મોટું દુર્ભાગ્ય અને એક એવી અમાનવીય વ્યવસ્થાની જનેતા છે. જેમાં પોતાના શ્રમ અને સેવાથી સમાજને સ્વચ્છ રાખનારને નીચ માનવામાં સ્થાન તો દુર્લભ પણ તેની છાયાનેય અપવિત્ર માનવામાં આવે છે.'(પૃ.૭૦)

અંગ્રેજ સરકારે પેટાવેલી શિક્ષાની પાવક જવાળા સામે શૂદ્રો, અતિશુદ્રો અને સ્ત્રીઓને ગુલામીમાં જ સબડતા રાખવામાં પોતાનું હિત જોનાર ધર્માંધ ગોબર પંડિતો ટકી શકવાના નથી. તે દિવસે કન્યા શાળાની વિદ્યાર્થીની મુકતાએ સ્વલિખિત નિબંધના વાંચનમાં ગંભીર પ્રશ્ન ઉઠાવે છે. 'વેદોનો અભ્યાસ માત્ર બ્રાહ્મણો જ કરી શકતા હોય અને વેદ માત્ર બ્રાહ્મણોનો જ ધર્મગ્રંથ છે તો પછી નીચી જાતિઓ માટે કયો ધર્મગ્રન્થ છે.? આનો અર્થ એ થયો કે શૂદ્રો, અતિશૂદ્રોનો ન તો કોઈ ધર્મ છે. ન કોઈ ધર્મગ્રંથ. ભગવાન જ બતાવે કે કયો ધર્મ એણે શૂદ્રો– અતિશૂદ્રો માટે ખાસ બનાવ્યો છે. જે અમે ગ્રહણ કરીએ.?'(પૃ.૭૧) આમ ચૌદ વર્ષીય બાલિકા મુકતાની વાચામાં જોતીરાવની વિચારધારાનો પડઘો સંભળાતો હતો.

૨૩મી સપ્ટેમ્બર ૧૮૭૩ના દિવસે 'સત્યશોધક સમાજ'ના જન્મદિનની શુભ ઘડીએ જોતીબાએ ઓરડામાં બેઠેલા સાથીઓને પાવક સિધ્ધાંતો કહ્યાં. ૧. 'માનવને મૂલવવા માનવતાથી અન્ય બીજો કોઈ માપદંડ ન હોય શકે એવા સામાજિક કાનૂનનું સર્જન આપણું અંતિમ લક્ષ્ય છે.' ૨. 'ઈશ્વરે એક જ અને એ બધાને સમાન રીતે ચાહે છે.' ૩. 'પ્રત્યેક મનુષ્યને પૂરો અધિકાર છે કે તે ઈશ્વર પ્રતિ પોતાનો પ્રેમ પોતા કી રીતે વ્યકત કરી શકે. પ્રત્યેક મનુષ્યની મહાનતા કે અધમતા એના કર્મો આધારિત હોય છે, નહિ કે જન્મ.'

જોતીરાવના વકતવ્ય બાદ નારાયણ ગોવિંદરાવ બોલી રહ્યાં હતાં. 'હિંદુ ધર્મ અને સમાજ રચનામાં માત્ર સગવડિયા ફેરફાર કરી નાખવાથી શુદ્રો, અંત્યજોની પીડા કયારેય નાબૂદ થવાની નથી.'(પૃ.૧૦૬) ઈશ્વર એક છે અને તે બધાને સમાન રીતે ચાહે છે.–એવી ભાવના વ્યકત કરવા પ્રતિદિન સવારે દીપજયોત સમક્ષ સાવિત્રી બોલતી હતી જે સ્તવન 'સત્યશોધક સમાજ'ના સદસ્યો માટે સપથ બની ગયું હતું. આમ જોતીરાવ અને સાવિત્રી એમનાં કાર્યોની સફળતાના શિખરો સર કરતા રહે છે.

એક દિવસ કેસોપંતના વાડામાં રહેતી અને છૂટક ઘરકામ કરીને જીવન નિર્વાહ

કરતી બાલવિધવા કાશીબાઈના બે દિવસના બાળને સાવિત્રી ખોળામાં રાખી હિબકાં ભરતાં શિશુને હૈયા સરસુ ચાપી દીધું ને રોમે રોમમાંથી જાણે વાત્સલ્યના ધોધ વછૂટયા ...માઝે બાળ...કહી ગાલ પર ચૂમી ભરી લીધી. ગોદમાં બાળક હાથ–પગ હલાવતું ઘૂઘવાટા કરી રહ્યું હતું. આ બાળકનું નામ–યશવંત જોતીબા ફૂલે રાખવામાં આવ્યું હતું.

દુકાળ પડતા લોકો કેવું વિચારે છે તેનો ચિતાર, 'ભદ્રલોકોનો બહોળો સમૂદાય દ્રઢપણે એવું માને છે કે આ દુકાળ તો શૂદ્રો અને અંત્યજોને ઉજળિયાતો સાથે શિક્ષણ, આરોગ્ય અને અન્ય સવલતો આપવાના બ્રિટીશરાજમાં આચરાતાં પાપનું ફળ છે.'(પૃ.૧૧૦) દુષ્કાળના દિવસોમાં લાચાર માવતરો પોતાના જણ્યાઓને વેંચી નાખે છે. ભૂખ્યા બાળકો અનાજ માટે ટળવળે છે. માટે સાવિત્રી પોતાના આભૂષણો આપે છે. સત્યશોધક સમાજ દુકાળ પીડિત બાળકો માટે અન્નક્ષેત્ર ખોલી દાન આપે છે અને કહે છે કે, 'ભૂખની કોઈ નાત–જાત હોતી નથી. આથી અન્નક્ષેત્રમાં કોઈ ભેદભાવ ન રાખવામાં આવે.'(પૃ.૧૧૧)

મેજીસ્ટ્રેટને ત્યાં જઈને જોતીરાવે સંઘરાખોરો અને કાળા બજારિયાઓના સંઘરેલ માલની ગોદામો પર સરકારે જપ્ત કરેલ અનાજનું દુષ્કાળ પીડિતો માટે નજીવા મૂલ્યે વિતરણ કરાવે છે. ત્યારે જોતીબાનો જયજયકાર થાય છે. જોતીબા કહે છે કે, 'જયજયકાર હંમેશા સત્યનો જ હોય છે.'

મુંબઈ ક્ષેત્રમાં પ્રાથમિક શિક્ષાની કાફી ઉપેક્ષા કરવામાં આવી છે. પ્રાથમિક શાળાઓમાં ઉચિત સાધન સગવડતા પૂરી પાડવામાં આવતી નથી. સરકાર શિક્ષા માટે વિશેષ 'કર' ઉઘરાવે છે, અને તે રૂપિયા જે કાર્ય માટે ઉઘરાવવામાં આવે છે તે કાર્ય પર ખર્ચ કરવામાં નથી આવતો. આ વાતનું ઘણું દુખ છે. માટે જોતીરાવને સાવિત્રી શિક્ષણ અંગે કમિશનને નિવેદન લખવાનું કહે છે. સાવિત્રી જોતીબાને કહેતી જાય છે. જોતીબા નોંધપોથીમાં ટપકાવતા જતા હતા. 'ઉઘાડા પગે કમરમાં એક મામૂલી કપડું લપેટી, માથે ચીથરાનો ફેંટો બાંધીને ટાઢ–તડકા–વરસાદથી બેપરવાહ, ખેતરમાં પડયા રહેનાર ખેત–મજૂર કે જેને ખાવા જવારની ઘૂઘરી અને કઢી કે ચટણી મળે તોય પોતાને તે ટંક પૂરતો ખુશનસીબ માને છે. એના માટે સ્વામી સ્વામી...સરકારને નમ્ર અરજ કરો કે એમના જીવનના ઉદ્ધારણ માટે શિક્ષણ અનિવાર્ય છે. અને તે એને નિ શુલ્ક મળવું જોઈએ.', 'નાઈ, કુંભાર, લુહાર, કંદોય, જુલાહા, ચમાર

વગેરેના બાળકો માટે એવી શાળાઓ ખોલવી જોઈએ કે જયાં શિક્ષા સાથે એમના પુસ્તકોમાં ધંધાનું પણ યથોચિત શિક્ષણ મળી રહે.' અને '...અશિક્ષિત, નાદાન, અજ્ઞાન, પરાધીન બાલિકાઓના શિક્ષણની ઉપેક્ષા કરવાથી આ દેશનું શૈક્ષણિક દારિદ્રય કયારેય ફીટવાનું નથી.'

'સત્યશોધક સમાજ'ના વિચારોથી કર્મકાંડીઓને બોલાવ્યા વિના વિધિ પૂર્ણ કરવા લાગ્યા. તેમાં 'બાળ હત્યા પ્રતિબંધક ગૃહ'ની આયા બાઈ જમુનાએ પુરોહિત વગર ગૃહપ્રવેશ કર્યો. નારાયણરાવ નગરકરના મોટાભાઈની પત્નીના અંતિમ સંસ્કાર કર્મકાંડી વિના કર્યું. ગણપતરાવએ માતાના પિંડદાન કર્મકાંડી વિના પૂર્ણ કર્યું. બાલાજી પાટીલે પોતાની બન્ને પુત્રીઓના વિવાહ બ્રાહ્મણ વગર સ્વયં પોતે મંત્રોચ્ચાર કરીને સંપન્ન કરાવ્યા એટલે કર્મકાંડીઓને કમાણી ડૂબતી જોવા મળી. તાલેગાંવના નાઈઓએ બ્રાહ્મણ વિના વિવાહ સંપન્ન કર્યા એટલે બ્રાહ્મણોના બાલ બનાવવાનો બહિષ્કાર કરી દીધો. આથી આવો પ્રચંડ બદલાવ પૂણે નગર અને તેની આસપાસના ગામડાઓના જનમાનસમાં થયો હતો. કર્મકાંડીઓ અને સનાતનીઓનો ગઢ શિક્ષાના પ્રચારથી ધ્વંશ થતો જતો હતો અને 'સત્યશોધક સમાજ'ના આદિ પ્રેરણા શાસ્ત્રથી.

યશવંત અવૈધ સંબંધથી એક વિધવા બ્રાહ્મણ બાઈની ખોળે જન્મ્યો હોવાને કારણે કોઈ માળી પોતાની દીકરી આપવા તૈયાર થતું નથી. પાલક માતા–પિતા સાવિત્રી અને જોતીરાવ યશવંતના લગ્ન માળી કુટુંબમાં જ થાય એવું ઈચ્છે છે. જેથી જ્ઞાતિની પરંપરા તૂટે અને એ રીતે સોળ વર્ષની ઉંમરે યશવંતનાં લગ્ન અગિયાર વર્ષની એક માળી કન્યા રાધા સાથે થાય છે. ભણીગણીને ડૉકટર બનેલો યશવંત ગરીબ દર્દીઓની સેવા કરે છે.

જોતીરાવને પક્ષઘાતનો હુમલો આવ્યો પછી દિન–પ્રતિદિન તબિયત બગડે છે. એટલે મૃત્યુનો સંકેત આવી જતાં વસિયતનામામાં પોતાની અંતિમ ઈચ્છા પ્રગટ કરે છે. 'અજ્ઞાની લોકોની વહેમી માન્યતાઓ અનુસાર યશવંતના લગ્ન થયા હોય કે નહી, હું જોતીરાવ ગોવિંદરાવ ફુલે અને મારી વિવાહિતા પત્ની સૌભાગ્યવતી સાવિત્રીબાઈ અમારા બન્નેના મર્યા બાદ અમારા અંતિમ સંસ્કાર, અને તમામ વિધિ સત્ય શોધક સમાજ પદ્ધતિ અનુસાર કરવાનો અધિકાર કેવળ ચિરંજીવ યશવંતને જ છે. અને અમારા મૃત શરીરને અમારા પરંપરાગત રિવાજ અનુસાર યથાસામર્થ્ય નમક આખીને દફન કરી દેવા જોઈએ. ચિરંજીવ યશવંત અમારા

મૃત્યુ સમયે જો હાજર ન હોય તો સત્ય શોધક સમાજનો જે પણ સદસ્ય ત્યાં મૌજુદ હોય, એને બધા સંસ્કાર અને વિધિ કરવાનો અધિકાર છે.'(પૃ.૧૩૦)

મુંબઈના 'કોળીવાડા' હોલમાં સમગ્ર મહારાષ્ટ્રના સામાજિક સમરસતાના ચાહકોની હાજરીમાં અનોખો મેળાવડો હતો. તેમાં જોતીબાને મહાત્માની ઉપાધિ સમર્પિત કરવાની પાવક ક્ષણ હતી. જોતીબા મંચ પર ઊભા થતાં જ નારાથી સમગ્ર હોલ ગુંજી ઊઠયો 'મહાત્મા જોતીબા અમર રહો.. ' જોતીબાએ કહ્યું કે, 'હજારો વર્ષથી અજ્ઞાન અને અશિક્ષાના બોઝ તળે કચડાયેલ હોવાથી જેને પોતાના મનુષ્યત્વ પ્રતિ પણ સજગતા ન હતી એવા આપણે સહું...આજે...આ સમારોહ ઉજવવા એકઠા થયા છીએ તેનો યશ જાય છે શિક્ષાને...અને જ્ઞાનને.. મારા સાથીઓ...અમરત્વ વાંચ્છવું હોય, તો વાંચ્છો કે માનવ–માનવ વચ્ચે કયારેય કોઈ પ્રકારનો ભેદ ન પાડે એવું જ્ઞાન અમર રહો.', 'પ્રત્યેક માનવીએ સ્વામાન સાથે સ્વાતંત્ર્યથી જિંદગી જીવવાની રોજી–રોટી રળવાની તક આપે એવી શિક્ષા અમર રહો.' અને 'માણસ–માણસ વચ્ચેનું બંધુત્વ અમર રહો, અને...સર્વથા...સર્વદા સત્ય અમર રહો.'

જોતીબાની તબિયતના ખબર પૂછવા રેવરન્ડ પદમનજી બાબા આવે છે ત્યારે જોતીબાની પરમ શાંતિ જોઈને જરા પણ ભય, ઉચાટ કે વિહ્વળતા ન હતી. ત્યારે બાબા સ્વગત બાલી ઉઠયાં, 'તુમી ખરે મહાત્મા આહેસ જોતીબા'(પૃ.૧૫૦) વિદાયની ક્ષણોમાં જ બાળગોઠિયા મોરોપંતને 'સાર્વજનિક સત્યધર્મ પુસ્તક'ની હસ્તપ્રત આપી. તેમણે પ્રકાશનનું કાર્ય નિભાવી લીધુ. આવા ઉદ્યમશીલ જોતીરાવ હતા.

જોતીબા ચિરગમન પૂર્વે સાવિત્રીને કહે છે કે, 'હિન્દુ શા માં ીને અર્ધાંગના કહી છે. પણ તું મારી પૂર્ણાંગના છો. નિર્મિકે રચેલી આ સૃષ્ટિમાંથી વિદાય લેવાની વેળાએ કહું છું કે....મારા ચિરગમન બાદ આ સૃષ્ટિમાં મારું જે કંઈ પણ અનાશવંત રહેશે, તેની જન્મદાત્રી તું છે.'(પૃ.૧૫૨) મહાત્મા જયોતિબા ફૂલે તા.૨૮/૧૧/૧૮૯૦ના રોજ સૌ કુટુંબની વચ્ચે મહાનિંદ્રા પામે છે.

સાવિત્રી જોતીબાનાં અધૂરાં કાર્યોને આગળ ધપાવે છે. 'સત્યશોધક સમાજ'ના અધિવેશનમાં પણ સાવિત્રીના વકતવ્યમાં જોતીબાનો આક્રોશ પ્રગટ થાય છે. પાંસઠ વર્ષની આથમતી ઉંમરે દુકાળમાં 'સત્યશોધક સમાજ'ની છત્રછાયા નીચે આશરે બે હજાર જેટલા

બાળકોની જમવાની વ્યવસ્થા કરે છે.

વિશ્વભરમાં ફેલાયેલા બ્રિટીશ સત્તાના સંસ્થાનોમાં માલની હેરફેર માટે ૧૮૯૬માં મુંબઈના દરિયાઈ કાઠે કાચા–પાકા માલની આયાત થઈ રહી હતી. ગોદીમાં ઉતરતા સામાન સાથે ઉંદરોની ફોજ પણ ઉતરતી હતી. એ ઉંદરોની ફોજથી આસપાસના પ્રદેશો પ્લેગગ્રસ્ત બનતા જાય છે. લોકો ઘર છોડીને તંબૂમાં રહેવા જાય છે. એવા સમયે સાવિત્રી અને યશવંત પ્લેગગ્રસ્તોની સેવામાં લાગી જાય છે. સાવિત્રી મહામારીના રૂપે આવેલા મોતના મુખમાંથી જીવને ઉગારવા આઠ–દસ દિવસ મહેનત કરે છે ત્યાં કૃષકાયા તાવમાં ઝલાઈ જતાં જ બગલમાં ગાંઠ ઉપસી આવે છે. મૃત્યુ પૂર્વે તે યશવંતને કહે છે, ‘તું કયારેય અનાથ ન હતો મારા લાલ ...અને મને શ્રદ્ધા છે કે યેશૂ....કે...જીવનને બળ આપે તેવા આદર્શોનું તારામાં સિંચન અમે કરી શકયા છીએ...માઝે બાળ... સદાય યાદ રાખજો...જનાચી સેવા હી હરિચી સેવા.’(પૃ.૧૬૩) બોલતા બોલતા સાવિત્રીની આંખો કાયમને માટે મીંચાઈ જાય છે.

સ્વજન–હિતેચ્છુઓ યશવંત અને રાધાને ધૈર્ય આપે છે. માતાની ચિતાને અગ્નિ ચાંપતાં યશવંતને જવાળામાં ક્રાન્તિની મશાલ હાથમાં ધારણ કરીને કહે છે, ‘તે અને મારા બાપુએ પેટાવેલી શિક્ષા અને સેવાની મશાલમાંથી અનેક દીવડા પ્રજવલી ઉઠશે આઈ.. અને તેનો ઉજાશ હિંદના ભાગ્ય આડે આવતા અંધારાને હટવા મજબૂર કરી દેશે...આઈ..મજબૂર કરી દેશે.’

આમ લેખિકા દક્ષા દામોદરાએ સાવિત્રી અને જોતીરાવના જીવનવૃત્તને અનેક કાર્યોથી ગૂંથી આપ્યું છે. બંનેનો સ્વભાવ, આદર્શ, ધ્યેય, વિચાર અને કાર્ય જ્ઞાનજયોત બની એકરૂપ પામે છે. આ યુગલનું દાંપત્ય જીવન સુમેળભર્યું છે. પણ સાવિત્રીની માતૃત્વઝંખના લેખિકાએ બાખુબીથી આલેખી છે.

નાયગાઁવની નદીના વહેતાં જળમાં ઘુબાકા મારતી...પોતાની વાડીના ઝાડ પર પક્ષીના ઈંડા બચાવવા અજગરને મહાત કરનારી...અને...રૂઢિઓના સામા પ્રવાહને ઝીલીનેય સુયોગ્ય પતિ ન મળે ત્યાં સુધી દીકરીના હાથ પીળાં ન કરવાના દઢ નિર્ધાર કરનાર વડિલ એવશા પાટીલની લાડકી સાવિત્રી પતિ જોતીરાવની શિષ્યા બની શિક્ષણ મેળવી શિક્ષિકા તરીકે શુદ્ર બાલિકાઓને ભણાવવાનું કાર્ય કરે છે. જોતીરાવ સાવિત્રીના જીવનને એક નવી દિશા આપી

તેના ભાગ્યવિધાતા બને છે.

કથાનાયિકા સાવિત્રી અનેક સ્વરૂપે નવલકથામાં વિકસે છે. સાવિત્રી એક કામયાબ ગૃહિણી અને સાચી અર્ધાંગના છે. સફળ શિક્ષિકા, કવિયત્રી અને પાલક માતા છે. દીનદુ ખયાની તારણહાર છે. સમાજ સેવિકા છે. નીડર અને નિર્ભિક છે. મહત્વાકાંક્ષી, પરિશ્રમી, માતૃત્વઝંખી, ત્યાગી, મકકમ, જવાબદારીઓ પ્રત્યે સજાગ, પતિના આદર્શને વરેલી, ધ્યેયલક્ષી, નેતૃત્વના ગુણો, પ્રેમાળ વ્યકિતત્વ, વિચારવંત, ક્રાંતિકારી, સહનશીલ, વચનબદ્ધ, અડગતા અને ધીરજ વગેરે ભિન્ન ભિન્ન ભાવ મુદ્રાઓ લેખિકાએ આલેખી છે.

ડૉ.પથિક પરમાર નોંધે છે કે, ''સાવિત્રી' વધુ નકકર નારી જાગૃતિ અને દલિત ચેતનાની નવલકથા છે. આ નવલકથામાં લેખિકાએ પડદા પાછળ ધકેલાઈ ગયેલા એક ઊંચકવા જેવાં નારીપાત્રને પૂરી બારીકાઈથી ઊંચકી બતાવ્યું છે. દરેક સફળ પુરુષ પાછળ કોઈ સ્ત્રીનો હાથ હોય છે, તેવી માન્યતા મુજબ મહાત્મા જયોતિબા ફૂલેના જીવનકાર્યની સફળતામાં એમનાં પત્ની સાવિત્રીએ કેવો ભેખલક્ષી દિલથી સહકાર આપી એમની સાથે સફળતાના શિખરો સર કર્યા અને ભારતીય નારીને શોભે એવો પતિધર્મ બજાવ્યો, એ વાત કેન્દ્રસ્થાને છે.''[૫૯]

દલિતો, અસ્પૃશ્યો અને મહિલાઓના સર્વાંગી વિકાસ માટે પાયાનું કામ કરનાર મહારાષ્ટ્રના પુના નગરીના માળી કુટુંબમાં ચીમનાબાઈની કૂખે જન્મેલા મહાત્મા જયોતિબા ફૂલે ગાંધીજીનાં જન્મ પૂર્વે સામાજિક સમરસતાના અને શુદ્ર કન્યા કેળવણીના પ્રયત્નો કર્યા હતા, તે અત્યંત મૂલ્યવાન છે. અનુગામી મહાત્મા ગાંધીજી અને દલિતોના મસીહા ડૉ.બાબાસાહેબ આંબેડકરના કાર્યને પ્રેરણાસ્ત્રોત બની રહે છે.

પિતા ગોવિંદરાવ અને સગુણાતાઈનાં સંસ્કારોથી સિંચિત જોતીરાવ ખરેખર ક્રાંતિજયોતિ, જ્ઞાનજયોતિ છે. પ્રેમાળ પતિ છે. બીજાને ઈર્ષા ઉપજે એવું દામ્પત્ય જીવન છે. એકબીજાના વિચારોની એકરૂપતા, ધીરજ, નીડરતા, ધ્યેય, કાર્યપ્રણાલિ, મોટું મન, સતત ઉદ્યમશીલ, રૂઢિભંજક વગેરે ગુણો એકબીજામાં સંક્રાન્ત થયેલા છે. પોતાને મારવા આવેલા મારાને છોડી દેઈ છે એવી ક્ષમાવૃત્તિ, પારસમણિ જેવા પારદર્શક, લોકહિતવાહીજી, 'સત્યશોધક સમાજ'ના સ્થાપક, સાચા મિત્ર, કન્યા કેળવણીના હિમાયતી, સદીઓથી દીન–દલિત અને તિરસ્કૃત એવા શુદ્રાતિશુદ્ર માનવ ભાઈઓને એમના હક પરત્વે જાગૃત કરી

એને ધૂર્ત–પાંખડી, માનવદ્રોહી આર્યભટોના ષડયંત્રથી મુકત કરવા માટે પોતાનું સારું જીવન, પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરનાર જોતીબા ફૂલે માથે મોટી પાઘ, ગોઠણ સુધીની ખાદીની જાડી ધોતી, ખભે કામળો અને હાથમાં દંડોને પગે જૂનાં–પૂરાણાં જોડાં પહેરીને આપણને સૌને દિશા આપતા મહાત્મા હજી ઊભાં છે.અજર અમર છે.

હરીશ મંગલમ્ નોંધે છે કે, ''સાવિત્રીએ મહિલા શિક્ષણ શરૂ કરીને બ્રાહ્મણોનો રોષ વહોરી લીધો. આક્ષેપો, મહેણાંટોણાં અને કટાક્ષો વેઠયા. આવી બધી અડચણો વચ્ચે અને વિરોધી વંટોળ સામે, લેશમાત્ર ન ડગતાં સામાજિક સુધારણાના કંટકભર્યા માર્ગમાં નિર્ભયતા અને નીડરતાથી આગળ ડગ માંડતાં રહ્યાં. 'બાળહત્યા પ્રતિબંધક ગૃહ', 'સત્ય શોધક સમાજ' જેવી સંસ્થાઓમાં અને પ્લેગગ્રસ્ત વિસ્તારમાં સતત કાર્ય કર્યુ. નવલકથાના આ બે મુખ્ય પાત્રો, સામાજિક ઈતિહાસનાં પૃષ્ઠો પર સુવર્ણાક્ષરે કોતરાઈ ગયાં છે. અને અજર અમર બની ગયાં છે.''[50]

દક્ષા દામોદરાએ સાવિત્રી અને જોતીબાના જીવને જીવનઘડનારાં અન્ય ગૌણપાત્રો જીવંતરૂપે આલેખ્યાં છે. અપમાનિત થયેલ યુવાન પુત્ર જોતીરાવને આશ્વસન અને કુરૂઢિઓથી વાકેફ કરતા પિતા ગોવિંદરાવ, જોતીરાવના જન્મ બાદ થોડાક સમયમાં મૃત્યુ પામેલી માતા ચીમનાબાઈ, પૈસાની પોટલી હાથમાં આપતા સગુણાતાઈ, બાળ ગોઠિયા સદાશિવ સખારામ અને મોરોપંત, બ્રાહ્મણ મિત્ર તાત્યાસાહેબ અને અન્ના સાહેબ ચીપલૂણકર, નીડર ઉસ્તાદ બહુજીબાવા અને આશરો આપનાર ઉસ્માન શેખ, મહિના આખાનો પગાર આપનાર બલ્લાચાર્યજી, શિક્ષાના પ્રચાર માટે સ્કૂલનું પત્રાચરનું કામ સંભાળનાર દેવરામ ઠોસરજી, મારવા આવનાર રામોશી અને ધોંડીરામ, સ્વલિખિત નિબંધ વાંચનાર નીડર વિદ્યાર્થીની મૂકતા, પુનર્વિવાહોત્તેજક મંડળવાળા વિષ્ણુશાસ્ત્રી, સેવાકાર્યમાં સાથ દેનાર હરિરાવજી ચિપલુણકર, માતા–પિતાના કાર્યને આગળ ધપાવનાર પુત્ર યશવંત અને રાધા વગેરે ગૌણ પાત્રો આછી રેખાથી લેખિકાએ દોરી આપ્યાં છે.

પેશ્વા સત્તા ઉતરી અને અંગ્રેજોની સત્તા આવી એ સમયનું મહારાષ્ટ્રનું સામાજિક વાતાવરણ ચિત્રિત કરવા માટે લેખિકાએ મૂલગા–મૂલગી, પોરાના–પોઈરી, તાઈ, આઈ, મહાર–માંગ જેવા મરાઠી શબ્દનો યથાકિંચિત વિનિયોગ કર્યો છે. સ્ત્રીપાત્ર સાવિત્રી અને

જોતીબા ફુલેના સાહિત્યને વાંચીને આત્મસાત્ કરી પોતીકી શૈલીમાં અવિરત નવલકથા વહે છે. સંવાદોમાં સચ્ચાઈનો રણકાર છે. અપમાનના ઘૂંટડાથી વહેતી નવલકથા કરુણરસમાં પરિણમે છે. મહારાષ્ટ્રના પાત્રો ગુજરાતી પ્રજાના દદયસ્થ પાત્રો બની જાય એ જ સર્જકીય સફળતા છે.

લેખિકાએ સાવિત્રી અને જોતીબાના વ્યકિતત્વને પ્રગટ કરતા વિચારો અને ચિંતનકણિકાઓ નવલકથામાં પ્રગટ કરી છે. તેના થોડાક દષ્ટાંતો જોઈએ. ‘જ્ઞાન એટલે જીવન અને અજ્ઞાન એટલે મોત’,‘શિક્ષા પ્રસાર પાછળનો હેતુ છે અંધકારમાં અથડાતા જનોને દષ્ટિ આપવાનો’, ‘ચિત્ત વિચારોની જન્મભૂમિ છે.’, ‘જીવન જોવા અને સમજવાની દષ્ટિ ચિત્તની મનોભૂમિમાંથી પાંગરતી હોય છે.’, ‘શિક્ષિત થવું તે પ્રત્યેક માણસનો અધિકાર છે.’, ‘શિક્ષા દીપક છે એ અંધકારનો દુશ્મન છે.’, ‘સર્વ દુ ખો અને દુર્ગુણોનું મૂળ અજ્ઞાન છે.’, ‘જીવન પરમકૃપાળુ પરમાત્માનું અમૂલ્ય વરદાન છે, એનું સાર્થકય માનવ જાતની સેવામાં છે.’, ‘આંતરિક રોગોના નિર્મૂલન માટે બાહ્ય ઉપચાર કરતા વધુ જરૂરી છે દઢ મનોબળ અને મકકમ ઈચ્છાશકિતની.’ અને ‘ગાઢ અંધકારમાંથી જ તો જન્મે છે પ્રકાશનો પૂંજ.’

સાવિત્રીબાઈ ફૂલે પતિના માર્ગદર્શન હેઠળ મહારાષ્ટ્રમાં સ્ત્રીમુકિત–આંદોલનની પહેલ કરનાર અગ્રણી સમાજસુધારક પણ શિક્ષણથી વંચિત રહ્યા હતાં. નાની ઉંમરે જયોતિબા ફૂલે સાથે લગ્ન થયા હતા. પછી પતિના માર્ગદર્શન હેઠળ લખતાં–વાંચતા શીખ્યા અને પતિએ શરૂ કરેલ શાળામાં શિક્ષિકા તરીકે જોડાયા.એ જમાનામાં સ્ત્રી કેળવણી નિષેધ ગણાતી હોવાથી પતિ–પત્નીના આ કાર્ય દરમિયાન પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સમાજના રોષનો સતત સામનો કરવો પડયો હતો. પતિના અવસાન બાદ કથાનાયિકા સાવિત્રીબાઈએ પતિના સમાજ સુધારણાના કાર્યની આગેવાની પોતાના હાથમાં લીધી હતી. ૧૮૯૭માં પુણે ખાતે પ્લેગનો રોગચાળો ફાટી નીકળતાં સાવિત્રીબાઈએ તે રોગથી પીડાયેલાં બાળકો માટે રાહત અને સારવાર શિબિરો શરૂ કરી હતી. આ સારવાર વેળાએ રોગનો ચેપ લાગતા અવસાન થયું હતું.

આમ સાવિત્રીબાઈ મહારાષ્ટ્રનાં સર્વપ્રથમ શિક્ષિકા, સ્ત્રી કેળવણીકાર અને કવયિત્રી હતા. સ્ત્રી મુકિત–આંદોલનનાં સર્વપ્રથમ સ્ત્રી પુરસ્કર્તા તરીકે આધુનિક મહારાષ્ટ્રના સામાજિક અને સાંસ્કૃતિક ઈતિહાસમાં સાવિત્રીબાઈ ફુલેનું નામ કાયમ માટે અંકિત થયું છે.

લેખિકા દક્ષા દામોદરાની 'શોષ' સામાજિક નવલકથા છે. જયારે 'સાવિત્રી' જીવનચરિમૂલક નવલકથા છે. પૂના નગરીના યથાર્થ વ્યકિત સાવિત્રી અને જોતીબા ફૂલેના જીવનકાર્યને આલેખવામાં આવ્યું છે. આ આલેખન માટે લેખિકાએ આ વિરલ બેલડી વિશે લખાયેલા પુસ્તકો, લેખો એકત્રિત કરી નવલકથાનું સર્જન કર્યુ઼ં છે. આથી આ નવલકથાને જીવનચરિત્રમૂલક નવલકથા જ ગણી શકાય. ગુજરાતી દલિત નવલકથાના પ્રવાહમાં એક વિષયસામગ્રીની દષ્ટિએ અનોખી નવલકથા છે. એક સ્ત્રી લેખિકાએ એક સ્ત્રીપાત્રને બાખૂબીથી ઉપસાવી આપ્યું છે. ધન્યવાદ....

।। ૧૯. 'પ્રશ્ન પ્રદેશની પેલે પાર'–દિનકર જોષી, ૨૦૦૮ ।।

સર્જક દિનકર જોષી 'નમો તસ્સ ભગવતો..' પ્રાસ્તાવિક લેખમાં પોતાની જીવનચરિત્રમૂલક નવલકથાઓ વિશે નોંધે છે કે, ''૧૯૮૪માં નર્મદના જીવન ઉપર આધારિત મારી નવલકથા 'એક ટુકડો આકાશનો' પ્રસિદ્ધ થઈ. એ પછી જીવનકથનાત્મક નવલકથાઓના વિભાગમાં જેમને મૂકવામાં આવે છે એવી મારી અન્ય નવલકથાઓ, મહાત્મા ગાંધીના જયેષ્ઠ પુત્ર હરિલાલના જીવન આધારિત 'પ્રકાશનો પડછાયો' (૧૯૮૮), મહમદઅલી ઝીણાના જીવન ઉપર આધારિત 'પ્રતિનાયક' (૨૦૦૨) અને ગુરુદેવ ટાગોરના જીવન ઉપર આધારિત 'અ–મૃતપંથનો યાત્રી' (૨૦૦૩) અનુક્રમે પ્રગટ થઈ. આ નવલકથાઓ હિંદી, મરાઠી, તેલુગુ તથા અંગ્રેજી જેવી ભગિની ભાષાઓમાં પણ અનૂદિત થઈને ગ્રંથકારે પ્રગટ થઈ ચૂકી છે. હવે આજે 'એક ટુકડો આકાશનો' પછી લગભગ પૂરા બે દાયકા જેટલા સમયાંતરે ભગવાન તથાગત બુદ્ધના જીવન ઉપર આધારિત આ નવલકથા પ્રગટ થઈ રહી છે એનો આનંદ છે.''[૫૧]

દિનકર જોષી, 'પ્રશ્ન પ્રદેશની પેલે પાર' નવલકથાના કલેવર વિશે નોંધતા કહે છે કે, ''ગુજરાતમાં બુદ્ધ વિશે ઝાઝું સાહિત્ય ઉપલબ્ધ હોય એવું લાગતું નથી. ફળસ્વરૂપે બુદ્ધ જીવનનો અભ્યાસ કરવા ઊંડો ઊતર્યો ત્યારે અસંખ્ય ગ્રંથો અંગ્રેજી ભાષામાં અને થોડાક ગણનાપાત્ર ગ્રંથો હિંદી ભાષામાં મેળવી શકયો. આ બધા અભ્યાસના નિચોડરૂપે જે બુદ્ધનું જીવન અને દર્શન મારા મનમાં દઢ થયું એનો શબ્દદેહ એટલે આ નવલકથા. મૂળભૂત રીતે એક નવલકથાકાર હોવાના નાતે ચિત્તમાં જે કોઈ કથન ભીંત ફાડીને ઊગતા પીપળાની જેમ પ્રગટ થાય છે ત્યારે એનો સર્વપ્રથમ કલાદેહ નવલકથારૂપે જ દશ્યમાન થાય છે. આમ હોવાથી તત્ત્વઃ આ નવલકથા બુદ્ધના જીવન ઉપરાંત એના દર્શનને પણ આવરી લે એ રીતે આલેખી છે. બુદ્ધ જીવનમાં જે કોઈ ચમત્કારો અનુવર્તી ગ્રંથોએ આલેખ્યા છે અને જે અધિક પ્રચલિત છે એ બધાને બને ત્યાં સુધી મૂળ કથાનકોની ભાવના સાથે જોડી દઈને શકયતઃ સહજ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.''[૫૨]

દિનકર જોષીની પાંચમી જીવનચરિત્રમૂલક નવલકથા ગૌતમ બુદ્ધના જીવન ઉપર આધારિત 'પ્રશ્ન પ્રદેશની પેલે પાર' ૨૦૦૮માં પ્રકાશિત થઈ છે. આ નવલકથા

ધારાવાહિક સ્વરૂપે 'નવનીત સમર્પણ'માં પ્રગટ થઈ હતી. ત્યાર બાદ ગુજરાતી ઉપરાંત મરાઠી અને હિન્દી ભાષામાં પણ પ્રગટ થઈ છે. આઠ પ્રકરણમાં વિભાજીત આ નવલકથામાં બુદ્ધના જીવન આધારિત એના દર્શનને આવરી લેવામાં આવ્યું છે. ભારતીય સાંસ્કૃતિક જગતના બાર જયોતિર્ધરોમાં બુદ્ધનું સ્થાન મૌલિક દાર્શનિક તરીકે સવિશેષ રહ્યું છે.

બુદ્ધનો વિષ્ણુના દશાવતારમાં નવમાં અવતાર તરીકે સ્વીકાર પણ થયો. પણ બુદ્ધને વૈદિક, બ્રાહ્મણ અને શ્રમણ પરંપરામાંથી સમાધાન પ્રાપ્ત ન થયું. એટલે ત્રીજો નવો જ માર્ગ ખોળી કાઢી, મધ્યમમાર્ગીય ધ્યાન આધારિત તપશ્ચર્યા કરી, પોતાનો આગવો માર્ગ કંડાર્યો. આ માર્ગે પ્રાચીન ભારતમાં ગૌતમ બુદ્ધે બોધિવૃક્ષ નીચે પરમજ્ઞાન પ્રાપ્તિ કરી. એ ધર્મનો ઉપદેશ કર્યો તેનું નામ બૌદ્ધધર્મ. આ બૌદ્ધધર્મનું સામ્રાજય ભારત અને વિદેશમાં આજે પણ પ્રવર્તે છે. આવા ગૌતમ બુદ્ધના જીવન અને દર્શન આધારિત જીવનચરિત્રમૂલક નવલકથા દિનકર જોષીએ આલેખી છે.

ગૌતમ બુદ્ધ વૈશ્વિક ઈતિહાસમાં પહેલા જ મનુષ્ય છે. જેમણે સમગ્ર માનવ જાતના દુઃખ–નિવારણ માટે અને સૃષ્ટિના આ રહસ્યોનો પાર પામવા માટે પોતાની જાતને આગળ ધરી દીધી. આથી ભારતીય સંસ્કૃતિ અને સમાજ ઉપર પથરાયેલો બુદ્ધનો પ્રભાવ બેશક વધુ ઊંડો અને અસરકારક છે. બુદ્ધનો અગત્યનો સિદ્ધાંત હતો. પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા રાખવી. તો અવેરથી જ વેરની શાંતિ થાય છે. એ મહત્ત્વનો નિયમ હતો. બુદ્ધે સામાન્ય માનવીને જન્મ, મૃત્યુ, આત્મા, મોક્ષ, જરા, દુઃખ, સુખ, પાપ, પુણ્ય વગેરે વિશે અને જીવનને વધુને વધુ દુઃખમુકત, સમૃદ્ધ અને શાંતિભર્યું શી રીતે કરી શકાય એ વાત મધ સાથે ખાવાની વૈદ્યકીય પડીકીની જેમ લોકોના જીવનમાં ઉતારી દીધી. બુદ્ધનુ દર્શન અને ચિંતન મૌલિક છે. ચોકકસ કર્મ નહિ, પણ એ કર્મ પાછળનો ઉદ્દેશ વધુ મહત્ત્વનો છે અને કર્મ ભલે ન પણ કર્યું હોય, પણ જો ઉદ્દેશ સુધ્ધાં સેવ્યો હોય તો પરિણામદાયી છે એવું બુદ્ધે કહ્યું છે. સંસાર દુઃખરૂપ છે. દુઃખનો સમુદાય સુખની તૃષ્ણાના કારણે થાય છે. એ તૃષ્ણાના નાશથી દુઃખનાશ થાય છે અને દુઃખનાશથી નિર્વાણ પ્રાપ્ત થાય છે. આમ બુદ્ધે માનવજાત માટે પોતાની જિંદગીના એકાવન અમૂલ્ય વર્ષો અત્યંત કષ્ટ વેઠી વિતાવ્યાં હતા.

ભારતીય ન્યાયસૂત્રના રચિયતા પુણ્યપુરુષ ગૌતમ ઋષિનાં વંશજો અને

સાંખ્યશાસ્ત્રનાં પ્રણેતા મહર્ષિ કપિલએ આ ભૂમિ પર વાસ કર્યો હતો. આ કપિલવસ્તુની ભૂમિમાં શાકયવંશના પૂર્વજો વસતા હતા રાજા શુદ્ધોદન અને રાણી માયાદેવી. માતા માયાદેવીના કૂખે લુંબિનીવનમાં વૈશાખી પૂર્ણિમાની રાત્રે શાલવૃક્ષોની વચ્ચે પુત્રનો જન્મ થયો.

આ પુત્રનું ભવિષ્યકથન કરવા માટે રાજા શુદ્ધોદને શાકય પ્રદેશમાં પંકાયેલા સાત વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ જયોતિષીઓને રાજમહેલમાં નોતર્યાં. આ સાત પંડિતોએ પુત્રના સ્થળ અને સમયને લક્ષમાં લઈ લાંબી ચર્ચા–વિચારણાના અંતે ભવિષ્યકથન પ્રગટ કર્યું.

‘રાજન્ આ બાળક કાં તો ચક્રવર્તી સમ્રાટ થશે અથવા અધ્યાત્મક્ષેત્રે ધર્મને નવી દિશા આપે એવો પ્રચંડ સંન્યાસી થશે.’ સામુદ્રિકશાસ્ત્રના નિષ્ણાત કૌણ્ડિન્ય નવજાત શિશુના દેહનું નખશિખ નિરીક્ષણ કરીને બોલ્યાઃ ‘રાજન્ હું આ સહુ આદરણીય વડીલોની વાત સાથે સહમત થાઉ છું કે બાળક ચક્રવર્તી થશે, પરંતુ એનું આ ચક્રવર્તી પદ એને પ્રગટ નહિ બનાવે. એ ધર્મક્ષેત્રે ચક્રવર્તી થવાને નિર્માયો છે. એમાં કઈ મીનમેખ થઈ શકે એમ નથી.’

હિમાલયની યાત્રાએ નીકળેલા મહાતપસ્વી મહર્ષિ અસિતદેવલે રોહિણી તટે શાકય રાજને ત્યાં પુત્રનો જન્મ થયો છે એ સમાચાર સાંભળીને રાજપુત્રને આશીર્વાદ આપવા ઉપસ્થિત થયા. નવજાત શિશુને જોઈ મહર્ષિના ગાલ ઉપર અશ્રુધારા વહેવા માંડી હતી. આથી શુદ્ધોદન અત્યંત ચિંતિત થઈ ગયા. એટલે મહર્ષિ એ કહ્યુંઃ ‘રાજન્ દેવોનેય દુર્લભ એવી સંબોધિ–અવસ્થા આ બાળકના પ્રારબ્ધમાં નિર્ભીત થયેલી સ્પષ્ટ જોઈ સંસારનો નવો માર્ગ દાખવશે, પણ દુર્ભાગ્યે એ ક્ષણે હું નહિ હોઉં એટલે રડું છું. હે રાજન્ જેના જન્મ માત્રથી સમગ્ર શાકયકુળ અને ખાસ પિતા– રાજા શુદ્ધોદનના અર્થો સિદ્ધ થયા છે. એટલે આ બાળકનું નામ સિદ્ધાર્થ રાખો.’ પણ રાજકુમાર સિદ્ધાર્થ સપ્ત દિવસનો થયો ત્યાં જનેતા રાણી માયાદેવી મૃત્યુ પામ્યા. આથી માયાદેવીની નાની બહેન અને રાજા શુદ્ધોદનની બીજી પત્ની મહાપ્રજાપતિએ ઉછેરની જવાબદારી સ્વીકારી લીધી.

રાજા શુદ્ધોદને કુમાર સિદ્ધાર્થનું ચિત્ત બાલ્યાવસ્થાથી જ સુખ, સમૃદ્ધિ અને સગવડો વચ્ચે વિકસિત થાય. ચિતમાં કયાંય દુઃખનો પડછાયો ન પડે, દુન્યવી દશ્ય નજરે ન પડે અને કુમારને તમામ સુખો પ્રાપ્ત થતા રહે એવી ભલામણ દાસી ભદ્રિકા, સાથી સુમંગલ અને સારથિ છન્નને કરી હતી. ભદ્રિકા રાજા દશરથની વાર્તા કહેતા બાળક સિદ્ધાર્થ પ્રશ્ન કરે છે.

પૂર્વજ, રાજા, નગરી, પુત્ર અને અંતે મૃત્યુ એટલે શું? તો ગુરુજી ઉદ્દાલિક કુમાર સિદ્ધાર્થને શિક્ષણ આપતા હતા. ત્યારે પણ મૃત્યુ એટલે શું? એ પ્રશ્ન કર્યો હતો. આમ રાજા શુદ્ધોદન જે રોકવા માગતા હતા એનો આરંભ થઈ ચૂકયો હતો. રાજકુમાર સિદ્ધાર્થ પ્રશ્નના પ્રદેશમાં પ્રવેશી ચૂકયો હતો. હવે આ પ્રદેશમાંથી એને કોઈ પાછો બોલાવી શકે એમ ન હોતું.

કપિલવસ્તુના સીમાડે વપ્રમંગલનો તહેવાર ઉજવવા કુમાર સિદ્ધાર્થ સાથે સુમંગલ અને છન્ન જાઈ છે. પણ રસ્તામાં ભદ્રિકાને ઘરે જતાં ભદ્રિકા અસાધ્ય રોગથી પીડાતી હતી. કૃશ અને રોગીષ્ઠ દેહ જોઈ કુમારને અનેક પ્રશ્ન થવા લાગ્યા. ભદ્રિકાનું કયાં ગયું સૌંદર્ય?, શરીર સૌષ્ઠવ? અને હાસ્ય? કુમારે આંખો મીંચી દીધી. વપ્રમંગલનો પ્રસંગ પૂર્ણ થતા જ કુમાર સિદ્ધાર્થ જબુંવૃક્ષની ઘટામાં પલાંઠીવાળી આંખ મીંચીને કાષ્ઠની પ્રતિમાવ્રત્ બેઠા હતા. આ પ્રસંગ પછી રાજા શુદ્ધોદનને થયું કે હવે કુમાર માયામાં લપેટાય જાઈ માટે શાકય કન્યાઓને અશોકભાંડ ઉત્સવ માટે બોલાવો. જેમાં કુમાર કન્યાઓને અલંકાર વિતરણ કરે ત્યારે એમની નજર ઠરે તે કન્યા પસંદ કરી લેવી. એવું દાસીઓને કહ્યું આ મુજબ અંતિમ કન્યા સાથે તારામૈત્રક આંખના પલકારમાં થઈ હતી. એ કન્યા સુપ્રબુદ્ધ શાકયની પુત્રી યશોધરા સાથે લગ્ન થયા.

ચાતુર્માસમાં ભરણ્ડુ કાલામનું સંથાગારમાં આગમન થતા કુમારે સંન્યાસ અંગે પ્રશ્ન પૂછયો. ત્યારે આચાર્ય ભરણ્ડુએ કુમારના ખભા ઉપર હાથ મૂકીને કહ્યું: ‘સંન્યાસ એ એક ભૂમિકા છે અને એની પૂર્વશરત ત્યાગ છે.’ આમ સમાધિના પહેલા પાઠ ભરણ્ડુ કાલામ પાસેથી શીખીને બીજા સમાધિના સાત પાઠ આચાર્યના ગુરુ આલાર કામાલ પાસેથી શીખ્યા. પછી કુમારની ગડમથલ દિવસે દિવસે વધ્યે જતી હતી. એટલે પોતાની વ્યથા કુમારે રાજા શુદ્ધોદન સમક્ષ વ્યકત કરી. ‘રાજમહેલના આ તમામ સુખોથી હવે હું અત્યંત પીડિત થઈ રહ્યો છું. આ તમામ સુખો સમિતિ છે, આ પીડામુકિત માટે અનુમતિ આપો. દુઃખની પેલે પારના પ્રદેશમાં પહોંચીને શા ત સુખની શોધ કરવા માગું છું.’ માતા–પિતાએ સ્પષ્ટ ઈન્કાર કર્યા. આ સમય દરમ્યાન યશોધરાને સંતાન પ્રાપ્તિ થાય છે. એ બાળક રાહુલ અને યશોધરાને અષાઢી પૂર્ણિમાની રાત્રે નિંદ્રાવશ મૂકી રાત્રીના અંધકારમાં મહાભિનિષ્ક્રમણ કર્યું. કલ્યાણ યાત્રાના અજાણ્યા પ્રદેશમાં પ્રવાસ શરૂ કર્યો.

કુમાર સિદ્ધાર્થ પ્રશ્નોનુ અદશ્ય પોટલું લઈ ગુરુ આલાર કાલામના આશ્રમે આવ્યો. ઉત્પતિ અને લય તથા યોગ અને સાંખ્ય આદિ વિષયોનું તત્ત્વજ્ઞાન શીખ્યો. સમાધિનુ સર્વોત્કૃષ્ટ સોપાન આકિંચન્ય–સમાધિ હસ્તગત કરી પણ સાંત્વન મળતું નથી. એથી આલારને છોડી ચાલ્યા જાય છે. ત્યાંથી તપસ્વી અને જ્ઞાની પુરુષ ઉદ્રક રામપુત્રના આશ્રમે આવ્યા. ત્યાં નૈવજ્ઞાન–સમાધિ શીખી પણ સંતોષ થયો નહિ. આથી ગૌતમ વૈશાલી ગણરાજયના પ્રદેશને વળોટી નેરંજરાનદીને કાંઠે આવેલા ઉરુવેલા નામના રમ્ય પ્રદેશમાં આવે છે. અહીં પ્રાકૃતિક શોભા અને શાતા પ્રાપ્ત થતા નદી કાંઠે તપશ્ચર્યા માટે પલાંઠીવાળી બેઠા. એ દિવસે વૈશાખી પૂર્ણિમાની વહેલી સવારે ઉરુવેલા પ્રદેશમાં સેનાની ગ્રામના જમીનદારની પુત્રી સુજાતા પુત્રના જન્મ નિમિતે ખીરનો પ્રસાદ લઈ જંગલમાં વનદેવતાને ત્યાં આવે છે. અશ્વત્થવૃક્ષ નીચે બેઠેલાં ગૌતમને ખીરનો પ્રસાદ સ્વીકારવા અનુગ્રહ કર્યો, આથી ગૌતમે ભોજન સ્વીકાર્યું. ગૌતમની વિચારધારામાં એકાએક પ્રચંડ વળાંક આવ્યો. આ પછી તંતુવાદ્યના તાર ઉપરથી ગૌતમને મધ્યમ માર્ગીયતાનો વિચાર સાંપડયો.

રાજકુમાર સિદ્ધાર્થે છ વરસ સુધી આકરી તપશ્ચર્યા કરી. આજે અશ્વત્થવૃક્ષ હેઠળ બેસી મનોમંથન કરતા અદ્‌ભૂત, અવર્ણનીય, શબ્દાતીત પ્રદેશમાં પ્રવેશ થઈ ચૂકયો હતો. આ પ્રદેશમાં હવે કોઈ પ્રશ્નોને અવકાશ નહોતો. જીવન, મૃત્યુ, સુખ, દુઃખ, ભય આવો કોઈ પ્રશ્ન હવે આ પ્રદેશમાં પ્રવેશી શકે એમ નહોતો. હવે કોઈ રાજકુમાર સિદ્ધાર્થ નહોતો. શાકય ગૌતમ નહોતો. હવે તો સમષ્ટિ સાથે સાયુજય કેળવી સંબોધિ–અવસ્થા પ્રાપ્ત કરી હતી. આ પછી તપસ્તુ અને ભલ્લિકના વેપારીનું પહેલીવાર ભોજન લીધું. ત્યાર પછી ઉરુવેલાથી સારનાથ સુધીનો પંથ કાપી તથાગત ઋષિપત્તન પહોંચ્યા. અહીં કૌણ્ડિન્ય અને એના સાથીઓનો મેળાપ થતાં તથાગતે ઉપદેશ આપ્યો. ‘ભિક્ષુઓ, હવે હું ગૌતમ નથી. હું તથાગત છું, અર્હત છું. સમ્યક્ સંબુદ્ધ છું. જન્મ–મૃત્યુ બંનેને ઉલ્લંઘી જતો અમૃતમાર્ગ મને સાંપડયો છે.’

તથાગતની સ્વયં અનુભૂતિમાંથી પ્રગટ થતી વાણી સાંભળી પાંચય ભિક્ષુઓ મંત્રમુગ્ધ થઈ ગયા. કૌણ્ડિન્યના ચિત્તમાં સહુ પ્રથમ ઝબકાર થયો. એટલે એણે તથાગતના ચરણમાં મસ્તક નમાવ્યું. તથાગતે બૌદ્ધ ભિક્ષુસંઘમાં પહેલો પ્રવેશ આપી આવકાર્યા. ત્યારબાદ વારાસણીના નગરશ્રેષ્ઠીનો પુત્ર યશ અને તેમના મિત્રો બૌદ્ધ ભિક્ષુસંઘમાં જોડાયા. તો બીજી

બાજુ નગ્ન અવસ્થામાં આવેલા ત્રીસ યુવાનો બુદ્ધની વાણી સાંભળી બૌદ્ધધર્મ અંગીકાર કર્યો. આમ સારનાથના ઋષિપત્તન ઉપવનમાં સાઠ જેટલા બૌદ્ધ ભિક્ષુઓ પ્રસરી ચૂકયાં હતા. ઋષિપત્તન ઉપવનમાં ઘેરા પડછંદા ગાજી ઊઠયાઃ

॥ બુદ્ધં શરણં ગચ્છામિ ॥

॥ સંઘં શરણં ગચ્છામિ ॥

॥ ધમ્મં શરણં ગચ્છામિ ॥

રાજકુમાર સિદ્ધાર્થ બુદ્ધ બની આઠ વર્ષે કપિલવસ્તુ નગરીમાં આવે છે. ત્યારે રાહુલ પણ આઠ વર્ષનો થયો હતો. યશોધરા સાધ્વી જીવન ગાળતી હતી. પિતા શુદ્ધોદને બે અમાત્યાને રાજગૃહના વેળુવનમાં આમંત્રણ આપવા મોકલ્યાં. પણ એ તો બુદ્ધની પરમશાંતિ નિહાળી ચીવરધારી શ્રમણ બની ગયા. તો રાજાએ સિદ્ધાર્થનો નિકટનો મિત્ર કાળુદાયીને આ કામ સૌંપ્યું. તે પણ પિતાની વચનપૂર્તિ કરવાનું કહી બૌદ્ધ ભિક્ષુ બની ગયો. આ પછી રાજગૃહથી લગભગ છસો કિલોમીટરનું અંતર પગપાળા કાપી તથાગત અને ભિક્ષુસંઘ ઢળતી સાંજે કપિલવસ્તુના નિગ્રોધન ઉપવનમાં આવે છે. વળતે દિવસે પ્રાતઃકાળે તથાગત અને ભિક્ષુઓ હાથમાં ભિક્ષાપાત્ર ગ્રહણ કરી કપિલવસ્તુના ઘરે ઘરે મુઠ્ઠી ભિક્ષા માગી રહ્યા હતા. આ દશ્ય જોઈ પિતા રાજા શુદ્ધોદન, યશોદરા, દાસીઓ અને નગરજનો વ્યથિત થઈ ગયા હતા. સંધ્યાકાળે નિગ્રોધનમાં કપિલવસ્તુના નાગરિકો અને શાકયપરિવારનાં રાજવંશી આપ્તજનો તથાગતની વાણી સાંભળવા એકત્રિત થયાં હતા. સૌને તથાગતે ઉપદશ આપ્યો. ‘મૃત્યુ એ એક અનિવાર્ય અંત છે. માણસ માત્ર મૃત્યુથી ભય પામે છે, છતાં મૃત્યુ પછી પુનર્જન્મને ઝંખે છે. ફરીવાર જન્મ લેવો એનો અર્થ જ ફરીવાર મૃત્યુના ભયમાંથી પસાર થવું. મૃત્યુ પછી પણ જીવી શકાય તો મૃત્યુનો ભય રહેતો નથી. જીવન દરમિયાન કે મૃત્યુ પછી પણ પ્રત્યેક કર્મ એનું ફળ અવશ્ય આપે છે. કર્મ પોતે સારું કે ખરાબ હોતું નથી. એ કર્મ પાછળનો ઉદ્દેશ એને સારું કે ખરાબ બનાવે છે.’

યશોધરા ઉપદેશવાણીમાં આવ્યા ન હોતા. આથી તથાગત રાત્રે સારિપુત્ર અને મોદ્દ્ગલ્યાનને લઈ યશોધરાના મહેલે આવ્યા. ત્યારે યશોધરા અને તથાગત સાથેનો સંવાદઃ

યશોધરાઃ ‘મારો અને પુત્રનો શો અપરાધ હતો કે જાણ કર્યા વિના ત્યાગ કર્યો?

તથાગતઃ 'અપરાધ નહોતો યશોધરાઃ તને, રાહુલને અને સમગ્ર માનવ જાતને

સદા મુકિત આપવવા માટે મેં આ યાત્રા આરંભી હતી.'

યશોધરાઃ 'હે ભગવંત શુ હવે આપની સંબોધિ પ્રાપ્તિ પછી કોઈનું મૃત્યુ નહિ

થાય? કોઈ જરાગ્રસ્ત નહિ થાય? કોઈને દેહકષ્ટ નહિ થાય?'

યશોધરાએ પલકારમાં બુદ્ધનાં ચરણ પાસે હાથ અને માથું ટેકવી દીધો. એની આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી. સંબોધિમાર્ગ સ્વીકારી લીધો. આ પછી પુત્ર રાહુલ અને માતા ગૌતમીનો પુત્ર નંદ તથા રાજા શુદ્ધોદનના ચારે ભાઈઓના પુત્ર આનંદ, ભૃગૃ, કિંબિલ, અનુરુદ્ધ અને ભદ્રીય તેમજ સેવક ઉપાલિ નામનો હજામ અને સિદ્ધાર્થનો સાળો દેવદત્તએ પણ ઉપાલિના વડપણ હેઠળ પ્રવ્રજિયા ગ્રહણ કરી.

શ્રાવાસ્તીનો ચાતુર્માસ સમાપ્ત પછી ઉરુવેલા આનંદ, સારિપુત્ર અને મોદ્ગલ્યાયન સાથે ભિક્ષુસંઘે યાત્રા કરી. ઉરુવેલામાં તથાગતે સહુ પ્રથમ સંબોધિજ્ઞાન પ્રાપ્ત થયું હતું એ અશ્વત્થવૃક્ષ હેઠળ ધ્યાનસ્થ અવસ્થામાં ગાળ્યાં. તથાગત પ્રાતઃકાળે ચંક્રમણ કરતા હતા ત્યારે આનંદે રાહુલના મૃત્યુની વાત જાણાવી. વૈશાલીની નગરવધૂ આમ્રપાલી દ્વારા આમ્રવન તથાગતને અર્પણ કરી બૌદ્ધ ભિક્ષુણી બની ગઈ. તથાગતે રાજા પ્રસેનજીતને ઉપદેશ આપ્યો. રાજા વિદુર્દભ ારા કપિલવસ્તુ નગરીનો નાશ કર્યો એ સમયે યશોધરા સમાધિમૃત્યુમાં સરી ગયા. સારિપુત્રના ત્રણ ભાઈઓ અને બહેનો ભિક્ષુસંઘમાં જોડાઈ ગયા હતા. એટલે વૃદ્ધ માતાને અસંતોષ હતો છતાં તથાગતને શરણે આવ્યા. ધમ્મસેનાપતિ સારિપુત્ર ચૈતન્ય બ્રહ્માંડમાં વિલીન થઈ ગયા. તો રાજગૃહ પાસેની ટેકરી ઉપર મોદ્ગલ્યાયનને આજીવકો દ્વારા મોકલેલા ભાડૂતી મારાઓએ જ નિર્વાણ અપાવ્યું.

વૈશાલીના આમ્રવનમાં આનંદ, અનુરુદ્ધ અને અન્ય ભિક્ષુઓ સાથે નિવાસ કર્યો ત્યારે સ્વાસ્થય લથડી ગયું હોવાથી ભિક્ષુઓને ઉપદેશવાણીમાં કહ્યું. 'આ દેહ ત્રણ મહિનાથી વધુ ટકી શકે એમ નથી. ત્રણ મહિના પછી એ પરિનિર્વાણ પામશે.' આ પછી વૈશાલી પ્રદેશમાં વસતા ભિક્ષુઓની સભાને સંબોધી. તથાગત ભાંડગ્રામ, હસ્તિગ્રામ, આમ્રગ્રામ, જંબુગ્રામમાં વિહાર કરતાં ભિક્ષુઓની સભાઓ સંબોધી. પાવાનગરીના ચુંદ લુહારને ત્યાં ભોજન લઈ ઉપદેશ આપ્યો. આ પછી તથાગત અને ભિક્ષુસંઘે કુશીનારા વિહાર કર્યો. અહીં કુશીનારાની

મલ્લપ્રજાને અંતિમ ઉપદેશ આપ્યો. 'ધર્મ જ શાસ્તા રહેશે. ધર્મનું અનુસરણ કરજો અને તથાગતનું શરીર ન હોય ત્યારે શોક કરશો નહિ.'

ગૌતમના જન્મથી નિર્વાણ સુધીની સળંગકથા નવલકથારૂપે આલેખાયેલ છે. એમાં ગૌતમ બુદ્ધનું જીવનવૃત્ત અને બૌદ્ધધર્મનું દર્શન તાત્ત્વિક રીતે લેખકે કર્યું છે. નવલકથાના આરંભમાં શ્રામણેર ચૂળપંથકે અચિરવતીનદીના પ્રવાહ વિશે બુદ્ધને પ્રશ્ન કર્યો. 'ભગવંત, જળપ્રવાહ કયારેય થંભે ખરો? અને અંતે ભિક્ષુવૃંદમાંથી ભિક્ષુએ કહ્યું. 'તથાગત નિર્વાણ પામ્યા?'

'પ્રશ્ન પ્રદેશની પેલે પાર' નવલકથાનો આરંભ શ્રાવસ્તી નગરીની અચિરવતી નદીનો જલપ્રવાહ રાત્રીના ત્રીજા અને ચોથા પ્રહરનાં સંધિકાળે એક ક્ષણ થંભી જાય છે. એ વિશે સગીર વયના ભિક્ષુ–શ્રામણેર ચૂળપંથકે બુદ્ધને પ્રશ્ન પૂછયો. તથાગતે બીજમાંથી વૃક્ષ બનવાની પ્રકિયા વિશે દ્દષ્ટાંત આપી ઉપદેશ આપ્યો. 'શ્રામણેર ભવિષ્યને વર્તમાન બનતો અને વર્તમાનને અતીત બનતો કોઈએ જોયો નથી. જે દ્દશ્ય છે એ જ સત્ય છે એવું ન કહી શકાય.' આમ પ્રશ્ન સાથે જ નવલકથાનો ઉઘાડ થયો છે.

વૈદિક પરંપરાના જ્ઞાનમાર્ગનો મધ્યાહને તપતો સૂર્ય ઢળવા માંડયો હતો. અને બ્રાહ્મણ પરંપરાએ જ્ઞાનને બદલે નર્યા ક્રિયાકાંડ કે કર્મોને પ્રાધાન્ય આપવા માંડયું હતું. સાંપ્રદાયિક આચાર્યોમાં જુદા જુદા મંતવ્યો પ્રવર્તતા હતા. જેમાં સરેરાશ માણસને મુકિતનો માર્ગ શોધવો હતો. પણ કોઈ ચોકકસ દિશા સૂચન પ્રાપ્ત થતું નહોતું. સામાન્ય જનસમૂહ જાતજાતના અને ભાતભાતના વૈચારિક પ્રવાહોમાં અટવાતો હતો.આ બધા પ્રવાહો વચ્ચે ભગવાન બુદ્ધે સંબોધિજ્ઞાન (પરમજ્ઞાન)ને લોકો સમક્ષ સરળ ભાષામાં રજૂ કર્યું: 'આ જગત દુ:ખમય છે, જિંદગીમાં જે પ્રિય છે એ બધું પ્રાપ્ત થતું નથી, જે અપ્રિય છે એ પ્રાપ્ત થાય છે, ત્યારે એની સાથે પણ જીવવું પડે છે અને એમાંથી મુકિત પ્રાપ્ત કરવી, એવું જયારે સમજાવ્યું ત્યારે અંધારે ભટકતા મોટા ભાગના લોકસમૂહે વધાવી લીધા.' શ્રાવસ્તીના જેતવનમાં તથાગતના દર્શન અને અમૃતવાણી સાંભળી યુવાન સંગમજી બૌદ્ધ ભિક્ષુ બની ગયો. નિર્ગ્રંથ પરંપરાનો ઉપાલિ આચાર્ય નાથપુત્તને છોડી બુદ્ધના શરણે આવ્યો. આ પછી શ્રાવસ્તીના ધનિક શ્રેષ્ઠીઓએ બૌદ્ધધર્મનો અંગીકાર કર્યો. બૌદ્ધધર્મમાં સ્ત્રીઓનો પ્રવેશ વર્જ્ય હતો. છતા સ્ત્રીઓના નિર્વાણ પ્રાપ્તિ માટે

ભિક્ષુણી સંઘની સ્થાપના કરી. એમાં તથાગતના માતા મહાપ્રજાપતિ પહેલાં ભિક્ષુણી બન્યા. પછી ભિક્ષુણી સંઘમાં દિનપ્રતિદિન વૃદ્ધિ થતી ગઈ. એમાં તથાગત ઉપર પરિવ્રાજિકાએ સગર્ભાનું આળ ચડાવ્યું. આનું કારણ એ હતું કે શ્રાવસ્તીમાં વસતા છ સાંપ્રદાયિક વિચારધારાના આચાર્યો અને શાકયમુનિ બુદ્ધ સાથે કૌતૂહશાલામાં શાસ્ત્રાર્થ અને વાદવિવાદ યોજાયો, એમાં બુદ્ધનો જયજયકાર થયો. આથી વિપક્ષી આચાર્યો અને એમના અનુયાયીઓએ સુંદરી દ્વારા ષડ્યંત્રને પાર પાડવા ગુપ્તચરોને કામે લગાડયાં. ચાર–પાંચ દિવસમાં જ હત્યારાઓ ધનરાશિ માટે ઝગડતા પકડી પાડયા. રાજા સમક્ષ હાજર કરતાં જ સજ્જનો, ધર્માચાર્યો અને વિચારકો આ ઘટનામાં સામેલ હતા એનો ખુલાસો થયો. વાસ્તવમાં સુંદરી સગર્ભા નહોતી એનો પણ ખ્યાલ આવ્યો. ખરેખર બુદ્ધે ભિક્ષુઓને ઉપદેશ વાણીમાં કહ્યું હતું એ વાત સાચી પડી. 'ભ્રમ કે વિવાદ સત્યને ભલે ઘડીક છાવરી લેતા હોય પણ એને લુપ્ત કરી શકતા નથી. જે સત્ય છે એ તો અંતે પ્રકાશી ઊઠશે. વધુમાં વધુ એક સપ્તાહ અસત્ય સત્યને ગોપિત રાખી શકે છે.' પરમજ્ઞાનનો ઉપદેશ આપવા બુદ્ધ સર્વત્ર વિચારણા કરવા લાગ્યા. રાજગૃહના વેળુવનમાં રાજા બિંબિસારને ઉપદેશ આપ્યો. સમર્થ અને વિદ્વાન બ્રાહ્મણ કાશ્યપનો આશ્રમ નૈરંજરા નદી કાંઠે ઉરુવેલામાં આવેલો. તેમણે પાંચસો શિષ્યસહિત બૌદ્ધસંઘમાં પ્રવેશ આપ્યો. સગર્ભાવસ્થામાં નંદાનો ભિક્ષુણી પ્રવેશ. બુદ્ધની હત્યા કરનાર સૈનિકો પણ બુદ્ધસંઘમાં જોડાયાં. સુદત્ત અને અનાથપિંડિકની બુદ્ધ સાથે મુલાકાત દરમ્યાન દેહની ચાર અનુભૂતિઓનો ઉપદેશ સાંભળી બુદ્ધ ઉપાસક બની ગયા. સારિપુત્ર અને મોદ્ગલ્યાયનનો સંઘમાં પ્રવેશ અને ધમ્મ સેનાપતિ પદ પર નિયુકત કર્યા. મગધના યુવરાજ રાજકુમાર અજાતશત્રુ તથાગતના શરણે ગયા. રોગી વકકાલિને બુદ્ધસંઘમાં પ્રવેશ આપ્યો. તથાગતે માલુંકયપુત્રને ઉપદેશ આપતા પ્રવ્રજયા ગ્રહણ કરી. માગન્દિયનામના બ્રાહ્મણને ઉપદેશ આપી ઉપાસક તરીકે સ્વીકાર કર્યો. શ્રાવસ્તીનો નગરશ્રેષ્ઠી મિગાર પરિવાર નિગંઠ નાથપુત્તના આજીવક સંપ્રદાયનો અનુયાયી હતો. પણ બુદ્ધવાણીને આત્મસાત્ કરતા મિગાર અને પુત્રવધૂ વિશાખા ઉપાસક બની ગયા. ગાર્ગ્યનો પુત્ર અહિંસક તક્ષશિલામાં અભ્યાસ કર્યા પછી નવસો નવાણું માણસોનો વધ કરીને એની આંગળીઓની માળા બનાવી પહેરતો. એવો ભયંકર હત્યારો અંગુલિમાલ સાથે બુદ્ધનું મિલન થતા છેલ્લો શ્વાસ બુદ્ધનાં ચરણમાં લીધો. કિસા ગોતમી એ બુદ્ધના શરણે આવીને મૃત્યુ

અંગે સાંત્વના મેળવી.

આમ તથાગત શ્રાવસ્તી, રાજગૃહ, વૈશાલી, કપિલવસ્તુ, ઉરુવેલા અને કોસાંબીના વિહારોમાં ચાતુર્માસ ગાળવા અવારનવાર રોકાઈ લોકોને ઉપદેશ આપ્યો. નવલકથામાં બુદ્ધની આર્ષવાણી–ઉપદેશની સરવાણી સતત વહેતી રહે છે. એમાં પ્રશ્નરૂપે અનેક સંવાદો પ્રગટ થયા છે. તથાગત અને ચૂળકપંથકનો સંવાદ, દેવદત્ત અને અજાતશત્રુ વચ્ચે સંવાદ, સિદ્ધાર્થ અને પિતા સાથે સંન્યાસ માટે સંવાદ, દેવદત્ત અને બુદ્ધ વચ્ચે સંવાદ, યશોધરા અને તથાગતનો સંવાદ આદિ સંવાદો ધારદારરૂપે પ્રગટ થયા છે. બુદ્ધે સગીર વયના ભિક્ષુ ચૂળપંથક, યુવાન સંગમજી, નિર્ગ્રંથ પરંપરાનો ઉપાલિ, પત્ની યશોધરા, પુત્ર રાહુલ, યાત્રિકો તપસ્સુ અને ભલ્લિક, માતા મહાપ્રજાપતિ, સુદત્ત અને અનાથપિંડિક, ધમ્મ સેનાપતિ મોદ્‌ગલ્યાયન અને સારિપુત્ર, રોગગ્રસ્ત વક્કાલિ, બ્રાહ્મણ માગન્દીય, નિગંઠ નાથુપત્તના આજીવક સંપ્રદાયના અનુયાયી નગરશ્રેષ્ઠી મિગાર અને પુત્રવધૂ વિશાખા, માનવ હત્યારો અંગુલિમાન, કિસા ગોતમી, રાજાબિંબિસાર, યુવાન અજાતશત્રુ, રાજા પ્રસેનજીત, વૈશાલી નગરની આમ્રપાલી, ચુંદ લુહાર, યાત્રિક સુભદ્ર અને માનવજાતને ઉપદેશ વાણી આપી. બૌદ્ધધર્મમાં રંક કે રાજા, નાના કે મોટા, સ્ત્રી કે પુરુષ, રોગીષ્ઠ કે હત્યારો, માતા કે પુત્ર, શત્રુ કે મિત્ર, બ્રાહ્મણ કે ક્ષત્રિય અને અન્ય સંપ્રદાયના લોકોએ પણ અંગીકાર કર્યો હતો.

‘પ્રશ્ન પ્રદેશની પેલે પાર’ બુદ્ધના જીવન પર આધારિત નવલકથાનો અભ્યાસ કરતા બૌદ્ધધર્મ અને એના સ્થાપક બુદ્ધની વિચારધારાનો ખ્યાલ નવલકથામાં આ પ્રમાણે પ્રગટ થયો છે. પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા રાખવી, અને વિશ્વમાં અહિંસા અને શાંતિનો સંદેશ પાઠવવો. તથાગતે ચાર આર્યસત્યોને નવલકથામાં પ્રગટ કરતો ઉપદેશ આપ્યો હતો. જેમાં દુઃખ**(Suffering)**, દુઃખનું મૂળ કારણ**(Cause of suffering)** દુઃખ નિરોધનો ઉપાય **(Cessation of suffering)** અને દુઃખ નિરોધ માર્ગ **(The path leading to cessation of suffeing)**. આ ચાર આર્યસત્યો બૌદ્ધધર્મનો પાયો છે.

આ ઉપરાંત બૌદ્ધધર્મ માનસિક, વાચિક અને શારીરિક પાપોથી તથા લોભ, દ્રોહ, ક્રોધ, પાખંડ, અસહનશીલતા, ક્રૂરતા, ઈર્ષ્યા, મત્સર્ય, શઠતા, જડતા, હિંસા, માન, અભિમાન, મદ, છેતરપિંડી, પ્રમાદ–એ સોળ મળોથી દૂર રહેવા ઉપદેશ આપે છે. આ રીતે

બૌદ્ધધર્મનું દર્શન લેખકે નવલકથામાં કર્યું છે.

બૌદ્ધ ભિક્ષુઓએ પાંચ પંચશીલ પાળવા આવશ્યક છે. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય(ચોરી ન કરવી)અને અપરિગ્રહ(બીજાની વસ્તુ ન લેવી). ઉપરાંત બોદ્ધ સાધુ નમ્ર, ગુરુની આજ્ઞાનો પાલક, કષ્ટ અને વિઘ્ન સહન કરનારો, પવિત્ર અંતઃકરણવાળો, સ્થિર મનનો અને બીજાએ આપેલ ભોજનથી જીવન વિતાવનારો હોય છે. પુરુષોએ પ્રવ્રજયા(ઉપસંપદા) ગ્રહણ કરવા માટે માથું મુંડાવી, પીળું વસ્ત્ર પહેરી, સર્વને નમસ્કાર કરી ત્રણ વાર ત્રિશરણ વાકયોનું ઉચ્ચારણ કરવું પડેશે. 'બુદ્ધં શરણં ગચ્છામિ', 'સંઘં શરણં ગચ્છામિ' અને 'ધમ્મં શરણં ગચ્છામિ'. આમ બૌદ્ધધર્મ મધ્યમમાર્ગી છે. શરીરને અતિશય કષ્ટ કે ભોગવિલાસ એ બેમાંથી વચલો રસ્તો અર્થાત્ મધ્યમમાર્ગ આ ધર્મમાં સ્વીકાર્યો છે. તેથી અતિશય કષ્ટ અને અતિશય ભોગવિલાસ નિષેધ છે.

કથાનાયક બુદ્ધની સળંગ જીવનકથા સહુ પ્રથમ 'લલિતવિસ્તર'માં પુરાણકથારૂપે મળે છે. તો અશ્વઘોષે રચેલોગ્રંથ 'બુદ્ધચરિત'માં બુદ્ધ જીવન સાંગોપાંગ કાવ્યસ્વરૂપે આલેખાયું છે. પણ દિનકર જોષીએ નવલકથા ઢબે 'પ્રશ્ન પ્રદેશની પેલે પાર' ગૌતમ બુદ્ધના જીવનદર્શનને વ્યકત કર્યું છે. બુદ્ધનો સમયગાળો ઈ.સ.પૂર્વેની પાંચમી સદી આસપાસ હોવાથી પ્રાચીન સ્થળ–કાળ અને બૌદ્ધધર્મને ધ્યાનમાં રાખી સર્જકે ભાષા વિનિયોગ કર્યો છે. પ્રાચીન સમયના નગરો કોશલદેશ, શ્રાવસ્તી, કપિલવસ્તુ, ઉરુવેલા, વૈશાલી, રાજગૃહ આદિ તથા બૌદ્ધધર્મમાં વપરાતા શબ્દો–શ્રામણેર, અર્હત, આયુસ, ભદંત, ચંક્રમણ, વિહાર, ચીવર, ભન્તે, ઉપસંપદા, સંબોધિજ્ઞાન, પ્રવ્રજયા, ભિક્ષુ, ઉત્તરાસંગ, ભિક્ષાટન, વૃષલ, સંથાગાર, પ્રત્યવેક્ષણ વગેરે દ્વારા બૌદ્ધધર્મ અને ભાષાની પ્રાચીનતા પ્રગટ થાય છે. સમૃદ્ધ નવલકથાકાર હોવાને કારણે વર્ણનો પણ એ સમયના વાતાવરણને પ્રગટ કરે છે. શ્રાવસ્તી, કપિલવસ્તુ અને રાજગૃહના પરિસરનું વર્ણન, અશોકભાંડ ઉત્સવનું વર્ણન અને ઋતુના આગમનના વર્ણનનો એકાદ નમુનો જોઈએ. 'વર્ષાઋતુ સમાપ્ત થઈ, પ્રકૃતિએ સદ્યસ્નાતા સુંદરી જેવા નવીન વાઘા ધારણ કર્યા. શરદે પણ જયારે વિદાય લીધી અને હેંમતની આહ્લાદક શીતળતા પ્રસરવા માંડી, વૃક્ષો અને વનરાજિએ રમણીયરૂપ ધારણ કર્યું છે. ચિત્તાકર્ષક ફળો અને ફૂલોથી પ્રકૃતિ રમણીય લાગે છે.'

નવલકથાના આરંભ–અંત વચ્ચે પૂર્વજ, પુત્ર, ત્યાગ, મૃત્યુ, સંન્યાસ, દુઃખ, સુખ, દેહ, જરા, ભય, આત્મા, જીવન, પુનર્જન્મ, સ્વર્ગ અને મોક્ષ આદિ અનેક પ્રશ્નો પ્રદેશની પેલે પાર છે. આઠ દાયકાની જીવનયાત્રામાં પોતે જે પ્રશ્નના પ્રદેશમાં પ્રવેશ્યા હતા. એ પ્રશ્નની પેલે પાર પણ પહોંચ્યા હતા. પણ માનવજાત માટે હજુ આ પ્રશ્નો એવા ને એવા જ હતા. હજુ આજેય લાખો અને કરોડો માણસો આ બધા પ્રશ્નો વચ્ચે અટવાયેલા જ રહ્યા છે. માટે શીર્ષક ઔચિત્યપૂર્વક આલેખ્યું છે. એકાવન વર્ષ પહેલાં કપિલવસ્તુ(હાલ નેપાળનુ તિલોરાકોટ)ના રાજમહેલમાં પ્રગટેલા પ્રશ્નનો પ્રદેશ હવે સમાપ્ત થઈ ચૂકયો હતો. રાજકુમાર સિદ્ધાર્થ, શાકયમુનિ ગૌતમ અને તથાગત હવે આ પ્રદેશની પેલે પાર પહોંચી ચૂકયા હતા.

॥ નમો તસ્સ ભગવતો અર્હતો ॥

દિનકર જોષીએ કથાનાયક ગૌતમ બુદ્ધના જન્મથી નિર્વાણ સુધીની સળંગ જીવનચરિત્રમૂલક નવલકથા આલેખી છે. જેમાં ગૌતમ બુદ્ધનું જીવનવૃત્ત અને બૌદ્ધ દર્શન કરાવ્યું છે.

ાા અનુવાદિત જીવનચરિત્રમૂલક નવલકથાઓનું મૂલ્યાંકન ાા

ગુજરતી સાહિત્યની ઓગણીસ જીવનચરિત્રમૂલક નવલકથાનો અભ્યાસ કર્યા પછી અન્ય ભાષાની જીવનચરિત્રમૂલક નવલકથાઓનો ગુજરાતીમાં અનુવાદ થયો છે. તેનો પણ અભ્યાસ કરવાની મને જરૂરીયાત જણાઈ, આથી એ જીવનચરિત્રમૂલક નવલકથાઓની ટૂંકી નોંધ અહીં મૂકી આપી છે. જેથી ભવિષ્યના સંશોધકોને એ તરફ આગળ વધવા દિશા મળી રહે એવી આશા સેવું છું.

મહાન ચિત્રકાર વિન્સેન્ટ વાન ગૉગના જીવન આધારિત અંગ્રેજી નવલકથા ‘લસ્ટ ફોર લાઈફ’ ૧૯૩૪માં અરવિન્ગ સ્ટોને આપી છે. જેનો અનુવાદ વિનોદ મેઘાણીએ ૧૯૯૪માં ‘સળગતાં સૂરજમુખી’ નામે કર્યો છે. આથી અનુવાદક તરીકેનો પ્રથમ યશ આ પ્રકારની નવલકથામાં વિનોદ મેઘાણીને ફાળે જાય છે. તો મરાઠી ભાષાની જીવનચરિત્રમૂલક નવલકથા ‘મહાનાયક’ અને ‘ઈન્કિલાબ’નો અનુવાદ પણ ગુજરાતીમાં કરવામાં આવ્યો છે. જે અનુવાદ અનુક્રમે ૨000માં પ્રતિભા દવે અને ૨00૬માં કેયૂર કોટકે કર્યો છે.

આમ ગુજરાતી ભાષામાં ઉપરોકત ત્રણ જીવનચરિત્રમૂલક નવલકથાઓનો અનુવાદ થયો છે. આથી આ નવલકથાઓને મારા શોધનિબંધમાં સમાવી છે. જે ભવિષ્યના અભ્યાસીને પ્રેરિત કરશે એવી આશા રાખું છું.

ⅼⅼ ૧.'Lust For Life' અરવિન્ગ સ્ટોન,અનુ.વિનોદ મેઘાણી,૧૯૯૪ ⅼⅼ

Stone's main source for *Lust for Life*, as noted in the afterword, were Van Gogh's letters to his brother Theo. It seems probable that Eugene Debs' letters to and from his own brother Theo provided a foundation for *Adversary in the House*. Stone additionally did much of his research "in the field". For example, he spent many years living in Italy while working on *The Agony and the Ecstasy.* The Italian government lauded Stone with several honorary awards during this period for his cultural achievements highlighting Italian history. In 1956, a popular film version was made of Lust for Life, based on Stone's 1934 novel, starring Kirk Douglas as Van Gogh. In 1965, a film was made of The Agony and the Ecstasy, starring Charlton Heston as Michelangelo, and Rex Harrison as Pope Julius II

અમર ચિતારા વિન્સેન્ટ વાન ગૉગના જીવનને આલેખતી નવલકથા 'લસ્ટ ફોર લાઈફ' ૧૯૩૪માં લેખક અરવિન્ગ સ્ટોને આલેખી છે. જેનો ગુજરાતીમાં અનુવાદ વિનોદ મેઘાણીએ 'સળગતાં સૂરજમુખી' નામે ૧૯૭૧માં કર્યો હતો. પણ એ અનુવાદ અતિ નબળો લાગતાં પોતે જ એને રદબાતલ કરે છે. અને ફરી અભ્યાસ કરી ૧૯૯૪માં પ્રથમ આવૃત્તિ બહાર પાડે છે. ત્યાર બાદ ત્રણ વખત પુનર્મુદ્રણ થયું છે. એ એની લોકપ્રિયતા દર્શાવે છે. આ નવલકથા આઠ ખંડમાં વિભાજીત થયેલ છે. લેખકે વાપરેલા ડચ અને ફ્રેન્ચ ભાષાના શબ્દો તથા અવતરણોને ગુજરાતીમાં અનુવાદિત કરી છેલ્લાં પૃષ્ઠોમાં મૂકી આપ્યાં છે. વિન્સેન્ટના અનેક આલેખનો અને ચિત્રોને કારણે ભાવક માટે આ નવલકથાનું મહત્ત્વ અનેકગણું વધી ગયું છે.

લેખક અરવિંગ સ્ટોનેને એક મિત્ર પૅરિસની રોઝનબર્ગ ગૅલરીમાં વાન ગૉગનાં ચિત્રોનું પ્રદર્શન જોવા લઈ ગયા. ચિત્રો જોઈ લેખક સ્તબ્ધ થઈ જાય છે. વિન્સેન્ટ વાનગૉગે આર્લમાં ચીતરેલાં પચાસેક ઝળહળતાં કેન્વાસે સ્ટોનના ચિત્ત પર એવો પ્રચંડ પ્રભાવ પાડયો કે વિન્સેન્ટ વિશે જાણવા તેઓ આતુર થઈ ઊઠયાં. જગતના કદાચ સૌથી એકાકી માણસ વિન્સેન્ટ વાનગૉગ હતા. લેખકના સમગ્ર અસ્તિત્વ પર એવી પકડ જમાવી કે જયાં સુધી વિન્સેન્ટ વિશે નહીં લખે ત્યાં સુધી બીજું કશું જ નહી લખી શકે એવી એમને ખાતરી થઈ ગઈ. આથી લેખકે વાન ગૉગની જીવનકથા વાંચી કાઢી. બે ચાર ચોપાનિયાં મળ્યાં તે પણ વાંચી લીધા. ન્યૂ યૉર્કનાં

સાર્વજનિક પુસ્તકાલયમાંથી વિન્સેન્ટે થિયો ઉપર લખેલા પત્રો વાંચ્યાં. અને પછી આ એકઠી થયેલી હકીકતમાં પોતાની જરૂરિયાત પ્રમાણે કલ્પનાના રંગો પૂરી જગતને એક અદ્‌ભુત જીવનચરિત્રમૂલક નવલકથા 'લસ્ટ ફૉર લાઈફ' ભેટ આપી.

લેખક નોંધે છે કે, 'વિન્સેન્ટે એના ભાઈ થિયો ઉપર લખેલા પત્રોના ત્રણ સંગ્રહો મારી વાર્તાનો મુખ્ય સ્ત્રોત છે. હૉલાન્ડ, બેલ્જિયમ અને ફ્રાન્સમાં વિન્સેન્ટની કેડીએ વિચારતાં વિચારતાં મોટા ભાગની માહિતી મેં ખોદી કાઢી છે. યુરોપભરમાં વાન ગૉગનાં મિત્રોએ અને ઉત્સાહી પ્રશંસકોએ સમય અને માહિતી મન મૂકીને આપ્યાં છે.' આમ વાન ગૉગની પગદંડીઓ ઉકેલવા યુરોપ આવી વિન્સેન્ટ જયાં જયાં ગયા હતા. ત્યાં ત્યાં જઈને લેખકે લોકોને મળ્યાં. આ પછી વરસને અંતે માહિતીની પેટી ભરી પાછા ફર્યા. એ પછી એક સોને એંશી દિવસમાં લેખકે 'લસ્ટ ફૉર લાઈફ' બાયોગ્રાફિકલ નૉવેલ લખી. જેમાં તકિનકી છૂટછાટ લીધી છે તે બાદ કરતા નવલકથા હકીકતની તવારીખ છે.

લેખક અરવિન્ગ સ્ટોન વ્યકિતવિશેષને ફરીથી મૂર્ત કરવા ઝંખે છે. શ્રી સ્ટોનના અથાગ પરિશ્રમમાંથી સરજાઈ છે વિવિધ વ્યકિતવિશેષો ઉપર આધારિત જવલંત જીવનચરિત્રમૂલક નવલકથાઓ મળી છે. જેમાં 'લસ્ટ ફૉર લાઈફ' (વિન્સેન્ટ વાન ગૉગ), 'સેઈલર ઑન હોર્સબૅક' (જેક લંડન), 'લવ ઈઝ ઈટર્નલ' (મેરી ટોડ લિન્કન), 'ધ એગની એન્ડ એકસ્ટસી' (માઈકેલેન્જેલો) અને 'પૅશન્સ ઑફ ધ માઈન્ડ' (ફ્રોઈડ) વગેરે જીવનચરિત્રમૂલક નવલકથાઓ છે.

વિન્સેન્ટ વાન ગૉગ જીવન દરમિયાન એક ચિત્ર 'રેડ વિન્યાર્ડ' વહેંચી શકયા હતા. ૧૯૮૫માં એનું બીજું એક ચિત્ર 'આઈરિસીઝ' પાંસઠ કરોડ ડૉલરની કિંમતે વેચાયું હતું. એવા વાન ગૉગનો જન્મ ૩૦ માર્ચ ૧૮૫૩માં નેધલૅન્ડ્ઝમાં થયો હતો. અને ૧૮૯૦માં ફ્રાંસના ઑવે શહેરમાં અવસાન પામે છે. આમ સાડત્રીસ વર્ષના આયુષ્યમાં આર્થિક ખેંચને કારણે પેટ ભરી ખોરાક ન પામી શકયા. આથી જાત–જાતના રોગોનો શિકાર બની જતાં નાની વયે અવસાન પામે છે. વિચારક એલૅકસીલ કૅરળ નોંધે છે કે, 'તમારા જીવનમાં વરસો ઉમેરવાની વાતો મોટી નથી, પણ તમારાં વરસોમાં જીવન ઉમેરવાની વાત મોટી છે.'

બાળપણથી શરૂ કરીને પંદર–સોળ વર્ષની ઉંમર સુધીની વાન ગૉગની જિંદગી

તદ્દન સામાન્ય હતી. પણ ગુપિલ નામના કળાવિક્રેતાએ નોકરીમાં રાખ્યો. પોતે લંડનમાં જે ઘરમાં રહેતો હતો એ મકાન માલિકની પુત્રી અર્શલાના પ્રેમમાં પડે છે. પણ અર્શલાએ લગ્નનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો. આથી વિન્સેન્ટ જીવનમાં પ્રથમ વખત પ્રેમમાં નિષ્ફળ ગયા. આથી ઇંગ્લૅન્ડ છોડી, પાદરી બનવાની તાલીમ લેવા એના માસા રેવરન્ડને ત્યાં જાય છે. પ્રેમની ઝંખનાથી ધીખતા હૈયાને માસીના ઘરનું પ્રેમાળ વાતાવરણ વધુ અજંપ બનાવે છે. અહીં માસીની દીકરી કેઈને જોઈ વિન્સેન્ટનું હૈયું કલ્પાંત કરી ઊઠે છે.

કથાનાયક વિન્સેન્ટ વાન ગૉગ ભણવામાં પણ નિષ્ફળ જાય છે. એ પછી ગરીબોની સેવા કરવાનો નિર્ધાર કર્યો. બેલ્જિયમના 'બ્લેક કન્ટ્રી' તરીકે ઓળખાતા વિસ્તાર બોરિનાઝમાં ખાણિયાઓની કારમી અવદશા જોઈ કમકમાટી અને મનોમંથન અનુભવે છે. ઘર, કપડાં અને ખોરાક સુધ્ધાં ગરીબ ખાણિયાઓને દાનમાં આપી દીધું.

આમ અત્યંત મનોવેદના–વ્યથા અનુભવતા વિન્સેન્ટ પોતાનાં જૂનાં–નવાં આલેખનો લઈ હેગ પહોંચે છે. અહીં વિન્સેન્ટના આલેખનો જોઈ એન્તોન મોવ અભિપ્રાય ઉચ્ચારે છે. 'તારાં આલેખનો કઢંગાં છે પણ વાસ્તવિક છે. આમાં દેખાય છે તેવાં જોમ અને લય મને બીજે વારંવાર જોવા નથી મળ્યાં' (પૃ.૧૨૪). આમ એન્તોન મોવ જેવા મહાન ચિત્રકારનો અભિપ્રાય વિન્સેન્ટને થનગનાવી મૂકે છે.

માસીની દીકરી કેઈ વોસ વિધવા થાય છે. આથી પ્રેમભૂખ્યાં વિન્સેન્ટને અચાનક જ કેઈમાં એની પ્રેરણામૂર્તિ દેખાવા લાગે છે. આથી કેઈ પાસે પ્રણયયાચના કરી બેસે છે. જેને કેઈ ધિક્કારથી તરછોડે છે. પણ વિન્સેન્ટ કેઈના નકારને સ્વીકારવા તૈયાર નથી. બંને કુટુંબો તેના પર ફિટકાર વરસાવે છે. તો પણ ધરાર કેઈના ઘરે જાય છે. એના માસા વિન્સેન્ટને ધૂત્કારી કાઢે છે. કેઈ તને મળવા નથી માગતી. પણ વિન્સેન્ટની જીદ છે કે તેને કેઈના મોઢે જ 'ના' સાંભળવી છે. તે માસાને કહે છેઃ 'આ મીણબત્તી પર હાથ ધરી રાખું ત્યાં સુધી મને કેઈ સાથે વાત કરવા દો...' આખા ઓરડામાં ચામડી બળવાની વાસ ફરી વળે છે, સફેદ ફોલ્લા પડીને ફૂટી જાય છે. પણ તે હાથ નથી ખસેડતો. મીણબત્તી ખસેડી લેતાં માસા બરાડી ઊઠે છેઃ 'તું પાગલ છે...કેઈ તને અંતરથી ધિક્કારે છે. નીકળી જા ઘરની બહાર...આ પછી પાગલ થયેલો વિન્સેન્ટ રાશેલ નામની સ્ત્રીને પોતાના હાથે પોતાનો કાન કાપી મોકલે છે.

આ બધી ઘટનાઓ પછી વિન્સેન્ટ ચિત્રકામના પાયાના પાઠ ભણવા એન્તોન મોવને ત્યાં હેગ પહોંચે છે. નાણાકીય જવાબદારી નાના ભાઈ થિયૉએ ઉપાડી લીધી. પણ કાગળ, રંગ અને મૉડલ પાછળ પૈસા ખલાસ થઈ જતા હતા. ફરી ભૂખમરાએ પીછો કર્યો. આથી ત્રસ્ત, એકલો–અટુલો અને નિષ્ફળતાને વરેલો વિન્સેન્ટ આસવકાફેમાં ક્રિસ્ટિન નામની વેશ્યાને મળે છે. ક્રિસ્ટિન સાથે રાત વિતાવતો વિન્સેન્ટ જિંદગીમાં પ્રથમ સ્ત્રીનો સ્પર્શ પામે છે.

સફળ ચિત્રકાર વૈસનબ્રુખ પણ વિન્સેન્ટને આ માર્ગ છોડી દેવાની સલાહ આપે છે. 'તું કોઈ દિવસ સફળ નથી થવાનો' એવો ફટકો મારી લે છે. જેના જવાબમાં વિન્સેન્ટે કહ્યું: 'કદાચ નહીં થાઉં સફળ, પણ તું કયારેય નહીં સર્જી શકે એટલાં સારાં ચિત્રો હું સર્જીશ.' (પૃ.૧૭૬). આમા પોતાનું ભાવિ પ્રગટ થઈ જાય છે. ફરી વિન્સેન્ટ ચાલીસ વર્ષની માર્ગોટને ચાહે છે. પણ નિષ્ફળ જતાં માર્ગોટ ઝેર પી આત્મહત્યા વહોરે છે. ફરી એક વાર વિન્સેન્ટ સાવ એકલો પડી જાય છે. આ હતાશામાંથી બહાર કાઢવા થિયો એને પેરિસ લઈ જાય છે. અહીં સરે, માન, પોલગાગેં અને લોત્રેક વગેરેનાં ચિત્રો જોઈને પોતે અત્યાર સુધીનો સમય સાવ વેડફી નાખ્યો હતો. એવું એને લાગે છે.

કથાનાયક વાન ગૉગને લોત્રેક આર્લ બળબળતો સૂર્ય હોય એવા પ્રદેશમાં જવા સૂચવે છે. 'આર્લનો સૂર્ય તને પાગલ કરી મૂકશે એટલો પ્રખર છે.' આમ અજાણતાં બોલાયેલું લોત્રેકનું આ વિધાન વિન્સેન્ટ માટે કમનસીબે સાચું પડવાનું હતું. આમ આર્લના ધગધગતા અને બાળી નાખતા સૂર્યે વિન્સેન્ટને અભાનપણે ચીતરતો કર્યો. આર્લમાં વિન્સેન્ટને રંગોનો કેફ ચડયો હતો. આર્લનાં કૅન્વાસોમાં જે પીળા રંગનું સામ્રાજય પ્રવર્ત્યું હતું. તેને ફરીથી મૂર્ત કર્યું. આ પછી લગાતાર સાડત્રીસ જવલંત કૅન્વાસો સર્જયાં.

આર્લના તપતા ગોળાએ વિન્સેન્ટને ફરી પાગલખાને પહોંચાડયો. ફરી સ્વસ્થ થયો. ફરી ચીતરતો થયો. પણ તેમને ત્રણ મહિને વાઈના હુમલાઓ આવવા લાગ્યા. આથી થિયો વિન્સેન્ટને ઓવેરમાં ડૉ.ગાશેના હાથમાં સોંપે છે. અહીં એમને જે ચીતરવું હતું એ બધું ચીતરી ચૂકયો હતો. પણ એક દિવસ ચિત્ર દોરતા દોરતા જ તેમણે પોતાની છાતીમાં પિસ્તોલ વડે ગોળી મારી દીધી. થિયો આવી પહોંચે છે. એની સાથે બાળપણના પ્રસંગોને સંભારતાં સંભારતાં સાડત્રીસ વર્ષની ઉંમરે વિન્સેન્ટ જીવનલીલા સંકેલી લે છે. આમ ચિત્રકાર વિન્સેન્ટ

વાન ગૉગ ભાવક ઉપર કાયમી છાપ છોડી ચાલ્યો જાય છે.

અરવિન્ગ સ્ટોને વિન્સેન્ટના ચિત્રકાર મિત્રોને તો અમર બનાવ્યા જ છે તે ઉપરાંત પેર તોંગી, ટપાલી રૂલે, ડૉક્ટર પેટો, ડૉક્ટર ગાશે જેવાં પાત્રો પણ ભાવકના ચિત્તમાં કાયમી છાપ છોડી શકે એવાં આલેખ્યાં છે. વાન ગૉગના પ્રિય વિષયોમાં સૂર્યોદય, સૂર્યાસ્ત, સૂરજમુખીના પુષ્પો, ખેતરો, ખેતમજૂરો, ચૅરીના વૃક્ષો, જંગલો, તારલાંમંડિત રાત્રીઓ, મિત્રો અને ઓળખીતાનાં વ્યકિતચિત્રો અને આત્મચિત્રો વગેરે રચનાઓ સરળ અને વિશિષ્ટ રંગોની સહોપસ્થિતિ **(Juxtaposition)**ને કારણે ખૂબ જ આકર્ષક બની છે. તેથી તે લોકપ્રિય બન્યાં છે. મહાન ચિત્રકારો ગાર્ગે, લોત્રેક અને વિન્સેન્ટ વગેરેના પાગલપણાથી આશ્ચર્ય પામતો ભાવક કથારસના ધસમસતા પ્રવાહમાં ઘસડાતો જાય છે.

ાા ૨.'મહાનાયક'–વિશ્વાસ પાટીલ, અનુ.પ્રતિભા દવે,૨૦૦૦ ાા

આધુનિક અગ્રગણ્ય નવલકથાકાર અને નાટયકાર શ્રીવિશ્વાસ પાટીલની નેતાજી સુભાષચંદ્ર બોઝનાં જીવન અને કાર્ય ઉપર આધારિત અત્યંત લોકપ્રિય નવલકથા 'મહાનાયક' મરાઠી ભાષામાં પ્રગટ થતા માત્ર એક વર્ષમાં ત્રણ આવૃત્તિ વેચાઈ ગઈ. આ નવલકથાનો ૨૦૦૦માં પ્રતિભા દવેએ ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. તો ભારતીય જ્ઞાનપીઠે આ નવલકથાને હિન્દીમાં પ્રકાશિત કરી છે. આ ઉપરાંત મલયાલમ, તામિલ, રાજસ્થાની, અંગ્રેજી અને જાપાની જેવી દેશવિદેશની ભાષાઓમાં પ્રકાશિત થઈ છે.

સુભાષચંદ્ર બોઝ આશરે અડતાલીસ વર્ષની કારકિર્દીમાં ઈતિહાસના નભાંગણમાં તેજઃપુંજની જેમ ચમકી ગયા છે. નેતાજીનું જીવન આસમાની, વીરતાભર્યું અને નાટયાત્મક પ્રસંગોથી ખીચોખીચ ભરેલું છે. ૧૯૪૫માં દિલ્હીના લાલ કિલ્લામાં આઝાદ હિંદ ફોજનો મુકદ્દમો ગાજયો ત્યારે નેતા સુભાષચંદ્રની લોકપ્રિયતા ટોચ પર હતી. નેતાજીનો અને આઝાદ હિંદ ફોજનો રોમાંચક ઈતિહાસ ઘણા દફતરોમાં સંગ્રાયેલ છે. નેતાજી અત્યંત પરાક્રમશાળી હતા. આઝાદી માટે અરધું વિશ્વ ખૂંદી વળ્યા હતા. તેમણે ઉજ્જવળ કારકિર્દી અને સર્વસ્વને ફગાવી દઈ દેશ ત્યાગ કર્યો હતો.

લેખકે સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજ અંગેનું સાહિત્ય જર્મની, જાપાની, બ્રાહ્મી, ફ્રેન્ચ અને બંગાળી ભાષામાં અને વિશ્વના અનેકવિધ દફતરોમાં અટવાઈ ગયું હતું, તેને ખોળી કાઢયું. આ દસ્તાવેજોની ગઠડી લઈ લેખક સુભાષબાબુ જે દેશમાં ગયા હતા, ત્યાં જઈ એમના વ્યકિતત્વ અને કાર્યનો અભ્યાસ કર્યો. આમ વાસ્તવિકતાની પાર્શ્વભૂમિ પર આધારિત નવલકથા સર્જવા માટે અનેક વર્ષો સુધી લેખકે તપ કર્યુ. આ ઉપરાંત ગાંધી અને નહેરુ સાહિત્યનો અભ્યાસ ઝીણવટપૂર્વક કર્યો છે.

સુભાષબાબુના જીવન અને કાર્ય આધારિત નવલકથા લખવા માટે લેખકે ઈઠ્ઠોતેર વ્યકિતઓની મુલાકાત લીધી. પાંચ હસ્તલિખિત ગ્રંથોનો અભ્યાસ કર્યો. સત્યાવીસ જાપાની ગ્રંથો, ત્રેવીસ બંગાળી ગ્રંથો, ત્રણ જર્મન, પંદર મરાઠી, આઠ હિન્દી અને બસો અગિયાર અંગ્રેજી ગ્રંથોનો અભ્યાસ કર્યો. અનેક દેશોનો પ્રવાસ કર્યો. સતત બાર વર્ષ સુધી

અથાગ પરિશ્રમ કર્યાં પછી ઓગણીસ પ્રકરણો અને સાત સો નેવું પૃષ્ઠની બૃહત્ જીવનચરિત્રમૂલક નવલકથા આલેખી શકયા.

ભારતના અગ્રગણ્ય સ્વાતંત્ર્યસેનાની સુભાષચંદ્રનો જન્મ ધનિક પરિવારમાં થયો હતો. પિતા જાનકીનાથ બંગાળના ચોવીસ પરગણા જિલ્લાના મહાનગરના વતની અને કટકમાં સરકારી વકીલ હતા. માતા પ્રભાવતી રામકૃષ્ણ પરમહંસના ભકત હતાં. પિતાએ માતૃભૂમિની મૂકિત માટે સાહસો ખેડવાનો, અન્યાય સામે લડવાનો અને સ્વરાજ માટે લડત આપવાનો નિર્ભીકતાનો ગુણ વારસામાં આપ્યા હતા. આથી સુભાષબાબુએ શાળાના અભ્યાસ દરમ્યાન ગરીબો–પીડિતોની સેવા કરી. કૉલેરાના રોગચાળામાં દર્દીઓને દવાઓ વહેંચી. અને ગંદા વિસ્તારો સાફ કરી આપ્યા હતા. ૧૯૧૩માં કલકત્તા યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં બીજા ક્રમે ઉત્તીર્ણ થયા. ૧૯૧૯માં પ્રેસિડન્સી કૉલેજમાં અભ્યાસ કરી પ્રથમ વર્ગમાં કલકત્તા યુનિવર્સિટીની બી.એ.ની પરીક્ષા પાસ કરી. ત્યાર બાદ ઈંગ્લૅન્ડ જઈ **I.C.S.** થયા. પણ સરકારી નોકરીમાં રાજીનામું આપી યુવાન વયે સત્તા અને સંપતિનો ત્યાગ કરી દેશસેવા માટે નીકળી ગયા.

આઝાદીની ચળવળ વખતે રાજકારણના આકાશમાં ગાંધીજી, નહેરુ, સરદાર પટેલ, આંબેડકર અને સુભાષચંદ્ર બોઝ જેવા અનેક સિતારા ચમકતાં હતાં. દરેક પાસે પોતાનું આગવું તેજ હતું. અને એ તેજથી દેશમાં આઝાદીનો પ્રકાશ પાથરવાની સૌની તમન્ના હતી. ‘મહાનાયક’માં ગાંધીજી સુભાષને કહે છે, ‘સુભાષ, તારી અને મારી વચ્ચે વિચારોની બહુ મોટી ખાઈ પડી ગઈ છે.’ એના જવાબમાં સુભાષ જણાવે છે, ‘બાપુ, ભલે હોય. અંતે બન્નેના ધ્યેય તો એક જ છે ને. સ્વાતંત્ર્ય મંદિરનું’. કૉંગ્રેસની મીટિંગમાં સુભાષને બરતરફ કરવાનો નિર્ણય લેવાયા પછી અલ્હાબાદ જતાં પહેલાં નેહરુ સુભાષચંદ્રને ત્યાં રાત રોકાય છે અને બંને વચ્ચે થયેલ ચર્ચાને અંતે નેહરુ કહે છે કે, ‘સુભાષ, મારું મન તારામાં છે, પણ મારું હૃદય ગાંધીજીના ચરણોમાં અટવાયું છે.’

ગાંધીજી તરફથી સુભાષબાબુની મહાહાનિનો થઈ, છતાં વર્ધામાં તાત્કાલિક હાજર રહેવા માટે ગાંધીજીએ સુભાષચંદ્રને બોલાવ્યા. ત્યારે કથાનાયક સુભાષચંદ્ર અને ગાંધી વચ્ચેનો સંવાદ યોજાય છે.

સુભાષઃ બાપુ, મને શા માટે બોલાવ્યો ?

ગાંધીજીઃ વિચારવિનિમય માટે.

સુભાષઃ મહાત્મા, તમે ભૂલી ગયા શું? તમે જ કૉંગ્રેસમાંથી મારી હકાલપટ્ટી કરી છે. મારા પર ઘાતકી વાર કર્યાને હજી મહિનોય નથી થયો એટલામાં તમે મને ફરી યાદ કર્યો?

ગાંધીજીઃ હા, સહજ ચર્ચા કરવા માટે બોલાવ્યો હતો.

સુભાષઃ કૉંગ્રેસનું અધ્યક્ષપદ બે વાર શોભાવનાર તેમજ બંગાળ પ્રાંતના અધ્યક્ષ એવા નેતાની પક્ષમાંથી હકાલપટ્ટી કરવી, એને ત્રણ વર્ષ માટે એક પણ પદ પર કામ કરવા માટે નાલાયક ઠેરવવો એ શું હળવી સજા છે?

ગાંધીજીઃ તારી કૉંગ્રેસમાંથી હકાલપટ્ટી કરવી મને સહેજે ગમ્યું નથી, પણ સુભાષ,તને મારા કાળજેથી દૂર કરવાનું મને હજી પણ ગમતું નથી.

આ વાર્તાલાપમાં ગાંધીજીની આંખમાં છૂપાયેલું આંસુ સ્ફટિકની જેમ બહાર પડી ગયું. ગાંધીજી જાણતા હતા કે સુભાષ જેવો તેજસ્વી યુવાન ભારતમાં બીજો કોઈ નથી.

સુભાષ પર કલકત્તામાં પોલીસ આયુકત ટેગાર્ટે અત્યાચાર કર્યો એનું વર્ણન કમકમાટી ઉપજાવે તેવું છે. આવા અનેક પ્રસંગો નવલકથામાં લેખકે વર્ણવ્યાં છે. તો બીજી બાજું સુભાષ અને ઍમિલીના પ્રસન્ન મધુર દામ્પત્ય જીવનની કેટલીક યાદો વાગોળી છે. એમાં સુભાષચંદ્ર બોઝ દેશ માટે ઘરના ઉંબરા બહાર પગ મૂકે ત્યારે ઍમિલી અને સુભાષના સંવાદમાં કથાનાયકની રાષ્ટ્રભાવના વ્યકત થાય છે.

ઍમિલીઃ‘ફરી કયારે મળાશે?’

સુભાષઃ ‘લાલ કિલ્લા પર–દિલ્હીમાં જ ! અરે જયારે બ્રિટિશ લશ્કરને હરાવીને હું વિજયી ફોજ સાથે આગેકૂચ કરતો લાલ કિલ્લા પાસે પહોંચીશ ત્યારે પહેલાં પ્રણામ કરીશ આપણા ત્રિરંગાને! બીજાં રાષ્ટ્રમાતાને ! પછી આટલું જોખમ પાર કરીને મુકત થઈશ ત્યારે એ આનંદની ક્ષણોએ મારી આંખો લાખોની ભીડમાંથી તને શોધી કાઢશે!’

રે! વિધાતાએ આ સમય જ આવવા દીધો જ નહીં. વિધિની આ કેવી વિચિત્રતા! ૧૮ ઑગસ્ટ ૧૯૪૫ના રોજ તાઈપેઈમાં વિમાન અકસ્માત થતા મૃત્યુ પામ્યા. આડત્રીસ કરોડ જનતાનો ગુલામગીરીમાંથી છૂટકારો થાય એ માટે જીવનને એક સમરભૂમિ ગણી અખંડ સંઘર્ષ કરનાર મહાવીર યોદ્ધો વિદેશની સ્મશાનભૂમિમાં એકાકી જ અગ્નિની જવાળામાં લપેટાઈ રહ્યા હતા. અનંત આકાશમાં છેવટનો અઘટિત પ્રવાસ શરૂ થયો.

સુભાષચંદ્રનો જીવન સંઘર્ષ અનેકવિધ સ્તર પર સર્જાયો હતો. હિન્દુસ્તાનની સ્વાતંત્ર્ય ચળવળ અને ગાંધી–નહેરુ સાથે પ્રેમ તથા સંઘર્ષ નિરૂપાયાં છે. જાપાને નેતાજીને એક વ્યકિત તરીકે ગણવાને બદલે વિશ્વ યુદ્ધના સમયમાં એક 'મિત્રરાષ્ટ્ર' તરીકે સ્વીકારીને એમને પુષ્કળ સહકાર આપ્યો. વિ ના ઈતિહાસમાં કયાંય પણ ત્રીસ–પાંત્રીસ હજાર યુદ્ધ કેદીઓને ભેગાં કરીને પોતાના દેશની આઝાદી માટે ઉગ્ર લડત છેડનારી, આવી આઝાદ હિંદ ફોજ જેવું દષ્ટાંત બીજે નહીં મળે. સુભાષચંદ્રના જીવનમાં ગાંધી, નહેરુ અને ટાગોરની જેમ હિટલર, મુસોલિની અને તેજો જેવા સરમુખત્યારશાહી આવી ગયા. તો વળી શિવાજી મહારાજ, તાનાજી, બાજીપ્રભુ અને શેલારમામા જેવા બહાદુર સાથીઓ મળ્યાં. તેમ સેહેગલ, ધિલ્લન, શહાનવાઝ, કર્નલ લક્ષ્મી, ર્ડા.યલ્લપાસાહેબ જેવા લડવૈયા સાથી મળ્યાં. આમ સુભાષચંદ્ર બોઝ પોતાના અલ્પ આયુષ્યકાળમાં વિશ્વની અનેક કર્તવ્યનિષ્ઠ વ્યકિતઓના હ્દયનાં ખૂણામાં બેસી ગયાં છે.

સુભાષચંદ્ર બોઝની અદ્‌ભુત વાણીમાં જ એમનું વ્યકિતત્વ પ્રગટ થાય છે. નવલકથાનો અભ્યાસ કરતા કથાનાયક સુભાષબાબુની વિચારકણિકાઓ પામી શકયો છું. એને અહીં મૂકી આપી છે. 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમે આઝાદી દૂંગા', 'સ્વતંત્રતાનો ઘોષ એ વેદમંત્રથીય પવિત્ર છે!', 'જિંદગી એ ફૂલોની સેજ નથી પણ રણમેદાન છે', 'હું માતૃભૂમિની મુકિત માટે મારા પ્રાણને હોડમાં મૂકનારો એક મુસાફર છું', 'હું તો ભારતમાતાનો વિનમ્ર સેવક છું. બ્રિટિશોએ મારી માને એનાં ચરણોમાં ભારેખમ ગુલામીની જંજીરો પહેરાવીને જકડી દીધી છે. મારે એ જંજીરોને તોડવી છે. તમારો મને સાથ જોઈએ' અને 'મને અખંડ ભારત જોઈએ છે, જયાં હિંદુ, મુસલમાન, ઈસાઈ સૌ સાથે મળીને રહેતા હોય'.

'મહાનાયક' નવલકથામાં સુભાષચંદ્ર બોઝના વ્યકિતત્વના વિવિધ પાસાઓ લેખકે ઉજાગર કર્યા છે. ગાંધીજીએ 'તેજપુંજ' કહી નવાજયાં છે. જોશીલી વાણી, દેશપ્રેમ,

બ્રિટિશરો સામે ઝઝૂમનાર, 'આઝદ હિંદ ફોજ'ના પ્રણેતા, અખંડ ભારતનું સ્વપ્નુ સેવનાર, પતિ અને પિતૃ પ્રેમી અને આધુનિકતાનો આગ્રહ સેવનાર એક વિચારક હતા. સાહસિક નેતા અને લશ્કરી શાળામાં એક પણ પાઠ ન શીખેલા છતાં શત્રુઓ સામે ઝઝૂમતા રણયોદ્ધા હતા. આ સંઘર્ષમય કાળખંડમાં ઑસ્ટ્રિયન પરી એમિલીના સહવાસમાં પ્રગટેલું પ્રેમજીવન અને ઈતિહાસના નભાંગણમાં એમણે મળેલું અચળ સ્થાન વગેરે એમના વ્યકિતત્વના અનેક વેગવેગળાં રૂપો નવલકથામાં જોવા મળે છે.

'મહાનાયક' જીવનચરિત્રાત્મક નવલકથા વિશ્વની તમામ ભાષામાં ઘૂમી વળશે ત્યારે ભારતની સમગ્ર પ્રજાના ચિત્તમાં સુભાષચંદ્ર અચૂક છવાઈ જશે. આપણે સૌ ગાઈ ઊઠશું.

લો, સુભાષજી આ ગયે, સુભાષજી આ ગયે, જાનો હિંદ આ ગયે,
હૈ નાઝ જિસે હિંદ પે વહ માનો હિંદ આ ગયૈ.

।। ૩.'ઈન્કિલાબ'–મૃણાલિની જોશી, અનુ.કેયૂર કોટક, ૨૦૦૬ ।।

શહીદ ભગતસિંહના જીવન ઉપર આધારિત નવલકથા 'ઈન્કિલાબ' મરાઠીમાં મૃણાલિની જોશીએ લખી છે. જેનો ગુજરાતીમાં અનુવાદ કેયૂર કોટકે ૨૦૦૬માં કર્યો છે. સૌ. મૃણાલિની જોશી મરાઠી ભાષાની યશસ્વી લેખિકા છે. ભારતમાતાના ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કરનારા શહીદોના જીવન–કવન પ્રત્યે લેખિકાને શ્રદ્ધા, રુચિ અને રસ છે. તો ભાવપૂર્ણ અને તથ્ય આધારિત મનોરમ્ય ચિત્રણ કરવાનું અદ્ભુત સામર્થ્ય ધરાવે છે.

અમર શહીદ ભગતસિંહના જીવન સંબંધિત અનેક વાતોનું ઉપલબ્ધ સ્ત્રોતમાંથી ખૂબ મહેનત કરી સંકલન કર્યું છે. આ સંબંધે એ અમર શહીદ ભગતસિંહની પૂજનીય–વંદનીય માતાજીને મળ્યા છે. અન્ય સંબંધીઓ અને સાથીદારોને પણ મળ્યાં છે. ઘણા ક્રાંતિકારી સંસ્મરણીય લેખકોના લેખોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. આ બધામાંથી રસાળ–મનપસંદ બાબતોનું સંયોજન કરી 'ઈન્કિલાબ' નવલકથાનું સર્જન કર્યું છે. જેમાંથી અમર શહીદ ભગતસિંહના જીવનનું સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ ચિત્રણ પામી શકાય છે.

અનુવાદક કેયૂર કોટક પ્રસ્તાવનામાં નોંધે છે કે, ''સ્વાતંત્ર્ય સંગ્રામનું અમર પુષ્પ અને દેશપ્રેમની ચિરંજીવી પવિત્ર મશાલ એટલે ભગતસિંહ. એનું નામ સ્મરણ થતાં જ યુવાનો સહિત સમગ્ર દેશવાસીઓના હૈયા રાષ્ટ્રપ્રેમના રંગે રંગાઈ જાય છે. ભગતસિંહ પણ આવા જ સિંહપુરુષ હતા. તેમને દેશપ્રેમમાં અપાર શ્રદ્ધા હતી. એમનો જન્મ અને મૃત્યુ ભારતમાતાને અંગ્રેજોની બેડીમાંથી મુકત કરાવવા માટે થયો હતો. અનેક યુવાનોને પ્રેરણા આપવા અને એમના હ્રદયમાં સતત દેશપ્રેમનો પ્રેરણાદીપ પ્રગટાવવા થયો.''[૬૩]

ભગતસિંહના ઓજસ્વી શબ્દો અને વિચારો નવલકથામાં આગવું તેજ પ્રગટાવે છે. એમના જ તેજાબી વિચારો નવલકથાની હ્રદયશ્રી બને છે.

ઈન્કલાબ જિંદાબાદ !

ઈન્કલાબ જિંદાબાદ !

ક્રાંતિ અમર રહો !

ક્રાંતિ ચિરંજીવી રહો !

'પિસ્તોલ અને બૉમ્બ કયારેય ક્રાંતિ નથી લાવી શકતા; પણ ક્રાંતિની તલવારો વિચારોની ધાર ઉપર તેજ થાય છે', 'મારું જીવન આઝાદ–એ–હિંદ માટે, હિંદુસ્તાનની આઝાદી માટે અર્પણ થઈ ગયું છે. મારા જીવનમાં આરામને, દુનિયાદારીને, લગ્નજીવનને કયાંય સ્થાન નથી', 'મારો દેશ માયાજાળ નથી કે નથી કોઈ મૃગજળ. તે એક જીવતું જાગતું સત્ય છે. એક ખૂબ સુંદર હકીકત છે અને હું એને પ્રેમ કરું છું. મારા માટે આ ધરતીને છોડીને, આ માતૃભૂમિ સિવાય કોઈ બીજી દુનિયા નથી, કોઈ બીજું સ્વર્ગ નથી' અને 'જે ધર્મ મનુષ્ય–મનુષ્ય વચ્ચે અંતર ઊભું કરે છે, જે ધર્મ બુદ્ધિને જકડીને બાંધી રાખે છે, જે ધર્મ અન્ય ધર્મના લોકો પ્રત્યે દ્વેષ અને તિરસ્કાર રાખવાનું શીખવાડે છે એ સાચો ધર્મ નથી. જે સમતા, સમૃદ્ધિ અને બંધુભાવ નિર્માણ કરનારો જ સાચો ધર્મ છે.'

આમ ભગતસિંહ પોતાનો ધર્મ નિભાવતા–નિભાવતા પોતાના ધર્મના પથ ઉપરથી જરા પણ વિચલિત થયા વગર હસતાં–હસતાં ૨૩મી માર્ચ ૧૯૩૧ના રોજ રાજગુરુ અને સુખદેવ સાથે ફાસીના માંચડે ઝૂલી ગયા. મૃત્યુસુંદરીની વરમાળા સ્વીકારતાં કહ્યું હતું.

'દિલ સે નીકલેગી ન મરકર ભી વતન કી ઉલ્ફત !
મેરી મિટ્ટી સે ભી ખૂશબૂ– એ વતન આયેગી.'

ભગતસિંહનો સંઘર્ષ અસત્ય અને અન્યાય સામે હતો. આ માત્ર તોડફોડ કરી વિનાશક પ્રવૃત્તિમાં વિશ્વાસ કરનારો દ્રોહ નથી. આ વિઘાતક બાબતોનો વિનાશ કરી તેને સ્થાને ન્યાય અને સત્યની સ્થાપના કરી માનવને માનવતાથી જીવવાનું શિક્ષણ દેનારી ક્રાંતિ હતી. આવા રાષ્ટ્રપ્રેમી ભગતસિંહના પથ પર ચાલવાના ઉદ્દેશથી લેખિકા મૃણાલિની જોશીએ આ જીવનચરિત્રમૂલક નવલકથા આલેખી છે.

જીવનચરિત્ર સ્વરૂપનો ઝીણવટ પૂર્વક અભ્યાસ કરી જીવનચરિત્રમૂલક નવલકથાનું સ્વરૂપ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. તો એ કૃતિ નવલકથા બને છે કે નહિ તે પણ તપાસતો રહ્યો છું. આધારભૂત કથાસામગ્રીની લેખકે કરેલી અજમાયશ, પરિચિત વ્યકિતનું પાત્રરૂપે ચિરંજીવી સ્થાન, રસલક્ષીતા, ભાષાભિવ્યકિત અને કલાત્મકતા વગેરે પાસાનો અભ્યાસ કર્યો છે.

મારા શોધકાર્ય માટેનો સમયગાળો વ્યાપક રહ્યો છે. ગુજરાતી નવલકથાના

પ્રારંભથી આજ સુધીના સમયગાળામાં રચાયેલી ઓગણીસ જીવનચરિત્રમૂલક નવલકથાઓનો અત્રે અભ્યાસ કર્યો છે. આ ઉપરાંત અન્ય ભાષાની અનુવાદિત ત્રણ જીવનચરિત્રમૂલક નવલકથાની ટૂંકી નોંધ અહીં મૂકી છે.

ાા સંદર્ભ નોંધ ાા

૧. પ્રેમભકત કવિ જયદેવ, જયભિખ્ખુ, અમદાવાદ, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ચતુર્થ આવૃત્તિ ૨૦૦૮, પૃ.૮–૧૧.

૨. પ્રેમભકત કવિ જયદેવ, જયભિખ્ખુ, અમદાવાદ, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ચતુર્થ આવૃત્તિ ૨૦૦૮, 'સવાઈ સાહિત્યકાર જયભિખ્ખુ' ધીરૂભાઈ ઠાકર, પૃ.૧૩.

૩. રમણલાલ વ. દેસાઈઃ વ્યકિતત્વ અને વાઙ્.મય, ડૉ.હસમુખ દોશી, રાજકોટ, નિરંજના દોશી, આવૃત્તિ ૨૦૦૭, પૃ.૧૨૫.

૪. કથાપ્રસંગ, દીપક મહેતા, ગાંધીનગર, ગુજરાતી સાહિત્ય અકાદમી, ૧૯૯૦, પૃ.૧૩૫–૧૩૬.

૫. મૃત્યુ મરી ગયું, ઉષા શેઠ, અમદાવાદ, આર. આર. શેઠની કંપની, ૧૯૭૯, ૦૨, પૃ.૬.

૬. કથાદીપ, કૃષ્ણવીર દીક્ષિત, અમદાવાદ, રન્નાદે પ્રકાશન, ૧૯૮૯, પૃ.૧૧.

૭. મૃત્યુ મરી ગયું, ઉષા શેઠ, અમદાવાદ, આર. આર. શેઠની કંપની, ૧૯૭૯, ૦૨, પૃ.૧૩.

૮. ગાંઠ છુટયાની વેળા, વર્ષા અડાલજા, અમદાવાદ, આર. આર. શેઠની કંપની, ૨૦૦૭, 'નિતાન્ત નવલકથા' હરીન્દ્ર દવે, પૃ.૫–૭.

૯. ગાંઠ છુટયાની વેળા, વર્ષા અડાલજા, અમદાવાદ, આર.આર. શેઠની કંપની, ૨૦૦૭, 'આંતર શોધની યાત્રા' પૃ.૧૦.

૧૦. ગાંઠ છૂટયાની વેળા, વર્ષા અડાલજા, અમદાવાદ, આર. આર. શેઠની કંપની, ૨૦૦૭, 'ફરી એક વાર', મનુભાઈ પંચોળી, પૃ.૧૫.

૧૧. કથાદીપ, કૃષ્ણવીર દીક્ષિત, અમદાવાદ, રન્નાદે પ્રકાશન, ૧૯૮૯, પૃ.૯૪.

૧૨. કથાદીપ, કૃષ્ણવીર દીક્ષિત, અમદાવાદ, રન્નાદે પ્રકાશન, ૧૯૮૯, પૃ.૯૭.

૧૩. ગુજરાતી સાહિત્યનો નવમો દાયકોઃ નવલકથા, જયંત ગાડીત, પરબ, ૧૯૯૧, ફેબ્રુ. અંક–૨, પૃ.૨૬.

૧૪. પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા, પન્નાલાલ પટેલ, અમદાવાદ, સાધના પ્રકાશન,૧૯૮૩, ૮૪, ૦૧, 'પૃથ્વી પરનો પહેલો પેગામ' પ્રસ્તાવના, પૃ.૪–૫.

૧૫. પન્નાલાલનું પ્રદાન, ધ્વનિલ પારેખ, અમદાવાદ, ગુજરાત સાહિત્ય પરિષદ, ૧૯૯૫, ૦૮, 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા', પૃ.૨૮૩.

૧૬. કથાર્થ, પ્રવીણ દરજી, અમદાવાદ, ગુજરાતી સાહિત્ય અકાદમી, ૧૯૮૮, પૃ.૨૪–૨૫.

૧૭. જેણે જીવી જાણ્યું, પન્નાલાલ પટેલ, અમદાવાદ, સાધના પ્રકાશન, ૧૯૮૪, 'શતાયુને વંદના' પ્રસ્તાવના, પૃ.૭.

૧૮. ગુજરાતી સાહિત્યનો નવમો દાયકોઃ નવલકથા, જયંત ગાડીત, પરબ, ૧૯૯૧, ફેબ્રુ. અંક–૨, પૃ.૧૦.

૧૯. એક ટૂકડો આકાશનો, દિનકર જોષી, રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૧૯૮૪, ૦૨, 'પ્રતાપી પૂર્વજને વંદના' પૃ.૪–૫.

૨૦. સૂરજનો છડીદાર, સંપા.ચંદુલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, ૧૯૯૭, 'એક ટુકડો આકાશનો–એક વિશિષ્ટ નવલકથા' પ્રા.વિનોદબાળા સી. પટેલ, પૃ.૮૭.

૨૧. સન્ધાન, સંપા. સુમન શાહ, અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન, ૧૯૮૫, પૃ.૧૦૫–૬.

૨૨. કથાર્થ, પ્રવીણ દરજી, અમદાવાદ, ગુજરાતી સાહિત્ય અકાદમી, ૧૯૮૮, પૃ.૩૨.

૨૩. કથાયન, બાબુ દાવલપરા, વલ્લભવિદ્યાનગર, ૧૯૯૩, પૃ.૧૩૩.

૨૪. મીરાંની રહી મહેક, દિલીપ રાણપરા, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન, ૧૯૮૫, ૮૭, ૯૩, ૯૯,'ડૂસકું ફૂટયા પહેલાં', પ્રસ્તાવના, પૃ.૩૧–૩૫.

૨૫. મીરાંની રહી મહેક, દિલીપ રાણપરા, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન, ૧૯૮૫, ૮૭, ૯૩, ૯૯, 'ડૂસકું ફૂટયા પહેલાં', પ્રસ્તાવના, પૃ.૩૬.

૨૬. મીરાંની રહી મહેક, દિલીપ રાણપરા, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન, ૧૯૮૫, ૮૭, ૯૩, ૯૯, 'ડૂસકું ફૂટયા પહેલાં', પ્રસ્તાવના, પૃ.૩૬.

૨૭. કથાયન, બાબુ દાવલપરા, વલ્લભવિદ્યાનગર, ૧૯૯૩, પૃ.૧૨૯–૩૦.

૨૮. મીરાંની રહી મહેક, દિલીપ રાણપરા, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન, ૧૯૮૫, ૮૭, ૯૩, ૯૯, 'અમૃતસમીપે'ની અશ્રુકથા, ભગવતીકુમાર શર્મા, પૃ.૨૦.

૨૯. ગુજરાતી નવલકથા કેટલાંક પુનર્મૂલ્યાંકનો, ધીરેન્દ્ર મહેતા, આર. આર. શેઠની કંપની, અમદાવાદ, ૨૦૦૦, પૃ.૧૭૮.

૩૦. સન્ધાન, સુમન શાહ, અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન, ૧૯૮૬, ૧૯૮૫નું નવલકથા સાહિત્ય, બાબુ દાવલપરા, પૃ.૩૦.

૩૧. સન્ધાન, સુમન શાહ, અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન, ૧૯૮૬, ૧૯૮૫નું નવલકથા સાહિત્ય, બાબુ દાવલપરા, પૃ.૩૧.

૩૨. સૂરજનો છડીદાર, સંપા. ચંદુભાઈ સેલારકા, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, ૧૯૯૭, 'એક અનોખી નવલકથા', દીપક મહેતા, પૃ.૬૫.

૩૩. નવમાં દાયકાની લોકભોગ્ય નવલકથાઓ, જયંત ગાડીત, પરબ, ૧૯૯૨, અંક–૧૦, પૃ.૨૯–૩૦.

૩૪. ગુજરાતી સાહિત્યનો નવમો દાયકોઃ નવલકથા, જયંત ગાડીત, પરબ, ૧૯૯૧, ફેબ્રુ.અંક–૨,પૃ.૧૪–૧૫.

૩૫. સૂરજનો છડીદાર, સંપા. ચંદુલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, ૧૯૯૭, 'સ્મરણીયનું સ્મરણ', તખ્તસિંહ પરમાર, પૃ.૧૩૦.

૩૬. સૂરજનો છડીદાર, સંપા. ચંદુલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, ૧૯૯૭, 'અમારો દિનકર વાચકોના હૃદયકબાટમાં રહેવા સરજાયેલો છે...', જશવંત મહેતા, પૃ.૧૪૬.

૩૭. સૂરજનો છડીદાર, સંપા. ચંદુલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, ૧૯૯૭, 'અમારો દિનકર વાચકોના હૃદયકબાટમાં રહેવા સરજાયેલો છે...', જશવંત મહેતા, પૃ.૧૪૭.

૩૮. સૂરજનો છડીદાર, સંપા. ચંદુલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, ૧૯૯૭, 'શ્રી દિનકર જોષીની સર્જનયાત્રા' લેખ, ચંદુભાઈ સેલારકા, પૃ.૧૫૭–૫૮.

૩૯. સૂરજનો છડીદાર, સંપા. ચંદલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, ૧૯૯૭, 'શ્રી દિનકર જોષીની સર્જનયાત્રા' લેખ, શ્રી રઘુવીર ચૈધરી, પૃ.૧૫૮.

૪૦. સૂરજનો છડીદાર, સંપા. ચંદલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, ૧૯૯૭, 'દિનકર જોષી–એક પ્રતિભા', પ્રતાપ શાહ, પૃ.૧૬૮.

૪૧. સૂરજનો છડીદાર, સંપા.ચંદુલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પ્રકાશન,૧૯૯૭, 'મહામાનવના સંતાન બનવાનું સહેલું નથી', ભગવતીકુમાર શર્મા, પૃ.૭૦.

૪૨. સૂરજનો છડીદાર, સંપા.ચંદુલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પ્રકાશન,૧૯૯૭, 'મહામાનવના સંતાન બનવાનું સહેલું નથી', ભગવતીકુમાર શર્મા, પૃ.૭૨–૭૩.

૪૩. અંતર્નાદ, મરાઠી સામાયિક, ભાનુ કાળે, ઓગસ્ટ, ૧૯૯૫, પૃ.૭૪.

૪૪. પિંજરની આરપાર, માધવ રામાનુજ, અમદાવાદ, વોરા ગાંધી ચેમ્બર્સ, ૧૯૯૦, પ્રાક્કથન, હરીન્દ્ર દવે, પૃ.૫.

૪૫. કથાયન, બાબુ દાવલપુરા, વલ્લભવિદ્યાનગર, ૧૯૯૩, પૃ.૨૦૪,

૪૬. સૂર્યપુરુષ, માધવ રામાનુજ, અમદાવાદ, ચિમનભાઈ પટેલ ગુજરાત વિકાસ ટ્રસ્ટ,૧૯૯૭, 'કેવળ લાગણી' પ્રસ્તાવના લેખ, પૃ.૯–૧૧.

૪૭. સૂર્યપુરુષ, માધવ રામાનુજ, અમદાવાદ, ચિમનભાઈ પટેલ ગુજરાત વિકાસ ટ્રસ્ટ, ૧૯૯૭, ફલેપ બીજા પર, ડૉ.મફત ઓઝા.

૪૮. આઠમો રંગ, હિમાંશી શેલત, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,૨૦૦૧, 'આ સાહસ અંગે કેફિયત' પ્રસ્તાવના, હિમાંશી શેલત, પૃ.૧૩–૧૪.

૪૯. સાહિત્યસંકેત, રાધેશ્યામ શર્મા, અમદાવાદ, પ્રાર્શ્વ પબ્લિકેશન, ૨૦૦૬, 'અવલોકનઃ ખરેખર નવલ સાહસ જ, પણ સરાહનીય', પૃ.૯૮–૯૯/૧૦૧.

૫૦. ગ્રંથવિમર્શ, સેલ્ફ પોટ્રેઈટના વિખરાયેલા રંગોની કથા, મોહન પરમાર, ૨૦૦૫, પૃ.૫૩.

૫૧. પ્રતિનાયક, દિનકર જોષી, રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૨૦૦૨, 'તથ્ય થી સત્ય સુધી' આમુખ પૃ.૭.

૫૨. પ્રતિનાયક, દિનકર જોષી, રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૨૦૦૨, 'તથ્ય થી સત્ય

સુધી' પ્રસ્તાવના, પૃ.૧૦–૧૧.

૫૩. ગુજરાતી વિશ્વકોશ, ખંડ–૧૨, સંપા. ધીરૂભાઈ ઠાકર, અમદાવાદ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, પ્ર.આ. ૧૯૯૯, પૃ.૧૭૬.

૫૪. રાજપુરુષ, પ્રસાદ બ્રહ્મભટ્ટ, અમદાવાદ, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૦૩, નિવેદન, પૃ.૩–૪.

૫૫. સિંહપુરુષ, ડૉ.શરદ ઠાકર, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૦૮, પૃ.૧૪.

૫૬. સાવિત્રી, દક્ષા દામોદરા, અમદાવાદ, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, ૨૦૦૮, નિવેદન પૃ.૭.

૫૭. સાવિત્રી, દક્ષા દામોદરા, અમદાવાદ, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, ૨૦૦૮, સાવિત્રીઃ દલિતોદ્ધારના જંગની વ્યથા–કથા, લેખ, ડૉ.પથિક પરમાર, પૃ.૧૦.

૫૮. ગુજરાતી વિશ્વકોશ, ખંડ–૧૨, સંપા. ધીરૂભાઈ ઠાકર, અમદાવાદ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, પ્ર.આ.૧૯૯૯, લેખ, બાળકૃષ્ણ માધવરાય મૂળે, પૃ.૭૦૭–૭૦૮.

૫૯. સાવિત્રી, દક્ષા દામોદરા, અમદાવાદ, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, ૨૦૦૮, સાવિત્રીઃ દલિતોદ્ધારના જંગની વ્યથા–કથા, લેખ, ડૉ.પથિક પરમાર, પૃ.૧૧.

૬૦. સાવિત્રી, દક્ષા દામોદરા, અમદાવાદ, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, હરીશ મંગલમ્ પૃ. છેલ્લે પાકા પૃષ્ઠ પર.

૬૧. પ્રશ્ન પ્રદેશની પેલે પાર, દિનકર જોષી, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, ૨૦૦૮, 'નમો તસ્સ ભગવતો..' પ્રસ્તાવના, પૃ.૪.

૬૨. પ્રશ્ન પ્રદેશની પેલે પાર, દિનકર જોષી, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, ૨૦૦૮, 'નમો તસ્સ ભગવતો...' પ્રસ્તાવના, પૃ.૧૬.

૬૩. ઈન્કિલાબ, અનુ.કેયૂર કોટક, આર.આર. શેઠની કંપની, ૨૦૦૬, સ્વાતંત્ર્ય સંગ્રામનું અમર પુષ્પ–ભગતસિંહ, લેખ, પૃ.૧૮.

પ્રકરણ–૮

ગુજરાતી

જીવનચરિત્રમૂલક

નવલકથાઓ:

એક તારણ

॥ પ્રકરણ–૮ ॥

॥ ગુજરાતી જીવનચરિત્રમૂલક નવલકથાઓઃ એક તારણ ॥

સમગ્ર મહાનિબંધનું કાર્ય પૂર્ણ કર્યા પછી ચર્ચા–વિચારણાને અંતે કેટલાંક મોતીડાં અહીં મૂકું છું. વિચારક જોનસનનાં શબ્દોમાં કહું તો, 'વ્યકિત કેવી રીતે મૃત્યુ પામે છે એ વાત મહત્ત્વની નથી પણ મહત્ત્વની વાત એ છે કે તે કેવી રીતે જીવે છે.' આ જીવન જીવવાની કલામાંથી આકારિત થતું વ્યકિતતત્વ મને જીવનચરિત્રમૂલક નવલકથામાં જાણવા મળ્યું છે, હૃદયને સ્પર્શી ગયું છે. આ નવલકથાનો અભ્યાસ તેના ઘટકતતત્ત્વોના આધારે કર્યો છે. પરંતુ તેને જીવનઘડતરના એક વિશિષ્ટ પાસા તરીકે અલગ તારવી આપ્યાં છે. આ જીવનચરિત્રમૂલક નવલકથાઓને અભ્યાસની દષ્ટિએ ગુજરાતી ભાષાની સીમા રેખામાં બાંધેલ છે. છતાં તેનો પરમાટ અન્ય ભાષાઓ, પ્રદેશો ને વિદેશી ધરા સુધી પથરાયેલો છે. તેને પણ અહીં ઉજાગર કરવાનો દષ્ટિકોણ સેવ્યો છે.

નવલકથા **open form** છે. આજના જમાનામાં વ્યકિતવિશેષને કેન્દ્રમાં રાખી એમના વ્યકિતત્વને ખીલવવાની ભરપૂર શકયતાઓ આ સ્વરૂપમાં પડી છે. આજે નવલકથા 'જૂજવે રૂપે અનંત ભાસે' જેવી સ્થિતિમાં ગતિ કરી રહી છે. વ્યકિતવિશેષના જીવનની સામગ્રીમાં કલ્પનાનું રસાયણ ઉમેરી પરિશુદ્ધ એવી પ્રતિભાથી કલાત્મક સંયોજન કરવામાં આવે તો નવલ–દેહ અનોખો અને અનવદ્ય બની શકે છે. સભાનતાપૂર્વક આલેખાયેલી જીવન–ચરિત્રમૂલક નવલકથામાં 'ન સાંધો ન રેણ' જેવી જણાય એમાં જ સર્જક પ્રતિભાનો વિજય છે. આવી શુદ્ધ નવલકથાની આવતી કાલ ઊજળી હશે એમાં લેશ પણ શંકા રહેતી નથી.

મહાકાવ્યમાં ચરિત્રનાયકના જીવનનો વારસો અને વૈભવ પ્રકટ થાય છે. જયારે ઐતિહાસિક નવલકથામાં નાયકના જીવનનો ઈતિહાસ અને ઐતિહાસિક વાતાવરણ પ્રકટ થાય છે. તો જીવનચરિત્રમૂલક નવલકથામાં પ્રસિદ્ધ વ્યકિત કે વ્યકિતવિશેષનું જીવન વાસ્તવિકરૂપે સાંગોપાંગ પ્રગટ થાય છે. જીવનચરિત્રમૂલક નવલકથા ખરેખર તો વ્યકિતવિશેષના જીવનની

સમીક્ષા કરે છે. સત્ય, તથ્ય અને હકીકત સાથે કલ્પનાનો આશ્રય લઈ નવીન સૃષ્ટિ સર્જે છે. વ્યકિતવિશેષને એ જ મૂળ નામે કથાનાયક બનાવી એમના જીવનની સાચી ઘટનાઓ અને પ્રસંગો આલેખે છે. કૌટુંબિક અને સમાજ જીવનનાં આલેખન સાથે સહાયક વ્યકિતઓને સાચા ગૌણ પાત્રરૂપે પ્રયોજે છે. એ સમયનાં વાતવરણને સુંદર અને મૂર્તિમંત બનાવે છે. આ ઉપરાંત સર્જક કથાનાયકના મનની અંદર પ્રવેશી આંતરિક અનુભૂતિઓનું વિશ્લેષણ કરી સંવાદોરૂપે નવું અર્થઘટન રચે છે. સર્જનાત્મક અને કલાત્મક વર્ણનો અને કથાનાયકને ઉપકારક એવી ચિત્રાત્મક શૈલી યોજે છે. તથ્ય, હકીકત અને સત્યની જાળવણી રાખી, ખપપૂરતી અર્થઘટનયુકત કલ્પના ઉમેરી વ્યકિતવિશેષના જીવનના નીરસ અને શુષ્ક પ્રસંગોને રંગીન, ચિત્રમય અને સરળ બનાવી કથાનાયકના જીવનને નવલકથામાં રોચક બનાવે છે.

જીવનચરિત્રમૂલક નવલકથાકાર પ્રસિદ્ધ વ્યકિત કે વ્યકિતવિશેષના જીવનના ચોકકસ ફલકમાં કથાનાયકનું વ્યકિતત્વ આલેખે છે. તેની સાથે તે **Real**–વાસ્તવિક જીવન સામે **Visol**–દાર્શનિક જીવન પણ મૂકતો હોય છે. નવલકથાકાર કથાનાયકની સત્યઘટનાઓ અને સત્યજીવન દર્શનને આલેખિત કરે છે. ત્યારે અંદરથી સવાલ ઊઠે છે કે, લેખક ધારે તો પણ કથાનાયકના ભીતરી સત્યને પ્રગટ કરી શકે છે ખરો? જે સત્ય છે તે કયારે બોલી કે લખી શકાય નહીં, તમે બોલો છો તે પૂર્ણ સત્ય નથી, સત્યની નજીકનું છે. એવા મરમી સવાલોની મુંઝવણ પણ મેં અનુભવી છે. આમ છતાં નવલકથાકાર કથાનાયકની પરિસ્થિતિઓ અને દેશકાળની રચના કરી વર્ણન કરે છે. વ્યકિતપાત્રના જીવનની વ્યકત અને અવ્યકત અનુભૂતિઓ અને ભાવનાઓ ચિત્રાત્મક ભાષાશૈલીથી સાકાર બનાવે છે. વ્યકિત જીવનના નીરસ અને શુષ્ક પ્રસંગોને રંગીન અને ચિત્રમય બનાવે છે. વ્યકિતનું જીવનવૃત્ત આલેખવામાં વ્યકિતના જીવનની ઉદાત્તતા અને નિમ્નતાને પણ વ્યકત કરવામાં આવે છે. કથાનાયકનો સ્વભાવ, મનોભાવ, મનઃસંચલનના સૂક્ષ્મ આવેગો તથા નીજી દષ્ટિકોણને સંમિશ્રિત, સંયોજિત કરીને સર્જક નવલકથાનો ઘાટ આપે છે. આમ નવલકથાકાર વ્યકિતવિશેષને લક્ષ્ય બનાવી સર્વાંગીણ જીવનનું રસમય ચિત્રણ આલેખિત કરે છે. આ પ્રસિદ્ધ વ્યકિત કે વ્યકિતવિશેષનું વ્યકિતત્વ સહૃદય ભાવક સુધી પહોંચાડે છે.

પાશ્ચાત્ય વિવેચકોએ નવલકથાને નદીના પ્રવાહની ઉપમા આપી છે. મિસિસીપી

અને બ્રહ્મપુત્રા અનેક પ્રાંતોમાં ફરી વળતી દીર્ઘ પટની સરિતાઓ છે. કયારેક એના નર્મદા અને તાપી જેવાં છલકતાં વળાંકો હોય છે. તો કયારેક કોંકણની ભેખડ પરથી છલાંગ મારી ઉત્સુકતાથી સાગરને ભેટવા જતી પ્રિયતમા જેવી દેખાય છે. આમ નદીના અનેક પ્રકારો પાડવા કરતાં એમાં વહેતો ખળખળ જીવનરસ જ મહત્ત્વનો છે. આમ નવલકથાના ઐતિહાસિક, સામાજિક, પૌરાણિક, ગ્રામીણ, મનોવૈજ્ઞાનિક અને જીવનચરિત્રાત્મક વગેરે વિભાગો–પ્રકારો સાથે એ દરેકમાં વહેતો જીવનરસ મહત્ત્વનો છે.

વ્યકિતવિશેષનું વ્યકિતત્વ સર્જકનાં સંવિત્‌ને સચેત કરે છે, ત્યારે જીવનચરિત્ર–મૂલક નવલકથા સર્જાય છે. વ્યકિતનું વ્યકિતત્વ, જીવનકાર્ય અને એ સમયના વાતાવરણને આત્મસાત્ કરી લેખક નવલકથા સર્જે છે. ચરિત્રનાયકનાં સમયનો સારોય યુગ આ કૃતિમાં મૂર્ત થાય છે. અત્યાર સુધી આપણે નવલકથામાં રાજા રજવાડાનો ઈતિહાસ, રાજકીય ઈતિહાસ, સાંસ્કૃતિક ઈતિહાસ અને પૌરાણિક ઈતિહાસ વગેરેને વધુ મહત્ત્વ આપ્યું હતું. એ પછી સમાજ કેન્દ્રી નવલકથાઓ આવી, ત્યાર બાદ વ્યકિતકેન્દ્રી નવલકથાના અનેક રૂપો આવ્યાં. એમાંનું આ એક અલગ રૂપ છે. આજે વ્યકિત પોતાના અસ્તિત્વની શોધમાં છે. તે પોતાના અસ્તિત્વની અર્થશૂન્યતાના અને નિરાશાવાદને એક બાજુ મૂકી જીવનનો આશાવાદ અને પ્રભાતની સુરભી પ્રગટાવે એવી જીવનચરિત્રમૂલક નવલકથાની શોધમાં છે. આ પ્રકારની જીવનચરિત્રમૂલક નવલકથાઓ રસમયતા, જીવનસૌંદર્ય અને હૃદયમર્મનું દર્શન આપી જાય છે. એનું જ અહીં વિશેષ મહત્ત્વ માણી શકાય છે.

જીવનચરિત્રવિષયક નવલકથામાં સર્જક અને કથાનાયક એ બન્ને અલગ અલગ હોય છે. જયારે સર્જક કોઈ અન્ય વ્યકિતવિશેષના જીવનકાર્યથી આકર્ષાયને તે વ્યકિતને કથાનાયક બનાવે છે. તેના માત્ર ગુણગાન નહીં પણ જીવનસૌંદર્ય અને જીવનના અભિગમને આલેખિત કરે છે. ત્યારે પ્રથમ સર્જક વ્યકિતના જીવનને આત્મસાત્ કરી, એ મુખ્યપાત્રને પોતાનામાં જીવંત કરી, એમના વતિ માધ્યમ બની શબ્દદેહે વિચરે છે. આ બાબત અહીં સમજી લેવી જરૂરી બને છે. તેથી તો સર્જકની પ્રેરણા વ્યકિતવિશેષનું જીવન છે. એટલે તે સ્વતંત્ર નથી. પણ પોતાની પ્રેરણા સર્વની પ્રેરણા બને એ રીતે વ્યકિતપરક નવલકથા આલેખે છે. લેખક કથાનાયકને આત્મસાત્ કરી સર્જનાત્મક અને કલાત્મક નિરૂપણ કરે છે. આથી એ વ્યકિતનું

સંભારણું સર્વનું સંભારણું બની જાય છે. આમ કથાનાયકના જીવનમાંથી ભાવક રસાનંદ સાથે બોધાનંદ માણે એ એનો હેતુ સર્જકનો રહેલો હોય છે.

ભાવક, સંશોધક કે વિવેચકે જીવનચરિત્રમૂલક નવલકથાનો અભ્યાસ કરતી વખતે પ્રથમ કથાનાયકના જીવનને મૂલવવું જોઈએ. વ્યકિતવિશેષ ભલે ધર્મનો વડો, રાજકીય નેતા, ક્રાંતિવીર, સમાજસેવક, કાયદાવિદ્ કે કલાવિદ્ હોય તો પણ તેનું મૂલ્યાંકન એક કથાનાયક રૂપે જ થવું જોઈએ. જેથી ધર્મ, રાજસત્તા, સમાજસેવા, લઘુતા, ગુરુતા અને પૂર્વગ્રહના ભેદભાવ એમાં પ્રવેશી ન શકે. આખીયે નવલકથા વાંચતા કથાનાયકનું અખિલ સ્વરૂપ પામી શકાય એ જ મહત્ત્વનું છે. એક ચરિત્રવાન કે પ્રેરણાદાયી વ્યકિતત્વ આપણી સામે ઊભરી આવે છે.

જીવનચરિત્રમૂલક નવલકથાનો ચોકકસ આરંભ અને અંત તપાસી, વ્યકિતવિશેષના જીવનનો ઈતિહાસ, ઘટનાઓ, પરિસ્થિતિઓ, પાત્રો અને મનોસંઘર્ષ વગેરે બાબતો મૂલવી છે. આ ઉપરાંત તથ્ય, સત્ય વાસ્તવિકતા, નવીનતા, મૌલિકતા, રસકીયતા અને સર્જનાત્મકતા આદિ બાબતોને ધ્યાનમાં લઈ નવલકથાનું વિવેચન કે મૂલ્યાંકન કરવાનો અભિગમ રાખ્યો છે.

જીવનચરિત્રમૂલક નવલકથાઓના અભ્યાસથી હું જાણી શકયો છું કે, ગુજરાતી સાહિત્યની ઓગણીસ અને અન્ય ભાષાની ગુજરાતીમાં અનુવાદિત થયેલી ત્રણ જીવનચરિત્ર–મૂલક નવલકથાઓનાં અભ્યાસના આધારે કથાનાયકોનું આ પ્રમાણે વર્ગીકરણ કર્યું છે. ૧. સંતચરિત્ર, ૨. સાહિત્ય સર્જક, ૩. ધાર્મિક નેતા, ૪. રાજકીય નેતા, ૫. સામાજ સેવાના ભેખધારી, ૬. કલાના આલેખકો, ૭. ક્રાંતિવીર, ૮. લેખકના સ્વજન પાત્રો.

સંશોધિત ઓગણીસ ગુજરાતી જીવનચરિત્રમૂલક નવલકથામાં વ્યકિતવિશેષ તરીકે 'ગીતગોવિંદ'ના રચિયતા પ્રેમભકત કવિ જયદેવ, મધ્યકાલીન ભકતકવિયત્રી મીરાં, લેખિકા ઉષા શેઠની પુત્રી નીતા, મૂકસેવક ચૂનીલાલ મહારાજ, વૈષ્ણવ ભકતકવિ નરસિંહ, લોકસેવક રવિશંકર મહારાજ, અર્વાચીન યુગનો સર્જક નર્મદ, લેખક દિલીપ રાણપુરાની પત્ની સવિતા, રાષ્ટ્રપિતા ગાંધીજીના જયેષ્ઠ પુત્ર હરિલાલ, પશુપક્ષીવિદ્ રૂબિન ડેવિડ, રાજનેતા ચીમનભાઈ પટેલ, ચિત્રકાર અમૃતા શેરગિલ, કાયદે આઝમ અને પાકિસ્તાનના નિર્માતા

મહમદઅલી ઝીણા, કવિવર રવીન્દ્રનાથ ટાગોર, દલિત સમાજસેવિકા સાવિત્રી, ક્રાંતિવીર સાવરકર અને બૌદ્ધધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધ આવે છે.

અન્ય ભાષાની ત્રણ જીવનચરિત્રમૂલક નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ થયો છે. જેમાં વ્યકિતવિશેષ તરીકે મહાન ચિત્રકાર વિન્સેન્ટ વાન ગૉગ, સિંહશૌર્ય સુભાષચંદ્ર બોઝ અને ઈન્કલાબ ઝિંદાબાદ ભગતસિંહના જીવનકાર્યને કેન્દ્રમાં રાખી જીવનચરિત્રમૂલક નવલકથાઓ આલેખી છે. આમ આ બધા વ્યકિતવિશેષો જુદા જુદા ક્ષેત્રની પ્રતિષ્ઠિત કે ખ્યાતનામ તથા પરિચિત વ્યકિતઓ છે. જેમાં સંતચરિત્ર, સાહિત્ય સર્જક, ધાર્મિક નેતા, રાજકીય નેતા, સામાજિક સેવાના ભેખધારી, કલાના આલેખકો, ક્રાંતિવીર અને લેખકના સ્વજન પાત્રો વગેરે વિવિધક્ષેત્રના વ્યકિતવિશેષો જીવનચરિત્રમૂલક નવલકથામાં કથાનાયક તરીકે સ્થાન અને માન પામે છે.

એક જ વ્યકિતવિશેષના જીવન આધારિત બે નવલકથાઓ મળી છે. રાજનેતા ચીમનભાઈ પટેલના જીવન પર માધવ રામાનુજે ‘સૂર્યપુરુષ’ અને પ્રસાદ બ્રહ્મભટ્ટે ‘રાજપુરુષ’ નવલકથાઓ આલેખી છે. તો પન્નાલાલ પટેલે જુદા જુદા વ્યકિતવિશેષોના જીવન પર ‘પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા’ અને ‘જેણે જીવી જાણ્યું’ જીવનચરિત્રમૂલક નવલકથાઓ આપી છે. જેમાં નરસિંહ મહેતા અને રવિશંકર મહારાજના જીવનને આલેખ્યું છે. ગુજરાતી સાહિત્યની જીવનચરિત્રમૂલક નવલકથાની વિકાસરેખામાં સૌથી વધુ પાંચ જીવનચરિત્રમૂલક નવલકથાઓ દિનકર જોષીએ આપી છે.

અંગ્રેજીમાં સૌથી વધુ જીવનચરિત્રમૂલક નવલકથાઓ લેખક અરવિન્ગ સ્ટોને અને હિન્દીમાં રાંગેય રાઘવે આપી છે. તો ગુજરાતીમાં એકથી એક ચઢિયાતી પાંચ નવલકથાઓ દિનકર જોષીએ આપી છે. જેમાં અર્વાચીનકાળના આદ્ય લેખક નર્મદ, ગાંધીજીના જયેષ્ઠ પુત્ર હરિલાલ, કાયદે આઝમ મહમદઅલી ઝીણા, બંગાળી લેખક રવીન્દ્રનાથ ટાગોર અને છેલ્લે ગૌતમ બુદ્ધના જીવનને આલેખતી નવલકથાઓ આપી છે. તેમાં ‘પ્રકાશનો પડછાયો’ નવલકથાને ઉમા–સ્નેહરશ્મિ પારિતોષિક મળેલ છે. જે જીવનચરિત્રમૂલક નવલકથાના પડાવમાં મોખરાનું સ્થાન અને માન ધરાવે છે.

ગુજરાતી જીવનચરિત્રમૂલક નવલકથાના અભ્યાસમાં કથાનાયક તરીકે જયદેવ,

ચુનીલાલ મહારાજ, નરસિંહ મહેતા, રવિશંકર મહારાજ, નર્મદ, હરિલાલ ગાંધી, રૂબિન ડેવિડ, ચીમનભાઈ પટેલ, મહમદઅલી ઝીણા, રવીન્દ્રનાથ ટાગોર, સાવરકર અને બુદ્ધ તથા કથાનાયિકા તરીકે મીરાં, નીતા, સવિતા, અમૃતા અને સાવિત્રી આવે છે. તો અનુવાદિત નવલકથામાં ચિત્રકાર વિન્સેન્ટ વાન ગૉગ, સુભાષચંદ્ર બોઝ અને ભગતસિંહ કથાનાયક તરીકે આવે છે. આ બધા મુખ્યપાત્રોને સર્જક આત્મસાત્ કરી આલેખે છે. પણ અહીં વિશિષ્ટતા એ છે કે, લેખક કથાનાયિકાને અને લેખિકા કથાનાયકને સંવેદી નવલકથા સર્જે છે. ત્યારે કંઈક જુદું પરિણામ આવે છે. આ બધા કથાનાયકો જાહેર જીવનમાં પરિચિત છે. આથી એમને પાત્રરૂપે નવલકથામાં આલેખવા સર્જકની કસોટી થાય છે. મુખ્યપાત્રના જીવનના સત્ય, તથ્ય અને હકીકતને આંચ ન આવે એ રીતે આલેખવામાં આવે છે.

જીવનચરિત્ર વિષયક નવલકથાઓ મૂલવતાં જણાવાં મળ્યું કે, આ નવલકથાના કથાનાયકો જેમ વિશિષ્ટ સિદ્ધિઓ ધરાવે છે, તેમ વિશિષ્ટ પ્રતિભા પણ ધરાવે છે. આમ વ્યકિત વિશેષને પસંદ કરનાર સર્જક તે વ્યકિતના ઉદ્દાત્તતત્ત્વથી અનુબંધીત હોય તો જ આ પ્રકારની નવલકથા લખવાની મહેચ્છા જાગે. એ સર્જકોની પણ એક આગવી પ્રતિભા મને અહીં જોવા મળી છે. દિલીપ રાણપુરા જયારે તેમની પત્ની સવિતા વિશે ‘મીરાંની રહી મહેક’ નવલકથા લખે ત્યારે તેની સાથે લેખકનો અનુરાગ, પ્રેમ, મમત્વ અને શ્રદ્ધાંજલિનો ભાવ હોય એ સ્વાભાવિક છે. ઉષા શેઠ પોતાની દીકરી પર નવલકથા લખે ત્યારે માતૃપ્રેમ અને વાત્સલ્યભાવ પ્રગટ થાય છે. પણ દીકરી ક્ષણે ક્ષણે વેદના અનુભવે છે, ત્યારે તે પણ જીવનથી છેદાય જતી અનુભવાય છે. અહીં પણ મા–દીકરીનું જોડાણ સર્જન માટે જવાબદાર બને છે.

જીવનચરિત્રમૂલક નવલકથાના સર્જન સમયે સર્જક પોતીકા ભાવને બદલે માત્ર ને માત્ર વ્યકિતવિશેષના વ્યકિતત્વથી આકર્ષાયને સર્જન પ્રક્રિયા આદરે છે એ મહત્ત્વની ઘટના છે. ચુનીલાલ મહારાજના આદર્શોથી આકર્ષાયને લેખિકા વર્ષા અડાલજાએ ‘ગાંઠ છુટયાની વેળા’ નવલકથા આલેખી છે. ‘પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા’ નવલકથા લખવા પાછળનો સર્જકનો આશય પરમ ભકત નરસિંહની દશધાભકિતનો મહિમા કરવાનો છે. રવિશંકર મહારાજે જનતા જનાર્દનનું યજન કર્યું છે એ લેખક માટે આકર્ષણ બને છે. તો પ્રતાપી પૂર્વજને વંદના કરવા લેખકે ‘એક ટુકડો આકાશનો’ નવલકથા સર્જી છે. કેશવલાલ ગાંધીએ હરિલાલના

મૃત્યુ અને કટની સ્ટેશને બનેલી ઘટના વિષે લેખક દિનકર જોષીને વાત કરી એટલે હૃદય વિચલિત થઈ ગયું. એ પછી નવલકથા સર્જાઈ છે.

લેખિકા હિમાંશી શેલતે શાળાની લાયબ્રેરીના પુસ્તકમાં પૃષ્ઠો પર અમૃતાનાં ચિત્રો જાઈ એમના જીવન તરફ આકર્ષાય છે. ગુજરાત નવનિર્માણનું આંદોલન લેખકે અભ્યાસ દરમ્યાન જોયું અને અનુભવ્યું હોવાના કારણે આકર્ષાય ચીમનભાઈ પટેલના જીવન પર નવલકથા આલેખે છે. લેખક દિનકર જોષીને બુદ્ધના જીવન પર નવલકથા લખવા માટે સમારંભમાં મૂકેલી નાનકડી બુદ્ધ મૂર્તિ પ્રેરણા બની ગઈ છે. લેખક અરવિંગ સ્ટોનને એક મિત્ર પેરિસની રોઝનબર્ગ ગૅલેરીમાં વાન ગૉગના ચિત્રનું પ્રદર્શન જોવા લઈ ગયા. એ ચિત્રો જોઈ લેખક સ્તબ્ધ થઈ ગયાં. એના વિશે જાણવા આતુર થઈ ઊઠયાં. એટલે સર્જાય છે ‘લસ્ટ ફોર લાઈફ’ નવલકથા. આમ સર્જકને વ્યકિતવિશેષની પ્રતિભા કે વૈશિષ્ઠય કોઈને કોઈ પ્રકારે સ્પર્શી ગયું છે. એટલે જીવનચરિત્રમૂલક નવલકથાઓ સર્જાય છે.

જીવનચરિત્રમૂલક નવલકથાના અભ્યાસથી હું જે પામ્યો છું, હું જે સંવેદુ છું ને ધન્યતા અનુભવું છું, તેમાં કથાનાયક જયદેવની પ્રેમલક્ષણા ભકિત મારા હૃદયના તારે તારને ભીંજવી ગઈ છે. મીરાંની અનન્ય કૃષ્ણપ્રીતિ અને ભકિતની ઉત્કટ ઘેલછા નવલકથામાં પસાર થતા અનુભવી છે. નીતાની વેદના–સંવેદના મારા હૃદયને દ્રવિત કરી ગઈ છે. ચુનીલાલ મહારાજનું ભેખધારી સેવાકાર્ય, આદર્શપણું અને નિર્વેદની ક્ષણે પ્રગટતું તત્ત્વજ્ઞાન મને સ્પર્શી ગયું છે. નરસિંહ મહેતાની દશધાભકિત–દેહદાન અને નાગરોની ભાષા–ભંગિની મારા હૃદયને સતેજ કરી ગઈ છે. રવિશંકર મહારાજની જનતામાં માણસાઈના દીવા પ્રગટાવતી જીવન સાધના, પરાર્થે ખર્ચેલી જીવન જયોત અને ‘ઘસાઈને ઊજળા થઈએ’ એ જીવનમંત્ર પ્રેરણાનું ભાથું બની ગઈ છે. નર્મદની સમાજ સુધારા પ્રવૃત્તિ, પ્રણય રસિકતા, મનોમંથનો અને ‘કલમ તારે ખોળે છું’ની પ્રતિજ્ઞા મારા હૈયે વસી ગઈ. સવિતાનું દર્દ સામે ઝઝૂમવું, પતિથી પત્ની અને પત્નીથી પતિ આ દર્દથી અજ્ઞાન છે, તેનું ખેલાતું નાટક હૈયે સ્પર્શી ગયું છે.

ગાંધીજી રાષ્ટ્રપિતા તરીકે સન્માનિત હોવા છતાં એ પોતાના સંતાનના પિતા તરીકે નિષ્ફળ રહ્યાં છે. પિતાના પ્રેમ માટે હરિલાલનું તલસતું સંઘર્ષજન્ય સંવેદન હું અનુભવું છું. તો સતત નિષ્ફળતા મળવાને કારણે વિકૃતિ તરફ વળેલાં એક પુરુષની કરુણાતા સ્પર્શી જતાં

મારું હૃદય દ્રવી જાઈ છે. રૂબિનનો પશુપક્ષી પ્રત્યેનો આરપારનો પ્રેમ આશ્ચર્યચકિત કરી દે છે. રવીન્દ્રનાથની વિવિધક્ષેત્રની વૈચારિક ક્રાંતિ અને મનોભૂમિકા એ ખેલાતો મુલાયમ સંઘર્ષ નવલકથામાં સતત અનુભવ્યો છે. ગૌતમ બુદ્ધની કરુણા, તિતિક્ષા અને શાંતિ તથા બૌદ્ધધર્મ અંગે મૌલિક દર્શન અને ઉપદેશ કોઈ કાળે ભૂલી શકાય તેમ નથી. ચીમનભાઈની સંગઠન શકિત, સંઘર્ષ, મક્કમતા અને ધ્યેય ખરેખર પ્રેરણાદાયી છે. અમૃતાની ચિત્ર ઝંખના, નિખાલસતા, ઉદાસીનતા અને જિંદાદિલી ઊડીને આંખે વળગી છે. મહમદઅલી ઝીણાની મહત્ત્વકાંક્ષા અને દ્વિમુખી વ્યકિતત્વ નવલકથામાં પામી શકયો છું. મહાત્મા જયોતિબા ફૂલેના ધર્મપત્ની સાવિત્રી અભણ હોવા છતાં ભણીને શિક્ષિકા બની, સ્ત્રી જાગૃતિની મશાલ પ્રગટાવે છે. ત્યારે તેની સંઘર્ષકથા હૈયે સ્પર્શી જાઈ છે. વીર સાવરકરની સ્વાતંત્ર્ય ઝંખના અને વિચારશીલ વાણી મારા હૈયા સોંસરવી ઉતરી ગઈ છે.

મારું આકર્ષણ અનુવાદિત નવલકથાઓ તરફનું પણ રહ્યું છે. એ નવલકથાઓ ભલે અન્ય ભાષાની હોય પણ સંવેદનની અનુભૂતિએ તો અનુવાદકે ગુજરાતી નવલકથાઓ બનાવી દીધી છે. મહાન ચિત્રકાર વિન્સેન્ટ વાન ગૉગની દયનીય ખરાબ આર્થિક સ્થિતિ, હાલક ડોલક જીવન અને પ્રેમ ઝંખના પાછળ પાગલપણું. છતાં સરિયામ નિષ્ફળતાની મનોવેદના– વ્યથામાં પ્રગટતી ચિત્રસાધના મારા હૃદયને દ્રવીભૂત કરી ગઈ છે. સુભાષચંદ્ર બોઝ દેશ માટે પોતાની ઉજ્જવળ કારકિર્દી ફગાવી બ્રિટિશરો સામે અણનમ ઝઝૂમે છે. તેમની સાહસિકતા, રઝળપાટ અને તેજાબી વાણી મારા હૈયા સોંસરવી ઉતરી ગઈ છે. કથાનાયક ભગતસિંહની રાષ્ટ્રભાવના યુવાનોમાં પ્રેરણાદીપ પ્રગટાવે છે.

જીવનચરિત્રમૂલક નવલકથાઓ રચનારીતિની દષ્ટિએ કેટલાક નવા પરિમાણો દર્શાવી જાય છે. 'મીરાંની રહી મહેક' અને 'આઠમો રંગ' નવલકથામાં આત્મકથનાત્મક શૈલીનો વિનિયોગ કર્યો છે. તો 'પિંજરની આરપાર' નવલકથા ફલેશબેક પધ્ધતિથી આલેખાઈ છે. 'પ્રતિનાયક' નવલકથામાં ફલેશબેક પધ્ધતિ યોજી સર્જક મહમદઅલી ઝીણા અને ગાંધીજીના પાત્રને સામ–સામે મૂકી જસ્ટાપોઝ કર્યા ં છે. 'અ–મૃત પંથનો યાત્રી'માં કથાનાયકના મનઃસંચલનો અને આંતરિકોકિતનો વિનિયોગ કર્યો છે. આ ઉપરાંત વર્ણનાત્મક, સંવાદાત્મક, વિચારાત્મક અને ભાવાત્મક શૈલી વગેરે રચનારીતિઓ યોજી છે. જે હું જાણી શકયો છું, એનો

મને આનંદ છે.

જીવનચરિત્રમૂલક નવલકથાઓ વ્યકિતવિશેષના જીવનને કેન્દ્રમાં રાખી આલેખી છે. તો જીવન એટલે વિવિધ રસોનું સંયોજન. જેમ સરબતમાં ગળાશ, ખારાશ, તુરાશ, તીખાશ જેવા ષટરસ એક રૂપ થઈ આવે, તેમ જીવનના નવ સ્થાયી ભાવો રસમાં પરિણમે છે. જે જીવનચરિત્રમૂલક નવલકથામાં અનુભવ્યાં છે. 'એકોરસ કરુણસ્ય'એ ન્યાયે 'મીરાંની રહી મહેક' અને 'મૃત્યુ મરી ગયું' નવલકથામાં કરુણરસ સતત અનુભવ્યો છે. 'પ્રેમભકત કવિ જયદેવ' નવલકથામાં ભકિતશૃંગાર રસ ઉત્કટપણે આલેખાયો છે. 'બાલા જોગણ'માં વીર, અદ્ભુત અને ભકિતજન્ય શાંતરસ અનુભવાય છે. 'ગાંઠ છુટયાની વેળા' નવલકથામાં હાસ્ય, શૃંગાર અને કરુણરસના સમન્વયમાં ખરો રસ તો માનવરસ પ્રગટે છે. સંઘર્ષજન્ય ભકિતરસથી તરબોળ નવલકથા 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા' છે. મકરન્દ દવેએ કહ્યો છે તેવો સિદ્ધરસ નરસિંહના પાત્રમાં આલેખાયો છે.

'પ્રશ્ન પ્રદેશની પેલે પાર' નવલકથામાં ભકિતજન્ય શાંતરસ અને કુતૂહલપ્રેરક અદ્ભુતરસ જોવા મળે છે. 'સિંહપુરુષ', 'મહાનાયક' અને 'ઈન્કિલાબ' નવલકથામાં શૌર્યરસના દર્શન થયાં છે. 'પિંજરની આરપાર' નવલકથામાં કથાનાયકનો વાત્સલ્યરસ હૃદયને સ્પર્શી જાય છે. 'અ–મૃત પંથનો યાત્રી' નવલકથામાં શૃંગાર અને કરુણરસ ચિંતનમાં પરણિમે છે. 'પ્રકાશનો પડછાયો' નવલકથામાં સહાનુભૂતિજન્ય કરુણરસ આલેખાયો છે. 'આઠમો રંગ' નવલકથામાં કથાનાયિકાની ઉદાસી અને વિષાદમાં કરુણરસ વહે છે. અપમાનના ઘૂંટડાંથી વહેતી 'સાવિત્રી' નવલકથા કરુણરસમાં પરિણમે છે.

વણખેડાયેલી ગુજરાતી જીવનચરિત્રમૂલક નવલકથાઓ સાત દાયકા બાદ અલ્પ પ્રમાણમાં મળી છે. સર્જનાત્મક, કલાત્મક અને રસકીય જીવનચરિત્રમૂલક નવલકથાઓમાં 'મૃત્યુ મરી ગયું', 'ગાંઠ છુટયાની વેળા', 'એક ટુકડો આકાશનો', 'મીરાંની રહી મહેક', 'પ્રકાશનો પડછાયો', 'પિંજરની આરપાર', 'સૂર્યપુરુષ', 'આઠમો રંગ', 'પ્રતિનાયક', 'અ–મૃતપંથનો યાત્રી', 'સિંહપુરુષ' અને 'પ્રશ્ન પ્રદેશની પેલે પાર'ને ગણાવી શકાય.

આમ ગુજરાતી સાહિત્યની નોંધપાત્ર જીવનચરિત્રમૂલક નવલકથાઓમાં વ્યકિતવિશેષના જીવનનો રસભર્યો ચિતાર આપતી સર્વાંગીણ છબિ ઉપસી આવી છે. જયારે

ચરિત્રકોટિની બની રહેતી જીવનચરિત્રમૂલક નવલકથાઓ ‘પ્રેમભકત કવિ જયદેવ’, ‘બાલાજોગણ’, ‘પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા’, ‘જેણે જીવી જાણ્યું’, ‘રાજપુરુષ’ અને ‘સાવિત્રી’ને ગણાવી શકાય છે.

ગુજરાતી સાહિત્યની જીવનચરિત્રમૂલક નવલકથાઓ વિશે ઉપર્યુકત તારણો અને વિશિષ્ટતાઓના આધારે નવલકથાનો એક સ્વતંત્ર પ્રકાર ‘જીવનચરિત્રમૂલક નવલકથા’ તરીકે પ્રસ્થાપિત થાય છે. જીવનચરિત્રમૂલક નવલકથાઓનું આકલન કરી સ્વરૂપગત દિશાઓ બતાવવાનો પ્રયત્ન કર્યો છે. નવલકથાના એક સ્વતંત્ર પ્રકાર તરીકે ગુજરાતી સાહિત્યમાં ‘જીવનચરિત્રમૂલક નવલકથા’નું સ્થાન અને માન સ્થાપી આપી સમગ્રલક્ષી અભ્યાસ રજૂ કર્યો છે.

મારી આ અભ્યાસ યાત્રા ભવિષ્યના અભ્યાસીઓ અને સંશોધકોને ઉપયોગી થશે તો હું ધન્યતા અનુભવીશ. મારી આ આશા અમરત્વ પામે અને મારો અભ્યાસ સૌ સુધી પહોંચે એવી અભ્યર્થના.

।। પરિશિષ્ટની યાદી ।।

♦ પરિશિષ્ટ–૧

સંદર્ભગ્રંથોની યાદી

♦ પરિશિષ્ટ–૨

લેખ અને સામાયિકોની યાદી

♦ પરિશિષ્ટ–૩

સંશોધિત ગુજરાતી જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી

♦ પરિશિષ્ટ–૪

ગુજરાતીમાં અનુવાદિત જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી

♦ પરિશિષ્ટ–૫

અન્ય ભાષાની જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી

♦ પરિશિષ્ટ–૬

સંશોધન કાર્યમાં સહાયકોની યાદી

।। પરિશિષ્ટની યાદી ।।

સંશોધનકાર્ય અંગે સંદર્ભગ્રંથો, સામાયિકો અને નવલકથાઓનો અભ્યાસ કર્યો તેની યાદી અહીં પરિશિષ્ટમાં સમાવી છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સંદર્ભગ્રંથોની યાદી મારા અભ્યાસને ધ્યાનમાં રાખી આપી છે.

પરિશિષ્ટ એકમાં સંદર્ભગ્રંથોની સ્વર–વ્યંજનની ક્રમબદ્ધ યાદી સંશોધનકાર્ય મુજબ તૈયાર કરી છે, પરિશિષ્ટ બીજામાં લેખ અને સામાયિકોની યાદી આપી છે. પરિશિષ્ટ ત્રણમાં સંશોધિત ગુજરાતી જીવનચરિત્રમૂલક નવલકથા યાદી સાલવારી મુજબ આપી છે. પરિશિષ્ટ ચારમાં ગુજરાતીમાં અનુવાદિત અન્ય ભાષાની જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી તૈયાર કરી મૂકી છે. પરિશિષ્ટ પાંચમાં અન્ય ભાષાની જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી માત્ર નોંધરૂપે મૂકી છે. પરિશિષ્ટ છઠ્ઠામાં સંશોધન કાર્યમાં સહયોગી થયેલાં ગુરુઓ, માર્ગદર્શકો, પથદર્શકો, લેખકો, સાહિત્યવિદ્દો, પ્રકાશકો, વડીલો, કુટુંબિઓ, સહકર્મીઓ, પ્રાધ્યપકો, સ્નેહીમિત્રો અને જુદી જુદી ગ્રંથોલયોના ગ્રંથપાલોની યાદી ઋણસ્વીકારરૂપે મૂકી છે.

આમ મારા શોધકાર્યને શ્રદ્ધેય બનાવવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે.

।। પરિશિષ્ટ–૧ ।।

।। સંદર્ભ ગ્રંથોની યાદી ।।

૧. ગુજરાતી ભાષાના સંદર્ભગંથોની યાદી

૧. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ડૉ.ધીરૂભાઈ ઠાકર, અમદાવાદ, ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, પ્ર.આ.૧૯૯૪, પૃ.૩૭૪.

૨. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ડૉ.રમેશ ત્રિવેદી, અમદાવાદ, આદર્શ પ્રકાશન, ચોથી આ.૨૦૦૬, પૃ.૩૭૬.

૩. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, પ્રસાદ બ્રહ્મભટ્ટ,અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, પ્ર.આ.૨૦૦૪, પૃ.૨૦૦.

૪. આત્મકથા, સતીશ વ્યાસ, અમદાવાદ, અરુણોદય પ્રકાશન, પ્ર.આ.૧૯૮૩, પૃ.૧૦૬.

૫. આત્મકથાઃ સ્વરૂપ અને વિકાસ, અમદાવાદ, અનડાબુક ડીપો, ડૉ.રસીલા કડિયા, ૧૯૮૪. પૃ.૨૮૯.

૬. આધુનિક ભારતીય સાહિત્ય, અનુ.જયન્ત બક્ષી, નવી દિલ્હી, સાહિત્ય અકાદમી, પ્ર.આ. ૧૯૭૬, પૃ.૪૦૫.

૭. આધુનિક સાહિત્ય સંજ્ઞાકોશ, ચંદ્રકાન્ત ટોપીવાળા, પરેશ નાયક,હર્ષવદન ત્રિવેદી, અમદાવાદ, ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્ર.આ.૧૯૮૬, પૃ.૩૪૬.

૮. અંગ્રેજી સાહિત્યનું રેખાદર્શન, મધુસૂદન પારેખ, અમદાવાદ, પાર્ પબ્લિકેશન, ૨૦૦૨, પૃ.૨૦૮.

૯. ઈનર લાઈફ, દિનેશ કોઠારી, લાભશંકર ઠાકર, અમદાવાદ, રન્નાદે પ્રકાશન, ૨૦૦૪, પૃ.૬૪.

૧૦. ઉદ્‌ઘોષ, મફત ઓઝા, અમદાવાદ, સરસપુર કોલેજ છાત્રાલય મિરઝાપુર, પ્ર.આ. ૧૯૭૭, પૃ.૨૦૭.

૧૧. ઉપલબ્ધિ, યશવંત શુકલ, અમદાવાદ, કુમકુમ પ્રકાશન, પ્ર.આ.૧૯૮૨, પૃ.૩૦૪.

૧૨. અંગ્રેજી સાહિત્યનું આચમન, મધૂસૂદન પારેખ, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, ૧૯૭૯, પૃ.૧૪૬.

૧૩. અંગ્રેજી સાહિત્યનું રેખાદર્શન, મધુસૂદન પારેખ, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન,પ્ર.આ. ૨૦૦૨, પૃ.૨૦૮.

૧૪. અંતરંગ સાહિત્ય, નલિની દેસાઈ, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્ર.આ. ૨૦૦૩, પૃ.૨૭૪.

૧૫. કથાર્થ, પ્રવીણ દરજી, ગાંધીનગર, ગુજરાત સાહિત્ય અકાદમી, પ્ર.આ.૧૯૮૮, પૃ.૧૫૨.

૧૬. કથોપકથન, સુરેશ જોશી, અમદાવાદ, આર.આર.શેઠ, ૧૯૬૯, પૃ.૩૩૨.

૧૭. કથાદીપ, કૃષ્ણવીર દીક્ષિત, અમદાવાદ, રન્નાદે પ્રકાશન, ૧૯૮૯, પૃ.૧૪૭.

૧૮. કથાપ્રસંગ, દીપક મહેતા, ગાંધીનગર, ગુજરાતી સાહિત્ય અકાદમી, પ્ર.આ.૧૯૯૦, પૃ.૨૧૧.

૧૯. કથાયન, બાબુ દાવલપુરા, વલ્લભવિદ્યાનગર, ૧૯૯૩, પૃ.૨૦૪.

૨૦. કથાયોગ, ડૉ.નરેશ વેદ, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, પ્ર.આ. ૨૦૦૦, પૃ.૧૨૩.

૨૧. કથાલોક, શ્રી ચુનીલાલ મડિયા, મુંબઈ, નવભારત સાહિત્ય મંદિર, પ્ર.આ.૧૯૬૮, પૃ.૩૩૨.

૨૨. કથાવિચાર, પ્રમોદકુમાર પટેલ, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, પ્ર.આ.૧૯૯૯, પૃ.૨૦૮.

૨૩. કથાવિશેષ, ચંદ્રકાંત મહેતા, મુબંઈ, અશોક પ્રકાશન, પ્ર.આ.૧૯૭૦, પૃ.૨૯૩.

૨૪. કથાસર્ગ, મણિલાલ પટેલ, અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ.૧૯૯૧, પૃ.૧૪૮.

૨૫. કથાસાગર, પ્રસાદ બ્રહ્મભટ્ટ, અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૫, પૃ.૧૫૮.

૨૬. કથાસાહિત્યનું વિવેચન, ડૉ.ભારતી દલાલ, પ્રકાશન પોતે, પ્ર.આ.૧૯૭૫, પૃ.૩૬૬.

૨૭. ગુજરાતી નવલકથાની ગતિવિધિ, બાબુભાઈ દાવલપુરા, વલ્લભવિદ્યાનગર, શબ્દવિવેક, ૧૯૯૧, પૃ.૧૧૮.

૨૮. ગુજરાતી નવલકથા, રઘુવીર ચૌધરી, રાધેશ્યામ શર્મા, અમદાવાદ, યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, ત્રી.આ.૧૯૯૧, પૃ.૫૨૦.

૨૯. ગુજરાતી વિશ્વ કોશ ખંડ–૧, મુખ્ય સંપા. ડૉ.ધીરૂભાઈ ઠાકર, અમદાવાદ, વિશ્વકોશ પ્ર.આ.૧૯૮૯, ૦૧, પૃ.૧૦૪૪.

૩૦. ગુજરાતી સાહિત્યકોશ ખંડઃ ત્રણ, મુખ્ય સંપા.ચન્દ્રકાન્ત ટોપીવાલા, અમદાવાદ, ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્ર.આ.૧૯૯૬, પૃ.૫૧૮.

૩૧. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથઃ ૬, સંપા. રમેશ દવે, પારૂલ દેસાઈ, ચિમનલાલ ત્રિવેદી, અમદાવાદ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦૦૪, પૃ.૭૩૪.

૩૨. ગંધાક્ષત, અનંતરાય રાવળ, મુંબઈ–૨, એન.એમ.ત્રિપાઠી લિ. ૧૯૪૯, પૃ.૩૦૮.

૩૩. ચરિત્રસાહિત્ય, ડૅા.ઉપેન્દ્ર ૨.ભટ્ટ, અમદાવાદ, અનડાબુક ડીપો, પ્ર.આ.૧૯૬૬, પૃ.૨૭૬.

૩૪. ચરિત્રસાહિત્ય, પ્રસાદ બ્રહ્મભટ્ટ, અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ.૧૯૯૨, પૃ.૯૦.

૩૫. જીવનકથા, મણિલાલ હ.પટેલ, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, ૧૯૮૩, ૨૦૦૮, પૃ.૧૩૦.

૩૬. દિલીપભાઈ રાણપુરા સાહિત્ય વૈભવ, સં.યશવંત મહેતા,અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય પ્ર.આ.૨૦૦૩, પૃ.૩૯૬.

૩૭. નવલકથાઃ કસબ અને કલા, દીપક મહેતા, અમદાવાદ,નવભારત સાહિત્ય મંદિર,પ્ર.આ. ૧૯૭૬, પૃ.૧૨૮.

૩૮. નવલકથા, ડૉ.શિરીષ પંચાલ, અમદાવાદ, ચંદ્રમૌલિ પ્રકાશન, પ્ર.આ.૧૯૮૪, પૃ.૧૧૮.

૩૯. નવલ–લોકમાં, જયંત કોઠારી, અમદાવાદ, શબ્દમંગલ, ૨૦૦૧, પૃ.૨૩૮.

૪૦. નવલકથાઃ વાસ્તવ અને વાસ્તવવાદ, જયંત ગાડિત, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૮૫, પૃ.૧૮૪.

૪૧ નવલકથાઃ શિલ્પ અને સર્જન, ડૉ.નરેશ વેદ, રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, પ્ર.આ.૧૯૮૩, પૃ.૧૭૨.

૪૨. નવલકથા સંદર્ભકોશ, સંપા. પ્રકાશ વેગડ, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૯૯, પૃ.૩૧૧.

૪૩. નવલકથાઃ સ્વરૂપ અને ઉત્ક્રાંતિ, શિરીષ પંચાલ, વડોદરા, સંવાદ પ્રકાશન, ૧૯૯૬, પૃ.૬૨.

૪૪. નવલકથાઃ સ્વરૂપ અને વિકાસ, વસુબહેન ત્રિવેદી, અમદાવાદ, યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, પ્ર.આ.૧૯૯૬, પૃ.૧૮૦.

૪૫. નવલકથા સ્વરૂપ, ડૉ. પ્રવીણ દરજી, અમદાવાદ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, બી.આ. ૧૯૯૭, પૃ.૧૦૨.

૪૬. નવલકથાઃ સ્વરૂપ, સર્જન અને સમીક્ષા, રતિલાલ વિ. દવે, અમદાવાદ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, પૃ.૧૯૭૦, પૃ.૩૨૬.

૪૭. પન્નાલાલનું પ્રદાન, રઘુવીર ચૌધરી, રમેશ દવે, અમદાવાદ, ગુજરાત સાહિત્ય પરિષદ,૧૯૯૫, ૦૮, પૃ.૪૩૬.

૪૮. પાશ્ચાત્ય નવલકથા, સં.હર્ષદ દેસાઈ, દિગીશ મહેતા, અમદાવાદ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૭૫, પૃ.૩૬૨.

૪૯. બૃહત કોશ, સંપા. રતિલાલ સા. નાયક, અમદાવાદ, અક્ષરા પ્રકાશન, પ્ર.આ.૨૦૦૩, ૦૫, પૃ.૬૦૮.

૫૦. ભગવદ્ગોમંડલ, ભાગ–૪, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, પ્ર.આ.૧૯૪૮, ૧૯૮૬, ૨૦૦૭, પૃ.૪૧૧૮.

૫૧. ભગવદ્ગોમંડલ, ભાગ–૫, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, પ્ર.આ.૧૯૪૮, ૧૯૮૬, ૨૦૦૭, પૃ.૪૮૮૩.

૫૨. ભગવદ્ગોમંડલ, ભાગ–૮, રાજકોટ, પ્રવીણ પ્રકાશન, પ્ર.આ.૧૯૪૮, ૧૯૮૬, ૨૦૦૭, પૃ.૮૨૪૫.

૫૩. ભારતીય અંગ્રેજી સાહિત્યનો ઈતિહાસ, એમ.કે.નાઈક, અનુ.સુમન શાહ, ન્યુ દિલ્હી, સાહિત્ય અકાદમી, પ્ર.આ.૧૯૯૬, પૃ.૩૩૨.

૫૪. ભારતીય નવલકથા, ડૉ.રમણલાલ જોશી, અમદાવાદ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, પ્ર.આ.

૧૯૭૪, પૃ.૨૭૮.

૫૫. મધુપર્ક, પ્રેમશંકર હ. ભટ્ટ, અમદાવાદ, સરસ્વતીપુસ્તક ભંડાર, ૧૯૪૭, ૭૦, પૃ. ૧૯૦.

૫૬. રચના અને સંરચના, હરિવલ્લભ ભાયાણી, અમદાવાદ, આર. આર. શેઠની કંપની, ૧૯૮૦, પૃ.૧૭૮.

૫૭. રમણલાલ વ. દેસાઈઃ વ્યકિતત્વ અને વાઙ્મય, ડો.હસમુખ દોશી, રાજકોટ, નિરંજના દોશી, ૧૯૬૩, પૃ.૩૮૦.

૫૮. લઘુનવલ સ્વરૂપ અને સમીક્ષા, સં.ડૉ.મફત ઓઝા, અમદાવાદ, 'તાદર્થ' પ્રકાશન, ૧૯૯૧, પૃ.૨૧૨.

૫૯. વસ્તુશોધ, ડૉ.શીલા વ્યાસ, વિદ્યાનગર, કોમ્પ્યૂ–લિટ્, પ્ર. આ.૨૦૦૦, પૃ.૧૪૩.

૬૦. વિશ્વનવલકથા, સુમન શાહ, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, પ્ર.આ.૨૦૦૭, પૃ.૪૮.

૬૧. સત્તર સાહિત્યસ્વરૂપો, પ્રસાદ બ્રહ્મભટ્ટ, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, તૃ.આ.૨૦૦૬, પૃ.૨૦૭.

૬૨. સન્ધાન, સંપા. સુમન શાહ, અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન, ૧૯૮૫, પૃ.૨૨૦.

૬૩. સાહિત્યાલેખ, જશવંત શેખડીવાળા, અમદાવાદ, ગુજરાતી સાહિત્ય અકાદમી, પ્ર.આ. ૧૯૯૬, પૃ.૨૨૩.

૬૪. સાહિત્યસૃષ્ટિ, ડૉ.પ્રસાદ બ્રહ્મભટ્ટ, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, પ્ર.આ.૨૦૦૩, પૃ. ૨૪૦.

૬૫. સાહિત્યસ્વરૂપો, કુંજવિહારી મહેતા, જયંત પટેલ, સુરત, પૉપ્યુલર પ્રકાશન, તૃ.આ. ૧૯૭૪, પૃ.૪૪૨.

૬૬. સાહિત્યસંકેત, રાધેશ્યામ શર્મા, અમદાવાદ, પ્રાર્શ્વ પબ્લિકેશન, પ્ર.આ.૨૦૦૬, પૃ. ૧૯૨.

૬૭. સૂરજનો છડીદાર, સંપા. ચંદુલાલ સેલારકા, રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર,૧૯૯૭, પૃ.૨૧૨.

૬૮. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી જીવનકથા, પ્રેમજી પટેલ, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, પ્ર.આ.

૨૦૦૧, પૃ.૧૬૮.

૬૯. સ્વરૂપસન્નિધાન, સુમન શાહ, અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન, પ્ર.આ.૧૯૯૭, પૃ.૨૭૫.

૭૦. સંપ્રત્યય, શરીફા વીજળીવાળા, અમદાવાદ, ઈમેજ પબ્લિકેશન, ૨૦૦૩, પૃ.૧૮૪.

૭૧. સાંપ્રત ગુજરાતી નવલકથા, ડૉ.પ્રસાદ બ્રહ્મભટ્ટ, અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. ૧૯૯૨, પૃ.૧૪૪.

૨. હિન્દી ભાષાના સંદર્ભ ગ્રંથોની યાદી

૧. ઉપન્યાસ કા સિધ્ધાંત, જોર્જ લૂકાચ, ન્યુ દિલ્હી, મૈકમિલન ઈન્ડિયા લિ. પ્ર.આ.૧૯૮૧, પૃ.૧૬૩.

૨. રાંગેય રાઘવ કા રચના સંસાર, ગોવિંદ રજનીશ, દિલ્હી, મૈકમિલન ઈડિયા લિમિટેડ, પ્ર.આ.૧૯૮૨, પૃ.૨૧૨.

૩. રાંગેય રાઘવ કે જીવનીપરક ઉપન્યાસ, ડૉ.નવનીત આર.ઠક્કર, રોહતક, શાન્તિ પ્રકાશન, પ્ર.આ.૧૯૯૭, પૃ.૩૪૨

૪. સ્વાતંત્ર્યોત્તર હિન્દી ઉપન્યાસ કા શિલ્પ–વિધાન, ડૉ.રાધેશ્યામ કૌશિક, દિલ્હી, સાહિત્ય પ્રકાશન, ૧૯૯૭, પૃ.૩૮૯.

૫. હિન્દી ઉપન્યાસોં કા શિલ્પ–વિધાન, ડૉ.પ્રદીપકુમાર શર્મા, દિલ્હી, કિતાબઘર પ્રકાશન, ૨૦૦૩, પૃ.૩૪૨.

૬. હિન્દી ઉપન્યાસ કી વિકાસયાત્રા, બ્રહ્મસ્વરૂપ શર્મા, દિલ્હી, મનુ પ્રકાશન, ૨૦૦૦, પૃ.૧૫૨.

૭. હિન્દી ઉપન્યાસ, ડાૅ.રામચન્દ્ર તિવારી, વારાણાસી, વિશ્વ વિદ્યાલય પ્રકાશન,આ. ૨૦૦૬, પૃ.૩૩૦.

૮. હિન્દી કે જીવની પરક ઉપન્યાસ ખંડ ૧–૨, ડૉ.નવનીત આર. ઠક્કર, રોહતક, શાન્તિ પ્રકાશન પ્ર.આ.૧૯૯૦, પૃ.૩૪૭ ૧૯૯.

૯. હિન્દી જીવની સાહિત્યઃ સિધ્ધાંત ઔર અધ્યયન, ડૉ.ભગવતીશરણ ભારદ્વાજ, દિલ્હી, સાહિત્ય પ્રકાશન, ૧૯૯૮, પૃ.૩૫૩.

૧૦. હિન્દી સાહિત્ય કા ઈતિહાસ, પં.રામચન્દ્ર શુકલ, ઈલાહાબાદ, જય ભારતી પ્રકાશન, પ્ર.આ.૨૦૦૫, પૃ.૫૦૪.

૧૧. હિન્દી સાહિત્ય કોશ ભાગ–૧/૨, સંપ. ધીરેન્દ્ર વર્મા અને અન્ય, વારાણસી, જ્ઞાન મંડલ લિ.૨૦૦૦, ૦૬, પૃ.૮૪૧.

૩. અંગ્રેજી ભાષાના સંદર્ભ ગ્રંથોની યાદી

૧. **Aspects of Biography, Andre Maurois, 2003, P.253.**

૨. **Aspects of the Novel, E.M. Forster, Atlantic publishers,1927, 2004, P. 141.**

૩. **An Introduction to the study of Literature, W. H. Hudson.**

૪. **Arts of Autobiography, D.G.Naik, 1962, P.332.**

૫. **Collier's Encyclopaedia, Vol-3, 1962, page 319.**

૬. **English Biography, W.H.Dunn, P.349.**

૭. **Everymen's Encyclopaedia, vol-2, First Edi.1967, 2005, P.226.**

૮. **Gala's universal combined Distionnary, com. L.R.Gala, Ahmadabad, Navneet publication, Ltd. p.794.**

૯. **Google website, www.google.com**

૧૦. **Man in Modern Fiction, Fuller Edmund, 1949, P.269.**

૧૧. **Oxford English dictionary, Edi.1939, P.180.**

૧૨. **The Art of the Novel, James Henry, 1934, P.291.**

૧૩. **The Facts of Fiction, Collins Norman, A.D. Peters & Co.,1932, 1970, P.284.**

૧૪. **The Novel and the Reader, Katherine Lerer.**

૧૫. **The Structure of Novel, Muir Edwin, The Hogarth press,1929, 1967, P.156**

૧૬. **The Historical Novel, Lucacs Georg, 1937,1962, P.302.**

૧૭. **Wikipedie website,www.wikpedie.org**

।। પરિશિષ્ટ–૨ ।।

।। લેખ અને સામયિકોની યાદી ।।

૧. અપેક્ષા, સુરેશ દલાલ, નવલકથાઃ સ્વરૂપ, ઘડતર અને વિકાસ, ૧૯૬૮, પૃ.૭૫–૮૧.

૨. આઠમો રંગઃ સેલ્ફ પોટ્રઈટના વિખરાયેલા રંગોની કથા, મોહન પરમાર, ગ્રંથવિમર્શ, નવે.૨૦૦૧, પૃ.૪૪–૫૩.

૩. આત્કથા અને જીવનચરિત્ર, મુનિકુમાર પંડયા, પરબ, ૧૯૯૫, અંક–૧૦, પૃ.૫૦.

૪. એક વિલક્ષણ સંવેદન કથા, બાબુ દાવલપુરા, શબ્દસૃષ્ટિ, ૬–૭, જૂન–જૂલાઈ ૮૬, પૃ.૫૦–૫૫.

૫. ઉદ્‌ઘોષ, મફત ઓઝા, અમદાવાદ, સરસપુર કોલેજ છાત્રાલય મિરઝાપુર,પ્ર.આ. ૧૯૭૭, ‘નવલકથાનું કલાવિધાન’ પૃ.૯–૨૫.

૬. ઉપલબ્ધિ, યશવંત શુકલ, અમદાવાદ, કુમકુમ પ્રકાશન, પ્ર.આ.૧૯૮૨,‘જીવનકથાઃ બાયોગ્રાફી’ પૃ.૨૮૫–૨૯૩.

૭. કથાર્થ, પ્રવીણ દરજી, ગાંધીનગર, ગુજરાત સાહિત્ય અકાદમી, ૧૯૮૮, આધુનિક નવલકથા, પૃ.૪૦–૪૫.

૮. કથાદીપ, કૃષ્ણવીર દીક્ષિત, અમદાવાદ, રન્નાદે પ્રકાશન, ૧૯૮૯, મૃત્યુનું યથાર્થ આકલન,પૃ.૯–૧૩.

૯. કથાયન, બાબુભાઈ દાવલપુરા, વલ્લભવિદ્યા નગર, ૧૯૮૩, ‘દસ્તાવેજી ઉપાદાનનું કળામાં રૂપાંતર’, પૃ.૧૨૫–૧૩૩.

૧૦. કથાયન, બાબુભાઈ દાવલપુરા, વલ્લભવિદ્યાનગર, ૧૯૯૩, પૃ.૧૯૬–૨૦૪.

૧૧. ગુજરાતી નવલકથા, રઘુવીર ચૌધરી, અમદાવાદ, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૯૧, ‘પિંજરની આરપાર’, પૃ.૩૯૬–૩૯૮.

૧૨. ગુજરાતી નવલકથા, રઘુવીર ચૌધરી, અમદાવાદ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૯૧, ‘પ્રકાશનો પડછાયો’, પૃ. ૩૮૫–૩૮૮.

૧૩. ગુજરાતી નવલકથા, રઘુવીર ચૌધરી, અમદાવાદ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૯૧, ‘રડતા ગુલમહોર’, પૃ.૪૯૭–૪૯૯.

૧૪. ગુજરાતી સાહિત્યનો નવમો દાયકોઃ નવલકથા, જયંત ગાડીત, પરબ, ૧૯૯૧, ફેબ્રુ.૨, પૃ.૧૦

૧૫. ચરિત્રાત્મક સાહિત્ય, દિનકર જોષી, પરબ, ૧૯૯૬, અંક ૧/૨, પૃ.૬૨.

૧૬. જીવલેણ બીમારીનો વિગતવાર અહેવાલ, ધીરેન્દ્ર મહેતા, ગ્રંથ–૨૩ (૨૬૫), જાન્યુ., ૧૯૮૬, પૃ.૨૧–૨૪.

૧૭. નવમાં દાયકાની લોકભોગ્ય નવલકથાઓ, જયંત ગાડીત, પરબ, ૧૯૯૨, અંક–૧૦, પૃ.૨૯–૩૦.

૧૮. પન્નાલાલની સર્ગશકિતનું પગેરું, તુલસીભાઈ કા. પટેલ, પરબ, ૧૯૮૮, જુલાઈ, ૭, પૃ.૩૦.

૧૯. પર્યેષણા, મનસુખલાલ ઝવેરી, અમદાવાદ, ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૫૩, ઐતિહાસિક નવલકથા, પૃ.૩૫–૩૮.

૨૦. પ્રકાશનો પડછાયોઃ એક સમીક્ષા, રમેશ બી. શાહ, પરબ, ૧૯૯૫, મે, અંક–૫, પૃ.૩૫–૪૦.

૨૧. પ્રથમ ક્ષણોની વેદના, માધવ રામાનુજ, તાદર્થ્ય, ૫–૧૧, જૂન ૯૧, પૃ.૧૮–૧૯.

૨૨. મધુપર્ક, પ્રેમશંકર હ. ભટ્ટ, અમદાવાદ, સરસ્વતી પુસ્તક ભંડાર,૧૯૪૭, ૭૦, ‘આત્મકથાની શરીરઘટના’ પૃ.૮૧–૯૪.

૨૩. મધુપર્ક, પ્રેમશંકર હ. ભટ્ટ, અમદાવાદ, સરસ્વતી પુસ્તક ભંડાર,૧૯૪૭, ૭૦, ‘જીવનકથાનું સ્વરૂપ’ પૃ.૬૫–૮૦.

૨૪. મીરાંની રહી મહેકમાં મહેકતા રાણપુરા, ભૂપવડોદરિયા, પરખ, ૧૯૯૧, પૃ.૧૭૩–૧૭૬.

૨૫. મોત સાથે સંઘર્ષ, વર્ષા અડાલજા, ગ્રંથ, ૧૭(૧૯૪), ફેબ્રુ. ૮૦, પૃ.૧૯–૨૦.

૨૬. સર્જનઃ ચરિત્રાત્મક સાહિત્ય, નારાયણ દેસાઈ, પરબ, ૧૯૯૬, જાન્યુ.–ફેબ્રુ.,અંકઃ૧/૨, પૃ.૧૮.

૨૭. સાડત્રીસ સાહિત્યિક નિબંધો, ભરતકુમાર ઠાકર, અમદાવાદ, સરસ્વતી પુસ્તક ભંડાર, ૧૯૭૧, નવલકથાની સંવિધાનકલા, પૃ.૩૧૦–૩૧૯.

૨૮. સાહિત્યગોષ્ટિ, ઈશ્વરલાલ દવે, અમદાવાદ, ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૭૧, ઐતિહાસિક નવલકથાનાં સ્વરૂપો, પૃ.૭૪–૮૨.

૨૯. સાહિત્ય સંનિધિ, રવીન્દ્ર ઠાકોર, અમદાવાદ, ગૂર્જર એજન્સીઝ,'આઠમો રંગ', પૃ.૨૩૭.

૩૦. સંતપ્ત જિજીવિષાઃ વાન ગોગ, રાધેશ્યામ શર્મા, ગ્રંથ, ૯,(૯૭), જાન્યુ. ૭૨,૧૪–૧૬.

૩૧. સાંપ્રત સાહિત્ય, ધીરૂભાઈ ઠાકર, નવલકથાની વિભાવના, ૧૯૬૮, પૃ.૨૪૮–૨૫૪.

૩૨. **Marxian socialism in the united states, Daniel Bell, footnote on page 88.**

।। પરિશિષ્ટ–૩ ।।

।। સંશોધિત ગુજરાતી જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી ।।

૧. ‘પ્રેમભકત કવિ જયદેવ’, જયભિખ્ખુ, (કવિ જયદેવ), અમદાવાદ, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ૧૯૪૫, ચતુર્થ આ. ૨૦૦૮, પૃ.૧૬ ૨૩૨.

૨. ‘બાલાજોગણ’, રમણલાલ વ. દેસાઈ, (મીરાં), અમદાવાદ, આર.આર.શેઠની કંપની, ૧૯૫૨, ૫૬, ૬૨, ૬૮, ૭૪, ૮૧, ૯૨, પૃ.૩૦૩.

૩. ‘મૃત્યુ મરી ગયું’, ઉષા શેઠ, (નીતા), અમદાવાદ, આર.આર.શેઠની કંપની,૧૯૭૯, ૮૦, ૮૧, ૮૪, ૮૭, ૯૪, ૦૨, પૃ.૧૭૦.

૪. ‘ગાંઠ છુટયાની વેળા’, વર્ષા અડાલજા, (ચુનીલાલ મહારાજ), અમદાવાદ, આર.આર. શેઠની કંપની,૧૯૮૦, ૮૨, ૮૫, ૯૪, ૦૭, પૃ.૧૯૨.

૫. ‘પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા’, પન્નાલાલ પટેલ, (નરસિંહ મહેતા), અમદાવાદ, સાધના પ્રકાશન, ૧૯૮૩, ૮૪, ૦૧, પૃ.૪૨૭.

૬. ‘જેણે જીવી જાણ્યું’, પન્નાલાલ પટેલ, (રવિશંકર મહારાજ), અમદાવાદ, સાધના પ્રકાશન, ૧૯૮૪, પૃ.૨૧૮.

૭. ‘એક ટુકડો આકાશનો’, દિનકર જોષી, (નર્મદ), રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૧૯૮૪, ૦૨, પૃ.૨૯૬.

૮. ‘મીરાંની રહી મહેક’, દિલીપ રાણપુરા, (સવિતા રાણપુરા), અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન, ૧૯૮૫, ૮૭, ૯૩, ૯૯, પૃ.૩૭૩.

૯. ‘પ્રકાશનો પડછાયો’, દિનકર જોષી, (હરિલાલ ગાંધી), રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૧૯૮૮, ૯૧ ,૯૬, ૯૮, પૃ.૩૧૯.

૧૦. ‘પિંજરની આરપાર’, માધવ રામાનુજ, (રૂબિન ડેવિડ), અમદાવાદ, વોરા ગાંધી ચેમ્બર્સ, ૧૯૯૦, પૃ.૩૧૨.

૧૧. 'સૂર્યપુરુષ', ખંડ. ૧, માધવ રામાનુજ, (ચીમનભાઈ પટેલ), અમદાવાદ,શ્રી ચીમન ભાઈ પટેલ ગુજરાત વિકાસ ટ્રસ્ટ, ૧૯૯૭, પૃ.૪૦૩.

૧૨. 'સૂર્યપુરુષ' ખંડ.૨ પ્રભાત, માધવ રામાનુજ, (ચિમનભાઈ પટેલ), અમદાવાદ, શ્રી ચિમનભાઈ પટેલ ગુજરાત વિકાસ ટ્રસ્ટ, ૧૯૯૯, પૃ.૪૭૦.

૧૩. 'આઠમો રંગ', હિમાંશી શેલત, (અમૃતા શેરગિલ), અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૨૦૦૧, પૃ.૧૬+૧૬૪.

૧૪. 'પ્રતિનાયક', દિનકર જોષી, (મહમદઅલી ઝીણા), રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૨૦૦૨, પૃ.૬૦૮.

૧૫. 'અ–મૃતપંથનો યાત્રી', દિનકર જોષી, (રવીન્દ્રનાથ ટાગોર), રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૨૦૦૩, પૃ.૨૫૬.

૧૬. 'રાજપુરુષ', પ્રસાદ બ્રહ્મભટ્ટ, (ચીમનભાઈ પટેલ), અમદાવાદ, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૦૩ પૃ.૨૧૬.

૧૭. 'સિંહપુરુષ' ડૉ.શરદ ઠાકર,(વીર સાવરકર), અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૮, પૃ.૩૮૮.

૧૮. 'સાવિત્રી' દક્ષા દામોદરા, (સાવિત્રી અને જોતીબા ફૂલે), અમદાવાદ, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, ૨૦૦૮, પૃ.૨૨ ૧૬૪.

૧૯. 'પ્રશ્ન પ્રદેશની પેલે પાર', દિનકર જોષી, (ગૌતમ બુદ્ધ), રાજકોટ, પ્રવીણ પુસ્તક ભંડાર, ૨૦૦૮, પૃ.૩૦૪.

।। પરિશિષ્ટ–૪ ।।

।। ગુજરાતી અનુવાદિત જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી ।।

૧. 'લસ્ટ ફોર લાઈફ', (અંગ્રેજી), અરવિન્ગ સ્ટોન, (વાન ગોગ), 'સળગતાં સૂરજમુખી', અનુ.વિનોદ મેઘાણી, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૯૪, ૯૭, ૦૧, ૦૪, પૃ.૫૧૨.

૨. 'મહાનાયક', (મરાઠી), વિશ્વાસ પાટીલ, (સુભાષચંદ્ર બોઝ), અનુ.પ્રતિભા દવે, અમદાવાદ, આર.આર.શેઠની કંપની, ૨૦૦૦, પૃ.૭૯૦.

૩. 'ઈન્કિલાબ', (મરાઠી), મૃણાલિની જોશી,(શહીદ ભગતસિંહ), અનુ.કેયૂર કોટક, અમદાવાદ, આર.આર.શેઠની કંપની, ૨૦૦૬, પૃ.૪૭૬,

ાા પરિશિષ્ટ–૫ ાા

ાા અન્ય ભાષાની જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી ાા

૧. અંગ્રેજી ભાષાની જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી

1. **Lust for Life, Irving Stone, (Vincent Van Gogh), 1934.**
2. **Sailor on Horseback, Irving Stone, (Jack London), 1938.**
3. **Immortal Wife, Irving Stone, (Jessie Benton Fremont), 1944.**
4. **Clarence Darrow For the Defense, Irving Stone, (Clarence Darrow), 1949.**
5. **The passionate Journey, Irving Stone, (John Noble), 1949.**
6. **The Agony and The Ecstasy, Irving Stone, (Michelangelo), 1961.**
7. **Those Who Love, Irving Stone, (John Adams and Abigail Adams) 1965.**
8. **The passions of the mind, Irving Stone, (Sigmund Freud), 1971.**
9. **The origin, Irving Stone, (Charles Darwin), 1980.**
10. **Depths of Glory, Irving Stone, (Camille pissarro), 1985.**

૨. હિન્દી ભાષાની જીવનચરિત્રમૂલક નવલકથાની યાદી

૧. પ્રતિદાન, રાંગેય રાઘવ, (દ્રોણ), ઈલાહાબાદ, કિતાબ મહલ, ૧૯૫૨, પૃ.૨૧૮.

૨. દેવકી કા બેટા, રાંગેય રાઘવ, (કૃષ્ણ), આગરા, વિનોદ પુસ્તક મંદિર, ૧૯૫૪, પૃ.૨૬૨.

૩. યશોધરા જીત ગઈ, રાંગેય રાઘવ, (ભગવાન બુદ્ધ), આગરા, વિનોદ પુસ્તક મંદિર, ૧૯૫૪, પૃ.૩૦૨.

૪. રત્ના કી બાત, રાંગેય રાઘવ, (તુલસીદાસ), આગરા, વિનોદ પુસ્તક મંદિર, ૧૯૫૪, પૃ.૩૭૮.

૫. ધૂની ઔર ધૂર્આં, રાંગેય રાઘવ, (ગોરખનાથ), આગરા, વિનોદ પુસ્તક મંદિર, ૧૯૫૮, પૃ.૨૮૯.

૬. આંધી કી નીંવે, રાંગેય રાઘવ, (મહારાણા પ્રતાપ), દિલ્હી, આત્મારામ એન્ડ સન્સ, ૧૯૬૧, પૃ.૨૯૮.

૭. માનસ કા હંસ, અમૃતલાલ નાગર, (તુલસીદાસ), દિલ્હી, રામપાલ એન્ડ સન્સ, ૧૯૭૨, ૯૭, પૃ.૩૭૪.

૮. ખંજન નયન, અમૃતલાલ નાગર, (સુરદાસ), દિલ્હી, રાજપાલ એન્ડ સન્સ, ૧૯૮૯, પૃ.૧૯૮.

૯. મેવાડ કા સૂર્યપુત્ર, શ્યામસુંદર ભટ્ટ, (મહારાણા અમરસિંહ), દિલ્હી, જ્ઞાન ગંગા પ્રકાશન, ૧૯૯૬, પૃ.૧૫૨.

૧૦. ચેતક ઘોડે કા સવાર, શ્યામસુંદર ભટ્ટ, (મહારાણા પ્રતાપ), દિલ્હી, જ્ઞાન ગંગા પ્રકાશન,૧૯૯૮, પૃ.૧૫૬.

૧૧. માધવજી સિંધિયા, વૃંદાવનલાલ શર્મા, (માધવજી સિંધિયા), દિલ્હી, પ્રભાત પ્રકાશન, ૨૦૦૧, પૃ.૩૮૩.

૧૨. નયા મસીહા, રામશંકર અગ્નિહોત્રી, (આંબેડકર), દિલ્હી, સાહિત્ય પ્રકાશન, ૨૦૦૧, પૃ.૩૧૧.

૧૩. પારસમણિ, સુભાંગી ભડભડે, (ડૉ.હેડગેવાર), દિલ્હી, પ્રભાત પ્રકાશન, ૨૦૦૩, પૃ.૩૧૨.

૧૪. ગુરુ લાધો રે, મનમોહન સહગલ, (ગુરુ ગોવિંદસિંહ), લખનઉ, અંબર પ્રકાશન, ૨૦૦૩, પૃ.૨૭૮.

૧૫. ઝાંસી કી રાની, વૃન્દાવનલાલ શર્મા,(લક્ષ્મીબાઈ), દિલ્હી, પ્રભાત પ્રકાશન, ૨૦૦૬, પૃ.૩૪૯.

૧૬. યજ્ઞ, ભા.દ.ખેર, શૈલજા રાજે, (વીર સાવરકર), દિલ્હી, પ્રીતિ પ્રકાશન, ૨૦૦૬, પૃ.૩૨૨.

‌।। પરિશિષ્ટ–૬ ।।

।। સંશોધન કાર્યમાં સહાયકોની યાદી ।।

મારા સંશોધનકાર્ય અંગે વિદ્વાનો અને લેખકોની રૂબરૂ મુલાકાત લીધી હતી. અને પત્ર વ્યવહાર પણ કર્યો હતો. આ સૌ પાસેથી શોધકાર્ય અંગે માહિતી મળી હતી. આથી આ સૌને યાદ ન કરું તો હું નગુણો ગણાવ. મારા શોધકાર્યરૂપી કોડિયામાં સતત દીવેલ પૂરનાર માર્ગદર્શક ગુરુવર્ય ડૉ.નાથાલાલ ગોહિલ સાહેબને અંતઃકરણપૂર્વક યાદ કરું છું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અનુસ્નાતક ગુજરાતી ભાષા ભવનમાં અભ્યાસ કરતો હતો. ત્યારે જે ગુરુજનોની મારા પર અમીટ છાપ પડી એવા માનનીય ડૉ.બળવંત જાની, ડૉ.નીતિન વડગામા, ડૉ.પ્રભાશંકર તૈરેયા, ડૉ.ભાનુપ્રસાદ પંડયા અને ડૉ.હિમાંશુ ભટ્ટને અત્રે યાદ કરું છું.

સંશોધનકાર્યના રાહબર ડૉ.નરેશ વેદ, ડૉ.મનોજ રાવલ, ડૉ.બિપિન આશર, ડૉ.અંબાદાન રોહડિયા અને પરમમિત્ર ડૉ.દીપક પટેલને અત્રે સંભારું છું.

પત્ર દ્વારા પ્રેરક બળ પૂરું પાડનાર સર્જકશ્રી દિનકર જોષી, ડૉ.મહેન્દ્રસિંહ પરમાર, ડૉ.નરોત્તમ પલાણ, ડૉ.પ્રસાદ બ્રહ્મભટ્ટ, ડૉ.પ્રવીણ દરજી, લેખિકાશ્રી હિમાંશી શેલત, શિરીષ પંચાલ, દીપક મહેતા, ડૉ.ચંદ્રકાન્ત ટોપીવાલા અને ડૉ.સતીષ વ્યાસનું અહીં સ્મરણ કરી ઋણ સ્વીકારું છું.

મારા સંશોધન કાર્ય અંગે ઉત્સાહ અને રસ ધરાવતાં ડૉ.પ્રતાપસિંહ ચૌહાણ, ડૉ. જયદીપસિંહ ડોડીયા, પ્રિ.નવનીત ઉપાધ્યાય, ડૉ.પ્રિ.કે.કે.પરમાર, ડૉ.દીનેશચંદ્ર જોશી, ડૉ.પ્રિ.કે.એચ. કરમટા, ડૉ.રમેશ સાગઠિયા, ડૉ.અરુણ કક્કડ, ડૉ.પ્રવીણસિંહ ચૌહાણ, ડૉ.મેરગસિંહ યાદવ, ડૉ.પ્રિ. હમીરસિંહ ઝણકાટ, ડૉ.રમેશ મહેતા, ડૉ.પ્રિ.સુભાષ મોરી, ડૉ.પ્રફુલ્લસિંહ ડોડીયા, ડૉ.કે.જે.વાળા, ડૉ.નરેન્દ્રસિંહ ડોડીયા, ડૉ.નવીનચંદ્ર ધામેશા ડૉ.જે.એમ.પનારા, પ્રો.બી.એમ.શાહ અને ભરુબંધ ડૉ.પ્રિ.બલરામ ચાવડાને અત્રે યાદદાસ્ત કરું છું.

સ્નાતક કક્ષાના અભ્યાસ દરમિયાન જીવનચરિત્રના બોધપાઠ આપનાર મારા ગુરુઓ ડૉ.પ્રિ.બી.એ.બારડ, પ્રા.નલીન જોષી, પ્રા.વી.વી.બારડ, પ્રો.ગુણવંત બારડ, ડૉ.પ્રતાપસિંહ પરમાર, ડૉ.જયસિંહ મોરી અને ડૉ.પ્રફુલાબહેન રાવલને યાદ ન કરું તો નગુણો જ ગણાવું.

પ્રિયમિત્ર પ્રા.હરિસિંહ વાળા, પ્રા.ચંદુભાઈ ગોહિલ, ડૉ.અમરસિંહ સોસા, પ્રા. સતીષચંદ્ર દવે અને પ્રિ.પ્રફુલ્લ બી. કાંજીયા આદિની હૂંફ કેમ ભૂલાઈ? અમારી સંસ્થાના મંત્રીશ્રી ભરતભાઈ બોરિચા અને ટ્રસ્ટીઓ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરું.

મારા શોધપ્રબંધના કાર્યમાં તાજગી અર્પનાર સહકર્મી પ્રાધ્યાપકો પ્રા.એમ.પી. મહેતા, ડૉ.રાજકુમાર ટોપણદાસણી, ડૉ.ફિરોઝ શેખ, ડૉ.ડી.પી.વાળા, પ્રા.બી.આર.બારડ, ડૉ.એલ.એમ.પાનસેરિયા,પ્રા.બી.વી.ભાડજા,પ્રા.એસ.યુ.પટેલ, પ્રા.એચ.ડી.બારડ, પ્રા.બી. ડી.ડોડીયા, પ્રા.એન.બી.દુધાત, પ્રા.જે.ડી.ભલાણી, પ્રા.કે.એચ.વાળા, પ્રા.યુ.બી.ગામેતી, પ્રા.બી.એન.રેવર, પ્રા.ભરત દવે, ડૉ.જયેશ બામરોટિયા, પ્રા.નિર્મળાબહેન ચિત્રોડા, પ્રા.ગીતાબહેન ચૌધરી અને પ્રા.હંસાબહેન સાવલિયાને ભૂલ્યાં ભૂલાઈ નહીં. તો શોધકાર્યમાં સાથ આપનાર બિનશૈક્ષણિક સ્ટાફ શ્રી ડી.જી. ચાવડા, શ્રી પી.જે.ડોડીયા, શ્રી એચ.એચ.દલ, શ્રી દીલુભાઈ વાળા, શ્રી અરવિંદભાઈ વાળા, શ્રી અરવિંદભાઈ ભુવા, શ્રી માલદેવ ટોળિયા, શ્રી કાનભાઈ પીઠીયા, શ્રી નારણભાઈ કરંગીયા અને શ્રી કનકસિંહ પરમાર વગેરેનો ઋણસ્વીકાર કરું છું.

હાઈસ્કૂલના અભ્યાસ દરમ્યાન વ્યકિતચરિત્રો પ્રત્યે રસવૃત્તિ પ્રગટાવતા ગુરુજી મનુભાઈ મેર, લખુભાઈ દાહિમા, જોશી સાહેબ, દુરાણી સાહેબ, હસરાની સાહેબ અને બીના બહેનને અત્રે યાદ કરું છું. તો આંગળી પકડીને મને 'ક' શીખવ્યો એવા મારા ગુરુજી લાભશંકર જાની, માવજીભાઈ પબાણી અને પ્રતાપભાઈ પરમારને અત્રે સ્મરું છું.

કમ્પ્યુટર કાર્યમાં મદદ કરનાર ડૉ.એફ.એ.શેખ, પ્રા.બિપિન રામ અને મયુર અજમેરા તથા વિલનેટ કમ્પ્યુટરવાળા જયેશ ચુડાસમા અને મનીષ ચુડાસમા પ્રત્યે ઋણભાવ વ્યકત કરું છું.

અંતમાં સંશોધનકાર્યમાં પ્રત્યક્ષ–પરોક્ષ કે નામી–અનામી જે કોઈએ સહાય કરી

છે એ સહુનો આભાર માનું છું. સૌનો હું ઉપકૃત છું. અને અંતે ગુરુદેવ ડૉ.નાથાલાલ ગોહિલ સાહેબની ઝીણવટભરી દષ્ટિનો આ શોધકાર્યને લાભ મળ્યો છે એને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું. ફરી ફરી હૃદયપૂર્વક આભાર માનું છું. પાયલાગણ કરું છું.

પુસ્તકના રખોપાં કરનાર ગ્રંથપાલશ્રી, જે.એમ.કરંગીયા, શ્રી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મેંદરડા. ગ્રંથપાલશ્રી, ડી.વી.ત્રિવેદી, શ્રી એન.પી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કેશોદ. ગ્રંથપાલશ્રી, કીર્તિભાઈ ધોળકીયા, બહાઉદ્દીન વિનયન કૉલેજ, જૂનાગઢ. ગ્રંથપાલશ્રી, અરવિંદભાઈ સિંહોરા, જામજોધપુર કૉલેજ. સરકારી જિલ્લા પુસ્તકાલય, જૂનાગઢ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલયનાં ગ્રંથપાલશ્રી, નિલેશભાઈ સોની, પરમમિત્ર કનકસિંહ ઝાલા તથા સર્વે સ્ટાફ પ્રત્યે લાગણી વ્યકત કરું છું.

આ ઉપરાંત જુદા જુદા પ્રકાશકોના માર્ગદર્શન દ્વારા પુસ્તકો અને સંદર્ભગ્રંથો પ્રાપ્ત થયાં છે. એનો આભાર માનું છું.

ફરી સૌને યાદ કરી વિરમું છું.